શબ્દસૂરના સાથિયા

ગીત ગઝલ ગુલદસ્તો-૨

# ‘શબ્દસૂરના સાથિયા’

સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ દૈનિકપત્ર ‘ફૂલછાબ’ની
સાપ્તાહિક કટાર રૂપે પ્રગટ થયેલ લેખોનો સંગ્રહ

**આસ્વાદક :**
**મનોજ જોશી**

**પ્રકાશક**

ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન
૨૨, ડોલી કોમ્પ્લેક્ષ નવરંગપુરા અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : +૯૧ ૭૯ ૨૬૪૨૩૯૩૯

ગીત ગઝલ ગુલદસ્તો-૨

**'શબ્દસૂરના સાથિયા'**

**સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ દૈનિકપત્ર 'ફૂલછાબ'ની**
**સાપ્તાહિક કટાર રૂપે પ્રગટ થયેલ લેખોનો સંગ્રહ**
**આસ્વાદક : મનોજ જોશી**

This Book has no copyright.
You are welcome to use this material for spreading, the knowledge.

**આવૃત્તિ :**
પ્રથમ, એપ્રિલ ૨૦૧૧

**પ્રતઃ :** ૩૦૦

**પૃષ્ઠ સંખ્યા :** ૨૨ + ૩૯૪

**મૂલ્ય : સદ્ઉપયોગ**

**પ્રકાશક :**
ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન
૨૨ ડોલી કોમ્પ્લેક્ષ નવરંગપુરા અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : +૯૧ ૭૯ ૨૬૪૨૩૯૩૯
E-mail : globalsangeet@ebakri.org

**મુદ્રક :**
અમૃત પ્રિન્ટર્સ, દરિયાપુર, અમદાવાદ-૩૮૦૦૧૬.
ફોન : ૨૨૧૬૯૮૫૨ મો. : ૯૮૨૫૦ ૬૪૦૧૬





## અર્પણ

મને આંગળી પકડીને શ્રીરામ ધૂન મંડળ - ઉપલેટાની

ધૂન - ભજન - પદોની રાતોમાં ગાતો કરનાર

પૂ. બાપુજી તથા

'મારું શું થાશે ?'ની ચિંતાઓમા અસંખ્ય રાતોએ

આંસુ સારતી - જાગતી

પૂ. બાના

ભક્તિમય - સ્વરમય આત્માને.....

અશ્રુસભર અર્પણમ્..... વંદનમ્.....

- મનોજ જોશી

## પ્રકાશકીય

ગુજરાત અને ગુજરાતી ભાષાની સમૃધ્ધિ એના વૈવિધ્ય સભર રંગ સાથે વિશ્વભરમાં પોતાનું એક આગવું સ્થાન ભોગવે છે. ગુજરાતી ભાષી હોવું એ એકાધિક રીતે ગૌરવવંતી વાત છે !

આપણો સાંસ્કૃતિક વારસો સચવાય અને ગુજરાતી સંગીતનો પ્રચાર પ્રસાર વધે એના પ્રયાસ રૂપે અમે ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશનની ૨૩ નવેમ્બર ૨૦૦૧માં સ્થાપના કરી. આ નો-પ્રોફિટ ફાઉન્ડેશન દ્વારા આપણી ભાષાને ગૌરવ મળે એવાં કાર્યો કરવાની અમારી ઈચ્છા છે. છેલ્લાં આઠ વર્ષમાં અમે **સંગીત સેવા એવોર્ડ** (સન્માનપત્ર અને રૂા. ૫૧,૦૦૦/-) અનુક્રમે શ્રી અજિત મર્ચન્ટ, શ્રી દિલીપ ધોળકીયા, શ્રી ક્ષેમુભાઈ દિવેટીયા, શ્રી જયદેવ ભોજકને અર્પણ કર્યા.

ફાઉન્ડેશન તેની પ્રવૃત્તિના ભાગરૂપે આપણા વિસરાતા જતા મૂલ્યવાન શબ્દ-સ્વર-નાદ અને તાલના વૈવિધ્યસભર વારસાને પૂનર્જિવિત કરવા, તેના સંશોધન, સંમાર્જન, સંવર્ધન કરવાની નેમ સાથે સંગીતની મહેફિલ, સંગીત શિબિર, સંગીતની CD તેમજ પુસ્તક પ્રકાશન કરે છે અને વિનામૂલ્યે વિતરણ કરે છે. સંગીત ક્ષેત્રે પદાર્પણ કરનાર સંગીતકારોના, સ્વરકારોના, ગાયકોના સન્માનના આયોજન કરે છે તેમજ ઊભરતા કલાકારોને પ્રોત્સાહન અને મંચ પૂરો પાડે છે.

ભવિષ્યની પેઢી સુધી આપણો આ ભવ્ય વારસો સચવાય અને લોકકંઠે સચવાતો રહીને લોકહૈયામાં કાયમ માટે જીવંત રહે એ માટે એનું વિના મૂલ્યે,





ગમતાંનો ગુલાલ કરવાની ભાવના સાથે પ્રસારણ થતું રહે એ માટે આવી સામગ્રીનું એક કાયમી સંગ્રહાલય ઊભું કરવાનું સ્વપ્ન ધીરે ધીરે સાકાર થતું જાય છે.

અમારા સંકલનમાં :

૧. ૨૦,૦૦૦ થી વધુ ગીતો MP3
૨. અસરફખાનના ૧૯૩૨નું રોકોર્ડિંગ
૩. પંડિત ઓમકારનાથજી, કે. સિ. ડે જેવા ધુરંધરોના ગુજરાતી ગીતોનું રીકોર્ડિંગ
૪. મનોજ ખંડેરિયાના ઘરે થયેલી મહેફીલનું રેકોર્ડિંગ
૫. જાણીતા શાયરોના અવાજમાં ગઝલોનું રેકોર્ડિંગ અને વિડિયો મુલાકાત
૬. કલાપીના દરબારમાં અમૃત ઘાયલના અવાજનું ૧૯૩૯નું રેકોર્ડિંગ
૭. ''તારી આંખનો અફીણી'' દિલિપ ધોળકિયાની વિડિયો, જેમાં અજીત મરચંટ હાર્મોનિયમ પર છે.
૮. હિંદુસ્તાનની બહાર થયેલા 'private program' ના રેકોર્ડિંગ

અમારા સહકારથી થયેલા પ્રકાશનો :

૧. ગીત ગુર્જરી - નંદિની ત્રિવેદી
૨. ગઝલ ગ્રાફ - ગુણવંત ઉપાધ્યાય
૩. 'ગની'ની મહેક - બકુલેશ દેસાઈ
૪. ગુજરાતમાં સુગમસંગીતની ઉત્ક્રાંતિ - જયદેવ ભોજક
૫. ગીત ગુંજન ૧-૬ CD અને ૨ DVD
૬. તલાશ - અતુલ દેસાઈ + 2 CD
૭. ગીત ગઝલ ગુલદસ્તો-૧ પરામર્શક : ડૉ. ચિનુ મોદી
સંપાદકો : કિરીટ ભાવસાર, મિત્રા મહેતા, પૂર્ણિમા ઉપાધ્યાય

'શબ્દસૂરના સાથિયા' પુસ્તકના પ્રકાશન દ્વારા અમારા સંગ્રહમાં એક નવા મોરપીંછનો ઉમેરો થઈ રહ્યો છે, જે ઘણાં આનંદની વાત છે.

**તારીખ : ૨૦.૩.૨૦૧૧** **- ટ્રસ્ટી મંડળ**

આપણી ભારતીય વિવિધ સમૃધ્ધ સંગીત પરંપરાઓ, સંસ્કાર પરંપરાઓ વિશે અધિકૃત અવનવાં પુસ્તકો પ્રકાશિત કરવાની અમારી ઝંખના છે, આ ક્ષેત્રમાં કાર્ય કરનારા સૌ લેખકો, સંશોધકો, કવિ-વિવેચક-કલાકારો-સંગીતકારોને જાહેર નિમંત્રણ આપીએ છીએ કે અમારી આ ગુર્જર સંસ્કાર વારસાને જાળવવાના સેવા કાર્યમાં જોડાય અને પોતાના જ્ઞાનવારસાનો લાભ સર્વજનહિતાય સુલભ કરવામાં પોતાનું યોગદાન અર્પે.....

લોકસંગીત, સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત અને ભક્તિ સંગીતનો સંગ્રહ કરનારા મિત્રો પાસેથી અમને પુષ્કળ સહકાર મળ્યો છે અને હજુ પણ વધુ સહકારની અમને અપેક્ષા છે.

અમે 'ગમતાંનો કરીએ ગુલાલ'માં માનીએ છીએ. આ અપૂર્વ સંગ્રહનો લાભ અમે આપણા બધા સંગીતપ્રેમી મિત્રોને વિના મૂલ્યે આપવા માંગીએ છીએ.





## પ્રસ્તાવના

## આંખમાં ઝલમલતા - કાનમા રણઝણતા કાવ્ય સાગરમાં વિહરવાની નૂતન અનુભૂતિ

સાહિત્યના પ્રકારો ગદ્ય, પદ્ય વગેરેના આસ્વાદનના પુસ્તકો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ હોય છે, પરંતુ ગુજરાતી ગાયનનો પ્રકાર સુગમ સંગીત અને તેના આસ્વાદનું પુસ્તક ! સંગીતકાર અને ગાયક તરીકે આ પુસ્તકનું પ્રાગટ્ય સંગીતજગત (ગુજરાતી સુગમ સંગીતજગત) માટે એક સવિશેષ આનંદનું કારણ બની રહેશે, એવું મારું દૃઢપણે માનવું છે. ગુજરાતી સુગમ સંગીત પ્રતિષ્ઠાન આ કાર્યમાં નિમિત્ત બને છે તો તે પણ અભિનંદનને પાત્ર છે.

મનોજ (લેખક)ને હું ઓળખું ૧૯૮૧થી. રાજકોટના ગાયક મિત્ર રાજેશ વ્યાસ એ મારા અને મનોજના સન્મિત્ર હોવાના કારણે અમારી દોસ્તી શરૂ થઈ. પહેલીવાર મળ્યા ત્યારે અજીત શેઠના સ્વરાંકન 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' વિશે ચર્ચાથી, ત્યારથી તે આજ લગી મનોજે તેની કાવ્ય-સંગીતની યાત્રા અવિરત અને એક વિદ્યાર્થીની જેમ ચાલુ રાખી છે તેનો આનંદ આ ક્ષણે પ્રગટ કરું છું. આ કાવ્ય-સંગીતની યાત્રા દરમ્યાન મનોજ જે કંઈ પામ્યો છે, તેને લોકો સમક્ષ ખુલ્લા દિલે અને મને લ્હાણી કરવાનો ઉપક્રમ એટલે 'આચમન'.

આમ તો 'ફૂલછાબ' દૈનિકપત્રમાં 'આચમન' નામે આવતી સાપ્તાહીક કટારના લેખોનું ચયન એટલે આ પુસ્તક ! 'ફૂલછાબ' દૈનિકપત્રના તંત્રીશ્રી કૌશિક મહેતા આ કોલમના જનક ! પરંતુ દર અઠવાડીયે એક સરસ કવિતાનું સુંદર નિર્દેશન સંબંધી વાતોને લેખક કાનમાં મધમીઠું ગીત મૂકવાની કળા સુધી લઈ જાય છે ! લેખકનો આ ઉદ્યમ આમ તો એની પોતાની કવિતા વિશેની સમજ અને સંગીતની સમજનો વિસ્તાર છે, પણ એમાં સુગમ સંગીતના ભાવકોને પોતાનો અવાજ સંભળાય તો નવાઈ નહીં ! જો કે લેખક આમ તો ''મોજ'' સંપ્રદાયનો

માણસ છે. એટલે આ કોલમનો વિસ્તાર પણ તેણે કર્યો છે, એટલે કે આ કોલમમાં એણે નાટકના રીવ્યુ પણ લખ્યા છે તો વળી ક્યારેક માત્ર કવિતાની જ વાતો કરી છે. ક્યારેક કોઈ ખાસ કાર્યક્રમો વિશે લખ્યું છે. આ બધ્ધું તો ક્યારેક જ, બાકી મૂળમાં તો હંમેશા કાવ્યસંગીતની વાતો.

અહીં લેખકે સ્વરાંકન વિશે, કવિતાના ભાવજગત વિશે અને સ્વરાંકનને શણગારતાં વિવિધ વાજીંત્રોની ખુબીઓને પણ વણી લેવાનો પ્રયત્ન કર્યો છે. આમ સ્વરાંકન વિશે વાંચતાં વાંચતાં ક્યારેક કાનમાં મધૂર ઝણકાર પણ સંભળાય છે. એટલે કે ભાવક આ પુસ્તક જ્યારે વાંચે ત્યારે આંખની સાથેસાથે કાન પણ ખુલ્લાં રાખે એ અહીં અપેક્ષિત છે.

લેખકે અહીં અવિનાશ વ્યાસ, નિનુ મઝુમદાર, દિલીપ ધોળકીયા, અજીત મર્ચંટ, અજીત શેઠ, પુરૂષોત્તમ ઉપાધ્યાય, ક્ષેમુ દિવેટીયા, ગૌરાંગ વ્યાસ, રસિકભાઈ ભોજક, ઉપેન્દ્ર ત્રિવેદી, આશિત દેસાઈ જેવા નીવડેલાં સંગીતકારોનાં સ્વરાંકનોની વાત માંડીને કરી છે. સાથોસાથ કેટલાંક, પ્રમાણમાં ઓછા જાણીતા પરંતુ મજાના સ્વરકારોની રચનાઓ પણ લેખકની જાણ બહાર નથી. તેણે ગાયક રાસબિહારી દેસાઈ, જયંતી પટેલ, લલિત વર્મા અને ચંદુભાઈ રાઠોડની સ્વરાંકિત કરેલી રચનાઓ પણ આપણી સમક્ષ લાવીને મૂકી છે. કલ્યાણજી આણંદજી એ સ્વરબધ્ધ કરેલી ચિત્રભાનુજીની ચિરંજીવ રચના ‘‘મૈત્રીભાવનું પવિત્ર ઝરણું’’ અને મનહર ઉધાસના સ્વરાંકનોની પણ લેખક અહીં વાત માંડે છે. બીજી તરફ વર્તમાન પેઢીનાં યુવા સંગીતકારો સંજીવ મુન્શી, ભદ્રાયુ ધોળકિયા, હરિશચંદ્ર જોશી, અનંત વ્યાસ, ઉદય મઝુમદાર, સુરેશ જોશી, સૌમિલ-શ્યામલ મુન્શી, સોલી કાપડીયા, નયનેશ જાની, અમર ભટ્ટ, નયન પંચોલી, અને ભરત પટેલ તરફ પણ તેણે ભાવકોનું ધ્યાન દોર્યુ છે. આ ઉપરાંત, સલીમ દેખૈયા, ઉદયન મારુ, રિષભ મહેતા, માલવ દિવેટીયા, શર્મા બંધુ, ખુબજ જૂના સ્વરકાર જયંતિ જોશી, અને નવયુવાન સ્વરકાર ઓસમાન મીરની રચનાઓનું પણ લેખકે આસ્વાદન કરાવ્યું છે.

આ કટારમાં છોટુ ભગત અને બચુભાઈ જેવાં ગ્રામ્ય વિસ્તારમાં રહીને સંગીત સાધના કરતાં સાધકોનો પણ પરિચય કરાવ્યો છે, સાથોસાથ પરંપરાગત ઢાળ વિષે, પંજાબી લોકગીત વિષે પણ વાત કરી છે, તો સુગમસંગીતના ક્ષેત્રનાં એક સિમાચિન્હ પરિવર્તન, નામે પરેશ ભટ્ટનાં સ્વરાંકનોનો પણ બખૂબી આસ્વાદ કરાવ્યો છે. આ સમયે લેખક પાસેથી અપેક્ષાઓ વધે છે. લેખકે હજી ઘણાં





સંગીતકારોનાં કામોમાં પણ ડૂબકી લગાવવી જોઈએ. મોતી અવશ્ય લાધશે. કાવ્ય સંગીતના હજુ ઘણા મરજીવા મળી આવશે, શુભેચ્છાઓ !

પ્રસ્તુત પુસ્તકમાં સ્વરાંકનોની સાથેસાથે કવિતાની પસંદગીમાં લેખકને દાદ આપવી ઘટે. અહી ચયન કરાયેલા સ્વરાંકનોની કાવ્ય રચનાઓમાં સાંઈ કવિ મકરંદ દવે, રાવજી પટેલ, બાલમુકુંદ દવે, રાજેન્દ્ર શુકલ, માધવ રામાનૂજ, રમેશ પારેખ, વિનોદ જોશી, અનિલ જોશી, પ્રહલાદ પારેખ, પ્રિયકાંત મણીયાર, ભગવતીકુમાર શર્મા, વેણીભાઈ પુરોહિત, હરિન્દ્ર દવે, મનોજ ખંડેરિયા, ભાસ્કર વોરા, ‘‘કલાપી’’, સુરેશ દલાલ, ઉમાશંકર જોશી, જગદીશ જોશી, ઈન્દુલાલ ગાંધી, ‘‘સરોદ’’ જેવા સિદ્ધહસ્ત કવિઓની કૃતિઓ છે. તો વળી, અવિનાશ વ્યાસ, નંદલાલ પાઠક, ચન્દ્રકાંત દત્તાણી, ધ્રુવ ભટ્ટ, લાલજી કાનપરિયા, શુકદેવ પંડ્યા, પુરુરાજ જોશી, રમેશ ગુપ્તા, જયંત પલાણ, હર્ષ બ્રહ્મભટ્ટ, હરિશચન્દ્ર જોશી, ભરત વિંઝુડા, રવિન્દ્ર પારેખ, હર્ષદ ચંદારાણા, મુકુલ ચોકસી, પ્રણવ પંડ્યા, મહેન્દ્ર જોશી, સંજુ વાળા, અમર પાલનપુરી, ‘‘બાદરાયણ’’, મુકેશ જોશી, ભાનુપ્રસાદ પંડ્યા, અસીમ રાંદેરી, પ્રકાશ હાથી, ‘‘મેહુલ’’, કિરીટ ગૌસ્વામી, નટરાજ બ્રહ્મભટ્ટ, આનંદ મણીકર, અને મેઘબિન્દુની સરસ કાવ્ય રચનાઓ પણ આપણને સાંપડે છે. તો વાગ્યેયકાર નિનુ મઝુમદારની રચના પણ અહીં મોજુદ છે. ગઝલોમાં આદિલ મન્સૂરી, ‘મરીઝ’, ‘‘ઘાયલ’’, ગની દહીંવાળા, અને ‘બેફામ’ની રચનાઓના સ્વરાંકનો વિશે પણ સવિસ્તાર આલેખન છે. દુલાભાયા કાગનું ગીત પણ અહીં છે તો ગોરખનાથનું ગીત પણ. ‘‘સુરદાસ’’નું પદ અને શર્માબંધુનું હિન્દી ગીત અને ચિત્રભાનુજીનુ ગીત પણ. આમ જુદા જુદા કાવ્યપ્રકારો અહીં સ્વરાંકનોને લાડ લડાવે છે.

લેખક અમુક સ્વરાંકનોની વાત કરતાં કરતાં કાવ્યની સ્તુતિ પણ કરતો રહે છે, જે વાંચતાં ભાવકોને કાવ્ય સાગરમાં વિહરવાનો એક નવો જ અનુભવ થશે. ક્યારેક ગવાતી અમુક રચના લાંબી હોય અને સંપૂર્ણ ગવાતી ન હોય એવી રચનાનો પૂરો પાઠ આપીને લેખકે એક સુંદર કાર્ય કર્યાની લાગણી થાય છે.

સુગમ સંગીતની વાત કરતાં લેખક લખે છે :

- ગુજરાતી સુગમસંગીત (કાવ્યસંગીત) એ નિરંતર, ગતિશીલ અને અવિરત વહેતી પ્રક્રિયા છે. જ્યાં સુધી ગુજરાતી કાવ્યો અવિરત થતાં રહેશે ત્યાં સુધી એ કાવ્યોની સ્વરસરિતા પણ સર્જાતી જ રહેશે. એટલે કે કાવ્યોનું

કોઈપણ ગેય સ્વરૂપ એને હંમેશા જીવંત રાખે છે કે જે ગીતો ગવાય નહિ, તેને કાટ લાગી જાય છે. કહો કે કાળની ગર્તામાં ધકેલાય જાય છે. જ્યારે સતત ગવાતાં ગીતો એ હંમેશા આપણને નિત્ય નૂતનતાનો અનુભવ કરાવે છે, અને આવાં ગીતો તો પ્રજાની ઓળખ છે અને એ ગીતો, એક પેઢીના લોકો બીજી પેઢીને, બીજી પેઢી ત્રીજી પેઢીને એમ સતત વારસો આપતી જાય છે. યુગો યુગોથી ગવાતાં આવતાં કાવ્યો ઝરણાંની જેમ આપણને પ્રસન્ન કરે છે. ઘણી વખત ગુજરાતી સુગમ સંગીતક્ષેત્રમાં કોઈ એક જ કવિની અસંખ્ય કૃતિઓ, જુદા જુદા સ્વરકારો દ્વારા સ્વરાંકિત થતી રહે છે અને ભિન્ન ભિન્ન ગાયકો દ્વારા એ ગવાતી રહે છે. (પા.નં. ૩૨૬)

સ્વરકારની ખાસિયતો વિષે લખે છે :

- અવિનાશ વ્યાસની સર્જકતાએ રચેલ સમતોલ રસાયણે આપણા સંગીતને 'ગુજરાતીતા' આપી. પરંપરા અને પ્રયોગશીલતાના ત્રાજવામાં પગ રાખી ભાવકને પ્રસન્નતાનો અનુભવ કરાવતો લક્ષ્યવેધ કરે છે આ માણસ. સુગમ સ્વર, સુગમ શબ્દની સાથે સુગમ વિચાર એમને મળેલી અપ્રતિમ લોકપ્રિયતાના મૂળમાં છે. આ મહાસર્જકે ગુજરાતણના કંઠમાં ગીતના કૂવા ગળાવ્યાને ગીત સંગીતનો શોષ સંતોષાયો. અવિનાશભાઈની શબ્દ-સ્વર રચનાઓ સોનામહોર જેવી છે. એ સમયના કાટથી પર છે. એને ક્યારેય કદીય કાટ નહી લાગવાનો. સોનું સદાય ચલણી રહેવાનું. ગુજરાતને એનું ગુજરાતી સંગીત આપનારા આ ગુજરાતી સુગમ સંગીતના અધિપુરૂષના સમગ્ર સંગીત વરસાને અભ્યાસીઓએ, આજના કલાકારોએ અવિનાશ સંગીત તરીકે તપાસવા જેવો છે જ. (પા.નં. ૩૨૦)
- ગુજરાતી સુગમ સંગીતનું એક સદૈવ સૂર્ય સમ ઝળહળતું એક નામ પરેશ ભટ્ટ. ઉત્તમ સ્વરકાર-ઉત્તમ ગાયક એવા પરેશનાં સ્વરાંકનો એ ગુજરાતી કાવ્ય સંગીતની એક વિશિષ્ટ સુવર્ણમય ઉપલબ્ધિ છે. ગુજરાતી સુગમ સંગીતનો ભાગ્યે જ કોઈ ભાવક હશે જેણે પરેશ ભટ્ટનાં સ્વરાંકનો માણ્યાં ન હોય ! આ સ્વરકાર 'ઓફબીટ' સ્વરકાર હતો. એણે કરેલાં ગુજરાતી કાવ્યોનાં લગભગ સ્વરાંકનો આજેય એટલાં જ જીવંત-પ્રસ્તુત છે. એના સમકાલીનો તો ખરા જ પણ પરેશ ભટ્ટ પછીની પેઢીના અન્ય એવા અસંખ્ય ગાયકો-સ્વરકારો છે જે આજે પણ પરેશની રચના હોંશેથી ગાય છે અને





એ રીતે આ સ્વરકાર અને એના સ્વરાંકનોને જીવંત રાખે છે. એટલું જ નહીં પણ ગુજરાતના ઘણાં સ્વરકારો પરેશ ભટ્ટને સ્વરકાર તરીકે 'આદર્શ' માને છે, એને 'માઈલસ્ટોન' રૂપે માને છે. કાવ્ય અને કવિના ભાવને બરાબર સમજી-આત્મસાત કરીને જ પછી પરેશ એની સ્વરગૂંથણી માટે પ્રવૃત્ત થતાં કહો કે સ્વરરત થતા ! જે કોઈ ભાવકને કે સુગમસંગીતના ગાયકને ગુજરાતી સુગમ સંગીતનો તલસ્પર્શી-ઊંડાણભર્યો અભ્યાસ-સંશોધન કરવું હોય એમને માટે સ્વરકાર ગાયક પરેશ ભટ્ટનાં સ્વરાંકનો પાયારૂપ સાબિત થશે. (પા.નં. ૧-૨)

સ્વરાંકનોની વાત, સંગીતના એરેન્જમેન્ટ સાથે લેખક ઓતપ્રોત થઈને લખે છે :

- ગીતના આરંભે વાગતા વાંસળીનાં દર્દીલા સૂર તરત જ આપણને જકડી લે છે. આખાય ગીતમાં બેકગ્રાઉન્ડમાં અને ફીલર તરીકે પણ નાના નાના વાંસળીના સ્વરોના ટુકડા આ ગીતને કરૂણમય બનાવે છે. તો કી-બોર્ડની વાયબ્રો ઈફેક્ટ ગીટાર-બેઝગીટારની ભરતી અને તબલાંનો મધ્યમ લય આ ગીતના સ્વરાંકનનાં સૌદર્યને વધુ ગાઢ બનાવે છે. પુરૂષોત્તમ ઉપાધ્યાયનું 'હમીંગ' (હંહં...હુંહુંહું...હુંહું) પણ આ સ્વરાંકનને ચિરંજીવી બનાવે છે. જેમ કવિને કાવ્ય પ્રગટે છે એ જ રીતે કોઈ રચના આત્મસાત થયા પછી જે તે સ્વરકારને પણ સ્વરાંકનના સ્વરો સ્ફુરતા હોય છે, પ્રગટતા હોય છે. ઘણાંય વર્ષો પહેલાં 'ગુલમોર' ઓડિયો કેસેટ પ્રગટ થયેલી. (પા.નં. ૧૧૨)
- વાયોલીનના મંદ્ર સ્વરોની ભરતીમાં આ ગીતનું ઝીણું રુદન પ્રગટે છે. તો વાંસળી અને સિતારના સ્વરો થકી પણ આ ગીતની વેદનાને ધાર નીકળે છે. અણીની જેમ એ સંવેદન આપણી અંદર ભોંકાય છે. વિશેષ કશીય વાત ન કહેતાં, આવો, એ ગીત, રાવજીનું શબદ રુદન અને અજીત શેઠના સ્વરાંકનનું સંવેદન તથા હરિહરનના સ્વરમાં પ્રગટતું કારુણ્ય આપણે સાથે સંવેદીયે. (પા.નં. ૧૩૨)
- પ્રસ્તુત સ્વરાંકનમાં ફ્લ્યૂટ, મેન્ડોલીનનો અદ્‌ભુત સમન્વય થયો છે. તો બેઝ ગીટાર, સીન્થેસઈઝર અને સાઈડ ઈફેક્ટ્સનો ઝીણો ઉપયોગ આખાય સ્વરાંકનને સભર બનાવે છે. એમાંય શબ્દની શક્તિ મુજબ 'સામે', 'લઈને', 'હલકો છું', 'ભારે છું', 'ના તોળશો', 'ફક્ત એથી' વગેરેમાં જે રીતે આશીત સ્વરભાર મૂકે છે અને સ્વરને જે રીતે લાડ લડાવે છે તેમાંથી

જ આ ગઝલનું કાતિલ ઝીણેરું દર્દ ઊભરે છે. પણ એ બધું ઝીણા સરવા કાને ઝીલિએ તો જ ! આવી સ્વરરચનાઓ ઊભાં ઊભાં કે હાલતાં-ચાલતાં ન પામી શકાય ! એને માટે તો કવિતાપ્રેમ અને સંગીતપ્રેમ અતિ અનિવાર્ય છે. અડધી રાતે, ઉદાસ જીવતર જેવા ઝાંખા અજવાળે આવું સ્વરાંકન, એક વખત નીંદર ત્યાગીને પણ સાંભળવા જેવું છે. સાંભળશો ? (પા.નં. ૧૯૫)

- હે ભાવક મોસમના પહેલા વરસાદનો છાંટો જો આપણને વાગે તો કેવો કેવો રોમાંચ થાય એની વાત કવિએ આ ગીતમાં ખુબ માર્મિક રીતે કહી છે. વરસાદની વાત કરતાં કરતાં કવિ, પ્રેમની અનુભૂતિની વાત પણ કાનમાં કહી દે છે. સમર્થ સ્વરકાર એ જ છે જે કાવ્યમાં યોજાયેલ શબ્દના સામર્થ્યને પોતાના સ્વરાંકનમાં સંયોજીને ચમત્કૃતિ લાવે. આ ગીતકાવ્યની પંક્તિ 'વ્હેંત વ્હેંત લોહી કાંઈ ઊંચું થિયું ને જીવને તો ચડી ગઈ ખાલી રે.....'માં કવિએ 'ઊંચું થિયું' અને 'ખાલી રે' એવા બે તળપદા શબ્દોનો જે ઉપયોગ કર્યો છે તેને સ્વરકારે 'ઝીણા સ્વરે' આબાદ ઝીલ્યો છે. 'ઊંચું થિયું' એ શબ્દ વખતે સ્વરકાર જે સ્વરોનો ઉપયોગ કર્યો છે તે અને ચોક્કસ પ્રકારના આરોહ-અવરોહને કારણે અનુભૂતિનું એક સ્વરચિત્ર આપણા મનમાં દૃઢ થાય છે. તો એ જ રીતે 'જીવને તો ચડીગઈ ખાલી રે.....'માં સ્વરકાર જે રીતે 'ખાલી રે' શબ્દ પર સ્વરભાર મૂકે છે તેને કારણે આપણને જાણે સાચ્ચે જ ખાલી ચડી ગઈ હોય એવું અનુભવાય છે. (પા.નં. ૩૪૨-૩૪૩)
- ક્ષેમુદાદાના આ અદ્‌ભુત સ્વરાંકન (રેર કમ્પોઝીશન)માં વાદ્યવૃંદનું સંયોજન પણ કમાલનું છે ! સીતાર, વાયોલીન, વાંસળી, તબલાં અને બેકગ્રાઉન્ડમાં ધીમો-ઝીણો મંજીરાનો ગુંજારવ આપણને સમગ્ર સ્વરાંકનમાં ઊંડે-ઊંડે સ્વરસ્થ-સમાધિસ્થ કરી દે છે. આવા અપૂર્વ સ્વરાંકનોની મજા એ છે કે વારે વારે અવિરત-સતત અનવરત સાંભળ્યા જ કરવા પડે તો જ એની બારીકાઈને પામી શકાય. ભૂપિન્દરે આ ગીતમાં 'હંસ' અને 'અંશ' શબ્દોની પ્રસ્તુતિમાં જ પોતાની ગાયકીની સમજદારીનો, સ્વરાંકનને આત્મસાત્‌ કરવાની કળાનો પરિચય આપી દીધો છે. (પા.નં. ૨૧૨)

કવિ વિષે લખતાં લેખક કહે છે :

● મકરંદ દવે. ગુજરાતી કાવ્ય સમૃદ્ધિનું એક વિરાટ નામ. અંગત અને બિનઅંગત અનુભવોના વિશ્વને આ કવિએ આપણી ગુજરાતી ભાષામાં અને આપણી





તળપ્રદેશની કાઠીયાવાડી કહેણીની ભાષામાં ઉત્તમ રીતે આત્મસાત્‌ કરીને પ્રગટાવ્યું છે. હંમેશા સાચુકલા સંવેદનથી ભર્યો ભર્યો આ કવિ અનુભવાયો છે. આપણી ભાષાના આ મસ્તમૌજી કવિને કોઈ ભક્ત કવિ કહે છે તો કોઈ વળી એને સાધક કવિ, મરમી કવિ અને સાંઈ કવિ કહે છે. પણ કવિનો અંદરનો ભગવો રંગ એવો તો ઘૂંટાયેલો છે કે ઘણી વખત તેની કવિતાનાં અન્ય રંગો તરફ આપણું ધ્યાન ઓછું જાય છે. આ સંદર્ભે કુન્દનિકાબહેન કહે છે કે, "મકરન્દ પર ભક્ત કવિ, સાધક કવિ, મરમી કવિ, સાંઈ એવાં એવાં નામોની છાપ લાગી છે, પણ મારી દ્રષ્ટિએ પહેલાં તો એ કેવળ કવિ જ છે. એણે જરૂર ભજનો લખ્યાં છે, પદો લખ્યાં છે, પરમતત્ત્વ સાથેના અનુસંધાનનાં તો અનેક કાવ્યો છે, પણ સાથે એણે બાળકોનાં, વ્યક્તિઓનાં, ઘટનાઓનાં, પ્રકૃત્તિનાં, સાંપ્રત પરિસ્થિતિનાં, ઐતિહાસિક પ્રસંગોના પણ કાવ્યો લખ્યાં છે, ગઝલો લખી છે, સોનેટ લખ્યાં છે. એના વિષયોનું ફલક વિસ્તૃત છે, પણ એની અંદરનો રંગ ભગવો છે એટલે મોટાભાગની કૃતિઓમાં પ્રગટપણે કે પ્રચ્છન્નપણે એ જ રંગ લહેરાય છે." આજે આ કવિની યાદ સળવળી એનું કારણ છે. હમણાં (૧૩ નવેમ્બર) આ કવિનો ૮૫મો જન્મદિવસ ગયો. (પા.નં. ૨૨૨)

લેખક ક્યારેક મોજ સંપ્રદાયનો પરિચય આપતાં નિબંધ જેવું લખીને ભાવકોને પણ પોતાની કલમનો કંઈક જુદો એવો પરિચય આપે છે :

- ઋતુરાજ વસંત તો હવે શહેરોમાં ક્યાં ખીલે છે ? જો કે ગામડાંઓ ય હવે તો શહેર જેવા દેખાવા માટેની દોડમાં જ લાગ્યા છે. જંગલો, પર્વતોમાં ઊંડે જવું પડે તો વસંત વૈભવ માણવા મળે. લેકિન વો દિન કહાં..... પણ મને ઘણી વખત શહેરમાં રહેતાં-રહેતાં કે અન્ય શહેરોમાં ફરતાં-ફરતાં ય વિચારો એ જ આવે છે કે આપણે જ્યાં હોઈએ ત્યાં કમ સે કમ જે તે ઋતુઓનાં ગમનાગમન અંગે મન-હૃદયથી તો જીવવાના પ્રયત્ન કરીએ ! અન એ રીતે દરેક ઋતુ-પર્વ-ઉત્સવોને આત્મસાત્‌ કરીને અનુભવવાનો- જરીક તો જરીક પણ પ્રયત્ન તો કરીએ ? પછી જુઓ કેવો જલસો થઈ જાય છે ! કેવી મજા થઈ જાય છે ! પણ ચામડીના સ્તરે જ જીવતો માણસ, ભૌતિકતાની આ ભુલભુલામણીની ભવાટવીમાં એવો ભટકી રહ્યો છે કે એને કોઈ પણ ઋતુઓ-પર્વો કે ઉત્સવોના સાદ નથી સંભળાતા ! અને એટલે જ આ પ્રકૃતિ વિમુખતાને કારણે જ માનવ જીવન ઉપર કુદરતી

પ્રકોપોનો કારમો કોપ ઊતરતો જ રહે છે અને બ્રહ્માંડમાં, ધરતી આભમાં વિસ્ફોટો થતા રહે છે. પ્રકૃતિની જાળવણી તો એક બાજુ પણ છે એ પ્રકૃતિ તત્ત્વના ધ્વંસ માટેની પ્રવૃત્તિઓ માણસ જાતે કરતો જ રહે છે અને બદલામાં મેળવે છે કારમી અને કાયમી પ્રકૃત્તિ વિહીનતાનો કાળો અભિશાપ. માણસનો ભોગવાદ એક વખત ખુદ માણસને જ રાક્ષસની જેમ ભરખી જશે. કેલેન્ડરના તારીખિયાંના પાનાંની જેમ જ રોજરોજ એનો એક-એક દિવસ ઓછો થતો જાય છે એ સિવાય કોઈ નૂતન પરિવર્તન એ નથી અનુભવતો. તીથિ નહીં પણ તારીખને યાદ રાખતો માણસ ઋતુઓને તો ક્યાંથી યાદ રાખે ? ઋતુઓની રમણીયતામાં રાચી શકે એવું રૂડું હૈયું હવે ક્યાં માણસ પાસે સાબૂત રહ્યું છે ? વિચિત્ર અને ક્યારેય નામે ય ન સાંભળ્યાં હોય એવા જાતજાતના રોગોથી માણસનું શરીર ઘેરાઈ ગયું છે તોય હજુ માણસ ચેતતો નથી ! (પા.નં. ૨૪૯)

થોડી ભૂલચૂક :

લેખ ક્રમાંક ૧૧. 'શું જલુ કે કોઈની જાહોજલાલી.....'ના સ્વરકાર સ્વરશ્રેષ્ઠ પુરૂષોત્તમ ઉપાધ્યાય છે. આ વાત મનોજ કોઈ મિત્ર કે સુગમ સંગીતના ભાવક પાસેથી જાણી શક્યો હોત. (પા.નં. ૩૭)

લેખ ક્રમાંક ૧૬. સમર્થ સ્વરકાર કે. મહાવીર અને આનંદકુમારના સંબંધ વિશે લેખકે કંઈક ભળતું જ લખી નાખ્યું છે. આવી વાતો લખતા પૂર્વ લેખકે પાકી માહિતી મેળવવી રહી. (પા.નં. ૫૧)

લેખ ક્રમાંક ૨૨. 'તારી આંખનો અફીણી' એ ગીતનું સ્વરાંકન દિલીપ ધોળકિયાનું નહીં પરંતુ અજીત મર્ચંટનું છે. દિલીપ ધોળકિયા આ ગીતનાં મુળ ગાયક છે. (પા.નં. ૭૦)

લેખ ક્રમાંક ૨૭. 'બેસૂર સાંજ સંસાર રે' આ રચના વિષે લેખકે (ગૌરાંગભાઈ વ્યાસને તો ખબર હશે જ !) આમ લખીને ભાવકોને માહિતી અધુરી આપી છે. આજના આધુનિક યુગમાં આવી માહિતીની પૂર્તિ ફોનથી પણ થઈ શકે. આમ લેખકે થોડી વધુ કાળજી લેવી રહી. (પા.નં. ૮૪)

લેખ ક્રમાંક ૩૦. 'કોકના તે વેણ ને વીણીવીણીને વીરા' ગાયનમાં સ્વર નિરુપમા





શેઠનો નહી ફાલ્ગુની શેઠનો છે. (પા.નં. ૯૪)

લેખ ક્રમાંક ૩૨. 'તારો છેડલો માથે રાખને જરા.....' આ ગીત વિશે લખતાં લેખકે આ સ્વરાંકન શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયનું કહ્યું છે પરંતુ આ સ્વરાંકન શ્રી દિલીપ ધોળકીયાનું છે. (પા.નં. ૧૦૦)

લેખ ક્રમાંક ૭૨. ''ગમતું મળેતો અલ્યા ગુંજે ન ભરીએ'' આ કાવ્યનું સ્વરાંકન અજીત શેઠનું નહીં પણ ઈશા કુંદનિકાનું છે. (પા.નં. ૨૨૫)

હવે પછી આ પુસ્તકની વધુ આવૃત્તિ થશે ત્યારે લેખક આ ભૂલો સુધારી લે તેવી આશા. તેની આ કટાર પણ દીર્ઘ સમય ચાલ્યા કરશે એવી ખાત્રી છે તો આવી ભૂલો પ્રત્યે લેખક સભાન રહે તેવી ઈચ્છા ખરી !

આ પુસ્તકના પ્રાગટ્ય સમયે ફરી એક વખત 'ફૂલછાબ'ના તંત્રીશ્રી કૌશીક મહેતા અને 'ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન'ને અભિનંદન. મનોજને દાદ ! અને ભાવકોને સુગમ સંગીતના આ દરિયામાંથી થોડુંક 'આચમન' !

**દિનાંક : ૨૫-૨-૨૦૧૧** **- સુરેશ જોશી**

૨૦૨, કૃષ્ણા વિહાર,
ટાટા કંપાઉન્ડ પાછળ,
ઈર્લા બ્રીજ, એસ. વી. રોડ,
અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૮.
ફોન : (૦૨૨) ૨૬૨૦૪૪૦૯

# મારી વાત
# ગીત ગઝલ ગંગાનું ગમતીલું - શ્રવણીલું આચમન

થોડાંક વર્ષો પૂર્વે 'ફૂલછાબ'ના અને 'ચિત્રલેખા'ના અનુભવસમૃધ્ધ પત્રકાર મિત્ર કૌશિક મહેતાનો મારા પર ફોન આવ્યો. કહે કે 'એ, ભાઈ, તું 'ફૂલછાબ'માં સુગમસંગીત વિશે કાંઈક લખને ?' મેં મારા મોજીલા સ્વભાવ પ્રમાણે કીધું કે 'આ ગાતો રહું છું એ બરાબર છે, લખવાનું કામ મારું નૈ ! એમાંય વળી ગુજરાતી સુગમસંગીત વિશે વિવેચનને એવું બધું આપણને ફાવે નૈ ! હા, કવિતા લખતો, એ કવિતારાણી પણ હમણા તો રિસાણા હોય એવું લાગે છે, માટે લખવાનું કામ રહેવા દે ને ભાઈ !' પણ જેમ કવિવર હરીન્દ્ર દવે જાણીતા હાસ્યકાર શ્રી શાહબુદ્દીન રાઠોડને લખવા માટે સતત કહેતા જ રહ્યાં અને અંતે 'મારે ક્યાં લખવું'તું ?' એ નામે શાહબુદ્દીનભાઈ પાસેથી ગ્રંથ મળ્યો તેની પાછળ, હરીન્દ્રભાઈની પ્રેરણાથી 'જન્મભૂમિ'માં શાહબુદ્દીનભાઈ દ્વારા લખાયેલા લેખમાળાના શ્રેણીબધ્ધ મણકા એ એક ઐતિહાસીક અને યાદગારરૂપ સાહિત્યિક ઘટના છે. કૌશિકની વાતને મેં તો હવામા ઉડાવી દીધી પણ એણે મારો કેડો મૂક્યો નહીં, જ્યારે મળીએ ત્યારે, અવારનવાર ફોન પર એ કોલમ લખવા માટેની વાતને અણી કાઢ્યા જ કરે ! આમ, ગુજરાતી કાવ્યસંગીત-સુગમસંગીત જે હું વર્ષોથી ગાતો રહું છું એના વિશે લખવાનું સાહસ પ્રારંભાયુ. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ જે દૈનિકપત્રને પોતાના પ્રાણથી અધિક ચાહ્યું હતું એ 'ફૂલછાબ'ની શુક્રવારીય પૂર્તિ 'ગુલમોર'માં 'આચમન'નો પ્રારંભ થયો અને પછીથી રવિવારની 'મધુવન' પૂર્તિમાં અ-વિરત પાંચેક વર્ષ સુધી મારી આ ગુજરાતી કાવ્યસંગીતની ભાવયાત્રા ચાલતી રહી.

પત્રકાર મિત્ર કૌશિકના ફોનની આ ઘટના પછી બીજી એક 'ફોન ઘટના' પણ જાણવા-માણવા જેવી છે. અમરેલીના કવિ મિત્ર-પ્રિય હર્ષદ ચંદારાણાનો એક દિવસ ફોન આવ્યો, 'મનોજ, હું અમદાવાદ આવ્યો છું અને એક મળવા જેવા માણસ લલિત શાહની ઘેર બેઠો છું. તને ખૂબજ યાદ કર્યો કેમકે લલિત શાહ અને





બીજા મિત્રો અહીં 'ગુજરાતી સુગમસંગીત ફાઉન્ડેશન' સંસ્થા ચલાવે છે અને ગુજરાતી ભાષા તથા તેની સાંસ્કૃતિક પરંપરાના જતન માટેની અસંખ્ય પ્રવૃત્તિઓ ચલાવે છે. મેં તારા વિશે અને 'ફૂલછાબ'માં લખાતી તારી સુગમસંગીત વિષયક કોલમ વિશેની વાત કરી. હવે લે હું ફોન લલિતભાઈને જ આપું છું.....' આટલી વાત કરીને સામે છેડે ફોનમાં લલિતભાઈનો અ-પરિચીત પણ મીઠો અવાજ સંભળાય છે.... 'હેલ્લો, મનોજ, મને હાલ જ હર્ષદ ચંદારાણાએ તારી અને તારી કોલમની વાત કરી. આપણે કદી મળ્યા નથી. પણ હર્ષદે તને ફોનમાં 'તું' કહ્યું એટલે હુંય તને તું જ કહીશ, કેમકે ઉંમરમાં હું હર્ષદથી ય મોટો છું. હવે સાંભળ, તું તારી કોલમના બધ્ધાં જ એપિસોડની ફાઈલ લઈને આવ, આપણે એ લેખો ગ્રંથરૂપે પ્રગટ કરીએ છીએ. ઓ. કે. ? તારી અનુકૂળતા એ જેમ બને તેમ જલ્દી આવજે.....' કવિમિત્ર હર્ષદ ચંદારાણા દ્વારા આ રીતે મારા કટાર લેખનને ગ્રંથ સુધી પહોંચવાનો જબરો વેગ મળશે એની તો મને સ્હેજે ય કલ્પનાય ન્હોતી !

પત્રકાર મિત્ર કૌશિક મહેતા અને કવિમિત્ર હર્ષદ ચંદારાણા સાથેની આ 'ફોન ઘટના' એટલે આ ગ્રંથ 'શબ્દસૂરના સાથિયા' (ગીત ગઝલ ગુલદસ્તો-૨). બાળપણથી સંગીતની ધૂનોમાં ઉછળતો-કૂદતો હું ગુજરાતી સાહિત્યમા અધ્યયનરત થયો, કાવ્યસર્જનની સંપદા મળી. આમ સંગીત-સાહિત્યના સમન્વયથી જીવનમાં ધાર્યા કરતા વધુ પામ્યો છું અને હજુય અણધાર્યું કેટલુંય પામતો જ રહું છું. ઉપલેટાથી અભ્યાસાર્થે અને સંગીતની કારકિર્દી માટે, બા-બાપુજી પાસે હઠ કરીને રાજકોટ આવ્યો. હિન્દી ફિલ્મ સંગીતના મહાન ગાયક મહમ્મદ રફી સાહેબનો સ્વર ક્યારે મારા કંઠમાં બેસી ગયો એની આજેય ખબર નથી જ ! રફી સાહેબના ગીતો ગણગણતા એક દિવસ ગાયક મિત્ર રાજેશ વ્યાસ મને સુરેશ જોશી નામના, ઉનાના એક યુવાન મિત્ર પાસે લઈ ગયો ! સુરેશ જોશીએ મને ગુજરાતી સુગમ સંગીતની અલૌકિક દુનિયામાં પ્રવેશ કરાવ્યો. આજે તો સુરેશ જોશી ગુજરાતી સુગમસંગીતના સ્વરકાર-ગાયક અને મુંબઈના ગુજરાતી નાટકોના પ્રયોગશીલ સંગીતકાર તરીકે અગ્રેસર અને પ્રસિદ્ધ નામ છે.

આજકાલ મોટેભાગે કોઈપણ ક્ષેત્રના ગ્રંથોનું પ્રકાશન થાય છે, તેમાં પ્રસ્તાવનાકાર મોટેભાગે લેખકની પ્રશંસા જ કરતા હોય છે. લેખકની ત્રુટિઓ વિશે ભાગ્યે જ કોઈ ટીપ્પણ એમાં દર્શાવ્યું હોય છે ! એક અર્થમાં એને એમ કહેવાય કે આ મૈત્રી વિવેચનનો યુગ છે. આ ગ્રંથની પ્રસ્તાવના લખનાર સ્વરકાર-ગાયક-સ્વરાંકન વિવેચક શ્રી સુરેશ જોશી (મુંબઈ) મૈત્રીય વિવેચન માર્ગના યાત્રી નથી એનો મને ખૂબ આનંદ છે. એમણે મારા અલગ-અલગ લેખોમાંથી છ-સાત ત્રુટીઓ

તરફ-ભૂલચૂક તરફ સરસ સૂરીલો નિર્દેશ કર્યો છે એ મને ખૂબ ગમ્યું છે. જો કે ‘શબ્દસૂરના સાથિયા’ આ ગ્રંથના લેખો ‘ફૂલછાબ’ની સાપ્તાહિક પૂર્તિ માટે, કોલમરૂપે-કટાર લેખનના માધ્યમથી લખાયેલા લેખો છે. ગ્રંથસ્થ થવાની આ ક્ષણે પણ મેં એમાં કોઈ પણ પ્રકારના ફેરફારો કે સુધારા-વધારા નથી જ કર્યાં (હું ઈચ્છતે તો એમ કરતે !) અને પ્રસ્તાવનાકારનું સ્વાતંત્ર્ય અણનમ રાખ્યું છે. આમ પણ સુરેશ જોશીએ નિર્દિષ્ટ કરેલી ભૂલો એ માહિતી અને સંદર્ભદોષ જ છે, એ બીજી આવૃત્તિ કે પુનઃમુદ્રણ સમયે દૂર થઈ શકશે ! આજની પેઢીના લેખકો કે ભાવકોને પણ એ પ્રતીત થાય કે મૈત્રી વિવેચનથી કોઈપણ સર્જકનો વિકાસ રૂંધાય છે. માટે મેં મારી લેખનભૂલો તરફ પણ અંગૂલિનિર્દેશ કરવાનું સુરેશ જોશીને સૂચવ્યું જ હતું.

‘આચમન’ની યાત્રા દરમ્યાન ‘ફૂલછાબ’ના વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતી કાવ્યસંગીત પ્રેમી-ભાવકોનો અનહદ પ્રેમ મળ્યો છે. જેને હજુય ક્યારેય-ક્યાંય મળાયું નથી એવા અ-પરિચીત વાચકોના ફોન-પત્રો આજેય મને લખતો-ગાતો રાખે છે. વાચકો સાથેની તો અસંખ્ય વાતો છે પણ મારો એક લેખ વાંચીને એ જ લેખ બીજી વખત લખવા માટે મને રડતા સ્વરે વિનંતી કરનાર એક ‘અજ્ઞાત વાચિકા’ને હું ક્યારેય નહીં જ ભૂલું ! કવિ શુકદેવ પંડ્યાનું અને સ્વરકાર નૈનેશ જાનીનું સુ-પ્રસિધ્ધ સ્વરાંકન ‘ભીંતે ચીતરેલ રૂડા ગરવા ગણપતિ તમે, બોલો આ મીંઢળ હું બાંધું’ એ ગીત-સ્વરાંકન વિશે ‘આચમન’નો લેખ વાંચીને એક અ-પરિચીત યુવતીએ મને ફોનમાં રડતા અવાજે કહ્યું હતું કે ‘આ લેખ તમે બીજી વખત લખો, કમકે એ ગીતમા પ્રગટ થયેલ કાવ્યનાયિકાની પીડા-વ્યથા એ જ મારી વેદના છે.’ સંગીત જગતમાં કોઈ ગીતની પ્રસ્તુતિ ‘વન્સમોર’ થાય એ સહજ છે, પણ કોઈ કટાર લેખકને એનો લેખ ‘વન્સમોર’ લખવા માટે કોઈ અજ્ઞાત વાચક ફોન કરે એ ઘટના જ મારે માટે ગૌરવરૂપ છે.

હે, ભાવકો ! આ ક્ષણે રાજેશ વ્યાસ, સુરેશ જોશી, કૌશિક મહેતા, હર્ષદ ચંદારાણા અને લલિત શાહ (ગુજરાતી સુગમસંગીત પ્રતિષ્ઠાન - અમદાવાદ) આ પાંચ પ્રિયજનોને હ્દયપૂર્વક હું મારું મૌન અને આંસુઓ અર્પું છું. બીજું કશુંય ક્યાં ‘મનીયા’ પાસે છે ? બસ, મજો ! મજો ! ને મોજેમોજ. રોજેરોજ.....

દિનાંક : ૧૦-૩-૨૦૧૧ - **મનોજ જોશી**





# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧) | ખુદને ભરોસો જેનો હોય નહીં રે | ૦૦૧ |
| ૨) | વાટલડી જોઉં છું હું તો સાંજ સવારે રે | ૦૦૪ |
| ૩) | હું તો ત્રિશલાનંદન કેરી ભક્તિ રે કરું | ૦૦૮ |
| ૪) | ‘પુત્રી જન્મનાં વધામણા’ નું અદેકરું અજવાળું | ૦૧૧ |
| ૫) | ધૂળિયો મારગ આંખમાં ઊભરાય | ૦૧૪ |
| ૬) | સાંભળો : ભાષા જીવશે ત્યાં સુધી જીવતું રહેશે આ ગીત ! | ૦૧૭ |
| ૭) | સાચો ધબકાર, સાચો શણગાર અને સાચો રણકાર એટલે, મીરાં | ૦૨૦ |
| ૮) | શુભ થાઓ આ સકળ વિશ્વનું | ૦૨૩ |
| ૯) | રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં | ૦૨૭ |
| ૧૦) | મન્નાડે ના કંઠમાં દર્દ વહે ‘મરીઝ’નું | ૦૩૦ |
| ૧૧) | ‘ગમ વધારે હોય દિલમાં તો ખુશાલી થાય છે’ | ૦૩૪ |
| ૧૨) | ઈશ્વર ઉધાર આપે તોય ન ચૂકવી શકાય | ૦૩૮ |
| ૧૩) | પોતામાં સુખ શોધીને કર પોતાને જ પ્રણામ | ૦૪૧ |
| ૧૪) | લખ લખ નેણે નેહ નિહારી ભરીયા સોનલ કુંડા | ૦૪૪ |
| ૧૫) | આંખ તમારી જુએ સપાટી, અમે છુપાયા તળિયે ! | ૦૪૭ |
| ૧૬) | જૂની પેઢીના - તાર સપ્તકના સુગમ ગાયક સી. આનંદકુમાર | ૦૫૦ |
| ૧૭) | હવે તો કાગળ (ર.પા.) હરિ લખે તો બને | ૦૫૩ |
| ૧૮) | ઓચિંતો ઊડીને આવેલો કોઈ કાગળ, જ્યારે કંકોતરી થઈ જાય | ૦૫૭ |
| ૧૯) | સુખ સાથે આપણો તો જળનો સંબંધ સખી ! | ૦૬૦ |
| ૨૦) | લોકસંત ગોરખનાથજીની પ્રાચીન રચનાને સુગમ સંગીતનો સ્વરદેહ | ૦૬૩ |
| ૨૧) | ઓછા જાણીતા-પણ ખૂબ ગવાતા કવિ શુકદેવ પંડ્યા | ૦૬૬ |
| ૨૨) | આમ તેમ ભટકતાં ચરણોને મંઝિલનું ઠેકાણું મળે તો ભયો ભયો | ૦૬૯ |
| ૨૩) | પાંદડાની લીલપને હોઈ શકે એટલો આપણો આ ઘરથી સંબંધ ! | ૦૭૨ |
| ૨૪) | રાહ જોવાના તોરણ લટકાવી દરવાજે કોઈ રાહ જોતું હોય ત્યારે | ૦૭૫ |
| ૨૫) | મથુરાથી એકવાર માથે મુકીને કોઈ લાંવ્યું’તું વાંસળીના સૂર | ૦૭૭ |
| ૨૬) | સુગમ સંગીતની સ્વર મહ્રુલીમાં સ્વરારૂઢ કવિ દુલા ભાયા કાગ | ૦૮૦ |
| ૨૭) | પરદુઃખીનો ના પંચમ બોલે, ધૈવત ધનિકોનો થઈ ડોલે | ૦૮૩ |
| ૨૮) | સંસારની કેડી માથે, કાચના ખિલોના રમે સાચું અને જૂઠું | ૦૮૬ |
| ૨૯) | આપણે સદા આપણને મળવા માટે ઝૂરતા જ રહીએ | ૦૮૯ |

૩૦) પોતાની વાંસળી પોતે બજાવીએ ને રેલાવી દઈએ સૂર ૦૯૨
૩૧) સાતમે પાતાળ સાવ રેશમમાં વીંટેલા સપનાનું મારે શું કરવું ? ૦૯૫
૩૨) તારો છેડલો માથે રાખને જરા... આ તો ચૈતર-વૈશાખના વાયરા ! ૦૯૯
૩૩) વાદીડે કેમ કર્યા મહુવરના ખેલ ? રાફડામાં પૂર્યા કંઈ લીલાં દીવેલ ! ૧૦૨
૩૪) સંબંધની ગાગરથી પાણી ભરીશું કેમ ? લાગણીના દોરડા ઘસાયા ૧૦૫
૩૫) ઘડીભરનું ઘડતર, જગત આ ગંજીપાનું ઘર ૧૦૭
૩૬) બરફમાં હું ગોઠવેલું પાણી નથી, મને સૂરજની બીક ના બતાવો ! ૧૧૦
૩૭) આપણા અબોલાથી ઝૂર્યા કરે છે હવે આપણે સજાવેલી મેડી ૧૧૩
૩૮) આ મેઘધનુષના મારગથી કોણ વહી ગયું રે લોલ ? ૧૧૬
૩૯) વરસો રે... વરસો રે... વરસો રે... હે, તારી કીડી-મંકોડી ૧૧૯
૪૦) હે, રંગરસિયા, તારો રાસડો માંડીને ગામને તે ગોંદરે બેઠાં ૧૨૨
૪૧) સ્વરકાર-ગાયક નયન પંચોલી (અમદાવાદ)નું એક અદ્ભુત સ્વરાંકન ૧૨૫
૪૨) કવિ બાલમુકુન્દ દવેનું એ અમર ગીત ૧૨૮
૪૩) તમે રે અકસર થઈને ઊકલ્યાં ૧૩૧
૪૪) કોને જોડું હાથ, ચરણમાં કોના જઈને પડીએ ૧૩૪
૪૫) હે જી, એવી ચોપાટુ મંડાણી ચંદન ચોકમાં ૧૩૭
૪૬) મંજિલની ટોચ જ્યારે દેખાઈ દૂરથી ત્યારે તેં લીધો વળાંક ૧૪૦
૪૭) આનંદ કેરી લ્હેરે જાણે હસી ઊઠ્યો કિરતાર ૧૪૩
૪૮) સાવજ ડણકું મારે ગીરમાં એવી યુવાન શક્તિ છે ૧૪૬
૪૯) સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની ૧૪૯
૫૦) જૂની પેઢીના કવિ જયંત પલાણની એક ભૂલાઈ ગયેલી ૧૫૩
૫૧) જય જય ભોલે બમ બમ ભોલે, સુખ કે સારે મારગ ખોલે ૧૫૬
૫૨) ખટઘડીની હાજરીમાં વીજળી ચમકી પડે તો ૧૫૯
૫૩) યાદ તારી પૂરતી છે બાળવા મને ૧૬૨
૫૪) પહેલા પહેલા જુગમાં રાણી, તું હતી પોપટી ને ૧૬૫
૫૫) આંસુઓની પાછળ જઈને, ક્યારેક હું છુપાતો હું તો ગીતો ગાતો ૧૬૮
૫૬) ઉઘાડું રાખ્યું છે હૈયું તો કેમ કરી ઘરની બે ચીજ કહો, ઢાંકું ? ૧૭૧
૫૭) કરિ અબિમાન બિષય-રસ ગીધ્યૌ, શ્યામ-સરન નહિ આયૌ ૧૭૪
૫૮) અહીં ફક્ત માણસને માણસ સમજવો ૧૭૭
૫૯) 'અમે શિવરંજની' હવે... ખિન્ન-રંજની... સમજ્યા ? ૧૮૦
૬૦) તું અહીં છે તો હું ય છું નહિ તો, એકલા ક્યાં સુધી જીવાય સખી ! ૧૮૩







૬૧) શ્વાસોની સળિયુંને ભેગી મેલીને, કોઈ બાંધે છે હૈયામાં માળો ૧૮૬
૬૨) આકાશની છાતીમાં કાણાં પડે ત્યારે જ ભગવાન ૧૮૯
૬૩) હું રજકણથીયે હલકો છું, તો પર્વતથી યે ભારે છું : બેફામ ૧૯૩
૬૪) ફૂલો લઈને નીકળો તો ટહુકા પણ સંભળાય ૧૯૬
૬૫) આ નાનકડા 'સ્વર'નો મોટો પડછાયો છે ૧૯૯
૬૬) કોઈને કહેવાની વાત ઝાકળનાં ટીપાં થઈ જાય ત્યારે ૨૦૩
૬૭) લ્યો, ધરો કાન તો સંભળાવું તમને વાદળાના કાફલાનું ગીત ૨૦૭
૬૮) શબ્દુંનોય સાદ ન પહોંચે ત્યારે આપણે રહેવું ચૂપ ! ૨૧૦
૬૯) આંસુમાં કેમ શોધવું સ્મિત ? શબ્દોના નીડમાં ખોવાયું ગીત ! ૨૧૩
૭૦) કાચું કાવ્ય, સબળું સ્વરાંકન ૨૧૬
૭૧) જોઈએ સુખ બધાંને પોતીકાં, કોણ પીડા પરાઈ માગે છે ૨૧૯
૭૨) આવી મળ્યું તે દઈશ આંસુડે ધોઈને... ગમતાંનો કરીએ ગુલાલ ૨૨૨
૭૩) અહીં કર્મીને કલેશ, ને અધમને આઠે પ્હોરે એશ... ! ૨૨૬
૭૪) લતા મંગેશકર કરતાં પણ વિશેષ સામર્થ્ય રીતે ગવાયેલું ૨૩૦
૭૫) નોરતાંના રથના ઘૂઘરા બોલ્યા ૨૩૪
૭૬) દાઢી કરતાં લોહી નીકળે, ને કોઈ પાલવ યાદ આવે તો એ પ્રેમ છે ૨૩૮
૭૭) પાંપણોની પોટલીમાં આંસુનાં તાંદુલ લઈને ઊભેલા સુદામાજીનું ગીત ૨૪૨
૭૮) ઝાડ છોડી ડાળીબહેન હાલિયાં રે પાન અવસરનાં ૨૪૫
૭૯) ફાગણના ફાગમાં લીલેરાં પાન સંગ ગાતાં ગુલમોર ૨૪૯
૮૦) જેવો દફતરનો ભાર એવો ભણતરનો ભાર ૨૫૨
૮૧) રાખના રમકડાનું સ્પંદન જ્યારે પાંદડું ખેરવે ૨૫૫
૮૨) દ્વારે-દ્વારે જઈને પૂછયું, સુખ નામે કોઈ પંખી દીઠું ? ૨૫૯
૮૩) બાહર પાયા ભીતર ખોયા ૨૬૩
૮૪) ઉતાવળી ઊંબર પર આવી ઉભી રહી ૨૬૭
૮૫) ભાઈની બેની લાડકી ને ૨૭૧
૮૬) ગુજરાતી ભાષાનું એકસો પાંત્રીસ વર્ષ પુરાણું ૨૭૫
૮૭) પ્રયોગશીલ નાટ્યક્ષેત્રનો વીર મનોજ શાહ ૨૭૯
૮૮) ધુંધ પઈયાં તરકાલાં પઈયાં : ભારતીય લોક પરંપરાના ગીતો ૨૮૪
૮૯) હવે હોંકારા વગરના અમે નકરા રાંક ! ૨૮૭
૯૦) કોણ કહે છે સૌરાષ્ટ્રમાં સુગમસંગીત નથી ! ૨૮૯
૯૧) તેજ તેજ અંબાર કે ઝગમગ દીવડાનો દરબાર ૨૯૨

૯૨) તો ઉપવનમાં પણ કરુણા વ્યાપે, જો ખુલે જખમ દિલના ૨૯૫
૯૩) વહાલપ વરસંત વારી રે... રૂમઝુમ ઝાકળ આવી રે... ૨૯૮
૯૪) આપણે તો જવું છે, રફી સાહેબના સ્વર સુધી ૩૦૧
૯૫) રહ રહ રોવરાવે રાવજી તારું ગીત ૩૦૫
૯૬) મોરો એ જ ટકો આચાર, જેમાં સત્યનો જય જય કાર ૩૦૯
૯૭) આવ, હવે તારા ગજ મૂકી, વજન મૂકીને વરવાં ૩૧૨
૯૮) રહરહ રોવરાવે ગવાતી ગુજરાતી કવિતાનો કરુણ કાગળ ૩૧૫
૯૯) મનદર્પણમાં દર્શન દઈને, કોઈ બેવફા ચાલી જાય ત્યારે ૩૧૯
૧૦૦) સાવ વિસરાઈ ગયેલા એક કવિનું તાર સ્વરે ગાવા જેવું ૩૨૩
૧૦૧) પાસે રહીને મને લાગે છે કેમ હવે કેટલાય જન્મોનું છેટું ! ૩૨૬
૧૦૨) 'લીલા' અમર રહો 'આસિમ' રાંદેરીની.... ૩૨૯
૧૦૩) ..... મેળે નહીં આવું, મેળાનો મને થાક લાગે ૩૩૩
૧૦૪) હે, હરિ ! તમે મારું માગું નાખજો મુશળધારે ગરજી ગરજી ૩૩૭
૧૦૫) - તો પાટો પણ બાંધવો પડે, પે'લા વરસાદનો છાંટો જો વાગે તો ૩૪૧
૧૦૬) આ સ્વરપંચમના મેળામાં ૩૪૫
૧૦૭) 'ઘાયલકાકા'નો અડીખમ હોંકારો ૩૪૯
૧૦૮) તેન કેરી તૃષ્ણા તૂટે, મનની ન માયા છૂટે... ૩૫૩
૧૦૯) નથી ઝંખના મારી ગમતી જો તમને ૩૫૩
૧૧૦) અંજલિ ભરીને જેને ઝંખે છે લોક, એને રેણુમાં કેમ દિયો રોળી ? ૩૫૯
૧૧૧) લોકોય કેવા કમાલ છે, અંજલિઓ આપે છે : મૃગજળની..... ૩૬૨
૧૧૨) અલખધૂન રસરંગ લગાવે, આવી રૂડી છે મારી રામમઢી ૩૬૫
૧૧૩) તમે દીધો અવતાર કાં પતંગનો... ૩૬૮
૧૧૪) હળવેથી હાલજે ને મલકીને મ્હાલજે, ને કરડાકી રાખજે પૂરી..... ૩૭૨
૧૧૫) ફંગોળી જોઉં શબ્દો ને મૌનને ફગાવું ૩૭૬
૧૧૬) - તો ઊકલે છે કંઈક ઝાંખું ઝાંખું..... ૩૭૯
૧૧૭) પહેલું મારું ભારત ને બીજું મારું ગુજરાત..... ૩૮૨
૧૧૮) આજ પીઉં દર્શનનું અમૃત, કાલ કસુંબલ કાવો..... ૩૮૬
૧૧૯) ગતિ હશે પગમાં તો મળશે કદીક ધાર્યું ધામ..... ૩૮૯
૧૨૦) ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી ૩૯૨





# ખુદને ભરોસો જેને હોય નહીં રે,<br>એનો ખુદાનો ભરોસો નકામ.....

ગુજરાતી સાહિત્યમાં કાવ્યક્ષેત્રમાં અર્વાચીન યુગના આરંભક કવિઓમાંના એક કવિ એટલે પ્રહલાદ પારેખ. 'બારી બહાર' જેવા અર્થસંકેતાત્મક શીર્ષકથી કાવ્યસંગ્રહ આપનાર આ કવિએ સમયમાં એટલે કે ગાંધીયુગ પછીના અર્વાચીન સાહિત્યના પ્રારંભે કવિતામાં નવી આબોહવાની અનુભૂતિ કરાવી હતી. ગેયાત્મક કાવ્યો થકી આજે પણ આ કવિ એટલા જ પ્રસ્તુત લાગે છે, જેટલા ગઈકાલે હતા. પ્રહલાદ પારેખની કવિતામાં જીવનના સંદર્ભો અને પ્રકૃતિના રંગો પુરબહારમાં ખીલે છે. સરળ લખવું અતિ અઘરું છે એ ન્યાયે આ કવિ સરળ-સહજ શબ્દો દ્વારા આપણને સ્પર્શી જાય - સમજાઈ જાય એ શૈલીમાં કાવ્યાભિવ્યકિત કરે છે. એમાંય એમનાં ગીતોમાં જે ગેયતા છે એ સૌ કોઈ નાના-મોટા ભાવકોને ગાવા માટે પ્રેરે એવી સરળ ગેયતા એમાં રહેલી છે. આજે પ્રહલાદ પારેખની કવિતાના સર્જનને કેટલાંય વરસો વીતી ગયાં છતાંય કેટલાંક ગીતો આજે ય અમર છે. અભ્યાસક્રમમાં, પાઠ્યપુસ્તકોની ગુજરાતી વાચનમાળામાં પણ આ કવિની કવિતા આજની પેઢી અભ્યાસે છે.

ગુજરાતી સુગમ સંગીતનું, એક સદૈવ સૂર્ય સમ ઝળહળતું એક નામ પરેશ ભટ્ટ. ઉત્તમ સ્વરકાર-ઉત્તમ ગાયક એવા પરેશનાં સ્વરાંકનો એ ગુજરાતી કાવ્ય સંગીતની એક વિશિષ્ટ સુવર્ણમય ઉપલબ્ધિ છે. ગુજરાતી સુગમ સંગીતનો ભાગ્યે જ કોઈ એવો ભાવક હશે જેણે પરેશ ભટ્ટનાં સ્વરાંકનો માણ્યાં ન હોય ! આ સ્વરકાર 'ઓફબીટ' સ્વરકાર હતો. એણે કરેલાં ગુજરાતી કાવ્યોનાં લગભગ સ્વરાંકનો આજે ય એટલાં જ જીવંત-પ્રસ્તુત છે. એના સમકાલીનો તો ખરા જ પણ પરેશ ભટ્ટ પછીની પેઢીના અન્ય એવા અસંખ્ય ગાયકો-સ્વરકારો છે જે આજે પણ પરેશની રચનાઓ હોંશેથી ગાય છે અને એ રીતે આ સ્વરકારને અને એના

સ્વરાંકનોને જીવંત રાખે છે. એટલુંજ નહીં પણ ગુજરાતના ઘણા સ્વરકારો પરેશ ભટ્ટને સ્વરકાર તરીકે 'આદર્શ' માને છે એને 'માઈલસ્ટોન' રૂપે માને છે. કાવ્ય અને કવિના ભાવને બરાબર સમજી-આત્મસાત્ કરીને જ પછી પરેશ એની સ્વરગૂંથણી માટે પ્રવૃત્ત થતા, કહો કે સ્વરરત થતા ! જે કોઈ ભાવકોને કે સુગમ સંગીતના ગાયકોને ગુજરાતી સુગમ સંગીતનો તલસ્પર્શી-ઊંડાણભર્યો અભ્યાસ-સંશોધન કરવું હોય એમને માટે સ્વરકાર-ગાયક પરેશ ભટ્ટનાં સ્વરાંકનો પાયારૂપ સાબિત થશે. કાવ્યના સંવેદનની ઝીણી અનુભૂતિને પકડી-આત્મસાત્ કરીને એ કાવ્યભાવને અનુરૂપ અનુકૂળ એવું જ સ્વરાંકન પ્રગટે એ માટે પરેશ ભટ્ટ ખૂબ જ - અત્યંત ખેવના રાખતા અને જ્યાં સુધી જે તે કવિતાના આત્મા-હૃદય સુધી ન પહોંચાય ત્યાં સુધી એ સ્વરાંકનમાં ખૂંપી જતા-ડૂબી જતા. ઉમાશંકર જોશીની એક જાણીતી અછાંદસ રચના 'મારું જીવન એ જ મારી વાણી'નું સ્વરાંકન એ ગુજરાતી કાવ્ય સંગીતક્ષેત્રની એક વિરલ-અનુપમ અને અપૂર્વ એવી ઘટના છે. આવા સમર્થ સ્વરપુરુષ પરેશ ભટ્ટે, પ્રહલાદ પારેખની એક અત્યંત પ્રસિદ્ધ ગીતરચનાને ઉત્તમ સ્વરદેહ આપીને એ ગીતને અમરતા બક્ષી છે. એ ગીતરચના અને સ્વરાંકન બન્ને સફળ અને સશક્ત છે. 'આપણે ભરોસે' શીર્ષકથી પ્રખ્યાત એ ગીત પરેશ ભટ્ટની ઓળખરૂપ આગવું એવું સફળ સ્વરાંકન છે. આજની યુવા પેઢી માટે તો આ કાવ્ય અને એની ગેયતા બન્ને ઉપદેશાત્મક અને જીવનની સાચી સમજણની દિશા તરફ લઈ જનાર છે. તો આવો, હે, ભાવકો, આજે આપણે સૌ પરેશ ભટ્ટની એ અમર સ્વરાંકિત રચના સાંભળીએ :





**આપણે ભરોસે આપણે ચાલીએ...**
**હે, એક મહેનતના હાથને ઝાલીએ રે...**
**ખુદને ભરોસો જેને હોય નહીં રે,**
**એનો ખુદાનો ભરોસો નકામ,**
**છોને એ એકતારે ગાઈ ગાઈને કહે તારે ભરોસે રામ !**
**એ તો ખોટું ખોટું રે પિછાણીએ રે...**
**બળને બાહુમાં ભરી હૈયામાં હામ ધરી,**
**સાગર મોઝારે ઝુકાવીએ...**
**આપણા વહાણનાં સઢને સુકાનીને,**
**આપણે હાથે સંભાળીએ...**
**કોણ રે ડૂબાડે વળી, કોણ રે ઉગારે,**
**કોણ લઈ જાય સામે પાર...**
**એનો કરવૈયો કોઈ, આપણી બહાર નહિ,**
**આપણે આપને પિછાણીએ...**
**આપણે ભરોસે આપણે ચાલીએ...**

પરેશ ભટ્ટનું આ તારસ્વરે ગવાતું સ્વરાંકન જ્યારે જ્યારે સાંભળીએ ત્યારે ત્યારે અંતર-મનમાં અજબની હલચલ મચી જાય છે. આકાશવાણી રાજકોટના આર્કાઈવ્ઝમાં સચવાયેલું આ ગીત હવે તો ક્યારેક-ક્યારેક જ પ્રસારિત થાય છે. પરેશભાઈનું આ સ્વરાંકિત ગીત તો ભાઈ, રોજેરોજ ગાવા જેવું છે હોં... !

## વાટલડી જોઉં છું હું તો સાંજ સવારે રે,
## મારી ઝૂંપડીએ રામ ક્યારે પધારે ?

ચૈત્ર સુદ નોમ (નવમી તિથિ) એટલે પ્રભુ શ્રીરામનો અવતરણ દિન. અયોધ્યાની બાજુમાં જ આવેલા છપૈયા ગામમાં પણ આજ તિથિ ને દિન સ્વામિનારાયણ સંપ્રદાયના પુરસ્કર્તા શ્રી સહજાનંદ સ્વામી મહારાજનો પણ જન્મ થયો હતો. શ્રીરામ અને શ્રી સહજાનંદ આપણી ભારતીય અધ્યાત્મ-જીવન પરંપરાના બે મહાન આધારસ્થંભો છે. જ્યારે જ્યારે રામનવમીનો દિવસ આવે છે ત્યારે હું ઐતિહાસિક રીતે મારા માદરેવતન ઉપલેટાની ભૂમિ પર મનોવિહાર કરું છું અને સ્મરણે ચઢે છે મારું શૈશવ. એ શ્રીરામ ધૂન-મંડળ ઉપલેટાના ધૂન-ભજન-સંકીર્તનની કદીય ન વિસરાય એવી દિવ્યમય-ભાવમય સંકીર્તનીય રાતો. બાપુજી (હરિલાલ જીવનલાલ જોશી)ની આંગળી પકડીને વાડલા, નિલાખા, પિઠડીયા, ધોરાજી, સમઢિયાળા, લાઠ એમ કેટલાય ગામોમાં ધૂન-ભજન માટે હું જતો. બાલ્યવયથી જ એ સ્વર-સંસ્કારો સતત મારા અસ્તિત્વમાં સિંચાયા અને આજે તો શબ્દ અને સ્વરની આંગળી પકડીને કોઈ અલૌકિક ચેતનાજગતમાં નિજાનંદ વિહાર કરવાની મોજ માણું છું.

મારા માદરેવતન ઉપલેટામાં રેલ્વે સ્ટેશન પાસેના સત્સંગ ભવન ખાતે યોજાયેલા કેટલાય રામ જન્મોત્સવના અવસરો હજુ આજેય મારા ચિત્તમાં એવા જ ઝળહળી રહ્યા છે. બાપુજી સાથે શ્રીરામ ધૂન મંડળની એ સુરીલી યાદો હજુય એવી અક્ષુણ્ણ-અકબંધ છે. એ ધૂન મંડળમાં છોટુ ભગત અને બચુભાઈ જે પદ-ધૂન-કીર્તન ગાતા એ બધું જ મારા કંઠમાં આજેય સબૂત છે. હવે તો એ બધાનાં સ્મરણો અને સ્વરો સાચવીને હું એકલો ઉદાસ બેઠો છું. બાપુજી ચાલ્યા ગયા. છોટુ ભગત અને બચુભાઈએ પણ અનંતની વાટ પકડી લીધી છે પણ એમણે છેડેલા



શબ્દસૂરના સાથિયા

ભક્તિપદના વિરલ-દિવ્ય સ્વરો આજેય જ્યારે ઘરમાં કે કાર્યક્રમમાં ગાઉં છું ત્યારે આંખ વરસી પડે છે. એ ભક્તિભર્યા પદોની ભાવમસ્તી, એ દિવ્ય કીર્તન-ધૂન-ભજનોની રસહેલીએ જ મને હજુ શબ્દ-સ્વરની કેડીએ ચાલતો-દોડતો રાખ્યો છે, પણ મને મૂંઝારો એ છે કે આજના ધમાલિયા-ઘોંઘાટિયા આ સંગીતિયા ઘાટમાં આવા સોનામહોર જેવાં ગીતો પદો સાંભળવાની ફુરસદ કોને છે ? એની ખેવનાય કેટલાને ? ખેર. બે દિવસ પછી આવનારી આ રામનવમીના મંગલ અવસરે, વર્ષોથી ગવાતું-ઝિલાતું-સંભળાતું આ પરંપરાગત શબરીનું પદ ખરેખર સાંભળવા જેવું છે. આ પદનો રચયિતા અજ્ઞાત છે પણ ગામડાઓના ધૂન મંડળોમાં આજેય ગામના ચોરે કે રામમંદિરોમાં મહિલા ધૂન મંડળોમાં આ શબરીનો આર્તનાદ ગવાય છે. મારા સ્વરસદનમાં પણ આ પદનાં બે-ત્રણ વર્ઝન ઓડીઓ કેસેટમાં સંગ્રહસ્થ છે. (સ્વ. છોટુભગત અને સ્વ. બચુભાઈ-ઉપલેટાના સ્વરમાં)

આ પદનું સ્વરાંકન જ એવું હૃદયસ્પર્શી છે કે સાંભળતાં જ આપણું હૈયું શ્રીરામ માટે ઝૂરી ઊઠે. મારા બાપુજી પણ આ પદ ગાતાં-ગાતાં રડી પડતા એ ક્ષણ મને આજેય યાદ છે. એમની સ્મૃતિમાં અને છોટુ ભગત-બચુકાકાની યાદમાં પણ હું હજુય શબરીનું આ હૃદયદ્રાવક પદ ગાઉં છું ત્યારે અલૌકિક અનુભવમાં વહી જાઉં છું. જો કે એ વર્ષો પૂર્વેનો મૂળ ઢાળ આજે તો હવે ક્યાંય સાંભળવા જ નથી મળતો. આજે તો તબલાં, ઢોલક, ઝાંઝ, મંજીરાં, પેડ, ઈલેક્ટ્રોનિક્સ ઈન્સ્ટ્રુમેન્ટસ અને મોટી સાઉન્ડ સિસ્ટમની ભીંસમાં આ પદનું અસલ ગાન ગૂંગળાઈ ગયું છે. માત્ર હાર્મોનિયમ, ઢોલક અને મંજીરાં જેવા વાદ્યોની વચ્ચે પદ ઝીલતા ભાવસભર ભક્તજનોના સમૂહસ્વરો સાથે આ પદની ભાવયાત્રા કરવા જેવી છે. જેના રોમેરોમમાં રામરસાયણ ઓગળી ગયું છે તે પરમ વિશ્વવંદ્ય શ્રી મોરારિબાપુ પાસે આ પદ પહોંચ્યું છે કે નહિ એનો મને ખ્યાલ નથી. પરંતુ પૂ.બાપુ પણ જો એક વખત આ શબરીનો આર્તનાદ સાંભળે તો એમનાં માધ્યમથી હજ્જારો લાખો ભાવકો સુધી આ પદ અને એનો મૂળઢાળ પહોંચી શકે. પૂ.મોરારિબાપુ જેવા સમર્થ કથાકાર-ભાવક આવા વિસરાઈ ગયેલા વારસા સમાન પદને સ્પર્શ કરી એને સંજીવની બક્ષે તો આપણી સમૃદ્ધ ભજન-પદવાણીનો આજની પેઢીને પરિચય થાય. મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામના આવિર્ભાવ અવસરે લ્યો, આવો તમેય આ ખોવાઈ ગયેલું, શબરીના આર્તનાદનું વિરહનું પદ સાંભળો :

**મારી ઝૂંપડીએ રામ ક્યારે પધારે ?**
**ક્યારે પધારે મારો જનમ સુધારે રે...**

**નામ મારું શબરી ને જાતની છું ભીલડી**
**ઋષિના આશ્રમમાં રહું છું એકલડી**
**ગુરુજીએ વચન આપ્યાં, રામ આવે ક્યારે રે ?...**

**ગુરુજીનાં વચન ઉપર વિશ્વાસ રાખ્યો**
**સાચો ભરોસો મારા રુદિયામાં રાખ્યો**
**વાટલડી જોઉં છું હું તો, સાંજ સવારે રે...**

**મીઠાં મીઠાં બોર મેં તો પડિયામાં રાખ્યાં**
**આંખે દેખાય નહીં તેથી મેં તો ચાખ્યાં**
**વીણી લાવી છું હું તો ખૂબ મીઠાં ભાવે રે...**

**કાયા તો મારી સુકાઈ ગઈ છે**
**કેટલી કસોટી હવે બાકી રહી છે ?**
**વિરહના દુઃખ મારા, રુદિયામાં વાગે રે...**

**જનમો જનમની પ્રીત અધૂરી**
**કહો મારા રામ હવે, ક્યારે કરશો પૂરી ?**
**દર્શનનાં દુઃખ મારા મનડાને બાળે રે...**

**અયોધ્યાના નાથ હવે ક્યારે દરશન દેશો ?**
**ઝૂંપડી અમારી પ્રભુ, ક્યારે પાવન કરશો ?**
**મૃત્યુ આવીને ઊભું, સામે કિનારે રે...**

**દશરથજીના દીકરા ને કૌશલ્યના જાયા,**
**સીતાજીના સ્વામી રામ, ભક્તજનોને પ્યારા,**
**અયોધ્યાના નાથ મારી, ભાળ લેવા આવે રે...**

**શબરી ઉપર મહેર કરીને રામે દર્શન દીધાં**
**એઠાં જૂઠાં બોર રામે, પ્રેમે આરોગ્યાં**
**નવધા ભક્તિ દઈને રામે વૈકુંઠે પહોંચાડ્યા રે...**
**મારી ઝૂંપડીએ રામ ક્યારે પધારે... ?**





વર્ષો પૂર્વે ઉપલેટાના શ્રીરામ ધૂન મંડળમાં ગવાતું આ પદ પછી તો હું પણ છોટુભગત-બચુકાકાના સ્વર પગલે પગલે શીખી ગયો. લીંબડી ખાતેની પૂ.મોરારિબાપુની શ્રીરામકથાનું હું ટી.વી. ચેનલ દ્વારા શ્રવણપાન કરતો હતો ત્યારે જ અચાનક મને આ પદનું સ્મરણ થયું અને મારા હૈયાને થયું કે લાવ, આ વખતની રામનવમી નિમિત્તે મારા 'આચમન'ના ભાવકોને આ એક ભુલાઈ ગયેલી પદ રચનાથી પરિચિત કરાવું. આ જૂનું પદ હવે તો ભાગ્યે જ ક્યાંક સાંભળવા મળે છે. કોઈ કાવ્ય સંગીત-ભજન-પદ-પ્રેમી ભાવક આ પદ સાંભળવા ઈચ્છે તો મને અડધી રાતેય સાદ પાડજો. સંભળાવીશ, કેમકે વ્યાવસાયિક ધોરણે પ્રગટતા ઓડિયો-વિડિયો આલ્બમોમાં તમને ક્યાંય કરતાં ક્યાંય આ પદ સાંભળવા નહિ મળે ! આપણી લુપ્ત થતી જતી આવી પદપરંપરાને આપણે સંભાળીએ, સાંભળીએ અને પરમકૃપાળુ પરમાત્મા શ્રીરામને આપણે સૌ ભાવથી વીનવીએ કે, હે પ્રભુ રામ, અમારા અંતરમાં આવી વસો. શ્રીરામચંદ્ર ભગવાન કી જય...

**અંજલિ :**
**પંથ ભૂલેલા પથિકનો એ સાચો છે વિશ્રામ**
**શ્રીરામ જય રામ જય જય રામ...**
**અધમ ઉદ્ધારણ પતિત પાવન, મહામંગલમય નામ**
**શ્રીરામ જય રામ જય જય રામ...**
**શ્વાસે શ્વાસે સ્મરણ કરતાં, નહિ બેસે કંઈ દામ**
**શ્રીરામ જય રામ જય જય રામ...**

# હું તો ત્રિશલાનંદન કેરી ભક્તિ રે કરું...

સમગ્ર વિશ્વને 'અહિંસા પરમો ધર્મ'નો દિવ્ય સંદેશ આપનાર ભગવાન મહાવીર સ્વામીનો આજે અવતરણ દિન. મહાન આત્માઓ કોઈ વિશેષ કાર્ય માટે જ આ પૃથ્વી ઉપર અવતાર ધરીને આવતા હોય છે. આપણે પામર માનવીઓ જન્મીએ છીએ જ્યારે પરમઆત્માઓ અવતરિત થતા હોય છે. માનવ અને મહામાનવમાં આટલો જ ફરક હોય છે. આજે આખ્ખુંય વિશ્વ ભિન્ન-ભિન્ન પ્રકારની હિંસાત્મક ક્રિયાઓ-કાંડોમાંથી પસાર થઈ રહ્યું છે. માનવ હવે ખરા અર્થમાં માનવ નથી જણાતો. એની માનવતા દિન-પ્રતિદિન મહાત થતી જાય છે અને જીવદયા માટેનો ભાવ ક્ષીણ થતો જાય છે એવા કપરા કાળની વચ્ચે મહાવીર સ્વામીનું જીવનદર્શન દરેકે દરેક માણસે આત્મસાત કરવું પડશે. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'નો એ દિવ્ય ભાવ પણ આપણે કેળવીએ તો આંતરજગત અને બાહ્યજગત બન્નેને શાંતિ અને પ્રસન્નતા મળે. આ બ્રહ્માંડમાં શ્વાસ લેતા સર્વ નાના-મોટા જીવાત્માઓને જીવવાનો અધિકાર છે. અરે, વૃક્ષ-પર્ણ, પુષ્પમાં પણ જીવંત ધબકાર છે. એ સૃષ્ટિ હશે તો જ આપણી આ માનવસૃષ્ટિ ટકશે, અન્યથા જે ગતિથી આ પૃથ્વી, પાણી, આકાશ, વાયુ અને અગ્નિ પ્રદૂષિત થઈ રહ્યાં છે એમાં માનવવિનાશના અગમ ભણકારા સંભળાઈ રહ્યાં છે.

આજના આ મંગલમય દિવસે આપણને સુંદર અને સાત્ત્વિક જીવનની પ્રેરણા આપે એવી પ્રાર્થના આપણે મહાવીર સ્વામીના ચરણોમાં કરીએ. થોડાક સમય પહેલાં મુંબઈમાં એક સુંદર નાટ્યપ્રયોગ પ્રદર્શિત થયો. મુંબઈના દિનેશભાઈ મોદીની પ્રેરણાથી જાણીતા નાટ્યનિર્માતા રાજેન્દ્ર બુટાલા દ્વારા દિગ્દર્શક કમલેશ મોતાના નિદર્શનમાં 'મૃત્યુંજય' નાટક નિર્મિત થયેલું. આ નાટકમાં આઠ ગીતો પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. જેમાં પાંચ રચનાઓ મુંબઈના જ કવિ સુરેન ઠાકર 'મેહુલ'ની અને





બે રચનાઓ શ્રીમદ્ રાજચંદ્રજી તથા આચાર્ય લબ્ધિસૂરિજી મહારાજ દ્વારા લખવામાં આવી છે અને એક રચના પરંપરાગત છે. આ નાટકનું સંગીત સુરેશ જોશી દ્વારા તૈયાર કરાયું હતું. 'મૃત્યુંજય' નાટકનાં ગીતો સાંભળતાં-સાંભળતાં મને આપણી જૂની રંગભૂમિનાં નાટકોનાં ગીતોનું સ્મરણ થઈ આવ્યું. જો કે મને પોતાને એ જૂની રંગભૂમિનાં નાટ્યગીતોનો પ્રત્યક્ષ લાભ નથી મળ્યો. પણ ગુજરાતી કાવ્યસંગીતની લોહીઝાણ અભિરુચિને કારણે મને નાટ્યસંગીત-નાટ્યગીતોમાં પણ રસ પડ્યો છે અને મારા જન્મ પૂર્વેના એ રંગભૂમિનાં ગીતો મેળવવાનો પુરુષાર્થ કરતો રહું છું. અગાઉના દેશી સમાજના નાટકોમાં આજની ફિલ્મો કરતાં પણ વધારે ગીતો હતાં અને માસ્ટર અશરફખાઁ જેવા અભિનેતાઓ રંગભૂમિ ઉપરથી માઈક્રોફોન વગર એ ગીતો પ્રસ્તુત કરતા ત્યારે છ-છ, સાત-સાત 'વન્સમોર' પડતા ! જો કે હવે નવા નાટકોમાં ય ગીતોનું પ્રચલન વધ્યું છે. પણ હજુય એ જૂની રંગભૂમિનાં ગીતોનું સામર્થ્ય એમાં આવવું બાકી છે. જૂના ફિલ્મી ગીતોની જેમ જ એ જૂની રંગભૂમિનાં નાટ્યગીતો હજુ આજેય ગુજરાતી પ્રજાના હૈયામાં ચિરંજીવ છે.

'મૃત્યુંજય' નાટકનું કથાબીજ મહાવીર સ્વામીના જીવનદર્શન અને સંદેશ પર આધારિત હોઈ તેનાં ગીતોમાં પણ આ જૈનદર્શન પ્રગટે છે, પડઘાય છે. સ્વરકાર-ગાયક સુરેશ જોશીએ રેખા ત્રિવેદી, પાર્થિવ ગોહિલ, નેહા મહેતા, રવીન્દ્ર સાઠે, મૃદુલા દેસાઈ વગેરે જેવા સમર્થ ગાયકો પાસે આ ગીતો ગવડાવ્યાં છે અને પ્રત્યેક ગીતમાં એ સૌનો સ્વરપુરુષાર્થ લાજવાબ છે. ભક્તિભાવનું સ્વરસંવેદન આપણને અનુભૂત થયા વગર રહેતું નથી. નવકારમંત્ર, મંગલમ્ ભગવાન વીરો અને જૈનમ્ જયતિ શાસનમ્ વગેરે પ્રાર્થનાઓ પણ સમૂહસ્વરમાં 'મૃત્યુંજય' નાટકમાં પ્રસ્તુત થાય છે.

સંગીતકાર સુરેશ જોશીએ પોતે પણ એક રચના અહીં ગાઈ છે જે આપણા સૌરાષ્ટ્રનાં લગ્નગીતોના પરંપરિત ઢાળમાં સ્વરબદ્ધ થઈ છે. એ રચના તો સાંભળવા જેવી છે જ પણ આજના આ મહાવીરજયંતીના મંગલકારી પર્વે રેખા ત્રિવેદીએ અને સમૂહસ્વરોએ ગાયેલું આ ભક્તિપદ આપણે સૌ સહ-આચમનીએઃ

**કે હું તો વીર પ્રભુ કેરા ચરણે લળું,**
**કે હું તો ત્રિશલાનંદન કેરી ભક્તિ રે કરું,**
**કે ભક્તિ કરવાની મને નેહ રે લાગી હો, પ્રભુજી,**
**ગુણલા ગાવાની મને મોજ રે પડી...**

**સત્ય, અહિંસા વળી બ્રહ્મચર્ય અસ્તેય,**
**અપરિગ્રહ કેરા બોધે પંચતત્ત્વ સાધ્યા કે,**
**એની જીવદયા પ્રેમની સરવાણી રે સાધી**
**તેથી ભક્તિ કરવાની મને નેહ રે લાગી...**

**ભવમાં ભૂલેલા ને દિશા રે બતાવી,**
**ભવસાગર પાર કરવા બન્યા રે સુકાની,**
**કે સ્વામી શરણું લીધું ને તૃષ્ણાઓ ભાગી,**
**તેથી ગુણલા ગાવાની મને રઢ રે લાગી...**

હવે તો ભારતીય ફિલ્મોનાં નિર્માણ સાથે જ જે તે ફિલ્મનાં ગીતો પ્રજા વચ્ચે પહોંચતાં કરવામાં આવે છે. ફિલ્મ રીલીઝ થાય ત્યાં સુધીમાં તો એ ગીતો, જો ગીત-સંગીતમાં જોમ હોય અને જાનદાર હોય તો લોકોમાં પ્રિય થઈ જાય. એ રીતે આપણે ત્યાં નાટ્યગીતોનો પ્રચાર-પ્રસાર નથી થતો. દિનેશભાઈ મોદી અને રાજેન્દ્ર બુટાલાએ 'મૃત્યુંજય' નાટકના નિર્માણ પૂર્વે જ આ નાટકનાં ગીતોની ઓડિયો સીડી પ્રસ્તુત કરીને એક નૂતન કેડી કંડારી છે. સૌરાષ્ટ્ર-ગુજરાતના નાટ્ય-કાવ્ય-સંગીત-ભાવકોને 'મૃત્યુંજય' નાટકના ગીતોની ઓડિયો સીડી સહજ ઉપલબ્ધ નહીં થાય. કેમ કે વ્યાવસાયિક મ્યુઝિક સ્ટોર્સવાળા આવી 'રેર' સીડીઝ-કેસેટ્સ ભાગ્યે જ રાખતા હોય છે. મુંબઈની રંગભૂમિ ઉપરના આવા નૂતન પ્રયોગો જ આપણી કાવ્યસંગીત-નાટ્યસંગીતની પરંપરાને જીવંત રાખશે એવી સુરીલી શ્રદ્ધા મને તો છે જ. તમને ? આજની આ મહાવીરસ્વામી જન્મજયંતીની પરમ ધન્ય ક્ષણે આપણે સૌ પણ મહાપ્રભુ ત્રિશલાનંદનને ભાવથી નમીએ અને આપણી તૃષ્ણાઓનું હરણ થાય અને પ્રભુ-ગુણલા-ગાવાની આપણનેય રઢ લાગે એ હૃદયભાવના સાથે સૌને જય જિનેન્દ્ર, જય જિનેન્દ્ર.....

**અંજલિ :**

**મન મરે તો જ મળે મહાપ્રભુ**
**હામ હોય હૈયે તો આંગણ આવે પ્રભુ**
**વિષ ઉતારે જીવતરનું એવું ઝીણેરું**
**રમત રમાડે રૂડી સદૈવ મહાપ્રભુ**





# 'પુત્રી જન્મનાં વધામણાં'નું અદેકરું અજવાળું રેલતું સાંઈ મકરંદ દવેનું એક ગીત

આજકાલ શુભલગ્નોની મોસમ પુરબહારમાં ખીલી છે અને એ નિમિત્તે ઘણાય-મોટાભાગના સંગીતપ્રેમી પરિવારોને ત્યાં ગીત-સંગીતના કાર્યક્રમો યોજાતા રહે છે અને તેમાં જે તે સમગ્ર પરિવાર આનંદના હિલોળમાં ઝૂમે છે. દીકરા કે દીકરીનાં લગ્નોનો હરખ સૌનાં હૈયાંને પ્રસન્ન કરે છે. વિશેષતઃ દીકરીનાં લગ્ન સમયે એક આંખમાં હરખ હોય તો બીજી આંખમાં વ્હાલસોયી લાડકી દીકરીની વિદાયની ગમગીન છવાતી હોય છે. પણ આધુનિકતાની લ્હાયમાં આજકાલ તો દીકરીના જન્મ પૂર્વે જ ગર્ભમાંથી જ તેને વિદાય (ભ્રૂણ હત્યા) આપી દેવામાં આવે છે. પણ દીકરી વગરનું સુખ આઠેય જનમમાં કામનું નથી. હવે તો દીકરી ખુદ દીકરાથીય વિશેષ જવાબદારીઓ વહન કરવાની ભૂમિકામાં સમર્થ-સક્ષમ થઈ ગઈ છે ત્યારે આપણા ગુજરાતી કાવ્ય સંગીતમાં પણ આદિ સમયથી આજ સુધી તેનો સૂરીલો રણકાર સંભળાય છે.

ગુજરાતી સુગમસંગીતપ્રેમીઓ માટે સ્વરકાર-ગાયક અમર ભટ્ટનું નામ અજાણ્યું ન જ હોય. વ્યવસાયે સફળ એડવોકેટ તરીકે અમદાવાદના આ કલાકાર પાસે શબ્દ અને સ્વરની ઝીણી સમજણ છે. આખો દિવસ કાયદાની અટપટી આંટી-ઘૂંટીયુક્ત નિયમાવલીઓમાં પ્રવૃત્ત આ સ્વરકાર સાંજે-રાત્રે શબ્દ અને સ્વરની ભીની ભીની સ્વરાવલિઓમાં સ્વરરત બની જાય છે.

અમર ભટ્ટ પાસે ગુજરાતી કવિતામાં રહેલું ગીતત્વ પામવાની સ્વરચાવી છે. ગીત, ગઝલ, ભજન કે પદની શબ્દાવલીઓમાં છુપાયેલા સ્વરોને તે આત્મસાત્ કરીને પોતાના સ્વરાંકનમાં એવી રીતે ઢાળે છે કે ભાવક પક્ષે કાવ્ય અને સ્વરાંકન

બન્ને ખૂલી જાય છે. સ્વરકારની સાથે પ્રભુએ આ કલાકારને સંવેદનશીલ સ્વર આપ્યો છે. અમર ભટ્ટ પોતાના કે અન્યનાં કોઈ પણ સ્વરાંકનો ગાય છે ત્યારે એમાં એ ડૂબી જાય છે. આ સ્વરકાર-ગાયકને સાંભળવા એ જીવનનો સુરીલો લહાવો છે. 'મધુવન'ના કાવ્ય સંગીત પ્રેમીઓ-ભાવકો માટે આજે સાંઈ કવિ મકરંદ દવેનું એક હૃદયસ્પર્શી ગીત માણીએ. ગાર્ગી વોરા (રાજકોટ), અમર ભટ્ટની સાથે સમૂહ સ્વરમાં આ ઉત્તમ સ્વરાંકન આપણને કવિ બોટાદકરની વિશ્વપ્રસિધ્ધ ગેયરચના 'જનની ની જોડ સખી નહીં જડે રે લોલ'ની ભાવસૃષ્ટિમાં લઈ જાય છે. 'પુત્રી જન્મનાં વધામણાં' જેવું આજના સમયને માટે અત્યંત સમજવા યોગ્ય શીર્ષકવાળું આ ગીત આજે અત્યંત પ્રસ્તુત અને આવશ્યક છે. સાંભળો-ગાઓ :

**પ્રભુએ બંધાવ્યું મારું પારણું રે લોલ,**
**પારણીએ ઝૂલે ઝીણી જ્યોત રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

**નભથી પધારી મારી તારલી રે લોલ,**
**અંગે તે વ્હાલ ઓતપ્રોત રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

**લેજો રે લોક એનાં વારણાં રે લોલ,**
**પુત્રી તો આપણી પુનાઈ રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

**ઓસરિયે, આંગણિયે, ચોકમાં રે લોલ,**
**વેણીના ફૂલની વધાઈ રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

**ગૌરીનાં ગીતની એ ગુલછડી રે લોલ,**
**દુર્ગાના કંઠનો હુંકાર રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

**બાપુની ઢાલ બને દીકરો રે લોલ,**
**કન્યા તો તેજની કટાર રે,**





**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

**ઊગમણે પ્હોર રતન આંખનું રે લોલ,**
**આથમણી સાંજે અજવાસ રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

**રમતી રાખો રે એની રાગિણી રે લોલ,**
**આભથી ઊંચેરો એનો રાસ રે,**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

સાંઈ મકરંદજીની શબ્દસંવેદનાને સમુચિત સ્વરન્યાય આપવા માટે અમર ભટ્ટ (૯૮૨૫૦-૬૬૧૫૯)ને 'મધુવન'ના સૌ ભાવકો સમેત હૃદયાભિનંદન. આ સ્વરકાર ગાયકના અન્ય મબલખ સ્વરાંકનો વિશે 'મધુવન'માં જ ક્યારેક શબ્દ સ્વરનો રાસ રચીશું. ખરુંને ?

**અંજલિ :**
**અમૃત દેવોનું દિવ્ય લોકમાં રે લોલ,**
**લાડલી આ લાવી ઘેર ઘેર રે**
**સરખા સૌ હેત એને સિંચજો રે લોલ,**
**લીલાં સપનાંની લીલા લ્હેર રે**
**અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.**

# ધૂળિયો મારગ આંખમાં ઊભરાય

સાંઈ કવિ મકરંદ દવે આપણી ગુજરાતી ગીતકવિતાનું ગૌરીશિખર છે. 'ગમતાંનો કરીએ ગુલાલ'ના કવિ તરીકે અત્યંત પ્રસિદ્ધ કવિ મકરંદભાઈના કેટલાંય ગીતો આજેય ગુર્જર પ્રજાના કંઠે અને હૈયે વસેલાં છે. કવિ કદીય મૃત્યુ પામતો જ નથી. એ તો એના શબ્દો થકી સતત પ્રજાના હૈયા સિંહાસને આરૂઢ હોય છે.

'ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીએ, ને ગમતાંનો કરીએ ગુલાલ.'

એ ગીત આજે તો ગુજરાતી પ્રજાના ચિત્તમાં અને કંઠમાં કાયમી સ્થિર થઈ ગયું છે, પણ સાંઈ કવિનું અન્ય એક ગીત, જે પચાસ વર્ષ પૂર્વે (તા. ૧૬-૦૮-૧૯૫૬) લખાયું છે, પણ એ ગીત આજના સંદર્ભે આજે પણ કેટલું પ્રસ્તુત છે ! વેધક, માર્મિક અને ચોટદાર અભિવ્યક્તિના આ ગીતનું આજે આચમન કરવાનું - કરાવવાનું મન થયું છે, સાંભળો :

**કોણે કીધું ગરીબ છીએ ! કોણે કીધું રાંક ?**
**કાં ભૂલી જા મન રે, ભોળા ! આપણા જુદા આંક.**
**થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,**
**એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?**
**ઉપરવાળી બેન્ક બેઠી છે આપણી માલંમાલ.**
**આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ,**
**ધૂળિયે મારગ કૈંક મળે જો, આપણા જેવો સાથ,**
**સુખ-દુઃખોની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.**
**સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત;**





**દોઢિયાં માટે દોડતાં એમાં, જીવતાં જોને પ્રેત !**
**માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ;**
**નોટને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ !**

કેટલીક ગીતરચનાઓ જ એવી પ્રગટતી હોય છે જે આપણને વિચારતા કરી મૂકે. આમેય આજ-કાલ વિચારક્ષેત્રે સમાજમાં અને આપણા સૌમાં ઘણી ઓટ આવી છે. કવિનું આ 'ધૂળિયે મારગ' ગીત પણ આપણી અંદર વિચારની એક ઝીણી ચિનગારી ચાંપી જાય એવું છે. પ્રકૃતિથી વિમુખ થતાં જતાં આપણે પૈસા પાછળની એવી તો લાંબી હડિયાપટી આદરી છે કે જીવવાનો 'સાચો આનંદ' આપણે ગુમાવતા જઈએ છીએ. સુખ અને પ્રસન્નતા વચ્ચેનો ભેદ પણ આપણે પામી શકતા નથી. ચલણી નોટ અને સિક્કા (જો કે હવે તો સિક્કાનું ય ક્યાં કશું ય ઊપજે છે !)નું એવું તો જબરું સામ્રાજ્ય આપણી આસપાસ છવાયું છે કે આપણને આપણી સાચી ઓળખ જ નથી મળતી. ભૌતિકતાની ભુલભુલામણીમાં, આપણી આજુબાજુ જ પડેલી નાની-નાની પ્રસન્નતાઓ આપણે પકડી શકતા નથી. આ પૃથ્વી ઉપર કોઈ ગરીબ નથી. કોઈ રાંક નથી. માત્ર આપણી ગણતરીના આંક બદલાયા છે. પણ 'જુદા આંકે' ચાલીને જીવીએ તો આપણું મન મસ્ત થઈ જાય. અહીં સૌ અમીર જ છે પણ આ અમીરાઈનું ખમીર આપણી અંદર જ છે. અંદરની અમીરાઈ પામી શકે એ જ ખરો માનવી.

સાંઈ કવિ મકરંદજી કેવી તો સાદી રીતે-સહજ બાનીમાં કહી દે છે કે, આપણી પાસે સિક્કાઓ અને નોટ ન હોય તેથી કશું બગડી જતું નથી ! એમાં કોઈ ખોટ પણ નથી. પણ 'ઉપરવાળી બેન્ક' ઉપર આપણને ભરોસો, વિશ્વાસ, શ્રદ્ધા, ઈતબાર નથી. આપણે સૌ આવતીકાલની ચિંતામાં એવા તો ભુરાયા થઈને ભટકીએ છીએ કે આપણને સાચો મારગ જ સૂઝતો નથી. કવિના મત મુજબ જો આપણે જીવાતા જીવનની સાંપ્રત ક્ષણને જ કેન્દ્રમાં રાખીને જીવીએ તો કોઈ તકલીફ જ નથી. કાલની વાતો કાલ ઉપર જ છોડીને આજની પળને જ જીવતાં-વધાવતાં શીખીએ.

'ધૂળિયે મારગ' કાવ્યનું, ગીતનું શીર્ષક પણ કેટલું સાચુકલું છે ! અર્થ અને ઔચિત્યપૂર્ણ છે ! પણ ડામર, સિમેન્ટ અને કાર્પેટો ઉપર દોડતાં, આપણે, ધૂળિયો મારગ તો ક્યાંય પાછળ છોડી દીધો છે. ધૂળિયા મારગના દિવસોય આપણને ક્યાં

યાદ છે ? આપણે તો આ સીમેન્ટાળ જંગલોમાં અહીં-તહીં ભટકીને ધૂળિયા મારગની મોજ ગુમાવી દીધી છે.

અહીં 'હેતુ' વગર હવે તો કોઈ 'હેત' પણ ક્યાં કરે છે ? સોનાની (ભૌતિકતાની) સાંકડી ગલીમાં આપણે જાણે કે દોઢિયા-રૂપિયા માટે 'જીવતાં ભૂત-પ્રેત'ની જેમ દોડાદોડી કરીએ છીએ. આજે માનવીને જોઈને કોઈ બીજા માનવીને તેના માટે અમથું અમથું વહાલ ઊભરાય એવા વાતાવરણની તાતી જરૂર છે. જો હજુય આપણે 'સાચા માણસ' બનીને અન્ય માણસને સ્વાર્થ વગર, કારણ વગર પ્રેમ કરીશું તો જ દુનિયા જીવવા જેવી લાગશે. માટે જ સાંઈ કવિ આપણને ચીસ પાડીને કહે છે કે આ નોટું અને સિક્કા નદીમાં નાખો અને ભૂલાઈ ગયેલો, આપણે હાથે કરીને ખોઈ બેસેલો પેલો ધૂળિયો મારગ આપણને સાદ પાડીને પાછો બોલાવે છે તો એનો સાદ વહેલાસર સાંભળીએ.

કવિ મકરંદભાઈનું આ અડધી સદી પૂર્વે લખાયેલું ગીત આપણા સૌરાષ્ટ્રના (હાલ મુંબઈ) સુગમ સંગીતકાર - ગાયક સુરેશ જોશીના ઘેઘૂર-સુરીલા કાંઠે સાંભળીએ ત્યારે આ ધૂળિયો મારગ આંખમાં છલકાઈને ઉભરાઈ જતો અનુભવાય છે.

સુરેશ જોશીએ એમના જન્મ પૂર્વેની આ ગીત રચનાનું સ્વરાંકન કરીને, સ્વરકાર તરીકેનો ઉત્તમ પરિચય આપ્યો છે. કોઈ સ્વરકાર પોતાના જન્મ પૂર્વેની રચનામાં પ્રવેશીને એ શબ્દોને આત્મસાત કરીને એને સ્વરદેહ-કંઠદેહ આપે એ પણ એ એક વિશિષ્ટ ઘટના છે.

આજે તો ઘણી વખત કવિતા અને સંગીતના ઘોંઘાટોમાં સપડાતા હોઈએ છીએ ત્યારે 'ધૂળિયે મારગ' જેવી સાચુકલી કવિતાનો શબ્દ-સ્વર પામીએ અને કવિ મકરંદભાઈના અવાજને સાંભળીએ અને એકબીજાની સાથે બાથમાં બાથ ભીડીને, એકબીજાનાં દુઃખ-સુખની વાતો કરતાં ચાલો, આપણે સૌ પણ ફરીથી પે'લા ધૂળિયા મારગને મળવા હડી કાઢીએ.....





## સાંભળો : ભાષા જીવશે ત્યાં સુધી જીવતું રહેશે આ ગીત !

ક્યારેક ક્યારેક નહીં પણ ઘણી-ઘણી વખત વિચારો આવે છે કે આ આપણી ભાષાની ઉત્તમ કૃતિઓ અને ઉત્તમ સંગીત ન હોત તો ? આપણું શું થાત ? જવાબ તો ક્યારેય નથી જડ્યો ! પણ જ્યારે જ્યારે આવા વિચારોનાં વમળો ઊમટે છે ત્યારે ત્યારે રૂંવાડે રૂંવાડે એક મોટુંમસ લખલખું આવી જાય છે અને આંખે અંધારાં પણ આવી જાય છે ! ખેર, આજે ગુજરાતી ભાષાના, થોડાક ભુલાઈ ગયેલા એવા એક કવિ પ્રિયકાન્ત મણિયારના એક અત્યંત જાણીતા ગીતની વાત 'આચમન'માં કરવી છે. આ કવિએ જે ગીતો લખ્યાં છે તે તો ગુજરાતી ગીત સાહિત્યમાં અપૂર્વ છે જ. પણ એમનું એક ગીત આજે તો એટલું બધું પ્રચલિત છે કે ઘણા ભાવકોને આ ગીતની ખબર છે ! પણ એ ગીતના કવિની ખબર નથી ! મારી દૃષ્ટિએ તો આપણી ભાષા જ્યાં સુધી જીવશે ત્યાં સુધી જીવતું અને ગવાતું રહેશે એવું આ ગીત છે. યુવક મહોત્સવો કે સુગમ સંગીતની સ્પર્ધાઓમાં કોઈ નવોદિત ગાયક-ગાયિકાને પ્રસ્તુત કરવામાં, પ્રમાણમાં 'સહેલું' એવું આ ગીતનું, આપણા જાણીતા સ્વરસાધક-ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાયે સુંદર સ્વરાંકન કર્યું છે. સ્વરાંકનની સરળતાને કારણે જે કદાચ નવોદિત ગાયકો, સ્પર્ધામાં પ્રથમ વખત ગાવા માટે આ ગીતની પસંદગી કરતાં હશે. ભાવકો, આપણા ગીત કવિ શ્રી પ્રિયકાન્ત મણિયારનું એ ખૂબ જ સુ-પ્રસિદ્ધ ગીત એટલે :

**આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે,**
**આ સરવર જલ તે કાનજી ને પોયણી તે રાધા રે,**
**આ બાગ ખીલ્યો તે કાનજી ને લ્હેરી જતી તે રાધા રે,**
**આ પરવત-શિખર તે કાનજી ને કેડી ચડે તે રાધા રે,**

**આ ચાલ્યાં ચરણ તે કાનજી ને પગલી પડે તે રાધા રે,**
**આ કેશ ગૂંથ્યા તે કાનજી ને સેંથી પૂરી તે રાધા રે,**
**આ દીપ જલે તે કાનજી ને આરતી તે રાધા રે,**
**આ લોચન મારાં કાનજી ને નજરું જુએ તે રાધા રે !**

જોયું ! કેવું સ-ર-સ છે આ ગીત ! કોઈપણ ગાઈ શકે એવા સરળ ઢાળમાં ઢળાયેલું છે આ ગીત. 'કંઠે ગુલમોરનો ઠાઠ' એ નામની ધ્વનિમુદ્રિત કેસેટમાં સુગમ સંગીતના સુ-પ્રસિદ્ધ ગાયિકા શ્રી હંસા દવેના સુરીલા કંઠમાં આ ગીત આપણને સાંભળવા મળે છે, એટલું જ નહીં પણ હવે તો સુગમ સંગીતના કાર્યક્રમોમાં પણ જો આ ગીત પ્રસ્તુત કરવામાં ન આવે તો એ કાર્યક્રમ અધૂરો ગણાય ! અને ભાવકો જ આ ગીતની 'ફરમાઈશ' કરતા હોય છે. જો કે ગવાતી ગુજરાતી કવિતાના વિકાસ માટે કે કાવ્ય સંગીતની પ્રવૃત્તિને ગુજરાતની પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચાડવા માટે, ગુજરાતના ખૂણે-ખૂણે અને જે વિસ્તાર-પ્રદેશમાં ગુજરાતી કાવ્ય સંગીતનાં આયોજનો પ્રથમ વખત યોજાતાં હોય ત્યાં ત્યાં આવી પ્રસિદ્ધ રચનાઓ જ ભાવકોને સંભળાવવી જોઈએ કે જેથી ગુજરાતી ભાવક આવી રચનાઓ સાંભળવા/વાંચવા માટે પ્રેરાય.

પ્રિયકાન્ત મણિયારનું અત્યંત પ્રચલિત એવું ગીત રાધા-કૃષ્ણનાં ઐકયને કેવું તો રસપૂર્વક આલેખે છે કે ગાતાં-ગાતાં આપણે પોતે પણ કૃષ્ણ-રાધામય બની જઈએ છીએ. નભ-ચાંદની, સરવરજળ-પોયણી, બાગ-લ્હેરી, પર્વત-કેડી, ચરણ-પગલી, કેશ-સેંથી, દીપ-આરતી અન લોચન-નજરું આવા અદ્વૈતનો અહીં કવિએ અદ્‌ભુત સંગમ રચી આપ્યો છે : અર્થાત્ પ્રકૃતિના પદાર્થોમાં કે જીવાતા જીવનના જૈવિક પદાર્થોમાં સઘળે, જ્યાં જુઓ ત્યાં આ રાધા-કૃષ્ણનું ઐકય આપણને અનુભવવા મળે તો આપણું જીવન મંગલમય અને ધન્ય બની જાય.

ગીતની પ્રથમપંક્તિ 'આ નભ ઝૂક્યું તે કાનજી, ને ચાંદની તે રાધા રે.....' આ ગીત આપણને સંમોહી લે છે. મુખ્યગાયક આ ગીતની પ્રથમ પંક્તિનો સ્વર છેડે અને પાછળ, તરત ને તરત સમૂહવૃંદ એ પંક્તિઓને ઝીલે ત્યારે આપણા ઘટ ઘટમાં આ ગીતનો નાદ ફરી વળે છે. એક ઉત્તમ કાવ્ય જ્યારે એના ઉત્તમ સ્વરાંકન અને ઉત્કૃષ્ટ ગાયકી દ્વારા આપણા સુધી પહોંચે ત્યારે 'ભાવન'નું એક સુંદર વર્તુળ પૂર્ણ થતું હોય એવું અનુભવાય છે.





સમર્થ સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાય એટલે ગુજરાતી કાવ્યસંગીતના ભીષ્મ પિતામહ. ગવાતી ગુજરાતી કવિતાના હિમાલયનું ઉત્તુંગ શિખર એટલે પુરુષોત્તમ ઉપાધ્યાય એમ કહું - લખું તો પણ એ અતિશયોક્તિ નહીં ગણાય ! પુરુષોત્તમ ઉપાધ્યાય અને હંસા દવેએ આપણી ગરવી ગુજરાતી કવિતાને સમગ્ર દુનિયાના ખૂણે ખૂણે બેઠેલા ગુજરાતી-બિનગુજરાતી ભાવકો-ચાહકો સુધી પહોંચાડી છે. આજે પણ ગુજરાતી કવિતાને જનજન સુધી પહોંચાડવા માટે સતત ચિંતિત પુરુષોત્તમ ઉપાધ્યાય નાદુરસ્ત સ્વાસ્થ્ય છતાંય, ડોક્ટરોની માનઈ હોય તો પણ 'સુગમ સંગીતનો ગોવર્ધન' ઊંચકવા માટે એ સદૈવ અગ્રેસર જ હોય છે ! આવા શબ્દમર્મી અને સ્વરધર્મી એવા સ્વરકાર ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાયને સાંભળવા એ જીવનનો એક અદ્‌ભુત અલૌકિક લહાવો છે. આવા લહાવા અમે તો અસંખ્ય વાર લૂંટયા છે ! સંચાર-માધ્યમોની સગવડો થકી આજે તો ધ્વનિમુદ્રિત એવી અસંખ્ય કેસેટસ્ અને સીડીઝમાં પણ આ સ્વરકારનાં સ્વરાંકનો હવે તો સહજ પ્રાપ્ય છે. પણ આજે જ્યારે ચોતરફ ગીત-સંગીતની પ્રવૃત્તિના નામે નર્યો 'ઘોંઘાટ પ્રસાદ' જ આપણી આસપાસ ઠલવાઈ રહ્યો છે ત્યારે ગુજરાતી ભાષાનાં અસ્તિત્વ માટે આપણે સૌએ જાગ્રત અને ચિંતિત રહેવું પડશે ! પણ મને શ્રદ્ધા છે કે આપણી પાસે પ્રિયકાન્ત મણિયાર જેવા કેટલાય કવિઓએ પોતાના લોહીથી સિંચેલા આ ગુજરાતી કવિતાના છોડને આપણો 'કાનજી' ભાષાના બાગમાં એનાં રખોપાં કરશે અને રાધા લ્હેરખી બનીને એને પંપાળશે, એને જીવાડશે. તો આવું નાજુક - નમણું ગીત સાંભળીને હે, ભાવકો ! તમે પણ સાથે સાથે તમારો 'સૂર મિલાવી'ને ગાઓ કે 'આ કર્ણપટલ (કાન) તે કાનજી, ને સૂર સંભળાય તે રાધા રે.....'

**અંજલિ :**

**કેમ આજે નારાજ છે સાજન ?**
**જાણે સઘળું તારાજ છે સાજન**
**મારે મારું ક્યાં કશુંય છે સાજન !**
**સઘળી રાત, દિન સઘળા તારા જ છે સાજન !**

# સાચો ધબકાર, સાચો શણગાર અને સાચો રણકાર એટલે, મીરાં

કોઈપણ કાવ્ય જ્યારે તેનાં સ્વરાંકન થકી કાન દ્વારા આપણા અંતરનાં અસ્તિત્વ સુધી પહોંચે છે ત્યારે તે કાવ્યની તેમાં પ્રયોજાયેલા શબ્દોની કેટકેટલી અર્થછાયાઓ આપણી અંદરના હોવાપણાને જાગ્રત કરે છે, બેડો પાર કરે છે. ત્યારે સુખથી ય વિશેષ આનંદ અને પારાવાર પ્રસન્નતા મળતી હોય છે. કોઈપણ ભાષાની લયાત્મક કવિતાને જો સાચ્ચેસાચ પામવી હોય તો તેની સ્વરબદ્ધતા દ્વારા, સૂરતાલ-લયના માધ્યમે જ વધુ સારી રીતે પામી શકાય છે. મધ્યકાળના અસંખ્ય કવિઓની કવિતાઓ આનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે.

મધ્યયુગીન કવિઓને યાદ કરીએ ત્યારે તરત જ સ્મૃતિમાં-હૈયામાં ઝળહળી જતું એક નામ યાદ આવે, એ નામ એટલે મીરાં. (મીરાંબાઈ) ખરે જ મીરાંનો શબ્દ વૈભવ આજે પણ તેના નાદવૈભવ થકી જ આપણી આસપાસ અકબંધ છે. આ મીરાંનો અર્વાચીન યુગમાં સતત સાક્ષાત્કાર કરનાર કોઈ કવિ હોય તો તે આપણા વહાલસોયા કવિ શ્રી રમેશ પારેખ છે. બીજા ઘણા કવિઓએ પણ મીરાંમય રચનાઓ આપી છે. તેમાં આપણી ભાષાના સમર્થક સર્જક (પદ્ય-ગદ્ય બન્નેમાં) કવિ શ્રી ભગવતીકુમાર શર્માનું આવું જ એક મીરાં કાવ્ય આપણે આજે 'આચમન'માં આચમનવું છે. આ રચનાનું સ્વરાંકન મુંબઈના, ઓછા જાણીતા સ્વરકાર શ્રી ઉદયન મારુએ કર્યું છે અને ઉત્તમોત્તમ સ્વરાંકન છે. આ સ્વરાંકનના સ્વરો જ એટલા બધા ભાવમય અને મીરાંમય છે કે આપણને સતત - સતત એ ગણગણ્યા કરવાનું જ મન થયા કરે એવું સુંદર - શ્રેષ્ઠ સ્વરાંકન છે.

તાજેતરમાં જ ભવન્સ કલ્ચરલ સેન્ટર - અંધેરી (મુંબઈ) દ્વારા યોજાયેલ



શબ્દસૂરના સાથિયા

ગુજરાતી સ્વરકાર સંમેલનમાં પ્રતિભાવંત ગાયક શ્રી આલાપ દેસાઈ (શ્રી આશિત-હેમા દેસાઈના સૂરમય પુત્ર) એ હૈયાના ઉત્તમોત્તમ ભાવ સાથે આ ગીત - સ્વરાંકન પ્રસ્તુત કરીને શ્રોતાઓની દાદ મેળવી હતી અને સ્વરકાર શ્રી ઉદયન મારુના આ સ્વરાંકનને અત્યંત યોગ્ય અને ઉત્તમ સ્વર ન્યાય આપ્યો હતો. સ્વરકારે આ ગીતમાં સૂરની એવી તો ઝીણી ઝીણી ખૂબીઓ મૂકી છે કે એ આખું સ્વરાંકન સાંભળતાં જ આપણું હૈયું પણ મીરાંના ઘૂંઘરુની જેમ ઝૂમી ઊઠે. એ ગીત અને એના સ્વરાંકન વિશે વધુ વાતો કરીએ તે પહેલાં ચાલો, આપણે સૌ કવિ શ્રી ભગવતીકુમાર શર્માની આ મીરાંમય શબ્દરચનાને માણીએ :

**આ પા મેવાડ અને ઓલી પા દ્વારિકા**
**વચ્ચે સૂનકાર નામ મીરાં**
**રણકી રણકીને કરે ખાલીપો વેગળો,**
**હરિનાં તે નામનાં મંજીરાં**
**બાજે રણકાર નામ મીરાં,**
**મીરાંના તંબૂરના સૂરે સૂરેથી વહે**
**ગેરુવા તે રંગનો વૈરાગ,**
**ભગવું તે ઓઢણું, ઓઢ્યું મીરાંએ**
**કીધાં જરકશી ચૂંદડીના લીરા !**
**સાચો શણગાર નામ મીરાં**
**રણને ત્યજીને એક નીસરે રે શગ**
**એને દરિયે શમાવાના કોડ**
**રાણાએ વિષનો પ્યાલો ભેજયો**
**એને સમરી લીધા શ્રી રણછોડ**
**ઝળહળમાં ઝળહળનો એવો સમાસ**
**જાણે કુંદનની વીંટીમાં હીરા !**
**જીવતો ધબકાર નામ મીરાં.**

સુરત નિવાસી કવિ શ્રી ભગવતીભાઈએ આ ગીતમાં રાજસ્થાન અને સૌરાષ્ટ્રને મીરાંના માધ્યમથી એકસૂત્રે બાંધ્યું છે. આપણી આસપાસના મેવાડ અને

દ્વારિકાની વચ્ચે મીરાં નામનો સૂનકાર - ધબકાર આપણને ઘણુંબધું સૂચવી જાય છે. મીરાંના મંજીરાનો રણકાર જો એક વખત આપણે 'સાચા અર્થમાં' પામી જઈએ તો આ જીવતરનો ખાલીપો ક્યાંય દૂર-સુદૂર હડસેલાઈ જશે. પણ રૂપિયાના રણકાર વચ્ચે એ મંગલમય મર્મનાદ કોણ જાણે ક્યારેય આપણે સાંભળીશું ?

મેવાડના મહેલની જરકશી ચૂંદડીનો ચળકતો વૈભવ એક ક્ષણનોય વિલંબ કે વિચાર કર્યા વગર મીરાં એક ઝાટકે છોડીને, એ દ્વારિકા તરફ અડવાણા પગે ચાલી નીકળે છે. મીરાં માટે તો એ ચૂંદડી, ચૂંદડી ક્યાં હતી ? એને મન તો એ માત્ર કાપડના લીરા હતા. એનો સાચો શણગાર તો માત્ર શ્યામ જ હતો. મેવાડ એટલે રણ અને સૌરાષ્ટ્ર એટલે દરિયો. ભગવતીકુમારે અહીં રણ અને દરિયાના સંદર્ભો પ્રગટાવીને ઉત્તમ કવિકર્મ, કહો કે ગીતકર્મ કર્યું છે. આપણે કૃષ્ણમય બનીએ તો જ આપણી અંદર ભીની કરુણા પ્રગટે અને તો જ હળાહળ ઝેર પણ ઝળહળ-ઝળહળ અમૃત બની જાય એમ આપણી ચેતનાને ધન્ય ધન્ય થતી અનુભવાય છે. આમ દરેક યુગની મીરાંઓને ત્રસ્ત કરવા રાણાઓ મથતા જ રહે છે. પરંતુ ક્યારેય રાણાઓ સફળ નથી રહ્યા. તેની સામે મીરાંનું વ્યક્તિત્વ પણ હંમેશ કૃષ્ણની સમર્થતામાં ઓગળતું જ રહ્યું છે. છે...ક મધ્યકાળથી પ્રારંભાયેલી અને મીરાં જેવી ભારતીય કવયિત્રી દ્વારા પુષ્ટ થયેલી અને પ્રસરેલી આ શબ્દચેતનાને, સ્વરાંકનના શ્રેષ્ઠ સ્વરોના શિખરે બેઠાંબેઠાં પામી શકાય તો પામીએ. અને તો જ આપણી અંદર પ્રજવલિત શગને આપણે દરિયામાં શમાવી શકવાની સમર્થતા પ્રાપ્ત કરી શકીશું. પણ એને માટે મીરાંની જેમ અને મીરાં જેટલું મથવું પડે ! બોલો, છે આપણી એટલી તૈયારી ?!?

**અંજલિ :**

**તને ગમું હું અને મને ગમે તું,**
**પ્રેમ તણા પદારથમાં ઓગળી ગયું 'હું'**
**હું તું અને તું હુંની વાત મૂકીને ચાલ,**
**હવે આપણે થઈ જઈએ છૂ !**





## શુભ થાઓ આ સકળ વિશ્વનું...

આજથી બે દિવસ પછી, એટલે ૨૮, ઓગસ્ટે જૈન લોકોનો વિશિષ્ટ દિવસ એટલે 'સંવત્સરી' આજે તો સમગ્ર વિશ્વના ખૂણેખૂણે વ્યાપી ગયેલ આ ધર્મ અને આ પ્રજા ગુણિયલ અને સંસ્કારમૂલક છે. પૃથ્વી પટ ઉપર એક પણ પ્રદેશ એવો નહિ હોય જ્યાં જૈન સમૂહ ન હોય ! મૈત્રીભાવ અને ક્ષમાભાવ જેવા સદ્‌ગુણોની જ સતત ખેવના કરવાની શીખ આપતો આ ધર્મ સાચા મનુષ્યનાં નિર્માણ માટે ચિંતિત છે. સાચો જૈન ક્યારેય, કોઈનેય કર્મ, વચન કે મનથી કદીય ન સંતાપે એ હંમેશાં શાતા જ આપે. શાતા આપે એ જ સાચો જૈન. સંવત્સરીના આ મંગળમય દિને આજે એક એવા જ જગપ્રસિદ્ધ ગીતની વાત કરવાનું મન છે.

ગુજરાતી સાહિત્યમાં કોઈ કવિ પોતાની એક કૃતિથી યુગો-યુગો સુધી અમર રહે એવું ભાગ્યે જ બનતું હોય છે. એમાંય જેને સાહિત્યિક દૃષ્ટિથી કે સાહિત્યકાર - લેખક - કવિની - નિસબતથી લખવાનું પ્રયોજન જ ન હોય એવા કોઈ સર્જક પાસેથી આપણને એક અત્યંત યાદગાર અને ભાવવાહી એવું ગીત મળે, કે જે આજે ય સમસ્ત જગતની ગુજરાતી પ્રજા વચ્ચે ગવાતું હોય, સંભળાતું હોય, ઝિલાતું હોય, એટલું જ નહિ પરંતુ એ ગીતનો ભાવસંદેશ જીવનમાં ઉતારવાના શુભ સંકલ્પો થતા હોય ! એ ગીતના, કવિ કે સર્જક ન કહેતાં પણ રચયિતા કહીએ તો તે છે જૈન પરંપરાના, વિશ્વ પ્રસિદ્ધ જૈન સાધુ મહારાજ સાહેબ શ્રી ચિત્રભાનુ મહારાજ. જી હા, બહુ ઓછા લોકોને (જૈનેત્તરોને) એ ખ્યાલ હશે કે ચિત્રભાનુ મહારાજે લખેલું એક ગીત આજે જૈનો અને જૈનો સિવાયના પ્રજા સમૂહોમાં વિશ્વ-પ્રસિદ્ધ છે. એટલું જ નહિ, પરંતુ આ ગીતનું સ્વરાંકન આપણા જ મલકના સંગીતકાર શ્રી કલ્યાણજી આણંદજીએ કરેલું છે. અને આ રચના એમણે આપણા

ભારતીય સંગીતના મહાન ગાયક મુકેશજી પાસે ગવડાવેલી છે.

જૈનસાધક પરંપરાના એક વિશિષ્ટ અને વિરલ સાધુ એવા ચિત્રભાનુ મહારાજે મહદંશે જૈનધર્મ સંદર્ભે જ લેખન કાર્ય કરેલું જણાય છે. એમનાં વ્યાખ્યાનો તથા જૈન અનુશાસન વિષયક પદો, રચનાઓ વગેરેમાં આ સાંપ્રદાયિક ભાવતત્ત્વ વિશેષ રીતે આલેખાયેલું જોવા મળે છે, અને એ સર્જન પણ સહજ રીતે અવતરિત થયેલું છે. કવિપદ કે મોટા લેખક - સર્જક થવાની એષણા કે મથામણ એમાં સહેજ પણ અનુભવાતી નથી જ, આવા જૈનસાધક શ્રેષ્ઠીની આ એક માત્ર રચના આજે વિશ્વપ્રસિદ્ધ છે. પણ સાંભળનારને એનો ખ્યાલ પણ નહિ હોય કે આ રચનાના રચયિતા જૈન સાધુ ચિત્રભાનુ મહારાજ છે. વાતને વધુ વળ ચડાવ્યા વગર અહીં એ રચના હું પ્રસ્તુત કરું છું. સાંભળો ! કાન-ધ્યાન દઈને સાંભળો :

**મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,**
**શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે,**

**ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,**
**એ સંતોના ચરણ કમળમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે,**

**દીન, ક્રૂરને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે,**
**કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.....**

**માર્ગભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું,**

**'ચિત્રભાનુ'ની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે,**
**વેર-ઝેરનાં પાપ ત્યજીને, મંગલગીતો એ ગાવે.....**

હે, ભાવક ! સાચ્ચે સાચ્ચું કહેજો. તમને ખબર હતી કે આ રચનાના રચયિતા જૈન સાધુ ચિત્રભાનુ મહારાજ છે ! તમે જ નહિ, હજારો, લાખો ભાવિકો એવા હશે જેમણે આ ગીત અસંખ્ય વખત સાંભળ્યું છે, પણ એના રચયિતાથી અપરિચિત જ હશે. કેમ કે ચિત્રભાનુ મહારાજ આ એક રચનાથી જ અમર થઈ ગયા. સંગીતકાર શ્રી કલ્યાણજીભાઈના અત્યંત પ્રેમાગ્રહ થકી જ ચિત્રભાનુ મહારાજે આ રચના લખી હતી. ચિત્રભાનુ મહારાજના વ્યાખ્યાનો અને ધર્મવિષયક





લેખોથી આપણા સંગીતકાર કલ્યાણભાઈ પરિચિત હશે જ અને એમને એમના શબ્દોમાં આ સાહિત્યતત્ત્વ-સ્વરતત્ત્વ અનુભવાયું હશે તેથી જ કલ્યાણજીભાઈએ ચિત્રભાનુ મહારાજને, એક વખત મુંબઈ વિહાર વખતે વિનંતિ કરી કે "મહારાજ સાહેબ, તમે એક એવી રચના લખી આપો કે જેમાં આપણા જૈન ધર્મના જીવન રહસ્યો ખૂબ સરળતાથી, સહજ રીતે સમજાઈ જાય અને તેમાં સમસ્ત દુનિયાની પ્રજા માટેનો અમૂલ્ય એવો જીવન સંદેશ હોય ! એ રચનાનું સ્વરાંકન (composition) કરીશું અને ભારતીય સંગીત ક્ષેત્રના કોઈ શ્રેષ્ઠ ગાયક પાસે આપણે એ ગીત ગવડાવીશું !" અહિં એક વાત નોંધવાનું વિશેષ મન થાય કે કલ્યાણજીભાઈ મુંબઈની મોહમયી નગરીમાં રહેતા હોવા છતાં અને ફિલ્મ દુનિયાની ઝાકઝમાળ વચ્ચે શ્વસતા હોવા છતાંય શ્રેષ્ઠ જૈન તરીકે જીવી ગયા. ચિત્રભાનુ મહારાજે એક સંગીતકારની નહિ પણ એક જૈન ભાવકની આ વિનંતી માન્ય રાખી અને પરિણામે ચિત્રભાનુ મહારાજની કલમમાંથી આપણને આવું જગપ્રસિદ્ધ એવું રૂડું ગીત મળે છે. "મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે" આ સ્તવન આજે તો એટલું બધું પ્રખ્યાત-સુખ્યાત છે કે જૈનધર્મ સિવાય પણ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક સંસ્થાઓના ભિન્ન-ભિન્ન અવસર ટાણે વ્યક્તિગત રીતે કે સમૂહ સ્વરોમાં અવારનવાર પ્રસ્તુત થાય છે.

ગીતના પ્રારંભથીજ અને પછી સમગ્ર ગીત દરમિયાન વચ્ચે-વચ્ચે વાંસળીના સૂરોની સંવાદિતા સમગ્ર ગીતના ભાવને પ્રતિકાત્મક રીતે પ્રસ્તુત કરે છે. વર્ષો પૂર્વે કલ્યાણજીભાઈએ મૂકેશના ભાવવાહી સ્વરોમાં આ ગીત ધ્વનિ મુદ્રિત કર્યું હતું. ગીતમાં મૂકેશજીની સાથે સમૂહ સ્વરોનો પણ ભાવાત્મક સથવારો સાંપડ્યો છે. એ સમયે તો એચ.એમ.વી. દ્વારા એક્સ્ટ્રા ગુજરાતી ગીતોની રેકર્ડ (તાવડી વાજામાં વગાડાતી તે) બહાર પડેલી. પછી ઓડિયો કેસેટસમાં અને હવે તો સીડીકરણના આ આધુનિક યુગમાં સીડીમાં પણ આ ગીત ઉપલબ્ધ બને છે. મૂકેશજીએ ગાયેલું એ અસલ-મૂળ ગીત, તેના મૂળ સ્વરાંકનમાં જ્યારે જ્યારે સાંભળું છું ત્યારે સંગીતકાર કલ્યાણજીભાઈ અને મૂકેશજીની સાથે ચિત્રભાનુ મહારાજને પણ ભાવભર્યા લાખ-લાખ વંદન કરું છું અને ઘણીય વખત એવા વિચારો પણ આવે કે આ એક જ કૃતિ દ્વારા કેટલા સરળ-સહજ શબ્દો દ્વારા સમગ્ર વિશ્વના કલ્યાણની અને સમસ્ત પ્રજાના શુભ માટેની પ્રાર્થના, ભલે

જૈનધર્મની છાયામાં પણ કેવી અસરકારક રીતે ચિત્રભાનુ મહારાજે વ્યક્ત કરી દીધી છે. હું તો ત્યાં સુધી કહીશ કે જ્યાં સુધી ગુજરાતી કાવ્ય સંગીત / સુગમ સંગીત ગવાશે ત્યાં સુધી સમસ્ત ગુજરાતી પ્રજાના હૈયે અને કંઠે આ ગીત યુગો યુગો સુધી ગવાતું જ રહેશે. તો આ જૈન સવંત્સરીના શુભ-મંગલમય ક્ષણે તમે પણ સૌ એક સાથે બોલો : 'જય જિનેન્દ્ર ! જય જિનેન્દ્ર !'

**અંજલિ :**

**બંધ રહેલા દિલના ખોલી દ્વાર, કહો મિચ્છામી દુક્કડમ્ !**
**અંતરના મિલાવી તારતાર, કહો મિચ્છામી દુક્કડમ્ !**
**ક્ષમા મહીં જ છુપાયો છે હા, આપણા મોક્ષનો માર્ગ !**
**સૌને સ્વજન સરીખું કરશું મિચ્છામી દુક્કડમ્ !**





# રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં.....

કાવ્યસંગીત - એટલે કે સુગમ સંગીત એ એક એવો મનભાવન-હૃદયસ્પર્શી પ્રદેશ છે કે તેમાં લખાયેલી કવિતા 'ગવાતી કવિતા' બને છે. જ્યારે કોઈપણ કવિ દ્વારા કાવ્ય લખાય પછી એ સ્વરકાર - ગાયક પાસે જાય ત્યારે એનો 'સ્વરાવતાર' થતો હોય છે. એટલે જ અહીં 'આચમન'માં કોઈપણ 'ગવાતી કવિતા' (ન ગવાતી કવિતાનુંય વળી, એક આખ્ખું - અનોખું વિશ્વ છે હોં !) વિશેની જ વાત થાય છે. વિશેષતઃ ગેયતાના માધ્યમથી લોકો સુધી પહોંચેલી પ્રચલિત - પ્રસિદ્ધ તો ક્યારેક 'આડા કાને' મુકાઈ ગયેલી કેટલીક અલ્પપ્રચલિત ગેયકવિતાઓની પણ અહીં વાત થતી રહે છે.

મુખ્યત્વે ગીત અને ગઝલ એ ગુજરાતી કવિતાના એવાં સ્વરૂપો છે જેમાં ગેયતત્ત્વો ભરપૂર હોય છે. જો કે ગેયતત્ત્વ વિહીન ગીતો - ગઝલો પણ ગુજરાતી સાહિત્યમાં છે. વાતનો મર્મ એટલો જ કે 'ગવાતી કવિતા' જનમાનસને કંઠસ્થ થઈ જાય છે. અરે, હૃદયસ્થ પણ થઈ જાય છે. આપણાં સુમધુર, સારાં એવાં ફિલ્મી ગીતો એનું શ્રેષ્ઠત્તમ દૃષ્ટાંત છે. ગઈકાલનાં અને આજનાં તથા આવતીકાલનાં પણ ફિલ્મી ગીતોનું પ્રભુત્વ પ્રજા ઉપર હંમેશાં - સતત રહ્યું જ છે. ભલેને સાહિત્યનો વિવેચક એને 'લોકપ્રિય' એવું નામાભિધાન કરીને, એનો સ્વીકાર ન કરીને, હાંસિયામાં ધકેલી દે ! એનાથી ગેયકાવ્યોની લોકપ્રિયતામાં સહેજેય ફરક પડતો નથી. ગુજરાતી ગઝલક્ષેત્રે પણ ભિન્ન ભિન્ન સ્વરકારો દ્વારા આપણને ગઝલનાં ઉત્તમ સ્વરાંકનો પ્રાપ્ત થયાં છે. એટલું જ નહિ, સીમાચિહ્નરૂપ કહી શકાય એ પ્રકારનાં સ્વરાંકનો એ ગુજરાતી કાવ્ય સંગીતની મોંઘેરી જણસ છે. ગુજરાતી ગઝલ વૈભવનું એક અગ્રિમ નામ એટલે - આદિલ મન્સૂરી 'આદિલ સાહેબ'ના નામે ઓળખાતા આ ગઝલશ્રેષ્ઠી વર્ષોથી ન્યૂ જર્સી - અમેરિકામાં વસવાટ કરે છે. અને

ત્યાં બેઠાં-બેઠાં પણ ગુજરાતી સાહિત્યની આપણી માતૃભાષાની ખેવના માટે સતત પ્રવૃત્ત રહે છે. અમેરિકા ગયા એ પૂર્વે આ ગઝલકાર અમદાવાદ રહેતા હતા. એમની ઘણી ગઝલોમાં આ અમદાવાદનો આત્મા ધબકે છે. 'પગરવ', 'સતત' અને 'ન્યૂયોર્ક નામે ગામ' એ એમના સુપ્રસિદ્ધ ગઝલ સંગ્રહો છે અને આ ત્રણેય ગઝલ સંગ્રહો એકસાથે સમગ્ર કવિતા (ઈ.સ. ૧૯૬૬ થી ૧૯૯૬)રૂપે પણ આજે ઉપલબ્ધ છે. પલાંઠી વાળીને કોઈ સાચો સાધુજન તપ કરે એમ આદિલ મન્સૂરીએ પણ ગઝલ સ્વરૂપની તપ-ઉપાસના કરી છે. અને એક સમર્થ ગઝલકાર તરીકે ગઈકાલે, આજે અને આવતીકાલે પણ તેમનું નામ ગઝલાકાશમાં ઝળહળે છે - ઝળહળતું રહેશે.

આવા સમર્થ ગઝલકારની એક અત્યંત પ્રસિદ્ધ અને આ ગઝલકારની આગવી ઓળખ જેવી બની ગયેલી, વતન વિદાય - વતન ઝુરાપાની એક ગઝલ 'મળે ન મળે' (સમગ્ર કવિતાનું શીર્ષક પણ 'મળે ન મળે' જ છે !) આપણને મળે છે. જેનું અત્યંત હૃદયસ્પર્શી સ્વરાંકન અને ગાન આપણાં સુગમસંગીતના 'અમિતાભ' જેવા પુરુષોત્તમ ઉપાધ્યાયે વર્ષો પૂર્વે કર્યું હતું અને એ સ્વરાંકન આજે પણ પુરુષોત્તમદાના કંઠે સાંભળીએ ત્યારે હૈયું ધબકાર ચૂકી જાય એવી તીવ્ર સંવેદના, એની સ્વરપ્રસ્તુતિમાં સતત અનુભવાય છે. જો કે મૂળ ગઝલમાં સાત શે'ર છે. જ્યારે પુરુષોત્તમભાઈએ આ ગઝલનાં પાંચ શે'રનું જ સ્વરાંકન કર્યું છે. અને મોટે ભાગે સુગમ સંગીતના કાર્યક્રમોમાં એ આ ગઝલના પાંચ જ શે'ર પ્રસ્તુત કરે છે. તો હે, આચમન ભાવક, ચાલો સૌ પ્રથમ આપણે આદિલ સાહેબની આ ગઝલને આખ્ખે આખ્ખી આપણાં અસ્તિત્વમાં ઉતારીએ, માણીએ.

**નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,**
**ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.**

**ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,**
**પછી આ માટીની ભીની અસર મળે ન મળે.**

**પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,**
**આ હસતા ચહેરા; આ મીઠી નજર મળે ન મળે.**

**ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,**
**પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.**

**રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,**
**પછી કોઈને કોઈની કબર મળે ન મળે.**





**વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,**
**ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.**

**વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ,**
**અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.**

પ્રસ્તુત સાત શેર'ની ગઝલના ત્રીજા અને ચોથા શે'રને સ્વરકારે, સ્વરાંકિત કર્યા નથી. ઈ.સ.૧૯૭૦માં 'સતત' નામના ગઝલસંગ્રહમાં આ ગઝલ પ્રાપ્ત થાય છે. અને વિશેષ વાત તો એ છે કે, આ કવિને હવે અમદાવાદ છોડીને અમેરિકા જવાનું છે તેની તીવ્ર સંવેદના પીડાના ભાવરૂપે આ આખો ગઝલ સંગ્રહ ગઝલકારે 'અમદાવાદને' જ અર્પણ કર્યો છે. પુરુષોત્તમ ઉપાધ્યાયને આ ગઝલ એટલી હદે સ્પર્શી ગઈ હશે કે એના સ્વરાંકનમાં એમણે દર્દસભર સ્વરોનો ઉત્તમ સ્વર-નિષ્કર્ષ વ્યક્ત કરી દીધો છે. 'રીધમલેસ' એવું આ સ્વારાંકન જ્યારે પુરુષોત્તમભાઈ રજૂ કરતા હોય ત્યારે હાર્મોનિયમ પર તેમની આંગળિયો જે રીતે ફરતી હોય છે અને એમાંથી પણ કારુણ્ય પ્રગટતું હોય એ ખરેખર અનુભવ અને આત્મસાત કરવાનો વિષય છે.

મંદ્ર સ્વરમાંથી ધીમે-ધીમે સ્વરો ઊંચકાય ને છેલ્લા શેર'માં જ્યારે એ તાર સ્વરોમાં પહોંચે છે, અને એ તાર સ્વરના સૂરો જ્યારે છેડાય છે ત્યારે કશું કહ્યા વગર આપણી આંખોમાંથી પણ આંસુઓ સરી પડે છે. એમાંય ''રડી લો આજ સંબંધોને વીંટળાઈ'' શબ્દમાં સ્વરકાર એવું તો ઝીણું સ્વરકર્મ કરે છે કે આપણી અંદર પણ કશુંક વીંટળાતું હોય એવા વીંટળાવવાના વળ અનુભવાય છે, જે આ સ્વરાંકનની સરવા કાને ઝીલવા જેવી ઝીણી સ્વરવાત છે. વર્ષો પૂર્વે ખુદ પુરુષોત્તમ ઉપાધ્યાયે જ પ્રસ્તુત કરેલી 'ઈર્શાદ' નામની, માત્ર ગઝલોની ઓડિયો કેસેટ આલબમમાં (જો કે હવે તો, સી.ડી. રૂપે 'ઈર્શાદ' ઉપલબ્ધ હશે જ !) આ ગઝલ જ્યારે - જ્યારે, ક્યારેક - ક્યારેક અડધી રાતે, જગત સૂઈ ગયું હોય ત્યારે, સાંભળું છું ત્યારે 'આદિલ સાહેબ' અને 'પુરુષોત્તમ સાહેબ' બન્નેને હું અડધી રાતે અશ્રુઓની સલામી અર્પું છું. એટલું જ નહિ, આ ગઝલ અને આવું હૃદયસ્પર્શી સ્વરાંકન સાંભળીને મને, હું ગુજરાતી - ભારતીય હોવાનું ગૌરવ અનુભવું છું.

**અંજલિ : હોય શું બીજું તે ખાલી હાથમાં**
**ખાલીપો ખખડે સવાલી હાથમાં**

આદિલ મન્સૂરીની અન્ય ગઝલ-જેનું સ્વરાંકન સંજીવ મુનશી (અમેરિકા)એ કર્યું છે.

# મન્ના ડે ના કંઠમાં દર્દ વહે 'મરીઝ'નું.....
# 'દુઃખદર્દ છે એવાં કે તમે પણ ન રહ્યા યાદ'

મરીઝ આ ત્રણ અક્ષરના નામમાં ગુજરાતી ગઝલોનો - દર્દીલી ગઝલોનો આખ્ખે આખ્ખો દરિયો ઘૂઘવે છે. દરિયાના જળમાં જેમ ખારાશ છે એમ મરીઝના આખાય જીવતરમાં કટુ અનુભવોની અને પ્રણય વૈફલ્યની દર્દસભર ખારાશ ભરપૂર હતી. મરીઝની મોટાભાગની ગઝલોમાંથી પસાર થતાં આપણને આ દર્દનો ઝીણો-તીણો સ્વર સંભળાય છે. ને તોય મરીઝે ક્યારેય, કદીય, કોઈનીય પાસે પોતાની વેદના ગાઈ નથી. પણ, એમણે પોતાના સ્વસંવેદનને શબ્દોના માધ્યમથી ગઝલોમાં ઢાળીને આંતરિક શાતા મેળવવાનો પ્રયાસ કર્યો છે. સતત મદ્યપાન એ દુન્યવી દૃષ્ટિએ વ્યસન લાગે પણ એ વ્યસન નહોતું, પણ જીવતર માટેનું, ગઝલ માટેનું પાથેય હતું, એમ કહેવાનું મન થાય છે. સુરતવાસી આ ધારદાર ગઝલકારનું મૂળ નામ અબ્બાસ વાસી હતું. 'મરીઝ' એમનું તખલ્લુસ હતું, ઉપનામ હતું. ગુજરાતી ગઝલોનું સામર્થ્ય આ કવિની ગઝલોમાં ખમીરવંતું છે. મરીઝ પૂર્વે કે મરીઝ કે મરીઝ પછી આપણને આવી ધારદાર-વેધક કલમ ન મળી, સરળ એવી ગઝલો ઓછી મળી છે. માત્ર બે જ કાવ્ય સંગ્રહો ('આગમન', 'નક્શા') દ્વારા આ કવિ સાહિત્યકાશમાં કાયમી ઝળહળી રહ્યો છે. મરીઝ વિશે કવિ વિવેચક ડો. સુરેશ દલાલ કહે છે 'મરીઝ એ એવા ગઝલકાર છે કે જેમની ગઝલમાં કવિતાનું ગૌરવ અને લોકપ્રિયતા, બન્ને સંપીને વસે છે. મરીઝની લાક્ષણિકતા વર્ણવી હોય, તો એમ કહી શકાય કે નરી સરળતા અને વેધકતાથી એમની ગઝલનું વ્યક્તિત્વ બંધાયું છે' હૃદયની ભાવાભિવ્યક્તિને એકદમ સહજ-સરળ શબ્દો દ્વારા ગઝલોમાં અવતારવાનું એક ભગીરથકાર્ય આ ગઝલકાર દ્વારા ઉત્કૃષ્ટ રીતે થયું છે. કારમી ગરીબાઈમાંય ગઝલના રંગોએ આ કવિને ધબકતો ધધકતો રાખ્યો છે. એટલું જ





નહિ પરંતુ કેટલાય સમકાલીનોએ અને નવોદિત કવિઓએ આ કવિની મજબૂરીનો લાભ ઉઠાવીને તેમની પાસેથી પાંચ-પાંચ રૂપિયામાં ગઝલો લખાવીને પોતાના નામે છપાવી છે. અરે, આ કવિના સન્માન માટે ભેળા થયેલા ભંડોળમાંથી પણ પૈસા ખવાઈ ગયા એ વાત સૌ જાણે છે. તોય સદાય નિજી મોજમાં જીવતા આ કવિ હસતાં-હસતાં કહેતાં ''મારા પીવાના પૈસા એ લોકો ખાઈ ગયા !'' પોતાની પ્રેયસી સમક્ષ પ્રણય એકરાર ન કરી શકનાર આ મૃદુ-ભોળા કવિએ, પછી તો આખી જિંદગી પ્રણયનું દર્દ અંદર-અંદર સહી લીધું, એ દર્દના પરિપાકરૂપે ગુજરાતી ભાષાને ઉત્તમોત્તમ ગઝલો-મુક્તકો મળ્યાં છે.

'મરીઝ'ની અસંખ્ય ગઝલો સુગેય છે. એ સમયના અને આજના પણ કેટલાય સ્વરકારો-ગાયકોએ મરીઝની ગઝલોને સ્વરદેહ આપીને સમગ્ર ગુજરાતમાં જ નહિ પણ, વિશ્વભરની ગુજરાતી પ્રજા વચ્ચે ગુંજતી કરી છે. જૂની તથા નવી પેઢીના સ્વરકારો-ગાયકોને માટે મરીઝ હૃદયસ્પર્શી-સ્વરસ્પર્શી રહ્યા છે. બિન ગુજરાતી ગાયકોએ પણ મરીઝની ગઝલોને કંઠ આપીને અમરતા બક્ષી છે. જાણીતા ગીતકાર-સંગીતકાર સ્વ. નીનુ મઝુમદારે (આજના સુ-પ્રસિધ્ધ સ્વરકાર-ગાયક ઉદય મઝુમદારના પિતા અને કૌમુદી મુનશીના પતિ) મરીઝની એક અત્યંત પ્રસિદ્ધ ગઝલનું ચિરંજીવી સ્વરાંકન કર્યું છે અને વર્ષો પૂર્વે, ફિલ્મ સંગીતના મહાન ગાયક મન્ના ડે પાસે ગવડાવીને એ ગઝલને કીર્તિવંત બનાવી છે. જાણીતી મ્યુઝીક કંપની 'એમ.એમ.વી.'એ વર્ષો પહેલાં ગુજરાતી ગઝલો-ગીતોની એક રેકર્ડ (તાવડી) બહાર પાડેલી જેમાં બિનગુજરાતી ગાયકોએ ગાયેલી ગુજરાતી રચનાઓનો અમૂલ્ય વારસો સચવાયો છે. પછી તો, 'એચ.એમ.વી.'એ જ એ રેકર્ડ પરથી ઓડિયો કેસેટ બહાર પાડેલી. જે કેસેટ એ સમયે ફક્ત સોળ રૂપિયામાં મળતી હતી. એ યાદગાર કેસેટ મારા અંગત સ્વરસંગ્રહાલયમાં આજે પણ સચવાયેલી છે. જેમાં ભારતીય ફિલ્મ સંગીતના મહાન ગાયકો-મહમ્મદ રફી, મન્ના ડે, તલતમહેમુદ, હેમંતકુમાર, ગીતા દત્ત અને મીના કપૂર જેવા ગાયકોએ ગુજરાતી ગીતો-ગઝલો ઉત્તમ રીતે ગાઈ છે અને પુરુષોત્તમ ઉપાધ્યાય, નિનુ મઝુમદાર, કેરસી મિસ્ત્રી, કિરીટ રાવળ, રમેશ ગુપ્તા જેવા સ્વરકારોએ આ ગુજરાતી રચનાઓને યાદગાર સ્વરદેહ આપ્યો છે.

મરીઝની એ જગપ્રસિદ્ધ ગઝલ જેને મન્નાડેનો સ્વર સાંપડ્યો છે, મૂળ ગઝલમાં તેર જેટલા શે'ર છે, જ્યારે સ્વરકાર નિનુ મઝુમદારે રેકર્ડની સમયમર્યાદાના બંધનને કારણે જાળવીને સ્વરબદ્ધ કરેલા ફક્ત ચાર શે'ર મમળાવીએ અને પછી બાકીના ન ગવાયેલા શે'રની લિજ્જત પણ માણીએ :

**રહેશે મને આ મારી મુસીબતની દશા યાદ;**
**બીજા તો બધા ઠીક છે, આવ્યો ન ખુદા યાદ.**
**મુજ હાસ્યને દુનિયા ભલે દીવાનગી સમજે,**
**જ્યાં જઈને રડું એવી નથી કોઈ જગા યાદ.**
**ઝાહિદ, મને રહેવા દે તબાહીભર્યા ઘરમાં,**
**મસ્જિદથી વધારે અહીં આવે છે ખુદા યાદ.**
**મન દઈને 'મરીઝ' એ હવે કંઈ પણ નથી કહેતા,**
**સૌ મારા ગુનાની મને રહેશે આ સજા યાદ.**

રેકર્ડ-કેસેટમાં ઉપરોક્ત ગઝલના ચાર શે'ર મન્ના ડેના તાજગીભર્યા અવાજમાં સાંભળવા-માણવા મળે છે. પ્રત્યેક શે'રની વચ્ચે વાગતા વાયોલીનના 'પીસ' સ્વરાંકન ને વધુ ધારદાર બનાવે છે. ઠુમરી શૈલીમાં ગવાયેલી આ ગઝલમાં તબલાંનો તાલ જોમ પેદા કરે છે. વાયોલીનના મ્યુઝીક ફીલર પછી 'સાખી શૈલી'માં પ્રત્યેક શે'ર 'રીધમલેસ' (લયવિહીન) ભૂમિકામાં ગવાયા છે. આ ગઝલના અન્ય શે'ર (જે ગવાયા નથી તે) પણ માણવા જેવા છે હોં ! :

**પ્રેમાળ છે દિલ એવું કે આવે છે બધા યાદ,**
**દુઃખદર્દ છે એવાં કે તમે પણ ન રહ્યા યાદ.**
**એ તો ન રહી શકતે મહોબ્બતના વિના યાદ,**
**હો વિશ્વના વિસ્તારમાં એક સૂની જગા યાદ.**
**મર્યાદા જરા બાંધો જુદાઈના સમયની,**
**નહિતર મને રહેશે ન મિલનનીય મજા યાદ.**
**માગી મેં બીજી ચીજ, હતી એ જુદી વસ્તુ,**
**બાકી હો કબૂલ એવી હતી કંઈક દુઆ યાદ.**
**આ દર્દ મહોબ્બતનું જે હરગિજ નથી મટતું,**
**ઉપરથી મજા એ કે મને એની દવા યાદ.**





**એકાંતમાં રહેવાનું ન કારણ કોઈ પૂછો ?**
**છે એમ તો કંઈ કેટલી પ્રેમાળ સભા યાદ.**
**કિસ્મતમાં લખેલું છે, જુદાઈમાં સળગવું,**
**ને એના મિલનની મને પ્રત્યેક જગા યાદ.**
**હો મૌન જરૂરી તો પછી બંને બરાબર,**
**થોડાક પ્રસંગે યાદ હો, યા આખી સભા યાદ.**
**ચાલો કે ગતિની જ મજા લઈએ કે અમને,**
**મંઝિલ ન રહી યાદ, ન રસ્તો, ન દિશા યાદ.**

નિનુ મઝુમદારનું આ સ્વરાંકન અને મન્ના ડેની ગઝલપ્રસ્તુતિ આજે વર્ષો પછી પણ સાંભળીએ ત્યારે શબ્દ, સ્વરાંકન અને એની ગેય પ્રસ્તુતિ એમ ત્રણેય સ્તરે ગઝલનો આગવો મિજાજ પ્રગટ થાય છે. કાળને વીંધીને પણ આ અને આવી અનેક ગઝલો મરીઝની સ્મૃતિઓને અકબંધ રાખે છે. મરીઝને મબલખ મહોબ્બતી સલામ !!

**અંજલિ :**
**પહેલાંના જેવો આંજે ક્યાં છે શિયાળો !**
**લાગે છે એય માણસની જેમ ઓશિયાળો !**

# 'ગમ વધારે હોય દિલમાં તો ખુશાલી થાય છે' 'બેફામ'ની બહેતરીન ગઝલ : બેગમ અખ્તરના જાજરમાન સ્વરમાં

'બેફામ' ગુજરાતી ગઝલનું બેનમૂન નામ. ગવાતી ગુજરાતી ગઝલોમાં જે કેટલાક શાયરો ધ્રુવ તારકો છે તેમાં 'બેફામ'નું નામ પણ બેશક મૂકી શકાય એવો એનો ગઝલવૈભવ છે. બરકત વિરાણી 'બેફામ'ના નામ અને એમના ગઝલકર્મથી ભાગ્યે જ કોઈ ગુજરાતી અજાણ હોય ! 'બેફામ'ની ગઝલોમાં હંમેશાં મૃત્યુ-ચિંતનની વાત આવે છે. ગઝલના અંતિમ શે'રોમાં મોટે ભાગે આ શાયર મૃત્યુ સાથે હસ્તધૂનન કરે છે. 'બેફામ'ની ગઝલોને, એના સમયથી માંડીને આજ સુધીના સ્વરકારો-ગાયકોએ પોતાના સ્વરોમાં ઝીલી છે. આ ગઝલકાર હોય ભલે જૂની પેઢીના પણ એમની ગઝલોમાં જે ગુજરાતીતા છે, જે ગઝલિયત છે તે આજે પણ એટલી જ તરોતાજા અને ઉલ્લેખનીય છે. ઓછા શબ્દો દ્વારા, સહજ અને સરળ ભાષાભિવ્યક્તિ દ્વારા 'બેફામ'ના કેટલાય શે'ર આજે તો ગુજરાતી પ્રજાના હૈયે કહેવતની જેમ કે ઉક્તિ-સૂત્રોની જેમ ચિરંજીવી બન્યા છે. એટલું જ નહિ પરંતુ એ ચિરંજીવી બનેલા શે'રવાળી લગભગ ગઝલો કાવ્યસંગીતમાં આપણને માણવા મળે છે. પ્રત્યેક સ્વરકારોને સ્પર્શી ગયેલો આ શાયર છે. 'બેફામનો પે'લો જગપ્રસિદ્ધ શે'ર કોણ ભૂલી શકશે ભલા ?

**'બેફામ' તોય કેટલું થાકી જવું પડ્યું**
**નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી**

વર્ષો પૂર્વે જાણીતા સ્વરકાર-કવિ નિનુ મઝુમદારે આ સુ-પ્રસિદ્ધ શે'રવાળી ગઝલનું સ્વરાંકન કર્યું છે અને પાર્શ્વગાયક મન્ના ડે પાસે આ ગઝલ એમણે ગવડાવી હતી. આ ગઝલનો એ અંતિમ શે'ર હવે તો કહેવતની જેમ ગુજરાતી ભાષા-બોલીમાં ઉપયોગાય છે. તે ગઝલનો પ્રથમ શે'ર આ મુજબ છે :





**સપનાં રૂપેય આપ ન આવો નજર સુધી**
**ઊડી ગઈ છે નીંદ હવે સહર સુધી**

જીવનની પળેપળને સાચા ગાંભીર્યથી જીવનાર આ કવિ મૃત્યુતત્ત્વની અફર વાસ્તવિકતાને સાચા અર્થમા પિછાણે છે. મૃત્યુ હંમેશાં રુદન જન્માવે છે. આપણા મૃત્યુ ઉપર આપણી સાથે નિસ્બત ધરાવતાં સૌ કોઈ પરિચિત-અપરિચિત રડે છે પણ જન્મ સમયે તો માત્ર જન્મ ધારણ કરનાર જ રડે છે એ બે છેડાના વાસ્તવને આ કવિ કેવી તો ખૂબીથી પોતાના શે'રમાં વર્ણવે છે :

**'બેફામ' મારા મોત ઉપર સૌ રડે ભલે,**
**મારા જન્મ ઉપર તો ફક્ત હું જ રોઉં છું.**

ગુજરાતી ગઝલક્ષેત્રનો 'આલા દરજ્જા'નો આ કવિ આપણી ભાષાનો અમર શાયર છે. 'બેફામ'ની ગઝલોને પોતાના સ્વરાંકનો દ્વારા ગુજરાતી કાવ્યસંગીત-ભાવકોના હૈયાં સુધી પહોંચાડનારા ઘણાય સ્વરકારો પણ આજે તો હયાત નથી પણ એની 'બેફામીય' સ્વરધારાઓ હજુ આજેય સ્વર વાતાવરણમાં ગુંજયા કરે છે. અને એ સ્વરલહરીઓ આજે પણ એટલી જ ઉલ્લેખનીય, સ્મરણીય અને શ્રવણીય છે. ગુજરાતી સુગમ સંગીતની 'જંગમ વિદ્યાપીઠ' એટલે સંગીતની જ પરિભાષામાં કહેવું હોય તો કહેવાય કે ગુજરાતી કાવ્ય સંગીતની 'સ્વરંગમ સ્વરપીઠ' જેવા પુરુષોત્તમ ઉપાધ્યાય પાસેથી મળેલું આ ગઝલકારનું ઉત્તમ સ્વરાંકન આજે સુગમ સંગીતના શિખર પર બેઠું છે. પુરુષોત્તમ ઉપાધ્યાયે 'બેફામ'ની એ સુ-પ્રસિદ્ધ ગઝલ, એક એવા સ્વરનુમા મહાન ગાયક પાસે ગવડાવી છે કે એ ગાયક, એ સ્વરાંકન આજે સંગીતક્ષેત્રનું 'માઈલ સ્ટોન'રૂપ બની ગયું છે. ઉર્દૂ-હિન્દી ગઝલોને શાસ્ત્રીય રીતે શાસ્ત્રીય કંઠય સંગીતની સૂઝબૂજથી, ચોક્કસ પ્રકારની સ્વર ઉંચાઈએ પહોંચાડનાર એ જાજરમાન ગાયિકા એટલે બેગમ અખ્તર.

બેગમ અખ્તરનું નામ આજની સંગીતપ્રેમી પેઢીને માટે તો અજાણ્યું જ હોવાનું અથવા નવું લાગવાનું ! પણ જૂની પેઢીના ગાયકોમાં અગ્રેસર એવા આ ગાયિકાની 'ઊંચી રેન્જ'ની ગાયિકી (તાર સપ્તક સુધીની આસાની ગાયિકી) આપણને કોઈપણ ગઝલના અંતરંગ વિશ્વમાં લઈ જવા માટે સમર્થ છે. બેગમ અખ્તરે ગુજરાતી ભાષાની માત્ર અને માત્ર બે જ ગઝલોને પોતાના સ્વર-લાલિત્યનો

લાભ આપ્યો છે. જેમાં પુરુષોત્તમ ઉપાધ્યાયનું આ સ્વરાંકન મારી દૃષ્ટિએ 'ઐતિહાસિક સ્વરાંકન' (Historical Composition) બની ગયું છે :

**મેં તજી તારી તમન્ના એનો આ અંજામ છે**
**કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે**

ખુદ બેગમ અખ્તરે આ ગઝલનું સ્વરાંકન ગાયા પછી, રેકોર્ડીંગ (ધ્વનિમુદ્રણ) પછી પુરુષોત્તમ ઉપાધ્યાયને શુભાશિષ આપીને, પોતાનો રાજીપો પ્રગટ કર્યો હતો. એ ગઝલ, એનું સ્વરાંકન અને બેગમ અખ્તરની એ સ્વરપ્રસ્તુતિની સ્વરમય ત્રિવેણી આજે પણ જ્યારે-જ્યારે સાંભળીએ ત્યારે હૈયું તરન્નુમમય બની જાય છે અને સ્વરઉદાસી આપણા ચિત્તને ઘેરી વળે છે. ખેર, 'મેં તજી તારી તમન્ના' એ સ્વરાંકન વિશેની વધુ વાતો પછી ક્યારેક અહીં જ આચમનીશું ! પણ આ જ ગાયિકાએ 'બેફામ'ની અન્ય એક ઓછી જાણીતી ગઝલને પણ પોતાનો સ્વર આપ્યો છે તે ગઝલ એટલે :

**શું જલું કે કોઈની જાહોજલાલી થાય છે**
**એ દશા એવી છે જ્યાંથી પાયમાલી થાય છે**
**ગમ વધારે હોય દિલમાં તો ખુશાલી થાય છે**
**બે દીવા ઝાઝા બળે ત્યારે દિવાલી થાય છે**
**વાદળો જામે છે દિલમાં, ત્યારે છલકે છે સુરા**
**આશ માટીમાં મળે છે ત્યારે પ્યાલી થાય છે**
**ગમ કરો નહીં કે વીતે છે જિંદગી લજ્જત વિના**
**થાઓ ખુશ પીધા વિના પણ જામ ખાલી થાય છે**
**જાણતું કોઈ નથી એના ફકીરી હાલને**
**એ દિલે 'બેફામ' દુનિયામાં સવાલી થાય છે**

બેગમ અખ્તરે ગાયેલી આ ગઝલનું સ્વરાંકન વર્ષો પૂર્વે થયેલું છે. એચ.એમ.વી.એ બહુ વર્ષો પહેલાં ગુજરાતી ગઝલ-ગીતોની એક રેકોર્ડ બહાર પાડેલી. તેમાં આ ગઝલ 'બેગમ સાહેબા'ના જાજરમાન અને તાર સપ્તકના રણકારભર્યા સ્વર સુધીની અનુભૂતિમાં સાંભળવા મળે છે. મારી પાસે મારા અંગત સ્વર સંગ્રહાલયમાં તો આ ગઝલ રેકોર્ડ પરથી ઓડિયો કેસેટમાં ટ્રાન્સફર થયેલ





ઓડીયો વર્ઝન છે. તે કેસેટમાં પણ ક્યાંય સ્વરકારનો ઉલ્લેખ નથી. મારી જેમ કાવ્ય સંગીતપ્રેમી કોઈ 'આચમની ભાવક-વાચક'ને આ ગઝલના સ્વરકાર વિશેની માહિતી હોય તો મને જણાવવા વિનંતી છે.

આ ગઝલમાં આપણને બેગમ અખ્તરની ગાયકીનો ઉત્તમોત્તમ મિજાજ અનુભવાય છે. બેક ગ્રાઉન્ડમાં હાર્મોનિયમના સ્વરો તરફ પણ આપણા 'કાન ખેંચાય છે !' (દૃષ્ટિ સંદર્ભે 'ધ્યાન ખેંચાવું' એમ કહેવાય છે તો સ્વરશ્રવણના સંદર્ભે 'કાન ખેંચાય !' એમ ન કહેવાય ?) વાયોલીન અને મેન્ડોલીનનો ઉપયોગ આ ગઝલને નજાકત બક્ષે છે. પ્રત્યેક શે'રને સારી રીતે માણવા માટે ઉપકારક એવો તબલાંનો વિલંબિત તાલ પણ આ સ્વરાંકનને અદ્‌ભુત બનાવે છે. કોઈ પણ સ્વરૂપનો, કોઈ પણ સર્જક પોતાના સર્જન પરત્વે કેવો ફકીરી અંદાજે-હાલ-અનુભવે છે એની માત્ર સર્જકને જ ખરી અનુભૂતિ હોય છે. આપણા કાનને અને ગુજરાતી ભાષાને, ગુજરાતી સંગીતને બેગમ અખ્તર જેવા મહાન - જાજરમાન ગાયિકાના બુલંદ અને ખુમારીભર્યા સ્વરમાં ગુજરાતી ગઝલ માણવા મળે એથી અદકેરું બીજું સદ્‌ભાગ્ય વળી કયું હોવાનું ? ખરું ને ?!

**અંજલિ :**

**દીકરી રે દીકરી, તું નથી રે, ઠીકરી રે !**
**તું તો મારી બુલબુલ ને, તું છે મારી તીતલી રે !**
**હે દીકરી રે, તું નથી જગતનો બોજ**
**નિત્ય તું ફૂલની જેમ ખીલતી રહે રોજ.**

# ઈશ્વર ઉધાર આપે તોય ન ચુકવી શકાય એવા 'મરીઝ' ના કરજદાર : આપણે

એનું મૂળનામ તો ખુદ કવિનેય કદાચ, એ સમયમાં યાદ નહિ રહ્યું હોય. અબ્બાસ વાસી એ નામ જન્મ પછી પરિવારના લોકોએ પાડ્યું હતું પણ આપણે સૌ તો એને ઓળખીએ છીએ 'મરીઝ'થી, હા, 'મરીઝ' આ ત્રણ અક્ષરના ઉપનામ ધારી કવિ-માણસમાં ત્રણ અક્ષરની ગઝલ સ્વરૂપના સાત-સાત દરિયા ઘૂઘવતા હતા. કારમી-ભીષણ ગરીબીમાં આ માણસે ગઝલનું દામન છોડ્યું ન હતું. મરીઝના ભોળપણનો લાભ લઈને તો એ સમયે કેટલાય અ-કવિઓએ 'કવિ' થવાના અભરખા પૂરા કર્યા હતાં. શોભિત દેસાઈના એક નાટક 'એક ખોબો ઝાકળ' અને ડો. રઈશ મણિયારના મરીઝ વિશેના અદ્‌ભુત ગ્રંથમાં આ બધી જ, અગાઉ ન જાણવામાં આવેલી વાતોનો સ્ફોટ ધારદાર રીતે પ્રકટ થાય છે.

કાવ્યસંગીતક્ષેત્રમાં પણ તમામે તમામ સ્વરકારોને મરીઝની ગઝલોએ સં-મોહિત કર્યા છે. અરે, ગઝલગાયકીના સ્વરસામ્રાજ્ઞી બેગમ અખ્તર પાસે, પુરુષોત્તમ ઉપાધ્યાયે ગવડાવેલી મરીઝ સાહેબની આ ગઝલ કયો ગઝલભાવક, સુગમ સંગીતનો સંવાહક ભૂલી શકશે ? ક્યારેય નહિ ભૂલી શકે !

**'મેં તજી તારી તમન્ના, એનો આ અંજામ છે**
**કે હવે સાચે જ લાગે છે તારું કામ છે'**

ગુજરાતી સુગમસંગીતક્ષેત્રનું અપૂર્વ અને અમર કહી શકાય એવું આ ગઝલનું સ્વરાંકન, આટલાં વર્ષો પછી આજેય એટલું જ તરોતાજા લાગે છે. હૈયાં સોંસરવું સ્પર્શી જાય એવું કરુણગર્ભ એ સ્વરાંકન છે. બેગમ સાહેબાએ આ ગઝલ જે દર્દસભર સંવેદનથી ગાઈ છે એ સાંભળીએ ત્યારે ઉર્દૂગઝલોની આ ગાયિકાના





કંઠમાં જાણે ગુજરાતી ભાષા તેની શ્રેષ્ઠતમ અભિવ્યક્તિના શિખરો સર કરતી હોય તેવું મહેસૂસ થયા વગર રહેતું નથી. એમાંય, મરીઝ સાહેબની એ ગઝલનો આ છેલ્લો શે'ર :

**'જીંદગીના રસને પીવામાં જલદી કરો 'મરીઝ'**
**એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે'**

આ શેરની પ્રસ્તુતિમાં તો સ્વરાંકન, સ્વરની ઉચ્ચતમ ઊંચાઈએ પહોંચીને આપણને વિહ્‌વળ કરી મૂકે છે.

આવા મરીઝ સાહેબની ગવાયેલી અસંખ્ય ગઝલો વિશે એક મહાશોધનિબંધ લખી શકાય. પણ અહીં આજે 'આચમન'ના ભાવકો માટે મરીઝ સાહેબની જ બીજી એક અત્યંત પ્રસિદ્ધ અને અમર એવી ગઝલકૃતિની પ્રસાદી આપવી છે. વર્ષો પૂર્વે, આપણા ગુજરાતી કાવ્યસંગીતના સ્વરકાર ક્ષેમુ દિવેટિયાએ મરીઝની આ ગઝલનું સ્વરાંકન કર્યું છે. મજાની વાત એ છે કે ક્ષેમુભાઈનું આ સ્વરાંકન પુરુષોત્તમ ઉપાધ્યાયે એવું તો અદ્‌ભુત રીતે પ્રસ્તુત કર્યું છે કે આપણે સભર સભર થઈ જઈએ. પુરુષોત્તમ ઉપાધ્યાય પછી તો અસંખ્ય ગાયકોએ ક્ષેમુ દિવેટિયાનું આ સ્વરાંકન ગાવાનો પ્રયત્ન કર્યો છે. પણ જે દર્દ અને પ્રસ્તુતિની શ્રેષ્ઠતા અને અભિવ્યક્તિની ઊંચાઈ પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરમાં અનુભવાય છે એ અન્ય ગાયકોમાં નથી અનુભવાતી. આજે તો સુગમસંગીતક્ષેત્રના નવોદિત ગાયકો પણ આ ગઝલને ગાવાની લાલચ રોકી નથી શકતા. ક્ષેમુભાઈએ વર્ષો પૂર્વે કરેલું આ સ્વરાંકન આજની પેઢીના સ્વરકારોને અને ગાયકોને તથા સુગમ સંગીતના ભાવકોને પણ એટલું જ માણવું-સાંભળવું ગમે છે. એ ઘટના જ આ ગઝલને અમરતા બક્ષે છે. મરીઝની આ ગઝલ અને ક્ષેમુ દિવેટિયાનું સ્વરાંકન એ બન્ને આજે અજોડ-અમર છે. તો ચાલો, ભાવકો દિલ થામ કે બૈઠો ઔર સુનો :

**બસ એટલી સમજ મને પરવર દિગાર દે !**
**સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાનાં વિચાર દે !**
**માની લીધું કે પ્રેમની કોઈ દવા નથી**
**જીવનના દર્દની તો કોઈ સારવાર દે !**
**ચાહયું બીજું બધું તે ખુદાએ મને દીધું**

એ શું કે તારા માટે ફક્ત ઈન્તઝાર દે !
પીઠામાં મારું માન સતત હાજરીથી છે
મસ્જિદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે !
આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન
દે એક મહાન દર્દ અને પારાવાર દે !
સૌ પથ્થરોનો બોજ તો ઊંચકી લીધો અમે
અમને નમાવવા હો તો ફૂલોનો ભાર દે !
દુનિયામાં હું કંઈક નો કરજદાર છું 'મરીઝ'
ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે !

ખરેખર સાચા હૃદયનો કોઈપણ ભાવક આ ગઝલ એક વખત પણ સાંભળશે તો એ આ સ્વરાંકનની સ્વરલહરીઓમાં ઘેઘૂર ઘેરાઈ જશે. આવી ગઝલ આપવા માટે તો આપણી આખ્ખી ગુજરાતી પ્રજા 'મરીઝ'ના આજીવન કરજદાર છીએ - રહીશું. હું તો ત્યાં સુધી કહીશ કે આવી ગઝલો અવતરણ માટે આપણી ભાષાએ યુગો-યુગો સુધી ઈન્તઝાર કરવો પડશે. મરીઝ સાહેબને સો સો સલામ. ક્ષેમુભાઈને શત શત વંદન...

**અંજલિ :**

**તમે યાદ નથી આવતા કેમ કે ભુલાતા જ નથી**
**પળે પળ ગણગણતો રહું છું તમને એ શે'રો ભુલાતા જ નથી.**





# પોતામાં સુખ શોધીને કર પોતાને જ પ્રણામ

વેણીભાઈ પુરોહિત ગુજરાતી ગીતકવિતાનું દોમદોમ થાણું છે. ગુજરાતી ગીતકવિતામાં જે કોઈ ભાવકને સોયની અણી જેટલો ય રસ હોય એમણે વેણીભાઈનાં ગીતોની મુલાકાત લેવી જ રહી ! અને જે નવોદિત સર્જકોને ગીતની કેડી ઉપર ચાલવું હોય એ સૌ કોઈએ વેણીભાઈની ગીતયાત્રાની જાત્રા કરવી જ પડે, એવાં ઉત્તમ ગીતો આ કવિએ ગુજરાતી ભાષાને આપ્યાં છે. જૂની પેઢીના કેટલાય સ્વરકારો-ગાયકોએ આ ગીત કવિને મુક્ત કંઠે-મ્હોરતે કંઠે ગાયા છે. ભલે ફિલ્મ (દીવાદાંડી) માટે લખાયેલું, પણ આજે ય અમર-અજેય 'તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી, તારા રૂપની પૂનમનો પાગલ એકલો' એ ગીત કયો ગુજરાતી ભૂલી શકશે ? અરે, કેટલાયને, આજે ય, હજી ય ખબર નથી કે આ ગીત વેણીભાઈ પુરોહિતે લખેલું છે ! ઉત્તમ-સર્વોત્તમ અને અમર ગીતોની એ જ કાળજયી તવારીખો હોય છે કે કવિનામ વિસરાય જાય, ભુલાઈ જાય પણ કવિતા પ્રજાહૈયામાં યુગો સુધી તરતી રહે અને સદૈવ જીવંત રહે. અન્ય ઘણાય સર્જકોની, ઘણીય કૃતિઓની બાબતમાં એવું બન્યું જ છે કે કવિનું નામ શેષ થઈ જાય, પણ એની કવિતા અશેષ-ચિરંજીવી થઈ જાય. ગુજરાતી કાવ્યસંગીતમાં આવા અસંખ્ય દૃષ્ટાંતો મોજુદ છે જ, કેમકે અંતે તો ગવાયેલાં-ગવાતાં શબ્દોનો જ મહિમા છે. પ્રાચીન-મધ્યકાલીન કે અર્વાચીન ગેયકવિતાઓ એટલે જ આજેય ગુજરાતી પ્રજાનાં હૃદય ઉપર પ્રેમરાજ કરે છે.

વેણીભાઈ પુરોહિતનું એક ગીત જે પરેશ ભટ્ટે સ્વરાંકિત કર્યું હતું એ સ્વરરચના આજે પણ આપણા હૈયામાં આરૂઢ છે. પરેશ એટલે સ્વરેશ. સ્વરનો સાક્ષાત અવતાર ગુજરાતી કાવ્યની સાંગીતિક ખૂબીઓ ઝીલવામાં-પ્રગટ કરાવવામાં

આવા સ્વરકાર-ગાયક અદ્વિતીય છે.

રાજકોટની ધરતી ઉપરથી આ મળવા-માણવા જેવો માણસ અચાનક આપણને હાથતાળી આપીને ગગનની ગરબીમાં સ્વરતાળી આપવા ચાલ્યો ગયો. થોડોક સમય રાજકોટના કેટલાક 'કહેવાતા ભાવકો' એ પરેશને યાદ કર્યો (એય કરવા ખાતર, કર્મકાંડ તરીકે) ! હવે તો એ 'કહેવાતા ભાવકો' પરેશને યાદે ય નથી કરતા ! ભાવનગર અને વડોદરાએ આ મહાન કલાકારની સ્મૃતિઓને અકબંધ રાખી છે. આજે પણ દર વર્ષે અચૂક ભાવનગર-વડોદરામાં પરેશનું સ્મૃતિપર્વ-સ્વરપર્વ ઉજવાય છે, અને એ પણ પ્રસિદ્ધિ કે પ્રચાર-પ્રસારના મોહ વગર. રાજકોટના આવા 'ભાવક શ્રેષ્ઠો' (બની બેઠેલા !) એમાંથી કંઈ બોધપાઠ લે તો કેવું સારું ! પરેશ ભટ્ટનાં ઘણા ય સ્વરાંકનો જે આજે કદાચ આકાશવાણી પાસે પણ નહીં સચવાયા હોય, પણ રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ કે કલકત્તા જ્યાં જ્યાં પરેશ સ્વરાયો હતો ત્યાંથી મેળવીને, સુગમસંગીત ભાવકોને મળે એવું થાય તો ઘણું સારું ! પરેશની વિદાય બાદ બે ઓડિયો કેસેટમાં એનાં સ્વરાંકનો સચવાયાં જ છે, પણ એ ઉપરાંતના અન્ય સ્વરાંકનો જે હજુ ય અજ્ઞાતવાસમાં જ છે એ ભાવકો સુધી પહોંચે તો ભાવકોને અન્ય સ્વરાંકનો માણવા મળે.

પરેશ ભટ્ટનું એક માઈલસ્ટોનરૂપ સ્વરાંકન એટલે 'જોગી ચલો ગેબને ગામ.....' કવિ વેણીભાઈની આ ગીતરચના પરેશ પછીના ઘણા ય ગાયકોનાં કંઠમાં પ્રસ્તુત થતી રહે છે. પરેશના અંતરંગ-આત્મીય મિત્ર ઈમુ દેસાઈના ગાયક પુત્ર હૃદય દેસાઈ પણ આ સ્વરાંકન પ્રસ્તુત કરે છે. જેટલું ઉત્તમ આ ગીતકાવ્ય છે એટલું જ ઉત્તમ પરેશ ભટ્ટનું સ્વરાંકન છે, બલ્કે કાવ્યથી પણ એક ડગલું આગળ પરેશનું સ્વરાંકન છે.

પરેશના જ ભાવવાહી-પંચમ-બુલંદ સ્વરમાં જેમણે આ ગીત સાંભળ્યું હશે એ સૌ કોઈ ધન્ય ધન્ય થયા જ હશે ! આજની પેઢીના ભાવકો કે ગાયકોએ પરેશના સ્વરમાં આ ગીત ન સાંભળ્યું હોય તો આ લખનારનો સંપર્ક કરશે તો પરેશના સ્વરની સંમોહિનીનો જાદુ, એના જ અવાજમાં માણવા મળશે. 'આચમન' કોલમનો હેતુ જ એ છે કે ગવાતી-ગવાયેલી ઉત્તમ ગુજરાતી કવિતાઓ, ગઈકાલની-આજની અને આવતીકાલની, લોકો સુધી પ્હોંચે ! તો આજે ચલો, વેણીભાઈની આ શબ્દ



શબ્દસૂરના સાથિયા

રચના, પરેશ ભટ્ટની સ્વરરચનાની સંગાથે માણીએ :

**જોગી, ચલો ગેબને ગામ,**
**સમય પોતે છે પ્રશ્ન વિરામ ?**
**સમયનું ક્યાં છે પૂર્ણવિરામ ?**
**સુખ ને દુઃખનું સંગમતીરથ જીવન એનું નામ,**
**આવન-જાવન ગહન અનાદિ કરવું પડે શું કામ ? હો... જોગી...**
**તપ લેખો તો તપ છે જીવન, નહીંતર તીખો તાપ,**
**મુસીબતોને પાર કરે તે સુખિયો આપોઆપ,**
**પોતામાં સુખ શોધીને કર પોતાને જ પ્રણામ... હો... જોગી...**
**ડાબા જમણા ખભા ઉપર છે કંઈ ભવભવનો ભાર... જોગી...**
**પાપ-પુણ્યની વચ્ચે ચાલે અરસ-પરસ સંહાર**
**તું પોતે છે પરમ પ્રવાસી... તું જ પરમનું ધામ... હો... જોગી...**
**જોગી, ચલો ગેબને ગામ...**

આમ ગાતાં-ગાતાં જે જોગીને ગેબનું ગામ મળી ગયું એ પરેશ ભટ્ટની સ્વરરચનાઓ આપણી સુગમ સંગીત પરંપરાની અમૂલ્ય જણસ છે. પરેશ જેવા સ્વરકાર મેળવવા માટે હવે આપણે યુગો સુધી રાહ જોવી પડશે. પરેશ એટલે સ્વરેશ એટલે પરેશ એટલે....

**અંજલિ :**

**આ હળ્યા મળ્યાના હરખ શોકને માંડી વાળો, કોઈ નહીં ને**
**તમે હવે તો ઉમટ્યા થૈને સાવ અજાણ્યા લોક, લોકને માંડીવાળો.**

## લખ લખ નેણે નેહ નિહારી ભરીયા સોનલ કુંડા...
## હૈયા સરખા લાયક એ તો આતમ સરખા ઊંડા...

ગની દહીંવાલા એ નામ સાંભળીએ કે તરત જ એક મહાગઝલઋષિની છબી માનસ પટ પર અંકિત થાય ! ગુજરાતી ગઝલને એક વિશિષ્ટ અને ગૌરવપ્રદ ઊંચાઈ આપનાર ગુજરાતી ગઝલકાર, ગુજરાતના પનોતા પુત્રની 'દિવસો જુદાઈ ના જાય છે' એ વિશ્વપ્રસિદ્ધ ગઝલ, જેણે દર્દસભર સ્વરે જનાબ રફી સાહેબે ગુજરાતીઓના હૈયાં સુધી પહોંચાડી તે કોણ ભૂલી શકશે ? કદીય ?

પણ ભાવકોને એ જાણીને આશ્ચર્ય થશે કે ગની સાહેબે પૂર્વાશ્રમમાં કેટલાક ગીતોનું સર્જન પણ કર્યું હતું. ગની દહીંવાલાના ગીતો આડા કાને-આડી આંખે મુકાઈ ગયા છે કે કેમ કે પછી તો આ સર્જકે પોતાનું સમગ્ર આયખું ગઝલસ્વરૂપને જ સમર્પિત કરી દીધું છે. એવા સ-શક્ત-સમર્થ ગઝલકારની એક ગીતરચના પણ આજે તો કાળપ્રવાહમાં લુપ્ત થઈ ગઈ છે. ગુજરાતના જાણીતા સ્વરકાર અને સંવેદન સભર ગાયક નયનેશ જાનીએ વર્ષો પહેલાં આ કવિની એક અદ્ભુત ગીત-રચનાનું સર્વોત્તમ સ્વરાંકન આપણને આપ્યું છે. જો કે હવે તો આ સ્વરાંકન આજે ક્યાંય-ક્યારેય કોઈ પણ ગાયક પાસેથી શ્રવણગોચર નથી થતું પણ આ સ્વરાંકન સાચા અર્થમાં 'સુગમ' જ છે !

ગની દહીંવાલાનું આ ગીત પણ ખરા અર્થમાં સંવેદનસભર છે. એના સરળ શબ્દોમાં અભિવ્યક્ત પ્રકૃતિનિરૂપણ આપણને આહ્લાદક આનંદ આપી જાય છે. નયનેશ જાનીએ આ ગીતની શબ્દસૃષ્ટિને અનુરૂપ જ સ્વરભાવસંવેદન પ્રગટાવ્યું છે. જૂની પેઢીના ગાયકો-સ્વરકારોએ તો કદાચ આ સ્વરાંકન માણ્યું પણ હશે, પણ આજના નવોદિત સ્વરકારો-ગાયકો કે ભાવકોને તો આ સ્વરાંકન કાનવગું નહીં જ





થયું હોય ! કદાચ, કાવ્ય જગતના ભાવને આત્મસાત્ કરીને એ કાવ્યની ભાવસૃષ્ટિ મુજબ જ સ્વરાંકન કરવું અને ભાવકોને પણ એ સ્વરાંકનના ભાવવિશ્વમાં ડુબાડવા એ ખૂબ જ કપરું કાર્ય છે. આ ચેલેન્જ ભાઈ નયનેશ જાનીએ ઘણાંય સ્વરાંકનો માટે લીધી છે અને એમાં એ સાંગોપાંગ પાર પણ ઊતર્યા છે. નયનેશ જાનીનું ઓછા જાણીતા કવિ શુકદેવ પંડયાનું એક ગીત આજે ગુજરાતી કાવ્યસંગીતવિશ્વની અણમોલ ભેટ બની ગયું છે. 'ભીંતે ચીતરેલ રૂડા ગરવા ગણપતિ તમે બોલો આ મીંઢળ હું બાંધું' એ ગીત અત્યંત પ્રસિદ્ધ થયું છે અને નિશા કાપડિયા (ઉપાધ્યાય)ના ભાવવાહી સ્વરમાં એ ગીત સાંભળવું એક અનન્ય લહાવો છે !

-પણ આજે 'મધુવન'માં આપણે ગઝલકાર ગની દહીંવાલાની એક ગીતરચના માણવી છે. સ્વરકાર-ગાયક નયનેશ જાનીનું આ દુર્લભ-અલભ્ય-અમૂલ્ય સ્વરાંકન આવો, આજે માણીએ :

**રસબસ રસિયા હો રસ છલકાયો**
**એ રસમાં સંસાર ન્હાયો !**
**લખ લખ નેણે નેહ નિહારી ભરીયા સોનલ કુંડા**
**હો... હૈયા સરખા લાયક એ તો આતમ સરખા ઊંડા !**
**છેલ છબીલા છાંટણહારા,**
**તું એ રહ્યો નહીં વણછંટાયો, એ રસમાં સંસાર ન્હાયો...**
**મનડાં ઊડતાં ઉડુગણ રૂપે આજ પવનની પાંખે**
**ઊંચેરા આકાશથી જોતી કોઈ નવલખ આંખે**
**ચાંદલિયાની હૂંફ મળી ત્યાં ધગધગતો સૂરજ ભીંજાયો**
**એ રસમાં સંસાર ન્હાયો !**
**ઋતુએ ઋતુએ રસધારાઓ નવલી સમયે ન્યારી !**
**પીનારા પણ પારંગતને પાનારો અલગારી!**
**દશે દિશાઓ હાલી ડોલી, રાત-દિવસ રસ મહિમા ગાયો**
**એ રસમાં સંસાર ન્હાયો... રસબસ રસિયા રસ છલકાયો...**

ગુજરાતી સુગમ સંગીતના સંગ્રાહકો પાસે કદાચ આ સ્વરાંકન સચવાયું હોય અથવા નયનેશ જાની પાસે તો (એના તો કંઠમાં જ સચવાયું છે !) હોય જ !

કારણ કે હવે તો આકાશવાણીના 'આર્કાઈવ્ઝ'માં પણ આ અદ્‌ભુત સ્વરાંકન સચવાયું હશે કે કેમ ? એ પ્રશ્ન બહુ સ્વાભાવિક થાય ! આવી ઉત્કૃષ્ટ ગીતરચનાને સર્વશ્રેષ્ઠ સ્વરાંકનનું આભૂષણ પહેરાવવા માટે આપણે સૌ-ગુજરાતના ગુજરાતી કાવ્યસંગીતના ભાવકો નયનેશ જાનીના ઋણી જ રહીશું ! હૃદયપૂર્વકના હાર્દિક અભિનંદન. હજુ પણ આ 'રસબસ રસિયા' જેવું ઉમદા સ્વરાંકન ભાઈ નયનેશ આપે એવી ભીની-ભીની ઈચ્છા...

**અંજલિ : સહેલી હતી જે વાત તે અઘરી કરી મૂકી**
**ખોવાઈ ક્યાં ગયું છે સરલનું રમકડું ?**





## આંખ તમારી જુએ સપાટી, અમે છુપાયા તળિયે !
## ભીતરને તળ તારો સજન તો, રતન સમા સાંપડીએ !

આજની ગુજરાતી સાહિત્યપ્રેમી પેઢીને માટે સાવ અજાણ્યું એવું એક નામ એટલે કવિશ્રી ચન્દ્રકાન્ત દત્તાણી. ૧૯૩૩માં જન્મેલા આ સર્જકે હમણાં જ થોડા દિવસો પહેલાં જ રાજકોટની ધરતી પરથી મહાપ્રયાણ કર્યું. જો કે સર્જક ક્યારેય મૃત્યુ પામતો જ નથી. એ તો એનાં સર્જનો થકી યુગો સુધી જીવંત - અમર રહે છે. કવિ ચન્દ્રકાન્ત દત્તાણી આપણી ભાષાના ઉત્તમ ગીત કવિઓ માંહેના એક છે. વર્ષો પૂર્વે પ્રગટેલી એમની ગીતધારામાં આપણી ગીત કવિતાનું એક ઉત્તમ ઝરણું વહ્યું છે. ગેયાત્મક ભાવ સંવેદનયુક્ત ગીતો થકી એમની રચનાઓએ ઘણાય સ્વરકારોને આકર્ષ્યા છે. સરળ શબ્દોમાં અભિવ્યક્તિ, ગેયતાની પ્રવાહિતા થકી એમના ગીતો માણવા ગમે - સ્પર્શી જાય એવાં છે. ગુજરાતી વિવેચનાનું એ કમભાગ્ય છે કે ચન્દ્રકાન્ત દત્તાણીની કવિતાઓનું ભાવવિશ્વ એ પ્રગટ કરાવી શક્યું નથી ! પ્રસિદ્ધિ-કીર્તિ કે નામપદની સહેજેય લાલસા ન રાખનાર આ કવિએ પોતાના ઉત્તર જીવનમાં કાવ્ય સર્જનની પ્રવૃત્તિમાંથી પણ આત્મપ્રતીતિપૂર્ણ નિવૃત્તિ સ્વીકારી લીધી હતી ! હમણાં દૈનિકપત્રોના સમાચારમાં જાણવા મળ્યું કે ચન્દ્રકાન્ત દત્તાણી હવે નથી રહ્યા !

મેં આ સમાચાર જાણ્યા કે તરત જ મારા હૈયામાં - કંઠમાં આ કવિનું મને ખૂબ જ ગમતું એક ગીત યાદ આવી ગયું. વ્હેલી સવારે જાણે કે કવિચેતનાએ જ મને જગાડ્યો ને હું આ કવિનું ગીત બ્રાહ્મમુહૂર્તમાં ગણગણવા લાગ્યો.

જાણીતા ગાયક-સ્વરકાર સુરેશ જોશી (ઊના-હાલ મુંબઈ)ના ઓફબીટ - રેર કમ્પોઝીશનમાં આ કમ્પોઝીશનને ગણાવી શકાય, કેમકે ચન્દ્રકાન્ત દત્તાણીનું

આ ગીત-સ્વરાંકન ભાગ્યે જ કોઈએ સાંભળ્યું હશે ! વ્યાવસાયિક ઓડિઓ કેસેટ-સીડીઝના આલબમોમાં પણ તમને ક્યાંય કરતા ક્યાંય આ ગીત સાંભળવા નહીં જ મળે ! સ્વરકાર-ગાયક સુરેશ જોશી પણ હવે એમના કોઈ લાઈવ પ્રોગ્રામો આ સ્વરાંકન ગાતા કે ગવડાવતા હશે કે કેમ ! ખ્યાલ નથી. પણ સુરેશનું વર્ષો પૂર્વેનું આ એક ઉત્તમ સ્વરાંકન છે. મુંબઈ ગયા પછી ગુજરાતી કાવ્યસંગીતની એની સ્વરયાત્રાઓ અવિરત-અનુપમ રીતે ચાલી રહી છે. ઘણાંય વર્ષો પહેલાં મુંબઈની જ ગુજરાતી સુગમ સંગીતની એક અંગત બેઠકમાં સુરેશ જોશીએ આ સ્વરાંકન સમર્થ ગાયિકા રેખા ત્રિવેદી પાસે ગવડાવેલું તેને જબરો પ્રતિસાદ સાંપડેલો. મારા અંગત સ્વરસદનમાંથી એક ઓડિયો કેસેટમાં ધ્વનિમુદ્રિત (લાઈવ પ્રોગ્રામ રેકોર્ડેડ) આ સ્વરાંકન - આ કવિની વિદાયક્ષણે સાંભરી આવ્યું અને આંખોમાં ઝળઝળિયાં થઈને વરસી આવ્યું ! આજે ‘આચમન’નાં આગણે, આપણા આ ભુલાઈ ગયેલા ગીત કવિનું આ ઉત્તમ ગીત આવો, કવિની સ્મૃતિમાં આપણે સ્વરાંજલિત કરીએ.

**તમે જુઓ તે અમે ન સાજન તમે જુઓ તે તન**
**અમે તમારે શમણે મ્હોર્યા, રૂપ રૂપનાં વન.. (હે...હે..)**
**આંખ તમારી જુએ સપાટી અમે છુપાયા તળિયે**
**ભીતરને તળ તરો સજન તો રતન સમા સાંપડીએ**
**ફૂલ ફૂલમાં ફોરમ ફોરમ, અમે વસંતી યૌવન**
**તમે જુઓ તે છીપ સજનવા, અમે માંહ્યલાં મોતન... (હે..હે..)**
**તમે સુણો તે શબ્દ અમે ના, અમે નીરવ નીતરીએ**
**અમે ન રેશમ સ્પર્શ અમે એકાંત ભરી ઊભરીએ**
**અમે લહેર આંસુની સાજન, તમે છલકાતાં લોચન**
**અમે તમારી મરુભોમના, ઝરમર ઝરમર સાવન... (હે...હે..)**
**તમે જુઓ તે અમે ન સાજન, તમે જુઓ તે તન...**

કવિ ચન્દ્રકાન્ત દત્તાણીએ સમૃદ્ધ આયખુ ભોગવીને વિદાય લીધી પણ અમારા જેવા ગુજરાતી સુગમસંગીતના - કાવ્યસંગીતના ચાહકો - ભાવિકોના હૃદયમાં નિત્ય-નીરંતર એ ગુંજતા જ રહેશે. સ્વરકારોના સ્વર માધ્યમે શબ્દ અને સ્વર ઉભયના મિલન માધ્યમે આપણી ભૂમિના એક સત્ત્વશીલ સર્જકની ગીતરચનાને આપણી જ ભૂમિનો એક સમર્થ - સત્ત્વશીલ સ્વરકાર જ્યારે સ્વરાંકિત





કરે ત્યારે સુગમસંગીતનું સ્વર્ગ રચાય છે. સુરેશ જોશીનું આ સ્વરાંકન - રેખા ત્રિવેદીના સંવેદનશીલ સ્વરમાં સાંભળવા માટે ભાવકો મને સાદ પાડશે તો હું આ અપૂર્વ-અપ્રાપ્ય સ્વરાંકનનો શ્રવણલાભ અપાવીશ. આવા અમૂલ્ય મોતી જેવાં ‘સાચાં સ્વરાંકનો’ મેળવવા - માણવા આકરાં તપ કરવા પડે હોં... !

**અંજલિ :**

**આ પાર કાળઝાળ ખેતર અમારાં ને**
**ઓલી પા લીલી તારી લખ લખ મોલાત**
**મને પાંદડું લીલાશ તો આપ, મારા વા’લમા...**

# જૂની પેઢીના - તાર સપ્તકના સુગમ ગાયક સી. આનંદકુમારના સ્વરમાં માણવા જેવું જૂનું સ્વરાંકન

ગુજરાતી કાવ્યસંગીતની સુરીલી-શબ્દીલી આ યાત્રામાં નદીની જેમ નિતનવા-જૂના ગુજરાતી સ્વરાંકનોની વાત મોજથી-ખુલ્લા આકાશ જેમ-થતી રહે છે. આપણા આ ગુજરાતી સુગમસંગીતીય વારસાના જતન માટે કંઈ કેટલાય સ્વરકારો અને ગાયકો-કવિઓએ પોતાનાં સર્જનો દ્વારા આ પ્રવૃત્તિને સતત જીવંત રાખી છે. ગુજરાતી સુગમ સંગીતની જ્યારે-જ્યારે, જ્યાં-જ્યાં વાત થતી હોય ત્યારે અવિનાશ વ્યાસ, અજિત શેઠ, દિલીપ ધોળકિયા, નિનુ મઝુમદાર અને એવા અન્ય કેટલાય પાયાના પથ્થર સમાન સ્વરકારો-ગાયકોનો ઉલ્લેખ વારંવાર-અવશ્ય થાય, થાય અને થાય જ. કેમકે એ સર્વ સર્જકો થકી જ આપણી કાવ્યસંગીત યાત્રા પ્રારંભાઈને ઉત્તરોત્તર આજ સુધી આ યાત્રા વણથંભી અવિરત ચાલતી રહી છે અને જ્યાં સુધી ભાષા-માતૃભાષાનું અસ્તિત્વ છે ત્યાં સુધી આ ગુજરાતી કાવ્યસંગીત સરિતા ખળખળ-સદૈવ-વ્હેતી રહેશે જ.

જૂની પેઢીના સુગમ સંગીતગાયકોમાં એક નામ સી. આનંદકુમારનું ગૌરવભેર લઈ શકાય એવું છે. વર્ષો પહેલાં આ ગાયકે ગુજરાતી ગીતો-ગઝલો પોતાના ઘેઘૂર અને તારસપ્તકના સ્વરો સુધી સહેલાઈથી પહોંચી શકતા એના સ્વરે ગાયેલા છે જે આજે તો ગ્રામોફોન રેકર્ડ અને ઓડિયો કેસેટસ્‌માં સચવાયેલા-ધરબાયેલા સૂનમૂન પડ્યાં છે. આજના કેટલા સ્વરકારોએ કે ગાયકોએ આ ગાયકનું નામ પણ સાંભળ્યું હશે ? ઊંચી રેન્જનો અવાજ અને કવિતાના હાર્દને સ્પર્શતી એની દર્દીલી પ્રસ્તુતિ જ આપણને સંમોહિત કરી દે છે. આ લખનાર પાસે, જૂની ઓડિયો કેસેટમાં આનંદકુમારે ગાયેલી બે ગઝલ રચનાઓ સોનાની જેમ સચવાઈને સંગ્રહિત છે. જેમાં 'બેફામ' સાહેબની 'ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી'





એ સુ-પ્રસિદ્ધ ગઝલ પણ છે જે આકાશવાણી ઉપરથી અવારનવાર પ્રસારિત થતી હતી. કેટલાય સમયથી હવે તો મને આ ગાયક વિશેની કોઈ જ માહિતી ઉપલબ્ધ નથી. હા, થોડાક વર્ષો પૂર્વે મુંબઈ ખાતેના એક કાર્યક્રમમાં એક કલાકારને સાંભળેલા (લગભગ કે. મહાવીર) તે આનંદકુમારના પુત્ર છે એમ કોઈએ કહેલું. કોઈ ભાવક સી. આનંદકુમાર કે એમના પુત્ર વિશેની માહિતી હોય તો પ્લીઝ, મને એ માહિતી-સંદર્ભ પહોંચાડવા નમ્ર અનુરોધ છે.

સી. આનંદકુમારે વર્ષો પહેલા કવિ-સંગતીતકાર અવિનાશ વ્યાસની એક રચના ગાયેલી જે ખૂબજ 'સુપરહીટ' નીવડેલી અને ગુજરાતી કાવ્યસંગીતક્ષેત્રે આ રચનાએ હલચલ મચાવેલી. કવ્વાલીના ઠેકામાં આ ગઝલરચનાને વધુ જોમ મળે છે. ગઝલના પ્રારંભ પૂર્વે તાલવિહીન (રીધમલેસ) શૈલીમાં-સાખી અંદાઝમાં રજૂ થતી મુક્તકપરક પંક્તિઓ રચનાનું વાતાવરણ બાંધવામાં ખૂબ મદદરૂપ થાય છે. આનંદકુમારના સ-શક્ત સ્વરમાં માણવા જેવી એ રચના આ રહી :

(સાખીના ઢાળમાં ગવાતી પંક્તિઓ)

**આકાશમાં સુરાહી કોઈના હાથથી ઢોળાઈ ગઈ**
**ને આભની ધરતી બધી મદિરા થકી છલકાઈ ગઈ**

**પકડી ક્ષિતિજને કોરને સૂરજ ઊગ્યો ચકચૂર થઈ**
**રજની બિચારી શું કરે ચાલી ગઈ મજબૂર થઈ**

**એ ચાલી ગયેલી રાત આવી મહેબૂબાના દ્વાર પર**
**જ્યારે મહેબુબાની આંગળી રમતી હતી સિતાર પર**

**એ રાતને એ મહેબૂબા બેસી ગયા મહેફિલ ભરી**
**બન્ને મળીને પી ગયા કોઈની સુરાહી દિલ ભરી**

**એ મહેબૂબા ચકચૂર છે ને રાત પણ ચકચૂર છે**
**પણ દિલ નથી આ દિલમાં બાકી બધું ભરપૂર છે**

(તાલ સાથે)

**બહુએ ના કદી દિલને છતાં મુહોબ્બત કરી બેઠું**
**અરે ! કમબખ્ત મારી રહી સહી ઈજ્જત હરી બેઠું**

**પૂછયું મ્હેં આ કર્યું તે શું મને અણજાણ રાખીને**
**તો'કે જુઠું હતું તે સહેજમાં હકીકત બની બેઠું**

**રહું હું એને જોઈને તો એ કોઈને જોઈ ઝૂરતું**
**જરી જોવા ગયો રૂપને તો ઝટ ઘૂંઘટ ધરી બેઠું**

**કહ્યું મેં મર ભ્રમરને ઊડ નહી તું એ ચમન ઉપર**
**રુંધે છે શ્વાસ એની જ એ જઈ ખિદમત કરી બેઠું**

**બહુએ ના કહી દિલને છતાં મુહબ્બત કરી બેઠું**
**અરે ! કમબખ્ત મારી રહી સહી ઈજ્જત હરી બેઠું**

ગુજરાતી સુગમ સંગીતની આ એક જૂની પેઢીના સમર્થ ગાયક દ્વારા ગવાયેલી સંગીતક્ષેત્રની અણમોલ વિરાસતરૂપ રચના છે. એને માણવી, સાચવવી એ જ મહામોંઘો લહાવો છે. હવે તો આકાશવાણીમાં ય આવી રચનાઓ ક્યારેક ક્યારેક પ્રસારિત થતી હશે કે કેમ ? અને પ્રસારિત થતી હશે તોય હવે તો એફ.એમ. રેડિયોની ધમાલ મસ્તીમાં, મૂળ આકાશવાણી કેન્દ્રના કાર્યક્રમો સાંભળનારાય કેટલા ? આ ગઝલમાં આનંદકુમારનો સ્વરલહેકો અદ્દ્ભુત છે. એમાંય 'બહુએ ના કહી...' એ પંક્તિ અને 'અરે ! કમબખ્ત...' પંક્તિ જ્યારે બેવડાઈને ગવાય છે ત્યારે એના સ્વરાંકનની નજાકતમાં ક્યાંય સુધી ડૂબી જવાય છે....

**અંજલિ :**

**ચીસ છાતીમાં જ ઝીણી વાગતી, આજ તારી વાત એવી લાગતી**
**કેમ ભૂલું હું નગરનો ખાલીપો, ને મળી છે આગ એવી બાળતી !**





## હવે તો કાગળ (ર.પા.) હરિ લખે તો બને

ઈશ્વર ભિન્ન-ભિન્ન સ્વરૂપે અવતરિત થતો હોય છે, તેમ કેટલાક કવિઓનું પણ અવતરણ થતું હોય છે. આવા અવતારી કવિઓ પૃથ્વી પર ક્યારેક ક્યારેક જ અવતાર ધરતા હોય છે. અવતારી કવિઓનાં ટોળાં ન હોય. ગરવી ગુજરાતી ભાષાને પોતાના અવતારમય શબ્દો-સર્જનો દ્વારા આપણને સૌને રળિયાત કરનાર અને હવે ખુદ 'હરિ' બની ગયેલા કવિ રમેશ પારેખ આપણી ભાષાનો, આપણા સમયનો સમર્થ અવતારી કવિ છે. બહુ જ ઓછા સર્જકો એમના મૃત્યુ પછી પણ જીવંત રહેતા હોય છે. ર.પા. આપણી વચ્ચેથી હડી કાઢીને હરિ પાસે જતા રહ્યા પછી પણ હજુય આજે આ ક્ષણે પણ કવિને શબ્દાંજલિઓ - સ્મરણાંજલિઓની સ્મરણભીનાશ અત્ર-તત્ર-સર્વત્ર પ્રગટતી રહે છે. ર.પા. ભૂલવા જેવો કવિ નથી. એતો વલોવવા જેવો કવિ છે. સતત ર.પા.ના શબ્દ-ભાવવિશ્વનું વલોણું આપણે વલોવ્યા કરીએ ત્યારે હર વખત આપણને તેમાંથી હંમેશાં-નિત્ય નૂતન નવનીત મળ્યા જ કરશે.

જ્યાં જ્યાં ગુજરાતી ભાષા, ગુજરાતી સર્જનો, ગુજરાતી કાવ્યસંગીતની ત્રિવેણી સતત વહ્યા કરે છે ત્યાં ત્યાં આજેય ર.પા.ની સ્મરણયાત્રા સર્વત્ર યોજાતી રહે છે, ત્યારે કવિના, કવિને મન માના ખોળા જેવા અમરેલી ગામે પણ સ્મરણ યાત્રા યોજીને પોતાના પનોતા-લાડલા સર્જક પુત્રને, ભીના હૃદયની ભાવાંજલિ અર્પિત કરી હતી. એટલું જ નહિ પરંતુ કવિએ જે ભૂમિ ઉપર દોમદોમ શબ્દ ડાયરાઓ માંડ્યા હતા એ પ્રતાપરાય આર્ટ્સ કોલેજમાં કવિના નામનું 'રમેશ ઉપવન' નિર્માણ કરીને પોતાના શબ્દસ્વામીને કાયમી પુષ્પિત પુષ્પાંજલિ પણ અર્પણ કરી છે. ૨૬ ઓગષ્ટ સવારે ૯ થી રાત્રીના ૧ વાગ્યા સુધી ર.પા.ની સ્મરણયાત્રામાં ભીંજાવાનું

નસીબ મળ્યું. કેટકેટલા આયામો અને કેટકેટલી સૂક્ષ્મતાથી આ કવિના સર્જન-કવિની શબ્દલીલામાં સાચા અર્થમાં વિહાર કરવાનું મળ્યું ત્યારે આખા અમરેલીનું આકાશ અને અમરેલીની ધરતી, અમરેલીનું કણેકણ ધન્ય બની ગયું હોય એવું અનુભવાયું. રાત્રીની સ્વર-સ્મરણયાત્રામાં ગુજરાતી કાવ્ય સંગીતના ધુરંધર સ્વરકારો-ગાયકો ધોધમાર વરસીને કેટલાયની આંખોમાં શ્રાવણ છલકાવી ગયા. આ શ્રવણયાત્રા કાનમાંથી સી....ધી.... આંખમાં શ્રાવણ બનીને ઝલમલી રહી.

ર.પા. એ સતત 'ગવાતો કવિ' છે. ગુજરાતી કાવ્યસંગીતનો આજ સુધીનો એક પણ ગાયક અને સ્વરકાર એવો નહિ હોય જેણે ર.પા.ની રચના સ્વરાંકિત ન કરી હોય કે રમેશને મન મૂકીને ગાઈ ન હોય ! આ સ્મરણાવસરે મુંબઈથી ખાસ ઉપસ્થિત ર.પા.ના જિગરજાન દોસ્તારો, જાણીતા સ્વરકારો ઉદય મઝુમદાર અને સુરેશ જોશીની નિશ્રામાં ઘણી બધી રચનાઓ પ્રસ્તુત થઈ. મુંબઈના જ ગાયિકા નેહા મહેતા પણ પરિચિત-અપરિચિત સ્વરાંકનો પ્રસ્તુત કરીને સૌને ર.પા.મય બનાવી ગયા. આજે 'આચમન'માં મારે આ સ્વરયાત્રામાં પ્રસ્તુત થયેલ એક ખાસ-વિશેષ ગીતની વાત કરીને, તમને સૌને તેનું આચમન કરાવવાની ઈચ્છા છે. સ્વરયાત્રાના મધ્ય દોરમાં કવિપુત્રી કુ. નેહાએ રમેશ પારેખનું એક જાણીતું હરિગીત ખૂબજ સ્વસ્થ રીતે અને ભાવપૂર્વક પ્રસ્તુત કર્યું ત્યારે વાતાવરણ દિવ્ય બની ગયું હતું.

'કે કાગળ હરિ લખે તો બને' એ ર.પા.નું ખૂબ જ જાણીતું હરિગીત છે. ઘણાય સ્વરકારોએ આ ગીતનું સ્વરાંકન કર્યું છે. મૂળ અમદાવાદના, હાલ અમેરિકા સ્થાયી થયેલા સ્વરકાર-ગાયક સંજીવ મુનશીએ તથા મૂળ ઊના-સૌરાષ્ટ્રના, હાલ મુંબઈ વસેલા, અમરેલીના જમાઈ (છેલભાઈ વ્યાસના) અને ર.પા.ના જિગરજાન દોસ્ત સુરેશ જોશીએ પણ આ હરિગીતનું સ્વરાંકન કર્યું છે. જો કે સુરેશે તો ર.પા.ના કેટલા હરિગીતોનું સ્વરાંકન કર્યું હશે એ તો એને પણ યાદ નહિ હોય ! મોટા ભાગનાં-જાણીતાં હરિગીતોને સુરેશ જોશી દ્વારા સ્વરદેહ મળ્યો છે. રમેશ પારેખની દીકરી નેહાને સંગીતમાં ઊંડી અભિરુચિ છે. પણ રંગમંચ ઉપર ગાવાનો મહાવરો નથી છતાંય એણે આ હરિગીત આત્મસ્વરપૂર્વક રજૂ કર્યું. આ એક જ રચનાના બન્ને સ્વરાંકનો મારી પાસે છે અને આ બન્ને સ્વરાંકનો વિશેનો મારો એક આત્મિક અનુભવ કહ્યા વગર હું રહી શકતો નથી. સંજીવ મુનશી અને સુરેશ જોશીના બન્ને





સ્વરાંકનોમાં મંદ્રસ્વરોનું સામ્ય આશ્ચર્ય પમાડે તેવું છે. ઘણી વખત એવો અનુભવ થાય છે કે સુરેશનું સ્વરાંકન હું ગાતો હોઉં ત્યારે ગાતાં-ગાતાં વચ્ચે સંજીવ મુનશીનું સ્વરાંકન મને ખબર પણ ન રહે તે રીતે કંઠમાં આવીને વહેવા લાગે છે. અનાયાસ જ વહી જતી આ સ્વરાનુભૂતિનો ઉત્તર તો મને ક્યારેય નથી મળ્યો, પણ આવું થાય ત્યારે માંહ્યલો મહોરી ઊઠે છે. સંજીવ મુનશીએ વર્ષો પૂર્વે અમદાવાદમાં જ આ સ્વરાંકન કર્યું છે જ્યારે સુરેશ ઊના હતો ત્યારે જ આ સ્વરાંકન કર્યું છે. સુરેશ જોશીએ જ્યારે 'કાગળ હરિ લખે તો બને'નું સ્વરાંકન કર્યું ત્યારે તેણે સંજીવભાઈનું સ્વરાંકન સાંભળેલું ન હતું ! એટલે જ વિસ્મયની વાત એ છે કે આ બન્ને સ્વરાંકનોમાં ક્યાંક સ્વરોનું સામ્ય અદ્‌ભુત રીતે પ્રગટે છે. સંગીતના વ્યાકરણની દૃષ્ટિએ કદાચ આ બન્ને સ્વરાંકનોની સ્વરલિપિ (Notation) અલગ અલગ જ હશે પણ એમાં ઊંડે ન જતાં વસ્તુતઃ બન્ને સ્વરાંકનો શ્રવણીય અને સ્મરણીય છે જ. કોઈપણ ભાવકને આ સાંભળવાની ઈચ્છા થાય તો મને સાદ પાડજો ! આ બન્ને સ્વરાંકનો મારા અંગત સંગ્રહાલયમાં ઉપલબ્ધ છે. સાથે સાંભળીશું.

આ સ્વરયાત્રામાં અંબરીષ મહેતા (તબલા), સંજીવ ધારૈયા - અનિલ ઠાકર (વાંસળી) નો સ્વર સહિયારો કાબિલે દાદ હતો. સંચાલન જાણીતા કવિ - સૂત્રધાર પ્રણવ પંડ્યાએ ખૂબ ઉત્તમ રીતે કર્યું હતું. સંજીવ - અનિલ અને પ્રણવ એ ત્રણે કલાકારોને તો 'ઘેર બેઠા ગંગા'નો લ્હાવો મળ્યો. એ ત્રણેય અમરેલી ગામના સ્વર-શબ્દ સપૂત છે. નેહાએ પ્રસ્તુત કરેલું સંજીવ મુનશીના સ્વરાંકનવાળું આ હરિગીત હવે તમેય આચમનો :

**- કે કાગળ હરિ લખે તો બને**
**અવર લખે તે એકે અક્ષર નથી ઉકલતા મને...**
**મોરપીંછનો જેના ઉપર પડછાયો ના પડિયો**
**શું વાંચું એ કાગળમાં જે હોય શાહીનો ખડિયો ?**
**એ પરબીડિયું શું ખોલું જેની વાટ ન હો આંખને... કે કાગળ હરિ લખે તો બને.**
**મીરાં કે' પ્રભુ, શ્વાસ અમારો કેવળ એક ટપાલી**
**નિશદિન આવે જાય લઈને થેલો ખાલી ખાલી**
**ચિઠ્ઠી લખતાંવેંત પહોંચશે સી..ધી મીરાં કને... કે કાગળ હરિ લખે તો બને.**

૨૫ - ઓક્ટોબર, ૧૯૮૨માં લખાયેલું આ કાવ્ય જ્યારે એના ગેય સ્વરૂપમાં સાંભળીએ ત્યારે મીરાનો અંતરનાદ રમેશ રૂપે આપણી અંદર ફરી વળે છે. અમરેલી કોલેજ દ્વારા અવારનવાર આવા સંસ્કારમૂલક અવસરોની યાત્રાશ્રૃંખલા યોજાતી જ રહે છે એ આપણા સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે. કોલેજના આચાર્ય ડી. પી. વિરાણીનું મૌન અને અમીયલ આંખો ઘણું બધું કહી જતી હતી તો નિવૃત્ત થઈને પણ સતત દોડતા, સૌના પ્રિય છેલભાઈ, ગુજરાતીના ઉત્સાહી યુવા અધ્યાપકો નરેશ દવે - વિપુલ ઠાકર અને અન્ય તમામ અધ્યાપકો, બિન શૈક્ષણિક કર્મચારીઓએ, સૌએ સાચા અર્થમાં સૌને રમેશમય - અમરેલીમય બનાવી દીધાં. સ્મરણયાત્રાની સંગીતમય રાત્રી બેઠક પૂરી થયા પછી ‘છેલભાઈના ફળિયે’ વરસાદની ઝરમર વચ્ચે સવારના ચાર વાગ્યા સુધી ઉદય મઝુમદાર, નેહા મહેતા, છેલભાઈ, કવિ હર્ષદ ચંદારાણા, દર્શન (ભાભી-સુરેશના જીવનસંગિની), સુરેશ જોશી વગેરે સાથે ‘રમેશીય રમણા’માં ક્યાં ખોવાઈ જવાયું એની કશી જ ખબર ન પડી !

**અંજલિ :**

**જડી જડી હું જડી હરિને, માઝમ રાતે જડી,**
**મંદિર માથે ધજા ચઢે એમ, હુંય ઢોલિયે ચડી !**
**(ર.પા.નું અન્ય એક હરિગીત. જેનું સ્વરાંકન સુરેશ જોશીએ કર્યું છે)**





# ઓચિંતો ઊડીને આવેલો કોઈ કાગળ, જ્યારે કંકોતરી થઈ જાય... ગવાતી ગુજરાતી કવિતાનો ભીનો અવાજ : વિનોદ જોશી

ગુજરાતી ગીત કવિતાના સ્વરૂપની સાહિત્યિક દષ્ટિએ અને ગુજરાતી કાવ્ય સંગીત (સુગમસંગીત) એમ બન્ને દષ્ટિએ રમેશ પારેખ પછી વધુને વધુ ગવાતો કોઈ કવિ હોય તો તે વિનોદ જોશી છે. આવતીકાલના ગાયકો અને ગઈકાલ-આજના ગાયકો-સ્વરકારોને આ કવિએ એમનાં મબલખ ગીતોથી રળિયાત કર્યા છે - સ્વરિયાત- કર્યા છે. બિનગુજરાતી ગાયકોએ પણ વિનોદ જોશીનાં ગીતોને આબાદ રીતે ગાયાં છે. ફિલ્મ સંગીતના સુ-પ્રસિદ્ધ-સુરીલા ગાયક સુરેશ વાડકરે ગાયેલું ‘તને ગમે તે મને ગમે, પણ મને ગમે તે કોને, એકવાર તું મને ગમે તે, મને જ પૂછી જોને...’ એ ગીત કયો ગુજરાતી ગીતભાવક - સુગમ સંગીતપ્રિય ભાવક ભૂલી શકશે ? કોઈ ફિલ્મી સીચ્યુએશન માટે જ જાણે એ સ્વરાંકિત થયું હોય એવું સુંદર - સુગેય અને સમર્થ સ્વરાંકન છે એ. કી-બોર્ડ, ગીટાર, ડ્રમ, કોંગો, સેકસોફોન, તબલાં વગેરે જેવા વેસ્ટર્ન - ઈન્ડિયન ઈન્સ્ટ્રુમેન્ટસ્‌નો આ ગીતમાં ખૂબીપૂર્વક ઉપયોગ થયો છે. પણ ગુજરાતી પ્રજાના કમભાગ્યે આ સ્વરાંકન લોકો સુધી પહોંચી ન શક્યું ! આવા સુંદર ગુજરાતી ઊર્મિગીતો અને એનાં સ્વરાંકનો આપણી પ્રજા સુધી પહોંચે એ માટે પ્રત્યેક ગુજરાતીજન કાવ્ય સંગીત-સુગમ સંગીત માટે તૃષા અનુભવે તો જ આપણી કાવ્યસમૃદ્ધિનો આપણને ખ્યાલ આવે. વેસ્ટર્ન મ્યુઝિક, જાઝ મ્યુઝિક, ફયુજન મ્યુઝિક કે ડિસ્કો-રોક મ્યુઝિક કે પોપ મ્યુઝિકની ભૂલ ભુલામણી કરતાં તો આપણા ગુજરાતી કાવ્ય સંગીતમાં ઘણું ઘણું શ્રવણીય અને સત્ત્વીય છે.

વિનોદ જોશીનાં અસંખ્ય ગીતો આજે આપણી ગુજરાતી કાવ્ય સંગીતની અમૂલ્ય-મોંઘી મિરાત છે. દિલીપ ધોળકિયાથી પ્રારંભાઈને આજના તરોતાજા સ્વરકાર મેહુલ કપાસી સુધીના સ્વરકારોએ વિનોદ જોશીની રચનાઓને સ્વરાંકનોથી રૂડી

કરી છે, એટલું જ નહીં પરંતુ આ કવિની કોઈ એકાદ રચના ઘણા સ્વરકારો-ગાયકો સુધી અત્યંત હૃદયપૂર્વક સ્પર્શી છે એટલે કે એક જ ગીત હોય તે અલગ-અલગ સ્વરકારોને અલગ-અલગ રીતે આકર્ષે છે અને આપણને એક જ કવિની એક જ રચનાના ભિન્નભિન્ન સ્વરાંકનો મળે છે. આવી ઘટના તો કોઈ ફિલ્મ ગીત-સંગીતના ક્ષેત્રે પણ ભાગ્યે જ બને છે. કવિ વિનોદ જોશી ઉત્તમ ગીતકાર છે એ વાત તો સૂર્ય જેટલી સત્ય છે. વળી, આ કવિ ખુદ પણ પોતાની ગીત રચનાઓ સ્વકંઠે ગાઈને પ્રસ્તુત કરે છે ત્યારે આખું વાતાવરણ એ ગીત અને એના લય-ઢાળમાં પુલકિત થઈ જાય છે. એક ઉત્તમ કવિ હોવા ઉપરાંત એક ઉત્તમ વક્તા, ઉત્તમ અધ્યાપક અને કાવ્યસભાઓના શ્રેષ્ઠ સૂત્રધાર તરીકે પણ વિનોદ જોશીએ ભારતના અને વિદેશ વસતા સમગ્ર ગુજરાતીઓને ન્યાલ કરી દીધાં છે. આ કવિ બોલતા હોય, કાવ્યપાઠ કરતા હોય કે કાવ્યગાન કરતા હોય એનો ઘેઘૂર-ઘૂંટાયેલો (ખરજસભર) અવાજ આખી સભાને સંમોહિત (હિપ્નોટાઈઝ) કરવા માટે સમર્થ અને સક્ષમ છે.

વિનોદ જોશીએ વર્ષો પૂર્વે લખેલું એક ગીત આજે તો સમગ્ર ગુજરાતી પ્રજાના હૈયે-હોઠે રણઝણે છે. અરે, હું તો એ ગીત અને એના સ્વરાંકનને ગુજરાતી કાવ્ય સંગીતનું 'રાષ્ટ્રગીત' માનું છું. આપણા સૌરાષ્ટ્રી લોકગીતના લયઢાળમાં-લોકબોલીના લહેકામાં લખાયેલું-ગવાયેલું આ ગીત માણવા જેવું, મમળાવવા-ગણગણવા જેવું છે. સુરેશ જોશીએ આ ગીતનું સ્વરાંકન પણ વર્ષો પૂર્વે કરેલું જે આજે લગભગ ગાયકોને કંઠવગું અને હૈયાવગું છે. આ અત્યંત લોકભોગ્ય અને લોકપ્રિય એવું સ્વરાંકન તમે ય મારી સાથે મુક્તકંઠે ગણગણો :

**એક કાચી સોપારીનો કટ્ટકો રે,**
**એક લીલું લવીંગડીનું પાન**
**આવજો રે, તમે લાવજો રે, મારા મોંઘા મે'માન.....**
**કાગળ ઊડીને એક ઓચિંતો આવિયો કીધાં કંકોતરીના કામ**
**ગોતી ગોતીને આંખ થાકી રે બ્હાવરી લિખિતંગ કોનાં છે નામ ?**
**એક વાંકી મોજલડીનો ઝટકો રે, એક ઝાંઝરનું ઝીણું તોફાન...**
**આવજો રે, તમે ઝીલજો રે, એના મોંઘાં ગુમાન...**
**ઊંચી મેડી એના ઊંચા ઝરુખડા નીચી નજર્યુંના મળ્યા મેળ**





**ઊંબરમાં સાથિયા ને, ટોડલિયે મોરલા આંગણામાં રોપાતી કેળ,**
**એક અલ્લડ આંખલડીનો ખટકો રે,**
**એક હૈયામાં ઊઘલતી જાન... જાણજો રે તમે માણજો રે... એની વાત્યું જુવાન...**
**એક કાચી સોપારીનો કટ્ટકો રે...**

ગુજરાતી સુગમ સંગીતના ગાયકો-ભાવકોએ ખૂબ વખાણેલું-ગાયેલું આ સ્વરાંકન આપણી કાવ્ય સંગીતનું મોંઘેરું આભૂષણ છે. વિનોદ જોશી-સુરેશ જોશી આ બન્ને સર્જકોના આપણે ઋણી છીએ-રહીશું.

**અંજલિ :**
**આભમાં ઊડતું એક પંખી હું**
**ને તમારી આંખને ગમતું એક પંખી હું.**

## સુખ સાથે આપણો તો જળનો સંબંધ સખી !

ગુજરાતી ભાષા એ આપણો મૂળ પિંડ છે. આપણું અસલપણું છે. ગુજરાતી ગીતો આપણું હૃદયનું-આત્મિક બળ છે. પણ ગુજરાતી પ્રજા તરીકે આપણને આપણી માતૃભાષાનું હોવું જોઈએ એટલું-એવું ગૌરવ નથી. અંગ્રેજી ભાષા પરત્વેનો આપણો વ્યામોહ આપણી આવતી પેઢીને આપણાથી જ વિમુખ કરી રહી છે એ સત્યનું દર્શન આપણને ક્યાં થાય છે ? કોઈએ સાચું જ કહ્યું છે કે, 'અંગ્રેજી ભાષા માસી છે, જ્યારે ગુજરાતી તો આપણી મા છે.' મા અને માસીમાં ફરક તો હોવાનો જ ને ! ગુજરાતી કાવ્ય અને એના સંગીત-સુગમ સંગીતની એક પ્રલંબ-સશક્ત અને ઉજ્જવળ પરંપરાની સમૃદ્ધિ આપણા સાહિત્ય પાસે, આપણા કાવ્ય સંગીત પાસે છે જ પણ એની પાસે જવાનો, એને માણવાનો આપણી પાસે સમય ક્યાં છે ?

ગુજરાતી પ્રજા માટે તો કટાક્ષ-રમૂજમાં પણ હંમેશાં કહેવાતું આવ્યું છે કે ગુજરાતી પ્રજાને 'ચોપડી'માં નહિ પણ 'ચોપડા'માં જ વધુ રસ હોય છે. જો કે હવે હમણાં-હમણાં એ છાપ થોડી થોડી ભૂંસાતી જાય છે એ સારું છે. આપણે માત્ર અને માત્ર પૈસા મેળવવાની ભાગદોડમાં જ, એની જ લાયમાં દોડ્યા કરીએ એ ઠીક નથી. સારું જીવન જીવવા માટે પૈસા જરૂરી પરિબળ છે જ, પણ પૈસા ખૂબ મેળવીને પણ માણસ સારું-સુંદર જીવન જીવતો નથી, જીવી શકતો નથી ત્યારે પીડા થાય છે. એના કરતાં નિજ મોજથી સદૈવ આનંદ અને પ્રસન્નકર જ જીવીએ તો પછી કશી જ ચિંતા ન રહે ! એને માટે આપણું સાહિત્ય અને આપણું સંગીત એ બન્ને ઉત્તમ માધ્યમો છે. 'ચોપડા'ની ચોપાટમાંથી થોડીકવાર પણ જો બહાર નીકળીને આપણે 'ચોપડી'ના ચોકમાં આવીએ તો જ શબ્દમહિમા અને એ જ રીતે જીવનમહિમા સમજાય.

ગુજરાતી કાવ્ય સંગીતની આ આચમનીય મધુર યાત્રામાં આપણે કેટકેટલાં





ઊર્મિગીતો-ગઝલો-પદ-ભજન-વગેરેનો ગુંજારવ માણી રહ્યા છીએ. એક ઉત્તમ કવિતાનું ઉત્તમ સ્વરાંકન અને એની ઉત્તમ ગેય પ્રસ્તુતિ આપણને એક અલૌકિક ભાવસૃષ્ટિમાં લઈ જવા માટે સમર્થ-સક્ષમ છે. ઘણી વખત ઓછા જાણીતા કવિની ખૂબ જ પ્રસિદ્ધ કવિતાનું સ્વરાંકન પ્રજા વચ્ચે વહેતું રહે છે તો ક્યારેક અતિપ્રસિદ્ધ કવિની-ઓછી જાણીતી કવિતાનું સ્વરાંકન પણ યુગો સુધી પ્રજાના હૈયામાં ઝિલાયેલું રહે છે. ક્યારેક ગદ્યસર્જક તરીકે જાણીતા થયેલા લેખકો પાસેથી પણ કેટલીક ઉત્તમ પદ્ય કૃતિઓ આપણને સાંપડી છે. ધ્રુવ ભટ્ટ એ આપણા સફળ ગદ્ય સર્જક-લઘુનવલકાર તરીકે એ વધુ જાણીતા છે. એમણે ઉત્તમ કાવ્યો પણ આપ્યાં છે. ગીતો પણ સુંદર સર્જ્યાં છે એમની કલમે. આ ધ્રુવ ભટ્ટનું એક ઓછું જાણીતું ગીત છે. ગીતના શબ્દો અને ક્ષેમુ દિવેટિયાનું સ્વરાંકન આ બન્ને ખૂબ જ અદ્‌ભુત શબ્દિલ અને સ્વરિલ ઘટના છે. જીવાતી જતી જીંદગીથી થાકીને કદાચ ક્યારેક તો આપણે સૌએ એવું વિચાર્યું જ હશે કે સુખ અને દુઃખ તો રહેવાનાં જ પણ પેલી નિત્ય નૂતના તાજગી સમા ઝાકળના ટીપાં શી પારદર્શકતા એને પાછી મળે તોય એની લીલપ લહેરાઈ રહેશે ફરીથી. મૂળથી ટોચ સુધી લહેરાતી લાગણીનું ગીત કવિ ધ્રુવ ભટ્ટે લખ્યું છે, આ ગીત વાંચતાં-ગાતાં આપણને ખ્યાલ ન આવે કે આ એક સફળ ગદ્યકારનું ગીત છે. સુગમ સંગીતના જાણીતા ગાયક અમર ભટ્ટે, ધ્રુવ ભટ્ટનું આ ગીત અદ્‌ભુત રીતે ગાયું છે. બલ્કે આ ગીત અમર ભટ્ટની ગાયકી તરીકેનું ઓળખપત્ર સમું ગીત છે. ક્ષેમુભાઈના સંગીત સુધા-ભાગ-૧૦માં આ સ્વરાંકન મળે છે તો ભારતીય વિદ્યા ભવન-મુંબઈ ખાતેના વર્ષો પૂર્વેના એક સ્વરકાર સંમેલનમાં પણ અમર ભટ્ટે આ જ ગીતકૃતિ શ્રેષ્ઠતમ રીતે પ્રસ્તુત કરીને શ્રોતાગણનો 'વન્સમોર'નો પ્રતિસાદ મેળવ્યો હતો. ધ્રુવ ભટ્ટનું એ ખૂબ જ ઓછું જાણીતું (સુગમ સંગીતના રસિયા ભાવકો સિવાય) ગીત આજે તમે પણ સરવા કાને સાંભળો :

**ચાલ સખી પાંદડીમાં ઝાકળનાં ટીપાની**
**જેમ ફરી જિંદગીને મૂકીએ,**
**ટેરવાંનો સ્પર્શ એક ઘટના કહેવાય છે,**
**કે લાગણી ગણાય એમ પૂછીએ.**
**વેદના તો અડીખમ ઊભો કંઠાર જતાં આવતાં**
**જુવાળ ભલે કોતરે,**

સુખ સાથે આપણો તો જળનો સંબંધ સખી !
ક્યાંક રેતી ઢાંકે ને ક્યાંક ઓસરે.
છીપલાંની હોડીને સઢથી શણગાર ચાલ
કાંઠો છોડીને હવે ઝૂકીએ,
પાંદડીમાં ઝાકળનાં ટીપાની જેમ સખી ચાલ
ફરી જિંદગીને મૂકીએ.
ચાંદનીને ચાંદનીનું નામ ન'તા દેતા
એ વાતો અકબંધ મને યાદ છે,
વૃક્ષ પછી ડાળ પછી પંખીનો માળો,
ને ઉપર આકાશ જેવો સાદ છે.
મૂળમાંથી ફૂટે ને ટોચ લગી જાય
એવી લાગણીને કેમ રે ઉવેખીએ,
ઝાકળ શી જિંદગીને પાનની લીલાશ પરે
ચાલ સખી એક વાર મૂકીએ...
ચાલ સખી પાંદડીમાં ઝાકળના ટીપાની
જેમ ફરી જિંદગીને મૂકીએ...

સુગમ સંગીતમાં અભિરુચિ ન હોય એવા ભાવકો પણ જો એક વખત આ ગીત સાંભળશે તો એ પણ આ સ્વરાંકનથી અભિભૂત થશે જ. ગીતના શબ્દો પ્રમાણેના ભાવસંવેદન અનુભવતા ગાયક અમર ભટ્ટે દર્દિલ સ્વરે આ ગીત ગાયું છે. વાંસળી, સીતાર, બેઈઝ ગીટાર, તબલાં, સાઈડ ઈફેક્ટસ, બેરેક્સ અને બેકગ્રાઉન્ડમાં સ્વરાંકનને સભર કરતા હાર્મોનિયમના 'ભરતી સ્વરો' આપણને સમાધિ સ્થિતિમાં લઈ જાય છે. પોતાના અન્ય વ્યવસાયના અતિ રોકાણોને કારણે અમર ભટ્ટ સુગમ સંગીતક્ષેત્રે હવે ઓછો સમય આપી શકે છે એ આપણી કમનસીબી છે.

અંજલિ :
આ સવાર આજ કાં આટલી અધીર
કોઈ કહેણ લઈ સાંજનું, જાય છે સમીર
પંખી નથી એની કોણ જાણે પીર !
આયખાંને મળી છે ઝૂરવાની લકીર !





## લોકસંત ગોરખનાથજીની પ્રાચીન રચનાને સુગમ સંગીતનો સ્વરદેહ

ગુજરાતી કાવ્યસંગીત એટલે કે સુગમ સંગીતનો પ્રારંભ ક્યારથી, ક્યાંથી થયો હશે ? એવા પ્રશ્નો ક્યારેક મનમાં સળવળે ત્યારે ઝાઝી માથાકૂટ કે લમણાઝીંક કે લાંબી ચર્ચાઓમાં ન પડતા હૈયે ઊગે એવો જવાબ મળે છે કે નરસિંહ મહેતા આપણા ગુજરાતી ભાષાના પરમ ભક્ત-કવિ-ગાયક-સાધકનું સ્મરણ તરત થઈ આવે. સાચ્ચે જ નરસિંહ મહેતા આપણો એક એવો સંગીતજ્ઞ કવિ છે કે એમણે જે પદ-ભજન-પ્રભાતિયાં વગેરે જે કાંઈ લખ્યું તે સ્વરાંકન સહિત એટલે કે જે તે રચનાના, ગાવના ઢાળ સાથે જ અવતરિત થતી હતી. એટલે સુગમ સંગીત કે કાવ્યસંગીતનો આપણે ત્યાં નરસિંહ મહેતાથી પ્રારંભ થયો હોય એમ માનવામાં કાંઈ બહુ મોટું જોખમ નથી. જોકે સંશોધકો-વિવેચકો-ઈતિહાસકારોના મંતવ્યો, એ અંગે જુદા હોઈ શકે ! એ જે હોય તે પણ આજે પણ જ્યારે જ્યારે 'ગવાતી કવિતા'ની વાત થાય ત્યારે ત્યારે તરત જ હોઠે - હૈયે જે નામ સહજ આવી જાય તે છે ભક્ત કવિ - ગાયક નરસિંહ મહેતા. તમે અનુભવો તો ખરા કે આ કવિ હજુ આજે પણ ઘેર ઘેર ગવાય છે, સંભળાય છે, સમજાય છે. નરસિંહ ભગતના કાવ્યોની અને એના ઢાળોની મજા એ જ છે કે આપણે સૌ એ સરળતાથી ગાઈ શકીએ છીએ, યાદ રાખી શકીએ છીએ.

મધ્યકાલીન સાહિત્યજગતના આવા તો અન્ય સર્જકોની પણ આ સંદર્ભે આપણે વાત કરી શકીએ. જેમ કે દયારામ, મીરાં, નાનક, કબીર, તુકારામ, જ્ઞાનેશ્વર, પ્રેમાનંદ, અખો, ભોજા ભગત, દાસ સતાર, દાસી જીવણ, ગંગાસતી વગેરે વગેરે. આપણે તો ચોખ્ખી નિસ્બત હોય તો કાવ્યરચનાના સ્પર્શતા ભાવની અને એના સ્વરાંકન (ઢાળ)ની કે એના લોકભોગ્ય લોકઢાળની. આજે લખાતી

કવિતા એ કેમ અલ્પાયુ હોય છે ? કેમ કે એમાં ગેયતા નથી અને વિચાર તો કરો સેંકડો વર્ષો - યુગો પહેલાં લખાયેલી કવિતા આજે જનજન હૈયે - કંઠે બેઠેલી છે. એનું કારણ શું છે ? એની ગેયતા. કોઈપણ કાવ્યરચના જો એ ગવાતી હશે - ગવાતી રહેશે તો એને ક્યારેય કાળનો ય કાટ નહિં લાગે ? તમે અનુભવ કરવો હોય તો કરી જો જો કે કોઈ 'ગવાતી વાત' હશે એ તમને વર્ષો સુધી યાદ રહી જાય છે કેમકે ગાયેલું આપણા ચિત્તમાં ચિરકાળ સુધી સંગ્રહાયેલું રહે છે. ને હવે તો વિજ્ઞાન દ્વારા પણ એ સાબિત થઈ ચૂક્યું છે કે કોઈપણ વાત-વિષય વસ્તુ જો ગેયસ્વરૂપમાં, માણસ સમક્ષ મૂકવામાં આવે તો એ ક્યાંય સુધી સ્મૃતિકોષમાં સચવાઈ રહે છે. દા.ત. ફિલ્મીગીતો, લોકગીતો, ભજનો, પ્રાર્થનાઓ, ઘરમાં ગવાતા કીર્તનો - ધૂનો - પદો વગેરે.

તો વાત માત્ર એટલી જ કે 'ગવાતી કવિતા'નો આપણે ત્યાં થવો જોઈએ એટલો સ્વીકાર હજુ નથી થયો. જો કે એનાથી આ કાવ્યસંગીતની પ્રવૃત્તિઓને કશું જ નુકશાન નથી. ઊલટું નુકશાન તો એ વાત ન સ્વીકારનારાને પક્ષે છે. એનો ભાવપક્ષ એટલો નબળો ! બીજું શું ? ખેર... વ્યર્થ વાદ - વિવાદમાં આપણને બિલકુલ રસ નથી. આપણને તો સંવાદમાં જ રસ છે. સંગીતનો ભાવક સંવાદી ન હોય તો જ નવાઈ ! આજે 'આચમન'ના આંગણે એક લોકસંત - કવિ ગોરખનાથજીની કવિતાનું ગાન કરવાની ઈચ્છા છે. મોટે ભાગે આ કવિની રચનાઓ લોકઢાળમાં, ભજનોના ઢાળમાં સાંભળવા મળે છે. પણ આપણા સુગમ-સંગીતના સ્વરકાર ક્ષેમુભાઈ દિવેટિયાએ ગોરખનાથજીની એક રચનાને સુગમસંગીતના સ્વરદેહથી મઢી છે અને પહાડી અવાજના ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાય પાસે આ રચના ગવડાવી છે. જો કે હવે તો પુરુષોત્તમભાઈ પણ, પોતાના કાર્યક્રમોમાં આ રચના ગાતા જ નથી ! કેમ કે એવા ભાવકો હવે ક્યાં ? પણ થોડાં વર્ષો પૂર્વે રાજકોટના એક કાર્યક્રમ વખતે મેં શ્રોતાગણમાં બેઠાં - બેઠાં જ બૂમ પાડીને આ રચના સંભળાવવાની ફરમાસ કરી'તી ત્યારે તે ખૂબજ રાજી થયા અને જાહેરમાં એ બોલ્યા કે 'આ રચના સાંભળવાની ફરમાસ આવે એ જ બતાવે છે કે સુગમ સંગીતના સાચા ભાવકો અહીં બેઠા છે' અને પછી પુરુષોત્તમ ઉપાધ્યાયે એયને... મુક્ત કંઠે... ગોરખનાથજીની આ રચના સંભળાવીને સૌને ન્યાલ ન્યાલ કરી દીધાં. એમના ઓડિયો સી.ડી. આલબમમાં પણ નથી એવી આ અ-પ્રાપ્ય





રચના છે. લ્યો, તમેય સાંભળો :

**હે, જી મનષા માલણી હો જી રે,**
**ગોરખ જાગતાં નર સેવીએ**

**જેને મળે નિરંજન દેવ...**
**પથ્થર પૂજ્યે હરિ મિલે તો**

**મૈ ભી પૂજું પહાડજી**
**વો હી પહાડ કી ચક્કી બનત હૈ**

**હે, જી... પીસ પીસ જગ ખાતજી**
**માલણ લાવી ફૂલડાં એ ધર્યા હરિની પાસજી**

**એ દેવમાં જો સાચ હોય તો હે, જી... કેમ ના આવે વાસજી...**

ક્ષેમુ દિવેટીઆના 'સંગીતસુધા' આલ્બમ સિવાય ક્યાંય આ રચના સાંભળવા નથી મળતી. દુર્લભ એવું આ સ્વરાંકન છે. આવા સ્વરાંકનોથી મારું ગુજરાતી સુગમ સંગીત સભર અને સમૃદ્ધ છે એનો જીવથીય વધુ વહાલો મને હરખ છે.

**અંજલિ :**

**તારાઓની પણ કંઈક કહાની હશે,**
**અંતરિક્ષની દુનિયા પણ સુહાની હશે**
**અમસ્તી નથી આકાશની જાહોજલાલી**
**જરૂર એ કોઈના પ્રેમની નિશાની હશે.**
**(અંતરિક્ષ યાત્રી સુનીતા વિલિયમ્સ પંડ્યાને અર્પણ)**

## ઓછા જાણીતા-પણ ખૂબ ગવાતા કવિ શુકદેવ પંડ્યાનું એક સણસણતું ગીત

ઘણી વખત સારી કવિતાઓ કે એના સારા સ્વરાંકનો આપણા સુધી પહોંચતાં હોતા નથી પણ ભયંકર વ્યસનની જેમ જો એકવાર એની આદત પડી જાય તો પછી ગમે ત્યાંથી, ખૂણેખાંચરેથી પણ આવી કૃતિઓ આપણને મળી જ જાય ! ગુજરાતી ભાષામાં, આપણી માતૃ ભાષામાં આવી તો ઘણી-ઘણીય માણવા જેવી, પામવા જેવી કવિતાઓ અને એનાં સ્વરાંકનો ધરબાયેલાં પડ્યાં જ છે ! આપણને માત્ર, આ સંગીતના નામે આજે ચોતરફ જે ઘોંઘાટ પિરસાઈ રહ્યો છે તેનાથી અળગા થઈને, આપણા લોહી જેવી જ આપણી ભાષા માટે આપણે ચિંતિત થવું પડશે, ખેવના કરવી પડશે અને અન્યને એમાં જોડતા કરવા પડશે ! તમે એક વખત પલાંઠી વાળીને આપણી કવિતા અને એનું ગાન સાંભળો તો ખરા ! તમને અલૌકિક-અદ્‌ભુત આનંદ મળશે. ગુજરાતી કાવ્યસંગીતની આપણી પાસે બહુ સમૃદ્ધ એવી પરંપરા છે. અન્ય ભાષાઓ આપણા જ્ઞાનના વિકાસ પૂરતી જ આવશ્યક છે. બાકી આપણે જ આપણી ‘ગળથૂથી’ની અને ‘ખોળા’ની ભાષાનો મહિમા નહીં સમજીએ તો પછી પસ્તાવાનો વારો આવવાનો જ !

ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રમાં નૈનેશ જાનીનું નામ એક સફળ સ્વરકાર તરીકે આદરપૂર્વક લેવાય છે. આ સ્વરકાર પોતે પણ ખૂબ સારા-સંવેદનશીલ ગાયક છે. એમણે કરેલાં સ્વરાંકનો આપણા કાવ્યસંગીતની અણમોલ વિરાસત છે. સુગમ સંગીત સ્વરૂપના લગભગ ગાયકોએ નૈનેશ જાનીના સ્વરાંકનો મોકળે કંઠે ગાયા છે.

નૈનેશ પાસે સુગમ સંગીત માટેની ઝીણી સ્વર સૂઝ તો છે જ પણ કવિતાને આત્મસાત કરીને એના ભાવસંવેદનને સ્વરપૂર્વક પ્રગટ કરવાની જબરી ગુંજાઈશ





આ સ્વરકારમાં મને અનુભવાય છે. કાવ્યને અનુરૂપ લય-તાલ અને સૂરોની ગૂંથણી એ એવી તો સ-ર-સ રીતે કરે છે કે એક વખત પણ જો એનું સ્વરાંકન સાંભળીએ તો વારંવાર સાંભળવાનું મન થાય એવો આ ગમતીલો સ્વરકાર છે.

ગુજરાતી કાવ્યપ્રદેશમાં ઓછા જાણીતા પણ સુગમ સંગીત ક્ષેત્રમાં ખૂબજ ગવાતા અને સ્વરકારોને આકર્ષતા કવિ શુકદેવ પંડ્યાનું નામ ‘આમ ભાવકો’ એ ઓછું સાંભળ્યું હશે ! આ કવિની કલમમાંથી એક દર્દ ટપકતું ગીત મળે છે અને એ ગીતને નૈનેશ જાનીના સ્વરાંકનનો સ્પર્શ મળે છે. નિશા ઉપાધ્યાય (કાપડિઆ) ક્યારેક-ક્યારેક એમના કાર્યક્રમોમાં આ દર્દિલ ગીત કરુણસભર સ્વરે રજૂ કરે છે. નિશા પાસેથી આ જ કવિનું એક અન્ય ગીત પણ માણવા જેવું છે. ‘ભીંતે ચીતરેલ રૂડા ગરવા ગણપતિ તમે બોલો આ મીંઢળ હું બાંધું ?’ એ પરણતી કન્યાના આંતરિક મનોભાવો-મનોમંથનોને તીવ્ર કારુણ્યથી પ્રગટ કરતું ગીત નિશા ઉપાધ્યાયના અવાજની શ્રેષ્ઠ પ્રસ્તુતિ છે. ‘વન્સમોર’ માટે ભાવકોને મજબૂર કરી દે એવું સંવેદનશીલ સ્વરાંકન એ નૈનેશ જાનીની ઉત્તમ સ્વરકાર તરીકેની ઓળખ છે. એ ગીત અને એનાં સ્વરાંકન વિશે ‘આચમન’માં ફરી ક્યારેક આચમનીશું. આજે તો કવિ શુકદેવજીનું આ ગીત માણો-મમળાવો :

**સૂરજ ડૂબે ને રોજ પીડા ઊગે,**
**મારા અત્તરિયા મહેલમાં**
**એક દિન આયખાનું ભાંગેલું સોણલું,**
**આવ્યું'તું ડગમગતી વેલમાં**
**દોમ દોમ સાહેબીમાં કંતાતી જાય,**
**જોને પૂણીની જેમ મારી કાયા**
**ભાલા વછૂટ્યાં તોય છોડીના છૂટે,**
**કાળજેથી કાઢવાની માયા**
**હવે કોણ આંસુ ઢાળે ને કોણ એને ઝીલે,**
**કે ફેર નથી મોરલા કે ઢેલમાં**
**મૂંગા મૂંગા મ્હારા આ મનડાની માલીપા,**
**લાખ લાખ વાત્યુંનાં ગામ**

**બીજું બધું બોલિયે આખો દી' ભલે,**
**એક બોલ્યું બોલાય નહીં નામ**
**નજર્યુંના સળિયામાં કેદ મારું આયખું,**
**કે ફેર નથી જીવતર કે જેલમાં**

વાતાવરણમાં ચો-તરફ વરસાદી માહોલ છે. વરસાદ આમ તો વિરહી જનોની ઋતુ છે. આ વિરહી વાતાવરણમાં આવું દર્દીલું ગીત અને એનું દર્દસભર સ્વરાંકન સાંભળવામાં-ગાવામાં જ અને મોકળે મને રડી લેવામાં જ મજા છે હોં..... !

**અંજલિ :**

**અહીં આભમાંથી વરસે છે શું !**
**કાલ સુધી તો વરસતી'તી કાળી લૂ !**
**હવે વરસે છે ઝરમર ઝરમર તું !**
**તો લે, ભીની ભીની ધરા બનું હું !**





## આમ તેમ ભટકતાં ચરણોને મંઝિલનું ઠેકાણું મળે તો ભયો ભયો..... !

શબ્દ અને સ્વરના સર્જન-સંયોજનમાં કોઈ ગેબી પ્રેરણા કે પરમતત્ત્વનો અણસાર મળે તો એ શબ્દ અને સંગીતની અનુભૂતિ કંઈક વિશિષ્ટ અને અલૌકિક જ હોય. આપણી ગુજરાતી કવિતામાં તો નરસિંહ મહેતાથી પ્રારંભીને આજ સુધીના સર્જકોના સર્જનોમાં આ પરમતત્ત્વની વાત ભિન્ન-ભિન્ન સ્વરૂપે પડઘાતી આવી છે. અર્વાચીન કવિતાઓમાં પણ આ ભગવદ્‌ભાવસંવેદન ઘણા કવિઓમાં આપણને અનુભવાય છે. મકરંદ દવે, સુંદરમ્‌, હરીન્દ્ર દવે, રાજેન્દ્ર શુકલ અને અન્ય ઘણા. સુંદરમ્‌નું ઉત્તર જીવન જ પછી તો શ્રી અરવિંદ અને શ્રી માતાજી-પોંડીચેરીના સાન્નિધ્યમાં જ પસાર થયું એ વાત સૌ કોઈ જાણે છે.

હરીન્દ્ર દવેની કવિતામાં આમ તો મુખ્યત્વે કૃષ્ણ-રાધા પડઘાય છે, લહેરાય છે. પણ આજની પેઢીના ભાવકોને એ ઓછી ખબર હશે કે હરીન્દ્ર દવેના આંતરમન-હ્રદયમાં સહજાનંદ સ્વામીનો ભગવો રંગ ઘૂંટાયો છે. સ્વામીનારાયણ (મૂળ) સંપ્રદાયના કેટલાય સંત-ભક્ત-કવિઓની ભક્તિધારાનો શબ્દરંગ હરીન્દ્ર દવેએ ઝીલ્યો છે. સહજાનંદ સ્વામીની પરંપરાના ઘણાય સંતોની ભક્તિછાયાનો આ કવિને સંસ્પર્શ થયો છે. 'ગુણાતીત પદો' એ શ્રેણીના ચાર પદોમાં આ ભક્તિભાવ હરીન્દ્રભાઈએ અધ્યાત્મપૂર્વક પ્રગટાવ્યો છે. એમાંય ચોથું પદ 'હું તો સ્વામી બોલું ને તમે સાંભરો છો' એ પદમાં તો આપણો લોકગીતનો લય-ઢાળ 'હું તો ઢોલે રમું ને હરિ સાંભરે રે' કેવો આબાદ રીતે ઝિલાયો છે. ગઢપુર-જૂનાગઢના મંદિરોના સ્થાન સંદર્ભો પણ આ પદમાં ઉલ્લેખાયા છે. તો 'સંત મળ્યા પછી સગપણ છૂટ્યાં, તંત તૂટ્યા બહુ ખાંત રે' એ ગીતમાં કવિનો આ સહજાનંદ સ્વામીનો સ્વામિનારાયણી રંગ અનુભવાય છે. હરીન્દ્ર દવેની ઘણીય રચનાઓમાં-

એના ભાવજગતમાં આ ભગવો રંગ આત્મઓળખના સ્તરે વિસ્તર્યો છે. જો કે સુંદરમ્‌ની માફક આ કવિ પછીથી માત્ર આધ્યાત્મક માર્ગી જ નથી બની રહેતા.

સંગીતજ્ઞ-સ્વરકાર-ગાયક દિલીપ ધોળકિયાના નામથી ભાગ્યે જ કોઈ ગુજરાતી જણ અજાણ હશે. યોગાનુયોગ એ રહ્યો કે દિલીપ ધોળકીયા પણ સ્વામીનારાયણ સંપ્રદાય અને સહજાનંદ સ્વામી મહારાજના રંગમાં રંગાયેલા છે. વર્ષો સુધી અને હજુ આજે પણ આ સંપ્રદાયના પદ-ભજન-કીર્તનો વગેરેનું સંગીતકર્મ-સ્વર નિયોજનકર્મ વગેરે બધું જ દિલીપ ધોળકિયા સંભાળી રહ્યા છે. 'તારી આંખનો અફીણી' એ વેણીભાઈ પુરોહિતની રચના કયો ગુજરાતી ભાવક ભૂલી શકે ?! એનું સ્વરાંકન તો આજે પણ સૌને ડોલાવી દે છે. કોઈએ એક વખત દિલીપભાઈને પૂછેલું કે "તારી આંખનો અફીણી" એ ગીતનું સ્વરાંકન કર્યું ત્યારે તમારા ચિત્તમાં કયો ભાવ હતો ? તરત જ આ સંગીતકારે કહ્યું 'આ ગીતના કમ્પોઝીશન (સ્વરાંકન) વખતે મારા ચિત્તમાં-હૃદયમાં શ્રી સહજાનંદ સ્વામી મહારાજની મૂર્તિ જ ઝળકતી હતી !' જો કે એ વાત જુદી છે કે જૂની ગુજરાતી બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ 'દીવાદાંડી'માં આ ગીતનું ફિલ્માંકન (પીક્ચરાઈઝેશન) જુદી જ અનુભૂતિ કરાવે છે.

કવિ અને સ્વરકાર-ગાયક બન્નેના ઊર્મિતંત્રમાં એક જ ભાવસંવેદન ઝીલાયું હોય અને પછી ભાવકો સમક્ષ એ પહોંચ્યું હોય ત્યારે જ આવી એક સુંદર શબ્દ-સ્વરરચનાની ઘટના ઘટે છે. હરીન્દ્ર દવેનું એ સહજાનંદીય રંગવાળું અને સ્વરકાર દિલીપ ધોળકિયાનું તો આ ભગવદ્‌ભાવને પૂર્ણ સમર્પિત એવું સ્વરાંકન, જે ખુદ દિલીપ ધોળકિયાએ જ ગાયેલું છે તે અસલ 'વર્જન' મારા સ્વરાંકન સંગ્રહાલયમાં સચવાયેલું છે. એટલું જ નહીં પરંતુ ખુદ કવિ હરીન્દ્રભાઈના અવાજમાં પઠન થયેલું આ ગીત પણ મારા 'રેર કલેક્શન' વિભાગમાં શોભે છે. હવે હે, ભાવક ! વાતમાં વધુ મોણ નાખ્યા વગર એ ગીત તમારી સન્મુખ પ્રસ્તુત કરી જ દઉં ! ખરુંને ? તો લ્યો, તમારા નયનો બંધ કરીને સાંભળો એ ગીત :





**તારી ઊતરેલી પાઘ મને આપ મારા સ્વામી,**
**મને ભગવા તે રંગ તણા ઓરતા,**
**મારા મૃગજળના ભાગ્યથી છોડાવ મારા સ્વામી,**
**મને ભગવા તે રંગ તણા ઓરતા.**
**કહે તો હું વીજનો ઝબકાર થાય એટલામાં,**
**છોડી દઉં દોર ને દમામ,**
**વેણ તારું રાખવા હું રાજપંથ છોડીને,**
**કાંટાળી કેડી લહું આમ,**
**થાળી લઈ રામપાતર આપ મારા સ્વામી,**
**મને ભગવા તે રંગ તણા ઓરતા.**
**ફૂલ ફૂલ ભમતી આ આંખોને એક વાર,**
**ઓળખાય તારું પારિજાત,**
**ઠેર ઠેર, ભમતાં આ ચરણોને ક્યાંક જઈ,**
**પહોંચવાનું ઠેકાણું આપ,**
**ભવનાં જાળાંને હવે તોડ મારા સ્વામી,**
**મને ભગવા તે રંગ તણા ઓરતા.**

૧૯૮૭માં લખાયેલું અને કદાચ એ જ અથવા એ પછીના વર્ષોમાં થયેલું આ સ્વરાંકન આજે તો કોણ સાંભળે ?! 'વીજનો ઝબકાર' એ પંક્તિમાં ગંગાસતી અને પાનબાઈનો સંદર્ભ આપણને સહજ સાંભરી આવે. તો થાળી લઈને રામપાતર જેવું પર્ણનું પાત્ર માંગીને કવિ ભૌતિકતા અને આધ્યાત્મિકતાની વાત કેવી તો પ્રતીકાત્મક રીતે હળવેથી કહી દે છે ! આવા સુંદર ભાવગીતને સ્વરદેહ આપીને ખૂબ ભક્તિભાવભર્યા કંઠે રજૂ કરતા મુરબ્બી-વડીલ દિલીપભાઈ ધોળકિયાને હૃદયપૂર્વક ભાવવંદન અને કવિ હરીન્દ્રભાઈને મૌન શબ્દવંદન...

**અંજલિ :**

**હુંય આવું તારી કને તું ન બોલાવે તો પણ !**
**મારગમાં કેટલું આડું અવળું છે આમ તો જો પણ !**
**આંખ મીંચુંને દેખાયને થાય કે તું હો પણ.**

# પાંદડાની લીલપને હોઈ શકે એટલો આપણો આ ઘરથી સંબંધ !

'આચમન'ની આ શબ્દ-સ્વરયાત્રામાં જેમ જેમ આગળ જવાય છે તેમ તેમ 'આચમન'ના પ્રેમી ભાવકો - શબ્દ - સ્વરની વાતોને ઝીણવટથી પકડનાર ઘણા વાચકમિત્રો ફોનથી, પત્રથી કે હરુભરુ મળીને પોતાનો રાજીપો વ્યક્ત કરે છે અને ઘણીય વખત 'આચમન'માં થતાં સંદર્ભદોષ, (માહિતીદોષ) કે મુદ્રણદોષ તરફ કાન પકડીને આંગળી પણ ચીંધે છે ! એનાથી મજા આવે છે. આનંદ તો એ વાતનો થાય છે કે આજકાલ સંગીત - કવિતાના નામે જે ઘોંઘાટ - કોલાહલ પિરસાઈ રહ્યો છે એવા વાતાવરણમાંય, ગુજરાતી સુગમ સંગીતની વાત વાંચનારા સાંભળનારા અરે 'આચમન'માં પ્રગટેલી વિગતને આધારે કેસેટસ-સીડીઝ મેળવવા માટે થનગનતા ભાવકોનો ભેટો થાય છે ત્યારે મોજ પડી જાય છે ! અને એમ પણ થાય કે ચાલો, 'આચમન'ના માધ્યમથી ગુજરાતી કાવ્ય સંગીતની 'ચપટીક' સેવા થાય તોય ઘણું !

જૂનાગઢના મળવા જેવા માણસ અને સાચા ભાવકબંધુ હેમંતભાઈ નાણાવટીએ હમણા જ ફોન ઉપર એક સરસ સંદર્ભ - સંવાદ કરીને અને મારા એક લેખમાં રહેલા સંદર્ભદોષ તરફ ધ્યાન ખેંચીને મારી ક્ષતિ સુધારી તે ખૂબ જ ગમ્યું. વાત જાણે એ હતી કે 'આચમન'ના મારા એક લેખમાં દિલીપ ધોળકિયાના એક સ્વરાંકનની વાત સાથે, ગુજરાતી ફિલ્મ 'દીવાદાંડી'ના સુપ્રસિદ્ધ ગીત 'તારી આંખનો અફીણી' વિશે મેં થોડોક સંદર્ભ આપેલો. એ સંદર્ભ સાચો ન હતો ! એ હેમંત નાણાવટીએ ઝીણી આંખે અને સરવા કાને ઝીલી લીધેલું જ હોય ને ! એટલું જ નહિ પણ પોતે જાણેલા સંદર્ભ - સાચા સંદર્ભની પુનઃ ખરાઈ કરવા માટે એમણે મુંબઈ ફોન કરીને સ્વરકાર દિલીપ ધોળકિયા સાથે લાંબી પૂછપરછ પણ કરી અને





જ્યારે દિલીપકાકાએ એ સંદર્ભને સમર્થન આપ્યું પછી જ મને ફોન કરીને મારા એ સંદર્ભદોષ તરફ પ્રેમપૂર્વક ધ્યાન દોર્યું. આટલું - આવું ઝીણું ધ્યાન રાખનારા હેમંતભાઈને વંદન ! એ લેખનો સાચો સંદર્ભ આમ છે. ગુજરાતી બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ 'દીવાદાંડી'માં હીરો તરીકે સંજીવકુમાર નહિ પણ અરવિંદ પંડ્યા હતા. બીજું એ કે 'તારી આંખનો અફીણી' એ ગીત, એ ફિલ્મમાં દિલીપ ધોળકીયાએ માત્ર ગાયું હતું. જ્યારે એનું સ્વરાંકન અજિત મર્ચન્ટનું છે. અને હેમંતભાઈએ વિશેષ જાણવા જેવી માહિતી એ આપી કે 'દીવાદાંડી'ની પ્રિન્ટ હાલ ક્યાંય પ્રાપ્ત નથી. કહેવાય છે કે એક આગ-અકસ્માતમાં 'દીવાદાંડી'ની પ્રિન્ટ સળગીને નાશ પામી છે. આમ આ આચમનીય શબ્દસ્વરયાત્રામાં હેમંત નાણાવટી જેવા કલાભાવક અને ઉપલેટાનો કોલેજ યુવક કૃણાલ ભટ્ટ, તો સુરેન્દ્રનગરના અપરિચિત - એટલે કે જેને રૂબરૂ નથી મળાયું પણ ફોનના માધ્યમથી સતત મળતા રહે છે તે ભાવક તુષાર શુકલ વગેરે જેવા આત્મીય મિત્રો થકી મને હોંશ મળતી રહે છે.

આજે જૂનાગઢના હેમંત નાણાવટીના સ્નેહભાવને યાદ કરીને એ જ જૂનાગઢ - નાગરનરસૈંયાની નગરીના આપણા એક ધારદાર કવિ મનોજ ખંડેરિયાને યાદ કરવાનું મન થયું છે. ગઝલ અને મનોજ ખંડેરિયા પર્યાય છે. પણ બહુ ઓછા ભાવકો - વાચકોને ખબર હશે કે આ ગઝલશ્રેષ્ઠી કવિએ, પ્રારંભે કેટલાંક ગીતો પણ આપ્યાં છે અને સુંદર-સફળ ગીતો આપ્યાં છે. એમનાં ગીતો તરફ આપણું ધ્યાન સ્વાભાવિક રીતે જ ઓછું ગયું છે, કેમ કે પછી તો ગઝલ સ્વરૂપમાં જ પોતાનું આયખું ઓળઘોળ કરી દીધું ! મનોજ ખંડેરિયાનું એ માણવા મમળાવવા જેવું ગીત છે. ગીતનું સ્વરાંકન - ગાયક - સ્વરકાર સુરેશ જોશીનું છે. મુંબઈ ખાતેના 'ઘર મહેફિલ' કાર્યક્રમ - એટલે કે સુગમ સંગીતની એક અંગત બેઠક પ્રોગ્રામની ઓડિયો કેસેટ મને સુરેશ જોશીએ જ વર્ષો પૂર્વે આપેલી તેમાં આ યુગલ સ્વરાંકન સાંભળવા મળે છે. સુગમ સંગીતક્ષેત્રના જાણીતા ગાયિકા રેખા ત્રિવેદી અને ખુદ સ્વરકાર ગાયક સુરેશ જોશીના યુગલ સ્વરે ગવાયેલું, મનોજ ખંડેરિયાનું આ ગીત ખરેખર અદ્‌ભુત ગીત છે અને કવિની ભાવ સંવેદનાની લગોલગ પહોંચતું એનું સ્વરાંકન છે. સુરેશ-રેખાની સ્વરાંકનપ્રસ્તુતિની સાથે વાદ્યસંગતમાં બાબુલાલ ગાંધર્વે બેલાબહરની સ્વરભરતી એવી તો ગજબ રીતે કરી છે કે આખ્ખું ગીત આપણી છાતીમાં કણસ્યા કરે અને અનુભૂતિની પીડા કરાવે.

હાર્મોનિયમ, બેલાબહાર, તબલાં અને સાઈડ ઈફેક્ટસ્ બસ આટલા જ વાદ્યો સાથેનું મનોજ ખંડેરિયાનું સાવ અજાણ્યું એવું આ ગીત આવો, તમેય સાંભળો અને શબ્દ સાથે સ્વરસંવેદનાનેય પામો :

**કાંચળી ઉતારીને સાપ સરી જાય**
**તેમ આપણેય સરવાનું ઘાસમાં**
**એકા'દી ક્ષણ કોઈ સરકે છે ખેસવીને**
**વરસોના રાફડાની ધૂળ**
**ઝંખનાની પાંદડીની વચ્ચેથી ઊઘડે છે**
**વીતકના મોગરાનું ફૂલ !**
**હોવાના રંગ જરી જાય બધા નિઃશ્વાસે**
**આપણે સુવાસ લિયે શ્વાસમાં.....**
**આપણે ન આંગણાનો તુલસીનો ક્યારો કે**
**આપણે ન ભીંત ઊભી અંધ !**
**પાંદડાની લીલપને હોઈ શકે એટલો જ**
**આપણો આ ઘરથી સંબંધ !**
**ખેરવેલા પીંછાની ઊંડી લઈ વેદના**
**પંખી તો ઊડતું આકાશમાં**
**કાંચળી ઉતારીને સાપ સરી જાય તેમ**
**આપણેય સરવાનું ઘાસમાં.**

જીવથી ય વ્હાલેરા - નામેરી કવિ મનોજભાઈના આ ગીતના સ્વરાંકન વિશે સહેજેય વિવેચનાની જરૂર નથી જ. આ ગીત યાદ આવવાનું કારણ જ હેમંત નાણાવટી છે. હેમંતભાઈ, સુરેશ જોશીનું આ 'મનોજીયગીત' તમે સાંભળ્યું છે ? જો ન સાંભળ્યું હોય તો આવો મારા 'સુગમસંગીતાલય' માં !





## રાહ જોવાના તોરણ લટકાવી
## દરવાજે કોઈ રાહ જોતું હોય ત્યારે......

અમરેલી નગરની કોઈપણ વાત આવે એટલે તરત જ આપણો વહાલેરો - મુઠ્ઠી ઊંચેરો માનવી - કવિ ર.પા. યાદ આવે, આવે ને આવે જ. ખરેખર ગુજરાતી ભાષા કાયમ અમરેલીની ઋણી રહેશે. રમેશ પારેખ એક સામાન્ય પરિવારમાં અવતરિત થયેલું અસામાન્ય - અણમોલ વ્યક્તિત્વ હતા. રમેશભાઈ આજે ભલેને સદેહે આપણી આસપાસ નથી પણ એણે કંડારેલી કવિતાની કેડી આજે તો રાજમાર્ગ બનીને વિકસી રહી છે. એનો પડઘો-પડછાયો આજના જુવાન કવિ પ્રણવ પંડ્યા સુધી વિસ્તર્યો છે. ર.પા.ને જેમ મીરાં પંડ્યમાં આવતા એમ પ્રણવનેય ર.પા. પંડ્યમાં આવે તો કેવું ?

વાત કરવાનું મન છે અમરેલીના જ એક, ઘેઘૂર ગીતો લખનારા કવિ લાલજી કાનપરિયાના એક ગીત વિશેની. લાલજી કાનપરિયાએ ગુજરાતી સાહિત્યને ઉત્તમોત્તમ ગીતોની ભેટ ધરી છે. 'આવી આવી શબ્દોની વણઝાર, જાજમ પાથરજો' એમ કહીને કવિતાકુંવરીના સ્વાગત માટે હંમેશ તત્પર આ કવિના ગીતોમાં ધરતીનો ધબકાર અને આકાશનું ઐશ્વર્ય છે. અમરેલીના આ કવિ પણ કાવ્યસંગીતના પથ પર સતત ગવાતા કવિ છે. જૂના - નવા કેટલાય સ્વરકારોએ લાલજી કાનપરિયાના ગેયાત્મક ગીતોને સ્વરદેહ આપ્યો છે. એમના ગીતોમાં ગેયતાનો લય સહજ રીતે અને લોકઢાળીય પરિવેશમાં પણ સરસ રીતે ઘૂંટાય છે. ગુજરાતી સાહિત્યના અધ્યાપક તરીકે કાર્યરત રહીને આ કવિએ અસંખ્ય વિદ્યાર્થીઓમાં સાહિત્ય અને આપણી માતૃભાષાનું અધ્યયન - કરાવ્યા બાદ નિવૃત્તિમાં ગુજરાતી ગીતોનો મબલખ ફાલ એમની કલમમાંથી વરસાવ્યો છે. ગુજરાતી સાહિત્યના લગભગ સામયિકોમાં એમની ગીતધારા પ્રકટ થતી રહે છે. કાઠિયાવાડની ધરતી અને ખાસ તો અમરેલીની ધૂળમાં મ્હોરતી લાલજી કાનપરિયાની કલમમાં ગીતત્વ-લયત્વ-ગેયત્વ સાથે અવતરે છે.

આ કવિનું એક ઓછું જાણીતું - જૂનું ગીત માણવા જેવું છે. ભલે એમાં છે વિરહની વ્યાકુળતા, પણ દર્દનેય મોજથી ગાવાની એક અલગ મજા છે. 'આ વાદ્યને કરુણગાન વિશેષ ભાવે'ની જેમ આ ગીતમાં પણ વ્હાલમની રાહ જોતી વિરહિણીની વ્યાકુળતા તારસ્વરે પ્રગટે છે. સુગમ સંગીતના સમર્થ સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાયના ઘૂંટાયેલા - દર્દીલા સ્વરમાં આ ગીત આત્મસાત્ કરવાનો લહાવો લેવા જેવો છે. જો કે પુરુષોત્તમદાનું આ સ્વરાંકન પણ 'રેર કમ્પોઝીશન' (અલભ્ય સ્વરાંકન) છે. ભાગ્યે જ સાંભળવા મળે છે. મારા સ્વરસંગ્રહાલયની ઓડિયો કેસેટમાંથી આ ગીત મને હાથ લાગ્યું અને કંઠવગું પણ થયું. કોઈ સુગમ સંગીતની લાઈવ બેઠકમાં કેટલાય વર્ષો પૂર્વે પુરુષોત્તમ ઉપાધ્યાયે ગાયેલું, આપણી ધરતીના સાચા કવિ લાલજી કાનપરિયાનું આ વિરહગીત તમેય કાન દઈ સાંભળો :

**સાંજ પડી ઘર આવો બાલમ, પંથ ખડી ઘર આવો બાલમ**
**વાદળીઓ રમતી અલબેલી, આભ ચડી ઘર આવો બાલમ**
**નીડ ભણી વળતાં પંખી, પાંખ ચઢી ઘર આવો બાલમ**
**ઠાકુર દ્વારે ઝાલર વાગે, શુભ ઘડી ઘર આવો બાલમ**
**નજર્યુંના તોરણ લટકાવી, દ્વાર ખડી ઘર આવો બાલમ**
**પાંપણ પરથી સાચા મોતી, જાય દડી ઘર આવો બાલમ**

પુરુષોત્તમભાઈનું આ હૃદયસ્પર્શી સ્વરાંકન એમના જ સ્વરમાં માણીએ છીએ ત્યારે એક સ્વરચિત્ર મનમાં રણઝણી જાય છે. કાલિદાસનાં 'મેઘદૂત'નો ભાવસંદર્ભ પણ સહેજ અલગ રીતે આ ગીતમાં વ્યક્ત થાય છે. કોઈની રાહ જોતાં - જોતાં પાંપણ પરથી દડી જતાં આંસુ જ્યારે સાચાં મોતી બની જાય ત્યારે આ વિરહીની વેદના તીવ્ર બને છે. આવા નખશિખ ગેયસભર ગીતો માટે આપણે આપણા કવિને અભિવંદીએ અને પુરુષોત્તમદાને પણ આવું દર્દીલું સ્વરાંકન આપવા માટે સ્વરવંદન !

**અંજલિ :**

**મોજ સે હમ જીતે હૈં, રોજ હમ ચલતે હૈં**
**કભી તો કોઈ મિલેગા રાહ મેં, ખોજ હમ કરતે હૈં**
**યે નહિ કી જખમ નહિ હમે મિલતે હૈં,**
**બોજ હંસકર વો હમ રોજ સહતે હૈં**





## મથુરાથી એકવાર માથે મુકીને
## કોઈ લાવ્યું'તું વાંસળીના સૂર.....

શ્રીકૃષ્ણનો જન્મદિવસ નજીક આવી રહ્યો છે. આપણી ભારતીય સાહિત્યમાં ભાગ્યે જ અન્ય કોઈ એવા ભગવાન હશે જેના શ્રીકૃષ્ણ જેટલા પર્યાયનામો હશે! આપણા નટખટ નંદકિશોરના તો પાર વગરના-પારાવાર પર્યાયનામો છે. 'હરિ, તારા નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી'ની જેમ કાનુડાનાં હજાર નામ છે. આ વ્હાલુડો/પ્યારો કાનુડો હજ્જારો યુગો પછી આજે પણ એટલો જ લોકપ્રિય ઈશ્વર છે. આજે એકવીસમી (કે વીસમી !) સદી તરફ આ આપણો યુગ પ્રસ્થાન કરી રહ્યો છે ત્યારે ય પણ હજુ કૃષ્ણનાં પર્યાય નામે, ભારતીય પરિવારોમાં જન્મતા બાળકોના નામો પડી રહ્યા છે. કોઈપણ ગામ, નગર કે શહેરમાં તમે તપાસ કરો તો 'કિશન' નામના અસંખ્ય માણસો તમને મળી આવશે જ ! આપણી ભારતીય કાવ્ય અને સંગીત/નૃત્યની પરંપરામાં તો કૃષ્ણ અજોડ છે. કોઈએ સાચું જ કહ્યું છે ને કે "કાના બિના નહીં ગાના" જો કે હાસ્યરસિકો તો એ જ ઉક્તિ પરથી એમ પણ કહે "ખાના બિના નહીં ગાના" ! અઢી અક્ષરનો પ્રેમ સમજવો અઘરો લાગે ત્યારે બીજું બધું એક તરફ મૂકી દઈને કૃષ્ણનું શરણ સ્વીકારી લેવું. સમગ્ર મનપ્રદેશ એને હવાલે જ કરી દેવો. જૂનાગઢના વિરલ-અનામી સંત પૂ. રાધેશ્યામજી મહારાજ ગાતા હતાં 'મન આજ બસી છબી મોહન કી, મનમોહન કી દિલ ચોરન કી.'

ગુજરાતી ગીત કવિતાઓમાં તો કૃષ્ણ ખૂબ ફૂલ્યોફાલ્યો છે. તો ગુજરાતી સુગમસંગીત-ભક્તિસંગીત વગેરેમાં પણ કૃષ્ણગાન આજેય તારસ્વરે થઈ રહ્યું છે. આપણા કેટલાય કવિઓને તો કૃષ્ણ હૃદયવગો હતો. માધવ રામાનુજની અસંખ્ય કવિતાઓમાં આ કૃષ્ણ પડઘાય છે, લ્હેરાય છે. સ્વરાય છે, ગવાય છે. આજે, આવનારા કૃષ્ણ જન્મદિવસની સાક્ષીએ કવિ માધવ રામાનુજનું એક ભાવસભર-

અત્યંત સુંદર ગીત ખુલ્લા ગળે (પરેશ ભટ્ટની જેમ જ સ્તો !) ગાવાનું મન થયું છે. આ ગીત આપણા લાડીલા સ્વરકાર-ગાયક (સ્વ.) પરેશ ભટ્ટના સ્વરમાં જ સાંભળવું ગમે એવું જબરદસ્ત સ્વરાંકન છે. ગુજરાતી સુગમ સંગીત જેની નસનસમાં અને લોહીના પ્રત્યેક કણકણમાં પ્રસરી ગયું હોય એ ભાવકો પાસે જ પરેશનું આ સ્વરાંકન સચવાયેલું હશે જ ! હવે તો આકાશવાણી રાજકોટ કેન્દ્ર પણ ક્યારેક ક્યારેક પરેશ ભટ્ટના સ્વરાંકનો-એના જ સ્વરમાં પ્રસારિત કરે છે. એક સાચુકલો સ્વરકાર, જેની પાસે શબ્દ અને સ્વરની ઝીણામાં ઝીણી સૂઝ હતી એ આપણી પાસેથી જલદી છીનવાઈ ગયો. પણ આજેય સ્વર્ગમાં ખુદ કૃષ્ણની સામે જ હાર્મોનિયમ લઈને પરેશ ભટ્ટ, માધવ રામાનુજનું આ ગીત મુક્ત કંઠે, માથું ઊંચું અને આંખો બંધ કરીને અદ્‌ભુત સ્વરતન્મયતાથી ગાતો હશે :

**એકવાર યમુનામાં આવ્યું'તું પૂર**
**મથુરાથી એકવાર માથે મૂકીને કોઈ લાવ્યું'તું વાંસળીના સૂર**
**પાણી તો ધસમસતાં વહેતાં રહેને એમ ગોકુળમાં વહેતી થઈ વાતો**
**આમ કોઈ પૂછે તો કહી ન શકાય અને આમ કોઈ ભવભવનો નાતો**
**ફળિયામાં, શેરીમાં, પનઘટ કે હૈયામાં બાજી રહ્યાં છે નૂપુર**
**એકવાર યમુનામાં આવ્યું'તું પૂર.....**
**ઝૂકેલી ડાળી પર ઝૂક્યું છે આભ કંઈ જોવામાં થાય નહીં ભૂલ**
**એવું કદંબવૃક્ષ મહેકે છે ડાળી પર વસ્ત્રો હશે કે હશે ફૂલ**
**પાણી પર અજવાળું તરતું રહે ને સહેજ આંખોમાં ઝલમલતું નૂર**
**એકવાર યમુનામાં આવ્યું'તું પૂર.....**
**કાંઠો તો યમુનાનો પૂનમ ગોકુળિયાની વેણ એક વાંસળીના વેણ**
**મારગ તો મથુરાનો અને પીંછું તો મોરપીંછ નેણ એક રાધાનાં નેણ**
**એવાં તે કેવાં હો કહેણ તમે આવિયા કે લઈ ચાલ્યા દૂર દૂર દૂર.....**
**એકવાર યમુનામાં આવ્યું'તું પૂર.....**

પરેશ ભટ્ટનું આ અવિસ્મરણીય સ્વરાંકન પરેશ પછી ઘણા સ્વરકારો-ગાયકો ક્યારેક-ક્યારેક ગાય છે પણ પરેશ જેવી ભાવસંવેદના પ્રગટ નથી કરી શકતા. અમદાવાદના શ્યામલ-સૌમિલ મુનશીની 'હસ્તાક્ષર' શ્રેણીમાં શ્યામલે આ ગીત





ગાયું છે. શ્યામલે ગાયેલા આ ગીતમાં સંગીત નિદર્શન અને કોરસ પ્રસ્તુતિ સરસ છે પણ તોય કશુંક ખૂટતું જરૂર અનુભવાય છે. પરેશની શરીરી વિદાય પછી થોડાક વર્ષો એની સ્મૃતિમાં કાર્યક્રમો થયા અને હવે તો ક્યાંક ક્યાંક ખૂણેખાંચરે એની પુણ્યતિથિ નિમિત્તે કાર્યક્રમો થાય છે. એમાં પણ પરેશનાં સ્વરાંકનોની ઝીણી સ્વરતીવ્રતા કે સ્વરસંવેદન સમજ્યા-પામ્યા વગર એના સ્વરાંકનો રજૂ થાય છે ત્યારે દિલને ભારે ચોટ લાગે છે. પણ આપણે શું કરી શકીએ ? જો કે પરેશને યાદ કરવો પડે એવું છે જ નહીં કેમ કે એ ભુલાયો જ નથી. આજની પેઢીના ગાયકો-સ્વરકારોએ પરેશના સ્વરાંકનોમાં ડૂબી જઈને તેના સ્વરોને આત્મસાત કરવા જેવું છે. સુગમ સંગીતના નામે ઘોંઘાટ પિરસાતો હોય ત્યારે પરેશને અને એના રૂડાં સ્વરાંકનોને સ્વરદંડવત્ સાથે કહેવાનું મન થાય છે કે પરેશ એટલે સ્વરેશ...!

**અંજલિ :**

**વરસતા વરસાદમાં ભીંજાવું ગમશે મને**
**તારી તરસમાં તણાવું ગમશે મને**
**ઉદાસ આંખોમાંથી નીતરે છે દર્દ કેટલું**
**ભાગ આપ તો ભાગીદાર થવું ગમશે મને.**

# સુગમ સંગીતની સ્વર મઢુલીમાં સ્વરારૂઢ કવિ દુલા ભાયા કાગ

આપણી કાવ્યસંગીતધારાઓમાં ઘણી વખત સ્વરકાર દ્વારા એવા એવા નવા-અવનવા સ્વરપ્રયોગ થતા હોય છે જે ક્યારેક માઈલસ્ટોન રૂપ બની જાય છે. લોકસંગીતની તરજો આમ તો પ્રત્યેક પ્રજાના કંઠમાં સચવાયેલો અણમૂલ વારસો છે. આપણો સુગમ સંગીતનો સ્વરકાર ઘણી વખત પોતાની સ્વરકૃતિમાં એટલે કે સ્વરાંકનોમાં આ આપણા લોકઢાળોનો સરસ ઉપયોગ કરીને એક નવું જ સ્વરાંકન કરતો હોય છે પણ અન્ય અતિ પ્રસિદ્ધ-અતિ પ્રચલિત સ્વરાંકનોની છાયામાં આવા કેટલાક શ્રવણીય સ્વરાંકનો આપણા કાન સુધી પહોંચતા નથી હોતા, એટલે આવા 'રેર કમ્પોઝીશનો'થી આપણો આજનો ભાવક વંચિત રહેતો હોય છે. જો કે ઝીણા કાને સાંભળવાની અને ગવાતી કવિતાની ખાંખાખોળ પ્રવૃત્તિ હોય તો આ પ્રકારના ખૂણે ધરબાઈ ગયેલા સ્વરાંકનોની પણ મોજ માણી શકાય છે, પણ એને માટે તો ઊંડી કાવ્યસંગીત પ્રીતિ અને પ્રતીતિ જોઈએ ખરું ને ?

આપણા ગુજરાતના એક સમર્થ સ્વરકાર અને ગાયક સંજીવ મુનશીનું નામ કાવ્યસંગીતના વિશ્વમાં જાણીતું છે. હાલ તો અમેરિકામાં જ સ્થાયી થયેલા સંજીવ-ગીતા મુનશી આ સ્વરદંપતીથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. થોડાં વર્ષો રાજકોટ દૂરદર્શન ખાતે સંગીતનિર્માતા તરીકે કાર્ય કરી ગયેલા સંજીવ મુનશીના સફળ સ્વરાંકનો આજની ઉદિત અને પ્રતિષ્ઠિત ગાયક પેઢી અવારનવાર પ્રસ્તુત કરે છે. અરે, ઘણી વખત તો ગાનાર ગાયકને પણ 'આના સ્વરકાર સંજીવ મુનશી છે' એનોય ખ્યાલ નથી હોતો તોય એનાં સ્વરાંકનો તો પ્રસ્તુત થતાં જ રહે છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતના ઘણાય સુગમ સંગીત રસિકજનોએ આ ગાયક બેલડીના સ્વરાંકનો માણ્યા છે. એમાંય ગીતા મુનશીએ ગાયેલા 'રસગગન ગુફામેં અજર જરે' અને 'રે, મન મૌલા જાને ગુજર ગઈ ગુજરાન રે.....' આ બે સ્વરાંકનો





તો આજેય એટલા જ તાજા અને સ્વરસભર છે. રાજકોટ-અમદાવાદના નિવાસ દરમિયાન સંજીવ મુનશીએ ઘણાય નવોદિત ગાયકોને સુગમ સંગીત માટેની દિશા અને દીક્ષા આપી છે. અને હવે અમેરિકામાં બેઠાં-બેઠાં પણ સંજીવ-ગીતા મુનશી આપણી યશપ્રતિષ્ઠિત ગુજરાતી કાવ્ય સંગીતની યાત્રાનો પ્રચાર પ્રસાર કરી રહ્યા છે એ સૌ ગુજરાતીઓ માટે ગૌરવરૂપ વાત છે.

કવિના શબ્દની આરપાર જોવાની અને કવિના શબ્દનો ધ્વનિ પામવાની સમર્થતા એ પ્રત્યેક સફળ સ્વરકાર માટે આત્મપ્રતીતિ અને સૂરપ્રતીતિનો વિષય છે. સંજીવ મુનશી પાસે આ કાવ્યના શબ્દને સ્વરસભરતાથી પામવાની એક સૂક્ષ્મ દૃષ્ટિ રહી છે. એ કોઈ પણ ગીત, ગઝલ, ભજન કે સ્તુતિને સ્વરોથી સ્પર્શે ત્યારે કાવ્યનું સૌંદર્ય તો નિખરે જ છે પણ સાથે સાથે એના સ્વરાંકનોનો સ્વરજાદુ પણ આપણને સ્વરસંમોહિત કરે છે. સંજીવભાઈના નરસિંહ-કબીરના પદોનાં સ્વરાંકનો આજેય હોંશે હોંશે ગવાય છે. વળી આ સ્વરકારને અન્ય ઉત્તમ સ્વરાંકનો પ્રસ્તુત કરવાનો પણ કોઈ છોછ નથી. સાચો સ્વરકાર એ જ કહેવાય કે જે પોતાના ઉપરાંત અન્ય સ્વરકારોના ય સમર્થ-સફલ સ્વરાંકનો પણ પ્રસ્તુત કરે. જો કે સુગમ સંગીતક્ષેત્રે આવું ઓછું બને છે.

મારા 'સ્વરસદન'માં તો સંજીવ મુનશીના અસંખ્ય સ્વરાંકનો સચવાયાં છે અને એને હું આપણા ગુજરાતી કાવ્ય સંગીતની અનેરી-મોંઘીમૂલી જણસ માનું છું. સંજીવ મુનશીનો ભાણેજ કૃશાનુ મજુમદાર એ પણ હાલ તો અમેરિકા જ સ્થિર થયો છે તેમના સ્વરમાં સંજીવ મુનશીનું એક અદ્‌ભુત સ્વરાંકન માણવા જેવું છે. આપણા સમર્થ લોક સાહિત્યકાર-કવિ દુલા ભાયા કાગની એક ખૂબ જ જાણીતી રચના, જે મોટે ભાગે ભજનિકો ભજનના લોકઢાળમાં પ્રસ્તુત કરે છે એ રચનાને સંજીવ મુનશીએ સુગમ સંગીતના સ્વરદેહે મઢીને અજબ ચમત્કૃતિ સર્જી છે. સામાન્ય રીતે લોકઢાળોમાં પ્રચલિત થઈ હોય-રહી હોય તેવી કૃતિઓને સુગમ સંગીતકાર ભાગ્યે જ સ્પર્શતો હોય છે કેમ કે લોકઢાળ શૈલીમાં જે તે રચના પ્રસિદ્ધ થઈ હોય એવી કૃતિઓને કાવ્યસંગીતના ભાવકો સ્વીકારશે કે કેમ એવો એક છૂપો ભય પણ સ્વરકારોને સતાવતો હોય છે. પણ પ્રયોગશીલ સ્વરકાર આવું સાહસ ન કરે તો જ નવાઈ ! સંજીવ મુનશી આપણા આવા એક પ્રયોગશીલ પણ સશક્ત-સ્વરશક્ત સ્વરકાર છે. કવિ દુલા ભાયા કાગની આ રચના સંતવાણી-ડાયરાના કાર્યક્રમોમાં ઘણાય લોકગાયકોએ ગાઈ છે પણ સંજીવ મુનશીનું સ્વરાંકન સાંભળ્યા પછી અન્ય સ્વરાંકનો સાંભળવાની મજા નથી આવતી અને હવે તો આજકાલ સુગમ સંગીતના કોમર્સિયલ પ્રોગ્રામો કે ઓડિયો કેસેટસ સીડીઝમાં પણ આ સ્વરાંકન ક્યાંય સાંભળવા-માણવા

મળતું નથી. તો આજે 'આચમન'ની આ સૂરશબ્દની અટારીએ સંજીવ મુનશીનું પદ્મશ્રી કવિ દુલા કાગનું આ અનેરું પદ તમેય માણો :

**હે જી અમે કેડી રે કરીને કાયા ઢાળી રે**
**હાલનારા કોઈ ન મળ્યા હો...જી...**
**વાંસ બન્યા તો અમે મસાણે મુકાણા જી**
**હે જી અમને વાંસળી બનવાની રહી ગઈ હોંશ રે...**
**હે, કોરનારા કોઈ ન મળ્યા... હો... જી...**
**પથ્થર બન્યા તો અમે પહાડથી ઝીંકાણા જી**
**તોય ઉંબરો બનવાની રહી ગઈ હોંશ રે...**
**હે, પૂજનારા કોઈ ન મળ્યા હો... જી...**
**દરિયાનાં આંસુ બની કિનારે ડોકાણા જી**
**હે જી અમને મોતીડા માનીને વીંધી નાખ્યા જી**
**હે, લૂછનારા કોઈ ન મળ્યા હો... જી...**
**હે, જી અમે કેડી રે કરીને કાયા ઢાળી રે...**

કૃશાનુ મજુમદારના ખૂબ જ હૃદયસ્પર્શી અને ભાવસંદેવનસભર સ્વરમાં ગવાયેલું આ સ્વરાંકન વિશિષ્ટ છે. વર્ષો પૂર્વે મુંબઈના ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રસ્તુત સુગમ સંગીત સ્વરકાર સંમેલનમાં ગવાયેલું આ ગીત એના ભાવવાહી-કરુણામય સ્વરોને કારણે આપણને ઘડીભર મૂર્તિમંત કરી દે એવું છે. એમાંય ગીતના ઉપાડમાં 'હે, જી અમે...'ના સ્વરોની આર્દ્રતા આપણને ભીંજવી દે છે. કવિનો નૈરાશ્યમય સૂર જાણે કે આપણા હૃદયના ખૂણાને પણ આક્રંદમય કરી મૂકે છે. જીવતરની વિફળતા અને વિહ્વળતા આ ગીતને આસ્વાદીય બનાવે છે. આવા અપ્રાપ્ય-દુર્લભ સ્વરાંકનોને ક્યારે સંજીવની મળશે ? એવો પ્રાણપ્રશ્ન-સ્વરપ્રશ્ન બનીને મારા જેવા સુગમ સંગીતીય દીવાનાને ઘણાય વરસોથી સંતાપે છે. પણ આજે તો હિમેશ રેશમીય સંગીતના નાદમાં ચકચૂર અને ઘોંઘાટોના ઘાટમાં ઊછરતી આપણી ગુજરાતી યુવાપેઢી પાસે આવા ગીતો-સ્વરાંકનો પહોંચે તો કેવું સારું ?

**અંજલિ :**

**છું સંતાપથી ઘેરાયો હું શાતામાં નથી,**
**જમા કે ઉધારના કોઈપણ ખાતામાં નથી**
**મરજી મુજબનું જ જીવવું કૈં ખોવાના ખેલ નથી,**
**ખુલ્લા આકાશ જેવો 'મનોજ' ક્યાંય છાતામાં નથી**





## પરદુ:ખીનો ના પંચમ બોલે,
## ધૈવત ધનિકોનો થઈ ડોલે.....

'આચમન'ની જ આલાપી અટારીએ થોડાક વખત પે'લા મેં અવિનાશી અવિનાશજી (વ્યાસ)નું એક ગીત વહેતું મૂકેલું. સુરેશ વાડકરના દર્દભર્યા સ્વરમાં પ્રસ્તુત 'એક બેવફા મારા મન દર્પણમાં દર્શન દઈને ચાલી ગઈ...' એ ગીત વિશે વાંચીને કેટલાય કાવ્ય સંગીતરસિક ભાવકોએ સતત ફોન કર્યા. છે..ક કચ્છ-આદિપુર ઉપરાંત મોરબી, જામનગર, પોરબંદર, બાબરા, અમરેલી, પાલીતાણા, તળાજા, રાજકોટ એમ મારા આખ્ખાય સૌરાષ્ટ્ર-કચ્છના ગુજરાતી કાવ્યસંગીતપ્રદેશમાંથી ભાવકોએ એ ગીતની રીતસર ઉઘરાણી કરી ! તો કેટલાક ભાવકોએ તો દાદાગીરી, નહીં પણ પ્રેમગીરી-સુગમસંગીતગીરી કરીને એ ગીત સાંભળવા-મેળવવા માટે મારો મોબાઈલ અને મારું લખવું-ગાવું સાર્થક કર્યું. તો એક ભાવકે તો ફોનમાં જ એ ગીતનું ખાલી મુખડું સંભળાવવાની સુરીલી અરજ પણ કરી અને મેં ફોનમાં જ એ સંભળાવ્યું પણ ખરું ! ક્યારેક-ક્યારેક વાચક-ભાવકના આવા 'સ્વરીલા ધકકા' મારો હરખ અને સૂર-લેખન પરિશ્રમ એક વેંત વધારી દે છે. એ સૌ મારા પ્રિય ભાવકોને મારી શબ્દિલ-સુરીલી સલામ ! સૂરવંદન ! ધન્ય ધન્ય ધન્યવાદ !

એ ભાવક પ્રતિભાવોના નશાનો કેફ હજુય મારી રગમાં, કંઠમાં હરફર કરે છે, ત્યારે જ અવિનાશ વ્યાસનું બીજું એક અર્વાચીન ભજન-ગીત મારા કાને-કંઠે લાધે છે. શબ્દ અને સ્વર રચના એટલી તો સરળ-સહજ છે કે છેક ગામડાના છેવાડે બેઠેલો કોઈ અજાણ્યો ભાવક પણ એ ગાવા માટે ગળાને ખંખેરે ! જાણીતા સુગમ સંગીતગાયિકા હંસા દવેએ આ ભજનને સ્વરદેહ આપ્યો છે. જો કે અવિનાશ વ્યાસના સમયે-એમની હયાતી વખતે એટલે કે આ ગીતનું જ્યારે જે સમયે સ્વરાંકન થયું હશે ત્યારે પહેલવહેલી વખત કોની પાસે ગવડાવ્યું હશે ? એની માહિતી મારી

પાસે નથી. (ગૌરાંગભાઈ વ્યાસને તો ખબર હશે જ !) પણ એ સમયથી કૈં કેટલાય ગાયકોના કંઠમાંથી વહેતું વહેતું આ ગીત હવે આજે તો આજની પેઢીની કઈ ગાયિકા એ ગાય ? આપણા દેશી-લોક સંગીતના ભજન ઢાળમાં ઢળાયેલું અને સુગમ સંગીતના પ્રદેશમાં પણ ગવાતું આ પદ-ભજન સંગીતના ભાવકોને વિશેષ સ્પર્શે એવું છે. સંગીતના સપ્તસૂરનો જીવન સાથે કેવો મેળ થાય અથવા ન થાય એની માર્મિક-ઝીણી વાત આ રચનામાં અવિનાશભાઈએ ખૂબીપૂર્વક વણી લીધી છે. આપણું જીવનરૂપી આ વાદ્ય અને સંસારની આટીઘૂંટીની બેસૂરતાની વાત કવિ કેવી તો હળવી રીતે કહી દે છે ! સોરી.... એ ગીત અને એના સ્વરાંકનને જ હું કહેવા દઉં ! ઓકે ?

**બેસૂર સાજ સંસાર રે...**
**મારો મળ્યો મળે નહીં તાર,**
**ગાયા કંઈએ વિધવિધ રાગ**
**અંતે છેડ્યો મ્હેં વૈરાગ,**
**લઈ જાશે ભવની પાર રે...**
**થઈ ભવ ભવનો સથવાર**
**મારો મળ્યો મળે નહીં તાર,**
**સમતાનો જ્યાં ષડ્જ મળે નહીં,**
**રિષભ મળે નહીં રહેમભર્યો;**
**મૃદુ વચની જ્યાં મળે ના મધ્યમ,**
**જ્યાં ઘમંડનો ગાંધાર રે.....**
**ત્યાં કેમ મળે મ્હારો તાર ?**
**બેસૂર સાજ સંસાર રે...**
**પરદુઃખીનો ના પંચમ બોલે,**
**ધૈવત ધનિકોનો થઈ ડોલે;**
**નહીં નિર્બળનો નિખાદ રે,**
**ત્યાં કેમ મળે મ્હારો તાર ?**
**બેસૂર સાજ સંસાર રે,**
**મારો મળ્યો મળે નહીં તાર**





આ રચના પણ થોડાક વર્ષો પૂર્વે શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય અને શ્રી ચંદુ મટ્ટાણી (યુકે)એ અવિનાશભાઈની સ્મૃતિમાં તૈયાર કરાવેલી ‘અમર સદા અવિનાશ’ એ ચાર ઓડિયો કેસેટ્સના આલ્બમના, ત્રીજા અંકની ‘ભજન’ કેસેટની, ‘એ’ સાઈડમાં ચોથા ક્રમે, હંસા દવેના દર્દસભર સ્વરમાં માણવા મળે છે. જો કે એ ઓડિયો કેસેટનો સેટ હવે લગભગ અપ્રાપ્ય છે પણ કદાચ સી.ડી. કે એમપી-થ્રી રૂપે કોઈને ક્યાંકથી મળી જાય તો મહેનત કરવી રહી. મહેનત રંગ લાયેગી હે સૂરપ્રેમી !

શ્યામલ મુનશીના સંગીતસંચાલનમાં ખૂબ અદ્ભુત રીતે આ ગીતનું ઓર્કેસ્ટ્રેશન થયું છે. વાંસળી, તબલાં, સિતાર, મંજીરાના હળવા અને સ્થાયી-અંતરામાં ક્યારેક ગતિલયમાં આ ગીત માણવું એ જીવતરનો તો લહાવો છે જ પણ આપણી ગુજરાતી ભાષા અને આપણા ગુજરાતી કાવ્યસંગીતની એક અણમોલ-અતૂટ પરંપરાનું એક દ્યોતક પણ છે.

ગવાતી ગુજરાતી ગીત-ગઝલ-પદ-ભજન રચનાના શ્રવણ પછી એ રચનાના ભાષ્યની સ્હેજેય આવશ્યકતા નથી રહેતી અને એ પણ એટલું જ સાચું છે ને કે મા પોતાના બાળકને સુવડાવતી વખતે જે હાલરડાં કે ગીત ગાય છે ત્યારે માના કંઠે ગવાતા એ ભાવગીતને ક્યાં, ક્યારેય વિવેચનની જરૂર પડી છે ખરી ? એમ જ અવિનાશ વ્યાસની આ જીવનભાવ તણી રચના સાંભળ્યા પછી એની વિવેચનાની કોઈ કરતાં કોઈ આવશ્યકતા નથી અને નથી જ રહેતી, પણ તોય ઘણા અઘરી-અઘરી ભાષા પ્રયોજીને, કૃત્રિમતાથી ઘણી ઘણી વખત (શ્રોતા-ભાવકની સહેજેય દયા-દરકાર રાખ્યા વગર) વિવેચનાની વસમી વાટે ઢસડી જાય છે, મજબૂરન. ફરી ફરીને ‘આચમન’ની આ શબ્દ-સ્વર ભાવયાત્રાના માર્ગે એક જ વિચાર આવે છે કે આપણી ભાષાના આવા ભાવગીતો સાંભળવા માટે આપણું ગુજરાત (પુનઃપુનઃ) પાછું ક્યારે પ્રવૃત્ત થાશે ? પુનઃ ક્યારે સુ-શ્રુત થાશે ? થાશે ખરું ?

**અંજલિ :**

**યાદોં કે સહારે હમ નહીં બહાતે હૈં આંસુ**
**પાયે જખ્મોં કે ગહેરે નિશાં હૈ યે આંસુ**
**તુમ્હેં ક્યા પતા ? કૈસી હોતી હૈ પતઝડ ?**
**સબ કુછ ગંવા કે, હમને પાયે હૈં યે આંસુ**

# સંસારની કેડી માથે, કાચના ખિલોના
# રમે સાચું અને જૂઠું.... હુતુતુતુ

બાળપણ આખ્ખી ય જિંદગી આપણી સાથે સ્મૃતિના સથવારે જીવતુ રહેતું હોય છે. જો કે એના માટે તો બાળકસહજ ભોળપણ અને નિખાલસતા ય જરૂરી છે. આપણે જેમ જેમ મોટા થઈએ છીએ તેમ તેમ આપણામાંથી આપણી અંદરથી બાળપણ ભટકતું જાય છે, ભુલાતું જાય છે, ભુંસાતું જાય છે. આચાર્ય રજનીશ હંમેશાં કહેતા કે જેણે બાળપણ-બાળ સહજ ઊર્મિ સાચવી છે એને ક્યારેય જિંદગીમાં હતાશા કે નિષ્ફળતા કે દુઃખ ડગાવી ન શકે ! સાચી વાત છે આપણને સૌને ક્યારેક તો એવું લાગતું જ હશે કે બાળપણના દિવસો કેવા ધીંગા-મસ્તી અને મોજના દિવસો હતા. કોઈ ઉપાધિ-ચિંતા કે નિષ્ફળતાઓનો ભય જ નહોતો ! પણ સમજણની ડાળ ફૂટે અને યુવાન-પ્રૌઢ કે વૃદ્ધ થઈએ ત્યારે આપણી આજુબાજુ મુસીબતોના ગંજ ખડકાય ત્યારે ય આપણે બાળપણને યાદ કરતાં નથી. બાળપણની રમતો સમયના બદલાવ સાથે હવે તો બદલાઈ ગઈ છે. આજની બાલરમતોમાં ય કેટલો મોટો બદલાવ આવ્યો છે ! એમાંય ટી.વી. ચેનલ્સ, કમ્પ્યુટર, મોબાઈલ, નેટ એવા બધાં રાક્ષસી યંત્ર-ઉપકરણો આવ્યાં પછી તો શેરી, મહોલ્લા, મેદાન કે પાદરની રમતો જ ઠામુકી આઘીને આઘી હડસેલાઈ ગઈ છે. અરે, આજનું બાળક રમતો જ ક્યાં રમે છે ? એક સમય એવો આવશે કે હવે પછીની બાળપેઢીને આપણા જમાનાની જૂની બાળરમતો માટેની ય વાર્તાઓ કહીને એમને કહેવું પડશે કે આવી રમતો હતી, અમારા જમાનામાં. ખરેખર એ જૂની રમતોની આજે કોઈ બાળકોને ખબર જ નથી ! થૂઈ-થપ્પો, લંગડી, સાતતાળી, શાકભાજી, નારગોલ, મોઈ-દાંડિયા, ઠેરી, હુતુતુતુ, કપ્પે-દુપ્પે જેવી 'મેદાની રમતો' આજની બાળપેઢીને રમાડવાની તાતી જરૂર છે.





આપણી વિધવિધ રમતો-તોફાનો-ધીંગા-મસ્તીઓ વગેરે વિશેના મબલખ ગીતો આપણી ભાષામાં અને આપણા કાવ્ય સંગીતમાં લખાયા-ગવાયા છે. એમાંય કેટલાક ગીતોમાં તો કોઈ બાળગીતની રમતને પ્રતીક બનાવીને જીવનની ઝીણી સમજ પ્રગટે છે. જીવન જીવવાનું અને ઉત્તમોત્તમ રીતે જીવવાનું ભાથું અથવા તો સરળ સમજણ એમાંથી આપણને મળી રહે છે. અવિનાશ વ્યાસે આ પ્રકારનાં ઘણાં ગીતો લખ્યાં છે, સ્વરાંકિત કર્યાં છે. કેટલાંય વરસો પહેલાં, આપણા ગુજરાતી કાવ્યસંગીતના સમર્થ સર્જક સ્વરકારે એક સુંદરગીત આપણને આપ્યું હતું. આજે તો કાળની થપાટે આ ગીત ક્યાંય સાંભળવા નથી મળતું ! કોઈ સાંભળતું પણ નથી. જૂની રેકર્ડસ (તાવળી વાજું)માં ક્યાંક, ખૂણે પડેલું એ ગીત એટલું બધું તો લોકપ્રિય અને લોકહૈયે વસેલું છે કે આજે પણ એ ગીત જો કોઈ પણ વયની વ્યક્તિ સાંભળે તો ઝૂમી ઊઠે. ગામડામાં એક જૂની બાળરમત 'હુતુતુતુ' રમાતી હતી. એ હુતુતુતુ રમતનું પ્રતીક લઈને અવિનાશ ભાઈએ આ ગીતમાં જીવનની ઊંચી ફિલોસોફી તાકી છે અને માનવ મનની અંદર પડેલી મેલી મુરાદો વિશે વેધક રીતે કહી દીધું છે. મન્ના ડે જેવા સમર્થ સ્વરપુરુષ પાસે આ ગીત ગવડાવાયેલું છે એ મૂળગીત તો હવે ક્યાં શોધવું ? પણ અવિનાશ વ્યાસના સ્વરપુત્ર ગૌરાંગ વ્યાસે આ ગીત, સમૂહસ્વરના સથવારે ગાયેલું છે એ વર્ઝન મળે છે. 'અમર સદા અવિનાશ' ઓડિયો કેસેટ-સીડી શ્રેણીના પ્રથમ ભાગમાં આ ગીત સાંભળવા મળે છે. કોઈ વાચક-ભાવક પાસે આ મૂળગીત (મન્ના ડેના સ્વરમાં ગવાયેલું) હોય તો મને મેળવી આપે તેવી સુરીલી વિનંતી છે.

હમણા થોડો સમય પહેલાં કવિ અંકિત ત્રિવેદીએ અવિનાશ વ્યાસનું સમગ્ર શબ્દસર્જન ગ્રંથસ્થ કરીને, ત્રણ ભાગમાં આ આપણા ગૌરવરૂપ કવિ-સંગીતકારની રચનાઓ ઉપલબ્ધ કરાવી આપી છે. પણ એમાંય આ 'હુતુતુતુ' ગીતનો સમાવેશ નથી થયો ! અંકિતના સંપાદનની આટલી ત્રુટિ ગણાય. કેમકે અત્યંત પ્રસિદ્ધ અને ઘેર-ઘેર જાણીતું આ ગીત જ અંકિતના સંપાદનમાં કેમ નથી ? એ પ્રશ્ન સહજ થાય ! ખેર... છોડો એ વાતોને, આપણે ચાલો 'હુતુતુતુ' રમતાં-રમતાં જ અવિનાશ વ્યાસનું આ ગાવા જેવું-સાંભળવા જેવું, માણવા-મમળાવવા જેવું, બાળપણની યાદ તાજી કરવા જેવું 'હુતુતુતુ' ગીત ગાઈએ :

**હે, હુતુતુતુ જામી રમતની ઋતુ**
**આપોઆપ એક-મેકનાં થઈને ભેરુ સારું,**
**જગત રમતું આવ્યું ને રમે છે હુતુતુતુ...**
**તેજ ને તિમિર રમે હુતુતુતુ હુતુતુતુ**
**પાણીને સમીર રમે હુતુતુતુ હુતુતુતુ**
**વાદળની ઓથે બેઠા, સંતાયેલા પ્રભુજીને પામવાને**
**સંત ને ફકીર રમે હુતુતુતુ....**
**એકમેકને મથે પકડવા સારા નરસા સ્વારથ સાટે**
**ધમ્માચકકડી પકડા પકડી અવળે સવળે આટેપાટે**
**ખમીરથી ખમીરનો ખેલ રે મંડાયો ભાઈ,**
**હોય જગ જાગતું કે હોય એ સૂતું**
**મનડાંની પાછળ મન દોડે, તનડું તનને ઢૂંઢે,**
**ધનની પાછળ ધન દોડતું પ્રપંચ ખેલી ઊડે**
**જાત જાત ભાત ભાતના વિચારે દાવપેચ,**
**ક્યારે મળે લાગ અને ક્યારે લૂંટું**
**ભેરુનો દેખાવ કરીને ખેલ ખેલતાં ઊંચે શ્વાસે,**
**પરને કેમ પરાજિત કરવો, અંતર પ્રગટી એક જ આશે**
**વિધવિધ નામ ધરી સંસારની કેડી માથે,**
**કાચના ખિલોના રમે સાચું અને જૂઠું...**
**એ હુતુતુતુ... જામી રમતની ઋતુ...**

આપણું બાળપણ અને આપણી એ બાળરમતોને, ભલે પ્રતીકાત્મક રીતે પણ આ ગીત અતીતના આંગણામાં આપણને લઈ જાય છે. આવા સરળ અને કોઈપણ ગાઈ શકે એવા ગીતને ભાષ્યની જરૂર નથી જ ! ખરુંને ?

**અંજલિ :**
**કેમ સાવ મૌન છે સાજન !**
**તડપનો ત્રિકોણ છે સાજન !**
**હું બોલું, હું જ વિસ્તરું એ કેવું !**
**સગપણ સાપના ભોણ છે સાજન !**





## આપણે સદા આપણને મળવા માટે ઝૂરતા જ રહીએ એવા માણસ છીએ.....

કેટલીક કવિતાઓ લખાતી નથી હોતી, લખાઈ જતી હોય છે અને આવી ‘લખાઈ ગયેલી’ કવિતાઓ જ પ્રજા વચ્ચે ચિરંજીવી બની જતી હોય છે. ભગવતીકુમાર શર્મા આપણી ગુજરાતી ભાષાના ગદ્ય અને પદ્ય બન્ને પ્રવાહોમાં સમર્થિત રીતે શબ્દકર્મ કરનારા મોટા ગજાના સર્જક છે. એમના સર્જનના કેન્દ્રબિંદુમાં હંમેશાં માણસ રહ્યો છે. માણસની પીડાઓ, પ્રસન્નતાઓ વગેરે એમના સર્જનમાં સતત ધબકતી રહે છે અને સાચુકલી રીતે ધબકે છે. લોકો સુધી એ વાત પહોંચે એ રીતે અવતરિત થાય છે આ સર્જકનું સર્જન ! ભગવતીકુમાર શર્માએ ગુજરાતી પ્રજાને ઉત્તમ ગીતો અને ગઝલો આપ્યાં છે, અને આ ગીતો, ગઝલો આપણા ગુજરાતી કાવ્યસંગીતના સ્વરકારો-ગાયકોને પણ ભાવપૂર્ણ રીતે સ્પર્શ્યાં છે. સુગમ સંગીતપ્રદેશના ભાગ્યે જ કોઈ સ્વરકાર એવા હશે કે જેણે ભગવતીકુમારના ગીતો-ગઝલો સ્વરાંકિત ન કર્યાં હોય ! અને ભાગ્યે જ કોઈ ગાયક પણ એવો હશે જેણે આ કવિની રચનાઓને કંઠ ન આપ્યો હોય !

ગઈકાલના, આજના અને આવતીકાલના સ્વરકારો-ગાયકોને ખૂબ જ ભાવતા-ફાવતા આ કવિએ પોતાની કવિતાઓમાં જ જાણે કે આ સુ-ગેયતા એવી રીતે તો વણી લીધી છે કે પઠનની સાથે જ સ્વરકારના ચિત્તમાં એ ગીત - કે ગઝલનું સ્વરાંકન પ્રગટ થતું જાય છે, અને એય પાછું શબ્દરચનાને અનુકૂળ જ અને કાવ્યભાવ સંવેદનને સહેજ પણ ઠેસ ન પહોંચે એ રીતે સ્વરાંકનનું પ્રગટીકરણ થાય છે. મોટે ભાગે મેં આજ સુધીમાં જે સ્વરાંકનો સાંભળ્યા-માણ્યાં-જાણ્યાં-પ્રમાણ્યાં છે તેમાં ભગવતીભાઈની કવિતાની લગોલગ જ અનુભૂતિ જન્માવે એવાં સ્વરાંકનો થયાં છે. કવિતા તો ઉત્તમ હોય પણ મોરપીંછની શોભાવૃદ્ધિની જેમ એનું સ્વરાંકનેય

ઉત્તમ જ થયું હોય. એનું એક માત્ર કારણ મને જે સમજાયું છે, તે એ કે આ કવિનું કવિકર્મ એટલું સરળ અને પાછું ભાવાભિવ્યક્તિ તો એથીય એક ડગલું આગળ હોય ! એમની કવિતાઓ જીવનના સંકુલ મર્મોની ખૂબ જ ઓછા શબ્દોમાં રજૂઆત કરી દે છે. ભાવક તરીકે આપણને એ તરત જ સ્પર્શી જાય-સમજાય જાય. બાકી તો મોર્ડનીઝમની આબોહવામાં આજકાલ એવી કેટલીય કવિતાઓ ફૂટી નીકળે છે કે એ કવિતા ખુદ એના કવિનેય નથી સમજાતી ! ખુદા ખૈર કરે !

સ્વરકાર-ગાયક નૈનેશ જાની આપણા ગુજરાતી કાવ્યસંગીતનું અણમોલ ઘરેણું છે. સૌરાષ્ટ્રના ભાવકોને આ સ્વરકાર-ગાયકનો લાભ બહુ ઓછો મળે છે, પણ નૈનેશ જાનીનાં સ્વરાંકનો અસરદાર હોય છે. એ અર્થમાં આ સ્વરકાર 'સ્વરોનો સરદાર' છે.

ગુજરાતમાં અને મુંબઈમાં થતા કાવ્યસંગીત કાર્યક્રમોમાં સ્વરકાર-ગાયક છવાઈ જાય છે એટલું જ નહિ, અન્ય ગાયકો પણ નૈનેશના સ્વરાંકનો અદ્‌ભુત રીતે પ્રસ્તુત કરીને ભરપૂર દાદ મેળવી જાય છે. મારા અંગત 'સ્વરસદન'માં પણ આ મારા પ્રિય સ્વરકાર-ગાયકનાં સ્વરાંકનો, કેસેટ-સીડીમાં સચવાયેલાં છે. આજે એમાંથી એક સ્વરાંકન, જે ભગવતીકુમાર શર્માની ખૂબ જ જાણીતી ગઝલરચના છે એનો શ્રવણાનંદ કરાવવાનો મનસૂબો છે. આપણે માટીના બનેલા માણસ પણ આપણા મનસૂબાઓના ક્યાં કંઈ પાર છે ? પણ સારા-સાત્ત્વિક મનસૂબા હોય તો જીવન ધન્ય ધન્ય ! બાકી ? માણસ નામનું પ્રાણી કેવું છે ? માણસ એટલે શું ? આ બધા જ પ્રશ્નોના સરળ ઉત્તરો ભગવતીકુમાર શર્મા એમની આ જાણીતી ગઝલમાં આપે છે. માણસ નામની આ ગઝલના સાતેય શે'રમાંથી માણસની-આજના માણસની સાચી ઓળખ પ્રકટ થાય છે (ને આપણને એનો સહેજ અંદાજ પણ આવે કે ગઈકાલે તો આવો માણસ નહોતો ! કેમ આજે આવો ?) ભગવતીકુમારની આ સર્વપ્રિય, સુપ્રસિદ્ધ ઉત્તમ ગઝલનું સ્વરાંકન પણ નૈનેશ જાનીએ ઉત્તમ રીતે કર્યું છે. નિશા ઉપાધ્યાય (કાપડિયા) અને ખુદ સ્વરકાર ગાયક નૈનેશ જાનીના યુગલસ્વરમાં આ ગઝલ સાંભળવી એ ખરેખર કાવ્યસંગીત પ્રેમીઓ માટે જીવનનો અનન્ય લહાવો છે. તો હે, ભાવકો ! લ્યો, હવે હું તમારી અને કવિની, સ્વરકાર-ગાયકોની વચ્ચેથી ખસી જઉં અને એ ગઝલને જ કહેવા દઉં ! - ગાવા દઉં ! ઓકે ?





સ્ટાર્ટ :

**અમે આંધી વચ્ચે તણખલાંના માણસ,**
**પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ**

**ફટાણાંના માણસ, મરશિયાના માણસ,**
**અમે વારસાગત સમસ્યાના માણસ.**

**'કદી' થી 'સદી'ની અનિદ્રાના માણસ,**
**પ્રભાતોની શાશ્વત પ્રતીક્ષાના માણસ.**

**અમે અમને મળવાને ઝૂરતા જ રહીએ,**
**સડકવન્ત ઝિબ્રાતા ટોળાના માણસ**

**શિખર ? ખીણ ? ધુમ્મસ ? સૂરજ ? કે કશું ને ?**
**'ટુ બી - નોટ ટુ બી'ની 'હા-ના'ના માણસ.**

**ભરત કોઈ ગૂંથતું રહે મોરલાનું.**
**અમે ટચ્ચ ચૂંપાતા ટહુકાના માણસ**

**મળી આજીવન કેદ ધ્રુવના પ્રદેશે**
**હતા આપણે મૂળ તડકાના માણસ.**

સ્વરકારે સ્વરાંકન પ્રસ્તુતિની સમય મર્યાદાને કારણે બધા જ શે'ર કદાચ સ્વરાંકિત નથી કર્યા પણ વેધક અને ચોટદાર શે'ર તો આપણને હચમચાવી મૂકે એવા સંવેદનશીલ હૃદયસ્પર્શી છે. શબ્દ અને ભીના ભીના સ્વરના ભાવજગતના માણસ નૈનેશ જાનીને સૂરીલી સ્વરવંદના.....

**અંજલિ :**

**સાચું કહું છું, સાવ થાકી ગયો છું.**
**માયાવી મ્હોરાં વચ્ચે ત્રાસી ગયો છું**
**ધરાર ધસી જાય તો હું શું કરું ?**
**નહીં તો આંસુનેય થામી ગયો છું**

# પોતાની વાંસળી પોતે બજાવીએ ને રેલાવી દઈએ સૂર.....

કેટલાંક ગીતો વાંચવા જેવાં હોય છે, કેટલાંક ગીતો લખવા જેવાં હોય છે, કેટલાંક ગીતો ચોકલેટની જેમ ચગળવા જેવાં હોય છે તો કેટલાંક થૂંકી દેવા જેવાં ય હોય, કેટલાંક કાયમી યાદ રાખવા જેવાં હોય છે, કેટલાંક ભૂલી જવા જેવાં હોય છે અથવા તો એમ પણ કહેવાય કે ભુલાઈ જતાં હોય છે. પણ કેટલાંક ગીતો નહિ પણ ઘણાં બધાં ગીતો ગાવા જેવાં હોય છે. ફરી ફરીને ગાવા જેવાં હોય છે. આપણી ભાષાના આવા ગાવા જેવા ગીતો આપણા મોંઘેરા જીવનની મૂડી છે. જે ખરા અર્થમાં આપણા જીવનનો-સાચા જીવનનો અર્થ આપી જાય છે અને ત્યારે જીવન જીવવા જેવું લાગે છે. આવાં ગીતોની સમૃદ્ધિ થકી આપણી ભાષા ઊજળી છે, આપણું ગુજરાત ઊજળું છે.

ઈસવીસન ૨૦૦૭નું એક વધુ અંગ્રેજી વર્ષ હવે જૂનું થઈ ગયું. ગઈકાલ થઈ ગયું. ગયું, વર્ષ થઈ ગયું. અને વાતાવરણમાં વધુ એક નવું વર્ષ ઉભરાઈ રહ્યું છે. નવી તાજગી, નવો ઉત્સાહ, નવા પ્રાણ સાથે ૨૦૦૮નું વર્ષ આવી ગયું છે. જોકે સભર-સભર જીવે છે એને માટે તો પ્રત્યેક પળ નૂતન વર્ષ જ છે. નૂતન ઘડી જ છે. જે સતત નાવીન્યસભર જ જીવે છે એને તો આઠે પ્હોરે-આઠોં જામ આનંદ આનંદ જ છે. એ તો જે એકધારાપણાથી (મોનોટોનસ લાઈફ) જીવતા હોય એને ફલાણા - ઢીંકણા ઉત્સવો ઉજવવાના આયોજન કરવાં પડે ! કોઈ કવિએ ખૂબ સરસ રીતે જ કીધું છે કે ''ભાઈ, આપણે તો આટલામાં રાજી!'' ચપટીક સુખ મેળવવા માટે માણસો જથ્થાબંધ આનંદની પળો ખોઈ બેસે છે. આપણને 'સુખ' અને 'આનંદ'નો ચહેરો ઓળખી જતાં આવડે તો પછી હિમાલય જેવડી કોઈપણ સમસ્યા કે દુઃખ હાંફી જશે. પણ તકલીફ આપણી એ જ છે કે આનંદ





માનીને જે મેળવીએ છીએ તે ખરેખર સુખ જ હોય છે. આનંદ અંદરની ઘટના છે જ્યારે સુખ ચામડીની ઘટના છે. આજે 'આચમન'ના આંગણામાં એક એવું તુલસીક્યારા જેવું ગીત વાવવાનું મન થયું છે. ગાવાનું મન થયું છે. ગવડાવવાનું મન થયું છે. જો કે આ ગીત સમૂહસ્વરમાં જ ગાવાનું છે. જ્યાંથી આ ગીત મળ્યું છે એમાંય એ ગીત કોરસ ઈમેજમાં સાંભળવા મળે છે. તો પહેલવહેલાં એ ગીત જ અહીં ઉતારું:

**કો'કના તે વેણને વીણીવીણીને, વીરા !**
**ઉછી - ઉધારાં ન કરીએ**
**હૈયે ઊગે એવી હૈયાની વાતને**
**ફૂલ જેમ ફોરમતી ધરીએ.**
**કોયલ તો કોઈનો ટહુકો ન માગે**
**ને મોરલો કોઈની કેકા,**
**માનવીનું કાળજ તેં કેવું કર્યું ?**
**પીડ પોતાની, પારકા લ્હેકા !**
**રૂડા-રૂપાળા સઢ કો'કના શું કામના ?**
**પોતાને તુંબડે તરીએ કોકના**
**કોઈ કોઈ સંભારે રામટેકરી**
**કોઈ ઓઢા - હોથલની ગુહા**
**ચોમાસે ક્યાંક ક્યાંક શલોક ચગે**
**ક્યાંક દરદે નીંગળતા દુહા,**
**જીવતી ને જાગતી જીવનની ખૉઈમાં**
**કોઈની ભભૂત ન ભરીએ**
**પોતાની વાંસળી પોતે બજાવીએ**
**ને રેલાવી દઈએ સૂર**
**ઝીલનારું એને ઝીલી લેશે,**
**ભલે પાસે જ હોય કે દૂર**
**ઓલ્યા તો મોતમાં જીવી ગિયા,**
**વીરા ! જીવતાં ન આપણે મરીએ**

**હૈયે ઊગે એવી હૈયાની વાતને**
**ફૂલ જેમ ફોરમતી ધરીએ**

હે, ભાવક ! સાંભળ્યું ને સાંઈ કવિ મકરંદનું આ ગાવા જેવું ગીત ? 'રૂડા રૂપાળા સઢ કો'કના શું કામના ! પોતાને તુંબડે તરીએ' જેવી મર્મભેદક પંક્તિથી જ કવિ સાવ સરળ ભાષામાં કેવી સહજ સમજ આપી દે છે. સંગીતભવન ટ્રસ્ટ મુંબઈના અજિત - નિરુપમા શેઠના નામ અને કામથી જે પરિચિત છે એ સૌને ખ્યાલ હશે જ કે આ સ્વરદંપતીએ કેટકેટલા ગુજરાતી ગીતો ગઝલોનું કાવ્ય સંગીત સર્જીને ગુજરાતની - ગુજરાતી ભાષાની અમૂલ્ય સેવા કરી છે. સાંઈકવિના જન્મદિન નિમિત્તે, ઘણા સમય પૂર્વે અજિત નિરુપમા શેઠે આપણા આ મસ્ત - પ્રિયકવિના ગીતોની સ્વરાંકનરૂપી સ્વરમાળા પહેરાવી હતી. 'અમે રે સૂકું રૂનું પૂમડું' શીર્ષકથી એક ઉત્તમ ઓડિયો કેસેટ ત્યારે નંદિગ્રામના પરિસરથી જ પ્રગટાવી હતી, આ સ્વરદંપતીએ. સુરેશ જોશી અને નિરુપમા શેઠના યુગલસ્વરમાં આ ગીત ખરેખર છાતીમાં છુપાવવા જેવું છે. આવા ગીતોની ગાવાની મોજમસ્તીમાં જ જીવતરનો આનંદ છુપાયો છે. પણ હાય રે, મેં કીધું એમ આપણે તો 'સુખવાંચ્છુઓ' છીએ ! સુખને હડસેલીને જો ચપટીક આનંદ ઉજવીએ તો જ આપણી વાંસળી આપણે વગાડી શકીશું. નહીંતર.....

**અંજલિ :**

**હું ક્યાં કહું છું તું મને દરિયો દે !**
**સ્પર્શ તણા મોજામાં થોડું ભીંજાવા તો દે !**
**ના ગમે તો કદીય ના આવજે કાજળ રાતે,**
**મને ગમતી ભીની સવારે, થોડું રીસાવા તો દે !**





## સાતમે પાતાળ સાવ રેશમમાં વીંટેલા સપનાનું મારે શું કરવું ?

આજથી બે-અઢી વર્ષ પૂર્વે જ્યારે આ ગુલમ્હોરીય પૂર્તિના પાદરમાં 'આચમન' રૂપીય શબ્દ-સ્વરના સાથિયાની પા-પા પગલી માંડી ત્યારે કલ્પના નહોતી કે આ કટારને ભાવકોનો-શબ્દ-સૂરપ્રેમીઓનો, કાવ્યસંગીતરસિકોનો જબરદસ્ત ઉમળકો-પ્રતિભાવ મળશે. ઘણા ય સુગમ સંગીતપ્રેમીઓએ અહીં ઉલ્લેખાતા-આસ્વાદાતા ગીતો-ગઝલો વિશે પત્રો લખ્યા છે. રૂ-બ-રૂય ઘણા ય મળવા માટે ઘર સુધી પણ પહોંચ્યા છે. પણ આજે મારે તમને જે ગીતની, જે સ્વરાંકનની વાત કરવી છે તેની પાછળ એક ખૂબ કરુણ કથા પડેલી છે. મને ખબર નહોતી કે ગુજરાતી કવિતાનું એક અજાણ્યું ગીત, ઓછા જાણીતા કવિનું આ ગીત અને એનું સ્વરાંકન કોઈ સુગમ સંગીત રસિક-ભાવક વાચિકાના જીવનનું કરુણ-વાસ્તવ દર્દ બની રહેશે !

હમણાં એક ઉદાસીભરી સાંજે સુરેન્દ્રનગરની એક અજાણી વાચક બહેનનો મને ફોન આવ્યો. એ અપરિચિત વાચિકાએ એનું નામ ન આપ્યું પણ આ સુગમ સંગીતીય 'આચમન' કોલમની એ નિયમિત વાચક હશે એવું એની વાતો પરથી લાગ્યું. બહેનના અવાજમાં ભારોભાર વેદના વર્તાતી હતી. મારો અંદેશો સાચ્ચો જ ઠર્યો. આ અજાણી વાચકે મને ફોનમાં ખૂબ લાંબી વાત કરીને એના જીવનનું દર્દ ઠાલવ્યું અને સાથે સાથે એક ગીત અને એના સ્વરાંકન-ગાયક-સ્વરકાર વિશે લખવાની મને વિનંતી કરી. શા માટે ? વાત જાણે એમ છે કે સુરેન્દ્રનગરની આ વાચક બહેનના થોડા દિવસોમાં લગ્ન થવાના છે. પણ આ લગ્ન ભગ્ન હૃદયે થવાના છે. મજબુરન એ પરણશે. એમના માતા-પિતા પરિવારે નક્કી કરેલા મૂરતિયા સાથે એને પરણી જવાનું છે. એમણે કીધું કે મારું શરીર પરણશે. મન-આત્મા તો ક્યારનો ય એક મનના માનેલાને પરણી ચૂક્યો છે. તેથી આ સુગમ સંગીતની

ભાવિકાને એક ગીત, અને એનું વાસ્તવ દર્દ 'આચમન'માં માણવું છે. લગ્નપૂર્વેની આ એક માત્ર એની નાની ઈચ્છા-અપેક્ષા છે. જે ગીત વિશે મેં આજથી એકાદ વર્ષ પહેલાં જ અહીં જ, આ સ્થાનેથી જ લખ્યું છે ત્યારે આજે ફરીથી એક સંવેદનશીલ-મનહૃદયથી દુઃખી એવી એક વાચિકા માટે આ ગીત અહીં પ્રસ્તુત કરું છું સંગીતના લાઈવ પ્રોગ્રામ્સમાં અમોને ઘણી વખત શ્રોતાઓ તરફથી કોઈ ગમી ગયેલા ગીત માટે 'વન્સમોર' મળતા હોય છે પણ એક લેખક તરીકે કોઈ વાચક તરફથી 'વન્સમોર' મળતો હોય એવું ભાગ્યે જ બનતું હોય છે !

કવિ શુકદેવ પંડ્યાનું એક ગીત છે. જેનું સ્વરાંકન ગાયક સ્વરકાર નૈનેશ જાનીએ ખૂબ જ હૃદયંગમ રીતે કર્યું છે અને એની સ્વરોત્તમ પ્રસ્તુતિ થઈ છે, આપણી ગુજરાતની ગૌરવરૂપ ગાયિકા નિશા ઉપાધ્યાય (કાપડિયા)ના કંઠે. આ ગીત એક પ્રકારે સિચ્યુએશન સોંગ છે. આજકાલ લગ્નની મોસમ પૂરબહારમાં વસંતની જેમ જ ખીલી છે. પણ એવું ય બનતું હશે કે કેટલાક યુવાન હૈયાંઓને માટે આ લગ્ન વસંત નહીં પણ પાનખર જેવી ઉજ્જડ અનુભૂતિ કરાવતી હશે. સુરેન્દ્રનગરની એ અજાણી ભાવકના જીવનમાં પણ આ ગીતની સિચ્યુએશન જેવી જ કરુણામય ઘટના બની રહી છે. હવે એ ક્યારેય એના મનના માનેલાને નહીં મેળવી શકે. અરે, મળી પણ નહીં શકે ! કવિ શુકદેવ પંડ્યાનું આ ગીત નિશા જ્યારે પ્રસ્તુત કરે છે ત્યારે આખું વાતાવરણ આ ગીતના કારુણ્યમાં ડૂબી જતું અનુભવાય છે. પ્રસ્તુત ગીતનું શબ્દ અને સ્વરસંવેદન જ એવું છે કે તમે આ ગીતનું દર્દ માણો તો તમારી આંખો પણ વરસી પડે. હમણાં જ નિશાના ભાઈ અને મારા પ્રિય મિત્ર ગાયક નિગમ ઉપાધ્યાયને જ્યારે મેં આ ગીતની અસર અને એક વાચકના જીવનમાં બની રહેલી વાસ્તવિક દર્દભરી ઘટના વિશે વાત કરી ત્યારે નિગમ ઉપાધ્યાયના પણ રૂંવાડાં ઊભાં થઈ ગયા અને વાત સાંભળીને અમે બન્ને મિત્રો મૌનના બોજ તળે દબાઈ ગયા !

કવિ અહીં એક જેનાં લગ્ન (પરાણે !) થઈ રહ્યાં છે તે કાવ્ય નાયિકાના હૃદયનો ઝુરાપો બળકટ રીતે પ્રગટ કરે છે. હવે આ ગીત વિશે વધુ કશું જ ન કહેતા, એ અપરિચિત કમનસીબ વાચિકાના પોતાને ન ગમતાં લગ્ન વેદીની સાક્ષીએ... એ અજાણી વાચક (વ્હાલવંચિતા...)ને આ ગીત અર્પણ કરું છું અને તમને ય, સૌને





કવિ શુકદેવજીનું અને નૈનેશજીનું આ કરુણોત્તમ સ્વરાંકન નિશા કાપડિયાનાં દર્દ સભર સ્વરમાં સાંભળવા માટે સ્વરીલું ઈજન આપું છું. જો કે નિશાના સ્વરમાં આ ગીત લાઈવ પ્રોગ્રામમાં જ સાક્ષાત સાંભળવા જેવું છે. કેસેટ કે સીડીમાં સાંભળીએ ત્યારે ગાયકની પ્રસ્તુતિના હાવભાવથી આપણે વંચિત રહી જઈએ છીએ. વળી, લાઈવ પ્રોગ્રામમાં સમયમર્યાદા નથી હોતી. મારા સ્વરસદનમાં આ ગીતના બે-ત્રણ વર્ઝન છે. લ્યો, તમે ય આ કરુણગર્ભ ગીત માણો :

**ભીંતે ચીતરેલ રૂડા ગરવા ગણપતિ તમે,**
**બોલો, આ મીંઢળ હું બાંધું**
**આખા તે આયખાના મઘમઘતા**
**કંચવાને પારકી તે ગાંઠથી કાં ગાંઠું**
**લચી પડે છે હજુ લીલીછમ્મ યાદો**
**ને પાંપણમાં પોઢી છે રાતો**
**હળુ હળુ હેતમાં હેળવેલા હોઠનો**
**જો ને અલી ! છે ને રંગ રાતો**
**અંતરમાં ઊમટેલા વ્હાલના વંટોળને**
**હું નાડાછડીથી કેમ બાંધું ?**
**પીઠી તું ચોળ પછી પહેલાં તું બોલ,**
**આ રાતા તે રંગમાં શું ભરવું ?**
**સાતમે પાતાળ સાવ રેશમમાં વીંટેલા**
**સપનાનું મારે શું કરવું ?**
**પાનેતર પારકું તો ઓઢીને બેસું**
**પણ મનની ચોપાટ કેમ માંડું ?**
**ચોરીના ચાર ફેરા ફરું તો કેમ ?**
**પણ ભવ ભવના ફેરા નકામા**
**આગળના રસ્તાને ભાળી શું આંખ મળે**
**વીત્યાના પડછાયા સામા**
**કાંડું તો બાંધું દેવ તમારા કહેવાથી**
**પણ હૈયાંને કેમ કરી બાંધું ?**

સામાજિક રીતરસમો અને ખોટી પરંપરાઓમાં કચડાતી આવી કેટલીય કોડભરી કન્યાઓનો આ હૈયાવલોપાત છે. મા-બાપો પરાણે પોતાની દીકરીને ન ગમતા પુરુષ સાથે પરણાવે ત્યારે કન્યાના કાળજામાં જે ભૂકંપ થાય તેની છિન્ન-ભિન્નતા આપણે ક્યારે અનુભવીશું ? આવા કેટલાક સાચુકલાં ગીતોને વિવેચનની સહેજેય આવશ્યકતા નથી. ગીત ખુદ અને એનું સ્વરાંકન તથા નિશાની કરુણગર્ભ પ્રસ્તુતિ ખુદ જ એનું પરિચાયક છે.

**અંજલિ :**

**છે મંડપ લગ્નવેદી પણ છે પણ હું તો ભગ્ન !**
**પરાણે પરણીશ એને કેમ કહું હું લગ્ન ?**
**સાજન માજન માણશે સૌ થઈ સમાજ મગ્ન !**
**નથી આ યજ્ઞ, છે એ તો મારા જીવતરનું અગ્ન !**
**(સુરેન્દ્રનગરની એક સાવ અજાણી એ વાચિકાને આજનું આ 'આચમન' અર્પણ...)**





## તારો છેડલો માથે રાખને જરા...
## આ તો ચૈતર-વૈશાખના વાયરા !

ઉનાળો હવે સોળે કળાએ ખીલીને આપણને મુરઝાવી રહ્યો છે. ચૈતરના દનૈયા આજથી જ આરંભાઈ રહ્યા છે ત્યારે આકાશમાં કાળઝાળ અગનવર્ષા વરસી રહી છે. આખો મલક જાણે મૃગજળની જાળમાં અટવાયેલો ભાસે છે. માણસ તો ઠીક પણ આ અબોલ પશુ-પંખી-વન્ય સૃષ્ટિનું શું થાતું હશે ! એને બિચારાને ક્યાં પંખો કે એરકન્ડીશનની સુવિધા મળે તે જીવને ટાઢક થાય !

આપણા સમગ્ર ભારતીય સાહિત્યમાં અને આપણી સર્વ કળાઓમાં ઋતુઓના મિજાજની અનુભૂતિઓનું વર્ણન અવારનવાર પ્રકટતું રહે જ છે. પ્રકૃતિના બદલાવો કળાકાર સૂક્ષ્મ અંતરે આત્મસાત્ કરીને એને પોતાની કૃતિઓમાં ક્યારેક સીધેસીધું તો ક્યારેક પ્રતીકાત્મક રીતે વ્યક્ત કરતો હોય છે.

ગુજરાતી સાહિત્યના ગદ્ય અને પદ્ય બન્ને સ્વરૂપોમાં ઋતુઓના રંગની સુખદ-દુ:ખદ છટાઓ વર્ણવાતી રહે છે. ઋતુઓના જ મિજાજને વ્યક્ત કરતી અઢળક રચનાઓ આપણને મળે છે. આ બળબળતા ઉનાળાના આકરા તાપ અને ગરમ ગરમ લૂના વીંઝાતા ઝીણા ઝીણા વાયરા આપણને સંતાપે છે. ચૈતર-વૈશાખનો દનૈયો પોતાનો ગરમ રોફ લોકો ઉપર જમાવી રહ્યો છે ત્યારે એવું જ એક ગીત મને યાદ આવે છે. ગુજરાતી કાવ્ય સંગીતના પ્રભાવક પ્રારંભક એવા અવિનાશ વ્યાસનું ઋણ ગુજરાતી પ્રજા ક્યારેય કરતાં ક્યારેક નહીં ચૂકવી શકે. સાહિત્યની વિચિત્રતા કે કરુણતા તો જુઓ કે વરસો વીતી ગયા તોય આ કવિનાં ગીતો-સ્વરાંકનો હજુય ગુજરાતી પ્રજાના હૈયા-કંઠમાંથી સુકાયા નથી પણ વધુને વધુ તાજાલીલા થતા જાય છે. ત્યારે પ્રજાપ્રિય અને પ્રજાના હૈયામાં સદૈવ ચિરંજીવ એવા આ કવિને 'કહેવાતા' સાહિત્યકારો-વિવેચકો હાંસિયામાં રાખી દે છે અને

એમનું પ્રદાન સાહિત્યિક મૂલ્ય ગણતા જ નથી ! પણ પોતાની જાતને સાહિત્યના ખેરખાં સમજનારા લોકો એ ભૂલી જાય છે કે તમે કોઈ સર્જકને સાહિત્યિક માન્યતા આપો કે ન આપો એથી કોઈ સર્જક (સાચા સર્જક)ને કોઈ કરતાં કોઈ જ ફરક નથી પડતો. એ સાચો સર્જક તો સીધેસીધો પ્રજાના હૈયાં સુધી પહોંચી જાય છે. એને તમારાં પ્રમાણપત્રોની કોઈ જ આવશ્યકતા નથી જ !

સમર્થ ગાયક - સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરમાં કવિ નંદકુમાર પાઠકનું આ ગીત માણવા જેવું છે. તો ચાલો, ચૈતર-વૈશાખના આ આકરા દનૈયાના તાપની તીણી સાક્ષીએ આપણે પણ આપણી પ્રિયજનને મનગમતી નાયિકાને કહીએ (સોરી... ગાઈએ..) કે :

**તારો છેડલો તું માથે રાખને જરા**
**આ તો ચૈતર-વૈશાખના વાયરા...**
**તારી વેણીની મ્હેક જાશે ઊડી**
**આ તો ચૈતર-વૈશાખના વાયરા...**
**અંગારા વેરતો તડકાનો તોર કંઈ અંગારા ઝીલતો**
**આ આંખ્યુંનો તોર કંઈ**
**તારા હૈયા પર હાથ અલી, રાખને જરા**
**આ તો ચૈતર-વૈશાખના વાયરા...**
**ઊના એ વાયરાને પાલવડે પૂરમાં**
**ઊછળતા ઓરતા છે ઊના આ ઉરના**
**તારી આંખો અધૂકડી રાખને જરા**
**આ તો ચૈતર-વૈશાખના વાયરા...**

અંગારા વેરતા આકરા તડકાની પછીતમાં નાયકને શાતા મળે છે નાયિકાની સંગે રહેવામાં. એટલે વૈશાખના વાયરા થકી નાયિકાના માથાનો છેડો હવામાં ઊડી જાય છે એને સંભાળવાનું સૂચન કવિ નાયક દ્વારા કરે છે. પુરુષોત્તમદાના મુલાયમ-ઘેઘૂર-ભીના સૂરમાં આ ગીત વર્ષો પહેલાં ધ્વનિમુદ્રિત થયેલું છે. હવે તો ક્યારેક-ક્યારેક જ આવાં ગીતો માણવા-સાંભળવા મળે છે. ગુજરાતી કાવ્યસંગીતની દુનિયામાં આવા સ્વરાંકનો એ જ આપણી ગુજરાતીતા-ગેયતાની ખરી મૂડી છે. એ





શબ્દિલ-સ્વરિલ વારસો સાચવવો એ આપણા સૌની ગુજરાતીય ફરજ છે. ગુજરાતી ગેય કાવ્યોની આ અવિરત પરંપરામાં આપણે સૌ મ્હાલીએ અને સાહિત્યનો, સંગીતના સ્વરોમાં સચવાયેલો આ વારસો આવનારી આપણી અનુજ પેઢીને આપીએ તો જ આપણી ભાષા અને આપણું ગુજરાતી કાવ્યસંગીત જીવશે : અન્યથા.....

**અંજલિ :**

**તેરી દુઆ સે હી જી રહા હૂં મૈં,**
**દર્દ સારે તેરે પી રહા હૂં મૈં**
**નહીં ઓર કોઈ ખ્વાહિશ મંઝીલોં કી,**
**ઘડકને સારી તેરી, સાંસો મેં સી રહા હૂં મૈં !**

## વાદીડે કેમ કર્યા મહુવરના ખેલ ?
## રાફડામાં પૂર્યા કંઈ લીલાં દીવેલ !

ગુજરાતી કાવ્ય સંગીત ક્ષેત્રે બે સ્ત્રી ગાયિકાઓ એક સાથે જ ગુજરાતી ગીતો પ્રસ્તુત કરતી હોય એવી સ્વર બેલડી એટલે વિરાજ-બીજલ ઉપાધ્યાય. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે પુરુષોત્તમ ઉપાધ્યાયના સૂર-શબ્દના વારસાને આ સ્વરપુત્રીઓએ ઉજાગર કર્યો છે. ગળથૂથીમાં જ જેને ગુજરાતી કાવ્યો અને એના સૂર-તાલ પીવડાવવામાં આવ્યા હોય પછી પૂછવું જ શું ? બાળપણથી પ્રારંભીને હવે આજે તો સમગ્ર ગુજરાતી કાવ્ય સંગીતના આયખામાં પોતાના વરસોનું સ્વરતપ આપનાર આ બેય બહેનો જ્યારે રંગમંચ ઉપરથી ગુજરાતી ગીતો રજૂ કરે ત્યારે આખુંય વાતાવરણ ગુજરાતી સુગમ સંગીતમય બની જાય છે. 'સાત સાત પગલાંઓ સાથે ચાલીને' (કવિ મેઘબિંદુ)એ ગીતથી જ સૌ ગુજરાતીજનોનું ધ્યાન ખેંચનાર વિરાજ-બીજલ આપણી કાવ્ય સંગીત પ્રદેશની એક માત્ર સ્ત્રી ગાયકબેલડી છે. માત્ર અને માત્ર ગુજરાતી સુગમ સંગીતને જ વરેલી આ બહેનો આપણી ગુર્જર ભાષા અને ગુર્જર સ્વરવાણીનું ગૌરવ છે.

ગુજરાતી ગીતસ્વરૂપમાં પર્યાય બની જનાર આપણી ધરતીના એક ઉત્તમ કવિ એટલે વિનોદ જોશી. આ કવિ પાસેથી આપણી ભાષાને ગાવા જેવાં-નાચવા જેવાં અસંખ્ય ગીતો મળ્યાં છે. ગીતોની છાબ ભરીને આ રોમેન્ટિક કવિ આપણને એવા તો મબલખ અને દોમદોમ કરી દે છે કે બસ એને ગાયા જ કરીએ. મમળાવ્યા જ કરીએ અને ક્યારેય એનો ધરવ ન થાય ! ગુજરાતી સ્વરકારો-ગાયકોમાં ભાગ્યે જ કોઈ એવા હશે જેણે વિનોદ જોશીને ન ગાયા હોય ! અરે, હિન્દી ફિલ્મના એક ઉત્તમ-સંવેદનશીલ સ્વરના માલિક એવા ગાયક સુરેશ વાડકર જેવા બિન ગુજરાતી ગાયકે પણ આ કવિનું એક ગીત 'તને ગમે તે મને ગમે, પણ મને ગમે





તે કોને !' અદ્ભુત સ્વરસામર્થ્યથી ગાયું છે એની કેટલા લોકોને ખબર હશે ? કોઈ શ્રેષ્ઠ હિન્દી ફિલ્મના ગીતથી સહેજેય નબળું ન લાગે એવું એ ગુજરાતી સ્વરાંકન આજે તો આપણે આડા કાને મૂકી દીધું છે. અડધી રાત્રિની નીરવ શાંતિમાં, મ્યુઝિક સીસ્ટમમાં 'રીપિટ'નો મોડ આપીને એકને એક એ જ ગીત આખ્ખી રાત સાંભળવાની દર્દીલી મજા મેં અસંખ્ય વાર લૂંટી છે. એ ગીત વિશે તો અહીં જ ફરી ક્યારેક વાત કરવી છે પણ આજે તો વિરાજ-બીજલના ઘેઘૂર સ્વરમાં અને રીધમની દૃષ્ટિએ લય-તાલની ઉતાવળી ગતિમાં કંડારાયેલું આ સ્વરાંકન ખરેખર ભલભલા પથ્થરીલા માણસને પણ રોમેન્ટિક બનાવી મૂકે એવું છે. વિરાજ-બીજલે આ ગીતના આરંભથી અંત સુધી 'હમીંગ'ની જે સ્વરબારીકાઈ ગૂંથી છે. (હંહં..હં..હંહં...હં) તે કાબિલે દાદ છે. એમાંય સ્થાયી-અંતરાની પંક્તિઓમાં તાર અને મંદ્ર સપ્તકના સૂરમાં વ્યક્ત થતો આરોહ-અવરોહ ઝીણા કાને જ ઝિલાય એવો છે. કાવ્યની જેમ જ આ સ્વરાંકન પણ જલદી પકડાય એવું નથી. ગીતનું ઓર્કેસ્ટ્રેશન પણ સરસ છે. ગીટાર, કીબોર્ડ, તબલાં, વાંસળી, સાઈડ ઈફેક્ટસમાં ખાસ કરીને બેકગ્રાઉન્ડમાં વાગતા 'બેરેકસ'નો ઝીણો ઉપયોગ સ્વરાંકનને સભર બનાવે છે. આખાય ગીતના બેકગ્રાઉન્ડમાં સંભળાતું-પુરુષોત્તમ ઉપાધ્યાયનું હાર્મોનિયમ વાદન તો આ ગીત કેટલીય વાર સાંભળો તો જ સંભળાય-પકડાય.

આ ગીતની ગતિ અને વિરાજ-બીજલની ભાવમય સ્વરપ્રસ્તુતિથી આખું ગીત આપણી અંદર ખૂલી જાય છે. કેટલાંક ગીતો વિવેચનાની આવશ્યકતા જ નથી, બસ ગાઈ જવામાં જ લિજ્જત છે. તો આવો, તમેય આવા એક રોમેન્ટિક ગીતની રણઝણાટી અનુભવો :

**હે...ઝેરી કાળોતરો ડંખે**
**કાંઈ મીઠો લાગે, હે કાંઈ મીઠો લાગે**
**મારી આરપાર શેરડીનો સાંઠો,**
**મારી આરપાર શેરડીનો સાંઠો રે લોલ...**
**વેણીનાં ફૂલ જેવી ભરડાની ભીંસ,**
**ભીતરમાં ભંડારી લોહીઝાણ ચીસ,**
**પીડા ઘેઘૂર મને રંગે રે ! કાંઈ ફોરી લાગે,**
**હે કાંઈ ફોરી લાગે !**

**હજી તાણો આ રેશમની ગાંઠો,**
**હેજી તાણો આ રેશમની ગાંઠો રે લોલ...**
**વાદીડે કેમ કર્યાં મહુવરના ખેલ ?**
**રાફડામાં પૂર્યાં કંઈ લીલાં દીવેલ !**
**નીતરતું ઘેન મારે અંગે રે !**
**કાંઈ ભીનું લાગે, હે કાંઈ ભીનું લાગે !**
**મારે છલકાવું કેમ ! નથી કાંઠો,**
**છલકાવું કેમ ? નથી કાંઠો રે લોલ...**

વર્ષો પહેલા મ્યુઝિક ઈન્ડિયા દ્વારા પુરુષોત્તમ ઉપાધ્યાય-હંસા દવેની ‘ગુલમોર’ ઓડીયો કેસેટ પ્રગટ થયેલી તેમાં વિરાજ-બીજલે ગાયેલું એક માત્ર ગીત ગુજરાતી ગુલમોરી ગીતની સ્વર છાલક ઉડાડે છે. હવે આવા સાચકલાં મોતી જેવાં ગુજરાતી ગીતો ક્યાં સાંભળવા મળે છે ? ગીતને એનો સાચો ગાનારો મળે તો જ ગીત જીવે અને ઝિલાય, એ એને માણનારા ભાવકો મળે તો જ એનું ખરું માહાત્મ્ય ! આવું વાતાવરણ આજે ક્યાં ? એટલે જ કદાચ આપણા આ રોમેન્ટિક કવિ વિનોદ જોશીની કલમમાંથી હવે ધાણીફૂટ ગીતો નહિ પ્રગટતાં હોય ! શું કહો છો હેં, કવિ !

**અંજલિ :**
**ભીતરમાં ભેદ ભર્યા ભારે, એ કેમ કરી પરખાય !**
**રે, મનમાં પડી ગાંઠ એ કેમ કરી ઉકેલાય !**





# સંબંધની ગાગરથી પાણી ભરીશું કેમ ? લાગણીના દોરડા ઘસાયા

ગુજરાતી ભાષા-સાહિત્ય, કાવ્ય સર્જન, નાટક, ગુજરાતી કાવ્યસંગીત વગેરે પ્રવૃત્તિઓમાં મુંબઈના ગુજરાતી કલાકારો વર્ષોથી મોખરે છે. કોઈપણ ક્ષેત્રનો ગુજરાતી કલાકાર મુંબઈની ભૂમિ પર જઈને ખીલે છે, ખૂલે છે અને જબરદસ્ત રીતે વિકસે છે. એકલ દોકલ નહિ પણ અસંખ્ય દૃષ્ટાંતો તમને દરેક કલાપ્રવૃત્તિના સંદર્ભમાં મુંબઈના ગુજરાતી કલાકારોમાં મળી આવશે. ગુજરાતી સુગમ સંગીતના મુંબઈમાં, ફિલ્મોની જેમ ટિકિટ શો થાય છે અને એય પાછા હાઉસફૂલ જાય હોં ! શનિ-રવિમાં બે-બે ત્રણ-ત્રણ ટિકિટ શો હોય. ગુજરાતી નાટકોની પણ ત્યાં જબરી ડિમાન્ડ છે. હિન્દી ફિલ્મો કરતાંય મુંબઈના ગુજરાતીઓ ગુજરાતી નાટકો પાછળ દીવાના છે. સાલ્લું, મને ઘણી વખત વિચાર આવે કે મુંબઈમાં જ કેમ આ બધું શ્રેષ્ઠતમ રીતે સર્જાય છે અને પ્રવૃત્તિઓ વિકસે છે અને આપણે ત્યાં, આપણી જ ભૂમિ ઉપર આપણી જ ગુજરાતી ભાષા અને ગુજરાતી કાવ્ય સંગીત-નાટકોની પ્રવૃત્તિઓને ખૂબજ નબળો પ્રતિસાદ સાંપડે છે, આમ કેમ ? આપણા ઘરઆંગણે પણ ઉત્તમ સર્જકો છે જ, ભાવકો પણ છે જ. પણ તોય કેમ આ પ્રવૃત્તિઓ અહીં વિકસતી નથી-જામતી નથી ? આપણે સૌએ આ સામૂહિક ચિંતન કરવા જેવી બાબત છે ખરુંને ? ખેર... જવા દો એ વાત. આજે આચમનમાં મુંબઈના એક થોડાક ભુલાઈ ગયેલા કવિ મેઘબિંદુની એક જાણીતી ગીત રચના ગાવાનું ખૂબ મન થયું છે. મુંબઈના જ સ્વરકાર લલિત વર્મા (ભારતીય વિદ્યાભવન)નું એક વર્ષોજૂનું આ સ્વરાંકન છે. જાણીતાં સુગમ ગાયિકા હંસા દવેના સ્વરમાં એ ગવાયેલું છે. ઘણાંય વર્ષો પહેલાં મ્યુઝિક ઈન્ડિયા કંપનીએ ગુજરાતી સુગમ ગીતોની એક ઓડિયો કેસેટ ‘સંબંધ તો આકાશ’ પ્રગટ કરેલી એમાં કવિ મેઘબિંદુનાં જ ગીતો હતાં અને દક્ષેશ ધ્રુવ, પુરુષોત્તમ ઉપાધ્યાય તથા લલિત વર્માનાં સ્વરાંકનો હતાં. જેને પુરુષોત્તમ ઉપાધ્યાય, વિરાજ-બીજલ ઉપાધ્યાય અને હંસા દવેએ સ્વર આપ્યો હતો.

માણવા જેવું આ એક ગુજરાતી ગીત સમજવા જેવું પણ છે. જો કે સમજવા કરતાય માણવાનો લ્હાવો જ અદકેરો છે. હંસા દવેના એ સમયના તાજપભર્યા સ્વરમાં આ ગીત સાંભળવું એ એક જીવનનો અનન્ય લહાવો છે. આવો, આપણે સૌ પણ એ લહાવો લઈએ.

**સંબંધની ગાગરથી પાણી ભરીશું કેમ ?**
**લાગણીના દોરડા ઘસાયા**
**વાતોની વાવના ઊતરી પગથિયાં**
**અમે પાણી પીધું ને ફસાયા !**
**કેટલીયે વાર મારી ડૂબેલી ઈચ્છાને**
**મીંદડીથી કાઢી છે બ્હાર !**
**ગોબા પડેલી ખાલી ગાગરનો**
**મને ઊંચકતાં લાગે છે ભાર !**
**નિર્જન આ પંથે સાવ ધીમી ચાલું**
**તોય સ્મરણોના નીર છલકાયાં !**
**અફવાઓ સુણી સુણીને મને રોજ રોજ**
**પજવે છે ઘરના રે લોકો**
**એકલી પડું ત્યારે આંસુના સથવારે**
**હૈયાનો બોજ કરું હલકો**
**એક પછી એક ગાંઠ વધતી રે જાયને**
**લાગણીના દોરડા ટુંકાયા**

ગુજરાતી સુગમગીતોની આવી ઉજ્જવળ પરંપરા આવા સૂરીલા ગીતો થકી અજરઅમર છે, પણ પ્રત્યેક પેઢીના લોકો એને જાળવે, સન્માને તો જગતની કોઈ પણ પ્રજા પોતાની માતૃભાષા વગર ટકી શકતી નથી, એ પરમ સત્ય કોઈએ ક્યારેય ભૂલવું ન જ જોઈએ.

**અંજલિ :**
**કામ તારું કોણ માને છે હવે ?**
**તું જ એમ તડપન લાવે છે હવે !**
**એ જ તો તકલીફ છે તારી પ્રભુ !**
**બોજ આપે ને પછી લલચાવે છે હવે !**





## ઘડીભરનું ઘડતર, જગત આ ગંજીપાનું ઘર....

‘બાબુજી ધીરે ચલના પ્યાર મેં જરા સંભલના’ હિન્દી ફિલ્મ ‘આરપાર’ના આ ગીતથી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરનાર ગીતાદત્ત લગ્નપૂર્વે ગીતારોય તરીકે ગાયિકા બન્યાં હતાં. એ વાત આજની પેઢી જો સંશોધનવૃત્તિ દાખવે તો જ ખબર પડે ! મારા અને મારા જેવા બીજા ઘણા બધાંના જન્મ પહેલાંનાં કેટલાય ગુજરાતી સુગમગીતો - ફિલ્મીગીતો હવે આજે તો કાળના પટારાના તળિયે મૂંગા થઈને બેસી ગયા છે. ઘણાંય વર્ષો પહેલાં એક ગુજરાતી બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ ‘ગાડા નો બેલ’ આવી હતી. એમા આપણા ગુજરાતી કાવ્યસંગીતના પ્રખર સંગીતકાર ગીતકાર અવિનાશ વ્યાસે ગીતો લખ્યાં હતાં અને એ ફિલ્મનું સંગીત પણ એમણે જ આપ્યું હતું. જૂની હિન્દી ફિલ્મોના ગીતોની શૈલીથી જ આ ફિલ્મનાં ગીતો ધ્વનિમુદ્રિત થયા હતાં અને એ સમયે ‘ગાડાનો બેલ’ ગુજરાતી ફિલ્મની રેકર્ડ (તાવડી) પણ બહાર પડી હતી. આ ફિલ્મના લગભગ બધાં જ ગીતો એ સમયે ગુજરાતી પ્રજાના હૈયામાં ગુંજતા હતા. એ ગીતો - સ્વરાંકનો તમે સાંભળો તો તમને એમ જ લાગે કે કોઈ જૂની હિન્દી ફિલ્મનું ગીત તમે સાંભળી રહ્યા છો. એમાંથી ગુજરાતી પંક્તિઓ દૂર કરીને એના સ્થાને કોઈ હિન્દી કવિતા-ગીત મૂકી દો એટલી હદે આ ગીતોમાં હિન્દી ફિલ્મ સંગીત-પાર્શ્વગાયનની અસર એમાં અનુભવાણી છે. મારી પાસે તો એ ગુજરાતી ફિલ્મની રેકર્ડ નથી અને ‘ગાડાનો બેલ’ ફિલ્મ પણ મેં નિહાળી નથી પણ એ પછી વર્ષો પહેલાં ગીતા દત્તે ગાયેલાં ગુજરાતી ફિલ્મ ગીતોની એક વિશિષ્ટ ઓડિયો કેસેટ બહાર પડેલ તે મારી પાસે છે. ‘અતીતના સંભારણાં’ એ ટાઈટલની ઓડિયો કેસેટમાં ‘ગાડાનો બેલ’ ફિલ્મના ગીતારોયે (પછીથી દત્ત) ગાયેલાં ગીતોનો સમાવેશ છે. માત્ર ઢોલક, વાયોલીનના

સ્વર સંગાથે ગીતારોયનું એ ગીત તમને ક્યાંયથી સાંભળવા મળે તો અચૂક સાંભળજો. મારી પાસે કેસેટમાં જે વર્ઝન છે, તેમાંય રેકર્ડ ઉપરથી કેસેટ પરિવર્તિત થયેલું વર્ઝન છે અને કેસેટમાં પણ પે'લી તાવડીની પીન ઘસાતી હોય એનો ઘરઘરાટ પણ સંભળાય છે.

ગીતકાર-સંગીતકાર અવિનાશ વ્યાસે સરળ શબ્દોમાં એવી તો જીવન ઘડતરની વાત મૂકી આપી છે કે આપણે રાજી થઈ જઈએ, ગીતારોયના કરુણગર્ભ અવાજમાં 'ગાડાનો બેલ' ફિલ્મનું એ ગીત આ રહ્યું લ્યો, માંડો કાન :

**ગંજીપાનું છે ઘર, જગત આ ગંજીપાનું ઘર,**
**ઉપરથી સુંદર ચણતરને પોકળ છે અંદર**
**જગત આ ગંજીપાનું ઘર ઓ...**
**સૌએ બાજી ઉપર મનમાં થાતાં રાજી**
**જેવાં પાનાં તેવા શાણા થઈને કે'તા હાજી હાજી**
**સૌ એ બાજીગર, જગત આ ગંજીપાનું ઘર..**
**મનમાં કાંઈ મનોરથ સેવ્યા, આશાની ઈમારત બાંધી**
**ચાર દિવસની જિંદગાનીની વિખરી ચાલી આંધી**
**સહેવું જીવનભર, જગત આ ગંજીપાનું ઘર..**
**ઓ..... પાના કેરો મહેલ બનાવી, સૌ એ કરતા ખેલ**
**જીવન મરણની યાદી કેરા ઊકલે નહીં ઉકેલ**
**મનખા સાથે મૃત્યુ જન્મે, ઘડીભરનું ઘડતર...**
**જગત આ ગંજીપાનું ઘર...**

મૂળ ગુજરાતી નાટક 'ગાડાનો બેલ'ની કથા પરથી જ આ ગુજરાતી ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આપણા ભુલાઈ ગયેલા ગુજરાતી કાવ્યસંગીતના અણમોલ વારસાની જેમ આપણા જૂની ગુજરાતી ફિલ્મોના ગીતોમાં પણ લટાર મારવા જેવી છે. હિન્દી ફિલ્મોની અને એના ગીતોની બરોબરી કરી શકે એવી ફિલ્મો અને ગીતોનો અમૂલ્ય ખજાનો આપણી પાસે છે પણ એમાં ભાવક તરીકે ય પ્રવેશ કરવાનો આજે કોઈની પાસે સમય જ ક્યાં છે ! ગીતારોયનું આ ગીત આજના સંદર્ભમાં ખૂબ જ આશ્વાસક છે. મને ઘણીય વખત વિચારો આવે છે કે





આપણને હિન્દી-ગુજરાતી ફિલ્મગીતોનો કેમ છોછ છે ? શું એમાં કાવ્યત્વ, સંગીતત્વ નથી ? અરે, હજ્જારો ગીતોની સાદી સમજણ જીવનમાં અસંખ્ય વખત ડગલે ને પગલે ઉપકારક થાય છે. હું તો આવા જ ફિલ્મીગીતોનાં સતત શ્રવણ પ્રસ્તુતિ માધ્યમના જીવંત વાતાવરણમાં ઊછર્યો છું અને હજુય એને માટેની તરસ-ખાંખાંખોળાં અવિરત કાર્યરત જ છે. તમારી પાસે ય આવાં મજાનાં ગીતો હોય તો મને સાદ પાડજો હું દોડીને આવીશ અને 'આચમન'ના અન્ય ભાવકોને એ શબ્દ-સ્વર પ્રસાદી પહોંચતી કરીશું. બરાબરને ?

**અંજલિ :**

**મને એમ કે આગ તારી કને,**
**તને એમ કે બાગ મારી કને છે**
**હવે હું જ તારી લગોલગ રહું તો ?**
**ભલે આપણી વાત ચોમેર બને છે.**

# બરફમાં હું ગોઠવેલું પાણી નથી,
# મને સૂરજની બીક ના બતાવો !

ગુજરાતી ગીતોનો પર્યાય એટલે કવિ અનિલ જોશી. આપણી સૌરાષ્ટ્રી ધરતીનો નરવો-ગરવો આ કવિ ગીતનો દરિયો ઘૂઘવાવે છે-છલકાવે છે. આપણને એના અસંખ્ય ગીતોથી આ કવિએ ગુજરાતી ભાષાને - કવિતાને રળિયાત કરી છે. રમેશ - અનિલની કવિ બેલડીએ ગુજરાતી ગીતોની છાબ સભર/સભર કરી છે. આ કવિ જોડીએ તો 'સંયુક્ત ગીત'ની ભેટ પણ આપણને ધરી છે. કેટલાંક (જ) કવિઓ/ગીતકારો ગાવા જેવા - હંમેશા ગાવા જેવા હોય છે. એની ગીત રચનાઓને વિવેચના કે આસ્વાદની ટેકણ લાકડીઓની ક્યારેય જરૂર જ નથી પડતી. બસ ગાયે જાઓ યાર... અરે ! ગીતનો ભાવ કે અર્થ ન સમજાય તોય કાંઈ નહીં, બસ મોજથી ગાઓ. ગાતા રહો. ગવડાવતા રહો. સાંભળતા રહો. સંભળાવતા રહો. ઘણાય કવિઓનાં ગીતો માત્ર વાંચવા-પઠન કરવાં જેવાં હોય છે, અથવા તો સાહિત્યિક સામયિકો કે વિશેષાંકોમાં મુદ્રિત કરવાં જેવાં હોય છે, પણ ખરું ગીત તો કાગળની મુદ્રિત અવસ્થામાંથી નીકળી કોઈ સ્વરકાર-ગાયકના કંઠમાં સ્વરમય સ્થિતિ ધારણ કરે અને એ સ્વરકાર-ગાયક દ્વારા ભાવકોના હૃદય સુધી પહોંચે એ જ 'સાચુકલું ગીત' ! ગવાય નહીં તે ગીત જ ન કહેવાય ! એટલે આપણે ત્યાં ન ગવાતાં ગીતોનીય - ન ગવાયેલાં ગીતોનીય જબરી ભીડ છે જ !

ગુજરાતી કાવ્યસંગીત/સુગમ સંગીતમાં જે કોઈને સોયની અણી જેટલોય રસ હશે એણે કવિ અનિલ જોશીનું નામ સાંભળ્યું જ હોય અને આ કવિનું એક વિશ્વપ્રસિદ્ધ ગીત પણ સાંભળ્યું જ હોય એમાં બેમત નથી ! જો કે અનિલ જોશીના તો અંસખ્ય-મબલખ ગીતો સ્વરાંકિત થયા છે-પ્રસ્તુત થયા છે પણ એ સૌમાં આ સ્વરાંકન તો અજરામર અમર છે. ઘણાંય વર્ષો પૂર્વે જાણીતા સ્વરકાર-ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાયે આ ગીતનું સ્વરાંકન કરેલું છે. આ ગીત એમના જ ઘેઘૂર-દર્દીલા સૂરમાં સાંભળવાની મજા જ કંઈ ઓર છે ! આ ગીત ઘણીય વખત હંસા દવે પણ પ્રસ્તુત કરે છે પણ જે





અનુભૂતિ (ફીલીંગ્ઝ) પુરુષોત્તમદાના સ્વરમાં અનુભવાય છે તે હંસા દવે કે અન્ય બીજા કોઈપણ ગાયકોમાં નથી અનુભવાતી! મારા સ્વર ખજાનામાં આ સ્વરાંકનના બે-ત્રણ વર્ઝન છે, પણ 'ગુલમોર' ઓડિયો કેસેટની 'એ' સાઈડમાં પ્રથમ જ ગીત રચના અનિલ જોશીનું 'મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી, મને પાનખરની બીક ના બતાઓ' એ ગીત રચનાથી જ આ ઓડિયો કેસેટનો ઉઘાડ થાય છે.

ગુજરાતી ભાષા-સાહિત્ય કે એવી સાહિત્યિક ઊંડાણની અનુભૂતિઓ પણ જેને ન હોય અથવા તો એમ કહીએ કે જેને સાહિત્યમાં બહુ ઊંડી પતીજ-ગતાગમ ન પડતી હોય એવા કોઈ પણ સામાન્ય ભાવકેય આ ગીત ન સાંભળ્યું હોય એવું નહીં જ બન્યું હોય ! અરે ! આજે પણ પુરુષોત્તમ ઉપાધ્યાય કે અન્ય કોઈપણ ગાયકોના કાર્યક્રમોમાં આ ગીતની ફર્માઈશ અચુક આવે, આવે ને આવે જ ! અને જ્યાં સુધી આ ગીત જે તે કલાકાર પ્રસ્તુત ન કરે ત્યાં સુધી આ ગીતની 'ફર્માઈશી ડીમાન્ડ' ચાલુ જ રહે છે એનો આ લખનારને પણ કેટલીય વખત અનુભવ થયો છે. (આ લખનાર પણ સુગમ ગીતો-જૂનાં ફિલ્મી ગીતો મોજથી ગાયા કરે છે વર્ષોથી...) ગુજરાતી ગીત કવિતાનું આ શિખરે બેઠેલું ગીત આજે તમેય આચમનો... યારો...

**હો... મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી**
**મને પાનખરની બીક ના બતાવો !**
**પંખી સહિત હવા ચાતરીને જાય**
**એવું અષાઢી દિવસોમાં લાગે**
**આંબાનું સાવ ભલે લાકડું કહેવાઉં**
**પણ મારામાં ઝાડ હજી જાગે !**
**માળામાં ગોઠવેલી સળી હું નથી**
**મને વીજળીની બીક ના બતાવો !**
**મને પાનખરની બીક ના બાતાવો !**
**એકેય ડાળીથી હવે ઝીલ્યો ન જાય**
**કોઈ રાતી કીડીનોય ભાર !**
**એક પછી એક ડાળ ખરતી જોઉંને**
**થાય પડવાને કેટલી છે વાર !**
**બરફમાં હું ગોઠવેલું પાણી નથી,**
**મને સૂરજની બીક ના બતાવો !**
**મને પાનખરની બીક ના બતાવો !**

જોયું ને ! કેવું અદ્‌ભુત અને જીવનની સમજણ આપતું આ ગીત છે ને ! આ ગીત પુરુષોત્તમદાના સ્વરમાં જેણે સાંભળ્યું હશે એ ભાવકો ધન્ય થયા જ હશે!

ગીતના આરંભે વાગતા વાંસળીનાં દર્દીલા સૂર તરત જ આપણને જકડી લે છે. આખાય ગીતમાં બેકગ્રાઉન્ડમાં અને ફીલર તરીકે પણ નાના નાના વાંસળીના સ્વરોના ટુકડા આ ગીતને કરુણમય બનાવે છે. તો કી-બોર્ડની વાયબ્રો ઈફેક્ટ, ગીટાર-બેઝગીટારની ભરતી અને તબલાંનો મધ્યમ લય આ ગીતના સ્વરાંકનનાં સૌંદર્યને વધુ ગાઢ બનાવે છે. પુરુષોત્તમ ઉપાધ્યાયનું 'હમીંગ' (હંહં...હુંહુંહું... હુંહું...) પણ આ સ્વરાંકનની બારીકાઈ પ્રગટ કરે છે. કાવ્યના ભાવજગત મુજબ જ સ્વરોની ગૂંથણી થાય ત્યારે એ સ્વરાંકન ચિરંજીવી બનતું હોય છે. જેમ કવિને કાવ્ય પ્રગટે છે એ જ રીતે કોઈ રચના આત્મસાત થયા પછી જે તે સ્વરકારને પણ સ્વરાંકનના સ્વરો સ્ફુરતા હોય છે, પ્રગટતા હોય છે. ઘણાંય વર્ષો પહેલાં 'ગુલમોર' ઓડિયો કેસેટ પ્રગટ થયેલી. આજે તો હવે સી.ડી., એમપીથ્રીમાં પણ ગુજરાતી સુગમગીતો પ્રાપ્ય છે તેમાંય ક્યાંક ક્યાંક 'ગુલમોર' આલબમના ગીતોનો સમાવેશ થયો હોય છે.

વર્ષોથી મુંબઈ વસેલા આપણી ધરતીના કવિ અનિલ જોશીનું આ ગીત વર્ષો પછીય એટલું જ તાજું અને શ્રવણીય છે. પુરુષોત્તમભાઈનું આ 'માઈલસ્ટોનરૂપ' સ્વરાંકન છે. એમની ગેયતા થકી જ આ ગીત સમગ્ર વિશ્વની ગુજરાતી પ્રજા સુધી પહોંચ્યું છે. જ્યાં સુધી આપણી ભાષા પાસે આવાં ગીતો છે ત્યાં સુધી આપણે અંગ્રેજી ભાષાથી બીવા જેવું નથી ! આપણે પણ ખુલ્લી છાતીએ અને મોકળા અવાજે કહી જ શકીએ છીએ કે 'મારી ભાષાની છાબમાં આવા મબલખ ગીતોની સભરતા છે, મને પરભાષાની બીક ના બતાવો !' કવિ અનિલ જોશીની કલમરૂપી ડાળીમાંથી આવાં તો કેટલાય ગેય ગીતોના ફાલ ફૂટ્યા છે અને વર્ષોથી આ કવિના ગીતો ગવાય છે અને જ્યાં સુધી ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી ગવાતાં જ રહેશે. આપણે આ કવિના હંમેશાં ઋણી રહીશું.

**અંજિલ :**

**અમારી દિલ્લગી તને કેમ રાચે ?**
**અહીં તો હવે જે મળે તે બધું યાચે !**
**નથી કોઈ કે આજ મારો ગ્રહે હાથ !**
**તને ક્યાં મળે કોઈ આંગણ કે તું નાચે !**





## આપણા અબોલાથી ઝૂર્યા કરે છે
## હવે આપણે સજાવેલી મેડી...

ગુજરાતી ભાષા અને ગુજરાતી ગેય કવિતાના જતન માટે આજે ચો-તરફ ચિંતા અને ઊહાપોહ જોવા મળે છે, એ સારી જ વાત છે પણ ગુજરાતી કાવ્ય સંગીતને નામે આજકાલ જે કાંઈ પ્રસ્તુત થઈને પિરસાઈ રહ્યું છે તે ખરેખર તો માંડ પાંચ-દસ ટકા જ 'સાચું સુગમ સંગીત' હોય છે અને જો કે એમાં ગાયક-સ્વરકારનો ય કોઈ વાંક-ગુનો નથી. એ તો શ્રોતાઓ-ભાવકો જે માંગે એ જ પીરસે ને ? ભાવક તરીકે આપણે ય થોડીક સાચી સજ્જતા કેળવવી પડશે. તો જ આપણી પાસે સાચુકલી ગેય રચનાઓ પ્રસ્તુત થાશે ! નહીંતર તો 'ચલતા હૈ ચલને દો' એ ન્યાયે બધું જ ધકેલ પંચા દોઢસો ચાલશે ! આવું થાય ત્યારે એક ઘાયલ કાવ્ય સંગીતપ્રેમી તરીકે ખૂબ જ આઘાત પણ લાગે, પણ શું કરું ? આવું તેવું થાય ત્યારે હું તો મારા અમૂલ્ય ખજાના જેવા સુગમ સંગીતના મબલખ મહેલમાં જઈને એ 'સાચાં મોતી' જેવાં સ્વરાંકનોની વચ્ચે ડૂબી જઉં ! રાતોની રાતો આવા સ્વરાંકનોમાં, એની સ્વરમસ્તીમાં ક્યાંયનો ક્યાંય ખોવાઈ જાઉં !

હમણાં મારા સ્વરસદનમાંથી આવું જ એક સુંદર ગીત, ઘણાય લાંબા સમય પછી ફરીથી સાંભળ્યું. કવિ મેઘબિંદુની ઘણી રચનાઓ પુરુષોત્તમ ઉપાધ્યાયે સ્વરાંકિત કરી છે. આ રચનાનું સ્વરાંકન પણ એમનું જ છે. વર્ષો જૂનું સ્વરાંકન છે. આજે તો હવે આ સ્વરાંકન આજના સુગમ સંગીતના કાર્યક્રમો સાંભળવા મળતું જ નથી. અન્ય કોઈ ગાયક-ગાયિકાઓ પણ આ ગીત પ્રસ્તુત નથી કરતા. ખુદ હંસા દવે-પુરુષોત્તમભાઈ પણ ભાગ્યે જ આ રચના પ્રસ્તુત કરે છે પણ હા, કાર્યક્રમોમાં ભાવકો આવી 'રેર' રચનાઓની ફર્માઈશ કરે તો ને ? કાવ્યસંગીતમાં ઘણી વખત એવું બને છે, બનતું આવે છે કે જે તે કવિતા એના સ્વરાંકનની સમર્થતાને કારણે પ્રસિદ્ધ

થાય છે. હા, ભલે કદાચ કાવ્ય નબળું હોય પણ સ્વરકાર એમાં સ્વરાંકનની એવી તો સબળતા સ્વરાંકિત કરે કે એના ઢાળ-લયને લોકો તરત ગણગણવા લાગે. સુગમસંગીતની એ જ તો મોજ છે, જલસો છે. તો ક્યારેક સામા પક્ષે એવું ય અનુભવાયું છે કે ઉત્તમ કાવ્ય હોય પણ એનું સ્વરાંકન સાવ નબળું હોય-પ્રસ્તુતિ પણ એ જ રીતે સાવ ઢીલી હોય તો પણ એ કાવ્યની મજા મરણ પામે.

હંસા દવેના, એ સમયના, સ-શક્ત સ્વરમાં, કવિ મેઘબિંદુનું આ ગીત જેણે જેણે સાંભળ્યું હશે એ બધા ભાવકો પણ આ ગીત આજે વાંચતાંની સાથે જ સાથોસાથ ગણગણશે જ ! એ ગીત આ રહ્યું :

**જન્મો જનમની આપણી સગાઈ**
**હવે શોધે છે સમજણની કેડી,**
**આપણા અબોલાથી ઝૂર્યા કરે છે**
**હવે આપણે સજાવેલી મેડી.**
**બોલાયેલ શબ્દોના સરવાળા-બાદબાકી**
**કરતું રહ્યું છે આ મન,**
**પ્રત્યેક વાતમાં સોગંદ લેવા પડે છે**
**કેવું આ આપણું જીવન !**
**મંઝિલ દેખાય ને હું ચાલવા લાગું**
**ત્યાં વિસ્તરતી જાય છે આ કેડી.**
**રંગીન ફૂલોને મેં ગોઠવી દીધાં છે**
**એથી ખીલેલો લાગે આ બાગ**
**ટહુકાને માંડ માંડ ગોઠવી શક્યો**
**પણ ખરી પડ્યો એનો ય રાગ**
**ઊડતા પતંગિયાઓ પૂછે છે ફૂલને**
**તારી સુગંધને ક્યાં વેડી...**

વિરહના વ્યથિત ભાવને તારસ્વરે ગાતું આ ગીત ખરેખર સર્વ વિરહી આત્માઓએ ગાવા જેવું - માણવા જેવું છે. ગીતની પશ્ચાદ્‌ભૂ (બેકગ્રાઉન્ડ)માં વાગતા ગીટારના સ્વરોની સાથે પુરુષોત્તમદાનું ઝીણું હાર્મોનિયમ વાદન તો ઝીણો





કાન રાખીને જ ઝીલવું પડે. કી-બોર્ડ, વાંસળી, તબલાં, સાઈડ રીધમ વગેરેનો ખપ પ્રમાણેનો ઉપયોગ આ સ્વરાંકનને વધારે સબળ બનાવે છે. વર્ષો પહેલાં આ ગીતનું થયેલું ધ્વનિમુદ્રણ (રેકોર્ડિંગ) હંસા દવેના સ્વરની તાજગી અને તાકાત અનુભવાવે છે.

**અંજલિ :**
**ભીની રેતી પગમાં સરતી,**
**ચીખ મળી આ સામી મરતી**
**કોઈ દિવસ પૂછું ના હું,**
**તો ય હજુ કાં આંખે કરતી ?**

## આ મેઘધનુષના મારગથી કોણ વહી ગયું રે લોલ ?

પરેશ ભટ્ટ. આ પંચાક્ષરી નામમાં સુગમ સંગીતનું પંચામૃત-સ્વરામૃત સમાયેલું છે. કેટલાક સર્જકો સર્વકાળમાં સજીવ હોય છે. એ અમરત્વને પામેલા સર્જકો હોય છે. પોતાની વિશિષ્ટ કૃતિઓ અને સર્વક્ષેત્રીય પ્રદાનથી તેઓ હંમેશા સ્મૃતિમાં સંગોપાયેલા જ રહે છે. ગુજરાતી કાવ્યસંગીતક્ષેત્રે આવો જ એક મહા-મહાન કલાકાર આજેય એટલો જ ઉલ્લેખનીય અને સ્મરણીય છે. એ સ્વરકાર-ગાયક એટલે સાચા અર્થમાં સંપૂર્ણપણે શબ્દસ્થ-સ્વરસ્થ પરેશ ભટ્ટ. આ કલાકારે જે સ્વરાંકનો આપ્યા છે તે 'ઓફબીટ' અને વિશિષ્ટ-કૈંક નોખાં-અનોખાં છે. અરે, પરેશ ભટ્ટે તો આપણી એક ગુજરાતી અછાંદસ (લઘુ-ગદ્ય કાવ્ય) રચનાનું સ્વરાંકન કરીને એને અજય-અમર બનાવી છે. કવિ ઉમાશંકર જોશીની 'મારું જીવન એ જ મારી વાણી, બીજું એ તો ઝાકળ પાણી' અછાંદસ રચના આજેય સુગમ સંગીતના ગૌરીશિખર પર વિરાજમાન છે. પરેશ ભટ્ટ સાચા અર્થમાં પ્રયોગશીલ સર્જક હતો, પ્રયોગખોર નહોતો. બાકી આજકાલ તો 'મોર્ડન કન્સેપ્ટ'ની કહેવાતી મોટી-મોટી મહાન ફિલોસોફીના બહાને કેટલાય સર્જકો 'પ્રયોગખોરી' કરીને પોતાને અને પોતાનાં સર્જનને 'મહાન' બતાવવાના પેંતરા કરી રહ્યા છે, એ કૃતિઓ કે કલાકારોને 'સાચા ભાવકો' સાંપડે નહીં !

'આચમન'માં આપણે ક્યારેક-ક્યારેક પરેશ ભટ્ટના સ્વરાંકનોનો આસ્વાદ લઈએ છીએ. આજે પરેશ ભટ્ટના એક એવા જ સ્વરાંકનને યાદ કરીએ કે જે સ્વરાંકન હવે આજના સમયમાં ભાગ્યે જ ક્યાંય સાંભળવા મળે છે ! ઓછા જાણીતા કવિ પુરુરાજ જોશીની એક ગીત રચનાને પરેશ ભટ્ટે સ્વરદેહ આપ્યો છે અને વર્ષો પૂર્વેનું આ સ્વરાંકન ત્યારે આકાશવાણી દ્વારા અવારનવાર પ્રસારિત થતું હતું. પુરુરાજ





જોશીનું આ ગીત વિશિષ્ટ નથી. સામાન્ય અનુભૂતિપરકનું આ કાવ્ય છે.

કૃષ્ણ-રાધાનાં પ્રતીકોની વાત આપણા ભારતીય-ગુજરાતી સાહિત્યમાં યુગોથી ઝિલાય-પડઘાય, પ્રતિબિંબાય છે એ જ રીતે અહીં પણ કવિએ કૃષ્ણ-રાધાનાં પરંપરિત પ્રચલિત પ્રતીકો પાસેથી કામ લઈને ગીત બનાવ્યું છે. કેટલીક વખત ઉત્તમ કૃતિઓનું સહજ-સહસા 'સર્જન' થતું હોય છે અને ઘણી વખત ઘણી કૃતિઓ 'બનતી' હોય છે. 'બનવું' અને 'સર્જાવું' આ બન્ને શબ્દો વચ્ચે મોટી ખીણ છે, એટલે જ આપણી ભાષામાં સર્જાયેલી-અવતરિત થયેલી કૃતિઓ આજે પણ અમર છે, નહીં કે બનેલી કે બનાવાયેલી કૃતિઓ !

પરેશ ભટ્ટની સમર્થ સ્વરાંકની શક્તિઓ વડે સર્જાયેલું આ સ્વરાંકન આજે આપણે યાદ કરીએ અને જ્યાંથી આ સ્વરાંકનને સાંભળવાનું નસીબ પ્રાપ્ત થાય ત્યાંથી એ શ્રવણાસ્વાદનો લ્હાવો લઈએ. આવો.... :

**આ વનરાજીની આંજી કોણે આંખડી રે લોલ ?**
**આ કોયલ કંઠે કોનું મધુરું નામ રહ્યું છલકાઈ સૈયર...**

**આ વેણુવનમાં કોણ વગાડે વાંસળી રે લોલ ?**
**આ કોનો રૂપ ઘડૂલો બોટી, પવન લથડિયાં ખાય ? સૈયર...**

**આ સૂના કાંઠે ઝૂરે કોની મટૂકડી રે લોલ ?**
**આ કદંબ પરથી કોનાં આંસુ પલ પલ ખરતાં જાય ? સૈયર...**

**આ મોરપીંછ કોણ ઊંઘમાં અડી જતું રે લોલ ?**
**આ કોના સુરભિત શ્વાસો મુજને વસ્ત્ર થઈ વીંટળાય ? સૈયર...**

**આ મેઘધનુષના મારગથી કોણ વહી ગયું રે લોલ ?**
**આ આભ અરીસે કોના અંગનો રંગ રહ્યો રંગાઈ ? સૈયર...**

વાંસળી, મટૂકી, કદંબ અને મોરપીંછ જેવા કૃષ્ણપ્રતીકો અને પ્રથમ પંક્તિથી અંતિમ પંક્તિઓ સુધી વિસ્તરતા પ્રશ્નાર્થોની અભિવ્યકત અનુભૂતિને સ્વરકાર પરેશે બરાબર સ્વરસાત્-આત્મસાત્ કરી છે. એ તો તમે આ સ્વરાંકન સાંભળો તો જ ખ્યાલ આવે ! વર્ષો પહેલાં ગવાયેલું અને યંત્રવિજ્ઞાન (રેકોર્ડીંગ)નાં ટાંચાં સાધનો વખતે ધ્વનિમુદ્રિત થયેલું, આકાશવાણીમાં પ્રસારિત થયેલું આ ગીત પરેશનું ભુલાઈ ગયેલું

સ્વરાંકન છે. જેને ગુજરાતી સુગમસંગીતના પ્રદેશમાં અભિરુચિ હોય એણે પરેશ ભટ્ટને સાંભળ્યા ન હોય તો એણે કશું જ સાંભળ્યું નથી ! તમે 'સાંભળ્યું ?'

**અંજલિ :**

**પંખીને પણ એ આપે ચણ,**
**પણ ના આપે એ નીડ મહીં**
**તું જો બન પુરુષાર્થી તો ધન્ય,**
**નહિતર એળે આ જીવતર ગણ !**





## વરસો રે... વરસો રે... વરસો રે... હે, તારી કીડી-મંકોડી તરસે મરે તારી ધરતી ધણિયાણી જુએ વાટ...

હમણાં એક મિત્રે એમ જ પૂછ્યું, 'કેમ, દોસ્ત ! મૂડમાં નથી ? તું તો 'મોજ સંપ્રદાય'નો છો !' મેં જવાબમાં કહ્યું કે, 'જો ને યાર, વરસાદ ક્યાં આવે છે ? મને જરાય ક્યાંય ગમતું નથી એના કારણમાં વર્ષાવિરહ છે. જો કે મારી જેમ તમારા સૌનીય આ જ પીડા હશે ! એમ માનું છું'. 'વરસાદ નથી આવતો'ના વિષાદમાં હમણાં તો કેટલાય દિવસોથી કોરું ધાકોર જિવાય છે. દિવસો જાય છે. ક્ષણ-ક્ષણ વીતે છે પણ હૈયામાં ક્યાંય ઉમંગ નથી ! મારા એક કવિ મિત્રે તો વરસાદ વિશેનો લેખ તૈયાર રાખ્યો છે, વરસાદ વરસે કે તરત જ એ લેખ પ્રગટ કરી શકાય માટે. પણ આ મેહુલિયો કંઈક રિસામણે ચડ્યો છે. ઋતુચક્ર અનુસારની ઋતુઓ હમણાં-હમણાં આડાઅવળી થઈ ગઈ હોય એની પાછળ જો કે આપણે જ સૌ જવાબદાર છીએ. વનો, જંગલો, નદીઓ, વૃક્ષો, પર્યાવરણ વગેરેનો વિનાશ કરીને આપણે 'વિકાસ'ના નામે મોટાં મોટાં શહેરો નિર્માણ કર્યાં, ધરતીની છાતીને ચીરી ચીરીને આપણે ચાળણી જેવી કરી દીધી છે! તો હવે ભોગવો મારા સાહેબ, બધું અહીંનું અહીં જ ભોગવવાનું છે. આ બ્રહ્માંડમાં રાજાઓના ય કોઈ રાજા હોય તો એ મેઘરાજા છે. મેઘથી મોટો કોઈ રાજા નથી. આ ક્ષણે મને કવિ કાલિદાસ અને ભોજરાજાનો એક પ્રસંગ યાદ આવે છે. મહાકવિએ રાજા ભોજની પ્રશસ્તિ કરતું એક આવું કવિત લખેલું કે :

**દૂધ બડા ગાય કા, ફૂલ તો ગુલાબ કા**
**રાજા હૈ તો ભોજરાજા, ઔર રાજા કાય કા**

આવું કવિત સાંભળીને કેટલાકે કવિ કાલિદાસને ઠપકો આપ્યો કે કવિ, તમે આવા-આટલા મહાન થઈને આમ રાજાની ખુશામત કરવા આવું લખો છો ! ત્યારે કવિએ સુંદર જવાબ આપ્યો 'ભાઈ, હું હજુ રાજ્યાશ્રિત કવિ છું, રાજમાન્ય કવિ

નથી ! મને જો રાજકવિ તરીકેની માન્યતા ભોજરાજા આપે તો જ હું મારા હૃદયની ખરી અનુભૂતિ કાવ્યમાં લાવી શકું !' પછી તો રાજાભોજે કવિને રાજ્યાશ્રિતમાંથી રાજમાન્ય કવિ તરીકેની માન્યતા આપી. ને કવિ કાલિદાસે લખ્યું કે :

**દૂધ બડા માય કા, ફૂલ તો કપાસ કા**
**રાજા હૈ તો મેઘરાજા, ભોજરાજા કાય કા**

'સાચા કવિ'ની આવી ખુમારી હોય છે. જો કે હવે તો સર્જકોમાં આવી ખુમારી ક્યાં રહી છે ? હવે તો સૌ જે તે શાસન-શાસકોને 'સારું લગાડવા' માટે ખુવાર થાય છે. એટલે પે'લી ખુમારી ખલાસ થઈ ગઈ છે ! મહાકવિ કાલિદાસ પણ મેઘને રાજાની ઉપમા આપે છે એ મેઘરાજા આજકાલ તો ક્યાં ખોવાઈ ગયા છે ખબર જ નથી ! વરસાદ વિના બાપડી રૈયત દુઃખી દુઃખી છે. પ્રજાજનોનાં અંતરમાં ક્યાંય સાચો ઉમંગ નથી ત્યારે વર્ષો પૂર્વે આશિત દેસાઈ પાસેથી સાંભળેલી આ ત્રણ પંક્તિઓ-આંખની ભીનાશ સાથે હું આ ક્ષણે ગણગણું છું :

**વરસો રે... વરસો રે... વરસો રે...**
**ગોદલિના મેવલિયા મેવલિયા**
**હે, તારી કીડી-મંકોડી તરસે મરે**
**તારી ધરતી ધણિયાણી જુએ વાટ**
**વરસો રે... વરસો રે...**

તો આ પંક્તિઓની સાથે જ વરસાદી વિરહનું કવિ બાલમુકુંદ દવેનું ભૂલાઈ ગયેલું આ એક ગીત, રડતા હૈયે તમારી સન્મુખ ગાવાનું મન થયું છે. સમર્થ ગાયક-સ્વરકાર આશિત દેસાઈનું જ આ સ્વરાંકન છે. પ્રકૃતિવિરહનાં આવા ગીતો અને એના સ્વરાંકનો હવે તો આજકાલ 'આડેકાને' મુકાઈ જતાં અનુભવાય છે ત્યારે મન થાય કે આવાં ગીતોને પટારામાંથી કાઢીને આજની પેઢી સામે મૂકીએ તો ખરાં ! ફરિયાદ કરવાને બદલે આજની પેઢી સુધી આવું બધું સાચુકલું અને 'રેર' કહેવાય એવું સાહિત્ય પીરસો તો એને ય મોજ પડે જ ! સમગ્ર ધરતીમાંથી વરસાદના અભાવની ચીસ સંભળાઈ રહી છે. ચોતરફ અજીબ શી બેબસી છાઈ છે. ક્યાંય, કશેય, કોઈને ય-કોઈનામાં ય ઉમળકો વર્તાતો નથી. ધરતીપુત્રની તો દશા કહેવાય નહિ-સહેવાય નહિ એવી થઈ ગઈ છે, ત્યારે આપણે પણ બાલમુકુંદ દવેની કાવ્યમય ભાષામાં આભને આ અવનિની (એટલે કે આપણા સૌની) વિનવણીના સૂર મોકલીએ





અને કહીએ કે વરસાદને મોકલને યાર, આવું કેમ કરે છે ? અમને ક્યાંય ચેન નથી પડતું ! તારે ત્યાં ક્યાં કશી ય ખોટ છે ? વરસાદ મોકલીને અમને સૌને અને તારી વહાલી ધરતીને ન્યાલ ન્યાલ કરી દે ને ?

**ઊની રે વરાળો પ્હોંચી આભમાં**
**ધરતી પાડે રે પોકાર...**
**હે, દુખિયાનો બેલી સમરથ ગાજિયો**
**હે, વાલીડે કર્યો રે વિચાર...**
**હે, આવે રે રાજાનો રાજા મેહુલો...**
**હે, આવે રે દેકારા દેતો દખ્ખણે,**
**હે વરસે જય જય કાર,**
**છડી રે પોકારે વનનો મોરલો,**
**ખમ્મા આવો અનરાધાર,**
**હે આવે રે રાજાનો રાજા મેહુલો...**
**નીચે રે મેરામણ ઘેરા ગાજતા ઊંચે હણેણે તોખાર,**
**હે, એકના પડછંદા દૂજે જાગતા હે,**
**ધરતી-આભ એકાકાર,**
**હે, આવે રે રાજાનો રાજા મેહુલો...**

આ સ્વરાંકનના બીજા અંતરામાં આવતા 'નીચે' અને 'ઊંચે' એ બે શબ્દોની પ્રસ્તુતિમાં આશિતભાઈએ ઝીણું સ્વરકર્મ દાખવ્યું છે 'નીચે'માં મન્દ્રસ્વરનો પ્રયોગ અને 'ઊંચે'માં તીવ્રસ્વરનો પ્રયોગ કાબિલે દાદ છે. આમાં તો 'રસઘોયાં'ની જેમ 'સ્વરઘોયાં' 'સુગમઘોયાં' થવું પડે તો જ કાવ્ય-સંગીત બન્નેમાં ડુબાય ! વરસાદ રાજાને આપણે સૌ વિનવણી કરીએ કે આ ગીત ગાયા પછી એ મન મૂકીને વરસે... વરસો રે... વરસો રે... !

**અંજલિ :**

**કેમ ભીંજાવું હવે શું બોલવું ?**
**એ ન વરસે દિલ હવે શું ખોલવું ?**
**મેઘકારણ કેમ રમતું શી ખબર ?**
**છે મતલબી ગગન, ઠાલી ઠોલવું ?**

# હે, રંગરસિયા, તારો રાસડો માંડીને
# ગામને તે ગોંદરે બેઠાં....

સૌરાષ્ટ્ર-ગુજરાત અને દરિયાપાર વસતા કરોડો ગુજરાતીઓ આજકાલ નવરાત્રિના રાસ-ગરબાની રમઝટમાં મશગૂલ છે. પ્રાચીન અને અર્વાચીન રાસ-ગરબા-દુહા-છંદના લોકસાંસ્કૃતિક ધબકારમાં આજનું યૌવન પણ હિલ્લોળે ચઢ્યું છે. જ્યાં જુઓ ત્યાં સમગ્ર વાતાવરણમાં નર્યો ઉત્સાહ અને જોમ-જુસ્સાની માદકતા છલકાય છે. વસ્ત્રપરિધાનમાં પણ પરંપરાગત અને આધુનિક ફેશનોનો સમન્વય જણાય છે.

તો અર્વાચીન દાંડિયા રાસ (ડીસ્કો દાંડિયા !)માં એક-એકથી અદકી એવી અભિનયની ભિન્ન-ભિન્ન છટાઓ અને અંગમરોડની થરહરાહટની નૃત્યશીલતા જૂની પેઢીને તો ચકરાવામાં નાખી દે અને આશ્ચર્યચકિત કરી મૂકે એવું યૌવન આ નવલી નવરાત્રિની નશીલી-નૃત્યમયી રાતોમાં હકડેઠઠ ઝૂમી ઝૂમી રહ્યું છે તો બીજી તરફ પ્રાચીન રાસ-ગરબાની પરંપરાઓ ગરબી મંડળોમાં મા આદ્યશક્તિની પરમ ઉપાસનાના માધ્યમે નાની-મોટી કન્યાઓ (બાળાઓ) ભક્તિભાવે ગરબીઓમાં ઝૂમી રહી છે. આમ પરંપરા અને આધુનિકતાના સંગમસ્થાને આજ-કાલના નવરાત્રિ મહોત્સવોને આપણી ઉત્સવપ્રિય પ્રજા સમગ્ર વિશ્વના ખૂણે ખૂણે માણી રહી છે.

રાસ-ગરબાની વાત આવે એટલે તરત જ જેનો ઉલ્લેખ યુગો-યુગો સુધીય કરવો જ પડશે એવું એક ગુજરાતી નામ એટલે અવિનાશ વ્યાસ. ખરેખર આ સર્જકે આપણને રાસ-ગરબાનો મબલખ પાક આપ્યો છે. નવરાત્રિના દિવસો દરમિયાન તો ખરું જ ! પણ એ સિવાય પણ એકેય દિવસ એવો નહીં હોય કે અવિનાશ વ્યાસની કોઈ એક કૃતિ ગવાઈ ન હોય ! અરે, ગુજરાતીઓના વિવાહ-લગ્ન ઉત્સવો વખતે સદૈવ-જ્યાં જ્યાં દાંડિયા રાસનું આયોજન હોય તેમાં આખાય કાર્યક્રમ દરમિયાન ગવાતી કેટલીક રચનાઓ અવિનાશ વ્યાસની જ ગવાય છે !





એટલું જ નહિ પણ આજની પેઢીના એવા કેટલાય ગાયકો-સંગીતકારો છે જેને એ પણ ખબર નથી કે કાર્યક્રમમાં ગવાતા કેટલાક રાસ-ગરબાના કવિ-સ્વરકાર અવિનાશ વ્યાસ છે !

લોકગીત અને લોકકંઠસ્થ પરંપરાની ઊંચાઈ સુધી પહોંચી ગયેલી અવિનાશ વ્યાસની રચનાઓ આપણી ગુજરાતી અસ્મિતાની આગવી-અદકેરી ઓળખ છે. અવિનાશ વ્યાસની અસંખ્ય પ્રચલિત રચનાઓમાંથી આજે એક રચનાનું આચમન કરીએ. અવિનાશજીએ લખેલો આ ગુજરાતી રાસડો ખરેખર અવિનાશી જ છે. આજે આખીય દુનિયામાં જ્યાં જ્યાં રાસ-ગરબા લેવાય છે ત્યાં ત્યાં આ રાસ અચૂક ગવાય છે-રમાય છે. પ્રાચીન-અર્વાચીન રાસ-ગરબાની સુપરહીટ કૃતિ તરીકે આ રાસનું સ્થાન ગુજરાતી જન જનના હૈયે સ્થાપિત છે. જાણવા જેવું ખાસ એ છે કે આજકાલના ગાયકો અવિનાશ વ્યાસનો આ રાસ મૂળકૃતિ પ્રમાણે નથી ગાતા પણ માત્ર બે જ અંતરા અને એક સ્થાયી-મુખડું એટલું જ ગાય છે અને રાસના અંતે કવિએ સુંદર સાખી અને છંદની પંક્તિઓ સર્જી છે, જેની ભાગ્યે જ કોઈ આજના ગાયકોને ખબર છે ! વર્ષો પૂર્વે સમર્થ ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાય અને સાથીદારોના ઘેઘૂર સ્વરમાં આ આખોય રાસ એની અસલ-મૂળકૃતિ મુજબના પાઠ પ્રમાણે જ ગવાયો હતો જેની જાણ પણ કદાચ આજના ગાયકોને હશે કે કેમ ? મને ખબર નથી પણ મેં જ્યાં-જ્યાં જ્યારે જ્યારે અવિનાશ વ્યાસનો આ રાસ સાંભળ્યો છે ત્યારે-ત્યારે પે'લી આગળ-પાછળની પંક્તિઓ વગરનો જ રાસ સાંભળવા મળ્યો છે !

આવો હે, ભાવકો ! આજે નવલી નવરાત્રિની નેહસભર રાત્રિઓની સાક્ષીએ અવિનાશ વ્યાસનો એ વિશ્વપ્રસિધ્ધ રાસ મૂળકૃતિના પાઠ મુજબ આખ્ખે-આખ્ખો તંતોતંત-અખંડ રીતે માણીએ ! એમાંની તમારા સુધી ન પહોંચેલી એવી પંક્તિઓને પણ તમે હૃદયપૂર્વક માણો અને તમે પણ આ મૂળ રાસની સંગાથે ઝૂમો નહીંતર તમને 'તમારા વ્હાલા'ની આણ છે;

**હે... અત્ર તત્ર સર્વત્ર કરે શુભ ગૌરીપુત્ર ગણેશ**
**દુંદાળો દુઃખભંજણો સમરું શ્રી પ્રથમેશ.**
**હે... સમરો શ્રી પ્રથમેશ ખંભે ધર્યો ખેસ,**
**આંખે આંજી મેશ.**
**પીતાંબર વેશ ધરી રમે કૃષ્ણ કનૈયો !**
**બાજે ઝાંઝ અને પખવાજ, ત્રાંસા, કાંસા,**

**મુરલી નાદે નાચે નંદનો છૈયો !**
**હે... રંગલો...**
**હે રંગલો જામ્યો કાલિન્દરીને ઘાટ,**
**છોગાળા તારા, ઓરે છબીલા તારા**
**ઓરે રંગીલા તારા રંગભેરુ જુએ તારી વાટ... રંગલો.....**
**એ હાલ્ય, હાલ્ય, હાલ્ય વહી જાય રાત વાતમાં**
**(અને) માથે પડશે રે પરભાત...**
**છોગાળા તારા.....**
**હે, રંગરસિયા, તારો રાસડો માંડીને ગામને તે ગોંદરે બેઠા,**
**ભૂંડા ગોકુળની ગોપીઓએ તારે સાટુ તો કામબધાં મેલ્યાં હેઠાં.**
**હે, તને બરકે તારી જસોદા માત, છબીલા તારા.....**
**ઓરે રંગીલા તારા રંગભેરુ જુએ તારી વાટ.... રંગલો.....**
**હે... મારા પાલવનો છેડલો મેલ, છોગાળા રે છેલ ! કે મન મારું ધડકે છે,**
**હે... તું મોરલોને હું છું તારી ઢેલ, કે મન મારું ધડકે છે.**
**રંગ રંગીલા ! છેલ છબીલા, મેલ તારો ખેલ કે મન મારું ધડકે છે.**

ઉપર દર્શાવેલ રાસની પ્રથમ છ અને અંતિમ પાંચ પંક્તિઓ આજે ક્યાંય સાંભળવા નથી મળતી ! રાસ-ગરબામાં આજે તો સીધે સીધું 'હે, રંગલો જામ્યો...' એ પંક્તિથી જ રાસ શરૂ થઈ જાય છે અને રાસના અંતે અવિનાશ વ્યાસે લખેલ છંદ જેવી પંક્તિઓ પણ કોઈ ગાતું નથી ! પણ એ ન ગવાતી પંક્તિઓમાં પણ કેવી સરસ નજાકત છે.

આ રાસમાં એક શબ્દ એકદમ સાવ તળપદો-દેશી બોલીનો પ્રયોગાયો છે. એ શબ્દ છે 'બરકે' એટલે કે 'બોલાવવું' (હે, તને બરકે તારી જસોદા માત...) આવી તળપદીતા હવે ક્યાં જોવા મળે ? અવિનાશ વ્યાસના આવા તો અસંખ્ય રાસ-ગરબાનો રસથાળ મારી પાસે પૂરા જતનથી સચવાયેલો છે પણ એના ભાવકો ક્યાં ?

**અંજલિ :**
**એક જ ભવમાં બે ભવ જેવું જીવતર જીરવી મલકે ગોકુળ !**
**આ ભવમાં તો મળ્યું મળાય નહિ માધવ કેવો આકુળ વ્યાકુળ !**





## સ્વરકાર-ગાયક નયન પંચોલી (અમદાવાદ)નું એક અદ્‌ભુત સ્વરાંકન

ગુજરાતી સુગમ સંગીતના સ્વરકારોમાં નયન પંચોલીનું નામ જાણીતું છે. સ્વરાંકનની સમર્થતા સાથે પ્રભુએ આ કલાકારને ઘેઘૂર કંઠ પણ આપ્યો છે. લખાતી-છપાતી કવિતા જ્યારે કોઈ સ્વરકાર પાસે જાય છે ત્યારે તેનો ત્રિજન્મ થાય છે એથી જ ઘણી વખત-સતત કહેવાનું મન થાય છે કે કવિતા એ ત્રિ-જન્મા પ્રવૃત્તિ છે. ગુજરાતી સ્વરકારોમાં નયન પંચોલીના સ્વરાંકનોએ સમસ્ત સુગમ સંગીતના ભાવકોનું ધ્યાન ખેંચ્યું છે ! (કાન ખેંચ્યું છે !) આ કલાકાર ખુદ અચ્છા ગાયક હોવાને નિમિત્તે એ સર્વક્ષેત્રીય સંગીતના કલાકાર-ઉપાસક છે. એમાંય અંગત બેઠકોમાં તો આ કલાકાર જબરા ખીલે છે. આ માણસ બધું જ ગાય છે. એને કશોય છોછ કે કશીય આભડછેટ નથી અને કોઈ વાડાબંધીમાં એનો સ્વર કે એનાં સ્વરાંકનો બંધાયાં-ગંઠાયાં નથી જ. નયન પંચોલીના ઘણાં સ્વરાંકનો ઘણાય ગાયકો ગાય છે. પણ સ્વરકારે સર્જેલ સ્વરકૃતિ એ ખુદ જ્યારે પ્રસ્તુત કરે ત્યારે એમાં એના સ્વરરંગની સાથે એનો હૃદયરંગ ઘૂંટાય એટલે સ્વરાંકન માણવાની મોજ આવે ! મળવા જેવા માણસ-સ્વરકાર-ગાયક નયન પંચોલી આપણી અર્વાચીન ગુજરાતી કાવ્યસંગીત પેઢીના પ્રતિનિધિરૂપ સ્વરકાર છે. એમનું એક સ્વરાંકન અત્યંત પ્રસિદ્ધ છે અને અસંખ્ય ગાયકો આ સ્વરાંકન પ્રસ્તુત કરે છે. અમદાવાદમાં પ્રતિવર્ષ યોજાતા કાવ્યસંગીત સમારોહોમાં પણ એનાં સ્વરાંકનોને ભરપૂર દાદ મળી છે. જૂની પેઢીના શિરમોર કવિ ભાસ્કર વ્હોરાની એક ગીત રચના આજે ખૂબ જ લોકપ્રિય બનીને લોકહૈયે પ્રસ્થાપિત થઈ છે. જૂની પેઢીના કવિઓમાં કદાચ સૌથી વધારે ગવાતા કવિ તરીકે ભાસ્કર વ્હોરાનું સ્થાન અચલ છે. લતા મંગેશકરથી માંડીને કવિની પૌત્રી કુ. ગાર્ગી વ્હોરા સુધી આ કવિની શબ્દચેતના, સ્વરચેતના બનીને વહી છે અને વહેતી રહેશે. ગાર્ગીએ પણ

નયન પંચોલીનું આ સ્વરાંકન ઝીણવટ સ્વરના લગાવથી ઘણીય વખત પ્રસ્તુત કરીને સૌ ભાવકોનાં હૃદય જીતી લીધાં છે.

કવિની ભાવસંવેદનાની સમાંતરે વહેતા સ્વરાંકનના સ્વરો આ સ્વરાંકનને ઉત્તમ બનાવે છે. સફળ સ્વરકાર એ જ કે જે કવિના આંતરવિશ્વને સમજીને, એના અર્થ, અર્કને પામીને સ્વરમાળામાં એને ગૂંથે, ઝીલે. ભાસ્કર વ્હોરાનું આ ગીત ખુદ સ્વરકારના સ્વરમાં માણવું એ અદ્‌ભુત લહાવો છે. નયન પંચોલીનું એ ભાવવાહી સ્વરાંકન આ રહ્યું :

**સખી ! મધરાતે એક વાર મીરાં આવી'તી**
**મારા મનના મંદિરિયામાં રહેવા.**
**સપનાં ઢંઢોળી મુને માધવની વાતડી**
**એ હળુહળુ લાગી'તી કહેવા.**
**ગોકુળ, મથુરા ને દ્વારકાની રજ**
**એણે હસીહસી દીધી'તી હાથમાં,**
**મુરલીના સૂર ગૂંથી તુલસીની માળા**
**એણે પહેરાવી લીધી'તી બાથમાં.**
**એની રે હૂંફમાં એક ઝોકું આવ્યું ને**
**એમ આંસુ ઝર્યા'તાં અમી જેવાં.**
**ગોરસ ગીતાનાં એણે એવાં રે પાયાં કે**
**મારી ભવભવની તરસ્યું છિપાણી,**
**ભગવા તે રંગે હું એવી ભીંજાણી કે**
**મારાં રૂંવે રૂંવે મીરાં રંગાણી**
**ભગવાની છોળ ભરી મીરાંની વાત**
**હું તો ઘેર-ઘેર ઘૂમતી રે કહેવા.**

ગુજરાતી સાહિત્યમાં સર્જાતી-પ્રસિદ્ધ થતી કાવ્યકૃતિઓના આસ્વાદોમાં ક્યાંય સાંગીતિક પાસાંનો સહેજેય ઉલ્લેખ થતો જોવા નથી મળતો. શી ખબર વિવેચકોને 'ગવાતી કવિતા'માં રસ જ નથી ! ખેર... પણ ભાવકોને એથી કશોય ફરક નથી પડતો. એ તો મોજથી નયન પંચોલીના અને અન્ય સ્વરકારોના સ્વરાંકનો સાંભળે





છે અને પ્રસ્તુત પણ કરે છે. ભાસ્કર વ્હોરાનું આ ભાવમય ગીત નયન પંચોલીનું માઈલ સ્ટોનરૂપ સ્વરાંકન છે. નયન પંચોલીને સ્વરાભિનંદનમ્... સ્વરવંદનમ્...

**અંજલિ :**

**મારગે કોને ખબર કોણ મળશે ?**
**ભીંત ભયભીત ન હવે વાતો કરે !**
**આમ ક્યાં સગપણ સફળ નિતાંત છે !**
**જે નથી એના જ સઘળે જાસો મળશે !**

# કવિ બાલમુકુન્દ દવેનું એ અમર ગીત, જેનું સ્વરાંકન ક્ષેમુ દિવેટીઆએ કર્યું છે

ગુજરાતી કવિતાની જૂની પેઢીના અગ્રણી કવિ બાલમુકુન્દ દવેનાં કાવ્યો આજની પેઢી માટે પણ યાદગાર અને પ્રેરણારૂપ છે. આ કવિનું વિશ્વવિખ્યાત સોનેટ 'જૂનું ઘર ખાલી કરતાં' એ કાળજયી અમર રચના છે. એ સોનેટનો કાવ્ય વિષય જ નિરંતર-સનાતન અને પ્રત્યેક કાળમાં સાંપ્રત જ જણાય એવો છે. આપણા જીવાતા જીવનમાં આપણે ઘણી ય વખત મકાનો ફેરવવાની પળોજણમાં પડ્યાં છીએ - પડતાં હોઈએ છીએ. આપણા સૌનો એ સરખો અનુભવ છે કે અવારનવાર મકાન ફેરવતાં હોઈએ છીએ યા ફેરવવું પડતું હોય છે. પણ અહીં તો કવિ 'મકાન'ને બદલે 'ઘર' શબ્દપ્રયોગ કરીને ચમત્કૃતિ આણે છે કેમકે એ જૂનું મકાન કવિને મન 'મકાન' ન રહેતાં 'ઘર'નો દરજ્જો પ્રાપ્ત કરે છે.

આપણને સૌને વિચારતા કરી મૂકે એવી ઘટના છે, આપણે પણ આપણાં મનને પૂછવું જોઈએ કે આપણે જેમાં રહીએ છીએ એ સાચ્ચે જ 'ઘર' છે કે પછી નર્યા પથ્થર-ઈંટ-ચૂનો-રેતીનું નર્યું 'મકાન' જ છે ! સમજદાર કો સિર્ફ ઈશારા કાફી હૈ ! હૈ ના ?

અનુભૂતિના ઉન્નત શિખર પર બિરાજમાન કવિ બાલમુકુન્દ દવેનું એક સુંદર-અદ્‌ભુત-પ્રણયગીત છે. જાણીતા સ્વરકાર ક્ષેમુદાદાએ વર્ષો પૂર્વે આ ગીતનું સ્વરાંકન કર્યું હતું અને વર્ષો પૂર્વે હર્ષદા-જનાર્દન રાવળે આ ગીત એવી લાલિત્યપૂર્ણ અનુભૂતિ સાથે ગાયું છે કે એના પછી એ ગીત ઘણાં ય ગાયક દંપતીઓએ અથવા અન્ય ગાનયુગલોએ ગાયું છે પણ હર્ષદા-જનાર્દન રાવળની અભિવ્યક્તિની સ્વરાનુભૂતિ-ઊંચાઈએ અન્ય ગાયકો નથી પહોંચી શકતા ! ક્ષેમુ દિવેટીયાના કાવ્ય સંગીતના મહાપ્રકલ્પ 'સંગીત સુધા'ના સ્વર સંપુટમાં આ ગીત સચવાયું છે. જો





કે બાલમુકુન્દ દવેના મૂળ ગીતમાં કુલ પાંચ અંતરા છે. જ્યારે ગાયકો બે કે ત્રણ જ અંતરાઓ ગાય છે. ગુજરાતી ગીતકવિતાની કેટલીક રચનાઓ કાળજયી અને કાળજીવી હોય છે. એને સમય-સંજોગો કે સ્થિતિઓનો કદીય કાટ ચઢતો જ નથી. જ્યાં સુધી ગુજરાતી ભાષાનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી આવી અમર રચનાઓ સદૈવ જીવંત રહેશે, ઉલ્લેખાતી રહેશે, ગવાતી-બોલાતી રહેશે જ ! આપણી ભાષાનું એ જોમ છે. ખમીર છે. હીર છે. આવી સાચકલા મોતી જેવી બાલમુકુન્દજીની આ ગીત રચના આજે જૈફ વયે પણ જ્યારે હર્ષદા-જનાર્દન પ્રસ્તુત કરે છે ત્યારે વાતાવરણમાં અજબની તાજગી અનુભવાય છે. સંવેદનાત્મક સ્વરાભિવ્યક્તિ દ્વારા આ સ્વરિલ દંપતી આ ગીતને આત્માનુભૂતિપરક સ્વરોથી પ્રસ્તુત કરે છે. આજની ગાયક પેઢીએ તો કદાચ આ મૂળ ગીત (એટલે કે હર્ષદા-જનાર્દનના સ્વરમાં) સાંભળ્યું પણ નહીં હોય ! કવિ બાલમુકુન્દ દવેનું એ ગીત, આખ્ખે આખ્ખું ગીત-પાંચેય અંતરા સમેત આ પ્રમાણે છે :

**કેવા રે મળેલા મનના મેળ**
**રુદિયાના રાજા**
**કેવા રે મળેલા મનના મેળ**
**ચોકમાં ગૂંથાય જેવી ચાંદરણાની જાળી જેવી,**
**માંડવે વીંટાય નાગરવેલ**
**રુદિયાની રાણી એવા રે મળેલા મનના મેળ...**
**તુંબુને જંતરની વાણી**
**કાંઠાને સરિતાનાં પાણી,**
**ગોધણની ઘંટડીએ સોહે સંધ્યાવેળ**
**રુદિયાના રાજા એવા રે મળેલા મનના મેળ...**
**સંગનો ઉમંગ માણી,**
**જિંદગીને જીવી જાણી**
**એક રે ક્યારામાં જેવા ઝૂક્યાં ચંપોકેળ,**
**રુદિયાના રાજા એવા રે મળેલા મનના મેળ**
**ધરતી ભીંજાય જેવી મેહુલાની ધારે**
**જેવાં બીજ રે ફણગાયે ખાતર ખેડ**
**રુદિયાની રાણી એવા રે મળેલા મનના મેળ,**
**જળમાં ઝિલાય જેવા આભનાં ઊંડાણ**

**જેવાં ક્ષિતિજે ઢોળાય દિશાના ઘેર,**
**રુદિયાના રાજા એવા રે મળેલાં મનનાં મેળ**

ક્ષેમુ દિવેટીઆનું આ અમર સ્વરાંકન આજે પણ ગુજરાતી કાવ્યસંગીતનું મોંઘેરું નજરાણું છે. ગુજરાતી કાવ્ય સંગીત-સુગમ સંગીતના ‘સાચા ભાવકો’ સન્મુખ આ ગીત પ્રસ્તુત થાય ત્યારે ભાવક પક્ષે એ સમુચિત ઝિલાય છે. આવા ગુજરાતી કાવ્ય-ગીતો-આજે પણ ગુજરાતી પ્રજાના હૈયામાં ગૂંજે છે. સાચી નિસબત અને સાચી આરત હોય એવા ભાવકો આવી રચનાઓ માટે સદૈવ તરસ્યા જ હોય છે. ખરુંને ?

**અંજલિ :**

**મેં તજી તારી તમન્ના એનો આ અંજામ છે**
**કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે**
**- મરીઝ**





## તમે રે અકસર થઈને ઊકલ્યાં,
## અમે પડતલ મૂંઝારા ઝીણી છીપના...

અજિત શેઠ-નિરુપમા શેઠના નામ-કામથી ભાગ્યે જ કોઈ ગુજરાતી કાવ્ય સંગીત ભાવક અજાણ હશે ! મુંબઈમાં ગુજરાતી સુગમ સંગીતની અને ગુજરાતી સાહિત્યના ઉત્તમોત્તમ ગીતોને સ્વરાંકન દ્વારા અમરતા બક્ષવા આ સ્વરયુગલે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું છે. અજિત શેઠનો અભાવ ગુજરાતી કાવ્ય સંગીતને યુગો સુધી સાલશે. એમની ગેરહાજરીમાં હવે નિરુપમાબેન અને એમની સ્વરપુત્રી ફાલ્ગુની શેઠ, તથા રજત ધોળકિયા વગેરે સંગીત ભવન ટ્રસ્ટની પ્રવૃત્તિઓ યથાશક્તિ ચલાવી રહ્યાં છે.

અજિત શેઠે ગુજરાતી કાવ્ય સંગીતના જે સ્વરાંકનો આપ્યાં છે એને ઘણાય બિનગુજરાતી ગાયકો પાસે એ ગવડાવીને એની સમર્થતાનો પરિચય આપ્યો છે. સંગીત ભવન ટ્રસ્ટ દ્વારા અર્પિત એ ઉત્તમ ગુજરાતી ગીતોના ઓડિયો આલ્બમ્સ હવે તો ક્યાંય નજરે ચઢતા નથી. નર્મદથી લઈને છેક મકરંદ દવે સુધીના શ્રેષ્ઠતમ ગુજરાતી કવિઓની કવિતાઓને અજિત શેઠે અમરતા આપી છે. આપણી ગુજરાતી ભાષાનો બળૂકો કવિ રાવજી પટેલ, ‘મારી આંખે કંકુના સૂરજ આથમ્યા’ એ એક જ ગીતરચનાથી સમગ્ર ગુજરાતી પ્રજાના હૈયે વસી ગયેલા આ કવિનું બીજું એક કરુણગીત પણ માણવા જેવું છે.

અજિત શેઠના સ્વરાંકનમાં, વર્ષો પહેલાં જ્યારે હજુ ગાયક હરિહરનની ગાયન કારકિર્દીના મંડાણ જ થયાં હતાં એ સમયે અજિતભાઈએ એના કંઠની પરખ કરી લીધી હતી ! (આજે તો ફિલ્મ સંગીત ક્ષેત્રે હરિહરન ખૂબજ મોટું અને સિદ્ધ નામ છે.) ગુજરાતી સુગમ સંગીતની ભાવસૃષ્ટિમાં હવે આજે આડા કાને મુકાઈ ગયેલું આ ગીત એક વખત સાંભળતાં જ વારંવાર સાંભળીને, કવિના અને ગાયકના

દર્દને અવિરત ઘૂંટ્યા કરવાનું મન થાય એવું ઉત્તમ કારુણ્યસભર આ ગીત છે.

રાવજી પટેલના ભુલાઈ ગયેલા આ ગીત વિશે જાણીતા ઉદ્‌ઘોષક હરીશ ભીમાણી (મહાભારતના 'સમય' ફેઈમ) કહે છે 'આપણી પદપરંપરા સાથે અનુસંધાન ધરાવતી 'તમે રે તિલક રાજારામના' કવિ રાવજી પટેલની વિશિષ્ટ રચના છે. ઊંચા ઘરના ટોડલા, લજવાતી રવેશ, અક્ષર થઈને ઊકલ્યાં, પડતલ મુંઝારા ઝીણી છીપના વગેરેમાં ગ્રામબાનીની મીઠાશ અને અભિવ્યક્તિનું નવું પરિમાણ પ્રગટે છે. બે પ્રિય પાત્રો વચ્ચેના વૈષમ્યનું અદ્‌ભુત ચિત્રણ આ રચનામાં અભિવ્યક્ત થાય છે. ગ્રામ-પરિવેશમાં રાવજીનો તળપદ ભાષાનો ટહૂકો અને તેનો રવરવતો લય ગુર્જરી ગીત-સૃષ્ટિમાં લ્હેરાય છે.'

વાયોલીનના મન્દ્ર સ્વરોની ભરતીમાં આ ગીતનું ઝીણું રૂદન પ્રગટે છે. તો વાંસળી અને સિતારના સ્વરો થકી પણ આ ગીતની વેદનાને ધાર નીકળે છે. અણીની જેમ એ સંવેદન આપણી અંદર ભોંકાય છે. વિશેષ કશીય વાત ન કહેતાં, આવો, એ ગીત, રાવજીનું શબદ રુદન અને અજિત શેઠના સ્વરાંકનનું સંવેદન તથા હરિહરનના સ્વરમાં પ્રગટતું કારુણ્ય આપણે સાથે સંવેદીએ. ગાઈએ. રોઈએઃ

**તમે રે તિલક રાજારામના ઓ...**
**અમે વગડાના ચંદનકાષ્ઠ રે...**
**તમારી મશે ના અમે સોહિયા,**
**કેવા કેવા દખ સાજણ તમે રે સહ્યાં**
**કહોને સાજન દખ કેવાં સહ્યાં,**
**તમે રે તિલક રાજારામના હો....**
**તમે રે ઊંચેરા ઘરના ટોડલ,**
**અમે લજવાતી પાછલી રવેશ રે**
**તમારી મશે ના અમે સોહીયા,**
**કેવા કેવા દખ સાજણ તમે રે સહ્યાં**
**કહોને સાજણ દખ કેવાં સહ્યાં,**
**તમે રે તિલક રાજારામના...**





**તમેરે અકસર થઈને ઉકલ્યાં,**
**અમે પડતલ મૂંઝારા ઝીણી છીપનાં**
**તમારી મશે ના અમે સોહીયા,**
**કહોને, કહોને દખ કેવા પડ્યાં**
**કહોને સાજણ દખ કેવાં પડ્યાં,**
**તમે રે તિલક રાજા રામના....**

કેટલાંક ગીતોને બસ ગાઈ જવામાં જ લિજ્જત છે. એના વિવેચનમાં લગરીકેય લિજ્જત નથી હોતી ! સાંભળો છો ને ?

## કોને જોડું હાથ, ચરણમાં કોના જઈને પડીએ...
## હરિ, તને શું સ્મરીએ ?

ગુજરાતી કાવ્યસંગીત (સુગમ સંગીત)ના સતત ત્રણ દિવસ, સાતત્યપૂર્ણ રીતે સમારોહ અમદાવાદમાં છેલ્લાં ચાર વર્ષથી (૨૦૦૫થી) નિયમિત યોજાય છે. જેમાં ગુજરાતી ગવાતી કવિતાઓનો સ્વરમેળો હેલે ચઢે છે. સમન્વય (વિક્રમ પટેલ-અંકિત ત્રિવેદી) અને ગુજરાત સમાચાર દ્વારા આ સુંદર પ્રવૃત્તિ થતી રહે છે એ ખરેખર અભિનંદનીય છે અને ઐતિહાસિક પણ છે. જાજરમાન ગુજરાતી ભાષાના કાવ્યોનો જબરો જલસો હવે તો સીડી, એમપીથ્રી રૂપે પણ ઉપલબ્ધ છે. કવિ સુરેશ દલાલ જેને 'સનમવય' કહે છે એવી સમન્વયની ગુજરાતી કાવ્ય સંગીતપ્રીતિ અનન્ય છે. ગુજરાતની પ્રજાને આપણાં ગીતોના અમર વારસાનો પરિચય અને પરચો થાય એ હવે અત્યંત આવશ્યક છે. છેલ્લાં ચાર વર્ષના સાતત્યનો રસપૂર્ણ સરવાળો એટલે કાવ્યસંગીત સમારોહ. આ પ્રવૃત્તિ ગુજરાતી કાવ્ય સંગીતની ગઈકાલ, આજ અને આવતીકાલને એક મંચ પરથી રજૂ કરવાનો નમ્ર પ્રયાસ છે. ભારતીય બેઠકને વરેલી આ પ્રવૃત્તિએ ગુજરાતીપણાની અસલ ઓળખ પ્રસ્થાપિત કરી છે. બધા જ વિદ્યમાન સંગીતના આરાધકો અને સાક્ષર સારસ્વતો એક મંચ પરથી પોતાની રજૂઆતને વહેતી કરે એ આ ગુજરાતી કાવ્યસંગીત સમારોહનો મુખ્ય હેતુ અને હેત છે. કાવ્ય સંગીત સમારોહ એટલે સ્વર અને શબ્દનો સમન્વય ભાવક અને કલાકારનો સમન્વય. ગઈકાલનો મિજાજ અને આજનો અવાજ બન્નેનો સમન્વય.

ગદ્ય અને પદ્ય, બન્ને સ્વરૂપોમાં જે સર્જકનું શબ્દકર્મ છે તે ધ્રુવ ભટ્ટનું નામ ગુજરાતી પ્રજાના હૈયે છે. કાવ્યો અને નવલકથાઓ એમ બન્ને ક્ષેત્રોમાં આ સર્જક





અગ્રેસર છે. કવિ ધ્રુવ ભટ્ટનું એક ઓછું જાણીતું ગીત છે. આપણી મધ્યકાલીન-ભક્તિ પરંપરામાં પદ-ભજનના ભાવોને આત્મસાત કરતું આ ગીત, તેમાં રહેલા સરળ શબ્દો અને સહજ લયને કારણે તરત સમજાય જાય એવું છે. જાણીતા સ્વરકાર ગાયક રાસબિહારી દેસાઈ (રાસભાઈ)નું ભાગ્યે જ સાંભળવા મળતું આ સ્વરાંકન ભક્તિસભર છે. સમન્વયના કાવ્યસંગીત સમારોહમાં જ ખૂબ જ ભાવસભર-ભક્તિસભર ગીતપ્રસ્તુતિની વચ્ચે વચ્ચે તેઓ આ ગીતનો ભાવ-ધર્મ પણ થોડાક શબ્દોમાં જ સમજાવીને ભાવક-શ્રોતાને ન્યાલ કરતાં હતાં.

કવિ ધ્રુવ ભટ્ટનું એ ગીત આજે 'મધુવન'નાં માંડવે માણીએ :

**હરિ, તને શું સ્મરીએ ?**
**આપણ જળમાં જળ સમ રહીએ**
**વણ બોલ્યે, વણ સાંભળીએ,**
**પણ મબલખ વાતો કરીએ**
**કોને કોનાં દરશન કરવાં ?**
**કોનું ધરવું ધ્યાન ?**
**ચાલને એવું રહીએ,**
**જેવું લીલાશ સાથે પાન**
**હું પાણી તું દરિયો, એમાં શું બૂડીએ,**
**શું તરીએ ? હરિ, તને શું સ્મરીએ ?**
**પાંખોને પીંછાંથી ગણવી કેમ કરીને જુદી !**
**હું થી તું અળગો છે,**
**એવી વાત ક્યહીંથી સૂઝી ?**
**કોને જોડું હાથ,**
**ચરણમાં કોના જઈને પડીએ**
**હરિ, તને શું સ્મરીએ ?**

રાસભાઈના ઘેઘૂર-ખરજના સ્વરોમાં આ ગીત સાંભળતાં જ દિવ્ય સમાધિની અનુભૂતિ થાય છે. ગીત કવિ ધ્રુવ ભટ્ટે આ રચનામાં સરળ શબ્દો દ્વારા ભક્ત

અને ભગવાનનો અવિનાભાવિ સંબંધે પ્રગટ કર્યો છે. મોર્ડનીઝમના નામે ગીતોમાં પ્રયોગખોરી કરીને ગીતને વણસાડતા ગીતકારોએ આવાં ગીતો પાસે પલાંઠીવાળીને બેસવું જોઈએ !

'સમન્વય'ની ગુજરાતી કાવ્યસંગીતની ખેવના માટે હૃદયથી સલામ ! તમે પણ એમનો ઉત્સાહ વધારી શકો છો.

**અંજલિ :**

**ખુશ્બૂમાં ખીલેલાં ફૂલ હતાં,**
**ઊર્મિમાં ડૂબેલા જામ હતા**
**શું આંસુનો ભૂતકાળ હતો,**
**શું આંસુના પણ નામ હતાં**





## હે જી, એવી ચોપાટુ મંડાણી ચંદન ચોકમાં.....

'બાપુ', 'ગઝલઋષિ', 'ખરજ સૂરના સંમોહિત અવાજના માલિક' આ બધું જ વૈશિષ્ટ્ય એટલે કવિ રાજેન્દ્ર શુકલ. 'બાપુ' તરીકે સમગ્ર સાહિત્યજગતમાં પ્રસિદ્ધ પ્રશંસિત એવા આપણી ધરતીના ઋષિકવિને કાવ્યપાઠ કરતાં સાંભળવા કે મૌન બનીને કાવ્યના સંવેદનને અંદર-અંદર ઘૂંટતા આ કવિને માણવા એ જીવનનો એક પરમ ધન્ય લહાવો છે. ઘેઘૂર અને ખરજ સૂરથી દિપ્ત એમનો સંમોહક અવાજ જાણે કે ગિરનાર-હિમાલયની ગુફામાંથી આવતો કોઈ ગેબી-દિવ્ય સ્વરની આહ્લાદકતાનો અનુભવ કરાવે છે. આમે ય બાપુને ગિરનારનું તો પહેલેથી જ અદમ્ય આકર્ષણ રહ્યું જ છે !

ગુજરાતી ગઝલનો આગવો-ગરવો-ભગવો મિજાજ આ કવિની અલગ ઓળખ પ્રસ્થાપિત કરે છે. કાવ્યની કાવડ લઈને સમગ્ર ગુજરાતને ન્યાલ કરતા આ બાપુ ખરેખર આજની અને આવતીકાલની આપણી ગુજરાતી ગઝલ કાવ્ય-સ્વરૂપની અમૂલખ ધરોહર છે. સહજ-સરળ બાનીમાં પણ કવિ રાજેન્દ્ર શુકલ આપણને પરમ ધન્યતાનો અનુભવ કરાવી જાય છે. હવે તો સંપૂર્ણપણે-ગઝલ અને ગઝલના જ એકનિષ્ઠ ઉપાસક-સાધક આ કવિએ વર્ષો પૂર્વે કેટલાંક ગીતો પણ આપણને આપ્યાં છે અને એમાના ઘણાં ગીતો આજે પણ ગુજરાતી કાવ્યસંગીતની અમર સ્વરાંકન રચનાઓ તરીકે યશ પ્રતિષ્ઠિત છે. એમાં ય ભારતીય કવિઓની ઓળખ પ્રગટાવતી 'હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક, તળેટી સમીપે હે, હજો ક્યાંક થાનક' એ સ્વરાંકન તો આપણી ગવાતી કવિતાની દુનિયાનું પ્રતિષ્ઠિત સ્વરાંકન તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રનું એ અપૂર્વ અને અદ્વિતીય એવું સ્વરાંકન છે.

સ્વરકાર-ગાયક પરેશ ભટ્ટ દ્વારા બાપુની રચનાઓના સ્વરાંકન થયા છે એ આજે ય અમર છે. આ કવિના કાવ્ય સંવેદનને પરેશે જે રીતે સ્વર ન્યાય આપ્યો છે તેવો ભાગ્યે જ અન્ય કોઈ સ્વરકારે આપ્યો હશે ! પરેશ ભટ્ટ સાચા અર્થમાં 'સ્વરેશ ભટ્ટ' હતાં. કવિ રાજેન્દ્ર શુકલ આજે પણ પરેશ ભટ્ટને અને એના સ્વરાંકનોની સ્વરછાયાને યાદ કરે છે. પરેશ ભટ્ટની કાવ્ય સ્વરાંકનની અનુપમ-દિવ્ય શક્તિ થકી આપણું ગુજરાતી કાવ્યસંગીત ગૌરવાન્વિત છે. સુગમ સંગીતના 'સાચ્ચા' ભાવકો કદીય પરેશ ભટ્ટ અને એના સ્વરાંકનોના ઋણમાંથી મુક્ત ન થઈ શકે એવું સ્વરકર્મ પરેશ આપણી પાસે છોડતો ગયો છે. ભાગ્યે જ કોઈ ગાયક-સ્વરકાર એવા હશે કે જેણે પરેશ ભટ્ટના સ્વરાંકનોનો સ્પર્શ ન થયો હોય. અરે, એવી કેટલીય કવિતાઓ છે જે પરેશ ભટ્ટના સ્વરાંકનને કારણે જ આજે પણ ચિરંજીવી છે. સતત સ્મરણીય-શ્રવણીય છે. એટલું જ નહિં પરેશ ભટ્ટે કરેલ કાવ્ય-રચનાનું સ્વરાંકન એના પછીથી અન્ય કોઈ સ્વરકારે કર્યુ હોય તોય પરેશનું સ્વરાંકન જ ભાવકોને હૈયે એવું વસી ગયું હોય કે અન્ય સ્વરાંકન પ્રસ્થાપિત કે પ્રસિદ્ધ થઈ શકતું નથી ! એ ઘટના જ પરેશની સ્વરશક્તિનો ઉત્તમોત્તમ પરિચય છે. કોઈ દિવ્ય-ગેબી અનુભૂતિ વગર આવી સ્વરાનુભૂતિ સર્જવી શક્ય જ નથી. પરેશના કંઠમાં અને હૃદયમાં ગુજરાતી કાવ્યોની અનોખી ભાવમુદ્રા રચાઈને એને સ્વરાંકનના ઓજ સ્વરોથી ભાવકોને સંમોહિત કરે છે.

કવિ-બાપુ રાજેન્દ્ર શુકલની આ એક ગીતરચના પરેશની જ નહીં પણ આપણી ગુજરાતી કાવ્ય સંગીતની વિશિષ્ટ અને ગૌરવરૂપ ઓળખ છે. અસંખ્ય કાર્યક્રમોમાં અને અંગત-મહેફિલો-બેઠકોમાં પણ ઘણા ય ગાયકો આજે પણ આ ગીત પ્રસ્તુત કરીને ભાવકોની ધન્યમય દાદ મેળવે છે. સમૂહ સ્વરોમાં અને વ્યક્તિગત સ્વર એમ (કોરસ અને સોલો સોંગ તરીકે) બન્ને સ્વરૂપે પ્રસ્તુત કરી શકવાની ક્ષમતા ધરાવતું આ સ્વરાંકન ખરેખર એટલું તો હૃદયસ્પર્શી છે કે ગાતાં-ગાતાં કે સાંભળતાં-સાંભળતાં આપણું હૈયું આર્દ્ર થઈ જાય અને આંખોમાંથી અશ્રુ વહી જાય એનો ખ્યાલ પણ ન રહે ! જાણે કે પરેશ ભટ્ટના સ્વરો જ અશ્રુ બનીને વહી જતા હોય ! ગુજરાતી કાવ્ય સંગીતના પ્રત્યેક ભાવકને મન-હૃદય વસી ગયેલું આ સ્વરાંકન આવો, આજે પુનઃ આપણે પરેશના સ્વરેશપણાને માણીએ :





**હે જી, એવી ચોપાટું મંડાણી ચંદન ચોકમાં હો... હો...**
**કે નાખ્યા લખ રે ચૌર્યાશીના દાવ હે જી, એવી ચોપાટું મંડાણી...**
**રૂડા ચાંદા સૂરજનાં કીધાં સોગઠાં,**
**નાખ્યા કાંઈ આંખ્યુને અણસાર**
**હે જી, એવી ચોપાટું મંડાણી...**
**તમે પાસા ઢાળો કે તારા ઝળહળે હો... હો...**
**મુઠ્ઠીવાળો ત્યાં અંધાર...**
**હે જી એવી ચોપાટું મંડાણી...**
**હવે ચોક રે ઘેરીને, મરમી મલકતાં,**
**અમે નેણ ઢાળ્યા રે નતોડ... હે જી, એવી ચોપાટું મંડાણી...**

ગુજરાતી ગીતકવિતાના સ્વરાંકનનું ઐશ્વર્ય અને સૌંદર્ય શું છે એ જેને અનુભવવું હોય એમણે પરેશ ભટ્ટનું અને રાજેન્દ્ર શુકલનું આ ગીત અચૂક સાંભળવું. આકાશવાણી અને અન્ય સુગમ સંગીતના ભાવકો પાસે આ સ્વરાંકન સચવાયું જ હશે ! આજે તો ગીતસ્વરૂપ અને એના સ્વરાંકનોનું વિશ્વ મંદીમાં છે ત્યારે આવા જૂના પણ ચિરંજીવી અને સદૈવ સદૈવ સાંભળવાં ગમે-માણવાં ગમે એવા સ્વરાંકનો જ આપણા માટે મોટું આશ્વાસન છે. પણ રંજ એ જ વાતનો છે કે દરેક ક્ષેત્રમાં પ્રવર્તી રહેલું કમર્શિયલાઈઝન (વ્યાવસાયીકપણું) ગુજરાતી કાવ્ય સંગીત પ્રવૃત્તિને પણ હાનિ પહોંચાડી રહ્યું છે. એ ચિંતાનો વિષય છે. ખેર, વાવાઝોડું ફુંકાય છે પણ દીવો ન ઠરી જાય એવી ખેવના આપણે સૌ કરીશું તો આવતીકાલની પ્રજા આપણને યાદ રાખશે. આવતીકાલના સુગમ સંગીતના ભાવકો-ગાયકો-સ્વરકારો માટેની આ ગીતરચના જીવનનું મોટું ભાથું છે.

**અંજલિ :**
**મૌજુદગી જરૂરી નહીં, જરૂરી અહેસાસ હૈ,**
**હમ કહીં દૂર નહીં આપકે આસપાસ હૈ.**
**દેખો તો જરા મનકી આંખોસે,**
**હમ હર કદમ પર આપકે સાથ હૈ.**

## મંજિલની ટોચ જ્યારે દેખાઈ દૂરથી
## ત્યારે તેં લીધો વળાંક.....

ગુજરાતી કાવ્યસંગીતની દુનિયામાં ઘણાય શ્રેષ્ઠતમ સ્વરાંકનો હવે સ્મૃતિશેષ થતાં જાય છે અને હવે તો ગુજરાતી સુગમ સંગીતના લાઈવ પ્રોગ્રામ્સમાં કે આકાશવાણી-દૂરદર્શન કે ટી.વી.ની અન્ય કોઈ ચેનલોમાં પણ આવા સ્વરાંકનો આપણને માણવા મળતાં નથી. પણ ગુજરાતી ભાષા અને ગુજરાતી કાવ્યસંગીતમાં ઊંડી અભિરુચિ ધરાવનારા સુગમ સંગીત પ્રેમીઓના અંગત સંગ્રહાલયો (કલેકશન્સ)માં આવા ગુજરાતી સ્વરાંકનો સચવાયા છે. જૂની એલપી-ઈપી રેકોર્ડસ અને ઓડિયો કેસેટસ્ અથવા હવે સીડી'ઝ અને એમપીથ્રી'ઝમાં આવાં ઉત્તમોત્તમ સ્વરાંકનોનો સંગ્રહ ઘણા ભાવકો પાસે જળવાયો હશે. અરે, એકાદ રેર કે નવું સ્વરાંકન મેળવવા માટે આવા સુગમસંગીતરસિકો ખૂબ મથામણ કરે છે, એટલું જ નહિ પરંતુ અમદાવાદના ડો. મુકેશ શાહ નામના સુગમ સંગીત ભાવક પાસે ગુજરાતી સુગમ સંગીતનો અદ્ભુત ખજાનો સચવાયો છે. આજે પણ આ સુગમ ભાવક ડો. મુકેશ શાહ, રેડિયો પરથી પ્રસારિત થતા લગભગ સુગમ સંગીતના કાર્યક્રમોનું ધ્વનિમુદ્રણ તેઓ જાતે કરી રહ્યાં છે અને એ બધાં જ ગુજરાતી સુગમગીતોની વ્યવસ્થિત ડાયરીઓ, વિભાગશઃ એમણે તૈયાર કરી છે અને પ્રત્યેક ગીતનો પાઠ (Text) અને એનું સ્વરાંકન, સ્વરકાર-ગાયક સહિતની ઝીણામાં ઝીણી માહિતી સાથે એમની પાસે ઉપલબ્ધ છે. આવા સુગમ સંગીતરસિયાઓ થકી જ આપણી ભાષાનાં ગીતો, ગાયકો, સ્વરકારો અને સ્વરાંકનોનું વિશ્વ સદૈવ ઝળહળે છે.

કવિ મેઘબિંદુનું નામ આજની પેઢી માટે કદાચ થોડુંક અજાણ્યું લાગશે ! પરંતુ ગુજરાતી કાવ્ય સંગીતક્ષેત્રમાં આ કવિના ઘણાં ગીતો અને ગઝલો આજેય સ્મરણીય અને શ્રવણીય છે. ગુજરાતી સુગમ સંગીતના પૂર્વ પેઢીના ઘણાય





સ્વરકારો-ગાયકોએ આ કવિની રચનાઓને સ્વરન્યાય આપ્યો છે. સુગમ સંગીતમાં ગાયિકા બેલડી તરીકે સુ-પ્રસિદ્ધ અને ગુજરાતી સુગમ સંગીતના સમર્થ સ્વરકાર-ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાયની સ્વરપુત્રીઓ વિરાજ-બીજલ ઉપાધ્યાયના નામથી ભાગ્યે જ કોઈ સુગમસંગીતપ્રેમી અજાણ હશે. આ ગાયિકા બહેનોએ ઘણી ગુજરાતી કવિતાઓને પોતાના કંઠ કસબનો પરિચય કરાવ્યો છે.

કવિ મેઘબિંદુનું એક વિરહગીત માણવા જેવું છે. સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાયના દર્દસભર સ્વરાંકનને એમની જ સ્વરપુત્રીઓ વિરાજ-બીજલે ઉત્તમ રીતે આ ગીતનું સ્વરાંકન પ્રસ્તુત કર્યું છે. ઘણાય સમય પહેલાંનું આ ગીત અને પુરુષોત્તમભાઈનું એક ઉત્તમ સ્વરાંકન હવે આજે તો ભાગ્યે જ ક્યાંય સાંભળવા મળે છે. ગુજરાતી ગીત-ગઝલોના સ્વરાંકનો વિશે ગુજરાતી વિવેચનામાં પણ ક્યારેય-ક્યાંય આવી રચનાઓ, એના સ્વરાંકન સંદર્ભે કદીય ઉલ્લેખ પણ નથી થતો. જો કે ગુજરાતી સાહિત્યના વિવેચક વિદ્વાનો ભાગ્યે જ ક્યારેક-ક્યાંક ગુજરાતી ગવાતી કવિતાઓના ઉલ્લેખ અને સંદર્ભો આપે છે. શી ખબર ગુજરાતી વિવેચકોને આ ગવાતી ગુજરાતી કવિતાઓ માટે કેમ અહોભાવ નથી ? આશ્ચર્યમ્ ! મોટા-મોટા સેમિનારો કે વર્કશોપ કે વ્યાખ્યાનમાળાઓમાં પણ ગુજરાતી કાવ્યસંગીત વિશેની ચર્ચાઓ બહુ જ ઓછી સાંભળવા મળે છે ! ખેર.. એ જે હોય તે આપણને તો સુંદર કાવ્યોના સુંદર-ભાવસભર-હૃદયસ્પર્શી સ્વરાંકનોના વિશ્વને માણવામાં જ અભિરુચિ છે. વિવેચકો એની નોંધ લે કે ના લે એનાથી ગુજરાતી કાવ્યસંગીતની પ્રવૃત્તિઓને કોઈ ફરક પડ્યો જ નથી અને પડશે પણ નહિ જ ! તો આવો, હે ! ભાવકો ! આજે 'મધુવન'ના સ્વર વૃંદાવનમાં આપણે વિરાજ-બીજલના દર્દસભર સ્વરમાં ગવાયેલું કવિ મેઘબિંદુનું આ ભૂલી જવાયેલું એક વિરહાનું ઉત્તમ ગીત માણીએ અને સ્વરાંકનમાં રહેલું ઝીણું દર્દ આપણે પણ આત્મસાત્ કરીને અનુભવીએઃ

**સાત સાત પગલાંઓ સાથે ચાલીને**
**તેં માંગ્યો'તો મારો હાથ**
**પણ અધવચ્ચે એવું તે શું રે થયું**
**કે મારો છોડી દીધો રે સંગાથ...**
**હું તો ઈચ્છાઓ તારી ઉછેરતી હતી**
**મેં મહેકાવ્યો તારો એ બાગ**

**તારા અવાજમાં હું એવી ખોવાઈ ગઈ**
**કે ભૂલી ગઈ મારો રાગ**
**તારા એક એક પગલાંની પૂજા કરી**
**તને માનીને મારો નાથ**
**પણ અધવચ્ચે એવું તે શું રે થયું**
**કે મારો છોડી દીધો રે સંગાથ...**
**મંઝિલની ટોચ જ્યારે દેખાઈ દૂરથી**
**ત્યારે તેં લીધો વળાંક**
**ધખધખતા તાપમાં, તારી સંગાથમાં ચાલી**
**એ મારો શું વાંક ?**
**મનના મારગમાં એવું તે કોણ મળ્યું ?**
**છોડી દીધો મારો સાથ**
**પણ અધવચ્ચે એવું તે શું રે થયું**
**કે મારો છોડી દીધો રે સંગાથ...**
**સાત સાત પગલાંઓ સાથે ચાલીને...**

સ્નેહના સંગાથી જ્યારે આમ અચાનક સાથ છોડી જાય ત્યારે શું થાય એની ઝીણી વેદના આ ગીતમાં તારસ્વરે ગવાઈ છે. ગીતની પંક્તિઓની વચ્ચે આવતું મ્યુઝીક ફીલર પણ એક દર્દજનક સ્વરભાવ ઊભું કરે છે. આવા અલભ્ય-અપૂર્વ સ્વરાંકનોમાં આપણી ગુજરાતી કાવ્યસંગીતની પ્રચંડ તાકાત પડેલી છે. કાવ્યભાવને સમજીને થયેલાં સ્વરાંકનો હંમેશાં અમર થયાં છે. આ ગીત પણ એવું જ અસરકારક અને ચિરસ્મરણીય છે અને એવું જ એનું સ્વરાંકન પણ છે. વિરાજ-બીજલના અનુભવ સમૃદ્ધ સ્વરમાં આ ગીત સાંભળીને ક્યાંય સુધી એના સ્વરો આપણા હૃદયમાં ગુંજતા જ રહે એવી અસર આ સ્વરાંકનની છે.

**અંજલિ :**

**એક બાળકને ય સમજાય એવું બોલજે આ ગઝલ છે,**
**જેવું મનમાં સમજાય એવું બોલજે ખૂબ નાજુક, ખૂબ નમણી,**
**ખૂબ કોમળ છે ગઝલ અંગ એનું સ્હેજેય ના મરડાય, એવું બોલજે !**





## આનંદ કેરી લ્હેરે જાણે હસી ઊઠ્યો કિરતાર

વિશ્વમાં ભલે મંદીનું વાતાવરણ હોય પણ બ્રહ્માંડના સચરાચરમાં ચોમેર આજે વસંત ઋતુનું સામ્રાજ્ય જામ્યું છે. પ્રકૃતિની લાલિમાએ નૂતન રૂપ ધર્યાં છે. ભૌતિક સુખની ભવાટવીમાંથી અલગ પડીને થોડીક ક્ષણોય જો આપણે આ વસંતના વૈભવને આત્મસાત કરીએ તો જ વસંતનું વહાલ અનુભવાય ! પણ ઘડિયાળના કાંટે ઢસરડાતો માણસ પ્રકૃતિનો પગરવ-પમરાટ ક્યાં અનુભવી શકે છે ? પૈસાની પ્રીતિમાં પલોટાતો મનુષ્ય પ્રકૃતિના પ્રસન્નકર રૂપોને પામી શકતો નથી.

સૂર્ય, ચંદ્ર, તારા, નદી, ઝરણાં, પર્વત, જંગલ, દરિયો.... એમ વિધવિધ પ્રકૃતિના પુલકિત ચહેરાઓ વાંચવા-માણવા માટે તો માણસની અંદર પોતાનું એક અલગ અને આગવું એકાંત જોઈએ તો જ પ્રકૃતિની પ્રીતિભાષા સમજાય. આપણે સૌ સુખની પાછળ મંડ્યા છીએ પણ પ્રસન્નતા માટે-ખરી પ્રસન્નતા મેળવવા માટે આપણે કશુંય કરતા નથી. કવિ રમેશ પારેખ 'સુખ માટે આવી ખોતરપટ્ટી !' કહે છે એ ખરેખર સાચું જ છે. આત્મિક આનંદ માટેની માનવની ખેવના જ ખરી પડી છે ત્યારે ધરતી પર રુમઝુમ કરતી આવતી વસંતરાણીને આપણે ઓળખી શકતા નથી.

વસંતઋતુ તો સર્વ ઋતુઓનો મધમીઠો અર્ક છે. જે કોઈને વસંતઋતુના રંગોમાં રંગાવાનું સૂઝતું નથી એનું જીવન શુષ્ક રણ જેવું છે. હવે તો આપણી ભાષામાં કહેવત-ઉક્તિ જેવી બની ગયેલી કવિ મનોજ ખંડેરિયાની ગઝલની આ પંક્તિઓ ગાઈને વસંતનું સ્વાગત કરીએ :

**આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,**
**ફૂલો એ બીજું કૈં નથી પગલાં વસંતના**

**ફાંટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,**
**પાછા ફરી ન આવશે તડકા વસંતના**

વસંતનો તડકો ય માણી શકે એ જ કવિ આપણા હૃદયમાં કાયમી સ્થાન લઈ શકે છે. ગુજરાતી કાવ્યસંગીતમાં તો એવી અસંખ્ય રચનાઓ છે. જેમાં વસંતનો ફાગ પુરબહારમાં ખેલાયો છે. જેના અંતરમાં વસંતનું વહાલ મ્હોરે-ફોરે એને ભૌતિક મંદી-આર્થિક મંદી કશુંય કરી શકતી નથી !

જૂની પેઢીના કવિ-સ્વરકાર-ગાયક-સંગીતકાર નિનુ મજુમદાર આપણા ગુજરાતી કાવ્ય સંગીતના અગ્રેસર સર્જક છે. વર્ષો પૂર્વે આ કલાકારે વસંતના વધામણાંનું એક ગીત લખેલું-સ્વરબદ્ધ પણ એમણે જ કરેલું.

એ ગીત ગુજરાતીકાવ્યસંગીતપ્રેમીઓના હૃદયમાં સ્થાપિત છે. નિનુ દાદાના જ સ્વરકાર-ગાયક-સંગીતકાર સ્વરપુત્ર ઉદય મજુમદાર અને રેખા ત્રિવેદીના યુગલસ્વરમાં આ વસંતગીત માણવા જેવું છે.

વસંતનો પ્રાકૃતિક વૈભવ આ ગીતમાં શબ્દે-શબ્દે સ્વરે-સ્વરે અનુભવાય છે. ભાગ્યે જ સાંભળવા મળતું આ ગીત વર્ષો પહેલાં મુંબઈ ખાતેના સ્વરકાર સંમેલનમાં પ્રસ્તુત થયેલું. એનું ધ્વનિમુદ્રણ આ લખનાર પાસે આજે ય સચવાયેલું છે. આવો, વસંતરાણીનો ઘૂંઘટ ખોલી એનું દર્શન કરતા આપણે ય વસંતમય થઈને ગાઈએ કેઃ

**પૂર્ણ થઈ શીતલ રજની ને શુષ્ક નિયમનો અંત જડ્યો**
**વન વનમાં ઉત્સવ કરવા મદમસ્ત રજાનો ઘંટ પડ્યો**
**ને છૂટ્યો વાયરો દક્ષિણથી કિલ્લોલ કરતો આજે ડોલ્યો તરુવર ને,**
**ડોલી વલ્લરી નવપલ્લવથી સાજે.....**
**આનંદ કેરી લહેરે જાણે, હસી ઉઠ્યો કિરતાર,**
**વેર્યાં ફૂલડાં અપરંપાર ઘેલી વસંત આવી રે...**
**ધરતી માની લાડકડીની થઈ ચોમેર વધાઈ,**
**દરિયાવરના લીલાં પટોળાં રહ્યાં બધે પથરાઈ**
**પંખીડાંના સ્વાગત રાગે**
**ગુંજી ઊઠી શરણાઈ ટહુકે સૂર લગાવી... ઘેલી વસંત આવી રે...**





**ભિક્ષા યાચે ફૂલડે ફૂલડે ફરીને ભમરો ન્યારો**
**પાંખે લાગે ભિખારી કેરો**
**ગુન ગુન ગુન એક તારો દેતી જ્યાં ત્યાં**
**પાન પાનમાં મસ્તીનો થડકારો**
**એવું દાન અનેરું લાવી... ઘેલી વસંત આવી રે...**
**મધુર એને પગલે પગલે ગુંજે રુમઝુમ ભાષા**
**સુણી સૂતેલા અંતર જાણે**
**છૂપી અનોખી આશા સરજનહારો ઉમંગે**
**આજે રંગીન રચે તમાશા**
**નાચે છે નટરાજ નચાવી... ઘેલી વસંત આવી રે...**
**ગરબો લેતા ઘુમ્મટ ઘૂમે રાત દિવસ રઢિયાળા**
**વર્ષા તણી પટરાણી કાજે સુંદર ગૂંથે માળા**
**જીવનસાગરમાં છલકાતા રસના ધોધ રૂપાળા**
**આજ નિરંતર ઉર વહાવી... ઘેલી વસંત આવી રે...**

નિનુ મજુમદારનું આ સોના જેવું સ્વરાંકન આત્મસાત કરવા જેવું છે. નિનુ દાદા પછી અન્ય બીજા કોઈ સ્વરકારોએ પણ કદાચ આ ગીતનાં સ્વરાંકનો કર્યા હશે પણ નિનુભાઈનું આ સ્વરાંકન આજે ગુજરાતી કાવ્ય સંગીતક્ષેત્રે અમર છે. અજય છે.

**અંજલિ :**
**રીત રિસાવાની આ નથી સારી !**
**મારી આંખો વરસે રાત સારી**

# સાવજ ડણકું મારે ગીરમાં એવી યુવાન શક્તિ છે

ભારતીય શિક્ષણ પધ્ધતિમાં જે તે વિદ્યાધામો અને વિશ્વ વિદ્યાલયોની પોતાની ઓળખ આપતું એવું એક પ્રમુખ ગીત-મુદ્રાગીત (થોમસોંગ) હોવું જોઈએ. કેટલીક શિક્ષણ સંસ્થાઓ અને સાહિત્યિક-સાંસ્કૃતિક સંસ્થાઓ પાસે આવાં ગીતો છે. ભારતભરમાં સાંસ્કૃતિક આદાન-પ્રદાન ક્ષેત્રે વર્ષોથી કાર્યરત 'સંસ્કાર ભારતી'નું મુદ્રાગીત યાદ આવે છે 'સાધયતે સંસ્કાર ભારતી, ભારતે નવજીવનમ્'. તો ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મહા-પ્રકલ્પ 'ગુજરાતી વિશ્વકોશ'ને અનુલક્ષીને કવિ ચન્દ્રકાન્ત શેઠે પણ એક મુદ્રાગીત હમણાં જ રચ્યું છે. (અહીં જ્ઞાનસૂર્ય સંચરે, આપણું ચિત્ત પ્રકાશિત કરે...) તો કવિ અને ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી ભવનના અધ્યક્ષ વિનોદ જોશીએ 'ભાવનગર વિશ્વવિદ્યાલય જ્યાં ભાવસભર અદ્‌ભુત સ્પંદન, નિત વિલસે અહો મુદામય' એવું યુનિવર્સિટીનું ગીત પણ લખ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પણ એક આગવું અને વિશિષ્ટ ઓળખ પ્રગટ થાય એવા મુદ્રાગીતના આલેખન માટે ઘણા સમયથી પ્રયત્નો થતા હતા આખરે આપણી સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલયની સર્વાંગીણ ઓળખ પ્રગટ થાય એવું ગીત આપણને કવિ અનિલ જોશી પાસેથી મળે છે.

મજાની વાત તો એ છે કે આપણી યુનિવર્સિટીના આ મુદ્રાગીતના સર્જન માટે કવિશ્રી ખાસ મુંબઈથી અહીં આવ્યાં અને યુનિવર્સિટીના પરિસરમાં રહ્યા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્થાપના કાળથી આજ સુધીની તવારીખો-ઈતિહાસ, યુનિવર્સિટીનું ચિહ્ન વગેરે સર્વ સંદર્ભોને આત્મસાત કરીને પછી એક ઉત્તમ મુદ્રાગીત એમણે ભાવપૂર્વક લખીને યુનિવર્સિટીને અર્પણ કર્યું. એ ગીત માણવા જેવું, મુક્ત કંઠે ગાવા જેવું છે :





**સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ,**
**દરિયા જેવી ઘૂઘવે અહીંયાં જગવિદ્યા તમામ**
**જય હો... જય હો... જયજયકાર...**
**સર્વધર્મ સમભાવ હૃદયમાં નરસૈંયાની ભક્તિ છે**
**સાવજ ડણકું મારે ગીરમાં**
**એવી યુવાન શક્તિ છે**
**ગિરનાર જેવું સ્થિર જીવન હો ધ્યાનમંત્ર એક રામ**
**સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ**
**દરિયા જેવી ઘૂઘવે અહીંયાં જગવિદ્યા તમામ**
**જય હો... જય હો... જયજયકાર**
**રાણકનો લઈ પ્રેમ ઝળહળે**
**રા'ખેંગારનું તેજ**
**સોમનાથ ને દુવારિકાનો**
**મહિમા એનો એ જ**
**વાગીશ્વરીની વીણા વાગી ઝંકૃત ગામેગામ**
**સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ**
**દરિયા જેવી ઘૂઘવે અહીંયાં જગવિદ્યા તમામ**
**જય હો... જય હો... જયજયકાર**
**બુધ્ધ, મહાવીર, ગાંધીનો પથરાયો છે અજવાસ**
**નિર્બળ ને બળવાન સંગમાં**
**ખેલે દાંડિયા રાસ**
**વલભી વિદ્યા રાખતું જીવતું વિદ્યાધામ**
**સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ**
**દરિયા જેવી ઘૂઘવે અહીંયાં જગવિદ્યા તમામ**
**જય હો... જય હો... જયજયકાર**
**પ્રાચીન વિદ્યા સાથે વસતું નવું યંત્ર વિજ્ઞાન**
**નવી દિશાઓ, નવા વિચારો,**

PRINT START



નવા યુગની શાન
વૃક્ષોની હરિયાળી વચ્ચે સરસ્વતીનું ધામ
સૌરાષ્ટ્ર વિદ્યાપીઠ સદાયે પાવનકારી નામ
દરિયા જેવી ઘૂઘવે અહીંયાં જગવિદ્યા તમામ
જય હો... જય હો... જયજયકાર

કવિ અનિલ જોશી મૂળ સૌરાષ્ટ્ર-ગોંડલના વતની છે. તેથી આ ગીતમાં તળ સૌરાષ્ટ્રની સુગંધ અનુભવાય જ ! ગીતનાં સર્જન પછી આ ગીતને અનુરૂપ અને સ્વર-સંગીતના સ્વરોમાં પણ સૌરાષ્ટ્રિયન સુગંધ અનુભવાય તે માટે સારા સ્વરકારની મથામણ ચાલી. બીજાં અન્ય કામકાજો અને યુનિવર્સિટીની અનેકવિધ પ્રવૃત્તિઓમાં ગીતનાં સ્વરાંકન માટેની કાર્યવાહી ખારંભે પડી અને હમણાં જ 'યુવાકથા' નિમિત્તે ફરી ગીતનાં સ્વરાંકન માટેની તૈયારીઓ પ્રારંભાઈ. થોડા દિવસો પહેલા કુલપતિ ડો. કમલેશ જોષીપુરા અને ઉપ-કુલપતિ કલ્પક ત્રિવેદી આ બન્ને મહાનુભાવોનો રાત્રે બાર વાગ્યે મારા પર ફોન આવ્યો અને યુનિવર્સિટીના ગીતનું ત્વરિત સ્વરાંકન કરાવવા માટેની સૂચના આપી કેમ કે યુવાકથા દરમ્યાન સૌરાષ્ટ્રના સર્વ વિદ્યાર્થીઓ સુધી આ ગીત પહોંચતું કરવાની ભાવના હતી. મેં રાત્રે જ મુંબઈ રહેતા (મૂળ સૌરાષ્ટ્ર-ઊના) મારા ગાયક-સ્વરકાર-સંગીતકાર પ્રિય મિત્ર સુરેશ જોશીને ફોન કર્યો. ઈ-મેઈલ દ્વારા ગીતનો આખો પાઠ (Text) મોકલ્યો. બીજે દિવસે રાત્રે સુરેશ જોશીએ મુંબઈથી સુંદર સ્વરાંકન ઈ-મેઈલ દ્વારા મને મોકલ્યું અને લગાતાર બે-ત્રણ રાત્રીના રિહર્સલો દ્વારા 'યુવાકથા'માં યુવાનોમાં આપણું આ ગીત ગુંજતું કરવા માટે તૈયાર થયું. મોરારીબાપુના પ્રવચન પૂર્વે ત્રણે-ત્રણ દિવસ અનિલ જોશીનું આ આપણી યુનિવર્સિટીનું મુદ્રાગીત સૌ યુવાનોએ ભાવપૂર્વક ઝીલ્યું. છેલ્લે દિવસે તો કુલપતિશ્રી ડો.જોશીપુરાજી અને ઉપ-કુલપતિશ્રી ત્રિવેદીજીએ પણ હજારો યુવાનોની સાથે આ મુદ્રાગીત સહૃદયતાથી ઝીલ્યું અને સંવેદનપૂર્વક ગાયું. જય હો. જય હો. જયજયકાર. આ લેખ જ્યારે આપ વાંચતા હશો ત્યારે જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજે (રવિવારે) યોજાઈ રહેલ પદવીદાન સમારોહમાં, ગુજરાત રાજ્યના મા. રાજ્યપાલ શ્રી નવલકિશોરજી શર્માની સાક્ષીએ પણ મારા ગુજરાતી ભાષા ભવનના યુવા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો આ યુનિવર્સિટી ગાન પ્રસ્તુત કરશે, જે યુનિવર્સિટી માટે પરમ આનંદ-ધન્યની ઘડી છે.





## સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની

કવિ નર્મદનું 'જય જય ગરવી ગુજરાત' એ ગીત, સમગ્ર વિશ્વની ગુજરાતી પ્રજામાં આજેય અમર છે. ગુજરાત-સૌરાષ્ટ્ર પ્રશસ્તિના અન્ય ઘણાં ગીતો પણ કવિઓ દ્વારા લખાયા છે. પણ એ બધાં જ ગીતો સ્વરાંકિત નથી થયાં. કેટલાંક ગીતો સ્વરાંકનની ભૂમિકા પામ્યાં છે. વતનનાં ગીતો, વતન ઝુરાપાનાં ગીતો, પરદેશ વસતી ગુજરાતી પ્રજાના હૈયામાં દેશ ઝુરાપો પ્રગટતો હોય એને પણ ઘણા સર્જકો વાચા આપતા હોય છે. નર્મદનાં ગીતને જેટલી પ્રસિદ્ધિ મળી છે એટલી પ્રસિદ્ધિ અન્ય કવિઓનાં ગીતોને નથી મળી. ગુજરાતી સુગમ સંગીતપ્રદેશમાં અસંખ્ય એવી સ્વરરચનાઓ છે, જે કાળની ધૂળની નીચે દટાઈ ગઈ છે. ક્યાંક ખૂણે-ખાંચરે કાવ્ય સંગીતપ્રેમી ભાવકો એનું જતન કરે છે, યાદ કરે છે અને સતત મમળાવીને જીવંત રાખે છે. ઘણી વખત તો આ પરંપરા બે-ત્રણ પેઢી સુધી સચવાતી હોય છે અને પછી આધુનિકતાના વમળમાં એ જૂના ગુજરાતી કાવ્યસંગીતને કોઈ યાદ નથી કરતું. આપણી પાસે એવી કેટલીક દિગ્ગજ કાવ્ય સંગીતરચનાઓ છે જે જિંદગીના છેલ્લા શ્વાસપર્યન્ત સાંભળવી ગમે તેવી છે. ગુજરાતી સુગમ સંગીતની ગઈકાલ એટલી તો ઓજસ્વી અને તેજસ્વી છે કે આપણે અન્ય પ્રદેશના સંગીતની આવશ્યકતા પણ ન રહે. જો કે વિશાળતાના માધ્યમે અન્ય ભાષાનું પ્રાદેશિક સંગીત સાંભળીએ એ સારું છે અને સાથે-સાથે આપણને એ પણ અનુભૂતિ થાય કે અન્ય પ્રદેશના સંગીતની તુલનાએ આપણું પ્રાદેશિક કાવ્ય સંગીત કેવું અને કેટલું ઉજ્જવળ કે ઊણું છે ? ગુજરાતી કાવ્યો ગાનારા, બિનગુજરાતી ગાયકો ગઈકાલે પણ હતા, આજે પણ છે અને આવતીકાલે પણ હશે જ ! કેમકે ગુજરાતી કાવ્ય-સંગીતમાં એ સામર્થ્ય છે. બિનગુજરાતી કવિ (સ્વ.) રમેશ ગુપ્તાએ 'જય ગુજરાત'

શીર્ષકથી છેક ઈ.સ. ૧૯૬૦માં એક ઉત્તમ ગુજરાતી ગીત લખ્યું હતું. જેનું સ્વરાંકન જૂની પેઢીના પણ, બહુ જ ઓછા જાણીતા સ્વરકાર જયંતી જોશીએ કર્યું હતું. આનંદ અને આશ્ચર્ય એ વાતનું થાય કે એ સમયે ભારતીય ફિલ્મ સંગીતના મહાન ગાયક મન્નાડે (મન્ના દા સાહેબ)એ ગાયું હતું. આ ગીતમાં સમૂહસ્વર પણ અદ્‌ભુત છે. કોઈ જૂની ફિલ્મનું સુપરહીટ ગીત સાંભળતાં હોઈએ એવો અહેસાસ થાય છે. ગીતની અંદર રહેલી મ્યુઝિક એરેન્જમેન્ટ અને કોરસ બેલેન્સ કાબિલેદાદ છે. ૧૯૬૦માં ધ્વનિમુદ્રિત થયેલ આ ગુજરાતી ગીત, આજે પણ એટલું જ શ્રવણીય લાગે છે. એક બિનગુજરાતી કવિએ આ ગીતમાં કરેલી ગુજરાત પ્રશસ્તિ આપણને પ્રસન્ન કરે તેવી છે. છ અંતરાનું બનેલું આ ગીત એ સમયે બે ભાગની રેકોર્ડ (તાવડી)માં રેકોર્ડ થયું હતું. સ્વરાંકનમાં રહેતો તાલ અને લય આપણને નાચતા કરી દે તેવો છે. મન્નાડે સાહેબે હૃદયની ઉત્તમ અનુભૂતિથી આ ગીત ગાયું છે. એ ગુજરાતનો જ કોઈ ગાયક ગાતો હોય એવું આપણને લાગે. ગુજરાતને પ્રેમ કરનારા સૌ કોઈને માટે આ ગીત પ્રેરણાદાયી છે. આ ગીત રચનામાં ગુજરાતનો સર્વલક્ષી ઈતિહાસ પ્રસ્તુત થાય છે. મહાપુરુષો, કવિઓ, શ્રમિકો, સંતો, લોકલાડીલા નેતાઓ એ સર્વનો અહીં સમાવેશ થાય છે. ગીત જ એટલું પ્રલંબ છે કે એ મન્નાડેના સ્વરમાં જ સાંભળવાની મજા લેવી જોઈએ. સાંભળો :

**આજ બાપુની પુણ્યભૂમિ પર, ઊગ્યું સ્વર્ણ પ્રભાત**
**જય ગુજરાતી, જય જય, જય ગરવી ગુજરાત**
**જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો વિશ્વના તાતની**
**સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની...**
**આ ગુણવંતી ગુજરાતની, જય જય ગરવી ગુજરાતની**
**ભક્ત સુદામા અને કૃષ્ણના, મિત્રભાવ ભૂલાય નહિ**
**વૈષ્ણવજન તો તેને કહીએ, નરસૈંયો વિસરાય નહિ**
**જય દત્ત દિગંબર ગિરનારી, જય બોલો કાલિકા માતની**
**સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની**
**આ ગુણવંતી ગુજરાતની... જય, જય ગરવી ગુજરાતની**
**અમર ભક્ત વીરોની ભૂમિ, જેના ગુણ ગાતું સંસાર**





**રાજાઓના કાજ મુકાવ્યાં, ધન્ય વીર વલ્લભ સરદાર**
**જય દયાનંદ, જય પ્રેમાનંદ... જય બોલો બહુચરા માતની**
**સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યથગાથા ગુજરાતની**
**આ ગુણવંતી ગુજરાતની, જય જય ગરવી ગુજરાતની**
**દલપત, ન્હાનાલાલ, દયાનાં મધુર કાવ્ય ભૂલાય નહિ**
**મેઘાણીની શૌર્યકથાઓ, અંતરથી વિસરાય નહિ**
**અમર કાવ્ય નર્મદના ગુંજે... જય જય અંબે માતની**
**સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની**
**આ ગુણવંતી ગુજરાતની, જય જય ગરવી ગુજરાતની**
**મળ્યાં તેલ ભંડાર દ્રવ્યના, ભીષ્મપિતાની બલિહારી**
**ધન્ય ધન્ય ગુજરાતની ધરતી, થયાં અહીં બહુ અવતારી**
**જય સાબરમતી... જય મહી, ગોમતી, સરસ્વતી**
**જય તાપી, ગોમતી, સરસ્વતી... જય બોલો નર્મદા માતની**
**સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની**
**આ ગુણવંતી ગુજરાતની, જય જય ગરવી ગુજરાતની**
**હિન્દુ, મુસ્લિમ, વ્હોરા, પારસી, હળી-મળી સૌ કાર્ય કરે**
**સૃષ્ટિને ખૂણે ખૂણે, ગુજરાતી જન વ્યાપાર કરે**
**જય સહજાનંદ, જય જલારામ, જય મહાવીર દાતારની**
**સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની**
**આ ગુણવંતી ગુજરાતની, જય જય ગરવી ગુજરાતની**
**અમર ભક્ત બોડાણો, કલાપી, મહાદેવ દેસાઈ**
**દાદા તૈયબજી, કસ્તુરબા, પટેલ વિઠ્ઠલભાઈ, આજ અંજલિ અર્પો...**
**આજ અંજલિ અમર શહીદોને અર્પો ગુજરાતની**
**સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની**
**આ ગુણવંતી ગુજરાતની, જય જય ગરવી ગુજરાતની**
**શ્રમ પર શ્રમ કરનારા માનવની આ ધરતી ન્યારી...**

**માનવની આ ધરતી ન્યારી... સત્ય, શાંતિ તાલે અહિંસાના મંત્રો દેનારી**
**શ્રમ સેવાની કરો પ્રતિજ્ઞા ઊગી ઉષા વિરાટની**
**સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની**
**આ ગુણવંતી ગુજરાતની, જય જય ગરવી ગુજરાતની**

કવિ નર્મદનાં 'જય જય ગરવી ગુજરાત' જેવું જ કવિ રમેશ ગુપ્તાનું આ 'જય ગુજરાત' ગીત છે. પણ બહુ ઓછા ભાવકોએ આ ગીત સાંભળ્યું હશે. એમાંય આજની યુવા પેઢીને તો એ પણ ખબર નહિ હોય કે આજથી પચાસ વર્ષ પૂર્વે મુંબઈ રહેતા બિનગુજરાતી કવિએ આપણા ગુજરાત વિશેની આવી એક સુંદર ગીતરચનાનું સર્જન કર્યું છે અને મન્નાડે જેવા પહાડી અવાજના માલિકે આ ગીત પ્રસ્તુત કરીને આપણને સૌને ઋણી રાખ્યા છે. ગુજરાતી કાવ્યસંગીતના આજના વાતાવરણમાં ક્યારેક ક્યારેક જ સાંભળવા મળતું આ ગીત તમેય સાંભળશો તો ઝૂમી ઊઠશો. જો કે આ ગીતનો મૂળ પાઠ પણ જરૂર આનંદ આપશે જ. કોઈ કાવ્ય સંગીતપ્રેમી ભાવક આ સાંભળવાની મહેચ્છા ધરાવે તો આ લખનારનો સંપર્ક કરી શકે છે. ગીત અસંખ્ય વખત સાંભળીને મેં એનો પાઠ (Text) હસ્તગત કર્યો છે અને આજે મધુવનના માંડવડે તમારા માટે પ્રસ્તુત કર્યો છે. જય ગુજરાતી કાવ્ય સંગીત. જય જય ગરવી ગુજરાત.





# જૂની પેઢીના કવિ જયંત પલાણની એક ભુલાઈ ગયેલી ધૂળેટીના, ઘેરૈયાના રંગોની ગીતરચના

આપણી આસપાસનું ભૌતિક જગત, વિજ્ઞાન અને કમ્પ્યુટરની આંગળી પકડીને વિરાટ દોટ લગાવી રહ્યું છે તો બીજી બાજુ સમગ્ર વિશ્વ આર્થિક મંદીના આટાપાટામાં અટવાઈ રહ્યું છે ત્યારે સૃષ્ટિનિયંતાએ સર્જેલી આ રંગબેરંગી સૃષ્ટિના રંગો નીરખવાનો પણ આપણી પાસે સમય નથી હોતો ! પ્રકૃતિના પાનેતરમાં વસંતઋતુના વ્હાલભર્યા રંગો અનેરી શોભા પ્રગટાવી રહ્યા છે. વાતાવરણમાં રંગોની જબરી છાંટ અનુભવાય છે. ફાગણ મહિનો છડી પોકારતો આપણાં હૈયાંને ભીંજવવા આવી પૂગ્યો છે. વસંતના ઘૂંઘટમાં છુપાયેલા હોળી-ધૂળેટીના અલબેલા રંગો હવે બે-ત્રણ દિવસમાં જ યૌવનને ખીલવા-ખિલાવવા આભ-ધરતીમાં સુંદર રંગોળી રચશે. મિત્રો, ધૂળેટીના રંગબેરંગી ઉત્સવ તમારાં દ્વાર ખટખટાવી રહ્યો છે ને તમે યાર ખરા છો ! તમે તો જુઓ, આમ સૂઈ ગયા છો. ઊઠો, દોસ્ત ! ને આ રંગોની બૌછારમાં રંગાઈ જાવ. ગોકુળ-મથુરા-વૃંદાવન અને દ્વારિકામાં ધૂળેટીના મનોરથ પર્વો ઉજવાશે. ઠેર-ઠેર ચોમેર અવનવા રંગોનું સામ્રાજ્ય છવાશે. આપણા જીવનમાં રંગોનું અદ્‌ભુત પ્રભુત્વ છે. અનુભવાયેલા સુખો-દુઃખોમાં પણ રંગોની અનુભૂતિ સમાયેલી છે. આપણા હર્ષ અને શોકના પ્રગટીકરણમાં પણ વિવિધ રંગો આપણને સહાયભૂત થાય છે. જો કે કેલેન્ડરના કાંટે અને ઘડિયાળના ઘૂંઘરૂમાં અથડાતો-કુટાતો માનવ ઘરના બે છેડા ભેગા કરવાની કડાકૂટમાં એવો તો મૂંઝારો અનુભવે છે કે એને પ્રકૃતિના રંગો માણવાની, અરે, એના તરફ જોવાની ફુરસદ એને નથી મળતી ! એવાને મન શું ફાગણ કે શું ધૂળેટીના રંગો ! પરમકૃપાળુ પરમાત્માએ અજબ કળાથી પાથરેલી આ નયનરમ્ય સૃષ્ટિને જોતાં જ આપણા સર્વ દુઃખોનું શમન થઈ જાય છે. પાર્શ્વગાયક મુકેશજીએ ગાયેલું (અને પ્રસિધ્ધ અભિનેતા

જિતેન્દ્ર પર ફિલ્માવાયેલું) આ ગીત ખરેખર ઈશ્વરથી મોટો કોઈ કલાકાર નથી જ એની સાબિતી આપે છે. એ ગીત તમે પણ હજાર વખત સાંભળ્યું જ હશે ! 'હરીભરી વસુંધરા સે નીલા નીલા યે ચમન... જીસકી પાલકી ઉઠા રહા હૈ યે પવન... અપની તો આંખ એક હૈ ઉસકી હજાર હૈ... યે કૌન ચિત્રકાર હૈ, યે કૌન ચિત્રકાર...' તો આમ વાત છે દોસ્તો ! કુદરત જ્યારે વસંતના રંગોની રંગોળી રચે ત્યારે ધૂળેટીના રંગો ધરતી ઉપર લહેરાય છે. ભારતીય કાવ્ય સાહિત્યમાં અને વિશેષતઃ વ્રજભાષાના સાહિત્યમાં ફાગણ અને ધૂળેટીના રંગોનું વર્ણન પૂરબહારમાં ખીલે છે. આપણી માતૃભાષામાં પણ અસંખ્ય ધૂળેટી-હોળીના ગીતો-રચનાઓ મળે છે. હિન્દી-ગુજરાતી ફિલ્મોમાં પણ ધૂળેટીનાં ગીતોએ અનેરી જમાવટ કરી છે.

ગુજરાતી કવિતા ક્ષેત્રની જૂની પેઢીના યાદગાર કવિ જયંત પલાણનું નામ આજની પેઢી માટે કદાચ અજાણ્યું લાગે પણ ગુજરાતી કાવ્ય સંગીતની જૂની પેઢીના સર્વ સ્વરકારો-ગાયકોએ આ કવિનાં ગીતો હોંશે હોંશે ગાયા છે. સંગીતરૂપકોમાં પણ આ કવિનું આગવું ખેડાણ છે. આયુષ્યના ઉંબરે બેઠેલા આ રાજકોટના કવિની ઘણી ય રચનાઓ આકાશવાણી પાસે સચવાયેલી છે. વર્ષો પૂર્વે કવિ જયંત પલાણની કલમે અવતરેલું અને જાણીતા સંગીતકાર-સ્વરકાર ગૌરાંગ વ્યાસ દ્વારા સ્વરાંકિત થયેલું પણ હવે તો કાળની કેડીએ વિસરાઈ ગયેલું આ ગીત ક્યાંય સાંભળવા જ નથી મળતું ! સમૂહસ્વરમાં યુવાનોએ હૃદયના રંગોથી ગાવા જેવું આ ગીત આવો, ધૂળેટીના પર્વના રંગોની સાક્ષીએ, આપણે ય અબીલ-ગુલાલ જેવા થઈને ગાઈએ.

**ઘેરૈયા આવજો હો... ઘેરૈયા આવજો**
**હો રમવાને રંગ હોળી,**
**હો રંગ હોળી રે, રંગ હોળી રે..**
**હોળી હોળી હો... હો... હો...**
**ઊડે અબીલ ગુલાલ રંગો થઈ એક તાલ**
**ઘેરૈયા ઘટડે ઘોળી રંગ હોળી...**
**સંગે રમતા રે કાન, ભૂલે ગોકુળિયું ભાન**
**છલકે આનંદની જોળી રે, રંગ હોળી રે...**





**કોઈ રંગે રે તન કોઈ રંગ રે મન કોઈએ**
**રે જિંદગી ઝબોળી રંગ હોળી રે...**
**હો... રંગ હોળી રે... રંગ હોળી રે, રંગ હોળી રે...**

સ્વરકાર ગૌરાંગ વ્યાસે આ ગીતના સ્વરાંકનમાં શાસ્ત્રીય નૃત્ય માટેનાં સ્થાનો પણ મૂકેલાં છે. પ્રથમ અંતરામાં એ પ્રકારનો તાલ નિબદ્ધ કર્યો છે કે જેથી નૃત્ય સાથે આ ગીત ગાઈ શકાય. ગીતના છેલ્લા અંતરામાં, તાલનો લય ચલતીનો લય કર્યો છે (ફાસ્ટ રીધમ). 'કોઈ રંગ રે તન...' એ પંક્તિ ઝડપથી નૃત્ય કરતાં-કરતાં, રમતાં-રમતાં ગાઈ શકાય એવો ચલતીનો લય આ ગીતને વધુ શ્રવણીય અને નૃત્યમય બનાવે છે. ગુજરાતી સુગમ સંગીત પ્રદેશમાં આવાં તો અસંખ્ય ગીતો ધૂળની નીચે દટાયા છે. ધૂળેટીના રંગોના અન્ય રંગીન ગીતો આજે તમે ય યાદ કરીને, મન મૂકીને ગાજો હોં... !

**અંજલિ :**

**ધૂળ જેવા જીવતરને રંગીન કરે છે ધૂળેટી**
**શિખર નહીં, દોટ મૂકીને આવ હું છું તળેટી**

## જય જય ભોલે બમ બમ ભોલે,
## સુખ કે સારે મારગ ખોલે....

ભારતીય અધ્યાત્મ પરંપરામાં શિવજીનો મહિમા અપરંપાર છે. મહાદેવ-દેવાધિદેવોમાં એક અને અનન્ય છે. શંકર સર્વ સંકટોના હરનાર દેવ છે. મહાદેવજીને ભોળાનાથ કહેવાય છે. અન્ય દેવતાઓને પ્રસન્ન કરવા માટે પણ ભક્તો શિવજીને જ વિનવણી કરે છે એથી જ તો જૂનાગઢના આપણા ભક્તકવિ નરસૈંયાએ પણ મહાદેવને જ પ્રથમ રિઝવ્યા હતાં. ભોળાનાથ થકી જ નાગર નરસિંહ મહેતાને શ્રીકૃષ્ણની રાસલીલાનાં દિવ્યદર્શન પ્રાપ્ત થયાં હતાં. શ્રાવણ માસ શિવજીની ભક્તિ માટેનો પવિત્ર માસ છે. જો કે શિવજીનાં ગુણગાન તો પળે પળ આત્મસાત્ કરવાના હોય છે. જે સતત શિવજીનું સ્મરણ કરે છે તેને ભોળિયા દેવ સહાય કરે જ છે. સવાલ આપણી અંદર રહેલી દિવ્ય શ્રદ્ધાનો છે. ભારતીય સંગીતમાં પણ આપણા આ મહાદેવનો ગુણમહિમા આર્તસ્વરે ગવાયો છે. શંકર ભગવાન સાથે પણ ગીત-સંગીત-નૃત્ય જોડાયેલું છે જ ! લંકાધિપતિ રાવણે પણ શંકરની દિવ્ય ઉપાસના કરીને, તાંડવનૃત્યનાં અર્ઘ્ય દ્વારા મહાદેવને મનાવ્યા હતા અને એની કૃપા પ્રાપ્ત કરી હતી.

ગુજરાતી કાવ્યસંગીત અને હિન્દી ભક્તિસંગીતમાં પણ ભાવવાહી પદોમાં મહાદેવનો મહિમા મુક્ત કંઠે ગવાયો છે. ભારતીય શાસ્ત્રીય સંગીતના ઘણાય સમર્થ ગાયકોએ પોતાની ભાવવાહી સ્વર સાધનામાં શંકર-પાર્વતીજીની મંગલમય આરાધના કરી છે. શિવ ઉપાસકો માટે મહાશિવરાત્રિનું પર્વ અનેરી ભક્તિભાવની અનુભૂતિ કરનારું પર્વ છે. આવતીકાલે આ મહાશિવરાત્રિના મહાપર્વ નિમિત્તે





જૂનાગઢના ગરવા ગિરનારની ગોદમાં લાખો શિવભક્તો ભક્તિભાવપૂર્વક ઊમટીને ધન્ય થશે. ભારતીય અને ગુજરાતી સાહિત્યમાં ભક્તિ સાહિત્યનો મોટો મહિમા છે. અસંખ્ય સર્જકો યુગોથી ભારતીય અધ્યાત્મક્ષેત્રમાં પોતાનું અમૂલ્ય પ્રદાન કરતા રહ્યા છે. સંગીતમાં એ દિવ્ય શક્તિ સમાયેલી છે, એટલે જ કોઈએ યથાર્થ જ કહ્યું છે કે 'સ્વર દ્વારા ઈશ્વર સુધી પહોંચવું સરળ છે' પરમકૃપાળુ પરમાત્મા મહાદેવજીના આ પાવનકારી-મંગલમય મહાશિવરાત્રિ પર્વ અવસરે, ભારતીય ભક્તિ સંગીત ક્ષેત્રના સમર્થ ગાયક બંધુઓ શર્મા બંધુના નામથી ભાગ્યે જ કોઈ સંગીતપ્રેમી અજાણ હશે !

'પરિણય' ફિલ્મનું પેલું સુ-પ્રસિદ્ધ પદ 'જૈસે સૂરજ કી ગરમી સે જલતે હુએ તનકો મિલ જાયે તરુવર કી છાયા, ઐસા હી સુખ મેરે મનકો મિલા હૈ મૈં જબ સે શરન તેરી આયા મેરે રામ'થી સમગ્ર ભારતીય પ્રજાના હૈયામાં શર્મા બંધુઓએ સ્થાન પ્રાપ્ત કર્યું છે, એ શર્માબંધુઓએ ગાયેલાં પદ, ભજન, સ્તુતિઓ આપણે ત્યાં ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. થોડાંક વરસો પૂર્વે વારાણસી (કાશી) જવાનું બનેલું ત્યારે ત્યાંની મ્યુઝિક શોપમાંથી તે વખતે આ લખનારને શર્માબંધુઓના સ્વરમાં ત્રણ ઓડિયો કેસેટસ્ મળેલી તે આજે પણ અદકેરા જતનથી જાળવી છે.

આવો, આજે 'મધુવન'ના આ મનમંદિરમાં મહાશિવરાત્રિના અવસરે, શર્માબંધુના સ્વરમાં ગવાયેલી એ દિવ્ય સ્વરકૃતિ ગાઈએ અને દેવાધિદેવ મહાદેવનું સ્વરસ્મરણ કરીને પાવન થઈએ :

**ભોલે કે પ્યારે દરબાર મેં કીયે જા દીન પુકાર રે**
**શિવજી કે ચરનોં કે ધ્યાન સે**
**હો જાયેગા ભવપાર રે.**
**જય જય ભોલે બમ બમ ભોલે**
**સુખ કે સારે મારગ ખોલે,**
**બંધ પુષ્પ સે ગોરે ગોરે તન પે ભસ્મ લગાયે રમાયે**
**બઘંબર પહેને હૈં, માથે ચંદા તિલક સજાયે**

પ્યારી છબી મન સે કભી એક પલ દૂર ન જાયે
નિત નવ પ્રીતિભાવસે, કીયે જા તું મનુહાર રે
શિવજી કે ચરનોં કે ધ્યાન સે, હો જાયેગા ભવપાર રે...
જય જય ભોલે બમ બમ ભોલે
ટીમક ટીમક ટીમ બજા રહેતા,
ડમરુ શિવ શંકર કી નામ સદા કરતા રહેતા હૈ
ભવબંધન કે ડર કર સુખ પાયે
જો ગાયે નામ કૃપાલુ હર કા
ભૂલે સે ભી નહીં ભૂલના, ભોલે પ્રભુ કા દ્વાર રે
શિવજી કે ચરનોં કે પ્યારસે,
હો જાયેગા ભવપાર રે...
જય જય ભોલે બમ બમ ભોલે
રૂપ અનોખા, ચરિત અનોખે
શંકરજી અલબેલે વિષ પીકર મુસ્કાતે,
સર્પો કે ભૂષન સે ખેલે ત્રિપુરારિ
સુખહારી સુખ દુઃખ સબ વો જેલે
વિશ્વવંદ્ય મહાદેવ કી, કીયે જા,
જય જય કાર રે
શિવજી કે ચરનોં કે ધ્યાન સે
હો જાયેગા ભવપાર રે
જય જય ભોલે બમ બમ ભોલે
તુમ રામ દરશ મારગ ખોલે

શર્માબંધુની આ દિવ્ય સ્વરવાણી હવે તો આકાશવાણી કે ટી.વી. કે ચેનલોમાં પણ સાંભળવા-માણવા નથી મળતી !!!





## ખટઘડીની હાજરીમાં વીજળી ચમકી પડે તો...

'દર્દ'ના ઉપનામથી લખતા કવિ શિવજી રૂખડા (બગસરા મેઘાણીજીનું)ની ધરતી ઉપર બેસીને સાહિત્યિક કર્મ કર્યા કરે છે. એ ભલે લખે છે ઓછું પણ જે લખે છે તે ઐશ્વર્યમય અને અદકેરું હોય છે. બગસરા જેવડા, કાઠિયાવાડના આ સાવ છેવાડેના નાનકડા ગામમાં બેઠાં-બેઠાં પણ એ સાહિત્યિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ધબકતી રાખે છે, અને સૌથી મહત્ત્વની વાત એ કે મેઘાણીભાઈની સ્મૃતિઓને, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના શબ્દવારસાને આજની પેઢીમાં જીવંત રાખવા માટે શિવજી રૂખડા અને તેના અન્ય સાથી મિત્રો નાનકડા નગરમાં એની રીતે સતત મથામણ કર્યા કરે છે.

હમણાં જ પરિષદના જ્ઞાનસત્ર (કીમ) નિમિત્તે આ સર્જકને હરુભરુ થવાનું થયું. ખૂબ ગમ્યું. શિવજીભાઈના નામથી તો હું પરિચિત હતો પણ હમણાં ઘણા સમયથી એમની કૃતિઓ ક્યાંય પ્રગટ નહોતી થતી એટલે થયું કે કદાચ કવિ હવે થાક્યા હોય ! પણ જ્ઞાનસત્ર દરમિયાનની અંગત બેઠકો વખતે આ સર્જક પાસેથી કેટલીક રચનાઓ માણવા મળી અને દિલ તરબતર થઈ ગયું ! એમાંય અહીં જે ગઝલનું તમને શબ્દ-સ્વરભાવન થવાનું છે તે રચના, કવિના સ્વમુખે સાંભળતાં એ જ ક્ષણે મને આ ગઝલનું સ્વરગાન સ્ફુરી આવ્યું અને પછી તો જ્ઞાનસત્રમાંથી પરત આવ્યા પછીય આ રચનાનું ભાવસંવેદન-સ્વરસંવેદન હૈયામાં અવરિત ઝિલાતું જ રહ્યું ! જો કે હું માન્ય સ્વરકાર નથી જ. પરંતુ ક્યારેક, ક્યાંક કોઈ રચના એટલી બધી સ્પર્શી જાય છે કે એના ભાવવિશ્વમાંથી જ મને એ રચનાનો ગાંડોઘેલો - સરળ ઢાળ મળી જાય ત્યારે એને ક્યાંય સુધી ગણગણ્યા કરું અને કાળક્રમે પછીએ

ઢાળ મનમાંથી ભુંસાઈ પણ જાય ! જો કે કેટલીક કવિતાઓનું શબ્દ અને સ્વરસૌંદર્ય એની અંદર જ પડેલું હોય છે. આપણે તો એને ખોલવાનું હોય છે. એ જૂની કે નવી કવિતાઓ વાંચતાં જ મનની અંદર એનું ગાન-ગેયતા પ્રગટી જાય છે ! પછી એને વાંચવાની, લખવાની, યાદ રાખવાની, પઠન કરવાની આવશ્યકતા જ નથી રહેતી. એ તરત ગવાવા જ લાગે. આપણા કંઠમાંથી એ કાવ્ય ગેય બનીને જ અન્ય લોકોના કાન-હૃદય સુધી એ પહોંચે છે. કવિ નરસિંહ, પાનબાઈ, ભગવાન ઈસુ વગેરે અને અન્ય કાવ્યો-કવિઓના સંદર્ભો-પ્રતીકો-કલ્પનોને સંવેદનાત્મતક રીતે તાકતી કવિ શિવજી રૂખડા 'દર્દ'ની આ ગઝલ, તમે તમારા ગેય સામર્થ્ય મુજબ ગાવાનો પ્રયત્ન કરશો તો તમે પણ ખૂબ આસાનીથી-ભાવપૂર્ણ રીતે ગાઈ શકશો. ગાશોને ? તો આવો, લ્યો, થઈ જાઓ તૈયાર. ગળું ખંખેરો તો તમારાય કંઠમાં કોળશે આ ગઝલ :

**ફક્ત કફની સાંધવી છે સાંઈ અમને સોય આપો,**
**ભાત એમાં ટાંકવી છે સાંઈ અમને સોય આપો**
**પાંચ બખિયા સાથ ઈચ્છા સીવતા સીવાઈ ગઈ છે,**
**જાત નોખી પાડવી છે સાંઈ અમને સોય આપો**
**ડર સતત અમને સતાવે છે કપાસી થઈ જવાનો,**
**ફાંસ પગની કાઢવી છે સાંઈ અમને સોય આપો**
**કોઈ છીણી કે હથોડી કામ ના આવી લગીરે !**
**એક ક્ષણને ભાંગવી છે સાંઈ અમને સોય આપો**
**ખટઘડીની હાજરીમાં વીજળી ચમકી પડે તો,**
**સોય પ્રોવી રાખવી છે સાંઈ અમને સોય આપો**
**ભીંત ખીલાથી સવાયા આખરી એંધાણ દેજો,**
**ત્યાં સમજને ટાંગવી છે સાંઈ અમને સોય આપો**

સાહિત્યિક કૃતિઓમાં વિવેચક-વિદ્વાનોને જેમ એનાં રહસ્યો-મર્મો દેખાય-અનુભવાય એમ સંગીતના ભાવકોને, ખાસ કરીને ગુજરાતી કાવ્યસંગીતના ભાવકો-સ્વરકારો-ગાયકોને જે તે કૃતિમાં રહેલી ગેયતા અનુભવાય જ અને તરત એના મનમાં, કંઠમાં એનો લય પ્રગટે છે અને સ્વરલિપિઓના રસ્તે એ સ્વરાંકન





ઝૂમી ઉઠે છે. કોઈ પણ સહૃદયી ભાવકને પણ આ અનુભવ સહજ સાધ્ય છે. ભલેને સંગીતની શાસ્ત્રીય સમજ હોય કે ન હોય ! શું ફરક પડે છે ? અરે, કોયલ, મોર કે અપરિચિત પંખીઓનું ગાન ક્યાં કોઈ શાસ્ત્રીય સંગીતના શાસ્ત્ર-નિયમો-મુજબ છે ? એ જેમ એની મોજ મસ્તીથી સહજ-આયાસ વગર-ગાઈ ઊઠે છે એમ આપણે પણ આપણી જ મોજમસ્તીમાં ડૂબીને બસ, ગાઈ લેવાનું, નાચી લેવાનું ! દુનિયા કી ઐસી તૈસી ! ઠીક કહા ના ? તો એમ જ તમે પણ આજે કવિ શિવજી રૂખડાની આ ગઝલ, તમારી મૌજ મુજબ ગાશોને ? આ આપણો અલગ અને આગવો, સાવ જ આગવો 'મોજ સંપ્રદાય છે' !

## યાદ તારી પૂરતી છે બાળવા મને,
## અગ્નિના રૂપમાં મને શ્રાવણ ન મોકલાવ !

"હર્ષ બ્રહ્મભટ્ટની રચનાઓમાં ગઝલ, ગીત અને અછાંદસ રચનાઓ છે. તેમાંથી મને વિશેષ રસ પડ્યો તેમની ગઝલોમાં પરંપરાથી ફંટાઈને ગુજરાતી ગઝલ જે માર્ગે વળી, ચાલી, થાકીને હાંફી રહી છે તે માર્ગના હર્ષ બ્રહ્મભટ્ટ પ્રવાસી છે એટલે આજની ગઝલોમાં બહુધા વપરાતાં પ્રતીકો, ભાવ અને ભાષાના નિશ્ચિત ખંડો (પંચકલ કે સપ્તકલ સંધિમાં) તે તેમની ગઝલોમાં પણ અવારનવાર પ્રયોજાય છે."

આવું નિવેદન જાણીતા ગઝલકાર મનોજ ખંડેરિયા, હર્ષ બ્રહ્મભટ્ટની કવિતા વિશે કરે છે ત્યારે હર્ષજીની રચનાઓનું શબ્દવિશ્વ સમજાય છે. વ્યવસાયે ગુજરાત સરકારના સર્વોચ્ચ અધિકારી તરીકે કાર્યરત પણ સંવેદનાના રાજમાર્ગ પરના શબ્દાધિકારી-અસરકારક કવિ હર્ષ બ્રહ્મભટ્ટ આપણી આજ અને આવતીકાલના કવિ છે. મળવા જેવા અને માણવા જેવા માણસ તરીકે હર્ષભાઈનું સ્નેહવર્તુળ વ્યાપક છે. આ કવિની ઘણી કવિતાઓ ગુજરાતના સમર્થ સ્વરકારોએ સ્વરાંકિત કરી છે અને ધુરંધર ગાયકોએ એની રચનાઓને હૃદયપૂર્વક સ્વર આપ્યો છે. નૈનેશ જાની, પાર્થિવ ગોહિલ, શ્યામલ-સૌમિલ મુનશી, આશિત-હેમા-આલાપ દેસાઈ, પુરુષોત્તમ-વિરાજ-બીજલ ઉપાધ્યાય, ગૌરાંગ વ્યાસ, ભૂપિન્દરસિંઘ, સાધના સરગમ વગેરે જેવા ગુજરાતી કાવ્ય સંગીતમર્મજ્ઞોએ કવિ હર્ષ બ્રહ્મભટ્ટનાં ગીતો-ગઝલોને મુક્ત કંઠે સ્વર ન્યાય આપ્યો છે. આ કવિની ગવાતી કવિતાના ભાવવિશ્વ વિશે જાણીતા કવિ-ઉદ્ઘોષક અંકિત ત્રિવેદી સરસ વાત કરે છે 'હર્ષ બ્રહ્મભટ્ટ એકાંતનો ઓચ્છવ કરનારા કવિ છે. આ ઓચ્છવને કવિતાના શબ્દોમાં આનંદે છે. એમના શબ્દમાં પંખીની હળવાશ છે એટલે એમના અર્થમાં પણ નરમાશ છે. એમને વાત





વિષાદની કહેવી છે, પણ વહાલથી... એમની કવિતા સંબંધની આરપાર જોઈ શકે છે.. રાખમાંથી બેઠી થઈ શકે છે... ઊભાઊભ આખી નદી પીવે છે, પણ દશ્યો જોવાની તરસ આંસુને અજવાળે છે... શબ્દમાંથી ગુમાઈ રહેલા અર્થોની એમને ચિંતા છે... સ્મરણના કોડિયામાં અખંડ વિશ્વાસની જ્યોત છલકે છે... એમના શબ્દના પોતમાં એમનો કબીર જીવે છે...'

જાણીતા સ્વરકાર-ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાય દ્વારા આ કવિની એક દર્દીલી ગઝલ સ્વરાંકિત થઈ છે અને એમના જ ઘેઘૂર-દર્દીલા સ્વરમાં એ ગઝલ પ્રસ્તુત પણ થઈ છે, થતી રહે છે. પુરુષોત્તમભાઈ જેવા સમર્થ સ્વરકાર જ્યારે કોઈ રચનાના આંતર વિશ્વમાં પ્રવેશે ત્યારે જે તે કૃતિનું સંવેદન સોળે કળાએ ખીલી ઊઠે છે. એમાંય દર્દસભર રચનાઓના સ્વરાંકનમાં તો પુરુષોત્તમભાઈના સ્વરાંકનો અજોડ છે. કવિ હર્ષ બ્રહ્મભટ્ટની આ ગઝલ, કવિતાના સંદર્ભે પણ અને સ્વરાંકનના સંદર્ભે પણ શ્રેષ્ઠ છે, કાબિલે દાદ છે. સાંભળો :

**મોકલી જો તું શકે, તો મરણ મોકલાવ,**
**મહેરબાની કર હવે, સ્મરણ ન મોકલાવ.**
**મોકલી જો તું શકે, બારસાખ મોકલાવ,**
**ઝાંઝવાનાં જળ સમા તોરણ ન મોકલાવ.**
**આવવું જો હોય તારે, આવ રૂબરૂ,**
**મહેરબાની કર હવે, કારણ ન મોકલાવ.**
**કે મને ડંખ્યા કરે તારો વિરહ સતત,**
**વાંઝણી આ ઈચ્છાની નાગણ ન મોકલાવ.**
**જિંદગીભર હું ચલાવી લઈશ જળ વિના,**
**મુજ તરસને કાજ તું આ રણ ન મોકલાવ.**
**યાદ તારી પૂરતી છે બાળવા મને,**
**અગ્નિના રૂપમાં મને શ્રાવણ ન મોકલાવ.**

ગઝલમાં પ્રગટતું દર્દ, સ્વરાંકનમાં પણ તારસ્વરે દૃઢિત સ્વરે પ્રગટ થાય છે. સ્મરણની તીવ્રતા પણ કેટલી દાહક હશે કે એને બદલે માણસ મરણ ઝંખે છે કે જેથી આ સ્મરણની લહાયમાંથી કાયમી છૂટકારો મળી જાય ! પાણી વગર આખુંય

જીવતર પસાર કરી જવા કવિ તૈયાર છે પણ આ વિરહનું રણ કવિને કબૂલ નથી. ગઝલના અંતઃસ્તત્ત્વને પામવા મથતું આ સ્વરાંકન આપણને ગઝલના તમામ મર્મોને ખોલી આપવા માટે સમર્થ છે. નીરવ અંધારી રાત્રે, નિર્જન-અડાબીડ એકાંતમાં કોઈનું જીવલેણ સ્મરણ આવી ગઝલોના સ્વરિલ દર્દોમાં ડૂબવા પૂરતું છે. હર્ષ બ્રહ્મભટ્ટ પાસેથી આપણને આવી વિરહી ગઝલો અને વિરહી ગીતો મળતાં રહે છે. કવિશ્રી રમેશ પારેખ આ કવિની કવિતાના પોંખણાં કરતાં નોંધે છે કે 'સાંપ્રત કાવ્ય સાહિત્યમાં, કલમોના કુટુંબ નિયોજનના અભાવે, રચનાઓની વસતીમાં અભૂતપૂર્વ વધારો થયો છે. પણ આ અવતરિત માયકાંગલી રચનાઓ રુગ્ણ અને અલ્પજીવી હોય છે, તેવી પ્રતીતિ સરેરાશ વાચકોથી માંડી વિવેચકો સુધીના સૌને થયા કરે છે. મોટા ભાગની આવી પ્રયોગજનિત રચનાઓ કાચી, ઉચ્છૃંખલ, કાવ્યભાસી, પ્રતિભાના પોષણથી પિડાતી હોય છે. પરિણામે સાહિત્યને પ્રદૂષિત કરતી હોય છે તેવે વખતે એકાદ બલિષ્ઠ રચનાય આનંદપ્રદ બની રહે. શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ આવી સરસ રચનાઓ લઈ આવ્યા છે.'

ગુજરાતી કાવ્યગિરાના મર્મી મનોજ ખંડેરિયા, રમેશ પારેખ અને અન્ય કવિ-વિવેચકો-ભાવકોથી પોંખાયેલી આ કવિની કવિતાએ કાવ્યરસિકોનું ધ્યાન ખેંચ્યું છે, તો ગુજરાતી કાવ્ય સંગીતના સ્વરકારોએ અને ગાયકોએ એને સ્વરદેહ-કંઠદેહ આપીને સ્વરમય કીધી છે એ જ આ કવિની કવિતાઓનું હૃદયંગમ સ્થાન છે.

**અંજલિ :**

**કોણ અમને યાદ કરશે શી ખબર ?**
**મંઝિલ હશે ક્યાં નથી કોઈ ખબર !**
**જળ હશે કે વમળ, તારી મૂંઝવણ !**
**તારું ગીત કરે મને કેવી અસર ?**





## પહેલા પહેલા જુગમાં રાણી, તું હતી પોપટી ને, અમે રે પોપટ રાજા રામના...

ભારતીય હિન્દી ફિલ્મ જગતમાં ગ્રેટ શો મેન તરીકે રાજકપૂર સાહેબનું નામ જેમ સુવર્ણ અક્ષરે અંકિત છે એ જ રીતે, એની સમાંતરે ભારતીય હિન્દી ફિલ્મસંગીત જગતમાં મહેન્દ્ર કપૂરજીનું નામ સુવર્ણ અક્ષરે આલેખિત છે. ફિલ્મ સંગીતક્ષેત્રની ત્રિપુટીને આપણે ક્યારેય, કદાપિ, હરગિઝ નહીં જ ભૂલી શકીએ! મન્ના દા (ડે) સાહેબ, રફી સાહેબ અને મહેન્દ્ર કપૂર આ ત્રણેય સમર્થ સ્વરના માલિકો એ ભારતીય પ્રજાના હૈયામાં પોતાના સ્વરનાં અજબ કામણ પાથર્યાં છે. એમાંય મહેન્દ્ર કપૂર તો આપણને 'આપણા' જ લાગે છે કેમ કે એમણે ગુજરાતી ફિલ્મ સંગીતમાં એટલા બધા અમર ગીતો આપ્યાં છે કે આપણે ક્યારેય એના સ્વરઋણમાંથી મુક્ત નહીં થઈ શકીએ ! મન્ના ડે અને રફી સાહેબ પછી સ-શક્ત સ્વર અને તાર સપ્તકની ય ઉપરના સૂરમાં સહેલાઈથી ગાનારા મહેન્દ્ર કપૂરે ગાયેલાં અસંખ્ય ગીતો હવે માત્ર આપણી સ્મરણહૂંડી છે. ભારતીય ભક્તિ સંગીત પરંપરામાં પણ આ ગાયકે ઘણી ઉત્તમ ભક્તિ રચનાઓને સ્વર આપ્યો છે. મહેન્દ્ર કપૂરે ગાયેલા 'હનુમાન ચાલીસા'માં આપણને તેમના ભક્તિભાવભર્યા ભાવ સંવેદનક્ષમ સ્વરનો અનુભવ થયા વગર રહેતો નથી જ. સફળ ફિલ્મો હમરાઝ, નિકાહ, પૂરબ ઓર પશ્ચિમ, ઉપકાર અને ઘણી ફિલ્મોની સફળતામાં મહેન્દ્ર કપૂરે ગાયેલાં ગીતોએ અગ્રભૂમિકા ભજવી છે. દેશભક્તિગીતોમાં તો આજે પણ એમણે ગાયેલાં ગીતો જ મોખરે છે.

૧૯૭૩ની એક સુપરહીટ ગુજરાતી ફિલ્મ 'રાજા ભરથરી' (કીર્તિ કલા મંદિર, મુંબઈ પ્રસ્તુત, ટી. જે. પટેલ નિર્મિત અને રવીન્દ્ર દવે દિગ્દર્શિત) ફિલ્મનું સંગીત અવિનાશ વ્યાસે તૈયાર કર્યું હતું. જેના ગીતો એ સમયે ગલીએ-ગલીએ ગુંજતા હતાં. મારા માદરે વતન ઉપલેટામાં, ફળિયામાં બાજુમાં જ રહેતા મારા અદા (મોટા બાપુજી) પૂ. રેવાશંકરભાઈ જોશીના ઘરમાં એ સમયે રેકર્ડ પ્લેયર (તાવડી વાજુ) હતું તેમાં મારા

મોટાભાઈ 'જીકાભાઈ' (મહેશ જોશી - અદાના દીકરા) દરરોજ 'રાજા ભરથરી'ની રેકર્ડ વગાડતા, એનું સ્મરણ આજેય મારા મનમંદિરમાં હજુય ગૂંજે છે. અબ વો પુરાને-સુહાને દિન બીત ચૂકે... 'રાજા ભરથરી' ફિલ્મમાં ઘણાં ગીતો હતાં. એમાંથી બે ગીતો આજે પણ જૂની પેઢીના લોકોની સ્મૃતિમાં અકબંધ છે. અરે, અમેરિકા અને આફ્રિકામાં વસતા ગુજરાતીઓ પણ 'રાજા ભરથરી'નાં, મહેન્દ્ર કપૂરે ગાયેલાં એક સુપરહીટ પરંપરિત ગીતની ફર્માઈશ અચૂક કરે જ છે. મહેન્દ્ર કપૂરે આ ગીતમાં જે દર્દ ઠાલવ્યું તે આપણી આંખમાંથી અશ્રુ વહાવે એટલું સક્ષમ છે. એમાંય ગીતની વચ્ચે આ ગાયકે તારસ્વરે જે આલાપ ગાયો છે તે આ લખતી વેળા મારી છાતીમાં આ ક્ષણે પડઘાય છે અને મારો હાથ આ લેખ લખે છે પણ મારું મન તો સાથે સાથે આ ગીત ગાઈ રહ્યું છે. મહેન્દ્ર કપૂરજીને ભાવ સ્મરણઅંજલિરૂપે આપણે સૌ આ અભેરાઈ ઉપર મુકાઈ ગયેલું ગીત ગાઈએ અને આપણા મહાન ગાયકને એ નિમિત્તે યાદ કરીએ. આજની પેઢીએ અને આજના ગાયકોએ આવાં ગીતો પાસે જવું જોઈએ. ગાતાં પહેલાં ખૂબ-ખૂબ-ખૂબ સાંભળવું જોઈએ ! 'રાજા ભરથરી' ફિલ્મના એ બે સફળ ગીતો એટલે (૧) ભિક્ષા દેને મૈયા પિંગળા, જોગી ઊભો છે તારે દ્વાર (મહેન્દ્રકપૂર-સુમન કલ્યાણપુર) અને (૨) પહેલાં પહેલાં જુગમાં રાણી તું હતી પોપટીને...

આજે 'આચમન'ના આંગણે મહેન્દ્ર કપૂરજીને આપણા સૌની હૃદયાંજલિ અર્પીએ, આ ગીતથી...

**પહેલા પહેલા જુગમાં રાણી, તું હતી પોપટી ને,**
**અમે રે પોપટ રાજા રામના.. (હોજીરે...)**
**ઓતરા તે ખંડમાં આંબલો પાક્યો ત્યારે,**
**સૂડલે મારેલ મુને ચાંચ રાણી પિંગળા,**
**હેએએ.. ઈરે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,**
**તોય ન હાલી મારી સાથ, રાણી પિંગળા**
**દનડા સંભારો ખમ્મા,**
**પૂરવ જનમના સહેવાસના. હેએએ.....**
**બીજા બીજા જુગમાં રાણી,**
**તું હતી મૃગલી ને અમે રે મૃગેશ્વર રાજા રામના, (હોજીરે...)**
**વનરા તે વનમાં પારધીએ ફાંસલો બાંધ્યો,**
**પડતા છાંડ્યા મેં મારા પ્રાણ,**





**રાણી પિંગળા હેએએ.. ઈરે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,**
**તોયે ન હાલી મોરી સાથ, રાણી પિંગળા... (દનડા...)**
**હેએએ... ત્રીજા ત્રીજા જુગમાં રાણી,**
**તું હતી બ્રાહ્મણી ને અમે રે તપેશ્વર રાજા રામના (હોજીરે...)**
**કંડલિક વનમાં ફૂલ વીણવા ગ્યા'તા ત્યારે,**
**ડસિયેલ કાળુડો નાગ રાણી પિંગળા**
**હેએએ... ઈરે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,**
**તોયે ન હાલી મોરી સાથ, રાણી પિંગળા... (દનડા...)**
**હેએએ... ચોથા ચોથા જુગમાં રાણી,**
**તું હતી પિંગળા ને અમે રે ભરથરી રાજા રામના,**
**હે... ચાર ચાર યુગમાં તારો વાસ હતો ને,**
**તોયે ન હાલી મારી સાથ, રાણી પિંગળા... (દનડા...)**

મહેન્દ્ર કપૂરે 'રાજા ભરથરી' ફિલ્મમાં જે રીતે આ ગીત ગાયું છે એ ગાનપાઠ મુજબ અહીં ગીત લખ્યું છે. પરંપરિત-મૂળગીતમાં કદાચ શબ્દ ફેરફાર હોય, પણ અવિનાશ વ્યાસે આ ગીત મહેન્દ્ર કપૂર પાસે ખૂબજ ભાવવાહી સ્વરમાં ગવડાવીને, ગીતની અમરતામાં વધારો કર્યો છે. ગીતમાં અવિનાશભાઈએ શહેનાઈ, સિતાર, વાંસળી, મંજીરાં, તબલાં અને કી-બોર્ડ-વાઈબ્રોનોએ સમયે કરેલો ઉપયોગ કાબિલે દાદ છે. એમાં ય ગીતના ફીલર મ્યુઝીક તરીકે જ્યાં જ્યાં શરણાઈના કરુણતમ સ્વરો વાગે છે તે આ આખાય ગીતને વધુ કરુણ બનાવે છે. મહેન્દ્રકપૂર પૂર્વે અન્ય આપણા ઘણા લોકસંગીતના ધુરંધર ગાયકોએ, ભજનિકોએ આ લોકગીત ગાયું જ હશે પણ મારા મન-હૃદયમાં મહેન્દ્ર કપૂરના સ્વરમાં ગવાયેલું ગીત દઢ થયેલું છે અને હું પણ એ જ ઢાળમાં ક્યારેક ક્યારેક ગાઉં છું. (અભિનય સમ્રાટ) ઉપેન્દ્ર ત્રિવેદી ઉપર ફિલ્માવાયેલું (પિક્ચરાઈઝેશન) આ ગીત, ગુજરાતી ફિલ્મનું છે અને મહેન્દ્ર કપૂરે ગાયેલું છે તે એ આપણી ભાષાની-આપણા સંગીતની મોંઘી મૂડી છે. મહેન્દ્ર કપૂરના સ્વરને, તેમના આત્માને શત શત વંદન...

**અંજલિ :**
**દિલ કી યે આરઝૂ થી કોઈ દિલરૂબા મિલે**
**લો બન ગયા નસીબ કે તુમ હમસે આ મિલે**
**('નિકાહ' ફિલ્મમાં સલમા આગા સાથે મહેન્દ્ર કપૂરે ગાયેલું ગીત)**

# આંસુઓની પાછળ જઈને, ક્યારેક હું છુપાતો હું તો ગીતો ગાતો

આ કાવ્ય સંગીતની શબ્દિલ-સુરિલ યાત્રામાં આપણે ઘણી વખત એવા ય સ્વરાંકનોને સ્પર્શ કર્યો છે જેમાં કાવ્ય સામાન્ય હોય પણ સ્વરકાર દ્વારા એને સ્વરોનો સ્પર્શ મળે છે ત્યારે એ અ-સામાન્ય બની જાય છે. તો ઘણી વખત એવું ય અનુભવાયું છે કે કાવ્ય ઉત્તમ હોય, અ-સામાન્ય હોય પણ એનું સ્વરાંકન 'હૃદયસ્પર્શી' ન હોય, ખરા અર્થમાં 'સુગમ' ન હોય ! ત્યારે એવી સ્વરરચનાઓ લોકભોગ્ય નથી બનતી અને કાળની થપાટે એ સ્વરકૃતિઓ વિસરાઈ જાય છે. જેમ કાવ્યસર્જન સહજ-સ્વયંસ્ફુરિત અને ઈશ્વરદત્ત ઘટના છે એમ જ સ્વરાંકનસર્જન પણ ઈશ્વરદત્ત અણમોલ વરદાન છે. ઘણી વખત વિચાર આવે છે કે સંગીત, નૃત્ય, તાલ, લય, લોકઢાળ આ બધું હોત નહીં તો ? શું થાત ? બીજું તો શું થાય ? આપણામાં અને પશુ-પ્રાણીમાં કોઈ ફરક જ ન હોત ! ખરુંને ? સંસ્કૃતનું પે'લું જાણીતુ સુભાષીત એમ જ કહે છે ને કે 'કલા વગરનો માનવી સાક્ષાત પશુ સમાન (જ) છે'. કલાતત્ત્વના સથવારે માનવી પોતાના સુખ-દુઃખને આત્મસાત્ કરી શકે છે.

ગુજરાતીકાવ્ય અને ગુજરાતી સુગમસંગીત ક્ષેત્રમાં સર્જક સુરેશ દલાલનું નામ પ્રસિદ્ધ છે. ભાગ્યે જ કોઈ સ્વરકાર કે સુગમ ગાયક એવો હશે જેમણે આ કવિને ગાયો ન હોય ! જો કે જથ્થાબંધ સર્જનોની સતતતામાં ક્યારેક આ સર્જક પાસેથી સાવ સામાન્ય કાવ્યો મળે છે. કેટલાક સ્વરકારો એ સામાન્ય કૃતિઓને સ્વરચમત્કૃતિ દ્વારા અ-સામાન્ય બનાવીને આપણી સમક્ષ પ્રસ્તુત કરે છે. જો કે સુરેશ દલાલની જૂની અસંખ્ય રચનાઓ-ઉત્તમ-સર્વોત્તમ કૃતિઓ આજે ય ગવાતી રહે છે. ભૂપેન્દ્રના ઘેઘૂર સ્વરમાં ગવાયેલું એ ગીત 'લાવ, નદીના તટ પર તારું





નામ લખી દઉં !' કે પછી 'લીલ લપાઈ બેઠી જળને તળિયે, સૂર્યકિરણને એમ થયું કે લાવ જઈને મળીએ !' જેવી સ્વરકૃતિઓ કયો સુગમ ભાવક ભૂલી શકશે? કવિતા-સંપાદન વગેરે ક્ષેત્રોમાં આ સર્જક પ્રયોગશીલ છે તેમ ગુજરાતી કાવ્ય સંગીત ક્ષેત્રની પ્રવૃત્તિઓને ભિન્ન-ભિન્ન આયામો દ્વારા જીવંત રાખવા માટે પણ આ સર્જક પ્રયત્નરત છે. થોડા સમય પહેલાં એમણે શ્રીનાથજીનાં આધુનિક પદો લખ્યાં અને આસિત દેસાઈ, લતા મંગેશકર, જગજીતસિંઘ જેવા સમર્થ ગાયકો પાસે એ ગવડાવ્યાં. (સંદર્ભ : 'જય જય શ્રીનાથજી' ઓડીયો કેસેટ-સીડી)

ગુજરાતી કાવ્ય સંગીતમાં સ્વરકાર-ગાયક નૈનેશ જાનીનું નામ અત્યંત આદરપાત્ર છે, જાણીતું છે. કાવ્યભાવના સંવેદનને સ્વરોના માધ્યમથી અર્થપૂર્ણ રીતે પ્રસ્તુત કરવામાં આ સ્વરકાર માહેર છે. નૈનેશના સ્વરાંકનો આપણી ગુજરાતી કવિતાની મોંઘેરી મિરાત છે. એ તો જેણે જેણે એની સ્વરરચનાઓ સાંભળી છે કે ગાઈ છે તે સૌ સારી પેઠે આ વાત જાણે જ છે. નૈનેશ જાનીનું, સુરેશ દલાલ લિખિત એક સામાન્ય ગીત જે બહુ ઓછા ભાવકો સુધી પ્હોંચ્યું હશે તે ક્યાંક આડે કાને મુકાઈ ગયું છે અથવા કાળની થપાટે ક્યાંક ખોવાઈ ગયું છે. એ ગીત ભલે સાવ સામાન્ય છે પણ એનું સ્વરાંકન (ઢાળ) માણવા જેવું છે. એ ગીત આ મુજબ છે :

**દરિયા સાથે દોસ્તી મારી નદીઓ સાથે નાતો,**
**છલાંગ મારતા ઝરણા સાથે હું તો ગીતો ગાતો!**
**લીલાછમ વૃક્ષો વ્હાલા પહાડો મારા ભેરુ !**
**વ્હાલું મને લાગે કેવું નાનું અમથું દેરું !**
**આંસુઓની પાછળ જઈને, ક્યારેક હું છુપાતો,**
**હું તો ગીતો ગાતો !**
**ફૂલને ઝાકળ, દળ વાદળ ને હર્યું ભર્યું**
**આ ઘાસ મારો સૌની સાથે કેવો સહજ મળે છે પ્રાસ!**
**સરોવરના આ હંસ કમળની સાથે,**
**કરતો વાતો, હું તો ગીતો ગાતો !**

નૈનેશ પાસે શબ્દશક્તિને પામીને તેને સ્વરપરિણામ આપવાની અદ્દ્ભુત શક્તિ-સામર્થ્ય છે. આ ગીતમાં 'છલાંગ' શબ્દ એવી રીતે એણે સ્વરબધ્ધ કર્યો છે કે આપણે પોતે જાણે છલાંગ મારતા હોઈએ એવું અનુભવાય ! નૈનેશના અન્ય સ્વરાંકનો વિશે પણ આપણે અહીં જ ક્યારેક આચમનીશું !

**અંજલિ :**

**એક રજકણ જેમ તારી પાસ છું**
**આમ માને તો હવે હુંય ખાસ છું**
**સાદગીની વાત ના શોભે તને**
**ઝંખના જેવો હવે આભાસ છું**





## ઉઘાડું રાખ્યું છે હૈયું તો કેમ કરી ઘરની બે ચીજ કહો, ઢાંકું ?

મનોહર ત્રિવેદી ગુજરાતી ગીત-કવિતાનું એક ગૌરવવંતુ-ઉજળું નામ છે. વર્ષોથી ઢસા ગામને ગોંદરે બેઠેલો આ 'સાચૂકલો સર્જક' આપણી કવિતાનું મબલખ-મબલખ નાણું છે. થાણું છે. ખાદી વસ્ત્રોમાં વીંટળાયેલી જીવતરની સાદી વાતોમાંથી આ સર્જક એવા તો કાવ્ય ફૂલડા મ્હોરાવે છે કે આપણે તરબતર થઈ જઈએ. ઢસા ગામના એના ચીકુડીના ફળિયે કેટલાય સર્જકોને અને માણસોને ધન્યતા-શાતા મળી છે. આ કવિના સ્વમુખે ગીતોનું પઠન સાંભળવું એ જીવનનો અદકેરો લ્હાવો છે ! એમાંય 'તો પપ્પા, હવે ફોન મૂકું !' એ ગીત જેણે જેણે કવિમુખે સાંભળ્યું છે એને જબરી મોજ પડી હશે ! અરે ! ઘણી વખત તો કવિ સંમેલનોમાં આ મારા પ્રિય 'મનોહર કાકા' એ ગીતનું પઠન ન કરે તો શ્રોતાઓ એને માટે ખાસ આગ્રહ (ફરમાઈશ) કરે છે ! મળવા-માણવા જેવા આ જાગતલ માણસ પાસે જીવનના અસંખ્ય અનુભવોની મર્મીવાતો પડી છે. એ તો એની પાસે પલાંઠીવાળીને બેસો અને વાતોની ગોઠડીયું માંડો તો જ માણવા મળે ! ગુજરાતી કાવ્ય સંગીતના કેટલાય સ્વરકારો-ગાયકોને ગમતા આ કવિ પાસે ગરવા-નરવા ગીતોની આખ્ખી છાબ ભરી છે. જૂની-નવી પેઢીના સ્વરકારોના સ્વરપુરૂષાર્થ થકી આ કવિની ઘણી ય રચનાઓ આપણા સુધી પહોંચી છે. સસ્તી પ્રસિધ્ધિના વ્યામોહથી દૂર રહેતા આ કવિના ઘણા ય ગીતો હોંશે-હોંશે ગાવા ગમે એવા છે. આ લખનારે પણ મનોહર ત્રિવેદીના ઘણા ગીતો મોજથી ગાયા છે. આજે તો મનોહર કાકાનું એક સાવ તાજ્જે તાજ્જું ગીત ગાવા-સંભળાવવાનું મન થયું છે. સાદા સરળ શબ્દોમાં જીવનની અર્થસભર સમજણને એવી તો ઠાંસી-ઠાંસીને આ ગીતમાં ભરી છે કે આપણે ન્યાલ થઈ જઈએ ! સાંભળો :

**માથા પર છાપરું ને સૂવાને ખાટલી**
**ને ઓળખીતું હોય એક નાકું**
**ઉપરથી આટલું મેં ઈચ્છયું કે એકે પળ**
**કોઈની સાથે ન પડે વાંકું.**
**ખડકી છે ખડકી : દુકાન છે એ ઓછી**
**કે જોખીજોખીને કરું વાત ?**
**આવે તે પૂછશે રે જોઈ ભળભાંખળું**
**કે ક્યારે આ વીતી ગૈ રાત ?**
**હળુહળુ કાઢું એની અંદરની ગૂંચ**
**છતાં લગરીકે ભાઈ, ના હું થાકું.**
**આથમણે અંધારાં ઊતરે તો ઊતરે**
**આ દીવાઓ દેશે અજવાસ**
**આસનમાં આનાથી રૂડું શું હોય**
**મળે ફળિયાનું લીલુંછમ ઘાસ ?**
**ઉઘાડું રાખ્યું છે હૈયું તો કેમ કરી**
**ઘરની બે ચીજ કહો, ઢાંકું ?**
**ડાળીમાં ઝૂલે છે નીરભરી ઠીબ**
**એમ સાચવું હું પંખીનાં ગીત**
**ઝાડમાં એ લાવે છે ભરચક આકાશ**
**મને શીખવે છે જીવવાની રીત**
**સાંજની બોલાશ એવી લાગે કે**
**હોકલીમાં મ્હેકે છે જાણે ગડાકુ,**
**માથા પર છાપરું ને સૂવાને ખાટલી**
**ને ઓળખીતું હોય એક નાકું.**

સાચુકલાં ગાવા જેવાં ગીતો હોય એને કોઈની ય વિવેચનાની આવશ્યકતા જ નથી. એ તો ગણગણી જવામાં જ લિજ્જત છે ! સાચા કવિનું અંદર-બહારનું બેય વિશ્વ ખુલ્લું જ હોય છે. એને કોઈ ઢાંકોઢૂંબો નથી. માણસને જીવવા માટે,





સાચું જીવવા માટે કોઈ ભૌતિક પદાર્થોની જરૂર નથી. મનોહર ત્રિવેદીનું આ ગીત અને આવાં બીજા કેટલાય ગીતો નદિયુંની જેમ ખળખળ વહીને આપણી સામે આવે છે. આપણે ભાવક તરીકે એમાં ડૂબી જઈએ તો જ ભયો ભયો ! હે, પ્રિય ગમતીલા કવિ ! તમે ઈચ્છાગીતોનો આવો મબલખ ફાલ અમને નિત્ય આપતા રહો અને હું - અમે એને મોકળે કંઠે ગાતા જ રહીએ. ગાતા જ રહીએ...

**અંજલિ :**
**ઉમેરાય એમાં પાછું પંડયનું તોફાન**
**ફળી ભીંત ઓરડાઓ થાય ત્યાં જીવંત !**
**જાણું તારો તંત..... (મનોહર ત્રિવેદી)**

## કરિ અભિમાન બિષય-રસ ગીધ્યૌ, શ્યામ-સરન નહિ આયૌ...
## રે મન મૂરખ, જનમ ગંવાયો...

આપણી ભારતીય સાહિત્ય-સંગીત પરંપરાના મૂળિયાં ખૂબ જ ઊંડા છે. પેઢી દર પેઢી આ સંસ્કારી વારસો આપણા સંસાર-વ્યવહારમાં સચવાયો છે. પ્રાચીન-મધ્યકાલીન સમયના એ દિવ્ય જીવનની ઝાંખી કરાવતી પરંપરા આજના સમય સુધી વિસ્તરીને આજની પેઢીને પણ સાચા જીવનનો માર્ગ ચીંધાડે છે. સાહિત્યના શબ્દમાં અને સંગીતના સ્વરમાં આ બન્ને ધારાઓમાં એ પરંપરા જળવાઈ છે, સચવાઈ છે. શબ્દ-અવતરણ પછી એનું સ્વર-અવતરણ થાય ત્યારે કવિતા વિશેષ ચિરંજીવી બને છે અને શબ્દ સ્વરાવતરણ પછી કોઈ ગાયક એને પોતાના સૂરો દ્વારા પ્રસ્તુત કરીને જન જન સુધી એને પ્હોંચાડે છે ત્યારે જ ભાવસંક્રમણનું એક ભાવવર્તુળ પૂર્ણ થાય છે. આપણા પ્રાચીન-મધ્યકાલીન કવિઓની એક પ્રમુખ વિશેષતા જ એ હતી કે એ સર્જકો શબ્દ અને સ્વરનું (ઢાળ - રાગ- લ્હેકો) એક સાથે જ સર્જન કરી શકતા હતા. કહો કે એમને કવિતાઓ-પદ-ભજનો ઢાળ સાથે જ સ્ફુરતી હતી. આપણા ભક્ત કવિ નરસિંહ મહેતાએ તો એમના મોટા ભાગના પદો ઢાળ-રાગ-સાથે જ સર્જ્યા છે. પણ નરસિંહ પૂર્વે ભારતીય સાહિત્ય-સંગીત પરંપરાના સમર્થ સર્જકો-ગાયકો મીરાંબાઈ, કબીર, સૂરદાસ અને અન્ય ઘણા સર્જકોને આપણે ક્યારેય ભૂલી નહિ શકીએ ! ગુજરાતની પ્રજાની નસ-નસમાં અને જીવનની આપાધાપીમાં પણ આ મહાન કવિઓની કાવ્ય-પદ-ભજન ધારા આપણને માર્ગદર્શિત કરી રહી છે.

આપણા સૌરાષ્ટ્રનું એક નગર એવું છે જ્યાં સતત સાહિત્ય અને સંગીતની અવિરત પ્રવૃત્તિઓ થયા કરે છે અને ભાવકો પણ ભાવસંતૃપ્ત થઈને એ સર્જનોને માણે છે. માણે છે એટલું જ નહિ ત્યાંનો ભાવક પણ જાગૃત છે. જરૂર પડ્યે સર્જકોને પણ આંગળી ચીંધે એવા ભાવકો એ નગરમાં મોજૂદ છે. એ નગર એટલે





ભાવનગર ! ભાવનગરમાં કાવ્ય સંગીત-સુગમ સંગીતની પ્રવૃત્તિ નિત્ય-નિરંતર સાતત્યપૂર્ણ રીતે થતી રહે છે. જો કે હા, એ બધી જ પ્રવૃત્તિની જાણ ગુજરાતની પ્રજાને ઓછી થાય છે કેમકે આ ભૂમિના સર્જકો પ્રચાર-પ્રસારને બદલે સતત સાધનામાં જ ડૂબેલા છે. એટલે જ ભાવનગરની એક ઉત્તમ ગાયિકા મેઘના ખારોડનું સ્વરકાર્ય-કંઠ માધુર્ય કે એમની કલાપ્રતિભાથી લોકો વિશેષ પરિચિત નથી ! સુગમ સંગીત-ભક્તિ સંગીતક્ષેત્રમાં ધીમે ડગલે (કે ધીમે સ્વરે !) પોતાના સ્વરપગલાં પાડી રહેલ આ ગાયિકા પાસે સંવેદક્ષમ-ભાવસભર સ્વર છે અને કવિતાના શબ્દની સ્પષ્ટ સમજણ પણ છે. કોઈ પણ ગાયક પાસે કાવ્યના ભાવ-મર્મોને સમજવાની શક્તિ હોય તો એની પ્રસ્તુતિ માટે એને એ ખૂબ જ ઉપકારક નીવડે છે. મેઘનાજીએ હમણાં-હમણાં ભાવનગરના કવિઓની રચનાઓ પ્રસ્તુત કરતું ઓડિયો આલબમ પ્રસ્તુત કરીને ભાવકોનું ધ્યાન ખેંચ્યું છે. ઉપરાંત હમણાં જ આ ગાયિકાએ આપણા ભારતીય સાહિત્યના ત્રણ દિગ્ગજ કવિઓનાં કાવ્યો-પદો-ભજનો 'સુમિરન' દ્વારા પ્રસ્તુત કરીને ઉત્તમ સંગીતકર્મ કર્યું છે. મીરાં, કબીર અને સૂરદાસની કાવ્ય સૃષ્ટિમાંથી ૧૨ જેટલી રચનાઓ પસંદ કરીને મેઘનાએ 'સુમિરન' ઓડિયો આલ્બમમાં પ્રસ્તુત કરી છે. ભાવનગરના જ સ્વરકાર-સંગીતકાર સલીમ દેખૈયાએ ઉત્તમ સંગીતજ્ઞ તરીકે પોતાનું સામર્થ્ય સાબિત કર્યું છે. પ્રત્યેક પદમાં વાંસળીનો ઉપયોગ અદ્‌ભુત રીતે થયો છે. કીબોર્ડ, મંજીરાં, ખંજરી, તબલાં, સાઈડ ઈફેક્ટ્સ વગેરે વાદ્યોનો પણ અહીં સમજણપૂર્વક-જરૂરિયાત હોય તે મુજબ જ ઉપયોગ થયો છે તેથી આ તમામ રચનાઓનું શ્રવણ આસ્વાદક છે. ધ્વનિમુદ્રણમાં નયન રાઠોડે તમામ ઓર્કેસ્ટ્રેશનને સુંદર રીતે બેલેન્સ કર્યુ છે. 'સુમિરન' આલબમના રેપરમાં થોડીક છાપભૂલ રહી ગઈ છે. ત્રીજું પદ શ્યામ નામ મેરે મન મેં બસિયો..માં 'મન' શબ્દ જ છપાયો નથી ! અને નવમું પદ કયા સોયા ગફલત કા મારા...માં 'સોચા' એમ છપાયું છે !

મેઘના ખારોડના સ્વરમાં રજૂ થયેલું વૈશ્વિક કવિ સૂરદાસજીનું પ્રસિદ્ધ પદ 'રે મન મૂરખ, જનમ ગંવાયૌ....' માણવા જેવું છે. જો કે પ્રાચીન-મધ્યકાલીન પદો જ્યારે ગાયકો પ્રસ્તુત કરે છે ત્યારે લગભગ પાઠભેદની સમસ્યા સર્જાય છે એમ અહીં પણ મેઘનાએ સૂરદાસનું આ પદ ગાયું છે તેમાં મૂળપાઠમાં કેટલાક શાબ્દિક ફેરફારો કર્યા છે અથવા તો આ ગાયિકા પાસે પાઠભેદ થયેલી રચના જ હોય એને કારણે પણ આમ થયું હોય એવું બને ! સૂરદાસના એ પદનો મૂળપાઠ આ મુજબ છે :

**રે મન મૂરખ, જનમ ગંવાયો,**
**કરિ અભિમાન બિષય-રસ ગીધ્યૌ,**
**શ્યામ-સરન નહિ આયૌ...**
**યહ સંસાર સુવા-સેમર જ્યૌં, સુંદર દેખિ લુભાયૌ,**
**ચાખન લાગ્યૌ રુઈ ગઈ ઉડિ,**
**હાથ કછુ નહિં આયૌ રે મન મૂરખ, જનમ ગંવાયૌ...**
**કહા હોત અબ કે પછિતાઐં,**
**પહિલૈં પાપ કમાયૌ કહત સૂર ભગવંત-ભજન બિનુ,**
**સિર ધ્રુનિ-ધ્રુનિ પછિતાયૌ...**
**રે મન મૂરખ, જનમ ગંવાયૌ.**

મેઘના ખારોડ આ પદમા બીજી પંક્તિમાં ''બિષય રસ ચાખ્યો'', અને 'રામ શરન' એમ ગાય છે. એ જ રીતે 'સુવા-સેમર' ને બદલે 'ફૂલ કો...', 'હુઈ ગઈ ઉડિ'ને બદલે 'રુઈ ઉડિ ગઈ', અંતિમ પંક્તિમાં 'હોત' ને બદલે 'ભયો', 'પછિતાઐ' ને બદલે 'સૂરદાસ' અને 'ભગવંત-ભજન બિનુ' ને બદલે 'હરિનામ ભજન બિનુ' એમ ગવાયું છે.

જો કે આ પાઠભેદ ગાનને કારણે પદ પ્રસ્તુતિના ભાવસંવેદનમાં કોઈ જ ફરક નથી અનુભવાતો પણ આ પ્રકારની પ્રાચીન-મધ્યકાલીન કૃતિઓની પ્રસ્તુતિ વખતે ગાયકોએ શક્ય હોય તો મૂળપાઠ જ મેળવીને-મૂળ કૃતિ મુજબ જે તે રચના રજૂ કરવી જોઈએ. આજની પેઢી સુધીના ગાયકો સુધી હજુય આ સર્જકો જીવંત-ચિરંજીવ છે એ જ આપણા કાવ્ય-સંગીત વારસા માટે બહુ મોટી ઉપલબ્ધિ છે. ખરુંને ! મેઘના ખારોડને આ સ્વર પુરુષાર્થ માટે (૦૨૭૮-૨૫૭૦૩૯૯, મોબાઈલ : ૯૮૭૯૩-૩૧૩૧૨) હૃદય પૂર્વક સૂરિલ અભિનંદન...

**અંજલિ :**
**આએ ઉધૌ ફિરિ ગએ આંગન,**
**ડારિ ગયે ગર ફાંસી,**
**કેસરિ તિલક મોતિનિ કી માલા,**
**બૃંદાવન કે બાસી અંખિયાં હરિ-દરશન કી પ્યાસી..... !**
**(સૂરદાસ)**





## અહીં ફક્ત માણસને માણસ સમજવો
## પરખવું ત્યજીને પ્રથમ એને ચહવો

ગુજરાતી કાવ્ય સંગીત-સુગમ સંગીતની આ ભાવયાત્રામાં 'ગવાતી કવિતાઓ'નું આચમન કરવાની જબરી મોજ આવે છે. વર્ષો જૂના-પ્રચલિત-પ્રસિદ્ધ કે નવા-અપરિચિત એવા ભિન્ન-ભિન્ન સ્વરાંકનોની આ સરિતામાં ભાવકો પણ રસ તરબોળ થઈને ક્યારેક પત્રો દ્વારા કે ક્યારેક ફોનથી તો ક્યારેક રૂબરૂ મળીને આચમન-આસ્વાદનો લહાવો કરાવે છે ત્યારે હૃદય પ્રસન્ન થઈ ઊઠે છે. જાણીતા ગાયક-સ્વરકાર-કવિ-અધ્યાપક હરિશ્ચંદ્ર જોશી પણ ક્યારેક-ક્યારેક પ્રેમપૂર્વક 'આચમન' વિશે માર્ગદર્શન અને લેખનશૈલી-સ્વરાંકન-કાવ્ય વગેરે સંદર્ભે પોતાનો પ્રતિભાવ પાઠવીને મને જાગતો-લખતો રાખે છે.

ગુજરાતી કવિતાની-ગેયકવિતાની-આપણી આ સાંગીતિક પરંપરામાં એક જ સર્જક પાસે ત્રિગુણાત્મક સામર્થ્ય હોય એવું બહુ ભાગ્યે જ બનતું હોય છે ! એટલે કે કાવ્યસર્જન અને એ પછી એ કાવ્યનું સ્વરાંકન અને એ જ સ્વરાંકનની સ્વરપ્રસ્તુતિ એમ શબ્દસર્જનની આ ત્રિદલ શક્તિ બહુ જવલ્લે જ જોવા મળે. (પ્રા.) હરિશ્ચંદ્ર જોશી એ અર્થમાં 'ઓફબીટ' આર્ટીસ્ટ છે. મને પણ ઘણી વખત રફી સાહેબના 'રેર' ગીતો અને સુગમગીતો બાપુને અને હરીશભાઈને સંભળાવવાનું મન થાય છે. પણ એ ક્ષણ જ્યારે નિર્માય ત્યારે વાત...

આ સર્જક પાસે સંવેદનમય-ઘેઘૂર-ભાવસ્પર્શી સ્વર છે અને કાવ્યસર્જન શક્તિ પણ છે, તો એને સમ્યક્ એવી સ્વરાંકનની ઝીણી સૂઝ પણ આ સર્જક પાસે છે. અર્થશાસ્ત્રના અધ્યાપક એવા હરીશભાઈ પાસે તો શબ્દ-સ્વર-પ્રસ્તુતિની એમ ત્રિવિધ ધારાઓ છે અને શબ્દાર્થ-સ્વરાર્થનું સંવેદન પણ છે. એ અર્થમાં જીવનના

અર્થ-સંદર્ભોને પામવાનો પ્રયાસ આ સર્જકનો શબ્દવારસો એમના બન્ને દીકરાઓ (જાતુષ અને બિહાગ) પણ સારી પેઠે જાળવી રહ્યા છે. હમણાં જ અસ્મિતા પર્વમાં પિતા-પુત્રના ગ્રંથોનું પ્રગટીકરણ થયું ત્યારે હરિશ્ચંદ્ર જોશીના પરિવારે પરમ ધન્યતા અનુભવી હશે જ. મોરારિબાપુ દ્વારા છેલ્લા દસ-બાર વર્ષથી મહુવા ખાતે સમગ્ર ગુજરાતની અનોખી સાંસ્કૃતિક ઓળખ સમા અસ્મિતા પર્વો-સંસ્કૃત પર્વો ઉજવાય છે. તેના સહૃદયી સંયોજક-સૂત્રધાર તરીકે હરીશભાઈનું કાર્ય ખરેખર અભિવંદનીય છે. જો કે એને માટે આ સઘળાં કાર્યો 'ખિસકોલી કર્મ' સમાન છે અને પૂ. બાપુએ સમાજમાં જગાવેલી આ અહાલેકને ભક્તહૃદયા બનીને, તો ક્યારેક તાર સપ્તકમાં કોઈ ગીત-ગઝલ છેડીને એને આત્મસાત્ કરે છે.

કથાઓ દરમિયાન પણ ઘણી વખત ગુજરાતી સાહિત્યની કે મધ્યકાલીન સાહિત્યની કૃતિઓનું સ્મરણ મોરારિબાપુને થાય ત્યારે તરત જ બાપુ હરીશભાઈને ઈશારો કરે અને ગાયક હરિશ્ચંદ્ર જોશી જે તે કૃતિને ભાવપૂર્વક પ્રસ્તુત કરીને વાતાવરણ સ્વરમય કરી દે છે. સંવેદનશીલ ભાવક અને સહૃદયી સર્જક પ્રિય-સ્નેહી હરિશ્ચંદ્ર જોશીની એક ગઝલ અહીં આચમનવા જેવી છે.

અસ્મિતા પર્વો અને કથાઓમાં પણ ઘણી વખત પ્રસ્તુત થઈને પ્રસિદ્ધ થયેલી આ ગઝલ અને એનું સ્વરાકંન ખરેખર 'હૃદયસ્પર્શી' છે પણ એ સ્વરાંકનનો લહાવો ખુદ હરીશભાઈના કંઠે જ માણવા જેવો છે. વ્યાવસાયિક એવી કોઈ કેસેટ, સીડીઝ કે સુગમ સંગીતના કાર્યક્રમો પણ તમને આ રચના માણવા નહીં મળે ! બાપુની પ્રિય અને અસંખ્ય ભાવકોને ય સ્પર્શી ગયેલી આ ગઝલ સાંભળવા માટે ભાવકો હરીશભાઈને જ (૦૨૮૪૯-૨૫૧૬૮૨ મોબાઈલ : ૦૯૮૨૪૨-૧૦૩૧૦) સૂરીલી વિનવણી કરી શકે છે. જીવનના ગંભીર મર્મોને સહજ-સરળ બાનીમાં અને સ્વરમાં વહેતા મૂકીને આપણને જીવનના અર્થો સમજાવીને સાર્થક કરનાર એ ગઝલ આવો, આપણે સૌ પણ સંગાથે માંણીએ :

**અહીં ફક્ત માણસને માણસ સમજવો,**
**પરખવું ત્યજીને પ્રથમ એને ચહવો,**
**અનાગત પ્રવાસે ભરી તેજ ઝોળી,**
**જરૂરત પ્રમાણે જ સૂરજ ખરચવો,**





**સમયપત્રકે બદ્ધ છે સર્વ ફૂલો,**
**અડાબીડ મહેકે અહર્નિશ મરવો,**
**નથી બાદબાકી, નથી ખોટ કાયમ,**
**સંબંધોનો ક્યારેક સરવાળો કરવો,**
**બધાં સત્ય મૂઠીક લઈ નીકળે ને,**
**જડે સ્હેજ કેડી ત્યાં હેમાળો ગળવો,**
**તરસ તીવ્ર હો તો નદી દ્વાર આવે,**
**અમસ્તો અમસ્તો શું દરિયો ચગળવો,**
**પકડવી જ પડતી કલમ રિક્ત હાથે,**
**કરે ભીતરે શબ્દ સાચે જ બળવો.**

સાચો સર્જક હંમેશાં પોતાની ભીતરમાં જ સચરાચર બળવો કરતો હોય છે ત્યારે જ આવા વિરલ શબ્દ મોતી પાકતા હોય છે. હરિશ્ચંદ્ર જોશીએ ઉત્તમ ગીતો પણ લખ્યાં છે એ ગીતો વિશે ફરી ક્યારેક અહીં જ આચમનીશું ! 'અવધૂ, કેવળ વાદ-વિવાદા, સૂર્ય જેવડું સત કહેવામાં પડી ગયા વિખવાદા...' જેવું ગીત લલકારનારા આ સર્જકની ત્રિવિધ શબ્દ પ્રગટીકરણ શક્તિને ભાવપૂર્ણ વંદન.

બાપુ સંગે રામરસ નિત્ય ચાખનારા હરીશભાઈ આપણને આવી શબ્દ-સ્વરપ્રસાદી ચખાડતા જ રહે તો ભયો ભયો ! મોજ મોજ... !

**અંજલિ :**
**તારી તરફ લઈ જાય મને,**
**એ પવન પાલખી ચાલી છે,**
**તને જ મળવાની મોજમાં,**
**મન મોગરાની ડાલી છે.**

## 'અમે શિવરંજની' હવે... ખિન્ન-રંજની... સમજ્યા ?
## બસ હવે તો રાહ તમારી પલપલના પલકારે...

ભદ્રાયુ ધોળકીયા. સંગીતના સાત સૂરોની જેમ જ સાત અક્ષરનું આ સુરીલું નામ હવે સદેહે નથી પણ સ્વરદેહે તો યુગો સુધી આ નામ ગુજરાતી કાવ્ય સંગીત ક્ષેત્રે ગુંજતું રહેશે જ. એના સ્વરો થકી, એના સ્વરાંકનો થકી ગઈકાલના, આજના અને આવતીકાલના ગાયકો માટે એમનું સ્વરકર્મ દિશાસૂચક રહેવાનું, હંમેશાં. ભદ્રાયુભાઈની જેમજ આવી જ રીતે સાવ અચાનક, વર્ષો પહેલાં આપણે આપણો એક વહાલેરો સ્વરકાર-ગાયક પરેશ ભટ્ટ ગુમાવ્યો હતો એ અતીતની પીડા ભદ્રાયુ જતાં તાજી થઈ ગઈ. પરેશે એક વખત વાતવાતમાં કોઈને કીધેલું કે 'સર્જક સારો હોય એની સાથે સાથે એ માણસ તરીકે ય 'સારો' હોવો જોઈએ. તો જ એના સર્જનનું ખરું મૂલ્ય !' આ વાત આપણા ભદુમામા-કોઈના ભદુભાઈ-તો કોઈના ભદ્રાયુભાઈ, માટે બિલકુલ સાચી-ખરી પુરવાર થઈ છે. જે કોઈ કલાકારો-ભાવકો-આયોજકો ભદ્રાયુભાઈના સંપર્કમાં આવ્યા છે એ સૌને એની 'સારપ'નો, 'સાચા માણસ' હોવાનો અખિલ અનુભવ થયો જ છે. ભદ્રાયુભાઈ માટે આમ સફેદ કાગળ ઉપર, આંખમાં ઝરમરિયાં સાથે કાળી શાહીથી, કાયમી અલવિદાના સંદર્ભે 'લખવું પડે છે એની પીડા અ-શબ્દીય' છે. કોટેચા ચોકમાં, કૈરવી પાનના થડે આ માણસ સાથે જથ્થાબંધ પાન ખાધાં છે અને પાન ખાતાં ખાતાં કવિતાની, સ્વરાંકનોની, હાસ્યની થોકબંધ વાતો કરી છે. હજુય કૈરવી પાનના થડે તો ક્યારેક જવાય છે પણ ધ્રુજી જવાય છે. સાલ્લી ! પાન ખાવાની મજા જ જાણે મરી ગઈ... ! સમજ્યા ? ભદુભાઈ !

હમણાં જ રાજકોટના ભદ્રાયુભાવકો અને કલાકારોએ આ કલાકારને યાદ કરીને સ્વરવંદના કરી અને ભદ્રાયુભાઈના સ્વરમાં જ એનાં જ સ્વરાંકનોનું સંકલન





કરીને નવ જેટલા સ્વરાંકનોની ઓડિયો સીડી 'સમજ્યા ?'નું પ્રાગટ્ય કર્યું. આ નવેય સ્વરાંકનો ભદ્રાયુજીના માઈલ સ્ટોનરૂપ સ્વરાંકનો છે. અન્ય ઘણાય ગાયકો આ સ્વરાંકન ગાતા જ રહે છે. એક સ્વરકાર તરીકે ભદ્રાયુભાઈની મને જે વિશેષતા જણાઈ છે તે એ છે કે એમણે પ્રતિષ્ઠિત કવિઓની જ કવિતાઓ પસંદ નથી કરી પણ બલ્કે વધારેમાં વધારે કવિતાઓ નવોદિત કવિઓ કે ઓછા જાણીતા કવિઓની ઉત્તમ રચનાઓ શોધીને એણે સ્વરાંકનો દ્વારા એ કવિતાઓ આપણા સુધી પહોંચતી કરી છે. 'સમજ્યા ?' એ શબ્દ ભદુમામાનો તકિયા કલામ હતો. વાતે વાતે 'સમજ્યા ?' એમ તોરણની જેમ આ શબ્દ એના મોઢે સતત શોભતો.

'સમજ્યા ?' ઓડિયો સીડીમાં ભદ્રાયુના અંગત સ્વરમિત્ર ભરત પટેલે અથાગ પુરુષાર્થથી આ નવેય સ્વરાંકનો મેળવ્યાં અને તેનું સુંદર સંગીત નિયોજન કરીને પોતાના મિત્રને ઉચિત સ્વરાંજલિનું તર્પણ કર્યુ છે. ભગવતીકુમાર શર્મા, રમેશ પારેખ, સંજુ વાળાથી લઈને સાગર નવસારવી, રાહી ઓધારિયા, પ્રકાશ હાથી, જવલંત વોરા અને ઉર્વીશ વસાડા વગેરે કવિઓની રચનાઓની પ્રસ્તુતિ ભદ્રાયુ ધોળકિયાના જ સ્વરમાં માણીને હૈયું ઉદાસ બની જાય છે. કેમકે હવે તો આપણે આ કલાકારને કેસેટ, સીડી, ઓડિયો-વિડિયોના કચકડાનાં માધ્યમથી જ માણવાનો ને ? 'અમે શિવરંજની' સંગીત સંસ્થા (માત્ર અને માત્ર સુગમ સંગીત નો જ પ્રચાર-પ્રસાર)માં ભદ્રાયુભાઈએ સમૂહગીતોનો ઘેઘૂર સ્વરદરિયો ઘુઘવાવ્યો હતો અને સમૂહગીતો આજેય આકાશવાણી દૂરદર્શનમાં સચવાયાં છે. 'અમે શિવરંજની' જે હવે ભદ્રાયુ જતાં ખિન્ન-રંજની, ઉદાસ બની છે એને ભરત પટેલ દ્વારા સંજીવની મળતાં હવે ફરીથી ભદ્રાયુભાઈના સ્વપ્ન સ્વરો ગુંજતા થશે, રહેશે. પલ્લવીભાભીનું જીવનવાદ્ય બેસૂરું થયું એનું કારુણ્ય-ઝુરાપો તો સમય જ રુઝવશે. કેમકે આખરે તો 'સમય'ના હાથમાં જ બધું છે. આપણે તો માત્ર યાત્રિકો કે મૂંગા પ્રેક્ષકો !

રાજકોટના ઉદીયમાન કવિ પ્રકાશ હાથીની એક સુંદર ગીત રચના માણવા જેવી છે. સ્વભાવે અંતર્મુખી - સાધક અને સાત્ત્વિક ભાવવાળા આ ભીના કવિની રચનાનું સ્વરાંકન ભદ્રાયુભાઈએ ભાવપૂર્વક કર્યું છે. સ્વરવંદના કાર્યક્રમમાં, સમૂહસ્વરમાં કવિ પ્રકાશ હાથીની હાજરીમાં આ ગીત પ્રસ્તુત થયું ત્યારે વાતાવરણ વિરહથી વ્યાકુળ થઈ ઊઠ્યું હતું. બહુ ઓછા ભાવકો સુધી પહોંચેલી આ ભાવવાહી

રચના આજે 'આચમન'ના આંગણે ભદ્રાયુભાઈના સપ્તસ્વરોની સાક્ષીએ આવો, આપણેય ગાઈએ, તરબતર થઈએ.

**અરજ કરું છું એવી હરિવર આવો ઝટપટ દ્વારે**
**સ્વાગત કરવા આજ તમારું ઊભો છું હું દ્વારે...**
**અંતર તો મતવાલું થતું ગીત મધુરા ગાતું**
**નામ તમારું ગુંજ્યા કરતું ધ્યાન અવિરત ધરતું**
**રાહ દેખતી આંખો આજે પાંપણ ક્યાં ફરકાવે !**
**હું ને મારું છોડી દઈએ તારા નામે ડૂબી જઈએ**
**સઘળું તારું તને આપીએ નિત્ય ચરણમાં રહીએ...**
**બસ હવે તો રાહ તમારી પલપલના પલકારે...**

ધીમા અને ગતિશીલ એમ બન્ને લયમાં વારાફરતી આવૃત આ સ્વરાંકન વૈયક્તિક અને સમૂહસ્વરમાં બન્ને રીતે ગાઈ શકાય-માણી શકાય તેવું છે. ગુજરાતી કાવ્ય સંગીતક્ષેત્રના ભદ્રાયુ ધોળકિયાનાં પ્રદાન માટે સતત-અવિરત આ કાર્યપ્રવૃત્તિ જીવંત રહે તે માટે આપણે હજુય નક્કર-ચોક્કસ પ્રયાસો કરવા જ રહ્યા ! નહિતર તો પરેશ ભટ્ટની જેમજ થોડાક વરસોમાં ભદ્રાયુ ધોળકિયા પણ ભુલાઈ જવાના જ ! રાજકોટમાં જ પરેશ ભટ્ટની સ્મૃતિમાં થોડોક જ વખત કાર્યક્રમો થયા પણ હવે કોણ પરેશને યાદેય કરે છે ! હમણાં જ પરેશની પુણ્યતિથિએ ભાવનગરે પરેશને ભાવપૂર્વક યાદ કરીને અદ્ભુત કાર્યક્રમ કર્યો એની વાત (ભદ્રાયુ ધોળકિયાની સ્મૃતિમાં જ) આવતા 'આચમને' આચમનીશું... !

**અંજલિ :**

**એ ભદ્રતાનો પર્યાય હતો ભદ્રાયુ**
**એ સર્વ સૂરનો હતો સ્વરાયુ ભદ્રાયુ**
**કેમ આટલું જ આપ્યું તેં એને આયુ ?**
**બહુ મજાનો, કામનો માણસ હતો ભદ્રાયુ**





## તું અહીં છે તો હું ય છું નહિ તો,
## એકલા ક્યાં સુધી જીવાય સખી !

ગુજરાતી સાહિત્યના પદ્ય સ્વરૂપમાં આજકાલ સૌથી વધારે ખેડાતું સ્વરૂપ હોય તો તે છે ગઝલ. જો કે આ ઉતાવળિયો ગઝલિયો માહોલ ઘણી વખત આ સ્વરૂપને નુકસાનકર્તા પણ બને છે. એમાં આંતર અનુભૂતિનું ઊંડાણ ભાગ્યે જ જોવા મળે તો ક્યાંક મોર્ડનીઝમના મોહમાં, અઘરી ભાષા પ્રયોજીને, ભાવકોને ન સમજાય એવું સર્જન પણ અસરકારક બનતું નથી. આમ સરળ-સહજ લાગતું ગઝલનું આ સ્વરૂપ સહજસાધ્ય નથી. સર્વને ય સાધ્ય નથી. દુષ્કર છે. બાલાશંકર-શયદા જેવા ગઝલ ઋષિઓથી આરંભાયેલી આપણી આ ગુજરાતી ગઝલ હવે તો સોળે કળાએ ખીલી છે. ગુજરાતી કાવ્ય સંગીતક્ષેત્રે પણ ભાગ્યે જ કોઈ એવો સ્વરકાર-ગાયક હશે જેણે ગુજરાતી ગઝલ સ્વરાંકિત ન કરી હોય ! આજે તો કોઈ પણ સુગમ સંગીતના કાર્યક્રમોમાં કે જથ્થાબંધ રીતે પ્રગટ થતા ઓડિયો-સીડી-ડીવીડી આલબમોમાં પણ ગુજરાતી ગઝલોએ પોતાનું સ્થાન દૃઢ કર્યું છે. જો કે એમાંય પણ ઘણી વખત એવું અનુભવાય છે કે ક્યાંક ગઝલ સશક્ત ન હોય તો ક્યાંક સ્વરાંકન સબળ નથી હોતું ! તો સામે કાંઠે ઉત્તમ ગઝલોના યાદગાર-ચિરંજીવી સ્વરાંકનો ય આજે ય માણવાં-ગાવાં ગમે છે.

કવિ ભરત વિંઝુડાનું નામ ગુજરાતી ગઝલ પ્રેમીઓ માટે અજાણ્યું નથી જ. અમરેલી જિલ્લાના (ર.પા.જિલ્લો) સાવરકુંડલા ગામને ખૂણે બેઠાં-બેઠાં આ કવિ ગુજરાતી કવિતાને પોતાની રચનાઓથી રળિયાત કરી રહ્યો છે. સંસ્કૃત શૈલીમાં કહેવું હોય તો કવિતાત્ સદા મંગલમ્ - ગઝલાત્ સદા મંગલમ્ એ ન્યાયે કવિ ભરત વિંઝુડા ગુજરાતી ગઝલની એકનિષ્ઠ ઉપાસના-સાધના-આરાધના કરી રહ્યા છે. ઘણાંય વર્ષો પહેલાં આપણી ભૂમિના એક સ્વરકાર સુરેશ જોશીએ આકાશવાણી

રાજકોટ પર આ કવિની એક ધારદાર-વેધક ગઝલનું સ્વરાંકન પ્રસ્તુત કર્યું હતું એનું સહજ સ્મરણ થઈ આવે છે :

**ના ગમે તો વાત સાંભળવી નથી**
**કાન એ કોઈની થૂંકદાની નથી**
**બસ નથી ગમતું અને પીતો નથી**
**એ કંઈ મારી મુસલમાની નથી**

સુરેશ પાસેથી પછી અસંખ્ય વખત એ ગઝલનો સ્વર-આસવ આકંઠ પીધો છે. પણ ત્યારે તો મને સપનેય ખ્યાલ ન્હોતો અને કલ્પનાય ન્હોતી કે વરસો બાદ મને આ રીતે માત્ર અને માત્ર ગુજરાતી સુગમ સંગીત-કાવ્ય સંગીત માટેની જ 'આચમન' કોલમ લખવાનું સદ્‌ભાગ્ય સાંપડશે ! કવિ ભરત વિંઝુડાને પ્રત્યક્ષ મળવાનું તો બહુ ઓછું બને છે પણ જ્યારે મળાય ત્યારે ગુજરાતી કવિતા અને એના સ્વરાંકનોની વાતો થાય અને મોજ આવે ! પણ સ્વરકાર ગાયક (ડૉ.) ભરત પટેલને તો વારંવાર મળવાનું બને અને આત્મીય ભેરુ હોવાને નાતે 'એક બીજાને પ્રેમથી ગાળો દઈને ય બોલવા-બાધવાનો વ્યવહાર' પણ અમે સુપેરે વફાદારીપૂર્વક નિભાવીએ છીએ. આકાશવાણી-રાજકોટમાં અવરિત-સ્વરરત ભરત પટેલ પાસે ગઈકાલની, આજની અને આવતીકાલની કવિતામાં રહેલા સંગીત નાદને પારખવાની-ઓળખવાની સ્વરશક્તિ છે. આ માણસ ગુજરાતી કવિતાઓના સ્વરાંકનોમાં અવનવા પ્રયોગો-તોફાનો કર્યા કરે છે. ક્યારેક એમાં મજાય આવે તો ક્યારેક - ક્યાંક એ કાન-હૃદયને ખૂંચે પણ ખરા ! પણ સર્જનપ્રક્રિયામાં તો આવું બનતું રહે ! જો કે આપણને તો આ 'કશુંક બનતું રહે'-'સર્જાતું રહે' એનો આનંદ જ છે. સાવ કશુંય ન થાય, એ કરતાં કશુંક તો થાય છે ! એનો મહિમા આપણે ગાવો જ જોઈએ.

ભરત પટેલે હમણાં ભરત વિંઝુડાની આઠ ગઝલોનું સ્વરાંકન પ્રીતિ ગજ્જર અને પોતાના સ્વરમાં 'તને બોલાવું' આલબમમાં પ્રસ્તુત કર્યું છે. સ્વરાંકન અને સંગીત નિદર્શન (મ્યુઝીક એરેન્જમેન્ટ) ઉપરાંત ભરત પટેલ પાસે ભાવભીનો સ્વર-કંઠ પણ છે. જેનો લાભ ભરત વિંઝુડાની ગઝલોને મળ્યો છે. પ્રીતિ ગજ્જરે દર્દીલા સ્વરે ગાયેલી આ ગઝલના બે'ક શે'રને અહીં ગાયા વિના નથી રહી શકતો :





**ક્યારેક કોઈ લાગણીને પક્ષઘાત થાય તો**
**એવું કંઈક થાય કે અડધી જ વાત થાય**
**તારો ય હાથ હોય તો કંઈ ઓર વાત થાય**
**પોતાના હાથથી તો ફક્ત આપઘાત થાય**

ભરત પટેલનું આ સ્વરાંકન વિરહસભર છે તો પ્રીતિ અને ભરત બન્નેએ યુગલ સ્વરમાં રજૂ કરેલી આ કવિની પ્રલંબ ગઝલ 'સખી' પણ શ્રવણીય છે. ગઝલકાર ભરત વિંઝુડાની સરળ-સહજ શબ્દબાનીને ભરત પટેલે સ્વરબાનીમાં આબાદ રીતે ઝીલી છે. ભાગ્યે જ સાંભળવા મળે એવું આ સ્વરાંકન લ્યો, આજે તમેય 'ગુલમોર'ની જેમ આચમનો હે, ભાવકો ! :

**કોઈ આવે ને કોઈ જાય સખી, માર્ગમાં આવું આવું થાય સખી,**
**તું અહીં છે તો હું ય છું નહિ તો એકલા ક્યાં સુધી જીવાય સખી.**
**વિશ્વ પૂરું નથી થતું ક્યાંયે ય જેટલું ફરવું હો ફરાય સખી,**
**કોઈ બેસી ગયું ગુફા વચ્ચે કોઈ ધરતી નીચે દટાય સખી.**
**પંખી બનવાની કંઈ જરૂર નથી આંખ મીંચો અને ઉડાય સખી,**
**આપણા જેવડા શિખર સઘળા, ઊઠીએ તો ઊંચા થવાય સખી.**
**તું કહે રાત તો છે રાત સખી, આપણી એમ એક જાત સખી,**
**કંઈક એવું જ થઈ રહ્યું'તુ મને તે કહી કાનમાં જ વાત સખી.**
**એક બીજા ઉપર વિજય યાને બેઉ બાજુ થયા મહાત સખી,**
**મારા મનમાં જ ચાલવું તારું ક્યાં ફૂલોની કરું બિછાત સખી.**
**તું કહે ક્યારે અંધકાર જશે કઈ ઘડીએ થશે પ્રભાત સખી.**

## શ્વાસોની સળિયુંને ભેગી મેલીને,
## કોઈ બાંધે છે હૈયામાં માળો.....

ગુજરાતી કાવ્યસંગીતની યાત્રામાં આપણને પ્રચલિત અને અત્યંત સુ-પરિચિત સ્વરાંકનો સાંભળવાનો તો આનંદ અનેરો જ હોય છે પણ ઘણી વખત અ-લભ્ય-અપ્રાપ્ય અને ખરા અર્થમાં 'રેર' કહી શકાય એવી ગવાતી કવિતાઓ સાંભળવા મળે ત્યારે હૈયું પુલકિત બની જાય છે. ગુજરાતી ગીતો અને ગઝલોના આપણા સદૈવ અમર એવા સ્વરાંકનોની પછીતમાં આપણે ઘણી વખત આવી અજાણી રચનાઓથી વંચિત રહી જતા હોઈએ છીએ. ગુજરાતી સુગમસંગીતમાં તો અત્યારે આપણી આસપાસ અત્યંત પ્રખ્યાત રચનાઓ તો સંભળાયા જ કરે છે પણ એવીય અસંખ્ય રચનાઓ છે જે સામાન્ય ભાવક સુધી નથી પહોંચતી ! જોકે એને માટે તો ગુજરાતી કાવ્યસંગીત સાંભળવાનું અને મેળવવાનું એક પ્રકારનું 'ભયંકર-અદ્‌ભુત વ્યસન' હોવું જોઈએ તો જ આવી રચનાઓ ધૂળની ઢગલીઓમાંથી મળતી સોનામહોર જેવી આપણને મળી જાય તો બેડોપાર થઈ જાય !

હમણાં જ મને આવી જ એક અપ્રાપ્ય કહી શકાય એવી ગીતરચના મળી આવી. ઓછા જાણીતા (ખાસ તો સ્વરકારો માટે) એવા એક સરસ કવિ છે રવીન્દ્ર પારેખ. ગીત-ગઝલ અને વિવેચનક્ષેત્રમાં કાર્યરત આ કવિ પાસે શબ્દ સંવેદનની માર્મિકતા છે. હમણાં જ તાજેતરમાં જ, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા એમનો એક નૂતન કાવ્યગ્રંથ 'સરળ' પ્રકાશિત થયો. એમાંથી પસાર થતાં એક ગીત રચના પાસે મારી આંખ અટકી અને મારા કાન સળવળ્યા. કાનમાં સળવળાટ એટલે થયો કે કાવ્યગ્રંથમાં, કાળી શાહીમાં પ્રગટ આ ગીત મેં ક્યાંક ક્યારેક સાંભળ્યું હોય એવો ભાસ થયો, અનુભૂતિ થઈ. પણ એ સ્વરાનુભૂતિના સગડ મને કેમેય કરીને મળે નહિ. મારું સ્વરસદન ફંફોસ્યું. ફરી ફરીને ફંફોસ્યું. પણ તોય આ





ગીતનું સ્વરાંકન હાથ ન લાધે ! એમાં અચાનક એક દિવસ મારી કારના સીડી પ્લેયરમાં, અગાઉથી જ મુકાયેલી એક સુગમસંગીતની એમપીથ્રી મેં પ્લે કરી અને મારા કાનાશ્ચર્ય વચ્ચે કવિ રવીન્દ્ર પારેખનું આ જ ગીત પ્રારંભાયું ! ને મારી ખુશીનો પાર ન રહ્યો.

સ્વરકાર-ગાયક આસિત દેસાઈનાં તો અસંખ્ય સ્વરાંકનો તમે સૌ સાંભળતા હશો. પણ આ સ્વરાંકન અલભ્ય એવું સ્વરાંકન છે. સામાન્ય રીતે બહુ ઓછા કાર્યક્રમોમાં આસિતભાઈ આ ગીત રચના ગાય છે. 'સરળ' કાવ્ય સંગ્રહની આ સરળ ગીતરચનાનું સ્વરાંકન પણ સ્વરકારે બહુ જ સરળતાથી કર્યું છે. ગીતની ધ્રુવ પંક્તિ, સ્થાયી અને અંતરા પછી સ્વરકાર-ગાયકે 'હમીંગ' 'હો...હો...હો... હો...' મૂક્યું છે. એ પણ આખીય સ્વરરચનાને બળકટ બનાવે છે. તો આજે 'આચમન'ના આંગણે, આ ઋતુની કારમી ઠંડી ઉડાડતું અને આપણાં હૈયાંને ઝંકૃત કરતું આસિત દેસાઈનું આ સ્વરાંકન તમેય માણો અને કવિ રવીન્દ્ર પારેખના શબ્દવૈભવને કેવો સ-ર-સ સ્વરવૈભવ મળ્યો છે તે પણ ક્યારેય-ક્યાંયથી આ સ્વરાંકન માણવા મળે ત્યારે માણશો :

**કાગળના કોડિયાનો લીધો અવતાર**
**પછી દાઝયાથી દૂર કેમ રહીએ**
**ખોળિયાએ પ્હેર્યું જ્યાં પંખેરી નામ**
**પછી ટહુકાથી દૂર કેમ રહીએ...**
**ઉકલેલા ઊન જેવું જીવતર ખૂલે ને**
**એનો છેડો ભીંજાય સૂકી રાખમાં**
**પાણી લઈ સૂરજને ધોવાનું ભોળું**
**વરદાન મળે બળતા વૈશાખમાં**
**બળવું જો કાજળની હોડી થઈ જાય**
**પછી દરિયાથી દૂર કેમ રહીએ...**
**શ્વાસોની સળિયુંને ભેગી મેલીને**
**કોઈ બાંધે છે હૈયામાં માળો**

**ઝાડવાને ફૂટે જેમ લીલેરું ઘેન**
**એમ યાતનાને રંગ ફૂટે કાળો**
**ઘરને રે મોભ ચડી બોલે કાળાશ**
**પછી મરવાથી દૂર કેમ રહીએ...**

ગીતની અંતિમ પંક્તિઓમાં વર્ણિત ઘરના મોભની કાળાશ અને જીવતર પછીના મૃત્યુ પરિબળની વાસ્તવિકતાનું ઘેર કારુણ્ય કેવું તો કરુણગર્ભ છે. એ સંગીતના મંદ્ર સ્વરો અને ગાયકની દર્દીલી પ્રસ્તુતિ દ્વારા જ અનુભવી શકાય એવી ઘટના છે. આવી ભાગ્યે જ સાંભળવા-માણવા મળતી સ્વરકૃતિઓ જ્યારે અચાનક 'કાને લાગે' ત્યારે કર્ણેન્દ્રિય સહિત પંચેન્દ્રિયને એક ઉત્તમ શબ્દ-સ્વરકૃતિ સ્પર્શી જાય છે અને પછી ક્યાંય સુધી એનો કેફ રગમાં રેલાયા જ કરે, રેલાયા જ કરે... આસિત દેસાઈ પાસેથી આપણા કાવ્ય સંગીતવિશ્વને આવી ઘણીય રચનાઓ મળી છે જે કાળના ત્રિભેટે ક્યારેક - ક્યારેક જ માણવા મળે છે.

**અંજલિ :**
**અંધારનો આધાર ગમે છે,**
**સંસારનો સાર ગમે છે**
**હું ક્યાં જાણું જીવનની કોઈ રીત**
**સર્વ રીત સઘળો વ્યવહાર ગમે છે**





## આકાશની છાતીમાં કાણાં પડે ત્યારે જ ભગવાન કવિ તરીકે જન્મ લેતો હોય છે !

"'કલાપી' ગુજરાતના ગયા શતકના છેલ્લા દાયકાના એક સારા અને સમર્થ ગદ્યકાર છે. 'કલાપી'ની ભૌતિક કાયાને વિધિનિર્માણ અનુસાર કાળે ઝપટ મારી પંચ-મહાભૂતોમાં વિલીન કરાવી દીધી પણ એમની કવિતા અને તેમનાં ગદ્યને અડી શક્યો નથી. આજે ય એમની મીઠી કવિતા વાંચીએ છીએ, રમણીય ગદ્ય કવિતાને માણીએ છીએ ત્યારે એમના મુઠ્ઠી જેવડા પણ ઊર્મિ સમૃદ્ધ હૃદયનો જે ધબકાર એમાં ઝિલાયો છે તેનાં સ્પંદનો અને પમરાટ આપણે અનુભવીએ છીએ." ગુજરાતી સાહિત્યના પ્રખર વિદ્વાન શ્રી અનંતરાય રાવળનું આ બયાન આજે યાદ આવવાનું કારણ કવિશ્રી કલાપીનો જન્મદિન એટલે કે ૨૬ જાન્યુઆરી. ભારતીય પ્રજાસત્તાક દિન તો ખરો જ પણ ગુજરાતી ભાષાના કાવ્યસત્તાક દિન તરીકે સમર્થ કવિ - રાજવી - સંવેદનશીલ પુરુષ - શ્રીમાન સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'ના સંભારણાંનો ય દિન !

માત્ર ૨૬ વર્ષ જેટલું જ સાવ ઓછું આયખું જીવીને આ કવિએ ગુજરાતી કવિતાને અમીરાઈ અને અમરતા બક્ષી દીધી છે. આજની પેઢીને માટે તો એની પંક્તિઓ દંતકથા સમાન અને કહેવતો-રૂઢિપ્રયોગો જેવી બની ગઈ છે એ 'કલાપી'નું શબ્દ સંવેદન એના જીવનનો આંતરઝુરાપો પ્રકટ કરે છે. 'સૌન્દર્યો પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે', 'કલા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ કલા નહીં', 'માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું' અને 'હા ! પસ્તાવો - વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે' જેવી લોકજીભે રમતી કાવ્યપંક્તિઓ આપણા આ રાજવી કવિ કલાપીની કલમપ્રસાદી છે એ આજની પેઢીના ઘણા સામાન્યલોકને ય ખબર નથી !

અમરેલી જિલ્લાનું સાવખૂણાનું એક નાનકડું ગામ એટલે લાઠી. પણ ગુજરાતની શબ્દ પ્રેમી પ્રજા જેને કલાપીનગર તરીકે ઓળખે છે એ 'કલાપી' તીર્થ

સાચા અર્થમાં આપણી ભાષાનું તીર્થ છે. આપણી અમર કવિતાઓનું તીર્થ છે. પ્રત્યેક - એક એક નાના - મોટા ગુજરાતીજને કલાપીનગરનું આ શબ્દધામ - કવિધામની મુલાકાત, જીવનમાં માત્ર એક વખત પણ લેવા જેવી છે. આ સમર્થ - સહૃદયી શબ્દસેવી કવિની ૧૩૪મી જન્મજયંતિ અવસરે આ ખોબા જેવડા નગરે એક ભવ્ય અને મોટો સ્મરણોત્સવ યોજેલો. ગુજરાત રાજ્ય, જિલ્લા માહિતી કચેરી, માહિતી ખાતું અને કલાપી ટ્રસ્ટ દ્વારા શબ્દોત્સવ-સ્વરોત્સવનું સફળતમ આયોજન થયેલું.

શિયાળાની આ કડકડતી ઠંડી વચ્ચે પણ આ કલાપીનગરના ભાવકોએ સંઘવી કન્યાવિદ્યાલયનો સભાખંડ શબ્દસંવેદનોથી સભર કરી દીધો હતો. ગુજરાતી કવિતાના સુ-પ્રસિદ્ધ કવિઓ ભાગ્યેશ જહા, દલપત પઢિયાર, પ્રવીણ ગઢવી, હર્ષદ ચંદારાણા, હરીશ મંગલમ્, મનોહર ત્રિવેદી, ભરત વિંઝુડા, લાલજી કાનપરિયા, હરજીવન દાફડા, જયંતી પટેલ, સ્નેહલ જોશી અને કવિગણના સૂત્રધાર - જુવાન કવિ પ્રણવ પંડ્યા વગેરે કવિઓ કલાપીની યાદમાં મન મૂકીને મુક્ત કંઠે - મુક્ત સ્વરે ટહુક્યા હતા. આખું કલાપીનગર જાણે કે આ કવિના સંભારણાના સાગરમાં ઘુઘવાટ કરતું હતું. એક સમર્થ કવિ અને પ્રજાવત્સલ રાજવીની સ્મૃતિમાં એક નમણું-નિરાળું તીર્થધામ બને એ ઘટના સંસ્કાર-જીવન પોષક છે. કલાપી-તીર્થ સંગ્રહાલય સાહિત્ય, કલા અને સંસ્કૃતિના વારસાને જાળવવાના હેતુથી નિર્માણ પામ્યું છે. જેમાં ઐતિહાસિક લાઠી, રાજવી-કવિ કલાપીની આન-બાન-શાન અને આજનું લાઠી એમ ત્રિવિધ વિભાગોથી 'કલાપીતીર્થ' રૂડું બન્યું છે. આ શબ્દધામમાં કવિ કલાપીનું તથા કલાપી વિશેનું પ્રાપ્ય સઘળું સાહિત્ય છે. કલાપીનાં પેઈન્ટીંગ્ઝ, મ્યુરલ્સ, શિલ્પો, ફોટોગ્રાફસ, કલાપીના સમયની ચીજ-વસ્તુઓ, કલાપીનાં અને કલાપી વિશેનાં પુસ્તકો, કલાપીના હસ્તાક્ષરમાં પત્રો, પ્રણયપત્રો, કાવ્યો, હસ્ત-પ્રતો, કલાપીનાં કાવ્યોની ઓડિયો કેસેટસ્-સીડીઝ, ગ્રંથાલય તેમજ કલાપીનાં પ્રાપ્ત થઈ શકે તે તમામ સ્મૃતિચિહ્નો મેળવીને એક અનુપમ સંગ્રહસ્થાન બનાવાયું છે. કવિજીવ અને થોડો સમય જિલ્લા કલેક્ટર તરીકે યશસ્વી કામગીરી કરનાર શ્રી પ્રવીણભાઈ ગઢવીના સમર્થ પ્રયાસો થકી આ તીર્થધામ નિર્માણ પામ્યું અને એ પુરુષાર્થ માટે ગુજરાત સરકારે હમણા જ પ્રવીણભાઈ ગઢવીને પચ્ચીસ હજારના પુરસ્કાર માટેની ઘોષણા કરી. કવિ કલાપી-તીર્થ ટ્રસ્ટના નેજા હેઠળ શ્રી ઘનશ્યામસિંહજી રાણા, શ્રી ઘનશ્યામભાઈ ધોળકિયા, શ્રી જનકસિંહજી ગોહિલ, શ્રી રવજીભાઈ ડાંગર, શ્રી ધીરુભાઈ રીઝિયા





અને હાલના કલેક્ટર શ્રી ડી. જી. ઝાલાવાડિયા સાહેબના કલાપીપ્રેમ થકી કલાપીપ્રેમીઓ માટે એક યાદગાર સંધ્યા-રાત્રિ સૌનાં હૈયાને સ્પર્શી ગઈ. નાનકડા નગરમાં આવાં સંભારણાંયોગ્ય આયોજનો એ આપણી સાહિત્યપ્રીતિ અને સંસ્કાર ઘડતરના દ્યોતક છે. અમરેલીના કવિશ્રી હર્ષદ ચંદારાણા હંમેશાં આવા સફળ કાર્યક્રમોના સર્જક તરીકે પાયાના પથ્થર બનીને, શરીર સાથ નથી આપતું તોય જબરી દોડધામ કરીને કવિઓને, કલાકારોને, ભાવકોને ભેળા કરવાનું પુણ્યવંતુ કામ કરે છે. તો મનસુખ મકવાણા નામનો મસ્ત - ઓલિયા ફકીર જેવો કલાકાર, જેની રગરગમાં કલાપી ધબકે છે આ બધા 'કલાપીના ઘાયલ આત્માઓ' થકી આવા સુંદર આયોજનો અવિરત થતા રહે એ અત્યંત જરૂરી છે. આવતીકાલનો કવિ કલાપીના આ 'સાંભરણદિન' નિમિત્તે હે, ભાવકો ! આવો, તમેય મસ્ત કવિ કલાપીનું આ રોમેન્ટિક કાવ્ય મુક્ત કંઠે લલકારો :

**ફૂલ વીણ, સખે ! ફૂલ વીણ, સખે !**
**હજુ તો ફૂટતું જ પ્રભાત, સખે !**
**અધુના કળી જે વિકસી રહી**
**ઘડી બે ઘડીમાં મરતી દિસશે**
**સુમહોજ્વલ આ કિરણો રવિનાં**
**પ્રસરે હજુ તો નભ ઘુંમટમાં**
**ન વિલંબ ઘટે, કંઈ કાળ જતે**
**રવિ એ પણ અસ્ત થવા ઢળશે,**
**નમતાં શિર સૌ કુસુમો કરશે,**
**પછી ગંધ પરાગ નહીં મળશે**
**નહી ઉત્તમ અગ્નિ કાળ, સખે !**
**ભરે યૌવન આ મુજ રક્ત, સખે !**
**ગતિ કાળની ચોક્કસ ન હોય, સખે !**
**ભરતી પછી ઓટ જ હોય, સખે !**
**ફૂલ વીણ, સખે ! તક જાય, સખે !**
**ઢળતી થઈ તો ઢળતી જ થશે,**

**રજની મહીં ચંદ્ર ઊગે ન ઊગે,**
**હજુ દિવસ છે, ફૂલડાં લઈ લે,**
**ફરી લે, રમી લે, હસી લે તું સખે !**
**મૃગલાં રમતાં, તરુઓ લડતાં, વિહગો ઊડતાં,**
**કળીએ કળીએ ભ્રમરો ભમતા,**
**ઝરણું પ્રતિ હર્ષ ભર્યું - કૂદતું,**
**ઊગતો રવિ જોઈ ન શું હસતું ?**
**પછી કેમ વિમાસી રહ્યો તું ? સખે !**

સુપ્રસિદ્ધ બાંસુરી વાદક શ્રી સંજીવ ધારૈયા (અમરેલી)ના સંગીતનિદર્શનમાં અને કવિ હરેશ વળાવિયા તથા પ્રિય દોસ્ત - કવિ પ્રણવ પંડ્યાના સુંદર અને સફળ સૂત્રધારપણા હેઠળ જાણીતા ગાયકો શ્રી રોજેશ વ્યાસ, કવિ-ગાયક ડૉ. મનોજ જોશી (આ લખનાર) તથા હિમાંશુ મકવાણાએ કલાપીની ઉત્તમ રચનાઓની સ્વરપ્રસ્તુતિ દ્વારા 'યાદીભરી ત્યાં આપની'ને સભર-સભર કરી હતી. નાયબ માહિતી નિયામકશ્રી નટુભાઈ પરમાર (અમરેલી)નો ઉમળકો સૌને ભીંજવતો હતો. કવિ કલાપીના આવા મદભર-મનભર-મનહર શબ્દ-સ્વર સંભારણાં હૈયામાં ભરીને અમે કલાપીનગરીથી રાજકોટ તરફ આવતા હતા ત્યારે આકાશમાં શિયાળાની નીરવ રાત્રીમાં પ્રેમી કવિ કલાપી રોમેરોમે ઝંકૃત થતા હતા.

**અંજલિ :**
**ગઝલની દિવેટે મળે છે કલાપી,**
**સતત તેલ રૂપે બળે છે કલાપી,**
**ભૂમિ તેજવંતી કલાપીનગરની**
**અખંડ દીપ થઈ ઝળહળે છે કલાપી.**
**- હર્ષદ ચંદારાણા**





# હું રજકણથીયે હલકો છું, તો પર્વતથી યે ભારે છું : બેફામ

ગુજરાતી કાવ્ય સંગીત - સુગમ સંગીતના સદ્‌નસીબે આપણને કેટલા સમર્થ - સુંદર સ્વરયુગલો સાંપડ્યા છે. રાસબિહારી-વિભા દેસાઈ, જનાર્દન-હર્ષદા રાવલ, ક્ષેમુ-સુધા દિવેટીયા, (સ્વ.) અજિત-નિરુપમા શેઠ, પુરુષોત્તમ ઉપાધ્યાય-હંસા દવે, સોલી-નિશા કાપડીયા, સંજીવ-ગીતા મુનશી, સુધીર-રેખા ઠાકર (અહીં હજીય બે - પાંચ સ્વરયુગલોનો ઉમેરો કરી શકાય) વગેરે આપણી ગુજરાતી ભાષા અને વિશેષતઃ આપણો સમૃદ્ધ કવિતાવારસો સંગીતના લય-તાલના માધ્યમથી યુગો-યુગો સુધી જીવંત-ચિરંજીવી રહે તે માટે કેટકેટલા સ્વરકારો-ગાયકો સતત મથે છે, અને આમેય આપણા સૌની એ યથાર્થ અનુભૂતિ રહી જ છે કે લખાતા-છપાતા-બોલાતા-વંચાતા શબ્દ કરતાં ય ગવાતા શબ્દનો આપણે ત્યાં બહુ મોટો મહિમા છે. જે માણસ બિલકુલ અક્ષર જ્ઞાન ધરાવતો ન હોય, એટલે કે કાળા અક્ષર કુહાડે માર્યા બરાબર હોય એવા સૌ કોઈને ય ગવાતી વસ્તુ તરત જ ઝિલાય છે અને પ્રલંબ સમય સુધી એના સ્મૃતિ-હૃદય કોશમાં સ્થાયી રહે છે.

ગુજરાતના ગૌરવશાળી અને ગરવા ગાયક આશિત દેસાઈની સ્વરરચનાઓએ સુગમ-સંગીતને એક નવું પરિમાણ પ્રદાન કર્યું છે. આશિતને મૂછનો દોરો અને એના ટેરવાંને-કંઠને સ્વરો લગભગ સાથે જ ફૂટ્યા. શબ્દને સમજવાની, સૂરમાં ઢાળવાની તથા તે દ્વારા ભાવવિભોર કરવાની કળા દાદ માગી લે તેવી તલસ્પર્શી છે. માત્ર પ્રયોગશીલ સ્વરરચના સુધી સીમિત ન રહેતાં તેણે વાદ્યવૃંદનિયોજનમાં (ઓરકેસ્ટ્રેશન એરેન્જમેન્ટ) પણ ઘણા ઘણા સફળ પ્રયોગ કર્યા છે. સંગીતમાં શુદ્ધ શાસ્ત્રીય હોય, ઉપશાસ્ત્રીય હોય, સુગમ હોય કે પછી કોઈ પ્રદેશનું પોતીકું લોકસંગીત હોય, એ બધું આશિતભાઈએ પોતાની સ્વરરચનામાં સુયોગ્ય રીતે ઢાળ્યું

છે. ક્યાંક પાશ્ચાત્ય 'કોર્ડઝ-હાર્મની' કે 'કોર્ડ પ્રોગેશન'નો ઉપયોગ સ્વરનિયોજન અને વાદ્યવૃન્દ સંયોજનમાં સફળતાપૂર્વક કરે છે. આશિત જેમ ગાયક તરીકે ગીત, ગઝલ કે ભજનનાં સ્વરૂપ તદ્દન સ્પષ્ટ રીતે અલગ તારવીને રજૂ કરી શકે છે તેમ સ્વરકાર તરીકે પણ બહુમુખી પ્રતિભા ધરાવે છે. સ્વરરચનાનો કોઈપણ પ્રકાર તેમણે વણસ્પર્શ્યો રાખ્યો નથી. તેમણે ભરતનાટ્યમ્-ઓડીસી-કથક જેવી પ્રમુખ નૃત્ય પદ્ધતિઓ માટે પણ 'કમ્પોઝીશન્સ' કર્યાં છે તો વળી નાટક, નૃત્ય નાટિકા, ટીવી શ્રેણીઓ કે ફિલ્મ ક્ષેત્રે પણ સારું એવું સ્વરકર્મ કર્યું છે. પંડિત રવિશંકરજીના જમણા હાથ તરીકે વાદ્યવૃંદનું સંચાલન કરી, પોતાની યશકલગીમાં એક પીછું તો ઉમેર્યું, સાથો સાથ ગુજરાતને આંતરરાષ્ટ્રીય તખ્તામે ગૌરવ પ્રદાન કર્યું.

સોનામાં સુગંધ ભળે એમ આશિતને હેમા દેસાઈનો સાથ-સંગાથ અને સ્વરસાંપડ્યો. સ્વરની મીઠાશ, માવજત અને માર્મિક પ્રસ્તુતિમાં હેમા દેસાઈનું નામ આજે અગ્રેસર ગણાય છે. આશિતની સ્વરયાત્રાની સાચી સહભાગી અને જાણે આબેહુબ કલ્પનાને સાકાર કરી હોય તો હેમાએ જ કંઠની ફિરત (રેન્જ) અને વર્સટીલીટીને કારણે ગીત, ગઝલ, ભજન, ગરબા કે લોકગીત હોય એના ઢાંચામાં ઢળી પ્રસ્તુત કરીને ચિત્ર ખડું કરે છે. ૧૯૬૬ થી આરંભાયેલી આશિતની સ્વરયાત્રા શ્રોતાઓના ભાવજગતને તંતોતંત ઝંકૃત કરી પરમ સ્વરાનંદનો અનુભવ કરાવે છે. 'સૂર-વૈભવ' (૧૯૯૯) ઓડિયો કેસેટ આલબમ, જો કે હવે તો સીડી રૂપે પણ ઉપલબ્ધ છે. આવી ઉત્તમ કવિતાઓનો સ્વર દબદબો એટલે સૂર-વૈભવ. બરકત વિરાણી 'બેફામ' સાહેબ એવા જ એક સ-શક્ત ગઝલકાર કે જેમણે ગુજરાતી ગઝલને વિશ્વના સીમાડાઓ સુધી ગુંજતી કરી. બેફામ સાહેબની આવી જ એક 'કોર્નર ગઝલ' આશિતના દર્દસભર સ્વરાંકનમાં માણવા જેવી છે. ક્યારેક કોઈ ઉત્તમ રચના આપણા આડા કાને મુકાઈ ગયેલી હોય એ સાંભળવા મળે ત્યારે દિલ બાગ-બાગ થઈ જાયને ! તો હે, ભાવક ! આવો આજે આપણે આશિત-બેફામ સાહેબનું એ ઉત્તમ સ્વર-શબ્દ કર્મ માણીએ અને ભુલાઈ ગયેલી એ ગઝલને સાતમે પાતાળેથી હળવે કાને ઊંચકીને કાવ્યસંગીતના એ સ્વરવિશ્વને આચમનીએ :





**તબીબો પાસેથી હું નીકળ્યો દિલની દવા લઈને**
**જગત સામે જ ઊભેલું હતું દર્દો નવા લઈને**

**તરસને કારણે ન્હોતી રહી તાકાત ચરણોમાં**
**નહીં તો હું તો નીકળી જાત રણથી ઝાંઝવા લઈને**

**હું રજકણથી યે હલકો છું તો પર્વતથીયે ભારે છું**
**મને ના તોળશો લોકો તમારા ત્રાજવાં લઈને**

**ફક્ત એથી મેં મારા શ્વાસ અટકાવી દીધા 'બેફામ'**
**નથી જન્નતમાં જાવું મારે દુનિયાની હવા લઈને**

પ્રસ્તુત સ્વરાંકનમાં ફ્લ્યૂટ, મેન્ડોલીનનો અદ્ભુત સમન્વય થયો છે. તો બેઝ ગીટાર, સીન્થેસાઈઝર અને સાઈટ ઈફેક્ટસનો ઝીણો ઉપયોગ આખાય સ્વરાંકનને સભર બનાવે છે. એમાંય શબ્દની શક્તિ મુજબ 'સામે', 'લઈને', 'હલકો છું', 'ભારે છું', 'ના તોળશો', 'ફક્ત એથી' વગેરેમાં જે રીતે આશિત સ્વરભાર મૂકે છે અને સ્વરને જે રીતે લાડ લડાવે છે તેમાંથી જ આ ગઝલનું કાતિલ ઝીણેરું દર્દ ઊભરે છે. પણ એ બધું ઝીણા - સરવા કાને ઝીલીએ તો જ ! આવી સ્વરરચનાઓ ઊભાં ઊભાં કે હાલતાં-ચાલતાં ન પામી શકાય ! એને માટે તો કવિતાપ્રેમ અને સંગીતપ્રેમ અતિ અનિવાર્ય છે. અડધી રાતે, ઉદાસ જીવતર જેવા ઝાંખા અજવાળે આવું સ્વરાંકન, એક વખત નીંદર ત્યાગીને પણ સાંભળવા જેવું છે. સાંભળો છો ? સાંભળશો ?

**અંજલિ :**

**જીવતાં જો આવડે, તો રોજ જલસો છે જીવન**
**જાણતાં જો આવડે, તો રોજ જલસો છે જીવન**
**એક બીજાની બધીયે ભૂલની વાતો અહીં**
**ભૂલતાં જો આવડે, તો રોજ જલસો છે જીવન**

# ફૂલો લઈને નીકળો તો ટહુકા પણ સંભળાય.....

સાત અક્ષરનું નામ ધરાવતો અને સંગીતના સાત સૂરો સાથે અવારનવાર અવનવી સંતાકૂકડી રમતો કોઈ માણસ-કલાકાર-ગાયક-સ્વરકાર-સંગીતકાર-મ્યુઝિક એરેન્જર-નાટ્ય કલાકાર-કવિ-સૂત્રધાર... અધધધ... થઈ જવાયું ને ? હા, હું આટલી બધી લાં...બી યાદી તમારી સામે મૂકું છું એ એક જ કલાકારમાં આ બધું સંગોપાયેલું-સભર સભર પડ્યું છે. ને માત્ર સૌરાષ્ટ્ર-ગુજરાત કે ભારતમાં જ નહીં હવે તો દરિયાપારના દેશોમાં વસતા ગુજરાતીજનો-વૈષ્ણવજનો વચ્ચે પણ આ 'ઘણી બધી કલાઓનો જાણતલ' કલાકાર એટલે ભદ્રાયુ ધોળકીયા. ભદ્રાયુ અરવિંદ. હા, આકાશવાણી એને ભદ્રાયુ અરવિંદ તરીકે જ પ્રસ્તુત કરે છે. આપણી જૂની-યશસ્વી પેઢીના (સ્વ.) અરવિંદભાઈ ધોળકિયાને તો સૌરાષ્ટ્રવાસી કેમ ભૂલી શકે ? આકાશવાણીના માધ્યમથી વર્ષો સુધી આપણી કાવ્ય સંગીત-ભક્તિ સંગીત-હવેલી સંગીત-નાટ્ય સંગીત પરંપરાને પુષ્પિત કરનાર અરવિંદભાઈ ધોળકિયાનો શબ્દ સ્વર વારસો ભાઈ ભદ્રાયુજી એ ઉત્તમ રીતે ગૌરવાન્વિત કરીને પ્રસ્થાપ્યો છે. તાજેતરમાં જ ગુજરાત સરકાર દ્વારા રાજકોટના ભિન્ન-ભિન્ન ક્ષેત્રના સર્જકોને 'ગૌરવ પુરસ્કાર'ની ઘોષણા થઈ તેમાં ભદ્રાયુ ધોળકીયાનું નામ પણ ગૌરવભેર સામેલ છે. મને ઘણીય વખત કેટલાક અંગત મિત્રો અને 'આચમન'ના નિયમિત ભાવકો તરફથી 'ભદ્રાયુ ધોળકિયા'નાં સ્વરાંકન વિશે લખો એવા પ્રેમ ઈજન મળતાં હતાં. પણ ઘણી વખત 'સાવ પાસેનું' આપણને દેખાતું નથી હોતું એવુંય બનતું હોય છે. અથવા આપણા સાવ પોતીકા હોય-અંગત હોય-પ્રેમી હોય એમના વિશે લખવાનું-કહેવાનું ઝટ સૂઝે નહીં એમેય હોય ! આપણી ગુજરાતી કાવ્યસંગીત યાત્રામાં ભદ્રાયુ ધોળકિયા અગ્રેસર છે. કેટલાક વર્ષોથી ગુજરાતી સુગમ સંગીત-ભક્તિસંગીત માટે આ કલાકાર અથાક મથામણ કરે છે. અરે, સુગમસંગીતને સંપૂર્ણ





જીવન જ સમર્પિત કરી શકાય એ માટે 'સૂરફરેલ' (માથાફરેલની જેમ જ !) આ માણસે પોતાની બેંકની, અધિકારી તરીકેની નોકરીને ય રજા આપી દીધી ! (એનેય ઘણા વરસ થઈ ગયા !) આવી તો સુરીલી અને શબ્દિલી એવી કેટલીય હિંમત એના ભાથામાં છે !

ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના સુગમ સંગીતના વર્કશોપ્સ હોય, આકાશવાણી-દૂરદર્શનના સુગમ સંગીતીય પ્રકલ્પો હોય, ગુજરાતી નાટકોમાં સંગીત નિદર્શન હોય, ઈટીવીના ગુજરાતી કાર્યક્રમો હોય કે 'ટી' સીરીઝની ગુજરાતી સુગમ-ભક્તિ શ્રેણીની દશ્ય-શ્રાવ્ય કેસેટસ કે સીડીઝ હોય... (આ યાદીય એટલી લાં...બી થતી જ રહે એવું છે) એ બધામાં ક્યાંક ને ક્યાંક તમને ભદ્રાયુ ધોળકિયાનો ભેટો થાય, થાય ને થાય જ ! 'જનનીની જોડ', 'સુડી વચ્ચે સોપારી', 'તાક્ ધીના ધીન', 'અગ્નિકાલ' (હિન્દી ફિલ્મ), 'સૂરતાલની સંતાકૂકડી', 'સુરસિંગાર', 'રેતીના જવતલ', 'વાવ', 'આંખોની આરપાર' વગેરે અને 'શ્રીનાથજીની ઝાંખી' દ્વારા ભદ્રાયુ 'ઘેર ઘેર નંદ ભયો'ની જેમ 'ઘેર ઘેર ભદ્રાયુ ભયો' એવું કહેવું જોઈએ ! આ માણસે ગુજરાતના ખૂણે-ખૂણે ફરીને ગુજરાતી કાવ્યસંગીતનું, ખાસ કરીને ઊગતી પેઢીમાં સિંચન કરવાનું કામ કર્યું છે. અને આજે ય કરતા જ રહે છે. તો મુંબઈ, પુના, નાસિક, ચેન્નાઈ, ગોવા, હૈદરાબાદ, ઔરંગાબાદ, નાથદ્વારા, પથમેડા, લંડન, બેંગકોક, થાઈલેન્ડ, લેસ્ટર, મસ્કત, ન્યૂજર્સી, ન્યૂયોર્ક, શિકાગો એમ દુનિયાના ખૂણે ખૂણે જઈને ગુજરાતી કાવ્યસંગીત અને વૈષ્ણવ ભક્તિ સંગીતની આહલેક જગાડી છે. સંગીત ક્ષેત્રમાં 'ભદુમામા' તરીકે સૌના પ્યારા આ કલાકારે 'અમે શિવ રંજની' નામની સુગમ સંગીતની સંસ્થા દ્વારા અવિરત સ્વરકાર્ય ચાલુ જ રાખ્યું છે. વિશેષતઃ સમૂહગીતોની પ્રસ્તુતિમાં આ સંસ્થાનું નામ અને કામ ગૌરવવંતું છે. અમદાવાદ, વડોદરા, મુંબઈના દૂરદર્શન કેન્દ્રોને પણ 'અમે શિવરંજની'ના સમૂહ ગીતોની જરૂરત રહેતી જ હોય છે. આમ સુગમ સંગીત ક્ષેત્રમાં અવનવી પદ્ધિતઓ અને પ્રયોગો તથા પ્રસ્તુતિમાં સતત વ્યસ્ત આ કલાકાર ખૂબ જ અચ્છા સ્વરકાર છે. આજની નવોદિત યુવા ગાયક પેઢીના ઘણા ઓછા લોકોને એ ખબર હશે કે ભદ્રાયુ ધોળકિયાના સ્વરાંકનો સમયના ખૂણામાં સંતાઈ ગયેલા છે. ગુજરાતી કાવ્ય સાહિત્યના સુપ્રસિદ્ધ કવિઓનાં કેટલાય કાવ્યોને ભદ્રાયુ ધોળકીયાની સ્વરાંકન શક્તિનો લાભ મળ્યો છે. અસંખ્ય બાળગીતોનાં સ્વરાંકનો વિશે તો એક સ્વતંત્ર લેખ કરવો પડે એટલું સ્વરકાર્ય ભાઈ ભદ્રાયુજીએ કર્યું છે.

ભદ્રાયુ ધોળકિયાના સ્વરાંકનોના ખજાનામાંથી આજે એક મોતી 'આચમન'ના ભાવકો માટે મૂકવાનું મન થયું છે. જાણીતા કવિ ભગવતીકુમાર શર્માની એક ખૂબ જ જૂની રચના-ગઝલ. આ સ્વરાંકન પણ 'વીસરાતા સૂર'ની જેમ મારા સ્વર સંગ્રહાલયમાં સચવાયેલું છે. આકાશવાણી-દૂરદર્શનના 'આર્કાઈવ્ઝ'માં પણ ભદ્રાયુ ધોળકિયાનું આ સ્વરાંકન સમૂહસ્વરમાં અકબંધ છે. (જેમાં આ લખનારનો પણ એ નાનકડો સૂર સામેલ છે) તો 'સોલો' (વ્યક્તિગત) અને 'કોરસ' (સમૂહસ્વર) એમ બન્ને અભિવ્યક્તિમાં પ્રસ્તુત કરી શકાય એવું ભદ્રાયુ ધોળકિયાનું આ સ્વરાંકન લ્યો, તમેય... તુમ ભી ગુનગુનો યાર...

**પત્રો અને પત્રો અને પત્રોની આ નૌકા**
**ફૂલો ભરી નીકળ્યો છું ને સંભળાય છે ટૌકા**
**ડાબે અને જમણે છે સમય કેરા બે કાંઠા**
**સેતુરૂપે તું પત્રને મૂકી રહી તરતા**
**જળ ક્યાં છે હવે જળ ? જળ ક્યાં છે હવે જળ !**
**છે સુગંધો તણો દરિયો, તણો દરિયો**
**તું જળમાં વહેતા મૂકે, આ પત્રના દીવા...**

પ્રસ્તુત સ્વરાંકનમાં 'ટૌકા...ટૌકા...', 'તરતા... તરતા' અને 'દીવા... દીવા' એ શબ્દોની અદ્‌ભુત સ્વરપ્રસ્તુતિ, પુનઃપુનઃ સ્વરુકિત આપણને ભીંજવી જાય છે. એક વખત સાંભળ્યા પછી આ રચનાના શબ્દો તમે લખવા બેસો કે તરત જ સાથે સાથે તમેય ગણગણવા લાગશો. કેટલીક શબ્દકૃતિઓની જેમ જ કેટલીક (જ) સ્વરકૃતિઓ ય પણ કાળજયી હોય છે. ભદ્રાયુ ધોળકિયાની આ સ્વરકૃતિ પણ કાલજયી-સ્વરજયી છે.

**અંજલિ :**
**આ વખતે તો ખૂબ છોલાવું પડ્યું,**
**દર્દ પાછું સ્મિતમાં ગાવું પડ્યું**
**જેમને મેં છેતર્યા' તા કો'ક દિવસ**
**એમનાથી રોજ સંતાવું પડ્યું.**





## આ નાનકડા 'સ્વર'નો મોટો પડછાયો છે

ગોધરા જેવડા નાનકડા નગરમાં-ખૂણામાં બેસીને પણ કલાયાત્રાનો આનંદ માણી શકાય છે અને નૂતન સ્વરસર્જન અને સંગીતની આરાધના કરતાં-કરતાં પણ ભાવકોના હૃદયમાં સ્થાન લઈ શકાય છે. વાત છે ગાયક દંપતી (હવે તો એનો સ્વરપુત્ર 'સ્વર' પણ) રિષભ મહેતા અને ગાયત્રી મહેતાની. મજાની વાત તો એ છે કે, અધ્યાપન કાર્યની સાથે સાથે સ્વરસાધના અને નિજાનંદ માટે તથા ગુજરાતી ભાષાની ઉત્તમ કવિતાઓનાં પ્રસાર માટે રિષભ-ગાયત્રી અવિરત કાર્યરત છે. રિષભ મહેતા ગોધરાની બાજુના ગામ કાંકણપુરની ગાર્ડી આર્ટ્સ-કોમર્સ કોલેજમાં આચાર્યના પદ પર ફરજરત છે. જ્યારે તેમનાં સ્વરપત્ની ગાયત્રી મહેતા પણ ગોધરાની જ આર્ટ્સ-સાયન્સ કોલેજમાં અધ્યાપક તરીકે સેવા બજાવે છે. આમ પતિ-પત્ની બન્ને અધ્યાપકો છે.

શિક્ષણ અધ્યયનની સાથે સાથે ગુજરાતી કાવ્ય સંગીતને સમર્પિત છે, આ સ્વરયુગલ. બીનવ્યવસાયિક રીતે - અરે, ક્યારેક તો પોતના પૈસા ખર્ચીને પણ રિષભ-ગાયત્રી આ ગુજરાતી સુગમ સંગીતની સ્વરમય પ્રવૃત્તિઓ માટે પ્રાણ પાથરી દે છે. આપણી માતૃભાષાનાં ઉત્તમ ગીતો-રચનાઓ જનસમૂહ સુધી પહોંચે અને ગુજરાતી પ્રજા આપણી આ કાવ્યસંગીતની સમૃદ્ધ પરંપરાને જાળવે અને સંવર્ધે માટે સમગ્ર ગુજરાતમાં આ સ્વરદંપતી સુગમ સંગીતના કાર્યક્રમો પ્રસ્તુત કરતા રહે છે. એમના સ્વરયુગલમાં હવે તો એક નાનકડો સૂર ઉમેરાયો છે. એટલે કે રિષભ-ગાયત્રીનો ટેણિયો, જેનું નામ 'સ્વર' છે. એ પણ મમ્મી-પપ્પા સાથે લાઈવ પ્રોગ્રામમાં પોતાનો મધમીઠો-ઝીણો સૂર પુરાવે છે. થોડા સમય પહેલાં જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવન દ્વારા આ અધ્યાપક-ગાયક સ્વરદંપતીના સુગમ સંગીતના કાર્યક્રમનું

સુંદર આયોજન યુનિવર્સિટીના જ પરિસરમાં સેનેટ હોલમાં યોજાયેલું.

વિશેષતઃ આપણા લાડીલા કવિ (સ્વ.) રમેશ પારેખની યાદમાં આ કાવ્ય સંગીતનો ઉપક્રમ યોજાયેલો. અંગ્રેજી ભવનનાં અધ્યાપક અને ભિન્ન-ભિન્ન સાહિત્યિક-શૈક્ષણિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અભિરુચિ ધરાવનાર પ્રા.ડૉ.જયદીપસિંહ ડોડિયા તથા ભવનાધ્યક્ષ પ્રા. ડૉ. કમલ મહેતાએ આ સ્વરાંજલિ-ભાવાંજલિનું આયોજન કર્યું હતું. વળી આચાર્ય-અધ્યાપક-ગાયક-સ્વરકાર રિષભ મહેતા પણ અંગ્રેજી વિષયના જ અધ્યાપક હોવાથી આ ગાયક દંપતીનો વિશેષ સહકાર મળ્યો હતો.

ગાયક અને સ્વરકાર રિષભ મહેતાએ ગુજરાતી ભાષાની ઘણી ઉત્તમ કવિતાઓનાં સ્વરાંકનો કર્યા છે અને આ સ્વરયાત્રામાં તેમના સ્વરિલ પત્ની ગાયત્રી મહેતા પણ પોતાનો સૂર પુરાવીને સાચા અર્થમાં સંગાથી બની રહ્યાં છે. તો આ દંપતીનો નાનકડો દીકરો સ્વર પણ હવે તો એમની સાથે 'લાઈવ પર્ફોમ' કરી રહ્યો છે. રાજકોટ ખાતેનાં કાર્યક્રમ વખતે આ ટચુકડા કલાકારે રમેશ પારેખનું જ એક સુંદર બાળગીત ગાઈને સૌ શ્રોતાજનોની જબરી 'દાદ' મેળવી હતી. એટલું જ નહિ પરંતુ ભાવકોએ 'વન્સમોર' 'વન્સમોર' કહીને આ સુરીલા 'સ્વર'ની સ્વરશક્તિને બિરદાવી હતી.

આપણે ત્યાં ગુજરાતી સાહિત્યમાં બાળકો-કિશોરોને સ્પર્શતું બાળ-કિશોર સાહિત્ય પ્રમાણમાં બહુ જ ઓછું સર્જાય છે. સર્જકોને આવા સાહિત્યના સર્જનમાં રસ ઓછો જણાય છે. (આર્થિક વળતર કાંઈ નહીં ને ! એટલે ?!) પણ આપણા સમર્થ કવિ રમેશ પારેખે અદ્‌ભુત અને સશક્ત-સબળ એવું બાળ-કિશોર સાહિત્ય મબલખ સર્જ્યું છે. રમેશ પારેખનાં બાળગીતો તરફ આપણું ધ્યાન જ ઓછું ગયું છે. ખરેખર રમેશ પારેખે લખેલાં બાળગીતો ગાઈએ ત્યારે મોટી વયનાં લોકોને પણ એમાં આનંદ અને હળવાશ મળે છે. આપણા 'કદીય ન ભુલાતા' સ્વરકાર (સ્વ.) પરેશ ભટ્ટનું 'હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠા' એ ર.પા.નું બાળગીત કોણ ભૂલી શકે ? પરેશ ભટ્ટનું એ સ્વરાંકન માઈલ સ્ટોનરૂપ છે. ગુજરાતી ભાષામાં જેમ બાળ સાહિત્યની અછત છે તેમ ગુજરાતી કાવ્ય સંગીત ક્ષેત્રે પણ બાળગીતોનાં સ્વરાંકનો ઓછા જ મળે છે. બહુ ઓછા સ્વરકારોએ બાળગીતોનાં સ્વરાંકનો કર્યાં





છે. રાસબિહારી દેસાઈનું 'એકડો સાવ સળેકડો ને બગડો ડીલે તગડો' એ પણ યાદગાર-માણવા જેવું સ્વરાંકન છે. અમદાવાદનાં શ્યામલ-સૌમિલ મુનશીએ પણ આપણા બાળગીતોનાં સ્વરાંકનો માટે સ્વર પુરુષાર્થ કર્યો છે.

રિષભ મહેતાએ પોતાના સ્વરપુત્ર 'સ્વર' પાસે એક બાળગીત ગવડાવ્યું જેનું સ્વરાંકન પણ રિષભભાઈનું જ છે. રમેશ પારેખની આ શબ્દરચના માણવા જેવી છે. ખાસ વાત એ છે કે, રમેશ પારેખનું આ બાળગીત ભાગ્યે જ ક્યાંય મળે છે ! એમની સમગ્ર કવિતા 'છ અક્ષરનું નામ'માં પણ આ રચના નથી. પડછાયો જોઈને એક બાળકનાં મન-હૃદયમાં શું શું થાય ! એની સરળ-સહજ શબ્દોમાં રમેશ પારેખે બહુ કોમળ-શિશુસહજ વાત આ ગીતમાં મૂકી છે. કાવ્ય અને સ્વરાંકન બન્ને ઉત્તમોત્તમ છે. વાંચો/સાંભળો :

**આ મારો પડછાયો છે,**
**આ મારો પડછાયો છે.**
**જોને મમ્મી મારા જેવો**
**એ પણ કેવો ડાહ્યો છે.**
**મારી સાથે ચાલે છે, મારી સાથે રમે છે,**
**મારી સાથે કૂદે છે, મારી સાથે જમે છે.**
**હુંય એને ગમું છું, એય મને ગમે છે,**
**તું નવડાવે ત્યારે એ પણ મારી સાથે નાહ્યો છે.**
**આ મારો પડછાયો છે,**
**આ મારો પડછાયો છે.**
**હું જ્યારે ઊંઘુ છું ત્યારે એ ક્યાં જાય છે !**
**અંધારામાં શોધું છું ત્યારે એ ક્યાં ખોવાય છે !**
**એની મમ્મી કોણ છે ! કોણ એનો ભાઈ છે !**
**કેમ કદી એ નથી બોલતો, શા માટે રિસાયો છે!**
**આ મારો પડછાયો છે,**
**આ મારો પડછાયો છે.**

રમેશ પારેખનું આ અદ્‌ભુત બાળગીત સ્વર મહેતાએ જ્યારે આત્મપ્રતીતિ પૂર્વક અને સુરીલા સ્વરમય સ્વરે રજૂ કર્યું ત્યારે ઘડીભર સૌ કોઈ પોતાની ઉંમર ભૂલીને બાળપણમાં સરી પડ્યાં હતાં ! કાવ્યની અને એની સ્વરમય પ્રસ્તુતિનાં શ્રવણની એ જ તો અસલ મજા છે બાપુ...! આટલી નાની વયે સુગમ સંગીતનાં સૂરક્ષેત્રમાં ગાઈને આ બાળ કલાકારે કમાલ કરી હતી. સ્વરને હૃદયપૂર્વકના સ્વરાશિષ અને સ્વરિલા અભિનંદન. રિષભ-ગાયત્રી મહેતાને પણ સ્વરવંદન...

**અંજલિ :**

**સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે**
**તો બાળકાવ્ય પામતાં પહેલાં બાળક બનવું પડે !**





## કોઈને કહેવાની વાત ઝાકળનાં ટીપાં થઈ જાય ત્યારે.....

અમરેલી આ ચાર અક્ષરનું નામ ક્યારેય, ક્યાંય પણ વાંચીએ લખીએ, બોલીએ કે સાંભળીએ કે કહીએ ત્યારે આ ચાર અક્ષરની સાથે તરત જ એક છ અક્ષરનું નામ ર-મે-શ-પા-રે-ખ તરત જ સાંભરણમાં સળવળે. કોઈ એક આખ્ખું નગર કવિના નામે જ ઓળખાતું હોય એ સમગ્ર વિશ્વના સાહિત્યક્ષેત્રની એક આગવી અને વિશિષ્ટ પરંપરા છે. આજે ભલે ર.પા. આપણી વચ્ચે સદેહે નથી પણ તોય એમના શબ્દકર્મ થકી સમગ્ર ગુજરાતી પ્રજાના હૈયે અમરેલી એટલે રમેશ પારેખનું ગામ અને રમેશ પારેખ એટલે અમરેલી એમ અન્યોન્ય બન્ને નામો પૂરક-પર્યાય થઈ ગયાં છે.

આ રમેશ પારેખના અમરેલી ગામમાં આપણો, ગીત-ગઝલનો એક આગવો કવિ વસે છે અને શબ્દોને શ્વસે છે. ગુજરાતી કાવ્યોનો કોઈ ભાગ્યે જ એવો ભાવક હશે જે હર્ષદના નામથી અજાણ હોય ! બલ્કે આજે પણ અમરેલીની સમગ્ર સાંસ્કૃતિક આબોહવામાં આ કવિનું અને મળવા જેવા માણસનું નામ સુગંધની જેમ પ્રસરે છે. અરે, કોઈપણ ક્ષેત્રનો કલાકાર હોય અને એનું આગમન અમરેલીમાં થાય તો એના ડાયરા કે મહેફિલ કે ભાવભર્યા ઉતારા હર્ષદ ચંદારાણાને ફળિયે જ હોય હોં ! એ પછી ગીતા-સંજીવ મુનશી, સુધીર-રેખા ઠાકર જેવા કાવ્ય સંગીતના કલાકારો હોય કે ‘આખર ચી આત્મકથા’ નાટકના, કપિલદેવ શુકલના નાટ્ય કલાકારોનો કાફલો હોય કે કોઈપણ ચિત્રકાર, શબ્દકાર, શિલ્પકાર, નૃત્યકાર હોય આ સૌનો હોંકારો એટલે હર્ષદ ચંદારાણા.

ગુજરાતી કાવ્ય સંગીતનો એક બળુકો સ્વરકાર સુરેશ જોશી (હાલ મુંબઈ) તો આ કવિના ફળિયામાંથી જ પાંગર્યો છે અને પ્રસર્યો છે. રમેશ પારેખ સાથેની ‘પાક્કા

ટેહા જેવી ભાઈબંધી'થી હર્ષદ ચંદારાણાનું કવિ તરીકેનું પોત ઘડાયું છે. ર.પા. વિશેની અસંખ્ય અલબેલી વાતો આ કવિની છાતીમાં સચવાયેલી-ધરબાયેલી છે. કવિ હર્ષદ ચંદારાણા પ્રમાણમાં ભલે લખે છે ઓછું પણ આછું નથી લખતાં ! શ્રી અને સરસ્વતી એ બન્નેનો સંગમ થયો છે આ કવિમાં. પણ તોય ક્યાંય એના વ્યવહારમાં કે મિત્રતામાં શ્રીની સિદ્ધિનો અહમ્ જોવા ન મળે એવો સંવેદનશીલ છે આ કવિ. એ મુખ્યત્વે ગઝલ-સર્જક છે. હા, કેટલાંક ઉત્તમ ગીતો પણ એની રસવંતી કલમે આપ્યાં છે.

ગુજરાતી સુગમસંગીતના લભભગ સ્વરકારોએ-ગાયકોએ આ કવિને ભરપૂર ગાયો છે. સમર્થ-સ્વરહસ્ત સ્વરકારોથી લઈને નવોદિત સ્વરકારોએ પણ હર્ષદભાઈની રચનાઓને સ્વરન્યાય આપ્યો છે. અને સૌથી વધારેમાં વધારે સ્વરાંકનો સુરેશ જોશીએ કર્યાં હશે, કદાચ. કેમ કે સ્વરકાર સુરેશ જોશી અને કવિ હર્ષદ ચંદારાણાએ અમરેલીમાં સુગમ સંગીતની પ્રવૃત્તિઓ પ્રસ્થાપિત કરવા-વિકસાવવામાં એમનો આત્મા રેડી દીધો છે. સુરેશે કરેલાં અને ગાયેલાં સ્વરાંકનો આજે પણ મારા 'સુગમસંગીતાલય'માં ધ્વનિ મુદ્રિત સ્વરૂપમાં સચવાયેલા છે. જેમ કે :

**એમ એ પરબીડિયામાં કોઈ કાગળ નીકળે**
**આ અષાઢી આભમાં પણ ખાલી વાદળ નીકળે**

● ● ●

**સ્હેજ અટકું ને પછી અંજળ લખું**
**રોજ તારું નામ લઈ મૃગજળ લખું**

● ● ●

**પત્ર ખોલું, પત્રમાંથી નીકળું**
**એ જ ક્ષણથી પૂર્ણ તેજે ઝળહળું**

અને મુંબઈના સંગીતકાર-સ્વરકાર-ગાયક ઉદય મઝુમદારે ગાયેલું આ અમરેલવી કવિનું આ ગીત તો કેમ ભૂલાય ?

**ઝાંખો પાંખો સાંજ તણો અજવાસ કે આઘે કોઈ બોલાવે**
**આંખો ખોલી ઊભું સૂકું ઘાસ કે આઘે કોઈ બોલાવે**





અને ઉદય મઝુમદારનું જ એક ઔર સ્વરાંકન પણ સાંભળવા જેવું છે :

**મારા આંગણામાં ઊભા રખોપિયા રે પાન અવસરના**
**કેળ, શ્રીફળ દાદાજીએ રોપિયા રે પાન અવસરના**

અમરેલી જઈએ એટલે હર્ષદ ચંદારાણા આપણા માટે ઓળઘોળ થઈ જાય. એનું આતિથ્ય માણેલા ગીતા-સંજીવ મુનશી તો આજે પણ અમેરિકા બેઠાં-બેઠાં આ કવિને ભાવભર્યા સ્નેહથી યાદ કરે છે. રાજકોટના રાજેશ વ્યાસે પણ આ કવિના એક ગીતનું સરસ સ્વરાંકન કર્યું છે. ગાયું છે. 'આછો આછો રે અંધાર, ખોલે બંધ રહેલાં દ્વાર' એ રાજેશ વ્યાસના સ્વરમય જીવનનું પહેલ વહેલું જ સ્વરાંકન છે. આજે તો રાજેશ વ્યાસની સુરીલી દિકરી દેવાંશીના કંઠે પણ આ સ્વરાંકન સાંભળવા જેવું છે.

ક્ષેમુ દિવેટિયાના સ્વરપુત્ર માલવ દિવેટિયાએ પણ હર્ષદ ચંદારાણાનું એક ગીત સ્વરાંકિત કર્યું છે અને સુગમ સંગીતના જાણીતા ગાયક સંજય ઓઝા પાસે આ સ્વરાંકન ગવડાવ્યું છે. 'સંગીત સુધા'નો દસ કેસેટોનો જે સંગીતપ્રકલ્પ ક્ષેમુભાઈએ આપ્યો છે તે કેસેટના છઠ્ઠા ભાગમાં, કેસેટની 'બી' સાઈડમાં ચોથું ગીત તે કવિ હર્ષદ ચંદારાણાનું શ્રવણવા જેવું ગીત છે. સંજય ઓઝાએ ખૂબજ-ભાવપૂર્ણ સ્વરે આ ગીત ગાયું છે. આ ગીતમાં ઉપયોગમાં લેવામાં આવેલ વાદ્યો થકી પણ આ સ્વરાંકનની 'હાઈલી ઈમેજ' અનુભવાય છે. કી-બોર્ડ, વાંસળી, ગીટાર, સાઈડ ઈફેક્ટસ્ અને તબલાના માધ્યમથી આ સ્વરાંકન અનુભૂતિજન્ય બન્યું છે. એમાંય સ્થાયી-અંતરાની પંક્તિઓની પશ્ચાદ્ભૂમાં સંભળાતી 'ઢોલકની થાપી' થી તો આ ગીત રણઝણતું બન્યું છે. માલવ દિવેટિયાનું, ખૂબ જ ઓછું - ભાગ્યે જ સાંભળવા મળતું આ સ્વરાંકન અમરેલીવાસીઓની સાથે ચાલોને, આપણેય કાન-હૃદય માંડીને સાંભળીએ :

**આખીયે રાત તને કહેવાની વાત મેં બોલ્યે રાખી**
**તો થયાં ઝાકળનાં પાંચ સાત ટીપાં...**
**હોઠે જો હોત એ પંખીનું ગીત થઈ**
**છોડી હું દેત એને ફળિયાની ડાળના માળામાં**
**પગની જો થાત એ રણઝણતી ઝાંઝરી**
**મૂકી હું દેત એને સત્તરમા ઓરડે તાળામાં**

**અરે આંખોથી, ખોબાથી, ફૂલોથી, પાનેથી**
**કેમે સચવાયના, ઝાકળનાં પાંચ સાત ટીપાં...**
**પહેલું કિરણ જ્યાં સોયની અણી થઈ**
**સૂરજનું ખૂંપ્યું તો ફૂટ્યાં કાળા ડિબાંગ પરપોટા**
**બીજું કિરણ જ્યાં ટીપાંને સ્પર્શ્યું ત્યાં**
**ટીપામાં પડી ગયાં જળનાય કારમા તોટા**
**મારા બોલ્યાનો નાદ, તને કહેવાની વાત ને**
**અંધારી રાત થયા દિવસ જેવા જ ખાલીપા...**

આવું સુંદરગીત સર્જવા માટે આપણી ધરતીના આ વ્હાલેરા કવિ હર્ષદ ચંદારાણા (મોબા. ૯૮૨૫૦-૭૫૧૭૫)ને હરખીલા અભિનંદન તો માલવ દીવેટિયા (૦૭૯-૨૬૭૩૪૭૭૦) તથા સંજય ઓઝાને પણ સ્વરિલા અભિનંદન...... !

**અંજલિ :**
**સઘળે વરસે છે બારોબાર એમ**
**મારી અંદર ક્યારે વરસશેં બોલ ?**
**હું તો રજકણ - તલભર છું કહું કેમ ?**
**આવ, સ્હેજ પંપાળીને, હવે તું મને ખોલ !**





# લ્યો, ધરો કાન તો સંભળાવું તમને વાદળાના કાફલાનું ગીત.....

કવિ જગદીશ જોશી ગુજરાતી ગીત કવિતાનો ફોરમતો-મહોરતો ગુલમહોર છે. આ 'આચમન'ની કોલમ (કટાર સ્થંભ)માં આપણે સાહિત્યિક સાંસ્કૃતિક અને ખાસ કરીને સાંગીતિક કૃતિઓનો શ્રવણાસ્વાદ માણીએ છીએ. હું તો ચીસ પાડી પાડીને એક જ વાત, ફરી ફરીને, પુનરુક્તિ કરીને કહી જ રહ્યો છું કે ગવાતી ગુજરાતી કવિતાનો કેફ જ કૈં ઔર છે... તમે પણ અનુભૂતિ કરી જોજો (કે કરી જ હશે !) કે 'ગવાતી કવિતા' તમને વધારેને વધારે યાદ રહેશે. વાંચેલી કે કોઈએ ભણાવેલી સમજાવેલી કવિતા આપણને ભાગ્યે જ યાદ રહે છે ! હમણાં-હમણાં મારા ઘરની ઓડિયો સીસ્ટમ પર ક્ષેમુ દિવેટીયાના સ્વરાંકનોનો દરિયો (ઓડિયો સી.ડી.રૂપે) લહેરાય છે. એટલે એમના માણવા જેવા-શ્રવણવા જેવા, હૃદયસ્પર્શી સ્વરાંકનોની વાત અહીં શબ્દદેહે માંડવાનો નમ્ર-યત્કિંચિત્ પ્રયાસ કરતો રહું છું.

જંપેલા તળાવને કોઈ સૂર્યનું કિરણ કાંકરીચાળો કરે તો શું થાય ? અને આભ પોતાની છાતીમાંથી જળનો ધોધ વરસાવે તો એને એનો અફસોસ થોડોક થાય ? (સ્વ.) કવિ જગદીશ જોશીએ 'અનુભૂતિ' શીર્ષકથી ૧૯૭૦માં એક ગીત લખ્યું હતું, એ ગીત કવિના મૃત્યુ બાદ એમની સમગ્ર કવિતા 'ધારો કે એક સાંજ આપણે મળ્યાં' એ કાવ્યગ્રંથના બત્રીસમા પાન પર મળે છે. સમગ્ર કવિતાનું શીર્ષક જે ગીત પરથી અપાયું એ ગીત 'ધારો કે એક સાંજ આપણે મળ્યાં અને આપણે હળ્યાં પણ આખા આ આયખાનું શું ?' મુંબઈના (સ્વ.) અજિત શેઠના સ્વરાંકનમાં, સુ-પ્રસિદ્ધ ગાયક ભૂપેન્દર સિંઘે ગાયેલું છે અને ગુજરાતી કાવ્યસંગીતના હજ્જારો ચાહકો ભાવકો પાસે એ સચવાયેલું પણ છે / હશે. આજે પણ આકાશવાણી-એફએમ રેડિયોના માધ્યમથી આ ગીત અવારનવાર પ્રસારણની પાંખે પ્રસારિત

થાય છે. એ ગીતની વાત તો અહીં ‘આચમન’માં જ ફરી ક્યારેક માંડીશું પણ આજે તો મારે જે ગીત અને એના સ્વરાંકનની વાત કરવી છે તે ગીત ઓછું જાણીતું અને માંડ માંડ ક્યારેક-ક્યારેક જ સાંભળવા મળે એની છે. ક્ષેમુ દિવેટિયાએ આ ગીતનું સ્વરાંકન કર્યું છે અને સુગમ ગાયિકા માલિની પંડિતના મધુરમય સ્વરમાં આ ગીત સાંભળવા મળે છે. ‘સંગીત સુધા’ ઓડિયો કેસેટ પ્રકલ્પની પ્રથમ ભાગની કેસેટની ‘એ’ સાઈડમાં પાંચમા ક્રમે આ ગીત ધ્વનિમુદ્રિત થયેલું છે. તો લ્યો, ધરો કાન તો સંભળાવું તમનેય તે આ વાદળાના કાફલાનું ગીત જેમાં વાદ્યવૃંદનું સંકલન પણ સમગ્ર ગીતને સભર સભર કરીને આપણા કાન દ્વારા હૈયાને પુલકિત કરે છે. સાંભળો :

**પાંદડી તે પી પીને કેટલું રે પીશે કે મૂળિયાંને પડવાનો શોષ ?**
**આભ જેવા આભને હૈયામાં હોય કદી જળના વરસ્યાનો અફસોસ ?**
**એક પછી એક મોજાં આવે ને જાય એને કાંઠે બેસીને કોણ ગણતું ?**
**વાદળાના કાફલાનું ગીત અહીં લ્હેરખીમાં રેશમનો સૂર રહે વણતું,**
**ઉઘાડી આંખે આ જાગતા ઉજાગરાને આઘાં પરોઢ આઠ કોશ !**
**નીંદરતી આંખ મહીં ઊમટીને ઊભરાતું જાગે છે સપનાનું ટોળું,**
**કિરણોની એક એક કાંકરીઓ નાખીને જંપ્યું તળાવ નહીં ડ્હોળું**
**આખા આકાશને ઓઢીને ઠરવાનો જળને છે ઝીણો સંતોષ !**

જે સભર છે તે નિશ્ચિત છે. કલ્પવૃક્ષ કે કામધેનુ ઈચ્છા કે અપેક્ષાના ઘોડાપૂરથી અકળાતાં નથી. વરસાદને તરસના હિસાબ ન હોય કે ન હોય ખૂટી જવાની ચિંતા. આ વરસાદી વાતાવરણમાં જરા જુદા પ્રકારે વરસાદની વાત કવિ જગદીશ જોશી કરે છે. આપણી અંદર સળવળતી-ટોળે વળતી સંવેદના જ આપણને ઉઘાડી આંખે જાગતો ઉજાગરો કરાવે છે ત્યારે પરોઢ કેટલું દૂર થઈ જાય છે ! આંખમાં નીંદરે ઘેરો તાણ્યો હોય અને સપનાંઓનું ટોળું જાણે કે નીંદરની ચોકી કરતું જાગતું હોય એ અનુભૂતિ કવિની સ્વ-ઓળખ છે. આપણે સૌ કોઈ દરિયા કાંઠે તો ક્યારેક ફર્યા જ હશું ! દરિયા કાંઠે ઊભા ઊભા આપણી સન્મુખ, પગ પાસે આવીને પાછા ફરી જતાં મોજાંનો હિસાબ આપણે કદી રાખીએ છીએ ? પ્રયત્ન કરીએ તો પણ કાંઠે બેસીને આ મોજાંની ગણતરી નહીં કરી શકાય ! મોજાંના





સ્વભાવમાં જ છટકવું-સરકવું સમાયેલું છે. જગદીશ જોશીના આ અને આવા અ-પ્રચલિત ગીતોનાં ઘણા સ્વરકારોએ ઉત્તમ સ્વરાંકનો કર્યાં છે અને ઘણા સુગમ સંગીતના ગાયકો દ્વારા એ પ્રસ્તુત થયાં છે. થાય છે. પણ ઘણી વખત ફિલ્મીગીતોની જેમ અતિ પ્રસિદ્ધ પ્રચલિત ગીતોના વાયરામાં આવા ખૂણે લપાયેલા રૂડાં-રૂપાળાં સ્વરાંકનોથી ભાવક વંચિત રહી જતો હોય છે. એને માટે આપણે બહારનો ઘોંઘાટ દૂર હડસેલી, સાચા-સારા ઉત્તમ ગીતોના સ્વરાંકનોને પલાંઠી વાળીને સાંભળીએ અને એ મેળવવા માટે થોડોક પુરુષાર્થ કરીએ તો આવા ગીતો-સ્વરાંકનો તો ક્યારના આપણા ‘કાન’ની રાહ જુએ છે. સાચે જ એક ઉત્તમ રચના અને એનું ઉત્તમ સ્વરાંકન, વળી, એની ઉત્તમ ગાયક દ્વારા ઉત્તમ સ્વરપ્રસ્તુતિથી આપણા કાન-આપણું હૈયું ગુલમ્હોરી ગુલાલ થઈ જાય છે હોં... !

**અંજલિ :**

**છુટ્ટો છવાયો ભમતો-ઘૂમતો તું કેમ આવે ?**
**વરસ તું સૂપડાધારે તો જ અમને મજા આવે !**
**તું નાહક બદનામી વ્હોરે છે સાંભળ ઓ, વરસાદ !**
**નેણ નીતરે તને ઝંખવા, હૈયું વ્યાકુળ કેમ તુંને મનાવે ?**

## શબદુંનોય સાદ ન પહોંચે ત્યારે આપણે રહેવું ચૂપ !

પ્રિયકાન્ત મણિયારનું, ભૂપિન્દરના કંઠમાં સચવાયેલું, આડા કાને મુકાઈ ગયેલું એક અદ્‌ભુત ગીત.....

આ 'આચમન'ના આંગણે ગયા શુક્રવારે આપણે ક્ષેમુ દિવેટિયાના એક સ્વરાંકનનો શ્રાવ્યાસ્વાદ લીધેલો એ કેફ હજુ ય કાનમાં ગુંજ્યા કરે છે, પડઘાયા કરે છે અને સ્વરની ઝીણી સંવેદના વિસ્તર્યા કરે છે અંદર-અંદર. આજે પણ 'સંગીત સુધા'ની સ્વરયાત્રાનું જ એક સ્વરાંકન અહીં અવતરિત કરવું છે. ગુજરાતી ગીત કવિતાનો એક લીલેરો મુકામ એટલે (સ્વ.) પ્રિયકાન્ત મણિયાર. ગુજરાતી સાહિત્યમાં ગીત કવિતાના ઉન્મેષોમાં અને ગેયાત્મક કવિતાના સંદર્ભે આ કવિનું નામ, હજુ આજે ય અગ્રેસર છે. 'આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધારે' એ ગીત કયો ગુજરાતી ગીત ભાવક ભૂલી શકે ? અરે, ગુજરાતી કાવ્યસંગીત (સુગમ સંગીત)માં પ્રારંભ કરતા ગાયકો-સ્વરકારો માટે તો આ ગીત અને એનું સ્વરાંકન પ્રવેશ દ્વાર સમાન છે. સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભિન્ન-ભિન્ન સ્વરૂપે અને સ્તરે આ ગીત આપણા સૌનું એવું તો 'લાડકું ગીત' બની ગયું છે કે સૌ કોઈ એને હોંશે હોંશે ગાય છે.

આપણા લગભગ તમામ ગુજરાતી સ્વરકારોએ પોતાના સ્વરાંકનો બિન ગુજરાતી ગાયકો પાસે સફળ રીતે ગવડાવ્યાં છે અને વર્ષો પૂર્વે ગવડાવાયેલા એ સ્વરાંકનો આજે ય એટલાં જ તરોતાજા અને, જો રસરુચિ કેળવે તો આજની પેઢીને ય પણ સ્પર્શી જાય, યાદ રહી જાય એવાં છે. આપણા જૂની પેઢીના સફળ સ્વરકાર ક્ષેમુભાઈએ પણ ઘણા બિન ગુજરાતી ફિલ્મ સંગીત ક્ષેત્રના ગાયકો પાસે એમના





ગુજરાતી સ્વરાંકનો સફળતાપૂર્વક પ્રસ્તુત કરાવ્યાં છે. હિન્દી ફિલ્મ સંગીતના એવા જ એક ધુરંધર ગાયક-ખરજના સ્વરોના માલિક ભૂપિન્દર (સિંઘ) પાસે ક્ષેમુદાદાએ, આપણા લોકપ્રિય ગીતકવિ પ્રિયકાન્ત મણિઆરની એક ખૂબ જ ઓછી જાણીતી ગીત રચના 'સંગીત સુધા'ના ઓડિયો સંપુટમાં ગવડાવી છે. ભૂપિન્દરનું નામ યાદ આવતાં જ આપણને તરત જ આપણો વેદનાશીલ કવિ (સ્વ.) રાવજી પટેલ અને સ્વરકાર (સ્વ.) અજિત શેઠ આ બન્ને નામો સ્મરણે ધસી આવે છે. 'મારી આંખે કંકુના સુરજ આથમ્યા' એ ભૂપિન્દરના દર્દીલા અવાજમાં રજૂ થયેલી ગુજરાતી ભાષાની કરુણતમ કરૂણપ્રશસ્તિ છે. આ ભૂપિન્દરના સ્વરમાં ક્ષેમુભાઈનું, હવે તો આડા કાને મુકાઈ ગયેલું એક અદ્‌ભુત ગીત માણવા જેવું છે હોં...

**લીલો રે રંગ્યો રે જેણે પોપટો ધોળો કીધો જેણે હંસ**
**સઘળે રંગ રે ચીતર્યો મોરલો એનો ઓળખવો છે રે અંશ**
**નજરું નાખી આખા આભલે જેની ભરી રે ભૂરાશ**
**જલનો લાગ્યો રે મીઠો ઘૂંટડો માણી આંબળાની તૂરાશ**
**કાનજીની કાયા ગણું કેટલી ધર્યું રાધાનું ય રૂપ**
**શબદુંનો સાદ નહીં પ્હોંચતો મારી રસના તો અવ ચૂપ !**
**હે, જી લીલો રે રંગ્યો રે જેણે પોપટો ધોળો કીધો જેણે હંસ**

રાધા-કાનના સંદર્ભ-પ્રતીકો લઈને પ્રિયકાન્ત મણિઆરે આપણી ગીત કવિતાને ખૂબજ રળિયાત કરી છે. ભૂપિન્દરના કેળવાયેલા ઘેઘૂર ખરજના સ્વરોમાં ખાસ કરીને આ ગીતમાં આવતા 'હંસ' અને 'અંશ' એ બે શબ્દો ઉપર ક્ષેમુભાઈએ જે ઝીણું-ઝીણું સ્વરકાર્ય કર્યું છે તેને ભૂપિન્દરે બરાબર સ્વરસાત્-આત્મસાત્ કરીને ભાવથી ગાયું છે. એ ઝીણા કાને ઝીલવાની સ્વરઘટના છે. પીઝા-બર્ગર ખાતાં-ખાતાં એ સ્વરાંકનનું ઝીણું સ્વર સૌંદર્ય ન પામી શકાય. ક્યારેય ન પામી શકાય. એટલે જ તો ગીતનો સ્હેજ મર્મ પકડતા કવિ-ઉદ્‌ઘોષક તુષાર શુકલ કહે છે કે, પોતાના લીલા વિસ્તારનું રસપાન કરતા આપણા સૌ ઉપર ઈશ્વરે 'એન્ટરટેઈન મેન્ટ ટેક્સ' નથી નાખ્યો એ એનો પરમ ઉપકાર જ ને ! એના સર્જનવિશ્વને જ નિહાળો ને ! કેટલાક જોવા મળે માત્ર અન્યના પડછાયા રૂપે તો કેટલાક પ્રતિબિંબાય પરસ્પરમાં. આ રાધા જ જુઓને કૃષ્ણના જ આવર્તન સમી ! કૃષ્ણ જેવો રસિકવર

પ્રભુ અન્ય કોઈ નથી અને એ કેવો તો બહુરૂપી છે કે વિધ વિધ રૂપ ધરે એમાં ક્યારેક એ ખુદ રાધાનું ય રૂપ લઈ લે છે! હવે આ કૃષ્ણલીલાને તમે કેમ પામો ? એટલે જ તો કોઈએ કીધું છે ને કે કૃષ્ણને પમાય નહીં એને તો પ્રેમ જ કરાય ! માત્ર પ્રેમ-પ્રેમ અને પ્રેમ જ ! ક્ષેમુદાદાના આ અદ્‌ભુત સ્વરાંકન (રેર કમ્પોઝીશન)માં વાદ્યવૃંદનું સંયોજન પણ કમાલનું છે ! સીતાર, વાયોલીન, વાંસળી, તબલાં અને બેકગ્રાઉન્ડમાં ધીમો-ઝીણો મંજીરાનો ગુંજારવ આપણને સમગ્ર સ્વરાંકનમાં ઊંડે-ઊંડે સ્વરસ્થ-સમાધિસ્થ કરી દે છે. આવા અપૂર્વ સ્વરાંકનોની મજા એ છે કે એને વારેવારે અવિરત-સતત અનવરત સાંભળ્યા જ કરવા પડે તો જ એની બારીકાઈને પામી શકાય. ભૂપિન્દરે આ ગીતમાં 'હંસ' અને 'અંશ' શબ્દોની પ્રસ્તુતિમાં જ પોતાની ગાયકીની સમજદારીનો-સ્વરાંકનને આત્મસાત્ કરવાની કળાનો પરચય આપી દીધો છે. આવા ઉત્તમ સ્વરાંકનોના થોડાકેય 'અંશ'ને જો આપણે પામી શકીએ તો જીવતર ભયો ભયો નહિતર.....

આપણી ભાષાની આવી કાવ્યમાધુરી માટે આપણી તરસ હોવી જોઈએ. ગુજરાતી સુગમ સંગીત પરત્વે આપણે થોડીક અભિરુચિ કેળવીએ તો આવા કાવ્યમોતી જરૂર આપણને સાંપડશે.

**અંજલિ :**

**કિસ્મત પર રોતા નથી એ કદી કશું ખોતા નથી**
**કોણ હશે એ પ્રિયજન ? જે નામ પણ લખતા નથી**
**ના આપશો એને હાથ, જે સ્હેજ પણ હસતા નથી**





## આંસુમાં કેમ શોધવું સ્મિત ?
## શબ્દોના નીડમાં ખોવાયું ગીત !

કવિ જગદીશ જોશી ગુજરાતી ગીત કવિતાનો લીલો ટહુકો છે. રાવજી પટેલની જેમ આ કવિએ પણ જીવનનું દર્દ પોતાની સ્વાનુભૂતિની કવિતામાં ગાયું છે. ગુજરાતી સાહિત્યને ઉત્તમ કાવ્યોની મબલક મોસમ આપીને આ કવિ ન જવાની ઉંમરે જતો રહ્યો ! પણ આજેય એમનાં ગીતો-ગઝલો-અછાંદસની કાવ્યસરિતા ગુજરાતી પ્રજાના હૈયે અને સંગીતકારો-ગાયકોના સ્વરોમાં અવિરત વહી રહી છે. એમની સમગ્ર કવિતા પણ 'ધારો કે એક સાંજ આપણે મળ્યા.....' સંગ્રહમાં સમાવિષ્ટ છે. વર્ષો પૂર્વે નિરુપમા શેઠે ગાયેલું 'ખોબો ભરીને અમે એટલું હસ્યા, કે કૂવો ભરીને અમે રોઈ પડ્યાં' એ ગીત હોય કે, આપણી ફિલ્મ સંગીતની દુનિયાના સમર્થ ધુરંધર-દર્દસભર અવાજના માલિક ભૂપેન્દરે (સીંઘ) ગાયેલું એ સુ-પ્રસિદ્ધ ગીત 'ધારો કે એક સાંજ આપણે મળ્યાં' એ ગીત કયો ગુજરાતી કાવ્યસંગીતનો ભાવક ભૂલી શકે ?

ગઈકાલના અને આજના સ્વરકારો-ગાયકોને એક સરખો અનુભવાયેલો આ કવિ વેદનાનો કવિ છે. કહો કે લીલી વેદના-મૂંગી વેદનાનો કવિ છે. ગુજરાતી ભાષાની ગીત કવિતાની સમૃદ્ધિ જગદીશ જોશીના ગીતોમાં મબલક વિસ્તરેલી છે. પુરુષોત્તમ ઉપાધ્યાયથી માંડીને અનંત વ્યાસ - ડો. ભરત પટેલ સુધીના સ્વરકારોને આ કવિ ખૂબ - ખૂબ સ્પર્શ્યો છે. થોડા સમય પૂર્વે જ રાજકોટના સુગમ સંગીતના સ્વરકાર - ગાયક અનંત વ્યાસ દ્વારા ગુજરાતી કાવ્ય સંગીતની 'દિલાવરી'નું ઉત્તમ રીતે પ્રગટન થયું. હમણાં-હમણાં ગુજરાતી કાવ્યસંગીતની દિશામાં સારું કામ થઈ રહ્યું છે. એનો ભાવક પણ વધ્યો છે, વિસ્તર્યો છે. જગદીશ જોશીની લયબદ્ધ-

સ્વરાંકિત એવી તો ઘણીય ગીતરચનાઓનો સ્વરવારસો આપણી પાસે સચવાયો છે. આકાશવાણી-દૂરદર્શનના માધ્યમથી પણ ઘણી વખત આ કવિની ગેયાત્મક રચનાઓ પ્રસ્તુત થતી જ રહે છે.

સ્વરકાર-ગાયક અનંત વ્યાસે આ કવિની એક ગીત રચનાનું સ્વરાંકન કર્યું છે. આ સ્વરાંકને ગુજરાત રાજ્ય સુગમ સંગીત (હળવું કંઠય સંગીત)ની યુવક મહોત્સવની સ્પર્ધામાં બે વખત શ્રેષ્ઠ હળવા કંઠય સંગીત તરીકે પુરસ્કાર મેળવ્યો છે. યોગાનુયોગ એ સ્વરાંકન પ્રસ્તુત કરનાર પિતા-પુત્રી જ છે. ઘણાં વર્ષો પૂર્વે ગાયક રાજેશ વ્યાસે જગદીશ જોશીનું આ જ ગીત, અનંત વ્યાસના સ્વરાંકનમાં રજૂ કરીને રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તો હમણાં જ, આ વર્ષે સિદ્ધપુર-પાટણ ખાતે યોજાયેલ ગુજરાત રાજ્ય યુવક મહોત્સવમાં રાજેશ વ્યાસની દીકરી કુ. દેવાંશી વ્યાસે પણ વર્ષો પછી આ જ સ્વરાંકન ગાઈને રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું ! આ પણ કેવો વિશિષ્ટ યોગાનુયોગ - સ્વરાનુયોગ ! તો 'આચમન'ના ભાવકો માટે જગદીશ જોશીનું એ સુ-પ્રસિદ્ધ (સુપરહીટ) ગીત પ્રસ્તુત છે :

**શબ્દોના નીડમાં ખોવાયું ગીત હવે મારે એકાન્ત એને ખોળું !**
**માણસની ભીડમાં ખોવાયું સ્મિત હવે આંસુમાં કેમ કરી ખોળું ?**
**કોઈ દિવસ સાંભળ્યું કે ફૂલોના બાગમાં રઝળે છે સૂનમૂન સુગંધ ?**
**કોઈ દિવસ સાંભળ્યું કે વાદળના કાફલાને હૈયે નહીં જળનો ઉમંગ ?**
**આ તે કેવી અભાગિયાની રીત કે બાવળની કાંટયે પતંગિયાનું ટોળું !**
**પાસે બોલાવીને પૂછશો નહીં કે મારા લયની ઘૂઘરીઓ કેમ તૂટી ?**
**રસ્તામાં ક્યાં ? કેમ ! છૂટ્યો છે હાથ, બંધ પોપચામાં વેદનાને ઘૂંટી !**
**રેતીમાં ક્યાંય નહીં ચરણો અંકિત હવે શમણાંના દરિયાને ડહોળું.**

મુંબઈમાં શ્વસીને ગુજરાતી ગીત કવિતાને ઊજળી કરનાર કવિ જગદીશ જોશીની આ ગીત કૃતિનું અનંત વ્યાસે કરેલું સ્વરાંકન એક વખત માણવા જેવું છે. એમાંય ખોળું..... ખોળું..... ટોળું..... ડહોળું..... એ શબ્દોની સ્વરકારી તો અદ્‌ભુત અને શ્રવણીય છે. ફૂલોના બાગમાં રઝળતી સૂનમૂન સુગંધ અને બાવળના કાંટા પાસે ફરફરતું પતંગિયાનું ટોળું અને બિડાયેલા પોપચામાં ઢબૂરાયેલી





આકરા જીવતરની વેદના એ બધું જ સ્વરકારે આત્મસાત્ કરીને આ સ્વરાંકનમાં રેડ્યું છે. ગીત જેટલું સમૃદ્ધ છે એટલું જ આ ગીતનું સ્વરાંકન પણ સમૃદ્ધ છે, સમર્થ છે, અસરકારક છે.

**અંજલિ :**

**શબ્દોનું ઝાડ મને પંખી બનાવે હું**
**ઝીણું ઝીણું ઝંખું તું ક્યારે આવે ?**
**ગામને પાદર તો ધોધમાર ખાલીપો**
**મારી રેઢિયાળ રાતોને તું કેવી સતાવે ?**

# કાચું કાવ્ય, સબળું સ્વરાંકન

ક્યારેક કોઈ સુંદર ગીત સાંભળવા મળે છે ત્યારે જીવતરનો થાક ઊતરી જાય છે. ઘણી વખત એવું અનુભવાયું છે કે કોઈ ઉત્તમ સ્વરાંકન કાન દ્વારા છેક આપણી અંદરના અસ્તિત્વ સુધી પહોંચે છે ત્યારે હૃદય પુલકિત થઈ જાય છે. મારી થોડાક વર્ષોની સાહિત્યિક / સાંગીતિક પ્રવૃત્તિઓ થકી મારી પાસે મુદ્રિત કાવ્યો અને ધ્વનિમુદ્રિત સ્વરાંકનોનો મબલખ દરિયો લહેરાયો છે. એમાં ગુજરાતી સાહિત્યની અસંખ્ય ઉત્તમ કવિતાઓ અને એનાં સ્વરાંકનો છે. ઘણી વખત એવું પણ બને છે કે કાવ્ય ઉત્તમ હોય પણ એનું સંગીતીકરણ નબળું હોય, તો સામા પક્ષે એ જ રીતે કાવ્ય નબળું હોય પણ એનું સ્વરાંકન સબળ હોય. આજે એવા એક કાવ્ય-સ્વરાંકનની વાત મમળાવીએ.

આપણા જાણીતા કવિ-વિવેચક/સંપાદક સુરેશ દલાલના સાહિત્યિક કર્મથી ભાગ્યે જ કોઈ ગુજરાતીજન અજાણ હશે. મુંબઈનગરમાં વસતા આ કવિ ગુજરાતી ભાષા માટે ઘણુ ઘણું મથે છે. એમણે કરેલા સાહિત્યિક શ્રમની માત્ર એક યાદી લખીએ તો આ લેખ પણ ટૂંકો પડે. એમણે લખેલા કેટલાક ગુજરાતી ગીતો આજે પણ ગવાય છે. સંભળાય છે. એમાંય 'લીલ લપાઈ બેઠી જળને તળિયે, સૂર્ય કિરણને એમ થયું કે લાવ જઈને મળીએ' એ રચનાનું સ્વરાંકન શ્રવણાસ્વાદીય છે. તો વર્ષો પૂર્વે લખાયેલું અને હિન્દી ફિલ્મોના સુ-પ્રસિદ્ધ પાર્શ્વગાયક ભૂપેન્દ્ર (સિંઘ) ગાયેલું 'લાવ નદીના તટ પર તારું નામ લખી દઉં' એ ગીત આજે પણ ઘણી વખત આકાશવાણી દ્વારા સાંભળીએ છીએ ત્યારે દિલ બાગ બાગ થઈ જાય છે. પણ ઘણી વખત સર્જકને અમુક-તમુક વિષયના થીમ આપીને, તેની પાસે 'ફરજિયાત' લખાવવામાં આવે ત્યારે, એ પ્રકારની 'વ્યાવસાયિક માંગ' (Commercial Demand) ને કારણે સફળ-સબળ કાવ્ય પ્રાપ્ત થતું હોતું નથી.





ગુજરાતી સાહિત્યમાં આવી અનેક કાવ્ય રચનાઓ સર્જાઈ છે. એ વિશે વિગતે ફરી ક્યારેક પણ આજે અહીં કવિ સુરેશ દલાલના જ એક એવા કાવ્યની વાત મૂકવી છે કે જેનું સ્વરાંકન આપણા જાણીતા સ્વરકાર-ગાયક શ્રી આશિત દેસાઈએ કર્યું છે. જે સ્વરાંકનની દૃષ્ટિએ અદ્‌ભુત-ઉત્તમ સ્વરાંકન છે. પણ કાવ્યતત્ત્વની દૃષ્ટિએ સુરેશ દલાલનું આ ગીત ઘણું ઊણું ઊતરે છે.

જાણીતી ઓડિયો કંપની 'નવરસ' દ્વારા થોડા વર્ષ પૂર્વે સુગમ-ભક્તિ સંગીતની એક ઓડિયો કેસેટ-સી.ડી. 'જય જય શ્રીનાથજી' પ્રગટ કરવામાં આવી. જેમાં વૈષ્ણવ સંપ્રદાયના હવેલીના દૈનિક કાર્યોની 'થીમ' ઉપર કવિ સુરેશ દલાલ પાસે કાવ્યો લખાવાયા અને સ્વરકાર/ગાયક આશિત દેસાઈ પાસે તેના સ્વરાંકનો કરાવાયા. અને એ ગીતો ભારતના ટોચના ગાયકો પાસે ગવડાવવામાં આવ્યા. જેમાં આશિત-હેમા દેસાઈ ઉપરાંત પુરુષોત્તમ ઉપાધ્યાય, અનુપ જલોટા, જગજીતસિંઘ, હરિહરન, લતા મંગેશકર જેવા 'કંઠસ્થ' ગાયકોના સ્વરોનો લાભ મળે છે.

'જય જય શ્રીનાથજી'માં હવેલીની દૈનિક ક્રિયાઓ જેવી કે મંગળા, શણગાર, ગ્વાલ, રાજભોગ, ઉથાપન, ભોગ, આરતી અને શયન જેવા મનોરથોની સ્વરાંકિત અભિવ્યક્તિ થઈ છે. ઓડિયો કેસેટ-સી.ડી.ની સાથેના આકર્ષક 'રેપર'માં જ જે તે ગાયકોએ ગાયેલા પદની મુદ્રિત પ્રત (Printing Text) પણ આપવામાં આવી છે. જો કે મારે અહીં 'શયન' મનોરથનું પદ કે જે મુલાયમ ગાયક હરિહરન પાસે ગવડાવવામાં આવ્યું છે તે 'મોરપીંછની રજાઈ ઓઢી, તમે સૂવોને શ્યામ, અમને થાય પછી આરામ'ના સ્વરાંકનની વાત કરવી છે તે ગીત જ આ કેસેટ-સી.ડી.ના 'રેપર'માં છપાયેલું નથી. એ 'ઝીણી ભૂલ' તરફ ધ્યાન દોરું છું. મેં એ આખું પદ કેટલીય વખત સાંભળી-સાંભળીને તેનો પાઠ મેળવ્યો હતો. તો ચાલો, સૌ પ્રથમ એ પદ જ તમને સંભળાવું, સાંભળો :

**મોરપીંછની રજાઈ ઓઢી તમે સૂવોને શ્યામ**
**અમને થાય પછી આરામ**
**મુરલીના સુરના ઓશીકાં રાખો અડખે પડખે**
**તમે નીંદમાં કેવા લાગો ?**
**જોવાને જીવ વલખે રાત પછી તો રાતરાણી થઈ**
**મ્હેકી ઊઠે આમ**

**અમે તમારા સપનામાં તો નક્કી જ આવી ચઢશું**
**આંખ ખોલીને જોશો ત્યારે, અમે જ નજરે પડશું**
**નીંદ્રા, તંદ્રા, જાગૃતિમાં**
**ઝળહળ ભર્યો દમામ**
**મોરપીંછની રજાઈ ઓઢી,**
**તમે સૂવોને શ્યામ**
**અમને થાય પછી આરામ**

હવે સાહિત્ય દૃષ્ટિએ મૂલવવા જઈએ તો આ પદના શબ્દો આપણને જોડકણાં જેવા લાગે. કાવ્યતત્ત્વનું સ્હેજ પણ ઊંડાણ એમાં ન અનુભવાય. માત્ર પ્રાસાનુપ્રાસની ઝળહળ ઝમક એમાં દેખાય. પરંતુ સ્વારંકન દૃષ્ટિએ, આ પદ 'જય જય શ્રીનાથજી' કેસેટ, સી.ડી.નું ઉત્તમોત્તમ સ્વરાંકન છે. સમર્થ સ્વરકાર આશિત દેસાઈએ સમર્થ ગાયક શ્રી હરિહરન પાસે આ પદ ઉત્કૃષ્ટ રીતે ગવડાવ્યું છે. એમાંય પદની પંક્તિઓની વચ્ચે વચ્ચે વાંસળી, સીતાર જેવા ભારતીય વાદ્યોનો ઉત્તમ પ્રયોગ આ સ્વરાંકનને શ્રેષ્ઠતમની કક્ષાએ પહોંચાડે છે. એ તો સ્વરાંકન સાંભળીએ તો જ અનુભવાય એવી ઘટના છે. હરિહરન જેવા બિન ગુજરાતી ગાયક પાસે ગુજરાતી રચના શુદ્ધ ઉચ્ચારણો સાથે ગવડાવવી એ પણ એક મોટી સિદ્ધિ-ઉપલબ્ધિ છે અને હરિહરને હૃદયની ઉત્તમ ભાવભિવ્યક્તિથી, સંવેદનસભર સ્વરે આ સ્વરાંકન ગાયું છે. એ વાત પણ નોંધવી ઘટે. 'જયજય શ્રીનાથજી'ની અન્ય રચનાઓ પણ આવી શબ્દાળુતાથી પ્રચુર રચનાઓ જ છે. સાહિત્ય-સાંગીતિક પ્રવૃત્તિઓમાં આજે 'મીડીયા'ને કારણે ઘણી પ્રગતિ થઈ છે પરંતુ 'વ્યાવસાયિક જરૂરત' (Commercial Need) ને કારણે ઘણી વખત કાચાં કાવ્યો પણ આપણા સુધી પહોંચે છે એ પણ એક હકિકત જ છે.

ખેર... અર્થોપાર્જનની દૃષ્ટિથી પણ આવી સાંસ્કૃતિક ઘટનાઓ બને છે તે આપણા અને આપણા સાહિત્યના, આપણી ભાષાના હિતમાં જ છે. કેમકે આજે શબ્દ અને સંગીતક્ષેત્ર સાવ પ્રદૂષિત થઈ ગયું છે એવા વાતાવરણમાં આવા સ્વરાંકનો આપણી સ્વરીચ્છાને સબળ બનાવે છે. આપણી શ્રુતિને સમૃદ્ધ કરે છે.

**અંજલિ :**
**ન્હોતી ખબર કે શહેરના લોકો અંધ છે.**
**'રમેશ' આવ્યો તો અરીસા વહેંચવા**





## જોઈએ સુખ બધાંને પોતીકાં,
## કોણ પીડા પરાઈ માગે છે

એ ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં મારી પાસે અધ્યયનરત હતો ત્યારથી જ એ કાવ્યરત હતો. સ્વભાવે શરમાળ-આંતરમુખી કિરીટ ગોસ્વામીએ પછી તો ગુજરાતી કાવ્ય સર્જનક્ષેત્રે ખૂબ સારું શબ્દકાઠું કાઢ્યું છે. પ્રેમમાં પડી જવાય એવા સુંદર-મરોડદાર અક્ષરોથી કાવ્યો-પત્રો લખતો-વલખતો આ કવિ સંવેદવા જેવો કવિ છે. (કમ્પ્યુટરના અક્ષરોય એની આગળ પાણી ભરે હોં !) જામનગરની શ્રી મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં ભાષા-સાહિત્યનો શિક્ષક જીવ શબ્દસંવેદનનો સર્જક જીવ છે. બે હથેળીમાંથી યાદનું એક લીલું પાન ખરીને પળનું (ક્ષણનું) પાન બની જાય ત્યારે કવિતા પ્રગટતી હોય છે. કિરીટ ગીતો લખે, ગઝલો તો જોરદાર લખે, ક્યારેક અછાંદસમાં આંટાફેરા મારે, તો ક્યારેક લલિત નિબંધો એવા લખે કે, એનો વતનઝુરાપો (નોસ્ટાલ્જિયા) આપણો ય ઝુરાપો બની જાય. કિરીટના લલિત નિબંધો આપણી આવતીકાલનો ઉજાસ છે. રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ એવોર્ડ મળે તોય 'મન અભિમાન ન આણે રે'ની જેમ એ એની શબ્દિલ મોજમાં અને મસ્તીમાં જ રમમાણ રહેતો હોય છે. એ બોલે ખૂબ જ ઓછું પણ લખે ત્યારે બધુંય સાટું સામટું વાળી દે એવો કવિ છે. આમેય બોલવા કરતા તો લખવામાં જ મોજ-માલ છે હોં દોસ્ત, અહીં તો બોલનારા કરતાં હવે 'બબડનારા'ની સંખ્યાઓ જ વધતી ચાલી છે. એની તને ક્યાં ખબર નથી ? હે, પ્રભુ ! આ બબડનારાઓથી બચાવ!

ભાઈ કિરીટ ગોસ્વામીએ આપણને બે કાવ્યગ્રંથો ('બે હથેળી'-૧૯૯૫, 'યાદનું એક લીલું પાન'-૧૯૯૯) આપ્યા છે અને હજુ ત્રીજો કાવ્યગ્રંથ 'ખરતાં પળનાં પાન' હવે રુમઝુમ રુમઝુમ આવી રહ્યો છે પણ મને તો એના લલિત

નિબંધોની રાહ છે. રાજકોટને જેણે વતન બનાવ્યું છે તે મસ્ત ગાયક ઓસમાણ મીરની ઓળખ હવે કોઈને આપવાની હોય નહિ ! મોરારિબાપુને કિરીટ ગોસ્વામીની આ ગઝલ જે ઓસમાણે ગાઈ છે તે ખૂબ જ સ્પર્શી છે. બાપુ તો ઘણીય વખત કિરીટની આ ગઝલને વ્યાસપીઠ ઉપરથી લાડ લડાવે છે. પ્રિય ગાયક-દોસ્ત ઓસમાણે 'દર્દ કા નશા' ઓડિયો આલબમમાં પણ આ ગઝલને સ્થાન આપ્યું છે. ઉપરાંત ઓસમાણ ઘણી વખત લાઈવ પ્રોગ્રામમાં પણ આ ગઝલ પેશ કરે છે. ખૂબ જ સરળ-સહજ (નિર્દંભ) શબ્દોમાં અને ખૂબ ઓછા શબ્દોમાં આ ગઝલકારે પ્રેમાનુભૂતિ અભિવ્યક્ત કરી છે. કોઈ કાવ્યકૃતિને સ્વરોનો સથવારો સાંપડે ત્યારે એ કાવ્યરચના મુઠ્ઠીક ઊંચેરી થઈ જાય છે. આમેય આપણે ત્યાં તરન્નુમનો મહિમા નોખો-અનોખો છે જ અને યાર, તરન્નુમમાં એટલે કે ગવાઈને જે વસ્તુ આપણી પાસે આવે તે હંમેશ ચિરંજીવી જ રહેવાની ! ઘેઘૂર-સમર્થ ગળામાં (કંઠમાં) ગળાઈને આ ગઝલ ઓસમાણ મીરે ગાઈ છે.

આપણી આજની તાજી તાજી ગઝલની આબોહવામાં આ યુવા કવિ આપણને મોજ કરાવી દે એવું શબ્દસર્જન કરે છે. ઓસમાણ અને મોરારિબાપુની ભાવતી-ગમતી કિરીટ ગોસ્વામીની આ ગઝલ આવો, તમેય મારી સાથે પેશ કરો :-

**ફક્ત દિલની સફાઈ માગે છે,**
**પ્રેમ ક્યાં પંડિતાઈ માગે છે.**
**આંખની ઓળખાણ છે કાફી,**
**લાગણી ક્યાં ખરાઈ માગે છે.**
**શું કરે રાજપાટને મીરાં,**
**ચીજ સૌથી સવાઈ માગે છે.**
**જોઈએ સુખ બધાંને પોતીકાં,**
**કોણ પીડા પરાઈ માગે છે.**
**એક ઝાંખી જ એમની ઝંખે,**
**જીવ બીજું ન કાંઈ માગે છે.**





'હાથ કી સફાઈ'માં માનનારો આજનો માણસ પોતાના દિલની સફાઈ-સચ્ચાઈ માટે ક્યારે પ્રવૃત્ત થશે, એ પ્રાણપ્રશ્ન આખા જગતને સતાવે છે. પણ પરની પીડા જો પમાય-પામીએ તો જ જીવનનો અર્થ છે. નહિતર તો.....

**અંજલિ :**

**તારી જ બાજી હોય તે તું જ રમ,**
**બીજા કને ના હોય કો ભેદ ભરમ.**
**એવું જ બનશે કો'ક દી'યાદ રખ,**
**હું તરબતરને તું નહીં તારો ગમ.**

# આવી મળ્યું તે દઈશ આંસુડે ધોઈને...
# ગમતાંનો કરીએ ગુલાલ...

મકરંદ દવે. ગુજરાતી કાવ્ય સમૃદ્ધિનું એક વિરાટ નામ. અંગત અને બિનંગત અનુભવોના વિશ્વને આ કવિએ આપણી ગુજરાતી ભાષામાં અને આપણી તળપ્રદેશની-કાઠિયાવાડી કહેણીની ભાષામાં ઉત્તમ રીતે આત્મસાત કરીને પ્રગટાવ્યું છે. હંમેશાં સાચુકલા સંવેદનથી ભર્યો-ભર્યો આ કવિ અનુભવાયો છે. આપણી ભાષાના આ મસ્તમૌજી કવિને કોઈ ભક્ત કવિ કહે છે તો કોઈ વળી એને સાધક કવિ, મરમી કવિ અને સાંઈ કવિ કહે છે. પણ કવિનો અંદરનો ભગવો રંગ એવો તો ઘૂંટાયેલો છે કે ઘણી વખત તેની કવિતાનાં અન્ય રંગો તરફ આપણું ધ્યાન ઓછું જાય છે. આ સંદર્ભે કુન્દનિકાબહેન કહે છે કે, ''મકરન્દ પર ભક્ત કવિ, સાધક કવિ, મરમી કવિ, સાંઈ-એવાં એવાં નામોની છાપ લાગી છે, પણ મારી દૃષ્ટિએ પહેલાં તો એ કેવળ કવિ જ છે. એણે જરૂર ભજનો લખ્યાં છે, પદ લખ્યાં છે, પરમ તત્ત્વ સાથેના અનુસંધાનનાં તો અનેક કાવ્યો છે, પણ સાથે એણે બાળકોનાં, વ્યક્તિઓનાં, ઘટનાઓનાં, પ્રકૃતિનાં, સાંપ્રત પરિસ્થિતિનાં, ઐતિહાસિક પ્રસંગોનાં પણ ઘણાં કાવ્ય લખ્યાં છે, ગઝલો લખી છે, સોનેટ લખ્યાં છે. એના વિષયોનું ફલક વિસ્તૃત છે, પણ એની અંદરનો રંગ ભગવો છે એટલે મોટાભાગની કૃતિઓમાં પ્રગટપણે કે પ્રચ્છન્નપણે એ જ રંગ લહેરાય છે.''

આજે આ કવિની યાદ સળવળી એનું કારણ છે. હમણાં જ (૧૩ નવેમ્બર) આ કવિનો ૮૫મો જન્મ દિવસ ગયો. આપણી ભાષાનાં આ મરમી-વિરલ કવિનો જન્મદિન હવે તો બહુ ઓછાને યાદ હશે ! કેમકે યંત્રવત્ દોડભાગની વચ્ચે બહુ જ ઓછા લોકોએ એની નોંધ લીધી ! કવિને ગમતું ગોંડલિયુ ગામ. સૌરાષ્ટ્રનું આ નાનકડું નગર હજુય આ કવિને યાદ કરે છે. અરે ! મહારાજ ભગવદ્સિંહજી અને ધૂમકેતુને પણ આ નગર હજુ ભૂલ્યું નથી ! પણ મોટાં નગરો કે શહેરોમાં





કોઈ નાનો-મોટો કાર્યક્રમ આયોજિત થયો હોય તો એની મોટી-મોટી પ્રસિદ્ધિઓ થાય છે, જેમાં ઘણી વખત સૂકી ઔપચારિકતાઓ જ અનુભવાય છે, આત્મીયતા નહિ ! પણ સૌરાષ્ટ્રના એક ખૂણાનું આ ગોંડલ ગામ હજુય પોતાનાં પનોતા પુત્રોને ભૂલ્યું નથી. સાહિત્ય વર્તુળ, ગોંડલ નગરપાલિકા, ગોંડલ નાગરિક બેંક અને પત્રકાર સંઘ દ્વારા હમણાં (૧૩-૧૪ નવેમ્બર) જ કવિ મકરંદ દવેની ૮૫મી જન્મ જયંતી નિમિત્તે બે દિવસીય 'મકરંદ પર્વ'ની ઉજવણી થઈ. ત્રણસો-ચારસો જેટલા નિમંત્રણપત્રો પાઠવાયા હોવા છતાંય બન્ને દિવસોમાં ભાવકોની સાહિત્યપ્રેમીઓની ખૂબ પાંખી હાજરી હતી. ટાઉન હોલ ખાતે સુંદર અને સુ-યોજિત આયોજન હતું. સાહિત્ય વર્તુળ ગોંડલનાં મિત્રો સતત આવા સાહિત્યોત્સવ યોજતા જ રહે છે. એ સૌને શ્રદ્ધા છે કે એક દિવસ જરૂર ભાવકો-શ્રોતાઓ-સંસ્કારપ્રેમીઓ આવા ઉપક્રમોમાં આવતા થશે જ ! આવી સંસ્કારમૂલક અને સાહિત્યિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો એક દીપ પ્રજ્વલિત થયો છે તો કાલે એ જ દીપમાંથી અન્ય દીવાઓ જરૂર પ્રગટશે જ. મકરંદ પર્વના પ્રથમ દિવસે પ્રા. લાભશંકર પુરોહિત (જામનગર) અને ડો. નિરંજન રાજયગુરુ (ઘોઘાવદર) દ્વારા મકરંદભાઈના શબ્દ કર્મને યાદ કરાયું. એમાંય નિરંજન તો મકરંદભાઈના 'માનસપુત્ર' છે. એમની પાસે તો આખ્ખું 'મકરંદ માહત્મ્ય' માણી શકાય એટલી વિપુલ સામગ્રી સચવાયેલી છે. પોતે પણ મકરંદીય મસ્તીમાં જ જીવનારો સાધક છે. બીજા દિવસે કવિ મનોહર ત્રિવેદી (ઢસા) અને કવિ હર્ષદ ત્રિવેદી (ગાંધીનગર) પોતાનાં કાવ્યોની ધારામાં સૌને તરબોળ કરી ગયા. આમ કવિ મકરંદ, સાંઈ મકરંદનાં ૮૫માં જન્મદિને કવિની જન્મ ભોમકામાં જ અને ગોંડલનાં જ સાહિત્ય વર્તુળના શબ્દપ્રેમીઓ થકી આવું સુંદર સ્મરણપર્વ ઉજવાયું એનો આનંદ હજુય અંદર સચવાયો છે.

બે દિવસના આ પર્વ નિમિત્તે મને કવિના ૭૫મા જન્મદિન-અમૃત મહોત્સવની વિશિષ્ટ ઉજવણીનું સહજ સ્મરણ થઈ આવે છે. કુન્દનિકા કાપડિયા અને અન્ય મકરંદપ્રેમીઓએ કવિના એ ૭૫મા જન્મદિન અવસરે કવિના જ વિપુલ કાવ્યરાશિમાંથી ૭૫ કાવ્યો પસંદ કરીને 'ગુલાલ અને ગુંજાર' નામક પુસ્તક પુષ્પની ભેટ કવિને અર્પણ કરી હતી. તો મુંબઈના નિરુપમા (જે મૂળ ગોંડલના) અને અજિત શેઠ (સંગીત ભવન ટ્રસ્ટ) દ્વારા સાંઈ કવિ મકરન્દની ૭૫મી જન્મ જયંતીને આનંદપર્વ ગણીને, કવિના ચુનંદાં ગીતોની એક સુ-મધુર ઓડિયો કેસેટની ભેટ અર્પણ કરાઈ હતી. એટલું જ નહિ પરંતુ કવિને અણસાર આપ્યા વગર મુંબઈથી

અજિતભાઈ-નિરુપમાબહેન અને અન્ય કલાકારોએ નંદિગ્રામ આવીને 'અમે રે સૂકું રૂનું પૂમડું' એ ઓડિયો કેસેટ કવિને હાથોહાથ અર્પણ કરી હતી એ વિરલ-વિશિષ્ટ ઘટનાઓની સ્મૃતિઓ આંખોમાં ઝળહળી ગઈ.

ગુજરાતી ભાષા અને ગુજરાતી કાવ્યસંગીત માટે વર્ષો સુધી 'સ્વરાર્થી' (પુરુષાર્થી) રહેલા સ્વરકાર અજિત શેઠ પણ આજે હવે તો આપણી વચ્ચે નથી અને મકરંદભાઈ પણ નથી ત્યારે એમનો શબ્દ-સ્વર વારસો યાદ કરીએ એ જ સાચું છે. સંગીત ભવન ટ્રસ્ટ-મુંબઈ એ અજિત શેઠે જ સ્થાપેલી સ્વર સંસ્થા છે. અજિતભાઈએ ગુજરાતી કાવ્ય સંગીત ક્ષેત્રે જે કાર્ય કર્યું છે તે ખરેખર અદ્વિતીય-અપૂર્વ છે. 'અમે રે સૂકું રૂનું પૂમડું' આ ઓડિયો કેસેટમાં કવિતા કૃષ્ણમૂર્તિ, નિરુપમા શેઠ, ફાલ્ગુની શેઠ, (અજિતભાઈ-નિરુપમાની પુત્રી) ઘનશ્યામ વાસવાની, હૃદય મર્ચન્ટ અને સુરેશ જોશી જેવા સુગમ સંગીતના સમર્થ ગાયકો દ્વારા કવિ મકરન્દ દવેની ઉત્તમ અને સુ-પ્રસિદ્ધ એવી શબ્દ રચનાઓ પ્રસ્તુ થઈ છે. ઉપરાંત સંગીત ભવન કોરલ ગ્રુપ દ્વારા કવિની અત્યંત જાણીતી રચના 'ગમતાંનો કરીએ ગુલાલ' પણ સમૂહ સ્વરમાં પ્રસ્તુત થયેલી છે. આજે તો હવે આપણી ભાષામાં એક ઉક્તિ-કહેવત જેવી બની ગયેલી આ કવિની 'ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીએ, ને ગમતાંનો કરીએ ગુલાલ...' એ પંક્તિ કયો ગુજરાતી ભૂલી શકશે ! જીવાતા જીવનમાં સતત હૈયાંવગી એવી આ પંક્તિ આજે તો પ્રત્યેક ગુજરાતીજનનાં કાળજામાં કોતરાઈ ગઈ છે. અરે, એવાય ઘણા હશે - છે કે જેમને કદાચ આ આખું કાવ્ય યાદ ન હોય પણ 'ગમતાંનો કરીએ ગુલાલ' એટલું તો ચોક્કસ યાદ છે જ. તો ચાલો, આજે આપણે સૌ આપણી જ ધરતીનાં અને આપણા લોહીમાં આજેય સતત ધબકી રહેલા આપણા આ ગમતીલા કવિનું આ મનગમતું ગીત સાથે મળીને ગાઈએ :

**ગમતું મળે તો અલ્યા, ગૂંજે ન ભરીએ**
**ને ગમતાંનો કરીએ ગુલાલ...**
**આડા દે આંક એ તો ઓશિયાળી આંગળી,**
**પંડમાં સમાય એવી પ્રીતિ તો પાંગળી,**
**સમદરની લ્હેર લાખ સુણી ક્યાંય સાંકળી ?**
**ખાડા ખાબોચિયાને બાંધી બેસાય,**
**આ તો વરસે ગગનભરી વ્હાલ...**
**ગમતાંનો કરીએ ગુલાલ...**





**ગાંઠે ગરથ બાંધી ખાટી શું જિંદગી ?**
**સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી ?**
**આવે તે આપ કરી પળમાં પસંદગી,**
**મુઠ્ઠીમાં રાખતાં તો માટીની પાંદડી**
**ને વેર્યે ફોરમનો ફાલ...**
**ગમતાંનો કરીએ ગુલાલ...**
**આવી મળ્યું તે દઈશ આંસુડે ધોઈને,**
**ઝાઝેરું જાળવ્યું તે વ્હેલેરું ખોઈને,**
**આજ પ્રાણ જાગે તો પૂછવું શું કોઈને ?**
**માધવ વેચંતી વ્રજનારીની સંગ તારાં**
**રણકી ઊઠે કરતાલ !**
**ગમતાંનો કરીએ ગુલાલ...**
**ગમતું મળે તો અલ્યા, ગુંજે ન ભરીએ**
**ને ગમતાંનો કરીએ ગુલાલ...**

મકરંદ દવેનાં શ્રેષ્ઠ કાવ્યોનાં અજિત શેઠે કરેલા આ સ્વરાંકનો ખરેખર હૃદયસ્પર્શી છે. 'ગમતાંનો કરીએ ગુલાલ' એ સમૂહવૃંદમાં ગવાયેલ મકરંદભાઈનું આ ગીત માણવા જેવું છે. વાંસળી, સીતાર, તબલા, ઢોલક, ઝાંઝરી, ખંજરી, કિબોર્ડ, પેડ વગેરે ભારતીય અને પશ્ચિમી વાદ્યોનો સુંદર સમન્વય આ ગીતને શ્રવણીય બનાવે છે. વળી, ગીતનાં મુખડાની પંક્તિ (પ્રથમ પંક્તિ)માં આપણી ગુજરાતી રાસ-ગરબાની 'હીંચ'નો તાલ મૂકવામાં આવ્યો છે તે લય પણ ગુજરાતીતા-ગુજરાતીપણું પ્રગટ કરે છે. 'સંજ્ઞા' કાવ્ય સંગ્રહમાં પ્રગટ થયેલી આ ગીત રચના ૧૫/૪/૧૯૬૩ના રોજ લખાયેલી છે. આજે તો હવે કવિની દેહ વિદાય પછી નવભારત સાહિત્ય મંદિર (મુંબઈ-અમદાવાદ) દ્વારા મકરંદભાઈની સમગ્ર કવિતા 'કોઈ ઘટમાં ગહેકે ઘેરું'ના ત્રણ ભાગોમાં, આપણને આ કવિનું સંવેદન વિશ્વ સહજ પ્રાપ્ય છે.

**અંજલિ :**
**બત્તીનો થાંભલો અઢેલીને એકલી અટૂલી આ બાઈ અહીં રુએ,**
**આખો મલક અહીં આવે ને જાય ખાલી આવે ને જાય અને જુએ.**
**('કોઈ ઘટમાં ગહેકે ઘેરું' - ૨ પૃષ્ઠ - ૧૦)**

# અહીં કર્મીને કલેશ, ને અધમને આઠે પ્હોરે એશ... !

કોઈપણ સર્જક પોતાના સમયની પરિસ્થિતિઓને પોતાની કૃતિઓમાં આલેખતો રહેતો હોય છે. આપણી આસપાસ બનતી ઘટનાઓનો તે સાક્ષી બનતો હોય છે અને એણે જે અનુભવ્યું હોય તેને પોતાના હૃદય-ચિત્તમાં સ્થિર કરીને પછી તે સઘળું તેની કૃતિમાં પ્રગટતું હોય છે, ઝિલાતું હોય છે. જીવનના પોતાના કે પારકાના અનુભવોને એ બરોબર આત્મસાત્ કરીને સર્જનમાં ઠાલવતો હોય છે. અને જ્યાં સુધી કૃતિનું પ્રાગટ્ય ન થાય ત્યાં સુધી અંદર-અંદર જબરી ગડમથલ પણ એ અનુભવતો હોય છે. અરે, એ સર્જકત્વની પ્રાગટ્યક્ષણ પૂર્વેની પીડા તો એ ક્યારેય, કોઈનેય કહી શકતો નથી અને માનો કે એ કહેવા બેસે તો જગત એને પાગલ સમજવા લાગે ! એથી જ 'સાચો સર્જક' બહાર કરતાં અંદર વધારે જીવતો હોય છે. એકલો-જીવતો હોય છે, એની એકલતા પણ એને નડતી-/કનડતી નથી પણ ઊલટું એની એકલતામાંથી સર્જનોની વણઝાર નીકળતી હોય છે.

સમગ્ર સૃષ્ટિમાં બનતી પ્રત્યેક ઘટનાઓનો સર્જક હંમેશા સાક્ષી બને છે. સુખ, દુઃખ, આશા, નિરાશા, પ્રેમ, વિરહ, પ્રકૃત્તિનું સૌંદર્ય કે પ્રકૃતિનું વિકરાળ-વિનાશક રૂપ આ બધું જ કલાકારના સૂક્ષ્મ કેમેરામાં કેદ થતું જતું હોય છે. ક્યારેક એને જગત જીવવા જેવું લાગે તો ક્યારેક એને સઘળું નિરર્થક પણ લાગે ! જીવનમાં બનતી રોજિંદી સારી-નરસી ઘટનાઓની તીવ્રતાએ પ્રત્યેક પળે અનુભવતો હોય છે. આ બધું સર્જક ચિત્તમાં અનુભવાયા પછી કૃતિમાં જે પ્રગટે છે તે તો એનો માત્ર અંશ પણ હોય શકે ! કેમકે ચિત્તમાં ઝિલાયેલી બધી જ બાબતો કૃતિમાં ઘણી વખત સંપૂર્ણપણે ન પણ પ્રગટે ! આમ સર્જકની આંતરિક મથામણ તો એક પ્રક્રિયારૂપે અવિરત ચાલતી જ રહેતી હોય છે. આપણી ગુજરાતી કવિતાઓમાં પણ આવી





મૂંઝવણ-મથામણ-પીડા સતત ઝિલાતી આવી છે, એટલું જ નહિ એ કવિતાઓનું સ્વરાંકન પણ આપણને અનુભૂતિના પ્રદેશની પેલે પાર લઈ જાય છે. ગવાતી કવિતાઓ એ રીતે આપણા સ્મરણમાં પણ ક્યાંય સુધી સચવાતી રહે છે. આપણી ભાષાના ઓછા જાણીતા કવિ નટરાજ બ્રહ્મભટ્ટની એક ગીત રચના ધારદાર અને વેધક છે. વડોદરાના જાણીતા સંગીતજ્ઞ-સ્વરકાર રસિક ભોજકે આ ગીતનું સ્વરાંકન દર્દસભર સૂરોમાં કર્યું છે. સુગમસંગીતની સભાઓમાં ભાગ્યે જ સાંભળવા મળતું આ 'રેર કમ્પોઝીશન' છે. સાચા અર્થમાં કાવ્ય સંગીતની પરિભાષાને પરિપૂર્ણ કરે એવું આ માણવા જેવું (ઘણીવાર દર્દનેય માણવું ગમતું હોય છે, ખરુંને ?) સાંભળવા જેવું સ્વરાંકન છે. મારા સ્વરાંકન સંગ્રહાલયમાં ઘણા સમયથી આ સ્વરાંકન સચવાયું છે. કાવ્ય સંગીતનો કોઈપણ ભાવક ગમે ત્યારે એ સાંભળવા આવી શકે છે. જ્યારે જ્યારે આ સ્વરાંકન સાંભળું છું ત્યારે ગુજરાતી ગીત કવિતાની ચરમ સીમા અને સુગમ સંગીત એ બન્નેની ઉત્તમ ઉપલબ્ધીઓ માટે હૈયું હરખાય જાય છે. અને આવી ઉત્તમ કવિતા અને ઉત્તમ સ્વરાંકનોથી મારું ગુજરાત અને મારી ભાષા રળિયાત છે એનું ગૌરવ પણ થાય છે. મોટે ભાગે ગીત સ્વરૂપમાં રમણીયતાનો અવિષ્કાર વધુ જોવા મળે છે પણ અહિ કવિ નટરાજ બ્રહ્મભટ્ટે ગીતમાં એક ઝીણી વેદનાને વાચા આપી છે. સૌ પ્રથમ આ ગીત જ તમે માણો :

**સતને વાગે છે શાને ઠેસ રે, ઓ સાંઈ,**
**કયોને સતને વાગે છે શાને ઠેસ ?**
**કર્મીને કેમ છે કલેશ ઓ સાંઈ,**
**કયોને સતને વાગે છે શાને ઠેસ ?**
**સૂરજ તો રોજ અહિં આવે છે**
**તોય કેમ દિવસને અંધારું લાગે !**
**ચાલે છે જૂઠ જોને વાંકૂંચુકુંને**
**તોય કાંકરી જેવું ક્યાંક વાગે !**
**આવા તે કોના છે આદેશ ઓ સાંઈ,**
**કયોને સતને વાગે છે શાને ઠેસ... ?**
**શ્રદ્ધા તો સૂનમૂન થઈને બેઠી છે**
**ને સમતાએ ફળ નથી દીઠાં**

**નીતિને જોઈ સૌ નાસે છે દૂર**
**અને કપટનાં ફળ જોયા મીઠાં !**
**આ અધમને આઠે પ્હોરે એશ ઓ,**
**સાંઈ કયોને સતને વાગે છે શાને ઠેસ ?**

સૂરજ જેવા સૂરજની હયાતીમાંય અનુભવાતું આ ઘોર અંધારું આપણને ઘણું સૂચવી જાય છે. આ ગીતમાં અને સ્વરાંકનમાં આજના સમયની જે નરી વાસ્તવિકતા છે તેનું ચિત્રણ સરળ ભાષામાં અને સરળ ગેયતામાં વ્યક્ત થયું છે. આજે દિન પ્રતિદિન સત્યનું પ્રચલન ઓછું થતું જાય છે અને અસત્યનું આક્રમણ અત્યંત વધતું જાય છે ત્યારે સત્યને વાગતી ઠેસ આપણને પણ આંચકો આપી જાય છે. તોય આપણે તો ઠેરના ઠેર ! જ્યારે જ્યારે ઠેસ વાગે ત્યારે જો સામે કોઈ ઝીલનારું ન હોય તો ગબડી પડાય છે (જો કે આપણે તો ગબડી જ ગયા છીએ !) ભગવદ્‌ગીતામાં કૃષ્ણે અર્જુનને જે કર્મનો સિદ્ધાંત સમજાવ્યો તે હવે આપણને કામ આવે તેમ નથી. કેમકે સતત સાચી રીતે કર્મ કરનારને અહીં તો કલેશ સિવાય કશુંય હાંસલ થતું નથી એટલે કે અકર્મણ્યતા જ એટલી આક્રમક બની છે કે લોકોને હવે કર્મ કર્યા વગર જ ફળ મેળવી લેવું છે ! (અને મેળવેય છે જ ને ?) અને જૂઠ ગમે તે ભોગે પોતાનું સામ્રાજ્ય વિસ્તારીને ઠાઠમાઠ પામે છે. દંભ અને જૂઠની આજે તો ચોતરફ એવી એટલી બોલબાલા છે કે ભલભલા સત્યવીરો કે કર્મણ્યીઓ ચૂપ થઈ ગયા છે. એનો અવાજ તરડાવી - ઉતરડાવી નાખવામાં આવ્યો છે, એનો શબ્દ ભૂંસી નાખવામાં આવે છે ! નીતિમત્તાથી દૂર ભાગતો માણસ કપટનાં ફળને જે મીઠાં માની બેઠો છે અને એટલે જ અધમતાને તો આઠે પહોરે એશ આરામ જ છે ! કવિની આ મૂંગી વેદનાને સ્વરકાર રસિક ભોજકે પણ એટલી જ તીવ્રતાથી 'સ્વરસાત' (આત્મસાત) કરીને પોતાના સ્વરાંકનમાં વહેતી મૂકી છે. માત્ર એક જ વખત પણ આ સ્વરાંકન સાંભળવાથી એના સ્વરોની વેદનશીલતામાં ભાવક ઘેરાય જાય છે અને વધુને વધુ વખત સાંભળવાથી સ્વરાંકનની તીવ્રતા આપણી અંદર સતત ઘુમરાયા જ કરે છે, ઝીણું ઝીણું ગણગણાયા જ કરે છે.

ગીત કવિતાના વેધક કારુણ્યને બરાબર રીતે આ સ્વરાંકનમાં સ્વરદેહ અપાયો છે. ઓછા જાણીતા કવિની આવી રચનામાંથી ક્યારેક ક્યારેક પણ પસાર થવાય





છે ત્યારે ધન્ય થઈ જવાય છે અને સહેજસાજ મનમાં એક એવી ચિનગારી પણ ઊઠે છે કે આવી ઉત્તમ કવિતા, એનું ઉત્તમ સ્વરાંકન અને એની ઉત્તમ સ્વરપ્રસ્તુતિને પામવા માટે આપણી પાસે ક્યાં સમય છે ! આપણી શ્રદ્ધા પણ શું સૂનમૂન નથી થઈ ? સાચી સમતાની સભાનતાય આપણે તો ક્યારનાય ખોઈ બેઠા છીએ ! આપણી અંદર બેઠેલા સાંઈને આપણે પામી શકીએ તો તો ભયો ભયો ! આવાં ગીતો અને આવાં સ્વરાંકનોએ સાચા અર્થમાં આપણા હોવાપણાને જાગ્રત કરે છે. ત્યારે આવો, આપણે પણ આ અસત્યની આંધળી દોડમાંથી નીકળી જઈને, ભલે ઠેસ વાગે તોય સતને (સત્યને) ઓળખવાનો ચપટીક પ્રયાસ કરીએ નહિતર... !

**અંજલિ :**

**સત-અસતના પડ વચ્ચે કેવું ભીંસાતું આ જગત !**
**માંહ્યલે મચે જબરી મોજ જો છોડીએ સઘળી મમત !**
**અંધારું તો બધે હોય ! એ ભલેને રમે એની રમત !**
**સાચને નથી આંચ, આખી સૃષ્ટિ થાશે એમાં સહમત !**

## લતા મંગેશકર કરતાં પણ વિશેષ સામર્થ્ય રીતે ગવાયેલું એક ગુજરાતી સ્વરાંકન... 'એક રજકણ સૂરજ થવાને શમણે...'

ગુજરાતી કાવ્ય સંગીતના દરિયા સમ વિશાળ ક્ષેત્રમાં એક સગવડ એવી સ-ર-સ છે જે ફિલ્મીગીતોના ક્ષેત્રમાં નથી. કોઈ ફિલ્મનું પ્રચલિત કે અ-પ્રચલિત ગીત તમે એક વાર જે સ્વરાંકન સાંભળો તેનું બીજી વખત અન્ય કોઈ સંગીતકાર સ્વરાંકન નથી કરતો. એટલે કે ફિલ્મગીતના સ્વરકારોને એક જ ગીતના બીજા-ત્રીજા સ્વરાંકન કરવાની સગવડ કે ઉપલબ્ધી ભાગ્યે જ મળે છે અથવા તો એક ગીત એક વખત જે સ્વરકાર-ગાયક દ્વારા લોકપ્રિય થઈ જાય પછી એજ ગીતનું અન્ય સ્વરકાર-સંગીતકાર સ્વરાંકન નથી કરતો જ્યારે ગુજરાતી કાવ્ય સંગીતમાં એક જ ગીત-ગઝલ રચનાના એકથી વધારે સ્વરાંકનો આપણને પ્રાપ્ત થાય છે. કોઈ કવિની એક જ ગીત-ગઝલ રચના એકથી વધારે સ્વરકારોએ સ્વરાંકિત કરી હોય એવું બનતું આવ્યું છે. જો કે અહીં પણ એક વાત ધ્યાને લાધી છે કે એકદમ લોકપ્રિય સ્વરાંકન હોય તો એના જુદા જુદા સ્વરાંકનો નથી મળતા એના અસંખ્ય ઉદાહરણો આપી શકાય. જેમકે 'સાંવરિયો રે મારો સાંવરિયો' (રમેશ પારેખ-ગૌરાંગ વ્યાસ), 'મારી આંખે કંકુના સુરજ આથમ્યા' (રાવજી પટેલ-અજીત શેઠ), 'તારી આંખનો અફિણી' (વેણીભાઈ પુરોહિત-અજિત મર્ચન્ટ) વગેરેના સ્વરાંકનો-ઢાળ વર્ષોથી આપણા ચિતમાં સંગ્રહાયેલા છે. એટલે અન્ય નવા સ્વરાંકનોને જલ્દી સ્વીકૃતિ ન જ મળે !

ગુજરાતી કાવ્ય સંગીતના મારા સમૃધ્ધ 'સ્વરસદન'માં એવા અસંખ્ય સ્વરાંકનોના ધ્વનિમુદ્રણો (લાઈવ અને રેકોર્ડેડ બન્ને) છે જેમાં એક જ કૃતિના બે થી ત્રણ સ્વરાંકનો, જે જુદા જુદા સ્વરકારોએ અને જુદા જુદા ગાયકોએ ગાયા હોય. મારી પાસે એવા સ્વરાંકનો પણ છે કે જેમાં એક જ પ્રચલિત થયેલું જે





સ્વરાંકન હોય તે જુદા જુદા ગાયકોના સ્વરોમાં ગવાયેલું હોય. આજે એક એવી જ ગીતરચના અને એના સ્વરાંકનની વાત મારે અહીં કરવી છે. કવિ હરીન્દ્ર દવેનું આજથી ચાર-સાડાચાર દાયકા પહેલાં (૧૯૬૧) લખાયેલું એક સુ-પ્રસિધ્ધ સુંદરગીત છે 'એક રજકણ સૂરજ થવાને શમણે, ઊગમણે જઈ ઊડે પલકમાં ઢળી પડે આથમણે' હવે આ લોકપ્રિય ગીતનું સ્વરાંકન દિલીપ ધોળકીયાનું છે અને વર્ષો પહેલાં આપણા ભારતીય ફિલ્મ સંગીતના મહાન ગાયિકા સુ.શ્રી લતામંગેશકર પાસે દિલીપભાઈએ ગવડાવ્યું હતું. આ ગીત એ સમયનું છે કે જ્યારે ઓડિયો ટેપ પણ હજુ સુધી આપણે ત્યાં આવ્યા ન હતા. આકાશવાણી ઉપરથી આ ગીત વર્ષો સુધી સાંભળ્યાનું સ્મરણ છે. તાવડી વાજાં (એલ.પી.ઈ.પી. રેકર્ડ)નો એ જમાનો હતો ત્યારનું આ ગીત છે.

લતા મંગેશકરે આ ગીત વર્ષો પૂર્વે ગાયું છે. એટલે એના પછીના ગાયકોએ આ ગીત જ્યાં સુધી ન ગાયું ત્યાં સુધી આપણી ગુજરાતી કાવ્યસંગીતની પરંપરા માટે તો બિલકુલ આશ્વાસકરૂપ જ છે પણ સમય જતાં આજની પેઢીના ય કેટલાક ગાયકોએ દિલીપ ધોળકિયાનું આ સ્વરાંકન આત્મસાત કરીને બખૂબીપૂર્વક એને ઉત્તમ ન્યાય આપ્યો છે. લતાજી પછી સુગમ સંગીતના જાણીતા ગાયિકા હંસા દવેએ પણ આ ગીત ગાયું છે જે લતાજી કરતાં જો કે નબળું ગવાયું છે પણ એક એવા લવરમૂછિયા ગાયકે આ ગીત એવી તો આત્મપ્રતીતિપૂર્વક અને દઢ - સામર્થ્ય સ્વરપૂર્વક ગાયું છે કે તમે એક વખત એના સ્વરમાં આ ગીત સાંભળો પછી તમને લતાજીના સ્વરમાં ગવાયેલું હોવા છતાં પણ એ ગીત ગમશે નહીં ! એ સમર્થ-સ્વરિલ ગાયક છે આલાપ દેસાઈ (આસિત-હેમા દેસાઈનો સ્વરપુત્ર). મારી પાસે આ એક જ ગીતનાં ચાર-ચાર વર્ઝન સચવાયેલા છે. એક મૂળ લતાજીના સ્વરમાં ગવાયેલું, બે હંસા દવેના સ્વરમાં, ત્રણ આલાપ દેસાઈના સ્વરમાં રકોર્ડેડ અને ચાર આલાપના જ સ્વરમાં લાઈવ પ્રોગ્રામમાં રજૂ થયું તે. આમ એક જ ગીતના ચાર ચાર વર્ઝન થકી હું આ સ્વરાંકનનું ઝીણું હાર્દ પકડી શકું છું. એમાંય આલાપ દેસાઈએ એક લાઈવ કાર્યક્રમમાં (ભારતીય વિદ્યા ભવન-મુંબઈમાં) આ ગીત જે સામર્થ્યથી રજૂ કર્યું છે તે સાંભળીને હું તો આ ગાયકનો જબરો 'ફેન' થઈ ગયો છું. કવિ હરીન્દ્રભાઈની શબ્દસંવેદનાને આ ગાયકે જે રીતે આત્મસાત કરીને ગાયું છે તે ખરેખર અદ્‌ભુત અને કાબિલ-એ-દાદ છે. આલાપના અવાજમાં આ ગીત

સાંભળ્યા પછી લતાજીએ ગાયેલું વર્ઝન આપણને થોડું ઢીલું લાગે ! જો કે આમ કહીને હું મહાન ગાયક લતાજીની ટીકા નથી કરતો પણ એક ગુજરાતી હોવાના ગૌરવ તરીકે મને આલાપ દેસાઈની પ્રસ્તુતિ વધારે સંવેદનશીલ રીતે સ્પર્શે છે કેમ કે આ ગીતનું શબ્દે શબ્દનું સંવેદન આલાપે ખૂબ ઝીણવટથી, હૃદયના ઊંડાણથી ઝીલીને એને આત્મપ્રતીતિના સ્વરકર્મથી પ્રસ્તુત કરીને અજબનું વાતાવરણ રચી આપ્યું છે. આમ પણ લતાજી ગુજરાતી કવિતાના હાર્દથી આલાપ દેસાઈ જેટલા તો જાણતલ ન જ હોય એ સ્વાભાવિક છે. આ ગીત જ્યારે જ્યારે આલાપના સ્વરમાં સાંભળું છું ત્યારે મને આનંદ-આશ્ચર્ય એ વાતનું થાય છે કે કેવી અજબ ઘટના છે આ ગીતની કે આલાપ દેસાઈના જન્મ પૂર્વે લખાયેલું, એના જન્મ પૂર્વે સ્વરાંકિત થયેલું અને એના જન્મપૂર્વે લતાજીના સ્વરમાં ગવાયેલું આ ગીત વર્ષો પછી સ્વર-શબ્દના પરંપરાગત-ઓજસ્વી વાતાવરણમાં ઊછરીને આ છોકરડા ગાયકે એવું તો આબાદ રીતે આ સ્વરાંકન એના ઘેઘૂર કંઠમાં ઝીલ્યું છે કે વાહ, વાહ, કયા બાત હૈ ! આફરીન ! આફરીન ! કહ્યા વગર રહી જ ન શકાય !

હે, ભાવક ! તમને કદાચ મારી આ અભિવ્યક્તિમાં અતિશયોક્તિનાં દર્શન થાય ! પણ યાર, તમે પોતે જ એક વખત આ જ ગીત પહેલાં લતાજીના સ્વરમાં સાંભળો અને પછી આલાપ દેસાઈનું લાઈવ પર્ફોમન્સ સાંભળો અને પછી જ તમે પણ ન્યાય કરજો કે હું સાચો કે ખોટો ? આ ગીતના મુખડામાં (ધ્રુવ પંક્તિમાં) પણ સ્વરકારે, સુગમતાને કારણે થોડોક શાબ્દિક ફેરફાર પણ કર્યો છે. ગીતની મૂળપંક્તિમાં મુખડું આ મુજબ છે 'રજકણ સૂરજ થવાને શમણે, ઊગમણે ઊડવા લાગે, જઈ ઢળી પડે આથમણે' હવે સ્વરકાર દિલીપ ધોળકીયાએ આ મુજબ શાબ્દિક ફેરફાર કરીને લતાજી પાસે આ રીતે ગવડાવ્યું છે 'એક રજકણ સૂરજ થવાને શમણે, ઊગમણે જઈ ઊડે, પલકમાં ઢળી પડે આથમણે' એટલે મૂળ ગીતમાં 'એક' 'જઈ ઊડે' 'પલકમાં' એ ત્રણ શબ્દો નથી. જે સ્વરકારે ગેયતાની સરળતા માટે પરિવર્તિત કર્યા છે. જેમ કવિ-ગઝલકાર ઘણી વખત કૃતિમાં 'છૂટ' લેતો હોય છે એ રીતે ક્યારેક-ક્યારેક કે ઘણી વખત સ્વરકાર કે ગાયક પણ ગેયતાની સરળતા માટે આવી થોડી ઘણી 'છૂટ' લેતો હોય છે. એનાથી કાવ્યના હાર્દને કશીય જફા નથી જ પહોંચતી હોતી.





તો આવો, આજે વર્ષોની ધૂળમાં દટાઈ ગયેલું આ ગીત કવિ હરીન્દ્ર દવેને, લતાજીને, દિલીપ ધોળકીયાને, હંસા દવેને, ધી બેસ્ટ આલાપ દેસાઈને યાદ કરીને પુનઃ પુનઃ તાજું કરીએ. અહીં મૂળપાઠ નહીં પણ ગાનપાઠમાં જેમ ગવાયું છે તે રીતે જ આ ગીત મૂકું છું :

**એક રજકરણ સૂરજ થવાને શમણે,**
**ઊગમણે જઈ ઊડે, પલકમાં ઢળી પડે આથમણે.**
**જળને તપ્ત નજરથી શોષી**
**ચહી રહે ધન રચવા,**
**ઝંખે કોઈ દિન બિંબ બનીને**
**સાગરને મન વસવા,**
**વમળ મહીં ચકરાઈ રહે એ કોઈ અકળ મૂંઝવણે.**
**જ્યોત કને જઈ જાચી દીપ્તિ**
**જવાલ કને જઈ લ્હાય,**
**ગતિ જાચી ઝંઝાનિલથી**
**એ રૂપ ગગનથી ચ્હાય,**
**ચકિત થઈ સૌ ઝાંખે એને ટળવળતી નિજ ચરણે.**

આ કટારને પણ કાગળની મર્યાદામાં રહેવું પડે છે નહિતર તો આવા પરમ શિખર જેવા સ્વરાંકનો વિશે માંડીને વાત કરું. પણ ઉત્તમ ગવાયેલું હોય એની વિવેચના કરવા કરતાં એની શ્રવણાચંના જ યોગ્ય છે. ખરું ને !

**અંજલિ :**

**હું તમને યાદ કરું છું જાણે મને જ સાદ કરું છું,**
**મળે પળપળ ખુશી તમને, મને હું બરબાદ કરું છું.**
**ઝંખનાના તો ઝાંઝવાય સુકાઈ ગયા 'મનોજ'**
**હવે અમથો આ હું કોની સામે વિવાદ કરું છું !**

# નોરતાંના રથના ઘૂઘરા બોલ્યા.....

આવતીકાલથી આદ્યશક્તિની આરાધનાનાં પરમ દૈવી પર્વ નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. આખાય વિશ્વની ગુજરાતી પ્રજા નવ-નવ દિવસ સુધી માતૃશક્તિનું આરાધન કરશે, માના મહિમાનાં ગુણગાન ગાશે. પ્રાચીન-મધ્યકાલીન સંસ્કૃતિની ઝાંખીઓની સાથે સાથે અર્વાચીન સંસ્કૃતિની ઝલક પણ ઝળહળશે. આપણે તો આપણી ધરતીને પણ મા સ્વરૂપે જ કલ્પી છે. 'માતૃરૂપેણ સંસ્થિતા' એ ન્યાયે જગતજનની, માની કૃપાનો પ્રસાદ મેળવવા, આ દિવસોમાં તન-મન અને ધનથી 'માતૃ ઉત્સવ' ઉજવાશે. અબાલ-વૃદ્ધ, અમીર-ગરીબ સૌ કોઈ ભક્તજન પોતાની શક્તિ-ભક્તિ અનુસાર માના ચરણોમાં અને હૃદયમાં પોતાનો ભક્તિભાવ અર્પિત કરશે.

'આવ્યાં માનાં નવલાં નોરતાં' એ ખરા અર્થમાં તો આપણા સૌનો 'લોકોત્સવ' છે. રાસ, ગરબા, ગરબી અને માની સ્તુતિના મહિમાગાન દ્વારા સમસ્ત જગતની અધિષ્ઠાત્રી માતૃમહિમાની વંદના કરવા માટે ભારતીય સમાજ આ નવરાત્રિને ભાવપૂર્ણ રીતે વંદન-અર્ચન પર્વ બનાવશે. આપણા લોકજીવનમાં સતત ધબકતાં આપણા રાસ-ગરબા-ગરબી-ધોળ-પદ-કીર્તન-સ્તુતિ વગેરેનું સર્વ શ્રેષ્ઠ પ્રસ્તુતીકરણ આ નોરતાના દિવસોમાં જ જોવા અનુભવવા મળે છે. લોકનૃત્યો, દૂહા-છંદ-ભજન અને રાસ-ગરબાની રમઝટ સાથે આપણો ઉત્સવપ્રિય સમાજ એવો તો ઓતપ્રોત થઈ જાય છે કે એમાં એ પોતાના નિજી દુ:ખો, હતાશાઓ, નિષ્ફળતાઓ બધું જ વીસરી જાય છે અને નવ-નવ રાત્રિ અને દિવસ માના ગુણગાન ગાવા માટે એ રોજેરોજ તત્પર થઈ જાય છે. આપણી ધરતીનાં, આપણી માટીનાં લોકનૃત્યોની વાત જ્યારે જ્યારે કહીએ ત્યારે તરત જ આપણી ધરતીની સોડમના કવિશ્રી ઝવેરચંદ મેઘાણીની યાદ આવે જ અને મેઘાણીજીની સાથે સાથે તેના પછી તરત જ યાદ આવે





શ્રી અવિનાશ વ્યાસ ખરેખર ગુજરાતી રાસ-ગરબા અને ગુજરાતી કાવ્ય સંગીતને જો કોઈએ ગુજરાતની ડેલીએ-ડેલીએ અને ઘર ઘર સુધી પહોંચાડ્યું હોય તો તે છે અવિનાશ વ્યાસ. ફિલ્મી સંગીતકાર અને ગીતકાર તરીકેના 'લેબલ'ને કારણે હજુય આપણે ગુજરાતીઓ આ 'સવાઈ ગુજરાતી'ને અને તેણે કરેલી શબ્દ-સ્વર સેવાને સાચા અર્થમાં ઓળખી-પિછાણી શક્યા નથી જ !

જ્યારે જ્યારે નવરાત્રિ (આસોમાસ સિવાયની પણ !) આવે ત્યારે ત્યારે અવિનાશ વ્યાસનું વિશેષ સ્મરણ થઈ આવે છે. એમનો એક અતિ પ્રચલિત ગરબો, જે આજે તો હવે ગુજરાતી સંગીતમાં 'રાષ્ટ્રીય ગીત'ની કક્ષાએ પહોંચ્યો છે. કોઈપણ નવરાત્રિ ઉત્સવ એવો નહિ હોય જેમાં અવિનાશજીની આ અવિનાશી ગરબા રચના ન ગવાઈ હોય ! તો આજે નવરાત્રિના પ્રારંભની, આ રળિયામણી ઘડીની સાક્ષીએ તમે પણ આ મહાન કૃતિનું 'આચમન' કરીને ધન્ય ધન્ય થાઓ અને મા આદ્યશક્તિને, તમારી ભાવભક્તિનું અર્ઘ્ય અર્પો :

**માડી ! તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો,**
**જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો,**
**કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો.....**
**મંદિર સરજાયું ને ઘંટરાવ ગાજયો,**
**બ્રહ્મનો ચંદરવો માએ આંખ્યુંમાં આંજયો**
**દીવો થાવા મંદિરનો ચાંદો આવી પૂગ્યો,**
**કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો.....**
**માવડીની કોટમાં તારાનાં મોતી,**
**જનનીની આંખ્યુંમાં પૂનમની જ્યોતિ,**
**છડી રે પુકારી માની મોરલો ટહુક્યો,**
**કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો....**
**નોરતાના રથના ઘૂઘરા બોલ્યા,**
**અજવાળી રાતે માથે અમૃત ઢોળ્યાં,**
**ગગનનો ગરબો માના ચરણોમાં ઝૂક્યો,**
**કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો.....**

ગુજરાતી ભાષાને બહુ ઓછા એવા સર્જકો મળ્યા છે કે જે શબ્દકાર અને સ્વરકાર બન્ને હોય ! અવિનાશ વ્યાસ અંબામાની શરણાગતિ-ભક્તિને કારણે આ બન્ને શક્તિઓ ધરાવતા હતાં. અવિનાશભાઈની માની ભક્તિના ઉત્તમ અવિર્ભાવ રૂપે આ ગરબો લખાયો હશે અને પછીથી હૃદય ઊર્મિના વત્સલ ભાવ સાથે એનું સ્વરાંકન પણ સહજ રીતે જ એમને સ્ફુર્યું હશે ! આજે તો દુનિયાના ખૂણેખૂણામાંની ગુજરાતી પ્રજા વચ્ચે ખૂબ ભાવ-ઉમંગથી ગવાતા અને નૃત્ય દ્વારા પૂજન-અર્ચન થતા આ ગરબાનો ઢાળ (સ્વરાંકન - Composition) એટલો તો સરળ અને સુગેય છે કે કોઈપણ નવોદિત ગાયક-ગાયિકા એને સરળતાથી ગાઈ શકે છે. આપણી ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રની સુ-પ્રસિદ્ધ ગાયકબેલડી શ્રી રાસબિહારી અને શ્રી વિભા દેસાઈના ભક્તિભાવભર્યા કંઠે આ રચના સાંભળીએ ત્યારે ખરેખર જાણે કે માનાં મંદિરમાં આપણે સમાધિસ્થ થઈ ગયા હોય એવો ભાવ અનુભવાયા વગર રહેતો નથી. એમાંય પ્રારંભે રાસભાઈ ‘હે, મા...’ એ બે શબ્દોને જે આર્જસ્વરે પ્રસ્તુત કરે ત્યારે એના સ્વરમાં જે માતૃભક્તિ અને માને વિનવણી કરતા હોય એવો સૂરભાવ પ્રગટે છે ત્યારે સાચ્ચે જ ધન્ય થઈ જવાય છે.

રાસબિહારી-વિભા દેસાઈ પછી તો આજે કેટલાય ગાયકો દ્વારા આ રચના ગવાય છે. પણ રાસબિહારી-વિભા દેસાઈ જે ભાવોર્મિથી ગાય છે એ સ્વરતન્મયતા અન્ય ગાયકોમાં નથી અનુભવાતી. અરે, ઘણી વખત તો ગાયકો મૂળ રચનામાં જ શાબ્દિક ફેરફાર કરીને પણ ગાતા હોય એવુંય બન્યું છે ! અર્થાત્ આજના ગાયકો પાસે આ રચનાની ‘મૂળપ્રત’ (Original Text) જ ન હોય અને શાબ્દિક ફેરફાર વાળી કૃતિ જ પછી તો ગવાતી રહે છે. અહીં ગરબાના પ્રથમ ચરણની બીજી પંક્તિમાં ‘બ્રહ્મનો ચંદરવો’ એમ છે. પણ, આજના ગાયકો ‘નભનો ચંદરવો’ એમ ગાય છે. તો ગરબાના ત્રીજા-છેલ્લા ચરણમાં ‘નોરતાના રથના’ એમ અવિનાશભાઈએ લખ્યું છે, જ્યારે ગાયકો ‘માવડીના રથના’ એમ ગાય છે. તો એ જ ચરણની છેલ્લી પંક્તિમાં ‘અજવાળી રાતે માથે અમૃત ઢોળ્યાં’ એમ લખાયું છે. ત્યારે મોટે ભાગે ગાયકો એ પંક્તિને ‘અજવાળી રાતે માએ અમૃત ઢોળ્યાં’ એમ ‘શબ્દફેર’ કરીને જ ગાય છે. બહુ જ ઓછા ગાયકો મૂળ રચનાના શબ્દો પ્રમાણે જ એ પ્રસ્તુતિ કરતા હોય છે. જોકે ‘શબ્દફેર’ને કારણે ગીત-સંગીતની





પ્રસ્તુતિથી ભાવાર્થમાં કશો ફેર નથી પડતો હોતો અને ક્યારેક તો લય - તાલ અને સ્વરાંકનની પ્રસ્તુતિની સરળતા માટે પણ ઘણી વખત સ્વરકાર આવું ‘શબ્દ પરિવર્તન’ કરતા હોય છે. પણ કવિ કે સ્વરકારને ય ખબર ન હોય એમ ઘણી વખત ગાયકો પાસે મૂળ-અસલ પ્રત ન હોય એને કારણે પણ આવું થતું રહે છે. અવિનાશ વ્યાસે આવી ઐશ્વર્યમય એવી અસંખ્ય રચનાઓ દ્વારા આપણી ગુજરાતી ભાષા અને ગુજરાતી કાવ્ય સંગીતને રળિયાત કર્યું છે.

**અંજલિ :**

**તોરણ બાંધ્યા શેરીને પોળે રૂપાળી મા મસ્તક તારે ખોળે**
**બિરદાળી મા જનમજન્મને કોલે રમવા આવો ને મા, અમારે મ્હોલે**
**(અવિનાશ વ્યાસનો અન્ય એક ગરબો)**

## દાઢી કરતાં લોહી નીકળે, ને કોઈ પાલવ યાદ આવે તો એ પ્રેમ છે.....

'પ્રેમ' અઢી અક્ષરનો શબ્દ અજીબોગરીબ છે. કંઈ કેટલાય યુગોથી આ શબ્દ સમગ્ર દુનિયાને, દુનિયાના લોકોને, અરે... બ્રહ્માંડના કણેકણને ઝંકૃત કરે છે. સૃષ્ટિના સર્જનના રહસ્યનું પણ આ એક મહત્ત્વનું નિમિત્ત-પરિબળ મનાય છે, આ પ્રેમ. પ્રેમ ન હોત તો ? એવો પ્રશ્ન અમથો અમથો ય ક્યારેક મગજમાં ઘૂમરાય ત્યારે રૂંવાડા ઊભાં થઈ જાય છે ! 'પ્રેમ' ભલે રહ્યો અઢી અક્ષરનો શબ્દ પણ એ અઢી અક્ષરમાં આપણા કેટલાય યુગોના રહસ્યો ગોપિત પડ્યાં છે. પ્રેમ એ માપી ન શકાય એવું પ્રમેય છે. હા, પામી શકાય, જો પામવાની પાત્રતા અને ધખના હોય તો ! પણ આપણે તો હંમેશા માપપટ્ટીમાં, ગણતરીમાં રાચનારા પામર પ્રાણીઓ ! માપવા કરતાં પામવું એ જ સાચું છે. માપવાથી કોઈને ય, ક્યારેય, કશું ય પ્રાપ્ત થતું નથી. માટે માપવાનું છોડીને મનુષ્યે પામવાનો જ પ્રયત્ન કરવો જોઈએ અને તેને માટે આ અઢી અક્ષરનાં માહાત્મ્યને સમજવું-ઓળખવું એ જ જીવન જીવવાની સાચી કળા છે. આર્ટ ઓફ લીવીંગ એટલે બીજું કશું ય નહિ આર્ટ ઓફ લવીંગ (Loving) જ છે. પ્રેમ પામવાની પરમ કળા જો આત્મસાત થઈ જાય તો પછી જીવનમાં બીજું જોઈએ શું ? ભયો ભયો હૈ જિંદગી !

ગુજરાતી કાવ્યનાં વિવિધ સ્વરૂપોમાં આ પ્રેમમહિમા મુક્ત કંઠે ગવાયો છે. મધ્યકાળથી પ્રારંભીને આજના આધુનિક કાળ સુધીની સાહિત્યિક સફરની તવારીખ તપાસીશું તો ખ્યાલ આવશે કે 'પ્રેમ' અન્વયે કેટલું બધું કહેવાયું છે, લખાયું છે, ગવાયું છે અને તો ય હજુ એ સંવેદનનું પૂર્ણ સ્વરૂપ ક્યાં પામી શકાયું છે ? પ્રેમ અવ્યાખ્યાયિત છે. 'શબ્દો' તો એના પ્રગટીકરણનું માધ્યમરૂપ એક આંશિક પરિબળ છે. બાકી પ્રેમ એ માત્ર શબ્દ નથી પણ અનુભૂતિ છે અને અનુભૂતિ પણ ઘણી વખત વ્યાખ્યાની ત્રિજ્યાની બહાર જ વિસ્તરી હોય છે. વેદો-ઉપનિષદોથી લઈને





આજના કમ્પ્યુટર કાળ સુધી વિસ્તર્યો છે, આ પ્રેમરસ. અને પ્રેમરસ તો કોઈ પ્રાણીયા જીવ જ પી શકે, અન્યનું આમાં કામ નથી ! એક વખત જો આ પ્રેમરસનું પાન થઈ જાય તો પછી બહિર્જગતના સર્વ રસો ફિક્કા લાગશે. તત્ત્વનું ટૂંપણું સાવ ટૂંકુ-તુચ્છ લાગશે. આપણી પરાવાણીમાં આ પ્રેમતત્ત્વ વિશે તારસ્વરે ગવાયું છે. પ્રેમના આવિર્ભાવ થકી જ સઘળે આપણને વિશ્વનિયંતા-સર્વેશ્વરની સહી (સિગ્નેચર) વંચાય છે. એમાં ય સંગીતના સ્વરો-નાદબ્રહ્મ થકી વૈશ્વિક પ્રેમનાદની આહ્‌લેક જગાડી શકાય છે. સંગીતનું માધ્યમ પ્રેમતત્ત્વથી આપણને અતિ સંવેદનશીલ અનુભૂતિ જગાવી જાય છે. ગોપીઓ સમેત રાધાના વિરહભાવમાં આ પ્રેમતત્ત્વ કેવું તો કૃષ્ણમય બની જવાનો સાક્ષાત્કાર કરાવે છે ! પ્રેમને તો ક્યાં કોઈ આકાર હોય છે ! એ તો નિરાકાર છે. અહંકાર ઓગળે તો કંઈક આ તત્ત્વની આછી-આછી ઝાંખી થાય ! સંગીતના સપ્ત સ્વરોમાં આ પ્રેમરસ સમાવિષ્ટ છે. સાહિત્યનો શબ્દ જ્યારે સ્વરોમાં ગૂંથાઈને-અંકિત થઈને આવે છે ત્યારે હૈયું ગદ્‌ગદિત થઈ જાય છે. એટલે જ તો મહાપ્રભુ ચૈતન્યે પ્રભુપ્રાપ્તિ માટે નાદનો મહિમા ગાયો છે. સંકીર્તનની પ્રતિષ્ઠા કરી છે. ભાવ સંકીર્તનના નાદ દ્વારા પ્રભુને પામવાની આર્તતા એ જ પ્રેમલક્ષણા ભક્તિ. મધ્યકાળનો એક આખો યુગ ભક્તિયુગ કહેવાયો. ભક્તિયુગ એટલે પ્રેમયુગ.

આજની કવિતામાં પણ પ્રેમતત્ત્વનો નાદ મુક્ત રીતે સંભળાય છે અને એમાં ય સાચો પ્રેમ મુક્તિ જ આપે ને ? બાંધે તે પ્રેમ નથી ! કદાચ વ્હેમ છે ! એટલે જ તો કહેવાયું છે કે 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો !' સ્નેહપૂર્ણ સહૃદયતા જ આપણને આ માર્ગ ઉપર દોરી જઈને પ્રેમ મંઝિલ સુધી પહોંચાડે છે. પ્રેમમાં કાયરપણાનું કામ જ નથી ! અહીં શૂરવીરતા કે કાયરતાનો શબ્દાર્થ જ માત્ર નથી લેવાનો પણ ગૂઢાર્થ-લક્ષ્યાર્થ લેવાનો છે, તો અને તો જ કંઈક અંશે આ પ્રેમતત્ત્વની ઝાંખી થશે. આપણાં ગીતો-ગઝલોમાં પણ આ તત્ત્વ નખથી નક્ષત્ર સુધી ફેલાયું છે. સુરતીબાબુ ડૉ. મુકુલ ચોકસીનું નામ કવિતાક્ષેત્રના ભાવકોથી અજાણ્યું ન જ હોય ! વ્યવસાયે મનોચિકિત્સક આ કવિએ પ્રેમની સહજ-ભીની ઓળખ આપતી એક સુંદર રચના આપી છે. એ રચના આજે તો સમગ્ર ગુજરાતના હૈયે અને કંઠે ગવાય છે. આપણા સુગમ સંગીતના સુ-પ્રસિધ્ધ સ્વરકાર-ગાયક સોલી કાપડિયાએ મુકુલ ચોકસીની આ રચનાને ઘેર-ઘેર પહોંચાડી છે. કહીએ કે કેટલીક ઉત્તમ રચનાઓ, સામયિકમાંથી નીકળીને ગાયકી થકી જ લોકો સુધી પહોંચતી

હોય છે. ચાલો, આજે આપણે સૌ પણ સોલીની સાથે મુકુલ ચોકસીની આ પ્રેમલ કૃતિનું પ્રેમભાવથી ગાન કરીએ :

**પ્રેમ એટલે કે સાવ ખુલ્લી આંખોથી થતો મળવાનો વાયદો,**
**સ્વપ્નમાં પડાય એવો કાયદો**
**પ્રેમ એટલે કે તારા ગાલોના ખાડામાં ડૂબી જતાં**
**મારાં ચોર્યાશી લાખ વહાણોનો કાફલો**
**ક્યારેય નહિ માણી હો એવી કોઈ**
**મોસમનો કલરવ યાદ આવે એ પ્રેમ છે**
**દાઢી કરતાં જો લોહી નીકળે ને ત્યાં જ**
**કોઈ પાલવ યાદ આવે એ પ્રેમ છે**
**પ્રેમ એટલે કે સાવ ઘરનો એક ઓરડો હા,**
**ઘરનો જ એક ઓરડો ને**
**તોય આખા ઘરથી અલાયદો.....**
**કાજળ આંજીને તને જોઉં તો તું લાગે**
**એક છોકરીને તે ય શ્યામવરણી**
**વાદળ આંજીને જોતાં એવું લાગ્યું કે**
**મને મૂકી આકાશને તું પરણી !**
**પ્રેમમાં તો ઝાકળ આંજીને તને જોવાની હોય**
**અને ફૂલોમાં ભરવાનો હોય છે મુશાયરો**
**પ્રેમ એટલે કે સાવ ખુલ્લી**
**આંખોથી થતો મળવાનો વાયદો.....**

સોલી કાપડિયાના સ્વરમાં ગવાતી આ રચના વિશે કોઈ આસ્વાદ કરાવવાની આવશ્યકતા જ નથી કેમ કે મુકુલ ચોકસીની આ કવિતા જેટલી સ્વયંસ્પષ્ટ છે એટલી જ એની સ્વરપ્રસ્તુતિ પણ સ્વયં સ્વરસ્થ છે. સોલીનું આ સ્વરાંકન 'સોલીડ' છે ! સોલી-નિશા (ઉપાધ્યાય) આ સ્વરયુગલના કાર્યક્રમોમાં, કાર્યક્રમ શરૂ થાય એ પહેલાં જ આ ગીતની 'ફરમાઈશી ચિઠ્ઠીઓ' એમની પાસે પહોંચી જાય છે. રાજકોટમાં થોડાંક વર્ષો પૂર્વે આ સ્વરયુગલનો લાઈવ પ્રોગ્રામ થયેલો એ વખતનું ધ્વનિમુદ્રણ (રેકોર્ડિંગ) મારી પાસે સચવાયેલું છે. એ પછી તો સોલી-નિશાની કેસેટ, અને હવે તો સીડીમાં પણ આ રચના આપણને સારી રીતે માણવા મળે છે.





આ ગીતમાં સીતાર, વાયોલિન, કી-બોર્ડ, એકોર્ડીયન, ગીટાર, તબલાં, ઢોલક, ડફ, સાઈડ ઈફેક્ટસ્ અને બેરેક્સ વગેરેનું સુંદર સંગીતસંયોજન આ ગીતને વિશેષ શણગારે છે. સાંભળતાં-સાંભળતાં આપણે પણ આપણા પ્રેમની અનુભતિની અલૌકિક દુનિયામાં એવા તો ખોવાઈ જઈએ છીએ કે ન પૂછો વાત ! સરળ શબ્દો અને સહજ સ્વરો દ્વારા સૌ કોઈ ગાઈ શકે એવું આ પ્રેમગીત છે. પ્રેમને પામવા માટે તો આપણી જીવસૃષ્ટિનો ચોર્યાશી લાખનો ફેરો પણ ઓછો પડવાનો ! કોઈક મોસમનો કલરવ અને દાઢી કરતાં કરતાં... એટલે કે કોઈને યાદ કરતાં-કરતાં, દાઢી કરતી વખતે જ લોહી નીકળે ત્યારે પાલવ ધરનારું કોઈ હાજર ન હોય ત્યારે કેવું લાગે ! આખ્ખા ઘરમાં જેનો એક અલગ દરજ્જો છે અને આપોઆપ એની અલગ અલગ ઓળખ થાય એવો ઓરડો પ્રેમમાં રૂપાંતરિત થઈ જાય છે. આકાશને પરણવું કે આંખમાં ઝાકળ આંજીને કોઈને જોવાની ઘટના અને ફૂલોના દરબારમાં ભરાતા મુશાયરા એ બીજું કંઈ જ નથી પ્રેમ જ છે. પ્રેમ ફોટોગ્રાફ અને ઓટોગ્રાફથી પર છે. બસ, પ્રેમ એટલે પ્રેમ... એ હોય છે એમ જ. સહજ. એમાં આયાસ નથી. ૐ પ્રેમાય નમઃ, અહંકાર હોમાય નમઃ, તો પ્રેમ પામાય નમઃ.

**અંજલિ :**

**એવી તો તને શું ચડી રીસ ?**
**કે મને પાડી ન શક્યો તું ચીસ !**
**અમને મૂકીને તું ક્યાં ગયો હે, ગિરીશ ?**
**તું નથી એવી ખબર પછી દોસ્ત,**
**હવે વિશ્વાસ ન રહ્યો ખબરમાં**
**શા માટે વિખૂટો પડ્યો અમારાથી,**
**અમે તો રાખ્યો તો તને જીગરમાં**
**હવે બસ રોયા કરું, ને જોયા કરું,**
**તસ્વીર તારી દિલમાં અને ઘરમાં**
**આમ રૂઠીને ન જવાય 'બંધુ'**
**આપણી આ હાસ્યની સફરમાં**

**- વસંત પરેશ 'બંધુ'**

(જાણીતા હાસ્ય કલાકાર ગિરીશ શર્માની આકસ્મિક વિદાય વેળાએ)

# પાંપણોની પોટલીમાં આંસુનાં તાંદુલ લઈને ઊભેલા સુદામાજીનું ગીત

અમરેલી આ ચાર અક્ષરોનો બનેલો એક શબ્દ જ્યારે જ્યારે ઉચ્ચારાય છે ત્યારે તરત જ છ અક્ષરિયા નામનો એક 'સાચકલો જણ' નામે રમેશ પારેખનું તરત જ સ્મરણ થાય જ. હવે તો એ છ અક્ષરનું નામ સાચા અર્થમાં અક્ષરદેહી જ થઈ ગયું છે. કવિ રમેશ પારેખ અમરેલી હતા એ દરમ્યાન કેટલાય નવા-નવા કવિઓને તેમની હૂંફ અને માર્ગદર્શન મળતાં હતાં. છેલભાઈને ફળિયે કે હર્ષદ ચંદારાણાના બંગલે કેટલીય વખત કવિ-કલાકારો-ગાયકો-સંગીતકારો-ચિત્રકારો-શિલ્પકારો એમ અસંખ્ય કલાક્ષેત્રના લોકોનો ડાયરો સતત જામેલો રહેતો અને એ શબ્દ-સાહિત્ય-સંગીત કલાની આબોહવામાં પ્રણવ પંડ્યા જેવા કેટલાય ઊભરતા કવિઓના ઉછેર-ઘડતર થયાં છે.

ગુજરાતી ગીત કવિતામાં હરિગીતોની એક વિશિષ્ટ અને પ્રલંબશ્રેણી રમેશ પારેખે સર્જી છે. આ 'આચમન'ના ઉંબરેથી જ મેં અગાઉ એવું એક વિધાન કર્યું હતું કે 'ર.પા. જેવાં હરિગીત હજુ સુધી ગુજરાતી કવિતામાં અવતરિત થયા નથી' આ વિધાન આજે પણ એટલું જ યથાર્થ છે. રમેશ પારેખનું એક પણ હરિગીત એવું નહીં હોય જે ગવાયું ન હોય ! સુરેશ જોષી, ઉદય મઝમુદાર, આસિત દેસાઈ, પુરુષોત્તમ ઉપાધ્યાય, ક્ષેમુ દિવેટીયા, રાસબિહારી દેસાઈ, ભરત પટેલ, ઉદયન મારુ વગેરે જેવા કેટલાય સ્વરકાર ગાયકોએ ર.પા.નાં હરિગીતોને સ્વરદેહ આપીને અમર બનાવ્યાં છે. આ રમેશ પારેખના હરિગીતોની છત્રછાયામાં ઉછરેલો અમરેલી ગામનો એક લવરમૂછિયો-યુવાકવિ એટલે પ્રણવ પંડ્યા. આ પ્રણવે એક સુંદર હરિગીત લખ્યું અને એને મન થયું કે આ હરિગીત હું રમેશ પારેખને સંભળાવું, બતાવું. ને કવિ પહોંચી ગયા ર.પા. પાસે ! ર.પા.એ આ નવું હરિગીત સાંભળીને





ખુશ થઈને ભાઈ પ્રણવનો વાંસો થાબડયો અને ખૂબ રાજીપો વ્યક્ત કર્યો. પ્રણવ પંડ્યા હવે તો એક સ-શક્ત કવિની શ્રેણીમાં આવી ગયા છે. એટલું જ નહીં પણ કવિસંમેલનો અને મુશાયરાઓ તથા સાહિત્યિક અને સાંગીતિક કાર્યક્રમોના સૂત્રધાર-સંચાલક તરીકે આજકાલ તેણે સારું કાઠું કાઢ્યું છે. છે...ક મુંબઈના કાર્યક્રમોના સંચાલન માટે પણ પ્રણવને વખતોવખત કહેણ આવે છે. વખત હોય અને 'મૂડ' હોય તો જ આ કવિ જાય છે નહીં તો એ પ્રેમપૂર્વક ના પણ કહી દે છે. અંદરની સાચા શબ્દની દુનિયાના રંગે રંગાયેલો આ કવિ ખરેખર 'આવતીકાલની ઉજ્જવળ કવિતા'નો કવિ છે.

પ્રણવ પંડ્યાએ લખેલું આ હરિગીત મુંબઈના સ્વરકાર ગાયક સુરેશ જોશીના સ્વરાંકનમાં સાંભળવા-માણવા-પ્રમાણવા જેવું છે. પ્રણવ પંડ્યા, રમેશ પારેખની હાજરીમાં જ સુરેશ જોશીએ આ હરિગીત જ્યારે રાજકોટમાં પ્રસ્તુત કર્યું હતું ત્યારે અદ્‌ભુત માહોલ રચાયો હતો. આજે 'આચમન'ના ભાવકો માટે, ર.પા.ને પણ સ્પર્શી ગયેલું પ્રણવ પંડ્યાનું આ હરિગીત પ્રસ્તુત છે લ્યો, કાને માંડો તો તમને ય સંભળાવું :

**હરિ, મારી આંખ્યુમાં કરજો વિસામો,**
**પાંપણની પોટલીમાં આંસુના તાંદુલ લઈ,**
**ઊભો હું થઈને સુદામો.....**
**એમ ઊછળવું કાયમાં રગોનું,**
**પાંસળીની પાર પીડા એટલી સમાઈ છે**
**દરિયાની ભરતીમાં ઉછલગ લોઢ,**
**જેટલું દુવારકામાં સોનું**
**જરા ધસમસતા શ્વાસોને થામો**
**મારી આંખ્યુમાં કરજો વિસામો.....**
**કીકીઓના કુંજામાં સપનાની કાંકરીઓ**
**નાખી જળધાર એક સીંચી**
**એ ધારને કિનારે હરિ હસતા દેખાય**
**પછી હળવેથી આંખ લઉં મીંચી**

**હવે જળનો કિનારો છે સામો**
**મારી આંખ્યુમાં કરજો વિસામો...**
**હરિ, મારી આંખ્યુમાં કરજો વિસામો.....**

કૃષ્ણ-સુદામાના સખાભાવને ઉત્તમ કરુણગર્ભ રીતે રજૂ કરતું આ ગીત એટલું તો હૃદયસ્પર્શી છે કે આપણે ધન્ય બની જઈએ છીએ. પાંપણરૂપી પોટલીમાં આંસુરૂપી તાંદુલ લઈને સુદામાનું કૃષ્ણ સમક્ષ પ્રસ્તુત થવું એ ભાવચિત્રનું શબ્દ સંયોજન-સ્વરસંયોજન કાબિલ-એ-દાદ છે. મુંબઈ વસતો સ્વરકાર પણ કૃષ્ણત્ત્વના ભાવને પોતાની આંતરિક દુનિયામાં કેવી સૂક્ષ્મતમ સફર કરાવે છે એ સંવેદન ભક્તિ-પ્રેમલક્ષણા ભક્તિના ભાવથી અનુભવવા જેવું છે. પ્રણવ પંડ્યા જેવા તરોતાજા કવિની કલમે આવું સુંદર હરિગીત જન્મે એ ઘટના આપણી ગીત પરંપરાની આવતીકાલ ઉજ્જવળ-ઓજસ્વી છે તેની સાક્ષી છે. આપણી સુગમ સંગીતીય-કાવ્ય સંગીતીય પરંપરામાં તેજસ્વી કહી શકાય એવું અને ભાગ્યે સાંભળવા-માણવા મળે એવું આ સ્વરાંકન કોઈને પણ સાંભળવાનું મન થાય તો આ લખનારને સાદ પાડજો. ચોક્કસ આ અને આવા અન્ય હરિગીતોના સ્વરાંકનોનો સંગ્રહ તમારા કાનમાં, હૃદયમાં રેડીશ. સુરેશ જોશીનું આ સ્વરાંકન નવોદિત ગાયક સોનીક સુથારે પણ કાવ્યસંગીત સમારોહ (અમદાવાદ-૨૦૦૫)માં પ્રથમ દિવસે જ પ્રથમ રચના પ્રસ્તુત કરીને સૌ ભાવકોનાં હૃદય જીતી લીધાં હતાં. એનું સૂરમય સ્મરણ થાય છે.

**અંજલિ :**
**હે, દરિયા છેલ, હે દરિયા છેલ**
**તું છે કેવો સાવ છોગાળો**
**ને તું છે સાવ છકેલ.....**
**(પોરબંદરના દરિયાકાંઠે)**





# ઝાડ છોડી ડાળીબહેન હાલિયાં રે પાન અવસરનાં....

કાવ્ય અને સંગીતક્ષેત્રમાં બાળપણથી જ ઊંડી અભિરુચિ હોવાને કારણે કેટલીય વખત અલગારી રખડપટ્ટી દરમ્યાન એટલા બધાં જૂનાં-નવાં ગીતોની છાબ અને કવિતાઓનો અસબાબ મને સતત ને સતત, આ ક્ષણ સુધી મળતો રહે છે કે જીવનમાં બસ અજબ મોજ પડી જાય છે ! એમાં ય વળી ગાતાં-ગાતાં કે ભણતા-લખતા હું આમ દૈનિકપત્રમાં કટાર લેખક થઈને લખીશ એવું તો ક્યારેય શમણુંય ન્હોતું આવ્યું ! પણ ગવાતી ગુજરાતી કવિતાઓ માટે મને પ્હેલેથી જ અઢળક પ્રેમ અને ભયંકર પક્ષપાત પણ ! એમાંય બાપુ, ગીત-ગઝલ ન ગવાય તો એની મજા જ શું હેં ? આપણા ઉમાશંકરજીએ તો સોય ઝાટકીને એકદા કીધું'તું જ ને કે 'ગવાય એ જ ગીત !'

અમરેલી ગામની માટીમાં જ કૈંક જાદુ છે કે ત્યાંથી કશુંક જીવનસંવેદન અવિરત પ્રગટ્યા જ કરે છે. 'અમરેલી' શબ્દ ક્યારેય કાને પડે કે હજુ ય તરત જ રમેશ પારેખનું જ નામ યાદ આવી જ જાય અને આંખોમાં ઝળઝળિયાંય આવી જાય. પણ ર.પા. પછી અમરેલી ઘરાનાને આજે ય જીવતો-શ્વસતો રાખ્યો હોય તો તરત જ હૈયે-હોઠે ર.પા.ની જેમ જ બીજું નામ એટલે હર્ષદ ચંદારાણા. મારી સંગીત-શબ્દની યાત્રામાં મને ખુલ્લા મનનો અને સૌને સરખો સ્નેહ આપનારો માણસ મળ્યો હોય તો તે છે કવિ હર્ષદ ચંદારાણા. બહુ ઓછા-ખૂબ ઓછા સર્જકો એવા મને મળ્યા છે જે ખુલ્લા આકાશ-ધરતી જેવું જીવતા હોય અને કલાના કોઈ પણ ક્ષેત્ર-માધ્યમ માટે જાતે ઘસાતા હોય. બાકી સાહેબ, રૂપિયો અને કીર્તિ મળી જાય પછી માણસ 'બહુ ભારે' થઈ જાય છે એવું કેટલાય સર્જકોમાં મેં અનુભવ્યું છે. ખેર... જાને દો ભી યારો... હોતા હૈ... પણ કવિ અને બહુ મજાના માણસ

તરીકે મને હર્ષદ ચંદારાણા બહુ ગમે છે. ગુજરાતી કવિતા અને ગુજરાતી કાવ્ય સંગીત માટે આ માણસ બહુ મથે છે. મથે છે એટલું જ નહીં પણ કવિઓ અને કલાકારો માટે હર્ષદ ચંદારાણાએ જાત ઘસી છે ! વળી એ ઘસામણમાં કોઈ કેફ નહીં ! ભાર નહીં ! ભૂલી જાય. એ નિર્વ્યાજ પ્રેમનો જ માણસ છે.

ગઝલો અને ગીતોમાં કવિ હર્ષદ ચંદારાણા અવિરત સર્જનરત છે. બહુ ઓછા કવિઓ સંગીતપ્રેમી હોય છે. કવિ હર્ષદ ચંદારાણાને તો કવિતા અને એના સંગીત-તત્ત્વની જબરી ખેવના છે. એટલેજ તો કેટલાય સ્વરકારો-ગાયકો હર્ષદભાઈને આજેય ફોનમાં કે મોબાઈલમાં ય ગીતો-ગઝલોની ઉઘરાણી કરતા રહે છે. કવિઓ-લેખકોને તો ઘણી વખત જે તે પ્રાસંગિક-પ્રસંગાનુરૂપ લેખો-કાવ્યો લખવાના ઈજનો મળતાં જ રહેતા હોય છે. પણ સંગીતક્ષેત્રમાં કોઈ સ્વરકાર-ગાયક કોઈ સર્જકને નિશ્ચિત વિષય કે પ્રસંગ માટે ફર્માઈશ કરે કે ઈજન મોકલે એવું બહુ ઓછું જોવા મળે છે. સામાન્ય રીતે કવિઓએ લખેલી રચનાઓ કે અત્ર-તત્ર પ્રગટ થયેલી રચનાઓમાં જ સંગીતકારો ચયન કરીને જે તે કૃતિઓનું સ્વરાંકન કરતા હોય છે અને પછી પ્રસ્તુત કરતા હોય છે. પણ ક્યારેક સ્વરકાર-ગાયક કોઈ કવિને પણ સર્જનપ્રક્રિયા માટે પ્રવૃત્ત કરાવે અને નિશ્ચિત વિષય પર કોઈ કૃતિ લખાવે અને પછી એ કૃતિનું જબરદસ્ત સ્વરાંકન થાય, એ ગવાય અને લોકહૈયા સુધી પ્હોંચે ત્યારે આ આખીય સર્જન પ્રક્રિયાનું એક ઉત્તમ વર્તુળ પૂર્ણ થાય એની મોજ જ કૈં ઔર હોય છે ! મુંબઈના પ્રસિધ્ધ સંગીતકાર-ગાયક ઉદય મઝુમદારે આપણા કવિ હર્ષદ ચંદારાણાને આવી જ કોઈ સુરીલી ક્ષણે ઈજન આપેલું એની વાત લ્યો, હવે તમે ય સાંભળો ખુદ કવિ હર્ષદજીના જ મુખે. ઓવર ટુ હર્ષદ ચંદારાણા : જિગરી દોસ્ત અને પ્રસિધ્ધ સંગીતકાર શ્રી ઉદય મઝુમદારના આગ્રહને માન આપી એક કાર્યક્રમ બાદની બેઠકમાં તાજી લખાયેલી બે પંક્તિઓ કહેલી (ત્યારે) કે :

**મારા આંગણિયે ઊભા રખોપિયા રે પાન અવસરનાં**
**કેળ-શ્રીફળ દાદાજીએ રોપિયા રે પાન અવસરનાં**

તે પછીના દિવસોમાં ઉદયનો સતત આગ્રહ રહ્યો કે ગીત જલદી પૂરું કર અને આપ. આ આગ્રહ પઠાણી ઉઘરાણીમાં ફેરવાયો અને છેલ્લે તો જિદમાં કે સુરેશ (સુપ્રસિદ્ધ ગાયક અને સંગીતકાર સુરેશ જોશી) અમરેલી પરણવા આવે છે તેના લગ્નમાં તો જ આવું કે આખું ગીત મળે. હા ભણવી જ પડી, ભણી, ઉદય અમરેલી





આવ્યો, ગીત આપ્યું અને રાત્રે ત્રણ વાગ્યે ઉદયે તે સ્વરબદ્ધ (કમ્પોઝ) કરી સંભળાવ્યું. બાદ મુંબઈની કલા સંસ્થા 'કલાસંગમ'ના કલાગુરુ સુશ્રી વંદનાબહેન દેસાઈએ ઉદય મજુમદારના સંગીતમાં અને શુભા જોશી, સુજાતા ત્રિવેદી તથા ઉદય મજુમદારના સ્વરમાં તે રેકોર્ડ કર્યું, તેનું અતિ સુંદર નૃત્યસંયોજન કર્યું જેમાં ૪ કન્યાઓનું એક વૃક્ષ થાય અને એક કન્યારૂપી ડાળી સરકીને વિદાય લ્યે. તેને નવરાત્રિની નવ રાત મુંબઈમાં અલગ-અલગ નવ સ્થળોએ પ્રસ્તુત કર્યું. આ આખાય કાર્યક્રમને નામ પણ આ જ ગીત પરથી 'પાન અવસરનાં' આપવામાં આવ્યું. આ ગીત એટલી હદે લોકપ્રિય થયું કે આ રજૂઆત બાદ મારે જ્યારે જ્યારે મુંબઈ જવાનું થયું છે અને કોઈને પણ મળવાનું બન્યું છે ત્યારે, ઉદય માત્ર મને 'પાન અવસરનાં'ના સર્જક તરીકે ઓળખાવે અને મળનાર મને યાતો ભેટી પડે કે પગમાં પડી જાય અને બસ 'પાન અવસરનાં'ની વાત કરતાં કરતાં મળનારનું મોં ભરાઈ જાય... 'પાન અવસરનાં' ગીત કવિશ્રી રમેશ પારેખને ય ખૂબ ગમ્યું હતું અને તેમણે લખેલા એક નાટકમાં પણ તેને સમાવ્યું છે તે એક ગૌરવદાયી ઘટના છે. તો આમ વાત છે દોસ્તો... કોઈ એક ગીત આપણે જ્યારે મમળાવીએ-માણીએ છીએ ત્યારે એ ગીતની સર્જનપ્રક્રિયા પછી તેનું સ્વરાંકન, પછી તેની જીવંત પ્રસ્તુતિ (લાઈવ પર્ફોર્મન્સ) અને ભાવક સુધીની તેની ઝીલણગતિ આ બધી જ પછીતની ઘટનાઓથી તો કૈં કેટલાય ભાવકો અજાણ જ રહી જતા હોય છે. ખરુંને ? પણ મેં ઘણી વખત અહીંયાં જ લખ્યું-નોંધ્યું છે કે માટીની નીચે ધરબાઈ ગયેલી સુવર્ણમુદ્રાઓની જેમ આપણી કેટલીય કવિતાઓ, એના સ્વરાંકનો, એની રજૂઆતો માટીમાં ધરબાયેલી છે જ એની ખોતરપટ્ટી કરવી પડે તો અને તો જ એ શબ્દ-સ્વર ખજાનો હાથ લાધે ! કાને લાધે અને પછી હૈયે લાધે તો તો ભયો ભયો જ બાપુ !

હર્ષદ ચંદારાણાએ અર્વાચીન લગ્નગીતોનું ય સર્જન કર્યું છે. અને એના સ્વરાંકનો પણ થયા છે એની બહુ ઓછા ભાવકોને ખબર છે. પોતાના જ પરિવારના પુત્રો કે ભાણેજો-ભત્રીજાઓના લગ્ન નિમિત્તે આ કવિએ લગ્નગીતો લખ્યા છે જે હવે તો ગુજરાતી કવિતા ક્ષેત્રની મિરાત થઈ ગયા છે.

આવું જ એક સુ-પ્રસિદ્ધ લગ્નગીત જેની સર્જન-સ્વરાંકન પ્રક્રિયા વિશે તમે જાણ્યું એ લગ્નગીત આજથી ૧૬-૧૭ વર્ષ પૂર્વે (૨૫/૫/૯૧) લખાયેલું અને સ્વરાંકિત થયેલું, ગવાયેલું, જે આજે પણ લગ્ન અવસરે માણવા જેવું છે. તો આવો ભેરુ-મારા ભેરુ

કવિ હર્ષદ ચંદારાણાનું આ અવસરિયું લગ્નગીત તમેય મારી હારે ગણગણો :

**મારાં આંગણિયે ઊભા રખોપિયા રે પાન અવસરનાં**
**કેળ-શ્રીફળ દાદાજી એ રોપિયા રે પાન અવસરનાં**
**મોર કમખે ભરેલા બોલિયા રે પાન અવસરનાં**
**ગીત મંગળ સખિયુંએ ઝીલિયા રે પાન અવસરનાં**
**લાખ મોતીનાં તોરણ બાંધિયા રે પાન અવસરનાં**
**હેત રેડીને કંસાર કાઢિયા રે પાન અવસરનાં**
**તારલાઓ ચુંદડીએ ટાંકિયા રે પાન અવસરનાં**
**તેજ અતલસ ઘૂંઘટડે ઢાંકિયા રે પાન અવસરનાં**
**મૂળ મેલ્યાં ને છાંયડા ઝાલિયા રે પાન અવસરનાં**
**ઝાડ છોડી ડાળીબેન હાલિયાં રે પાન અવસરનાં**

ગાયક સ્વરકાર પ્રિય ઉદયભાઈના ઘેઘૂર અવાજની સાથે શુભા જોશી અને સુજાતા ત્રિવેદી તથા સમૂહસ્વરની પછીતમાં વાગતા શરણાઈના સૂર સાથે આ ગીત ખરેખર માણવા જેવું છે. આ ગીત ભાવકોને કોઈ સીડી કે કેસટમાં ઉપલબ્ધ નહીં થાય કેમકે આ 'રેર કમ્પોઝીશન' (ભાગ્યે જ સાંભળવા મળતું સ્વરાંકન) છે. કવિ હર્ષદ ચંદારાણા (૯૮૨૫૦ ૭૫૧૭૫/૦૨૭૯૨-૨૨૨૫૬૬ આર. ૦૨૭૯૨-૨૨૨૬૪૬) અથવા મારો સંપર્ક કરવાથી આ ગીત ભાવકો માણી શકશે. મારા અંગત સ્વર ખજાનામાં આ ગીતે ય રૂડું બનીને બેઠું છે. ને આ ક્ષણે જ મને હર્ષદ ચંદારાણાને પૂછવાનું મન થાય છે કે હે કવિ, તમે તમારા પરિવારના સંતાનોનાં લગ્ન નિમિત્તે એક એક કરીને નવ ગીતો લખ્યાં છે તો બાપુ, તમને તમારા જ લગ્ન વખતે ત્યારે આવું એકેય લગ્નગીત નહોતું લખાયું ? કે પછી તમારા જ લગ્નનું એ ગીત તમારા શબ્દાંગિની રોહિણીબેન માટેનું અંગત હતું ? ધેન... વન્સમોર ઓવર-ટુ કવિ ભેરુ હર્ષદ ચંદારાણા...!?!

**અંજલિ :**

**અજવાળું ઠલવાતું રોજ, શરણાયું વાગે રે**
**આ સૂરજ અમારો હતો જ, શરણાયું વાગે રે**
**અમે સૂરજ ઉછીનો દીધો, શરણાયું વાગે રે**
**ને ચાંદો અમારો કીધો, શરણાયું વાગે રે**





# ફાગણના ફાગમાં લીલેરાં પાન સંગ ગાતાં ગુલમોર

ઋતુરાજ વસંત તો હવે શહેરોમાં ક્યાં ખીલે છે ? જો કે ગામડાંઓ ય હવે તો શહેર જેવા દેખાવા માટેની દોડમાં જ લાગ્યા છે. જંગલોમાં, પર્વતોમાં ઊંડે જવું પડે તો જ વસંત વૈભવ માણવા મળે. લેકિન વો દિન કહાં... પણ મને ઘણી વખત શહેરમાં રહેતાં-રહેતાં કે અન્ય શહેરોમાં ફરતાં-ફરતાં ય વિચારો એ જ આવે છે કે આપણે જ્યાં હોઈએ ત્યાં કમસે કમ જે તે ઋતુઓનાં ગમનાગમન અંગે મન-હૃદયથી તો જીવવાનો પ્રયત્ન કરીએ ! અને એ રીતે દરેક ઋતુ-પર્વ-ઉત્સવોને આત્મસાત્ કરીને અનુભવવાનો-જરીક તો જરીક પણ પ્રયત્ન તો કરીએ? પછી જુઓ કેવો જલસો થઈ જાય છે ! કેવી મોજ થઈ જાય છે ! પણ ચામડીના સ્તરે જ જીવતો માણસ, ભૌતિકતાની આ ભુલભુલામણીની ભવાટવીમાં એવો તો ભટકી રહ્યો છે કે એને કોઈ પણ ઋતુઓ-પર્વો કે ઉત્સવોના સાદ નથી સંભળાતા ! અને એટલે જ આ પ્રકૃતિ વિમુખતાને કારણે જ માનવ જીવન ઉપર કુદરતી પ્રકોપોનો કારમો કોપ ઊતરતો જ રહે છે અને બ્રહ્માંડમાં, ધરતી-આભમાં વિસ્ફોટો થતા રહે છે. પ્રકૃતિની જાળવણી તો એક બાજુ પણ છે એ પ્રકૃતિ તત્ત્વોના ધ્વંસ માટેની પ્રવૃત્તિઓ માણસ જાતે કરતો જ રહે છે અને બદલામાં મેળવે છે કારમી અને કાયમી પ્રકૃતિ વિહીનતાનો કાળો અભિશાપ. માણસનો ભોગવાદ એક વખત ખુદ માણસને જ રાક્ષસની જેમ જ ભરખી જશે. કેલેન્ડરના તારીખિયાંના પાનાંની જેમ જ રોજરોજ એનો એક-એક દિવસ ઓછો થતો જાય છે એ સિવાય કોઈ નૂતન પરિવર્તન એ નથી અનુભવતો. તીથિ નહીં પણ તારીખને યાદ રાખતો માણસ ઋતુઓને તો ક્યાંથી યાદ રાખે ? ઋતુઓની રમણીયતામાં રાચી શકે એવું રૂડું હૈયું ય હવે ક્યાં માણસ પાસે સાબૂત રહ્યું છે ? વિચિત્ર અને ક્યારેય નામે ય ન સાંભળ્યાં હોય એવા જાતજાતના રોગોથી માણસનું શરીર ઘેરાઈ ગયું છે તોય હજુ ય માણસ ચેતતો નથી !

આ લખું છું ત્યારે ગુજરાતી તારીખિયાંના પાને આજે ફાગણ સુદ બારસનો દિવસ છે. ફાગણની ઋતુ એટલે મઘમઘતા ગુલમોર અને કામણગારા કેસૂડાંની કમનીય ઋતુ. હમણાં જ આ જ ફાગણ ઋતુના આગમને અને વસંતના વૈભવની સાક્ષીએ ગીરના જંગલમાંથી પસાર થવાનું થયું. હા, પસાર જ થવાયું કેમકે જંગલ તો 'રોકાઈ જાવ'નો સાદ પાડે છે પણ આપણને સમય ક્યાં ? તો ગીરના જંગલમાં ચો-તરફ કેસૂડાનું કામણ નિહાળ્યું. અરે, યાર... ઘણી ય પગદંડીઓ ઉપર તો આ કેસૂડાં થકી કેસરી જાજમ બિછાવાઈ હોય તેવું લાગતું હતું. મને ગાડીમાંથી ઝટ ઊતરી જઈને કેસૂડાંને અને કેસૂડાંની મખમલી પથારીને હાથ-પગથી સ્પર્શવાનું મન થઈ ગયું ! પણ... મેં કીધું ને કે એક શહેરથી બીજા શહેરમાં પહોંચવાની લહાયમાં ફાગણનો ફાગ, વસંતનો વૈભવ અને ગીરના જંગલનું ઐશ્વર્ય હૈયામાં ભરીને અમે ગીરના જંગલમાંથી પસાર થઈ ગયા ! રાત્રે ઘેર આવ્યો ત્યારે હૈયું આળું થઈ ગયું. જંગલ જાણે કે મને ઠપકો આપતું હતું ! પણ હું લાચાર હતો. ઓશીકા ઉપર માથું રાખીને જથ્થાબંધ શહેરી અફસોસ વચ્ચે ઘરની છત ઉપર દૃષ્ટિથી ચિત્રો દોરતો અને ફાગણનાં ગીતો-વસંતનાં ગીતો-કેસૂડાંના ગીતો યાદ કરતો-કરતો ક્યારે નિદ્રાધીન થઈ જવાયું એની ખબર જ ન પડી !

ફાગણિયું ફૂમતું અને પણે વને-ઉપવને પડઘાતા પંખીઓના ટહુકા યાદ આવે છે અને એની સાથે જ યાદ આવે છે કેટલાંય મજાનાં ગીતો. આજે હોળી છે. આવતીકાલે ધૂળેટી. તનરૂપી ધૂળેટી હોય તો જ મનરૂપી ધૂળેટીને માણી શકાય. નહીં તો જીવ્યું ફોક ! વાતે વાતે વ્હાલપનો ય હિસાબ માંગનારા આપણે, આપણને પ્રકૃતિ પાસેથી કશું શીખતાં જ ક્યાં આવડે છે ? અથવા તો એમ કહીએ કે આપણે પ્રકૃતિ તત્ત્વો પાસેથી કશું શીખવું જ નથી ! સિન્થેટિક અને મોર્ડનીઝમના વસ્ત્રો નીચે આપણી 'સાચુકલી' ચામડીની સંવેદનાઓ બુઠ્ઠી થઈ રહી છે ત્યારે ચાલો, આજે આ હોળી-ધૂળેટીના રંગપર્વ નિમિત્તે કવિ મેઘબિંદુનું એક સરસ ગીત માણીએ. જાણીતા સમર્થ સ્વરપુરુષ પુરૂષોત્તમ ઉપાધ્યાય દ્વારા આ ગીતનું ઉત્તમ સ્વરાંકન થયું છે. 'સંબંધતો આકાશ' એ શીર્ષકથી વર્ષો પહેલાં એક ઓડિયો કેસેટ મળેલી એમાં આ ગીત છુપાયેલું છે.

જો કે હવે તો સીડી; એમપીથ્રી કે ડીવીડીમાં કદાચ આ આલબમ મળતું જ હશે ! મારો જાત અનુભવ છે કે ઉત્તમ સ્વરાંકન મેળવવા માટે તમારે જબરી ધીરજ રાખવી પડે અને અલભ્ય સ્વરાંકનો માટે તો તમારે ગમતીલો રઝળપાટ કરવો





પડે. ગુજરાતીકાવ્યસંગીત અને એ પણ સાચા અર્થનું ગુજરાતીકાવ્યસંગીત ખરેખર વૈભવશાળી છે. એક વખત આ કાવ્યસંગીતનો નાદ લાગી જાય પછી ભયો ભયો જ છે ! એવાં એવાં ગીતો-ગઝલોના 'રેર કમ્પોઝિશન' આપણી સુગમ સંગીતીય આ સ્વરપરંપરામાં સચવાયેલા-ધરબાયેલા છે કે તેને ભાવકો-શ્રોતાઓની શ્રવણ સંજીવનીની જરૂર છે. એક ઉત્તમ કવિતાનું પરમોત્તમ સ્વરાંકન આપણી જિંદગીનો ઝેરીલો થાક ઉતારી દે છે. શબ્દ અને સ્વરમાં એવી કોઈ અલૌકિક શક્તિ છે જ જે આપણને સાચા અર્થમાં 'રીલેક્સ' કરી દે છે. આજે આપણી આસપાસ ઘોંઘાટાતા-બરાડાતા બરછટ અને સંવેદનવિહીન ગીત-સંગીતના કોકટેલીય માહોલ વચ્ચે ગીત કવિ મેઘબિંદુનું આ પુરુષોત્તમદાએ ગાયેલું ફાગણિયું ગીત કેટલા ભાવકોએ સાંભળ્યું છે ? કહો :

**ફાગણનો ફાગ અને ટહુકાનો સાદ પછી મલકયા વિના તે કેમ રહીએ**
**કામણ કીધાં છે અહીં કેસૂડે એવાં કે મહેક્યા વિના તે કેમ રહીએ...**
**ફૂલની ફોરમની પકડીને આંગળી ફરવાને નીકળ્યો પવન**
**પાન પાન ડાળ ડાળ ઝૂમી ઊઠ્યાં ને ઝૂમે રે આખું ઉપવન**
**કલરવની કેડીએ રમતાં પતંગિયાંને પકડ્યા વિના તે કેમ રહીએ...**
**મઘમઘતી મંજરીની કાયા બદલાઈ સાંભળીને વેણુ વસંતની**
**લીલેરાં પાન સંગ ગાતાં ગુલમોર એ લહાણી કરે છે સુગંધની**
**અરધી ભરાઈ મારા ઉમંગની હેલ પછી છલકયા વિના તે કેમ રહીએ...**

જીવનભર આવા ફાગણનો ફાગ સૌના હૈયામાં ફોરે અને આપણા આવાં સમૃધ્ધ ગુજરાતી ગીતોનું ગાન પણ આપણા સંવેદનતંત્રમા ઝિલાય એવી મઘમઘતી મંજરીની સુગંધની સાખે સૌ ભાવકોને-શબ્દસ્વર પ્રેમીઓને રંગપર્વ મુબારક...!

**અંજલિ :**

**દુનિયાના દંભની ઉદાસીમાં ઘેરાયો છું,**
**નથી ગમતું હવે ક્યાંય તોય ચોતરફ વેરાયો છું.**
**એક ઝીણી નજર પણ દગો દઈ ગઈ !,**
**શી ખબર દોસ્ત, હું ય ફાગણ જેમ ફોરાયો છું !**

# જેવો દફતરનો ભાર એવો ભણતરનો ભાર, જાણે ઊંચકે મજૂર કોઈ બોરી

હમણાં-હમણાં ધોરણ ૧૦-૧૨ના કિશોર-કિશોરીઓના આત્મઘાતના બનાવો ચોમેર બની રહ્યા છે. આજના આપણા સમાજ માટે એ અત્યંત ગંભીર અને કરુણ બાબત છે. શિક્ષણની આવી કપરી ક્ષણ તો ક્યારેય આપણે મહેસૂસ કરી જ નથી. સમજાતું નથી આવું કેમ, શા માટે બની રહ્યું છે ? મન-હૃદયમાં સાવ સૂનકાર વ્યાપી જાય એવી ઘટનાઓ આપણી આસપાસ ઘટી રહી છે. ક્યાંક આખ્ખે આખ્ખું કુટુંબ આત્મહત્યાના માર્ગે જાય છે તો ક્યાંક યુવાનો અને કિશોરો (જેને માથે આવતીકાલના જગતની બાગડોર છે તેવા) પોતાના સુંદર જીવનને સમાપ્ત કરી દે છે. જો કે આવી બધી સામાજિક ઝંઝટોને કારણે જ કદાચ હવે એવાં ય યુગલો આ સમાજમાં શ્વસી રહ્યાં છે કે જેમણે એવા સંકલ્પો પણ કરેલા છે કે એક પણ બાળકનો જન્મ નથી કરાવવો. આમ આવું શા માટે ? કેટલાક અત્યંત 'સમજદાર' દંપતીઓ આ માટે એવું વિચારે છે કે આ પૃથ્વી હવે જીવવા લાયક નથી રહી. આ અસુંદર દુનિયામાં આપણે ભલે આવી ગયા પણ હવે આપણા થકી આપણે આ પૃથ્વી ઉપર કોઈ બાળકનું અવતરણ એટલા માટે નથી કરાવવું કે કાલ સવારે એ જ બાળક કદાચ આપણને પ્રશ્ન કરે તો કે 'આવી અ-સુંદર દુનિયામાં તમે કેમ મને લાવ્યા ?' જોકે આવી બધી ભારેખમ વાતો-ચર્ચાસ્પદ-વિવાદાસ્પદ વાતોનું આપણે આચમન નથી કરવું-કરાવવું પણ આજકાલ આપણી આસપાસ આ કુમળી વયના નિર્દોષ-ભોળાં પારેવડાં જેવાં બાળકો-કિશોરો આત્મહત્યા કરી રહ્યા છે ત્યારે જ ફિલ્મો-નાટકો કે અન્ય કૃતિઓ દ્વારા આવી ઘટનાઓ સામે હવે ચોખ્ખી લાલબત્તી દર્શાવાઈ રહી છે ત્યારે હમણાં જ મારા સંગીતના સ્વરાંકનોના સંગ્રહમાં આ પ્રકારની જ એક ગેયકવિતા મારે કાન લાધી ! જો કે આ વિશિષ્ટ ચિંતનાત્મક ગીત તો મારી પાસે ઘણા સમયથી સંગ્રહાયેલું હતું જ પણ કોઈ અલૌકિક-સાંગીતિક સંકેતોને કારણે જ થોડા સમય પહેલાં જ (એટલે





કે આ બાળકોના આપઘાતના કિસ્સાઓ આરંભાયા તેના પહેલાં...) એક આવું ગીત હું સાંભળતો હતો.

કવિ મુકુલ ચોકસી સુરતના વતની છે. વર્ષોથી કાવ્ય સર્જનક્ષેત્રે એની કલમ પ્રવૃત્ત છે. પ્રયોગશીલ અને વિશિષ્ટ અભિવ્યક્તિના કવિ તરીકે એમની કવિતાઓમાં એમનું વ્યાવસાયિક મંથન પ્રગટતું જ રહે છે. મનોચિકિત્સક તરીકે આ કવિ પાસે ઘણાંયના મનોવ્યાપારો માપવાનો ઉપક્રમ મળ્યા કરતો હોય છે અને એ પછી કાવ્ય સર્જનમાં ક્યારેક ક્યારેક આ બધી બાબતો પડઘાતી રહેતી હોય છે.

જો કે અહીં મારે એ બધાની વિવેચના કરવાની કોઈ જ આવશ્યકતા નથી. મૂળે તો આપણા રામ શબ્દ-સ્વરના ભાવક છે એટલે ગીત-ગઝલ કે કાવ્યના ગેયત્વની વાત જ માણવાની મજા લૂટું છું. લુટાવું છું. તો આજે આવું જ એક મોર્ડન કાવ્ય કે જેમાં મા-બાપ-બાળકની મનોવેદના ડોકાય છે. કવિ મુકુલ ચોકસીનું એક 'ઓફબીટ' ગીત છે જેનું સ્વરાંકનેય 'ઓફબીટ' છે ! સ્વરકાર-ગાયક બંધુ બેલડી સૌમિલ-શ્યામલ મુનશી (અમદાવાદ)ના સ્વરમાં આ દર્દસભર ગીત બહુ ઓછું સાંભળવા મળે છે. ભણતરનો ભાર વેંઢારતા આજના બાળકોની ઝીણી મનોવેદના આ ગીતને ભારોભાર વેદનશીલ બનાવે છે. એમાંય સ્વરાંકનના દર્દીલા સ્વરો થકી તો આ ગીતનું કારુણ્ય વધુ ઘેરું બને છે. પણ ભૌતિકતાની ભવાટવીમાં ભૌતિકસુખો માટે અત્ર-તત્ર ભટકતા કે અથડાતા-કુટાતા મા-બાપોને 'પોતાના બાળકો' માટે ય સમય ક્યાં છે ? પોતાના (ક્યારેક કે ઘણી વખત) ખોટા માપદંડો અને આદર્શો મુજબ જ પોતાના સંતાનો જીવે એવા દુરાગ્રહો સેવાતા મા-બાપોને કશુંય કહેવા જેવું નથી. આપણે પ્રકૃતિતત્ત્વો પાસેથી પણ ક્યાં કશુંય શીખીએ છીએ ખરાં ? ખરે, જવા દો ને યાર, એ બધી ફિલસૂફીભરી વાતો ! ચાલો, ચાલો, આજના મા-બાપોને મુકુલ ચોકસીનું આ ગીત તારસ્વરે ગાઈ ગાઈને સંભળાવીએ:

**છ છ કલાક સ્કૂલ, ત્રણ ત્રણ કલાક ટ્યૂશન તોય આ નોટ તારી કોરી,**
**સે સોરી ! માય સન, સે સોરી !**
**ઘસી ઘસી પીવડાવી અઢળક બદામ, વળી માથે તે ચોપડયું ઘી**
**યાદ દાસ્ત માટે તે શંખપુષ્પીની કંઈ બાટલીઓ પેટમાં ભરી**
**કેમે કરી ન યાદ રહેતું તને લેશન, યાદ રાખે તું સિરિયલની સ્ટોરી**
**સે સોરી ! માય સન, સે સોરી !**

**પંખી તો બચ્ચાંને ઊડતાં શીખવે અને માણસ બચ્ચાંને આપે પિંજરું**
**મમ્મી તો મોરની પ્રેકટિસ કરાવે, થાય બાળકને, ટહુકાઓ ચીતરું**
**મમ્મી ક્યાં જાણે કે કોરી નોટબુકમાં બાળ લાવ્યું છે આખું આભ દોરી**
**સે સોરી ! માય સન, સે સોરી !**
**તારે હો ઊંઘવું ત્યારે જગાડું હું, જાગવું હો ત્યારે સુવડાવું**
**પરીઓના દેશમાંથી ઊડતો ઝાલીને તને રિક્ષામાં ખીચોખીચ ઠાંસું**
**જેવો દફતરનો ભાર એવો ભણતરનો ભાર જાણે ઊંચકે મજૂર કોઈ બોરી**
**સે સોરી ! માય સન, સે સોરી !**
**ટીચર તો ટોકે છે, મમ્મી તો રોકે છે, બોલે નહીં પપ્પા, બે ઠોકે**
**કોઈ જો પૂછે કે ચાલે છે કેમ ? ત્યારે અમથું બોલાઈ જાય ઓકે !**
**મૂડલેસ રહેતું તે મૂંજી ગણાતું બાળ મૂડમાં રહે તે ટપોરી**
**સે સોરી ! માય સન, સે સોરી !**

આ સંવેદનાત્મક ગીતમાં જે એક પંક્તિ અંગ્રેજીમાં છે તે સ્વરકારે એવી સલુકાઈથી સ્વરાંકિત કરી છે કે આપણને ભાષાનો ભાર ન લાગે ! એમાંય મા-બાપોની ધાકથી 'અતિ ભણેશ્રી' ગણાતા બાળકોને કોઈ મહેમાન ખબરઅંતર પૂછે ત્યારે આજનો એ કોન્વેન્ટિયો બાળક "OK" એમ જવાબ આપે ત્યારે એ 'ઓકે' શબ્દમાં કેવી અને કેટલી પીડા તગતગે છે એની અનુભૂતિ તો આ ગીત સાંભળીએ ત્યારે જ અનુભવાય હોં !

આજનો કવિ, ગાયક-સ્વરકાર આજની ક્ષણને કેવી તો બારીકાઈથી ઝીલે છે એ માટે આજના કહેવાતા મા-બાપોને આ ગીત વાંચવાની નહીં પણ સાંભળવાની ભલામણ છે. મારી આ દર્દભરી-નમણી-નમ્ર ભલામણ કોઈ સાંભળશે ? કોણ માનશે ? જે કોઈ માવતરને ખરા અર્થમાં જે 'માવતર' હોય એને જ આ ગીત સાંભળવું હોય તો મને અડધી રાતેય સાદ પાડી શકે છે !

**અંજલિ :**
**તારું, મારું આપણ સૌનું જીવતર હફરક લફરક,**
**આગ મૂકો આ પાટીપેનમાં ભણતર હફરક લફરક;**
**મારા ઘરમાં પાણી ટપકે ચણતર હફરક લફરક,**
**ઘાટ વગરની ઘટનાઓ આ ઘડતર હફરક લફરક.**





## રાખના રમકડાનું સ્પંદન જ્યારે પાંદડું ખેરવે ત્યારે હૈયાનો દરબાર આપણો દરબાર થઈ જાય !

ભાસ્કર વ્હોરા એટલે આપણી ગુજરાતી ભાષા-સાહિત્ય અને સ્વર-લય જગતનો સદૈવ ઝળહળ ઝળહળ સૂર્ય. આપણા ભારતીય સંગીતની મહાન ગાયિકા લતાજી (મંગેશકર)એ ગુજરાતી ભાષાનું પહેલ વહેલું કોઈ ગીત ગાયું હોય તો તે આપણી ધરતીના આ વિરલ કવિ ભાસ્કર વ્હોરાનું ગાયું હતું. વર્ષો પહેલાંનો એ યાદગાર પ્રસંગ અને ઐતિહાસિકી એવી તવારીખી ઘટના યાદ કરતાં જાણીતા સંગીતજ્ઞ-વિવેચક-અભ્યાસુ શ્રી અજિત મર્ચન્ટ નોંધે છે : 'આકાશવાણી મુંબઈ મથકે લાઈટ મ્યુઝિક યુનિટ ગુજરાતી વિભાગમાં હું પ્રોડ્યુસર હતો ત્યારે ૧૯૫૯ના મે માસમાં, આકાશવાણીએ માન્ય કરેલ સંગીતનિયોજક શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયે કવિશ્રી ભાસ્કર વ્હોરા લિખિત ગીત 'હૈયાંને દરબાર'ની સ્વર રચના મને ગાઈ સંભળાવી ગીત સાંભળીને હું રસતરબોળ થઈ ગયો. પણ જ્યારે પુરુષોત્તમે સૂચવ્યું કે સ્વરસામ્રાજ્ઞી લતામંગેશકરના કંઠે આ ગીત ધ્વનિમુદ્રિત કરીએ, ત્યારે આકાશકુસુમ તોડી લાવવા જેવું અશક્ય સૂચન લાગ્યું, કારણ કે આ પહેલાં કદાપિ આકાશવાણી નિર્મિત હિંદી, મરાઠી યા ગુજરાતી ગીત ગાવા માટે લતા મંગેશકર આવ્યાં નહોતાં. તેમ છતાં પુરુષોત્તમભાઈના સૂચન પ્રમાણે આકાશવાણીનો કોન્ટ્રેક્ટ રવાના કર્યો અને લતા મંગેશકરે સ્વીકાર્યો. 'રેકોર્ડિંગ'ના દિવસે જ્યારે સ્વરસામ્રાજ્ઞી લતા મંગેશકર આકાશવાણી મુંબઈના સ્ટુડિયો પર આવ્યાં ત્યારે ખબર હોવા છતાં ન તો આકાશવાણીના સરકારી ઓફિસરોએ એમને સત્કાર્યાં કે ન રેકોર્ડિંગ વખતે હાજર રહ્યા બલ્કે 'હૈયાને દરબાર' ગીતનું રેકોર્ડિંગ ન જ થાય તે માટે અનેક ઓફિસિયલ અવરોધો ઊભા કરવામાં આવ્યાં જેનો મારે સામનો કરવો પડ્યો. માન-અપમાનની લેશ પરવા કર્યા વગર લતા મંગેશકર માત્ર ટેબલ પર આવી

પહોંચ્યાં, અને હું બેબાકળો બની ગયો.

પુરુષોત્તમ ઉપાધ્યાયની અદ્‌ભુત સ્વર રચના અને મારા પ્રત્યેની એમની સદ્‌ભાવનાને લીધે જ તેઓ આવ્યાં હતાં એ હકીકત છે. 'હૈયાંને દરબાર' ગીતની વાદ્યસંગીત રચના માટે સુવિખ્યાત સંગીત-દિગ્દર્શક બેલડી લક્ષ્મીકાંત-પ્યારેલાલ માંના શ્રી પ્યારેલાલ શર્મા આવ્યા હતા. ગીત સંગીતના રિહર્સલ બાદ શ્રી પ્યારેલાલને પિયાનો વાદનની ખોટ જણાઈ. એમણે મને પિયાનો વગાડવાનું સૂચન કર્યુ. પણ રેકોર્ડિંગની જવાબદારી મારે માથે હોવાથી હું લાચાર હતો. આખરે મેં તોડ કાઢ્યો કે પુરુષોત્તમ ઉપાધ્યાય પિયાનો સંગત હાર્મોનિયમ-વાદનની રીતે કરે. નખશિખ સજ્જન એવા સ્ટુડિયો એન્જિનીયર શ્રી કરમકરે રેકોર્ડિંગ (ધ્વનિમુદ્રણ) કરવાનું સ્વેચ્છાએ સ્વીકાર્યું અને માત્ર એક જ ધ્વનિમુદ્રણમાં ગીત ધ્વન્યાંકિત (રેકોર્ડ) થઈ ગયું. હાર્મનીના સિધ્ધાંતોથી અજાણ (એ વખતે) હોવા છતાં ભાઈ પુરુષોત્તમે કોઠાસૂઝથી પ્રમાણભૂત 'આર્પેજીયોસ' અને 'કોર્ડ્સ' વગાડી ગીતને સભર કરી દીધું ધ્વન્યાંકિત ગીત સાંભળીને સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકર તૃપ્ત થયાં.'

આજે વર્ષો વીતી ગયા છતાં 'હૈયાંને દરબાર, વણથંભી વાજે કો સિતાર!' એ ગીત હજુય આકાશવાણી પર એજ મૂળ ગીત સાંભળીએ છીએ ત્યારે ગુજરાતી હોવાનો ગર્વ થાય છે અને ભાસ્કર વ્હોરાંના બીજા કેટલાંય ગીતો છાતીમાં ફોરમ બનીને મઘમઘવા લાગે છે. 'હૈયાને દરબાર' જેવી જ એક અન્ય ગીત રચના 'તારે રે દરબાર, મેઘારાણા !' એ ગીત પણ લતાજી જેવી જ સૂર અને આત્મપ્રતીતિ સાથે હંસા દવેએ ગાયું છે. અરે, આપણા પ્રેમી-ઉર્મિકવિ હરીન્દ્ર દવેને પણ એક ગીતનું સંવેદન ભાસ્કર વ્હોરાની એક ગીત રચનામાંથી મળ્યું છે. માન્યામાં નથી આવતું તો લ્યો, આપું તમને એનું પગેરું ! ભાસ્કર વ્હોરાનું એક ગીત છે 'રંગ હશે તો ફાગણ ગોરી ! રૂપ હશે તો શ્રાવણ, મોસમ મારી જાય ઝમાઝમ કરજો લાલન પાલન' હવે હરીન્દ્રનું આ ગીત 'હોઠ હસે તો ફાગુન ગોરી ! આંખ હસે તો શ્રાવણ, મોસમ મારી તુજ, કાળની મિથ્યા આવન જાવન !' માત્ર 'હશે' અને 'હસે' એ શબ્દ ભેદમાં બે કવિઓના કેવા આંતર સંવેદન ઝીલાય છે. ખરુંને ? ભાસ્કરદાદાનું આ એક ગીત, જેનું સ્વરાંકન પુરુષોત્તમ ઉપાધ્યાયે કર્યુ છે એ ગીત આજે હવે તો 'રેર' ગણાય છે. 'શરમને રમવું છાનું' તો 'વ્હાલમની વાતો કાંઈ





વહેતી કરાય નહીં, હળવેથી હૈયાને હલકું કરાય નહીં' આ ગીત આજે પણ નવરાત્રિ મહોત્સવોમાં કે મુંબઈના સુગમ સંગીત કાર્યક્રમોમાં જુદા જુદા ગાયકો, જુદા જુદા સ્વરાંકનમાં ગાય છે. જેમાં મને સૌથી વધારે સ્પર્શ્યું હોય તો તે સુરેશ જોશીનું સ્વરાંકન છે.

મૂળ ભાવનગરના આ કવિનું ઉત્તરાજીવન રાજકોટમાં વીત્યું હતું. પણ ભાસ્કર વ્હોરાના નામને આજેય એમના પછીની બે પેઢી એટલે કે એમના પુત્ર દિવાકર વ્હોરા અને દિવાકરભાઈની બે સ્વર દીકરીઓ અનુપા-ગાર્ગી એ શબ્દ-સ્વરની 'ભાસ્કરીય ઉજ્જવળ પરંપરા' ઝળહળતી રાખે છે, રાખી છે, રાખશે ! સૂર સમ્રાટ મહંમદ રફી સાહેબ, મહેન્દ્ર કપૂર, હેમંતકુમાર, ગીતા દત્ત, મિતાલી મુખરજી, પુરુષોત્તમ ઉપાધ્યાય, હંસા દવે, કૌમુદી મુનશી, આશિત-હેમા-આલાપ દેસાઈ, રાસબિહારી-વિભા દેસાઈ, ક્ષેમુ-સુધા દિવેટીયા, મુબારક બેગમ, પુષ્પા છાયા, મધુબાલા ચાવલા, ભદ્રાયુ ધોળકીયા, સુરેશ જોશી, અનંત વ્યાસ, હર્ષિદા રાવળ, અનુપા-ગાર્ગી વ્હોરા, દિલીપ ધોળકીયા, ઉપેન્દ્ર ત્રિવેદી (સંગીતકાર), લતા મંગેશકર, ઉષા મંગેશકર, સાદતખાન, વિનુ વ્યાસ, શ્યામલ-સૌમિલ-આરતી મુનશી, જયંતીભાઈ પટેલ, ડૉ. ચંદુલાલ રાઠોડ, રાનો મુખરજી, સંધ્યા મુખરજી, વિરાજ-બીજલ ઉપાધ્યાય, નૈનેશ જાની, નયન પંચોલી અને બિનોતા ચક્રવર્તી વગેરે જેવા અસંખ્ય ગાયકો-સ્વરકારોએ ભાસ્કર વ્હોરાનાં ગીતોને પોતાના સ્વરો-કંઠથી જીવંત રાખ્યા છે. આ કવિ ગઈ કાલ આજ અને આવતીકાલ સતત ગવાતા રહેશે એવા ચિરંજીવી કવિ છે જ. ભાસ્કર વ્હોરાનું એક આવું જ અજાણ્યું ગીત આજે આચમનીએ :

**તૂટેલા તારનો લઈને તંબૂર**
**હું તો અધરાતે મધરાતે જાગું**
**સાવરે બસૂરું મારું વીત્યું પરભાત**
**થોડું સુરીલું જીવતરિયું માગું**
**ધ્રુજતી શિશિર મારી મુટ્ઠીમાં માય**
**નહીં ને પાનખરી પાંદડું ખરતું રોકાય નહીં**
**ખરડાતી કંઠની તરડાતી ભોંયમાં**
**કૂણી વસંતનો કોટો કળાય નહીં**

**આવી ભાંગી પડેલ મારી ભીતરની**
**ભોમકામાં વાસંતી રાગ થઈ પરાગું**
**એવું સુરીલું જીવતરિયું માગું**
**મધમીઠી ગ્હેકયુંથી મનડું ધરાય નહીં**
**ને તૃષ્ણાની તરસ્યુંથી તરસ્યું છિપાય નહીં**
**માયા ને મમતાના લાધ્યારે ઘૂઘવા**
**ને તોય મુંથી નાચ્યું નચાય નહીં**
**એવા ઘૂઘરાનો ઘોર થઈ ઘટઘટમાં વાગું**
**એવું સુરીલું જીવતરિયું માગું**

સાચો કવિ હંમેશા ગવાતો શબ્દ જ માગે અને એને માટે સુરીલું જીવતર જ ન માગે તો જ નવાઈ ! હમણાં જ ઈમેજ પબ્લીકેશન દ્વારા ભાસ્કર વ્હોરાનાં જાણીતા-અજાણ્યા સુમધુર-સુગેય ગીતોનો સંગ્રહ 'તારે રે દરબાર' પ્રકાશિત થયો ત્યારે શબ્દ-સ્વરના આ અલગારી-મસ્ત કવિ રોમ રોમ ઝંકૃત થયા. મારા આત્મીય-સ્વજન-પ્રિયજન દિવાકર વ્હોરાએ અને ગાર્ગીએ જ્યારે મારા હાથમાં આ નૂતન ગ્રંથ આપ્યો ત્યારે હુંય ગાઈ ઊઠ્યો 'હૈયાંને દરબાર, વણથંભી વાજે કો સિતાર ? હોજી, હૈયાંને દરબાર.....'

**અંજલિ :**

**"સુગમ સંગીતનું એક મોટું પ્રદાન છે. સ્વરકારો અને ગાયકોના માધ્યમથી ગેયકારોએ કવિતા, ખાસ કરીને ગીતો પ્રજા સુધી પહોંચાડતા રહ્યા છે. ભાસ્કર વ્હોરાનાં ગીતો આ રીતે ઘેર ઘેર પહોંચ્યા છે."**

**- સુરેશ દલાલ**





## દ્વારે-દ્વારે જઈને પૂછયું, સુખ નામે કોઈ પંખી દીઠું ? સાચું - ખોટું ઈશ્વર જાણે.....

સાહિત્ય અને સંગીતક્ષેત્રે ગુજરાતમાં ભાવનગરનું નામ ભલે આગળ ગણાતું હોય પણ હમણાં-હમણાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં રાજકોટે પણ સાહિત્ય અને સંગીતક્ષેત્રે આગવું કાઠું કાઢ્યું છે. હવે રાજકોટને પણ 'સાંસ્કૃતિક નગરી'નો દરજ્જો આપવો પડે એવી ભિન્ન-ભિન્ન પ્રવૃત્તિઓ થઈ છે અને સતત થતી રહે છે. કલાના પ્રત્યેક સ્વરૂપોમાં અહીં સર્જનો થતાં જ રહે છે. કવિતા અને કાવ્ય સંગીતક્ષેત્રે પણ રાજકોટના સ્વરકારો-ગાયકો દ્વારા શબ્દ-સ્વરભાથું મળતું રહે છે. એમાંય કાવ્યપ્રવૃત્તિઓને જીવંત રાખવા માટે 'વ્યંજના' નામક સાહિત્યિક અભિગમની સંસ્થા છેલ્લા ઘણાંય વર્ષોથી અવિરત-કાર્યરત છે. તો 'વ્યંજના'ની સાથે સાથે 'રચના' નામની સાહિત્યિક સંસ્થા પણ થોડાંક વર્ષોથી શબ્દ કર્મશીલોને પ્રોત્સાહિત કરે છે. 'વ્યંજના' દ્વારા તો રાજકોટને ઘણા-ઘણા કાર્યક્રમોની અવિસ્મરણીય ભેટ મળી જ છે. એમનાં આયોજનો તો આજે પણ 'માઈલસ્ટોન્સ' રૂપ મનાય છે. થોડાંક વર્ષો પહેલાં 'વ્યંજના' એ એક સ-ર-સ પ્રયોગ કર્યો. રાજકોટના જ કવિઓ, રાજકોટના જ સ્વરકાર અને રાજકોટના જ ગાયકો અને રાજકોટમાં જ એ ગીતો-ગઝલોનું ધ્વનિમુદ્રણ થાય ! આવું એક પ્રયોગશીલ કામ 'વ્યંજના' એ કર્યું અને એ પણ બિન-વ્યાવસાયિક ધોરણે જ ! હેતુ માત્ર એટલો જ કે સારી કવિતા, સાચા ભાવકો સુધી પહોંચે અને રાજકોટના જ આ ક્ષેત્રના લોકોની સર્જનશક્તિનો રાજકોટને તથા સૌરાષ્ટ્રને પરિચય મળે ! હવે તો રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર જ મનાય છે ત્યારે કલાક્ષેત્રમાં પણ આપણી પાસે આવા કલાધરો છે જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક સુધી પોતાના મૌલિક કૌશલ્ય થકી વિસ્તર્યા છે.

'ઊંબરા મોઝાર મહોર્યો આંબલો' એ શીર્ષક હેઠળ 'વ્યંજના' એ રાજકોટના

જ ત્રણ કવિઓ સંજુ વાળા, મહેન્દ્ર જોશી, દિલીપ જોશીની પસંદ કરેલી ગીત અને ગઝલ રચનાઓની ઓડિયો કેસેટ પ્રગટ કરી. ગાયકો પણ રાજકોટના જ નિગમ ઉપાધ્યાય (આકાશવાણી), અનુપા વોરા (હવે વડોદરા) અને ગાર્ગી વોરા. આ ત્રણેય કવિઓની કુલ ૯ રચનાઓનાં સ્વરાંકનો જાણીતા સ્વરકાર-ગાયક ડો. ભરત પટેલ (આકાશવાણી) દ્વારા કરવામાં આવ્યાં છે. મૂળે આયુર્વેદ નિષ્ણાત ડો. ભરત પટેલે એમના પિતાશ્રી જયંતીભાઈ પટેલનો ઉજ્જવળ સંગીતવારસો સારી રીતે જાળવ્યો છે. જાળવ્યો છે એટલું જ નહીં ભરત પટેલ તો એને કેટલાંય કદમ આગળ ધપાવે છે. આકાશવાણી દ્વારા પણ ડો. ભરત પટેલ કાવ્યસંગીતના ભિન્ન-ભિન્ન પ્રયોગો અવારનવાર પ્રસ્તુત કરતા રહે છે. એમણે રેડિયો પર આપણી જૂની રંગભૂમિનાં ગીતોની એક લાં...બી ધારાવાહિક સંગીતશ્રેણી પણ રજૂ કરી છે. જેમાંથી સંગીતના અભ્યાસુઓ સંશોધનાત્મક અભિગમ પામી શકે એવો જબરો પુરુષાર્થ અને ખંત આ સંગીતશ્રેણીમાં છૂપાયેલા છે.

આજે 'આચમન'ના ભાવકોને 'ઊંબરા મોઝાર મહોર્યો આંબલો'માંથી એવી જ એક સુંદર ગીત રચનાનું રસપાન કરાવવું છે. કાવ્યક્ષેત્રે વિશેષતઃ ગીત સ્વરૂપમાં જેમનું કામ અને નામ યશસ્વી છે તેવા કવિ મહેન્દ્ર જોશીની એક સુંદર ગીત રચના છે. જેનું સુંદર-શ્રવણીય સ્વરાંકન ભાઈ ભરત પટેલે કર્યું છે અને જાણીતા ગાયક નિગમ ઉપાધ્યાયના નિર્મલ સ્વરમાં જે ગીત ગવાયું છે તે મજાનું ગીત આ રહ્યું :

**હાથ કહ્યા ત્યાં હૈયાં બાળ્યાં સાચું-ખોટું ઈશ્વર જાણે**
**કોણે કોનાં ઘર અજવાળ્યાં સાચું-ખોટું ઈશ્વર જાણે**

**એક દીવો લઈ ભીતર પેઠાં અંધારાની માયા જોવા**
**ધોળે દિવસે તાળાં ભાળ્યાં સાચું-ખોટું ઈશ્વર જાણે**

**દ્વારે દ્વારે જઈને પૂછયું સુખ નામે કોઈ પંખી દીઠું ?**
**સહુએ સહુમાં આંસુ ટાળ્યાં સાચું-ખોટું ઈશ્વર જાણે**

**મન ફાવે તો બાળી નાખે મન ફાવે તો ઠારી નાખે**
**અમને મીણના ઢાંચે ઢાળ્યાં સાચું-ખોટું ઈશ્વર જાણે**





**કોઈ કહે કે આજે મળશે કોઈ કહે કે કાલે મળશે**
**આમ દ્વિધામાં વર્ષો ગાળ્યાં સાચું-ખોટું ઈશ્વર જાણે**
('ઊંબરા મોઝાર મહોર્યો આંબલો' પૃષ્ઠ-૬ ઓડિયો કેસેટ 'એ'-સાઈડ ક્રમાંક-૩)

સ્વરકાર ડો. ભરત પટેલ આજની યુવા સ્વરકારોની પેઢીના અગ્રણી પ્રયોગશીલ સ્વરકાર છે. આકાશવાણી ઉપરાંત સ્વરાંકન ક્ષેત્રે આ સ્વરકારે, કલાકારે સ્વરાંકનમાં અને ધ્વનિ મુદ્રણની પદ્ધતિઓમાં અસંખ્ય પ્રયોગો કર્યા છે. અને હજુય એ પ્રયોગશીલતામાં પ્રવૃત્ત છે જ. 'ઊંબરા મોઝાર મહોર્યો આંબલો'-એ ધ્વનિ મુદ્રિત કેસેટમાં સેન્થેસાઈઝર (કિ-બોર્ડ) અને રીધમમાં તબલા એમ માત્ર બે જ વાદ્યો થકી એવું તો જબરું સૂર-સામ્રાજ્ય જમાવ્યું છે કે સાંભળનારને એમ જ લાગે કે કેટલાય વાદકો થકી આ ઓર્કેસ્ટ્રેશન થયું હશે ! સંગીતક્ષેત્રમાં આજકાલ 'ફ્યુઝન મ્યુઝીક'ના પ્રયોગોની બોલબાલા છે. પણ ડો. ભરત પટેલે આ 'ફ્યુઝન મ્યુઝીક'ની શૈલીનો ઘણાં વર્ષો પહેલાં પ્રયોગ-ઉપયોગ કર્યો છે. અહીં ભાવકોને શ્રોતાઓને લખું છું એટલે ખબર પડે પણ કશીય ભૂમિકા વગર કોઈપણ ભાવક આ કેસેટના ગીતો-ગઝલો સાંભળે તો એમને એમ જ થશે કે મુંબઈના આધુનિક સ્ટુડિયોમાં અત્યંત આધુનિક ટેકનીકની ખૂબીઓ દ્વારા આ કેસેટનું ધ્વનિમુદ્રણ થયું હશે ! પણ, ના અહીં રાજકોટમાં જ ખૂબ ઓછી સગવડ-સુવિધાની વચ્ચે આ કેસેટનું ધ્વનિમુદ્રણ કરવામાં આવ્યું છે. રાજકોટના આ તેજસ્વી ત્રણ કવિઓની ત્રણ-ત્રણ રચનાઓ પસંદ કરીને 'ઊંબરા મોઝાર મહોર્યો આંબલો'માં સ્વરમય પ્રસ્તુતિ કરવામાં આવી છે. કોઈ સાહિત્યિક સંસ્થા માત્ર સાહિત્ય અનં સંગીત પ્રીત્યર્થે આવું 'ગમતાંનો ગુલાલ' જેવું કામ કરે છે એવું બહુ ઓછું જોવા મળે છે. અને એ પણ બિનવ્યાવસાયિક ધોરણે. આવું શબ્દિલ-સ્વરિલ કાર્ય થાય એ આપણાં સૌ માટે મોટું આશ્વાસન છે. કવિતાનું ભાવવિશ્વ પામીને પછી એની સ્વરસૃષ્ટિમાં પ્રવાહિત થઈને આંખ અને કાન દ્વારા કવિના સંવેદનને પામવું-અનુભવવું-એ અનુભવ અલૌકિક અને આહ્લાદક જ હોય છે.

'વ્યંજના' સંસ્થા દ્વારા 'ઊંબરા મોઝાર મહોર્યો આંબલો' ઓડિયો કેસેટની સાથે તેમાં ગવાયેલી ગીત-ગઝલ રચનાઓની નાની પોકેટબુક પણ સામેલ છે. જેથી શ્રોતા-ભાવકોને એ રચના સાંભળતાં-સાંભળતાં અપરિચિત ન લાગે. આ

પોકેટબુકના પ્રારંભે કાવ્યસંગીત માટેનું આ મંતવ્ય યથાર્થ અને યાદ રાખવા જેવું છે. "આ રચનાઓ તેના સંકુલ ભાવબોધના કારણે તથા તેમાં રહેલી સર્જનાત્મક અને સંગીતાત્મક સૂઝને કારણે આપણને વર્તમાન સાથે જોડી આપે છે. પરંપરિત લય પ્રયોજીને આ સર્જકો ઉત્તમ પરિણામો લઈ આવ્યા છે. સંવેદનની સૂક્ષ્મતા અને ભાષાની સહજતા એ આ રચનાઓનો ગુણ વિશેષ બની રહે છે." આપણી અંદર અથડાતા અંધકારની માયાલિપિ ઉકેલવા માટે કયો દીવો આપણને ખપમાં લાગશે ! અહીં તો ધોળે દિવસે તારા જોયાની ભૌતિક ઘટનાની વણઝારમાં માણસ જોતરાયો છે. સુખ નામના પંખીની શોધમાં ભવાટવીમાં માણસ ભૂલો પડ્યો છે ત્યારે ક્યારેય ન ઉકેલાનારી દ્વિધામાં આપણાં વર્ષો વ્યર્થ રીતે વીતી જાય છે, 'ઊંબરા મોઝાર મહોર્યો આંબલો'ની આવી અનુભૂતિજન્ય રચનાઓનું નયનપાન-શ્રવણપાન જ આપણને સાચા અર્થમાં કાવ્ય-સંગીતનો નિર્વ્યાજ-આત્મીય આનંદ અર્પી જાય છે. ત્યારે હે, ભાવક ! ઉત્તમ કાવ્ય અને એ ઉત્તમકાવ્યનું સ્વરાંકન આ બન્ને મનભાવન બને એ માટે આપણી આંતરિક સજ્જતા માટે સજ્જ બનીએ તો જ આ ઘોંઘાટના ઘાટથી દૂર આપણને સૂરના સરોવરમાં ડૂબવાનો લહાવો મળશે ! બાકી તો સાચું-ખોટું ઈશ્વર જાણે... !

**અંજલિ :**

**આપણી આ વારતાને આદિ ના અંત...**
**સંકેલો તેમથી કે આમથી ઉકેલો પણ લંબાતા એકએક તંત...**
**(સંજુ વાળા - ભરત પટેલ - નિગમ ઉપાધ્યાય)**





# બાહર પાયા ભીતર ખોયા

ભારતીય વિક્રમ સંવત ૨૦૬૩ના આપણા સૌના એક નૂતનવર્ષનો પ્રારંભ થઈ ગયો છે. પ્રત્યેક નવા વર્ષે આપણને નવો વિચાર, નવું જીવન અને નવો ઉત્સાહ મળતો રહે એ માટે આપણે સૌ પ્રભુને પ્રાર્થીએ. સમસ્ત વિશ્વના સર્વ જીવોનું શુભ-મંગલમય કલ્યાણ થાય એ જ અભ્યર્થના. વાતાવરણમાં અત્ર-તત્ર-સર્વત્ર નવલા વર્ષને નવલી ક્ષણોની તાજપ અનુભવાય છે. માનવ જ નહીં પરંતુ વિશ્વ માનવનું શુભ થાઓ. એમની સર્વ સાત્ત્વિક ઈચ્છાઓ પૂર્ણ થાઓ. એવી પ્રેમલ પ્રાર્થનાના સ્વરોનો આપણે સૌ મીઠો ગુંજારવ કરીએ ! જીવન સહજ બને અને આ સહજતા દ્વારા જ એક માનવી બીજા માનવીના હૈયાં સુધી પહોંચે. જીવનમાં સહજતા હશે તો પછી આપણને ક્યારેય, કદીય 'સોયની અણી' જેટલી પણ મુશ્કેલીઓ નહીં નડે. આજે આવશ્યકતા હોય તો તે આ સહજપણાની છે. દિવસે-દિવસે આપણી અંદરની સાચુકલાઈ-સહજતા જીર્ણ-શીર્ણ થતી જતી હોય એવું નથી લાગતું ? આપણા ભારતીય ગૌરવપૂર્ણ, સંસ્કારમય-પરંપરામય એના દિવ્ય-ભવ્ય વારસાનું સ્મરણ કરીને એ વારસાનું જીવનથીય અદકેરું જતન કરીએ એ જ આ નૂતનવર્ષના પ્રારંભની સાર્થકતા ! ખરું ને ?

આપણી ભારતીય સાહિત્ય-શિક્ષણ-અધ્યાત્મ અને સાંસ્કૃતિક કલાવારસાની ઉત્તમ કૃતિઓનો સમૃદ્ધ ભંડાર આપણી પાસે અખંડિત સચવાયેલો રહ્યો છે. પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યમાં પણ આ જીવન ઘડતરની અને પરમ માંગલ્યની સમર્થ કૃતિઓ આપણને સાદ પાડે છે. સમસ્ત જીવનસૃષ્ટિના શ્રેય-પ્રેય માટેની આવી અમરકૃતિઓ એ જ ભારતીયજનસમાજનું ઘડતર કર્યું છે અને કરતી રહેશે. આજે વિક્રમ સંવતના આપણા આ ભારતીય-ગુજરાતી નૂતનવર્ષના પ્રારંભિક

મંગલમય આચમને એક એવી જ સુંદર કાવ્યકૃતિની અને એવા સ્વરાંકનની વાતો કરવી છે કે જેમાંથી આપણને સૌને સહજ અને સરળ શબ્દોમાં મંગલમય જીવનભાથું મળી રહે છે. વાત છે એક મહારાષ્ટ્રિયન-ગુજરાતી કવિના કાવ્યની. એનું સ્વરાંકન થયું છે આપણા જ એક મુંબઈ નિવાસી-ગુજરાતી બંધુ દ્વારા, મુંબઈના જ કવિ આનંદ મણીકરની એક ભાવમય રચના પ્રસ્તુત છે :

**સહજ મિલે સો સોના મનવા...**
**સહજ મિલે સો સોના...**
**મૈંને પાયા સો સબ તેરા તેરા હૈ**
**જો વો સબ મેરા**
**ફિર ક્યા હસના-રોના મનવા...**
**સહજ મિલે સો સોના...**
**બાહર પાયા ભીતર ખોયા**
**ભીતર દેખા સબ કુછ પાયા**
**ક્યા પાના, ક્યા ખોના મનવા...**
**સહજ મિલે સો સોના...**

મરાઠી કવિ આનંદ મણીકરની આ રચનાના શબ્દો કેટલા તો સરળ અને ગીતમાં ઉલ્લેખાયેલા શબ્દો મુજબ સહજ છે ! આ રચના અને એનું સ્વરાંકન મને કેટલી સરળતા-સહજતાથી પ્રાપ્ત થયું એની પણ એક નાની મજાની ઘટના છે. થોડા સમય પૂર્વે અહીં 'આચમન'માં જ મેં આપણા જાણીતા કવિ ભગવતીકુમાર શર્માની એક રચના 'આ'પા મેવાડ અને 'ઓલી'પા દ્વારિકા, વચ્ચે સૂનકાર નામ મીરાં'ની અને એના આલાપ દેસાઈએ ગાયેલા સ્વરાંકનની વાત કરી હતી. એ વાત કેનેડાના કોઈ વાચકે વાંચી અને મુંબઈનિવાસી એમના મિત્ર અને આ રચનાના સ્વરકાર ઉદયન મારુ સુધી પહોંચાડી અને મુંબઈના આપણા આ ગુજરાતી સ્વરકારે ખૂબ જ જહેમત લઈને મારા સંપર્ક-સંદર્ભો મેળવીને મને એક રાત્રે ફોન કર્યો ! એમનો રાજીપો વ્યક્ત કર્યો. એ ક્ષણે મને પોતાને પણ ધન્યતાનો અનુભવ થયો. આનંદ તો એ વાતનો થયો કે 'ફૂલછાબ'ની એક નાનકડી કોલમનો મોટો પડઘો વાયા કેનેડા થઈને મુંબઈ સુધી પહોંચ્યો ! પહોંચ્યો એટલું જ નહીં પણ ઉદયન મારુ નામના સ્વરકાર અને આ લખનાર એકમેકથી સાવ અપરિચિત છતાંય





'આચમન'ના સેતુથી અમારું 'ધ્વનિમિલન' થયું ! લાગે છે કે આપણી ભાષા, આપણાં કાવ્યો અને એ કાવ્યોની ગેયતા માટે હજુય આપણે સાવ-છેક નિરાશ થવા જેવું નથી જ !

આ ઘટનાનો ઉત્તરાર્ધ તો સૌ વાચકો-ભાવકોને માટે આનંદાશ્ચર્યમય લાગશે ! અને મારા જેવા નાનકડા સ્થંભલેખક (કોલમ રાઈટર) માટે તો એ પ્રેરણાદાયી-પ્રોત્સાહકરૂપ છે. ઉદયનભાઈએ ફોન દ્વારા હરખ તો વ્યક્ત કર્યો જ અને પછી તરત જ, થોડાક દિવસોમાં જ મુંબઈથી કુરિયર દ્વારા એક સાથે સાત-સાત ઓડિયો સીડી-એમપીથ્રીમાં ગુજરાતી કાવ્ય સંગીત સ્વરાંકનોનો એક આખ્ખે-આખ્ખો દરિયો જ, 'આચમન' માટે મને 'સરપ્રાઈઝ ગીફ્ટ' રૂપે મોકલી આપ્યો ! જે આપ સૌ ભાવકોને લાં...બા સમય સુધી તરબતર કરશે. સ્વરમય કરશે. તો હે, ભાવકો ! વાત આમ તો સાવ નાની લાગે પણ એ વાત પાછળ ગુજરાતી ભાષાની અને એના શ્રાવ્યાત્મક પરિવેશની ચિંતા-ખેવના-ખબર રહેલી છે.

તો કવિ આનંદ મણીકરની આ રચનાનું શ્રવણીય સ્વરાંકન આપણા ગુજરાતીજન ભાઈ-ઉદયન મારુનું છે. મુંબઈના યંત્રવત્ જીવનની વચ્ચે અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવા ગંભીર-અટપટા આંકડાઓની દુનિયા વચ્ચે પણ આ ગુજરાતી જણ ગુજરાતી કવિતાની ગેયતાના અંકોડાઓની શબ્દ-સ્વર શ્રૃંખલાઓ મેળવી રહ્યો છે. આ ઘટના આપણી ગુજરાતી પ્રજા અને આપણી માતૃભાષા માટે અત્યંત આશ્વાસક અને અભિનંદનીય છે. હજુય મજાની વાત તો એ છે આ રચનાના સ્વરકાર ઉદયન મારુની દીકરી અન્વી મારૂ પણ સારાં ગાયિકા છે અને પપ્પાની સ્વરરચનાને દીકરીનો કોમળ કંઠ સાંપડે ત્યારે શબ્દ અને સ્વરને દિવ્યતા સાંપડતી હોય એવી અનુભૂતિ આ સ્વરાંકન સાંભળતાં થઈ. જો કે મને મોકલાયેલાં સ્વરાંકનોમાં મુંબઈના જ એક અન્ય ગુજરાતી ગાયિકા (શ્રીમતી) ઝરણા વ્યાસે ગાયેલું સ્વરાંકન પણ સમાવિષ્ટ છે. એક અન્ય જાહેર કાર્યક્રમમાં, ઝરણા વ્યાસે ખૂબ જ ભાવથી આ રચના પ્રસ્તુત કરી હતી. ઝરણા વ્યાસના પતિ વિજયદત્ત વ્યાસ અચ્છા તબલાવાદક છે. આ ગીતમાં તબલાંની લય સંગત એમણે જ કરી હતી. વિજયદત્ત વ્યાસે આપણી ગુજરાતની એમ.એસ.યુનિવર્સિટી-વડોદરામાંથી જ તબલાંની માસ્ટર ડીગ્રી મેળવી છે, એ પણ આપણા માટે ગૌરવમય ઘટના છે. અન્વી મારૂ અને ઝરણા વ્યાસના સ્વરોમાં, ઉદયન મારુનું આ સ્વરાંકન સાંભળીએ ત્યારે આપણી પદ-ભજન પરંપરાનો

એક સૂક્ષ્મ તાર સહજ રીતે સધાયો હોય એવું અનુભવાય છે. ભક્તિભાવનું માધુર્ય અને શબ્દોની અર્થગહનતા આ બન્ને તત્ત્વો આ સ્વરાંકનમાં સંમીલિત થતા અનુભવાય છે. કોઈ ગેબી તળેટીમાંથી કે હિમાલય-ગિરનારની ગુફામાંથી અનહદનો સૂર સંભળાતો હોય એવી સ્વરતન્મયતા આ સ્વરાંકનમાં છુપાયેલી છે. શુદ્ધ શાસ્ત્રીય સંગીત અને પરંપરિત પદ-ભજનની લયલીલાનો સુભગ-સ્વરમય સમન્વય આ સ્વરાંકનને હૃદયસ્પર્શી બનાવે છે. ગીતની ધ્રુવપંક્તિ એટલે કે મુખડું જ આપણે સતત ગણગણ્યા કરીએ એવું સરળ અને સુ-ગેય છે. જે સ્વરાંકન સાંભળ્યા પછી ભાવક, ભલે શબ્દો યાદ ન રહ્યા હોય પણ એનો ઢાળ યાદ રહી ગયો હોય અને પછી ક્યાંય સુધી એ એનું રટણ-ગણન કરે તો એ સ્વરાંકનની શ્રેષ્ઠતા છે. 'સહજ મિલે સો સોના મનવા' એ મારી નમ્ર દૃષ્ટિએ આવું એક શ્રવણીય-સ્મરણીય અને ગણગણીય-એમ ત્રિગુણાત્મક સ્વરાંકન છે. હાર્મોનિયમ, તબલાં, મંજીરા અને વચ્ચે-વચ્ચે વેસ્ટર્ન ઈન્સ્ટ્રુમેન્ટ ગીટારના સ્વર ટુકડાઓનો નાવીન્યપૂર્ણ પ્રયોગ પણ સ્વરાંકનની પ્રસ્તુતિને ક્યાંય અવરોધરૂપ નથી બનતો.

કવિતાનું શબ્દવિશ્વ સામાન્ય ભાવકને પણ સ્પર્શી જાય એવું છે. કોઈ ઉપદેશાત્મક ભૂમિકા વગર, જીવનની અખિલાઈને પ્રગટ કરતું આ અર્વાચીન પદ આપણને ઘણું બધું અર્પી જાય છે. આ પદ કે એના સ્વરાંકનને કોઈ ભાષ્ય કે વિવેચનાની આવશ્યકતા જ નથી. માત્ર એનું સ્વરશ્રવણ આ કવિતાનું ભાવવિશ્વ આપણી અંદર નભ-ક્ષિતિજ વિસ્તાર ન્યાયે ખૂલી જતું અનુભવાય છે. આનંદ મણીકરના આ આનંદમય-ભાવપદ વિશે કે ઉદયન મારુના આ સ્વરાંકન વિશે 'આચમનકારો'ને કશુંય વિશેષ ન કહેતાં, વિક્રમ સંવત ૨૦૬૩ના આ પર્વીલા-સુરીલા નૂતન વર્ષે આવો, આપણે સૌ સાથે મળીને ખુલ્લા આકાશ નીચે, ખુલ્લા ગળે ગાઈએ કે : 'સહજ મિલે સો સોના મનવા, સહજ મિલે સો સોના !'

**અંજલિ :**

**સમંદરને તળ લીલું વન દાટવું છે !**
**અને રણની ભીતર ચમન દાટવું છે !**
**જગા દુઃખના ડુંગરોમાં મળે તો,**
**અમારે ત્યાં સુખનું સ્વપન દાટવું છે !**
**(કિસ્મત કુરેશી : ઉદયન મારુ : આલાપ દેસાઈ)**





# ઉતાવળી ઊંબર પર આવી ઉભી રહી...

ગુજરાતી ગીતકવિતા પ્રત્યેક ગુજરાતીને ગળથૂથીમાં જ મળી છે. આમતો જન્મથી માંડીને મૃત્યુ સુધીની આ યાત્રા દરમિયાન આપણે સૌ આપણી ભાષાના મબલખ-મુલાયમ ગીતોના શ્વાસો લઈને આનંદમય કે આક્રંદમય જીવન જીવતાં હોઈએ છીએ. કોઈપણ ભાષાને પોતાનાં ગીતો હશે. પોતીકા જીવનનો પોતીકો લય હશે. સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા, પ્રણય, વિરહ, શૃંગાર આ બધું જ જે તે ભાષાની કવિતાઓમાં સતત ધબકતું જ હોય છે. અરે, કાવ્યોમાં તો મનનો ઝુરાપો સૂક્ષ્મ રીતે પ્રગટ થતો હોય છે. ત્યારે એવું ઉત્તમ કાવ્ય માત્ર કવિનું જ ન રહેતા પ્રજાનું બની રહે છે. ગુજરાતી ભાષા પાસે પણ ગીત કવિઓનો સમૃદ્ધ-ઉજ્જવળ વારસો છે. ગઈકાલના, આજના અને આવતીકાલના (પણ) કવિઓ દ્વારા આ ગીત સ્વરૂપની શબ્દયાત્રા-જીવનયાત્રા સતત વિકસિત છે જ એ નિઃસંદેહ વાત છે. એમાંય લોકજીવન-લોકસાહિત્ય-લોકસંગીતના વારસાના સંદર્ભો તો વળી અલગ ભૂમિકાએ જ વિશેષ દરજ્જાએ જ - મૂકવા પડે ! આ તો માત્ર અર્વાચીન યુગથી આરંભીને આજ સુધીના જ ગીત સ્વરૂપની યાત્રાની વાત કરીએ તોય આપણે ગીતોની દોમદોમ સાહ્યબીની વચ્ચે શ્વસી રહ્યાં છીએ એ ખૂબ મજાની વાત છે. માંહ્યલો મહોરી ઊઠે અને જીવન ઝંકૃત થઈ ઊઠે એવા ગુજરાતી ગીતોનાં ગગનમાં ગીતો લલકારવા માટે આપણા પ્રત્યેક ગુજરાતીજનને તાતી તરસ હોવી જોઈએ. દિનપ્રતિદિન હરણફાળે વધતા જતા આજના 'કોન્વેન્ટિયા કલ્ચર'માં આપણે આપણી માતૃભાષામાં જ શ્વાસોચ્છવાસ ભરવા જોઈએ ! માતૃભાષાનાં મહાત્મ્ય વિશે આપણા ગુર્જર કવિ ઉમાશંકર જોશીએ, ટૂંકમાં પણ બહુ વેધક વાત કરી છે. ''આપણને સપનાંઓ માતૃભાષામાં જ આવે છે !''

'આચમન'નો આપણો ઉદ્દેશ પણ એ જ છે કે આપણી ભાષાનાં ગીતો-ગઝલો-ગેયકાવ્યોની સમૃદ્ધિ અને એની ગેયાત્મક ગતિથી આપણે પણ આપણી આ મહામૂલી માતૃભાષાનું ગૌરવ કરીએ અને સમર્થ સમર્થક થઈને જીવન સાર્થક કરીએ. કોઈપણ કવિ જ્યારે ગીત કાવ્યનું સર્જન કરે છે (એટલે કે ગીત અવતરે છે) ત્યારે એ ગીતની સાથે સાથે જ એનો લય તેનું ગીતત્વ સિદ્ધ કરે છે. ઉત્તમ ગીત રચનાને જ્યારે ઉત્તમ સ્વરકારના સ્વરોનો સબળ-સશક્ત સધિયારો મળે ત્યારે એ ગીત અનુભૂતિની ઊંચાઈ પ્રાપ્ત કરતું હોય છે.

આજે આપણે એવાં જ એક ગીતની, ગીતકારની અને એના સ્વરાંકનની વાત માંડવી છે. કવિ સંજુ વાળા એ આપણી ગુજરાતી ગીત કવિતાનું ઘેઘૂર નામ છે. પ્રયોગશીલ કાવ્યો અને ગેયાત્મક ગીતો દ્વારા આ કવિએ આપણને સભર કર્યાં છે, ન્યાલ કર્યાં છે ! સંજુ વાળા પાસેથી આપણી ભાષાને 'આજના - તાજપ ભર્યાં ગીતો' મળ્યાં છે. નિત્ય નૂતન ચેતનથી ભર્યો ભાદર્યો છે, આ કવિ. સંજુની કલમ કલકલતી છે એનું કારણ આ કવિના કાન 'સરવા' છે. શબ્દાર્થે નહિ પણ લક્ષ્યાર્થે કહું તો આ કવિના કાન 'ખુલ્લા' છે ! જે કવિનો કાન સમૃદ્ધ હોય એનું શબ્દ વિશ્વ પણ સમૃદ્ધ હોવાનું જ ! આવા 'સરવા કાન'વાળા કવિ સંજુ વાળા પાસેથી આપણી ભાષાને રળિયાત કરે એવા ગીતોનો રસવંતો રસથાળ મળ્યો છે. આજે 'આચમન'ના ભાવકો માટે આ કવિના મબલખ ગીતોમાંથી એક ગીતનું નમણું-નાજુક ફૂલ સાદર પ્રસ્તુત છે :

**ઉતાવળી ઉંબર પર આવી ઊભી રહી**
**સખીરી ! કોઈક પવનના સૂસવાટામાં ફંગોળાતી આ સુક્કા ઘાસની સળી !**
**મન સાબુનું ફીણ અમસ્તું મુટ્ઠી ભરતાં પાણી થઈ રહી જાતું**
**અમે જનમથી અંધમતી કે પરપોટાને માની બેઠા ધાતુ !**
**સખીરી ! પજવે અપરંપાર મને ફળિયામાં ફળતી દાડમડી !**
**ડોહ્‌ળાતા દિવસોને વળગી પડું ઘડીમાં ટશિયે ટશિયે તૂટું !**
**કહો કહોજી કેમ કરીને લોહીવગી આ લેણદેણથી છૂટું !**
**સખીરી ! આંસુથી ઉજાળ્યા માજમ ઓરડા ઓસરિયું ઉજાળતાંના આવડી !**
**ઉતાવળી ઉંબર પર આવી ઊભી રહી.....!**





કોઈપણ ગીતને જો ગેયતા ન મળે તો એ ગીત કુવારું છે ! કહો કે એ ગીત અધૂરું છે. એટલે કે ગવાય તે જ ગીત. સ્વરકાર ગીતકૃતિને સ્વરાંકિત કરીને, એને ગેયત્વ આપીને સૌભાગ્યવાન કરે છે. સંજુ વાળાનાં ઘણા ગીતોને ઘણાય સ્વરકારોનાં સ્વરાંકનોનો લાભ મળ્યો છે. ઉદય મજુમદાર, નૈનેશ જાની, રજત ધોળકિયા, ડો. ભરત પટેલ, સુધીર ઠાકર, કલ્પક ગાંધી, અનંત વ્યાસ, બ્રિજેશ ત્રિવેદી અને સુરેશ જોશી જેવા સ્વરાંકનશ્રેષ્ઠીઓએ આ કવિના ગીતોનાં સ્વરપોંખણાં કરીને આત્મીય સ્વરોથી ઓવારણાં લીધાં છે. 'ઉતાવળી ઉંબર પર' આ ગીતનું સ્વરાંકન આપણી ભૂમિના જ (હાલ મુંબઈ) સમર્થ સ્વરકાર-ગાયક સુરેશ જોશીએ કર્યું છે. કાઠિયાવાડી બોલી લઢણને આપણી લોકસંગીતની પરંપરાની સ્વરછાંટથી સ્વરકારે આપણા આ ગીતકવિના ગીતને સ્વરે મઢ્યું છે. ગીતમાં પ્રગટ કાવ્યનાયિકાની સંવેદનાને સ્વરકારે સૂક્ષ્મ રીતે ઝીલીને એને સ્વરોમાં સંવેદી છે. ગીતનું મુખડું તાલમુક્ત સ્વરે (એટલે કે પ્રારંભે 'રીધમ' વગર), માત્ર હાર્મોનિયમ કે તાનપૂરાનાં સ્વરોની ધારામાં જ્યારે ગાયક દ્વારા પ્રારંભાય ત્યાં જ ભાવક ભાવવિભોર બની જાય છે અને ગીતના છેલ્લા અંતરાની 'સખીરી!... આંસુથી ઉજાળ્યા' એ પંક્તિમાં 'સખીરી' શબ્દ જે રીતે પ્રલંબિત સ્વરે ગવાય છે ત્યારે નાયિકાની મનઃસ્થિતિમાં ભાવક પણ ઝકઝોળાય જાય છે ! કોઈપણ કાવ્યનું સ્વરાંકન જ્યારે ખુદ સ્વરકારનાં અવાજમાં સાંભળીએ તો એ રચનાની શબ્દ સૂક્ષ્મતા અને સ્વરાવરોહનાં સ્વરસંકેતોને પામવાનો ખૂબજ આનંદ આવે ! જો કે પ્રત્યેક સ્વરકાર ગાયક નથી હોતા ! પણ અહીં તો આપણે સદ્‌નસીબ છીએ કે આપણા સૌરાષ્ટ્રનો (ઉના) આ સ્વરકાર અચ્છો ગાયક પણ છે જ ! ગુજરાતી કાવ્યસંગીતને સુરેશે આપેલા કેટલાક સ્વરાંકનો તો આજે 'માઈલ સ્ટોન્સ' રૂપે મનાય છે. એમાંય રમેશ પારેખની રચનાઓને સુરેશે જે સ્વરદેહ આપ્યો છે તે લાજવાબ અને કાબિલ-એ-દાદ છે ! સુરેશે આપેલા ર.પા.ની 'હરિગીત શ્રેણી'ના સ્વરાંકનો વિશે તો એક લાં...બો સ્વતંત્ર લેખ લખવો પડે એવું મોટાગજાનું કામ એણે કર્યું છે. ગુજરાતના ગીત કવિઓમાં આજે અગ્રેસર આ કવિ રાજકોટમાં વસે છે અને ગુજરાતી સાહિત્ય માટે અને આપણી માતૃભાષા માટે સતત ચિંતિત છે. સુરેશ જોશીએ સંજુ વાળાનાં અન્ય ગીતોને પણ સ્વર ન્યાય આપ્યો છે. મારા ગુજરાતી કાવ્ય-સંગીતના 'સ્વરાલય'માં, સુરેશ જોશીનાં કંઠે અલગ-અલગ સ્થાનો પરનાં લાઈવ પ્રોગ્રામોમાં

ગવાયેલા આ ગીતનાં ધ્વનિમુદ્રણો સચવાયેલા છે. હાર્મોનિયમ, તબલા, વાયોલિન, પેડ, સાઈડ રીધમ વગેરે વાદ્યોના સંગાથે સુરેશના સ્વરમાં આ ગીત જ્યારે જ્યારે સાંભળીએ ત્યારે દરેક વખતે આ ગીત અને એનું સ્વરાંકન આપણને તરોતાજા લાગે છે. સુરેશ પાસે ગીત કવિતાને સ્વરમાધ્યમથી ઝીલવાની એક વિશિષ્ટ સૂઝ છે, એટલું જ નહીં કવિના શબ્દોને એ ખૂબ જ ભાવસૂક્ષ્મતાથી સંવેદીને, એ શબ્દોને અભિપ્રેત એવી જ સ્વરલિપિ સર્જીને એ કાવ્યને સાચા અર્થમાં ન્યાય આપે છે. અને કવિને અભિપ્રેત જે ભાવસંવેદન હોય એને તંતોતંત-બરાબર આત્મસાત-સ્વરસાત કરીને આ સ્વરકાર પોતાનાં સ્વરાંકનને ગૌરવપૂર્ણ-સ્વરપૂર્ણ અને ચિરંજીવી બનાવે છે.

કવિ સંજુ વાળાનું આ ગીત કવિની પ્રારંભિક રચનાઓ માંહેનું છે. વર્ષો પૂર્વે લખાયેલા આ ગીતનું સુરેશે સૌરાષ્ટ્ર વસવાટ દરમિયાન જ એનું સ્વરાંકન કરેલું છે. પછી તો મુંબઈને પોતાનું 'સ્વરઘર' બનાવનાર સુરેશે આ ગીત મુંબઈની ગુજરાતી પ્રજા વચ્ચે પણ પ્રસ્તુત કર્યું છે અને ત્યાં પણ આ સ્વરાંકન ખૂબ સારી રીતે ઝિલાયું હતું અને ત્યાંના ભાવકોનો પણ સુંદર પ્રતિસાદ આ રચનાને મળ્યો છે.

પવનના સૂસવાટામાં સુક્કા ઘાસની સળીની જેમ ફંગોળાતી કાવ્ય નાયિકાની અવસ્થા કે પરપોટાને ધાતુ માની લેવાની આપણી ચેષ્ટા, ફળિયામાં ફળવંતી થયેલી દાડમડીની પજવણી, લોહીવગી લેણદેણથી ક્યારેય છૂટી ન શકવાની ભીંસ અને અંતે અશ્રુઅભિષેકથી ઓરડાને ઉજમાળો કર્યો પણ 'ઓસરી'ને ઉજાળી ન કરી શકાયાની મૂંગી વેદના - આ સર્વ સંદર્ભો કવિ સંજુના શબ્દો અને સ્વરકાર સુરેશના સ્વરો આપણા ચિત્તને ઘેઘૂર-ઉદાસીમાં ઘેરી વળે છે ત્યારે આપણનેય ભીના સ્વરે ગાવાનું તરત-મન થાય કે, 'સખીરી ! આંસુથી ઉજાળ્યા માજમ ઓરડા, ઓસરિયું ઉજાળતાં ના આવડી...!'

**અંજલિ :**

**દરિયાની રેતીનાં મોજાઓ પહેરીને**
**શાનમાં કશુંક કહેવું છે આ શહેરીને**
**શ્રીફળો વધેરવાથી કૈં એ મીઠો નહિં થાય !**
**દરિયો તો જન્મોથી મીઠપનો વેરી છે !**





## ભાઈની બેની લાડકી ને.....

શ્રાવણ મહિનાની મેઘમોસમ પૂરબહારમાં ખીલી છે. ચોમેર વરસતો મેહુલિયો આપણા કાનમાં પણ વરસાદી ગીતોની ઝીણી-ઝીણી ઝરમર ઝરમર સૂરાવલીઓ રેલાવી રહ્યો હોય ત્યારે આ શ્રાવણ ખરા અર્થમાં શ્રવણીય બની રહે છે. આજથી પાંચ દિવસ પછી શ્રાવણ સુદ પૂનમનો દિવસ હા, ભારતીય સંસ્કૃતિની પરંપરામાં ભાઈ-બહેનના હેતનો ગૌરવમય દિવસ પણ ભાઈ, આપણે તો અંગ્રેજી તારીખ અને મહિનાનો મહિમા કરનાર માણસો ! આ શ્રાવણ સુદ પૂનમ એમ તિથિ પ્રમાણે કહેતાં ઘણાને ગમ ન પડીને ! પણ જો એમ કહીએ કે નવમી ઓગષ્ટ એ રક્ષા બંધનનો દિવસ છે. તો આપણે ૨૦૦૬નું કેલેન્ડર જોઈને તરત જ સમજી જઈશું કે હા, રક્ષાબંધનનો તહેવાર ૯-ઓગષ્ટે છે. જો કે અંગ્રેજી તારીખ ગમે તે આવે પણ શ્રાવણ સુદ પૂનમ એટલે સમગ્ર ભારતીય કુટુંબ-પરિવારમાં ભાઈ-બહેનના હેત-પ્રેમની અભિવ્યક્તિનો સ્વર્ણીય દિવસ. આપણી સંયુક્ત કુટુંબની એ ગૌરવપૂર્ણ પરંપરામાં ભાઈ-બહેનના હેતમાં અને બહેન-ભાઈના હેતમાં આપણી ભારતીય સંસ્કૃતિનું વિરલ પ્રતિબિંબ પ્રગટ થાય છે. પ્રત્યેક પરિવારમાં ભાઈ-બહેન વચ્ચેનો એ લોહીનો સંબંધ એકમેકનાં સુખ અને પ્રસન્નતા માટે સતત પ્રભુને પ્રાર્થતો હોય છે. આખા વરસમાં બે દિવસો એવા છે કે જે દિવસે ભાઈઓએ પોતાની બહેન પરત્વેની ફરજોનું સ્મરણ કરીને તેના ક્ષેમકુશળ માટે શ્વાસપર્યંત સતત સભાન રહેવાનું હોય છે. જેમાં કારતક સુદ બીજ એટલે ભાઈબીજનો દિવસ અને આ શ્રાવણ સુદ પૂનમ એટલે રક્ષાબંધનનો દિવસ. સમગ્ર સંસારમાં 'મા' પછી મા જેવું જ કોઈ મહાન વ્યક્તિત્વ હોય તો તે બહેન છે. એમાંય જેની માતા મૃત્યુ પામી હોય તેને તો બહેનની વત્સલતા અને ત્યાગ-સમર્પણની સાચી ઓળખ હોય

જ. માની ગેરહાજરીમાં બહેન એ આખા પરિવારનો આધારસ્થંભ બનીને ખોયડાંને ખોડંગાતું-પડતું-આખડતું બચાવે છે. એટલે જ આપણે ત્યાં ભાઈ-બહેનનાં હેત અને લાગણી તથા ભાઈની બહેન માટેની ફરજ-જવાબદારીનો મહિમા અનન્ય છે. પુરાણના સમયથી લઈને આજ સુધીના સમયપટ પરથી પસાર થતાં એવા અસંખ્ય પ્રસંગો, ઘટનાઓ કે પાત્રો આપણને સાંપડે છે કે જેમાં ભાઈએ પોતાની બહેન માટે તો બહેને પોતાના ભાઈ માટે સર્વસ્વ કાળદેવતાના ચરણે સમર્પિત કર્યું હોય. આ જ તો છે આપણી ભારતીય પરંપરાની યશસ્વી અને આગવી ઓળખ. જ્યારે જ્યારે ભાઈબીજ અને રક્ષાબંધનના આ મંગલમય દિવસો આવે છે ત્યારે ત્યારે ભાઈ-બહેનની હેતાળવી લાગણીઓને ઝંકૃત કરે એવાં ગીતો પણ યાદ આવે જ, એ સ્વાભાવિક છે. ગુજરાતી સાહિત્યમાં ભાઈ-બહેનની વત્સલતાનો મહિમાગાન કરતી ઘણી રચનાઓ છે. જો કે સમગ્ર વિશ્વ સાહિત્યમાં ડોકિયું કરીએ તો તેમાંથી પણ ભાઈ-બહેનના સગપણોનું અલૌકિક ભાવવિશ્વ આપણને અચૂક મળે જ. આવનારા રક્ષાબંધનના અવસરે આજે મને યાદ આવે છે. ત્રણ દાયકા પહેલાનું એ મીઠું-મધુરું વત્સલગીત. ૧૯૭૬માં એક ગુજરાતી ફિલ્મ (સોનબાઈની ચુંદડી) માટે લખાયેલું અને તે સમયે તો ખૂબ ઓછા જાણીતા, પણ આજે તો સુગમ સંગીતની દુનિયાનું એ ગૌરવપૂર્ણ નામ છે એવા આશિત દેસાઈએ આ સુંદર ગીતને પોતાના મધુર કંઠે સજાવ્યું છે. એ યુગલગીતના અન્ય ગાયિકા ફોરમ દેસાઈ છે. (આજે તો ફોરમ દેસાઈ સંગીતક્ષેત્રમાં નથી. ક્યાં હશે ? કોને ખબર ?)

આપણી ધરતીના ધુરંધર ગીતકાર-સ્વરકાર અવિનાશ વ્યાસે આજથી ત્રીસ વર્ષે પૂર્વે આ ગીત સ્વરબદ્ધ કરીને આશિત દેસાઈ અને ફોરમ દેસાઈ પાસે કંઠબદ્ધ કરાવ્યું હતું. હે, ભાવક ! તમે પણ રક્ષાબંધનના આ પવિત્ર તહેવાર ટાણે, તમારી વ્હાલી બહેનડીને યાદ કરીને નાચતાં-કૂદતાં આ ગીત ગાઓ :

**કોણ હલાવે લીંબડી, ને કોણ ઝુલાવે પીપળી**
**ભાઈની બેની લાડકી, ને ભાઈલો ઝુલાવે ડાળખી**
**એ...લીંબડીની અજ ડાળ ઝુલાવે, લીંબોળી ઝોલાંખાય**
**હીંચકો નાનો બેનનો એવો, અમ ઝુલણિયો જાય**
**લીલુડી લીંબડી હેઠે, બેનીબા હીંચકે હીંચે...**
**એ... પંખીડાં, પંખીડાં ઓરાં આવો, એ પંખીડાં !**





**બેની મારી હીંચકે હીંચે, ડાળીઓ તું ઝુલાવ !**
**પંખીડાં ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીંચો !**
**હે... અજબ હિંચોળુ બેનડી તારા હેત કહ્યા ના જાય**
**મીઠડો વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય**
**કોયલને મોરલા બોલે, બેનીનો હીંચકો ડોલે...**

કેમ, દોસ્તો ! ગમ્યું ને આ ગીત ? ને સાચ્ચે સાચ્ચું કહેજો આ ગીત વાંચતાં જ ત્રણ દાયકા પહેલાનું એ સુંદર ગુજરાતી ફિલ્મ 'સોનબાઈની ચુંદડી'નું સ્મરણ થયું કે નહિ ? અને સાથે સાથે આ ગીત, એના મૂળ સંગીત સ્વરાંકનમાં જ જો સાંભળવા મળે તો કેવી મોજ આવે ? મારી પાસે આટલાં વર્ષો પછી પણ એ મૂળ ઢાળવાળું આશિત દેસાઈ-ફોરમ દેસાઈના યુગલ સ્વરવાળું, કોઈપણ જાતની ભેળસેળ વગરનું, મીક્સ કે રી-મીક્સ વગરનું એટલે કે કોઈપણ જાતના સ્વરપ્રદૂષણ વગરનું એ 'અસલગીત' મારા સ્વર સંગ્રહાલયમાં સચવાયેલું પડ્યું છે. 'અસલગીત' એવો શબ્દ એટલે વાપર્યો કે આજકાલ 'ડીસ્કાળવા ડાંડિયા રાસ'માં આ ગીત, ભાવવિહીન સ્વરે, ઘોંઘાટવી રીતે સાંભળવા મળે છે. કોઈપણ ભાવકને જો એ 'અસલગીત' સાંભળવાનું મન હોય તો અડધી રાતેય મને જગાડી શકે છે. શરત બસ એટલી જ છે કે આવા શ્રવણીય ગુજરાતી ગીતો સાંભળવાની એ ભાવકને તાતી તરસ હોવી જોઈએ ! આવા મનભાવના-હૃદયભાવના અને આપણા અસ્તિત્વને ઝળહળ કરીને ઉજાગર કરે એવા તો અસંખ્ય ગુજરાતી સ્વરાંકનો અને કવિતાઓનો દરિયો ભર્યો છે, મારા ઘરમાં. પણ ભાવકો ક્યાં ? ગુજરાતી ભાષા માટેની ચિંતા ક્યાં ? માતૃભાષા માટેની મમત ક્યાં ? 'કોન્વેન્ટિયા કલ્ચર'માં જ ઉછરતી (કે ઉછળતી ?) આવનારી પેઢીને આપણે શું આવા સંસ્કારમય ગીતોનો વારસો નથી આપવો ? અન્યની શું વાત કરું ? મારા પોતાના જ પરિવારની 'નવી પેઢી'ને આવાં ગીતો કે સંસ્કારમૂલક સાહિત્યમાં સોયની અણી જેટલીય અભિરુચિ નથી. આ લોહીઝાણ પીડા ક્યાં જઈને ઠાલવવી ? કેને કહેવી ? ખેર, એ અંગે ફરી ક્યારેક તમારી સમક્ષ જ હૈયાવરાળ ઠાલવીશું !

અવિનાશ વ્યાસની કલમમાંથી ટપકેલું અને એણે જ સ્વરાંકિત કરેલું આ ગીત, એક વખત પણ સાંભળીએ તો તરત જ આપણને ખબર પડે કે કોઈપણ

સુ-પ્રસિદ્ધ હિન્દી ફિલ્મના, સુ-પ્રસિદ્ધ અને સફળ હિન્દી ગીતથી સહેજ પણ ઓછું ન જ ઊતરે એવું આ શ્રેષ્ઠ સ્વરાંકન છે. ગીતના પ્રારંભે આવતું સંગીત પણ ભાઈ-બહેનની બાળપણની ધીંગામસ્તીને આપણા મનમાં ચિત્રાંકિત કરે એવું પ્રાસંગિક છે. સ્વરકારે આ ગીતમાં શબ્દો તો ઠીક પણ વચ્ચે આવતું સંગીત (Filler Music) પણ એવી રીતે સજાવ્યું છે કે એ સંપૂર્ણ ગીતનું ભાવવિશ્વ આપણા હૈયાંને પુલકિત કરી જાય છે.

ગીતના પ્રથમ અંતરા 'એ... પંખીડાં, પંખીડાં ઓરાં આવો' એ પંક્તિ 'ભઈલો ઝુલાવે', 'બેનડી ઝૂલે', 'ભઈલો ઝુલાવે ડાળખી' એ લઘુપંક્તિઓનું ગાન, વારાફરતી ફોરમ દેસાઈ અને આશિત દેસાઈ ગાય છે ત્યારે આ બન્ને ગાયકોના સ્વરમાંથી ભારોભાર વત્સલતા પ્રગટે છે. એ સાંભળીએ છીએ ત્યારે કહ્યા વિના આંસુઓ પણ આંખમાંથી ટપકીને ગાલ પર બેસીને, આપણી સાથે સાથે એ પણ જાણે કે આ ગીત સાંભળતાં ન હોય ? એવું અનુભવાય છે. ને હૃદય પણ ઝણઝણી જાય છે.

તો હે, પ્રિય ભાવક ! આ વખતના રક્ષાબંધનના દિવસે તમે પણ તમારી વહાલી બહેનડી પાસે જ્યારે રાખડી બંધાવો ત્યારે જરૂર ને જરૂર આ ગીત અથવા આના જેવું જ કોઈપણ વ્હાલસભર-લાડભર્યું ગુજરાતી ગીત ગાજો અને બહેનડી પાસે પણ ગવડાવજો. હોં ને ? ગાશોને ? ગવડાવશોને ?

**અંજલિ :**
**જો બેન વિના ભાઈ,**
**એકલો એકલો ખાય !**
**એને ગાલપચોળિયું થાય !**
**('ભાદર, તારાં વહેતા પાણી' ફિલ્મમાં મૂકેશ-ઉષા મંગેશકરે ગાયેલું ગુજરાતી ગીત)**





# ગુજરાતી ભાષાનું એકસો પાંત્રીસ વર્ષ પુરાણું - તરોતાજા નાટક 'મિથ્યાભિમાન'

મુખ્યત્વે શબ્દ, સ્વર, સંગીત, નૃત્ય, નાટક વગેરે જેવી આપણી મૌલિક ગુજરાતી સાહિત્યની કૃતિઓના આસ્વાદન માટે ચાલતી આપણા સૌની સહિયારી આ ભાવયાત્રામાં ઘણી વખત આપણે સારા-સ્વચ્છ અને 'સાચાં ગુજરાતી નાટકો' (જોકે બહુ જ ઓછા હોય છે)નું પણ આચમન કરીએ છીએ. ગુજરાતી ગીતો-ગઝલોની સાથે આ નાટ્યયાત્રાનો પણ એક અજબ આનંદ છે. જોકે ક્યારેક આ લખનાર દ્વારા માહિતીદોષ પણ અહીં આવે છે ત્યારે મારા પ્રિય ભાવકો અને આચમનને ચાહનારા લોકોને થોડોક આંચકો પણ લાગે ત્યારે ત-ર-ત જ એ મિત્રો ફોનથી મારો કાન પકડે છે (આમેય ફોનને કાન જ હાથવગા છે ને !) ગયા શુક્રવારે 'તારો છેડલો માથે રાખને જરા' એ ગીતમાં માહિતીદોષ હતો એટલે તરત જ સવારના પહોરમાં છેક જૂનાગઢથી પ્રિય ભાવક-સ્નેહીમિત્ર હેમંત નાણાવટી અને રાજકોટના દિવાકર વોરા એ બન્ને પ્રેમીઓએ મારા કાન ખેંચ્યા (વારાફરતી) એ મને બહુ ગમ્યું ! આવા ખરા અર્થમાં જાગ્રત ભાવકો થકી 'આચમન'નું અને મારું ઘડતર થતું રહે છે. અન્ય ભાવક-વાચકના લાભાર્થે આ ખરી માહિતી આપું તો 'ચૈતર વૈશાખના વાયરા' એ ગીત અવિનાશ વ્યાસનું નથી અને સ્વરાંકન પણ એમનું કે પુરુષોત્તમ ઉપાધ્યાયનું નથી. એ ગીતના કવિ છે ભૂલાઈ ગયેલા જૂની પેઢીના કવિ નંદકુમાર પાઠક અને સ્વરકાર છે દિલીપ ધોળકીયા. દિવાકર વોરા પાસે તો આ ગીતની વર્ષો 'જૂની રેકર્ડ (તાવડી)' પણ સચવાયેલી છે. શબ્દસ્વર-પ્રેમી પ્રિય હેમંત નાણાવટી અને દિવાકર વોરાનો હું અહીંથી હૃદયપૂર્વક જાહેર આભાર પ્રગટ કરું છું. આપણા, ધન્ય થઈ જવાય એવા ગુજરાતી ગીતોનાં જતન માટે આ બન્ને મિત્રો ખરેખર ચિંતિત છે એનો આનંદ અને ગૌરવ છે.

આપણી આદ્ય ગુજરાતી ભાષાના કવીશ્વર દલપતરામ (મહાકવિ ન્હાનાલાલના પિતાજી)થી ભાગ્યે જ કોઈ ગુજરાતી અજાણ હશે. વર્ષો પૂર્વે એટલે કે આજથી છેક ૧૩૫ વર્ષ પહેલાં આ કવિએ એક અદ્ભુત નાટકનું સર્જન કરેલું જે કાળની ગર્તામાં ધકેલાઈ ગયું હતું. એના ઉપરની રજ-ધૂળ ખંખેરીને ભાવનગરના યુવાન દિગ્દર્શક અને સાહિત્યના અધ્યાપક મિત્ર મહેન્દ્રસિંહ પરમારે પુનઃ આ નાટકને જીવતું-જાગતું કર્યું છે. ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના નાટ્યવર્તુળના બિન વ્યવસાયિક-તરવરિયા કલાકારો દ્વારા આ નાટક અભિનીત કરાયું છે. ગુજરાતી ભવનના અધ્યક્ષ પ્રસિદ્ધ કવિ-વકતા ડો. વિનોદ જોશીના અમૂલ્ય સહકાર અને હૂંફથી આ નાટક ગુજરાત અને ગુજરાત બહાર સતત ભજવાતું રહે છે. પ્રત્યેક યુનિવર્સિટીઓના ગુજરાતી ભવનોને આવા દૃષ્ટિવંત અને કલામર્મજ્ઞ અધ્યક્ષો મળે તો કેવા રૂડાં - કરવા જેવાં - કાર્યો થાય એનું જીવંત દૃષ્ટાંત ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી ભવને પૂરું પાડ્યું છે. મહેન્દ્રસિંહ આ ભવનમાં જ અધ્યાપક છે એટલું જ નહિ પણ નાટકમાં રઘુનાથ ભટ્ટનું પાત્ર જે ભજવે છે એ કલાકાર વિપુલ પુરોહિત પણ ત્યાં જ અધ્યાપક છે. કવિ વિનોદ જોશી, નાટ્યશિલ્પી મહેન્દ્રસિંહ પણ ત્યાં જ અધ્યાપક છે. કવિ વિનોદ જોશી, નાટ્ય શિલ્પી મહેન્દ્રસિંહ પરમાર અને અભિનયકાર વિપુલ પુરોહિત થકી ભાવનગર યુનિવર્સિટીનું ગુજરાતી ભવન અવિરત પ્રવૃત્તિઓ થકી ધમધમતું રહે છે એનો મનેય અતિ આનંદ છે.

આજની ગુજરાતી રંગભૂમિ ઉપર સાચા અર્થમાં જેને સંપૂર્ણ નાટક (ટોટલ પ્લે) કહી શકીએ એવાં નાટકની કારમી અછત છે. સુરતના કપિલદેવ શુકલ, જામનગરના પીપલ થીએટરના વિરલ રાચ્છ તથા નૌશિલ આર્ટના પિયૂષ ભટ્ટ, અમદાવાદના બુડ્રેટી થિએટરના હસમુખ બારાડી અને એમની પુત્રી મન્વિતા બારાડી, રાજકોટમાંથી સૌરાષ્ટ્રનું એકમાત્ર નાટક સામાયિક 'નાંદીકાર' ચલાવતા કવિ-નાટ્ય વિવેચક ડો. શૈલેષ ટેવાણી વગેરે આ યાદીમાં હજુય બે-ચાર નામ મૂકી શકાય પણ એ બધાં જ આપણા સાચા-સારા ગુજરાતી મૌલિક નાટકો માટે જાત ખર્ચી રહ્યા છે એ ખૂબ સારી વાત છે.

હમણાં જ અસ્મિતાપર્વના આંગણે ગુજરાતી ભાષાનું આ ૧૩૫ વર્ષ પુરાણું પણ આજેય તરોતાજા એવું 'મિથ્યાભિમાન' નાટક પ્રસ્તુત થયું ત્યારે આંખો ચાર થઈ ગઈ અને હૃદય રડી ઊઠ્યું. ઘણાય સમય પછી એક ઉત્તમ મૌલિક ગુજરાતી





નાટક અને એય પાછું બિન વ્યવસાયિક રંગભૂમિના તરવરિયા-લવરમૂછિયા કલાકારો દ્વારા અભિનીત થયું એ બહુ મોટી ઘટના છે. કવીશ્વર દલપતરામનું એ વિશ્વપ્રસિદ્ધ નાટક હવે આપણે તો ભૂલી જ ગયા હતા. પણ ભાઈ મહેન્દ્રસિંહે ફરીથી આ નાટકને નવો પ્રાણવાયુ આપીને ચેતનવંતું કર્યું છે. 'વળ ચડાવેલી મૂછ'ના પ્રતીક દ્વારા આખુંય નાટક આપણી અંદર ખુલી જાય છે. નાટકમાં જ્યારે જ્યારે દૃશ્ય પરિવર્તન થાય ત્યારે બે કલાકારો પરિક્ષેત્ર (પડદો) લઈને એન્ટ્રી-એક્ઝીટ કરે એ પડદામાં 'વળ ચડાવેલી મૂછ'નું પ્રતીક અત્યંત અર્થસભર છે અને નાટક જ્યારે પૂર્ણ થાય ત્યારે એ જ પડદામાં 'મોટું પૂર્ણ વિરામ'નું ચિહ્ન કેટલાંય સૂચિતો આપણા હૈયામાં અંકિત કરી જાય છે. નાના-મોટા કુલ ૩૧ યુવા કલાકારોએ 'મિથ્યાભિમાન' નાટકમાં પ્રાણ રેડ્યો છે. દંતકથા બની ગયેલ જીવરામ ભટ્ટનું પાત્ર કવિત પંડ્યાએ એવું તો આત્મસાત કર્યું છે કે આપણને એમ જ થાય કે જીવરામ ભટ્ટ હોય તો આવા જ હોય ! ન કમ ન જ્યાદા ! એમાં ય જીવરામ ભટ્ટ ભોજન કરતા હોય છે એ અભિનય તો કવિત પંડ્યાએ એવો આબેહુબ કર્યો છે કે કોઈ માણસ સાચે સાચ જમતો હોય તો ય એટલું ઝીણવટથી ના જમે ! માત્ર હાવભાવ (બોડી લેંગ્વેજ) દ્વારા એટલે કે થાળીમાં ભોજનની સામગ્રીઓ જ ન હોય, લોટામાં પાણી જ ન હોય તો ય આ કલાકારે જે રીતે ભોજન આરોગવાનો આત્મસાતપૂર્વક અભિનય કર્યો એ સૌ શ્રોતા-ભાવકોને તાળીઓ પાડવા માટે મજબૂર કરી ગયો. રંગલાની ભૂમિકામાં શક્તિ પરમારે પોતાની તમામ શક્તિઓ ખર્ચીને પોતાનું નામ સાર્થક કર્યું છે. રંગલો જે જે રીતે રંગભૂમિ ઉપર ફરતો હતો એની પ્રત્યેક ક્રિયાઓ કાબિલેદાદ હતી. મોંઘીદાટ ટીકીટો લઈને પણ માણવા ન મળે એવું આ નાટક મુંબઈ અને છેક કલકત્તાની ગુજરાતી પ્રજા સુધી પહોંચ્યું છે.

આ વખતના અસ્મિતાપર્વમાં ભાવનગર બે વખત છવાઈ ગયું. મહેન્દ્રસિંહ પરમારનું 'મિથ્યાભિમાન' નાટક અને વિનોદ જોશીનું 'સંસ્કાર' નવલકથા વિષયક જોરદાર વ્યાખ્યાન, આ બન્ને કૃતિઓની પ્રસ્તુતિ હજુય મન - હૃદયમાં પડઘાયા કરે છે. 'મિથ્યાભિમાન' નાટકની પ્રસ્તુતિ તંતોતંત નખશિખ સંપૂર્ણ નાટકનો અહેસાસ કરાવે છે. આવાં ઉત્તમ નાટકો જીવંત રહે એ માટે આપણે શું કરવું જોઈએ ? એ ગુજરાતી તરીકે આપણે સૌએ વિચારવું જ જોઈએ. હજુ સુધી માત્ર દસ પ્રયોગો જ આ નાટકના થયા છે અને સમગ્ર નાટ્યજગતમાં ભારતભરમાં આ નાટકની ચર્ચા

થઈ રહી છે. એક નિષ્ઠાવાન અધ્યાપક-નાટ્યકાર પોતાના વિદ્યાર્થીઓમાં આવો સંસ્કારમૂલક વારસો આપે અને જીવન ઘડતર કરે એ માટે મહેન્દ્રસિંહ પરમારને લાખ્ખો વાર અભિનંદન ! વંદન હે દોસ્ત ! નાટ્યવર્તુળના નાના-મોટા અભિનય બિંદુઓ વિરેન પંડ્યા, રાઘવ મકવાણા, શક્તિ પરમાર, કવિત પંડ્યા, દિલીપ રાઠોડ, બનેસંગ ડોડિયા, વિપુલ પુરોહિત, ધર્મિષ્ઠા કાકડિયા, અન્નપૂર્ણા વકાણી, ધર્મિષ્ઠા ગોસ્વામી, ચોંડાભાઈ બોળિયા, ભીમ દેસાઈ, વિજય વાળા, કલ્પેશ મહેતા, વિપુલ કાળિયાણિયા, શરદ જોશી, સ્વાતિ પાઠક, વિહિત પાઠક, પ્રવીણ બારૈયા, કલાપી પાઠક, હેરી, ભાવેશ બારૈયા, ગુણવંત ગોહિલ, નીલેશ-નરેશ વાવડિયા, નીતિન ભીંગરાડિયા, દિગ્પાલ જાડેજા, યોગેશ રાજપુરા અને હેતલ ચૌહાણ વગેરે ત્રીસે ત્રીસ કલાકારોએ 'મિથ્યાભિમાન' નાટકમાં એવા અભિનયરંગ પૂર્યા છે કે આપણને પણ આ કલાકારો માટે અભિમાન થાય. નાટકનું પરાકાષ્ઠાનું અંતિમ દશ્ય અને એ સમયે બેક ગ્રાઉન્ડમાં પણ લાઈવ પર્ફોર્મન્સ દ્વારા - ગાયકો દ્વારા રજૂ થતી પદ્યપંક્તિઓ સૌની આંખો ભીંજવી દે છે :

**કહું છું હું અનુભવ કરી, ખરેખરી વળી વાત**
**ઊપજે છે અભિમાનથી, ઘડીએ ઘડીએ ઘાત**
**મિત્ર નથી અભિમાન ગુણ, એ તો ઉગ્ર અરીવ**
**મિથ્યા અભિમાને ગયો, જીવરામનો જીવ**

ફરી એકવાર મહેન્દ્રસિંહ-વિનોદ જોશી અને નાટ્યવર્તુળના એ ત્રીસેય અભિનયબિંદુઓને શત શત પ્રણામ. 'મિથ્યાભિમાન' નાટક આખાય ગુજરાતમાં અને ગુજરાતની તમામે તમામ શાળા-કોલેજો-યુનિવર્સિટીઓમાં ભજવાય એ આજના વૈચારિક રીતે માંદા સમયની મોટી જરૂરિયાત છે. સમજુઓને વધુ કહેવું શું ?

**અંજલિ :**
**માણસને અભિમાનથી મળે ન કદિયે માન**
**ઊલટું અપમાન જ મળે, નકી ઠરે નાદાન**
**સ્વાદ નથી સદ્‌ગંધ નથી નથી રે પુષ્પરાગ**
**અરે ! વૃથા અભિમાન તો, કહિયે કાળો નાગ**
**('મિથ્યાભિમાન' નાટકમાં ગવાયેલું)**





# પ્રયોગશીલ નાટ્યક્ષેત્રનો વીર
# મનોજ શાહ

કેટલીક વ્યક્તિ વિશે આપણે સાંભળ્યું હોય, ક્યાંક વાંચ્યું હોય અને એ જ વ્યક્તિ ક્યારેક, એકાએક રૂબરૂ આવી જાય ત્યારે તેને મળીને કેવો રામાંચ થાય ? આવો જ રોમાંચ મને આપણી પ્રયોગશીલ ગુજરાતી રંગભૂમિના 'મુઠ્ઠી ઊંચેરા માણસ' અને સાહિત્યિક નાટ્ય કૃતિઓ માટે સતત મથતા ઝઝૂમતા દિગ્દર્શક મનોજ શાહને મળ્યો ત્યારે થયો. થોડાંક વર્ષો પહેલાં મુંબઈ ખાતે ગુજરાતીના અધ્યાપકસંઘના અધિવેશન નિમિત્તે તેમનું અદ્‌ભુત નાટક 'માસ્ટર ફૂલમણિ' જોયેલું ત્યારે ખૂબ જ હરખ થયેલો કે, મુંબઈ નગરીમાં એક ગુજરાતી માણસ, ગુજરાતી સાહિત્ય માટે, સાહિત્યિક રંગમંચ માટે કેવું તપ કરી રહ્યો છે ! ત્યારે તો મળવાનું ન બન્યું. 'માસ્ટર ફૂલમણિ'ને કારણે આ માણસ મન-હૃદયમાં પડઘાયા કરતો હતો. એવામાં હમણાં જ ભાવનગર અને મહુવા ખાતે શ્રી મનોજ શાહ તેમના 'આઈડ્યાઝ અનલિમિટેડ'ના કલાપરિવાર સમેત મળી ગયા. અને પે'લો રોમાંચ ફરી રગેરગમાં ફરતો થયો.

ગુજરાતી સાહિત્યમાં કપરામાં કપરું કોઈ સ્વરૂપ હોય તો તે નાટક છે. અને એમાંય પૂર્ણપણે, શુદ્ધ અને શાસ્ત્રીય રીતે, સાહિત્યિક કહી શકાય એવાં નાટકો મેળવવા કે નાટ્ય રૂપાંતર કરીને ભજવવાં એ ખૂબ અઘરું કામ છે. પણ જેમના દિલ અને દિમાગમાં આવી કૃતિના મંચન માટેના પારાવાર પ્રયોગો (આઈડ્યાઝ અનલિમિટેડ) અવિરત ચાલતા હોય, તેને માટે રંગમંચ એક યુદ્ધભૂમિ છે. અને આ ભૂમિમાં લડતો એકલવીર એટલે જ મનોજ શાહ. છેલ્લા પાંચ-સાત વર્ષમાં આ માણસે ગુજરાતી સાહિત્યની કેટલીય શ્રેષ્ઠ-યાદગાર અને ચિરંજીવી એવી ગદ્ય-પદ્ય કૃતિઓને શ્રેષ્ઠ રંગમંચીય આવિર્ભાવ આપ્યો છે. એમણે જે કૃતિઓનું મંચનકર્મ

કર્યું છે, તે કૃતિઓ અને તેના સર્જકોની જ માત્ર યાદી તપાસીએ ત્યારે આપણા અસ્તિત્વમાં આશ્ચર્યની હારમાળા સર્જાતી અનુભવાશે. 'રજપૂતાણી' (ધૂમકેતુ), 'ઝેર તો પીધાં છે જાણી-જાણી' તથા 'સોક્રેટિસ' (દર્શક), 'ભારેલો અગ્નિ' (ર.વ.દેસાઈ), 'મોનજી રુદર' (સ્વામી આનંદ), 'ઋણાનુબંધ' (પ્રવીણસિંહ ચાવડા), 'જક્ષિણી' તથા 'મુકુન્દરાય' (રા.વિ.પાઠક), 'લાન્કુશાનનો વજીર' (ચં.ચી.મહેતા), 'જગ્ગાડાકૂ', 'ભેદ-ભરમ', 'સંસારી સાધુ', 'જડ-ચેતન' (હરકિશન મહેતા), 'ક્ષેમરાજ અને સાધ્વી' (ગો.મા.ત્રિપાઠી), 'બ્લુ-જીન્સ' (ચંદ્રકાન્ત શાહ), 'આગંતુક' (ધીરૂબહેન પટેલ), 'અખો આખાબોલો' (અખો), 'માસ્ટર ફૂલમણિ', 'ગુજરાતની અસ્મિતા', 'ગમતાંનો કરીએ ગુલાલ', 'મરીઝ', વગેરે જેવી સફળ અને સશક્ત સાહિત્યિક કૃતિઓને આ ગુજ્જુ દિગ્દર્શકે પોતાનું લોહી રેડીને, રંગમંચ ઉપર એને જીવંત કરીને, આજની ગુજરાતી રંગભૂમિનો ઈતિહાસ બદલી નાખ્યો છે. શાંત ચિત્તે અને ધીર-ગંભીર પણે, પણ મક્કમ પગલાં પાડીને ગુજરાતી પ્રજાને 'જોવા જેવાં' નાટકોનો પરિચય કરાવ્યો છે. આજે 'ન જોવાં જેવાં' કેટલાય નાટકોની એક મોટી વણઝાર આપણી નજર સામેથી જ પસાર થઈ રહી છે, ત્યારે શ્રી મનોજ શાહે કેળવેલાં સાહિત્યિક નાટકો તરફ જો આપણે નજર નહિ કરીએ, તો આપણે ઘણું બધું ગુમાવીશું.

કવિતાઓ કે નવલિકાઓ, નવલકથાઓમાં પણ અદ્ભુત રંગમંચીય ક્ષમતા હોય છે એવું મનોજ શાહની નાટ્યકૃતિ નિહાળ્યા પછી આપણને ચોક્કસ પ્રતીત થાય છે. શ્રી મનોજ શાહે કેટલાંય 'મોનોલોગ'ના પણ પ્રયોગો સફળતાપૂર્વક કર્યા છે. 'પરપોટાના દેશમાં' - એ અમેરિકા સ્થાયી થયેલા આપણી ભાષાના કવયિત્રી શ્રી પન્ના નાયકની કવિતાઓનું મંચન સ્વરૂપ છે. એને આપણે 'નાટ્યાત્મક પાઠ' એવું નામાભિધાન આપી શકીએ. આપણા જાણીતા હાસ્યકાર શાહબુદ્દીન રાઠોડનું સુપ્રસિધ્ધ પાત્ર 'વનેચંદ અને એનો વરઘોડો' એનાથી કયો ગુજરાતી અજાણ હશે? શ્રી મનોજ શાહે 'વનેચંદનો વરઘોડો'ને પણ રંગમંચ ઉપર મૂકવાનું સાહસ કર્યુ છે. જેની આપણાં સૌરાષ્ટ્ર-ગુજરાતના બહુ ઓછા લોકોને ખબર હશે ! મુંબઈની મશીન જેવી, સતત દોડધામની જિંદગીમાં પણ પ્રયોગશીલ ગુજરાતી નાટકો માટે કે શુદ્ધ સાહિત્યિક નાટકો માટે વીર નર્મદની જેમ જ વીર મનોજ શાહ પણ સતત મથામણો કરે છે, ત્યારે એનાં હૈયામાં કેટલીક અકળામણો પણ હશે. પણ એ





અકળામણ ક્યારેય કળાવા ન દે એવા એ ઉત્તમ કલાકાર છે.

'આઈડિયાઝ અનલિમિટેડ' માટે એની પાસે ઉત્તમ અને જબરદસ્ત પરફોર્મન્સવાળા અનલિમિટેડ કલાકારોનો પણ સધિયારો એને મળ્યો છે, કે જે એમની આ નાટ્યયાત્રામાં મશાલ લઈને સામેલ થયાં છે. પ્રકાશ કાપડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી, કાંતિ પટેલ, રાજુ દવે, વિનીત શુકલ, વિપુલ ભાર્ગવ, અંકિત ત્રિવેદી વગેરે જેવા રંગમંચના શ્રેષ્ઠ રંગકર્મીઓની હૂંફ અને હોંશને કારણે દિગ્ગજ દિગ્દર્શક આવા પ્રયોગશીલ સાહસો કરે છે.

થોડો સમય પહેલાં જ ભાવનગર અને મહુવા ખાતે મનોજ શાહ પોતાના શ્રેષ્ઠ ત્રણ નાટકો લઈને સૌરાષ્ટ્રને તરબતર કરી ગયાં. જેમાં 'માસ્ટર ફૂલમણિ' નાટક તો મેં મુંબઈ ખાતે માણ્યું હતું તો પણ ખાસ એ નાટક જોવા માટે જ હું અને મારા કેટલાક મિત્રો અહીંથી ભાવનગર ગયા હતા. યશવંતરાય નાટ્યગૃહમાં આ નાટકનો ટિકીટ શો યોજાયેલો હતો. પણ દુઃખ સાથે એ નોંધવું જ પડે કે, 'સાંસ્કૃતિક નગરી' તરીકે ઓળખાતું ભાવનગર શહેર આ નાટકને માણવા-વધાવવા માટે ઊણું ઉતર્યું. મુંબઈ અને અન્ય શહેરોમાં, કે જ્યાં ગુજરાતી પ્રજાએ આ નાટકને ખૂબ જ માણ્યું છે અને હાઉસફૂલ શો થયા છે, ત્યારે ભાવનગરમાં અમોને એ શ્રદ્ધા હતી જ કે હાઉસફૂલ થશે જ, પરંતુ મનોજ શાહ અને એના કલાકારોને અને અમને સૌને (અમે તો છેક... રાજકોટથી ગયેલા) પણ આશ્ચર્ય સાથે આઘાત પણ લાગ્યો. કેમકે આવા એક શ્રેષ્ઠ નાટકમાં પણ નાટ્યગૃહ અડધોઅડધ ખાલી હતું. 'માસ્ટર ફૂલમણિ' નાટકના સંવાદમાં પણ ક્યારેક-ક્યારેક કલાકારો પણ 'ઓછી સંખ્યા' વિશે માર્મિક-વેધક કટાક્ષો કરી દેતા હતા.

'માસ્ટર ફૂલમણિ' મૂળ મરાઠી લેખક સતીષ આળેકરનાં 'બેગમ બર્વે' નાટકનો ગુજરાતી અનુવાદ છે. જેમાં 'ફૂલમણિ'નું પાત્ર ચિરાગ વોરાએ અફલાતુન રીતે ભજવ્યું છે. (ચિરાગ વોરા મૂળ ભાવનગરના છે) આ ક્ષણે મને યાદ આવે છે, આપણી જૂની રંગભૂમિના જયશંકર ભોજક ઉર્ફે જયશંકર 'સુંદરી' (પ્રસિદ્ધ નાટ્યકર્મી, ભવાઈકર્મી દિનકર ભોજકના પિતાશ્રી) કે જેમણે જૂની રંગભૂમિનાં નાટકોમાં સ્ત્રીપાત્ર એવું તો ઉત્તમ રીતે ભજવ્યું હતું કે તેમને 'સુંદરી' તરીકેનો ઈલકાબ મળ્યો, તેથી આજે આપણે સૌ એમને જયશંકર 'સુંદરી' તરીકે જ

ઓળખીએ છીએ. એટલું જ નહિ, આજે તો અમદાવાદનું એક નાટ્યગૃહ પણ 'જયશંકર સુંદરી' હોલ તરીકે પ્રસિદ્ધ છે. જયશંકર 'સુંદરી' વિશે તો મેં માત્ર વાતો કે પ્રસંગો સાંભળ્યા છે કે એમના વિશે વાંચ્યું છે. પરંતુ ! 'માસ્ટર ફૂલમણિ'માં ચિરાગ વોરાનો સ્ત્રીપાત્રનો આબેહુબ અભિનય, એમનું આંગિકમ્-વાચિકમ્ નિહાળીને અભિભૂત જ થઈ જવાયું.

'માસ્ટર ફૂલમણિ'માં મનોજ શાહે આપણી જૂની ગુજરાતી રંગભૂમિના નાટકમાં આવતાં, ખૂબ જ પ્રસિદ્ધ થયેલા અને આજે પણ જે ગીતોને ગુજરાતી પ્રજા હજુ સુધી ભૂલી નથી એવા લોકપ્રિય ગીતોની હારમાળાની શૃંખલા ગૂંથી છે. 'મીઠાં લાગ્યા તે મને આજના ઉજાગરા', 'ઝટ જાઓ ચંદનહાર લાવો', 'પહેલા પહેલા જુગમાં રાણી' - વગેરે જેવાં અસંખ્ય ગીતોની જીવંત રજૂઆત એ આ નાટકનું શ્રેષ્ઠ અને સશક્ત પાસું છે. આ નાટકમાં ચિરાગ વોરા, ડો. પરાગ ઝવેરી, ઉત્કર્ષ મજુમદાર અને ખુદ મનોજ શાહ પણ જૂની રંગભૂમિનાં નાટકો વખતે ઘણાં-ઘણાં ગીતોને 'વન્સમોર' પડતો (મળતો) એમ, 'માસ્ટર ફૂલમણિ'માં પણ કેટલાંય ગીતોને 'વન્સમોર' મળતા હતા સૌ કલાકારો દિલથી એ ગીતોની અભિવ્યક્તિ કરતાં હતાં. એમાંય ઉત્કર્ષ મઝુમદારનો ઘેરો-પહાડી અવાજ, શાસ્ત્રીય હલક સાથેની તેમની જીવંત ગાયકી નાટકના વાતાવરણને જોમવંતું બનાવતી હતી. હાર્મોનિયમ અને ઢોલક એવાં માત્ર બે જ વાદ્યોની સંગાથે આ ચારેય કલાકારો જે રીતે 'ઓન સ્ટેજસીંગીંગ પરર્ફોમન્સ' કરતા હતા - એ જોઈને આપણને એમ જ લાગે કે આ દરેક અભિનેતાઓ ઉત્તમ ગાયકો પણ છે. 'માસ્ટર ફૂલમણિ' એ આપણી આજની ગુજરાતી રંગભૂમિનું મહામૂલું ઘરેણું છે. રાજકોટમાં તેનું મંચન થવું હજુ બાકી છે. અહીં મેં આ નાટકની કથાવસ્તુનો ઉલ્લેખ એટલા માટે ટાળ્યો છે કે, જો નાટકનું જીવાતું તત્ત્વ કથાનો વર્ણન-આસ્વાદ કરી દઉં તો પછી નાટક માણવાનો આનંદ ખોવાઈ જાય અને આ નાટકનું રહસ્યતત્ત્વ એ ચિરાગ વોરાની સ્ત્રીપાત્રની ભજવણીમાં જ છુપાયેલું છે. તે નાટક સાક્ષાત જોઈએ તો જ અનુભવાય એવી વાત છે. આજે જ્યારે સાહિત્યિક નાટક કે એવા નાટકોની સ્થિતિ વ્યાવસાયિક અને છેલબટાઉ નાટકની વચ્ચે, અસ્તિત્વ ટકાવવાની હોડ જેવું વાતાવરણ છે ત્યારે 'માસ્ટર ફૂલમણિ' અને 'મરીઝ' એ માત્ર ઉત્તમ આશ્વાસન જ નહિ, પણ શ્રેષ્ઠ શ્રદ્ધા છે. તો, હે ભાવક ! 'માસ્ટર ફૂલમણિ' નાટક જોવા માટેનો સંકલ્પ કરો





અને એ સંકલ્પપૂર્તિ માટે પુરુષાર્થી બની જાગૃત રહો. આવતા, શુક્રવારે ફરી આપણે મનોજ શાહની અન્ય બે કૃતિઓ 'ગુજરાતની અસ્મિતા' અને 'મરીઝ'ની નાટ્યયાત્રા કરીશું. મહુવા નગરપાલિકાએ તાજેતરમાં આ બન્ને નાટકો ખાસ મુંબઈથી બોલાવીને પ્રજાજનો વચ્ચે મૂકેલાં. અને મહુવાની સમગ્ર પ્રજાએ પારેખ કોલેજનાં વિશાળ મેદાનમાં આ નાટકોને મનભરીને માણ્યાં. હું પણ આ બે નાટ્ય પ્રયોગો નિહાળવા માટે જ રાજકોટથી મહુવા ગયેલો અને મનોજ શાહની આંખોમાં અંજાયેલા આશ્ચર્યો મેં અનુભવ્યાં હતા.

**અંજલિ :**

**''સપનાની કદી હરીફાઈ ન હોય,**
**એ તો એકલાં ને અધૂરાં જ સારાં''**
**(-'માસ્ટર ફૂલમણિ' નાટકમાંથી)**

# ધુંધ પઈયાં તરકાલાં પઈયાં : ભારતીય લોક પરંપરાના ગીતોનો રસથાળ

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય અંતર્ગત છેલ્લાં ઘણાં ય વર્ષોથી કેન્દ્રીય હિન્દી નિદેશાલય-દિલ્હી દ્વારા સમગ્ર ભારતના જુદા જુદા રાજ્યોમાં જેમની માતૃભાષા હિન્દી નથી તેવા હિન્દીતર હિન્દી નવલેખકો માટે સાહિત્યિક શિબિરની પરંપરા અવિરત ચાલે છે અને આ ઉજ્જવળ પરંપરાના યશફળ આપણા ભારતીય સાહિત્યને મળતાં રહ્યાં છે. કેન્દ્રીય હિન્દી નિદેશાલય-દિલ્હી આવી નવોદિત સર્જકોના ઉત્સાહવર્ધન માટેની શિબિરો ઉપરાંત રાષ્ટ્રભાષા-હિન્દીના પ્રચાર-પ્રસાર અને સમર્થન માટે સતત કાર્યરત છે. સમગ્ર ભારતની ભાષાઓના, શબ્દકોષોના નિર્માણ પ્રકાશન માટેનું મહાભગીરથ કાર્ય પણ હિન્દી નિદેશાલય દ્વારા સતત થતું રહે છે. જેમાં પ્રત્યેક ભાષાની સામે તેનો હિન્દી પર્યાય શબ્દ મૂકીને તમામ ભારતીય ભાષાના શબ્દકોષનું હિન્દીભાષીકરણ પણ આજ પ્રચાર-પ્રસાર અને હિન્દી ભાષાના વિકાસ-સમર્થન માટેનું દ્યોતક છે.

હમણાં જ, થોડા દિવસો પૂર્વે ઉત્તર ગુજરાતના છેવાડાના ગામ શામળાજી ખાતે આર્ટસ કોલેજના સુંદર, નયનરમ્ય, પ્રાકૃતિક અને પર્વતીય વાતાવરણ પરિસરમાં આઠ દિવસ માટે હિન્દીતર હિન્દી નવલેખક શિબિરનું સફળ આયોજન થયું. સમગ્ર ભારતના અલગ-અલગ પ્રાંતના નવોદિત લેખકોએ આ શિબિરમાં પોતાનું હિન્દી સાહિત્ય સર્જન પ્રસ્તુત કર્યું અને અન્ય હિન્દી સાહિત્યિક સ્વરૂપોની વિશદ્ જાણકારી પણ મેળવી. શિબિરના તમામ દિવસોમાં રાત્રી બેઠકમાં જુદા જુદા પ્રાંતમાંથી આવેલા આ સૌ યુવા સર્જકોએ 'પોતપોતાની લોકબોલીઓ'માં લોક પરંપરાનાં ગીતોનો રસથાળ પીરસ્યો હતો. તો કેટલાક શિબિરાર્થીઓએ પોતાના પ્રદેશની લોકનૃત્યની ઝાંખી કરાવી હતી જેમાં આસામનું લોકનૃત્ય 'બીહૂ' એ સૌનું ધ્યાન ખેંચ્યું હતું.





શામળાજી આર્ટ્સ કોલેજ એટલે એકદમ-સાવ પછાત આદિવાસી પ્રજાનો વિસ્તાર, અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા અને વ્યસનોની જાળમાં ફસાયેલી આ પ્રજાના યુવાનો શિક્ષિત બને અને રચનાત્મક અભિગમ કેળવે તે હેતુથી, આજથી વીસ વર્ષ પહેલા ત્યાંના સાંસદ શ્રી કલજીભાઈ કટારાએ શામળાજી પ્રદેશ કેળવણી મંડળની સ્થાપના સાથે કોલેજનો પ્રારંભ કર્યો. આજે તો આ સંસ્થા પ્રત્યેક શિક્ષણ પ્રેમીઓએ મુલાકાત લેવા જેવી બેનમૂન અને આદર્શયુક્ત બની છે. કોલેજના યુવા આચાર્ય ડો. અજય પટેલ આજે પણ સખત પુરૂષાર્થી બનીને પોતાનું લોહી રેડીને આ શિક્ષણ-ઉદ્યાનનું સિંચન કરી રહ્યાં છે.

ગુજરાત સરકારની અનુદાનપાત્ર માત્ર વિનયન કોલેજ હોવા છતાં આ પરિસરમાં અદ્યતન શિક્ષણના નૂતન પ્રયોગો-પ્રયાસો થાય છે અને અબુધ-અજ્ઞાન નિરક્ષર એવી આદિવાસી પ્રજાની આજની અને આવનારી પેઢી માટે ખરેખર એક ઉમદા અને મંગલમય વિદ્યાકર્મ શામળાજીની આર્ટ્સ કોલેજમાં થઈ રહ્યું છે.

આ હિન્દીતર ભાષી હિન્દી નવલેખક શિબિરનું સમગ્ર સંયોજન આચાર્ય ડો. અજય પટેલ અને કેન્દ્રીય હિન્દી નિદેશાલય-દિલ્હીના શિબિર પ્રભારી શ્રીમતી કુલદીપજી કૌર 'દીપા' દ્વારા ઉત્તમોત્તમ રીતે ખરા અર્થમાં યથાર્થ નીવડ્યું હતું. એમાં ય આચાર્ય ડો. અજયજીની પ્રત્યેક શિબિરાર્થીઓ માટેની સ્નેહાળ કાળજી અને ઝીણી-ઝીણી ચિંતાઓથી શિબિરનું વાતાવરણ દિવ્યમય બન્યું હતું. શિબિર પ્રભારી શ્રીમતી કુલદીપજી કૌર 'દીપા' એ પણ પ્રત્યેક શિબિરાર્થીઓના જ્ઞાનમય પ્રશ્નોના સંતોષપ્રદ ઉત્તરો આપીને, આવતીકાલના ભારતના આ નવલેખકોની જિજ્ઞાસા સંતોષી હતી.

રાત્રી બેઠકોમાં ભારતના પ્રાંત-પ્રાંતમાંથી આવેલા શિબિરાર્થીઓએ પોતાની લોકબોલીના (લોકલ લેંગ્વેજ) લોકઢાળનાં ગીતો રજૂ કરીને વાતાવરણ સંગીતમય બનાવ્યું હતું.

ગઢવાલી ગીત, પંજાબી ગીત, બંગાળી ગીત એમ ભારતના ખૂણે-ખૂણે બોલાતી પ્રાદેશિક ભાષાઓના ગીતોની રમઝટ જામતી હતી. એવી જ એક રાત્રિ બેઠકમાં ખુદ શિબિર પ્રભારી કુલદીપજીએ પંજાબી લોકબોલીનું એક લોકઢાળીય લોકગીત સંભળાવીને સૌને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. (ત્યારે તો આ લખનાર પણ ઢોલક લઈને તાલનો સાથ પુરાવતો હતો) સમગ્ર પંજાબના ગામડે-ગામડે આજે

ય ગવાતું એ લોકગીત, ભલે ભાષા-બોલી અજાણી લાગશે પણ એનું લોકસંવેદન-ભાવતંત્ર સંવેદન આપણને પોતીકું જ લાગશે. એ પંજાબી લોકબોલીનું લોકગીત આમ છે. સાંભળો :

**ધુંધ પઈયાં તરકાલાં પઈયાં સારેપાં ને ઝુરમટ પાયા,**
**ઉઠ કુંડે તૂં બીબી મૈણા તેરા વીરા આયા,**
**આંદડે ચઢ મંઙો બૈઠા, લસ્સી ઢાંસી આયા**
**લસ્સી દે થૈં દૂધ પિલાવાં, પી મેરી અમ્મા જાયાં**
**સતાં સહેલિયાં પુછણ લગ્ગિયાં કી કુછ વીરા લૈ આયા !**
**ઝમ્ભા-ચુન્ની મૌલી મૈંદી, સિરદા ચૌંક લૈં આયા,**
**યૂન્ત ચઢ્યા સી માઘ ઢા, લાહદી વાલી રાત ઢા, શામ જે ધુંધ તકે મેં...**

ભાઈ-બહેનના અમરપ્રેમની વાતને વ્યક્ત કરતું આ પંજાબી લોકગીત આપણી ભારતીય કુટુંબ પરિવારનું પ્રતિક છે. એમાં ય 'લસ્સી'નો પંજાબી લોક સંદર્ભ પણ કેવો ડાહ્યો ડમરો થઈને બેસી ગયો છે. ભારતીય લોકબોલીના આવા તો કેટલાય લોકગીતોની રમઝટ આઠ-આઠ દિવસ માણીને મન તરબતર થઈ ગયું. અન્ય આસામી અને ગઢવાલી, બંગાળી ગીતોની વાત અહીં જ ફરી ક્યારેક આચમનીશું. ખરુંને ? શામળાજી કોલેજના તરવરાટ સભર-ખુમારભર્યા આચાર્ય ડૉ. અજય તો પ્રિયજન બની ગયા છે. તો શ્રી દિલીપભાઈ કલજીભાઈ કટારા પણ ક્યારેય ન વિસરાય એવા વહાલા બની ગયા છે. ખોબા જેવડી સાવ નાનકડી કોલેજ અને એનાં સંચાલકોને જય શામળાજી....!!

**અંજલિ :**
**ઓગળી જવા એક દૂજામાં, રાત ક્યારે આવશે ?**
**પ્યાસ બુઝાવા ઊર્જામાં, રાત ક્યારે આવશે ?**





# હવે હોંકારા વગરના અમે નકરા રાંક !

કેવી તો કાળની કારમી ક્રૂરતા ? હજુ ગયા શુક્રવારે જ 'ફૂલછાબ'ની જ 'ગુલમોર' (તા.૧૨-૦૫-૦૬) પૂર્તિની મારી 'આચમન' કોલમનાં પાના પર કવિશ્રી રમેશ પારેખના પ્રસિદ્ધ ગીત 'આ, મન સ્વરપંચમના મેળામાં...'નો સાંગીતિક આસ્વાદ કરાવેલો. તેના ચાર દિવસ બાદ આજે 'ફૂલછાબ'નાં મિત્ર કૌશિક મહેતાનો આઘાતજનક સમાચાર આપતો ફોન આવ્યો ને કાળમીંઢ સમાચાર આવ્યા કે 'ર.પા. ગયા.'ને કાળની આ કારમી ક્રૂરતા સામે બધું કાળું કાળું ભાસવા લાગ્યું.

ર.પા. નામનું, અમારું અધધધ શબ્દઐશ્વર્ય જીવતર પા....ર.... કરીને મોટા ગામતરે હાલી નીકળ્યું ! હવે કવિતાની ડેલિયું સાવ સૂની-સૂની. કાવ્યસંગીત-સુગમસંગીતનાં સ્વરકારો-ગાયકોનો માનીતો-લાડલો શબ્દકારશૂન્યમાં સરકી ગયો. ખરેખર ગવાતી ગુજરાતી કવિતાનો એક બુલંદ અવાજ એંટલે રમેશ પારેખ. આ છ અક્ષરિયા નામના કવિના શબ્દમાં, એના ગીતો-ગઝલોમાં સ્વરોની મોંઘી મિરાત છે. સુગમ સંગીતનો કોઈપણ એવો સ્વરકાર કે ગાયક નહિ હોય જેણે ર.પા.ને ન ગાયા હોય. આજે એજ ગુજરાતી ગીત કવિતાનો એક આખ્ખે આખ્ખો મીઠો દરિયો જાણે કે સાવ-અચાનક જ સુકાઈ ગયો. હે, ર.પા. અમે તો હજુ માંડ તમારા ગીતો ગણગણતા શીખ્યાં હતાં. અમારે તો હજુ તમારી પાસેથી ગીતોના કેટલાય મબલખ દરિયા પીવા હતા પણ તમે તો 'હું તો ખોબો માંગુને દઈ દે દરિયો !'ને બદલે અમારો તો ખોબોય લૂંટી લીધો ! આવું કરવાનું ? હવે હલકતા કંઠે ગાવા માટેના મજાના ગીતો કોણ આપશે ? હે, કવિ તમે જતાં હવે સૂર અને શબ્દ માટેના ભરચક પ્રશ્નોનો મેળો અમારી છાતીમાં ભરાયો છે !

તમે આમ હડી કાઢીને હરિને મળવા હાલ્યા જવાની 'અંચઈ' કરીને અમારા જીવતરને ભેંકાર કરી દીધું છે. આ ક્ષણની વિરહિણી કલમે શું લખું ? શું યાદ

કરું ? કેટલું યાદ કરું ?

(સ્વ.) રમેશ પારેખનાં ગવાતાં ગીતોની અહીં જો માત્ર સૂચિ આપવા બેસું તો જગ્યા ઓછી પડશે. પણ કવિની આવી અણધારી વસમી વિદાય ટાણે મને યાદ આવે છે એનાં ચાર હરિગીતોનાં સર્જનની ક્ષણ. કવિના ખૂબ જ પ્રસિદ્ધ અને સતત ગવાતાં આ ચાર હરિગીતો મુસાફરી દરમિયાન બસમાં અવતરેલાં હરિગીતો છે.

તા.૨૫-૮-૮૨ અમદાવાદથી અમરેલી જતાં બસમાં લખાયેલું હરિગીત એટલે 'મારા સપનામાં આવ્યા હરિ, મને બોલાવી ઝુલાવી વહાલી કરી...'

તો તા.૨૨-૯-૮૨ અમદાવાદથી વડોદરા જતાં બસમાં લખાયેલું હરિગીત સાંભળો : 'મારા ફળિયામાં આવ્યા હરિ, મને અણથક આંખોથી દેખતી કરી...' તો એ જ શબ્દલયની લીલામાં તા.૨૪-૯-૮૨ના રોજ અમદાવાદથી કવિ પોતાને ગામ અમરેલી જતા હતા ત્યારે બસમાં જ લખાયેલું આ હરિગીત 'મારા ઓરડામાં આવ્યા હરિ, મને આંખોથી ચાખીને એંઠી કરી...'

અને ચોથું હરિગીત લખાય છે તા.૨૬-૯-૮૨ના રોજ કવિ અમરેલીથી અમદાવાદ જતાં હતાં ત્યારે 'મારા રુદિયામાં આવ્યા હરિ, મારી સુરતામાં કૂણી કૂણી પીંછી ફરી...'

આ ચારેય હરિગીતો આજે કાવ્યસંગીતની બેઠકોમાં ખૂબ જ ગવાતાં હરિગીતો છે. એમાંય સ્વરકાર ગાયક શ્રી સુરેશ જોશીએ આ હરિગીતોને જે સ્વરદેહ આપ્યો છે એ અલૌકિક છે. કવિએ જે ભાવથી આ હરિગીતો લખ્યાં એ જ ભાવથી સ્વરકાર સુરેશ જોશીએ એને સ્વરાંકિત કરીને ગાયા છે.

ગુર્જરીગિરાનો આવો એક બુલંદ અવાજ આમ અચાનક આકાશ થઈ ગયો છે ત્યારે રડતી કલમે અને રડતાં કંઠે આપણે સૌએ ગાવું પડશે :

**આંધણ મેલ્યાં'તાં કરવા કંસાર એમાં ઓરી દીધો મેં સંસાર**
**હરિ બોલ્યા : 'અરે બ્હાવરી.....!'**

હે, મીરાંમય બની ગયેલા ર.પા. તમે જતાં અમારો સંસાર નંદવાઈ ગયો છે. તમને તો હરિએ હોંકારો દીધો પણ અમે અહીં થઈ ગયા બ્હાવરા બ્હાવરા. નોંધારા નોંધારા.

દંડવત્ : **આજ તમે ખુદ ઊભા તસવીરમાં, શું બોલીએ ?**
**શબ્દની બેડી પડી છે જીભમાં, શું બોલીએ ?**





# કોણ કહે છે સૌરાષ્ટ્રમાં સુગમસંગીત નથી !

'આચમન'ની આ કોલમમાં મોટે ભાગે આપણે ગુજરાતી કાવ્યસંગીત એટલે કે સુગમ સંગીતની જ વાતો-ચર્ચાઓ-સંવાદ કરીએ છીએ અને વાચક ભાવક દ્વારા આ લખનારને નિત્ય સલાહ-સૂચનો, રાજીપો, ક્યારેક અણગમો વ્યક્ત થતો રહે છે. અમદાવાદ, વડોદરા, સૂરત અને મુંબઈમાં વસતા સર્જકો-ભાવકો હંમેશા એવું જ માને છે કે સૌરાષ્ટ્રમાં સુગમસંગીતનો વર્ગ જ નથી ! પણ હવે એવું નથી સરકારીકરણીય કાર્યક્રમોની વાત બાજુ પર મૂકીને સૌરાષ્ટ્રના જુદા-જુદા શહેરોમાં થતાં સુગમસંગીતીય કાર્યક્રમો અને એ પણ સૌરાષ્ટ્રના જ કલાકારો દ્વારા થતા હોય છે, એમાં ખૂબ જ સફળતમ કાર્યક્રમો પ્રસ્તુત થતા જ રહે છે. જૂનાગઢ, અમરેલી, જામનગર, પોરબંદર, ભાવનગર અને રાજકોટમાં પણ હવે તો સુગમ-સંગીતના ભાવસભર-સંવેદનશીલ અને અદ્‌ભુત કાર્યક્રમો અવારનવાર યોજાય છે અને આ કાર્યક્રમોમાં ભાવકો પણ ભાવપૂર્વક હિસ્સેદાર બને છે.

રાજકોટમાં હમણાં જ, હેમુ ગઢવી હોલના વિશાળ રંગમંચ પર આવો જ એક યાદગાર, અદ્‌ભુત અને અત્યંત સફળ એવો સુગમ સંગીતનો એક કાર્યક્રમ માણવા મળ્યો અને સૌથી મજાની - મહત્ત્વની - ખાસ વાત તો એ હતી કે આ કાર્યક્રમમાં મોટાભાગની રચનાઓ, અ-પરિચિત અને અ-પ્રચલિત સ્વરાંકનો પ્રસ્તુત થયાં હોવા છતાં એક પણ શ્રોતાભાવક સહેજેય કંટાળ્યો ન હતો, એટલું જ નહિં પણ કાર્યક્રમ પૂર્વે કોઈપણ ભાષણબાજી કે બીજી-ત્રીજી ફોર્માલીટીઝ વગર અને મધ્યાંતર-વિરામ-(ઈન્ટરવલ) વગર સળંગ અઢી કલાક સુધી માત્ર અને માત્ર ગુજરાતી કવિતાની સ્વરમય-સંગીતમય પ્રસ્તુતિએ સૌને સ્વરસંમોહિત કરી દીધાં હતાં. રાજકોટની જૂની પેઢીના સ્વરકાર-સંગીતકાર અને આકાશવાણીના માધ્યમથી હજ્જારો શ્રોતા-ભાવકો-ગાયકોના હૃદયમાં વસેલા સમર્થ સંગીતજ્ઞ (સ્વ.) ઉપેન્દ્ર ત્રિવેદી (ઉપેનમામા)ની સૂર-

શબ્દમય સ્મૃતિમાં એમના જ સ્વરવારસ પુત્ર-શિષ્ય ભાઈ બ્રિજેન ત્રિવેદી દ્વારા સૂર-આકાશે ગુંજે સદા... 'સૂર-ઉપેન્દ્ર' નામક સંગીત-સ્નેહાંજલિનો એક અદ્ભુત કાર્યક્રમ પ્રસ્તુત થયો. આખ્ખું ઓડીટોરિયમ ગુજરાતી કવિતા-સુગમ સંગીતના ભાવકોથી ભરચકક હતું. અને નિમંત્રણ પત્રમાં લખ્યા મુજબ જ સમયસર કાર્યક્રમ પ્રારંભાયો હતો. આજની પેઢીના ઊગતા ગાયકોને તો ભાગ્યે જ આ સ્વરકાર-સંગીતકારનો પરિચય હશે ! પણ ગુજરાતી સુગમ સંગીત અને હવેલી સંગીત તથા લોકસંગીતના વિકાસ માટે ઉપેન્દ્ર ત્રિવેદીએ પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું હતું. અરે, ફિલ્મી દુનિયાની લોભામણી-લલચામણી ઓફરો પણ આ સંગીતકારે પ્રેમપૂર્વક અસ્વીકાર્ય કરી હતી અને જીવનના અંતિમ શ્વાસ સુધી એમણે ગુજરાતી સુગમ સંગીતની જ ચિંતા સેવી હતી. જાણીતા ગાયિકા પુષ્પા છાયા અને સ્વરકાર ઉપેન્દ્ર ત્રિવેદીનું સ્વરદામ્પત્ય અજોડ અને અનુપમ હતું. તો સંગીતજ્ઞ પિતાના પગલે-પગલે નહિ પણ સ્વરે-સ્વરે બ્રિજેન ત્રિવેદીએ આ સ્વરયાત્રા, ભલે ધીમે ધીમે પણ આગળ વધારી છે એનો સંપૂર્ણ અહેસાસ 'સૂર-ઉપેન્દ્ર' કાર્યક્રમમાં થયો.

મુંબઈ, કલકત્તા, ચેન્નાઈ કે વિદેશોમાં યોજાતા મોટા મોટા ટિકીટ શોના કાર્યક્રમની લગોલગ પહોંચે એવો આ કાર્યક્રમ હતો. 'સૂર ઉપેન્દ્ર' કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યની ઉત્તમ એવી પંદર જેવી રચનાઓ વ્યક્તિગત, યુગલ અને સમૂહસ્વરોમાં રજૂ થઈ હતી. ઉપેન મામાની વિદાય પછી પણ પુષ્પાબેન, બ્રિજેન અને નેહાની સુગમ સંગીતની સાધના અવિરત સાતત્યપૂર્ણ રીતે ચાલતી જ રહી છે. આયુષ્યની સંધ્યાએ પહોંચેલા પુષ્પા છાયાનો સ્વર હજુ આજે પણ એટલો જ સુ-મધુર અને 'સૂર-ઉપેન્દ્ર'ના પ્રારંભે જ પુષ્પા છાયાએ, કવિ ભાસ્કર વ્હોરાની વીસરાઈ ગયેલી 'જા જા રે નીંદરા' પ્રસ્તુત કરીને સૌને ન્યાલ કરી દીધાં હતાં. પછી તો એક પછી એક ગીતોની એવી તો અદ્ભુત સ્વરઝરમર વરસતી રહી કે એ અનુભૂતિને શબ્દસ્થ કરવા માટે શબ્દોય ઓછા પડે. સૌ કોઈ ભાવકો સ્વર દ્વારા દિવ્ય અનુભૂતિ કરતાં હતાં. તો કવિ ભાસ્કર વોરાની જ એક રચના, સુગમ સંગીતના સૌથી સિનીયરમોસ્ટ કલાકાર વિનુ વ્યાસે 'મને ચેન પડે ના ઘડી' એવી તો જબરદસ્ત સ્વરાનુભૂતિ સાથે પ્રસ્તુત કરી કે શ્રોતા-ભાવકોએ 'વન્સમોર'ના નાદથી વાતાવરણ ભરી દીધું. એટલે જ મને કહેવાનું મન થયું કે 'કોણ કહે છે સૌરાષ્ટ્રમાં સુગમ સંગીત નથી, ભાવક નથી, શ્રોતાઓ નથી, સ્વરકાર-ગાયકો નથી !' 'સૂર-ઉપેન્દ્ર' કાર્યક્રમ જે લોકોએ માણ્યો તે સૌના હૈયામાં જબરો સ્વરસંતોષ હતો. બ્રિજેનની આ સુ-મધુરી સુરમંડળીએ સૌના હૃદય જીતી લીધાં. પુષ્પા છાયા,





નેહા ત્રિવેદી, દિવાકર વ્હોરા, કામાક્ષી છાયા, ભદ્રાયુ ધોળકીયા ઉપરાંત સમૂહગીતોના શાનદાર-જાનદાર સ્વરસંગાથીઓ તરીકે હાસ્યરેખા જોશી, ઉમા દેસાઈ, નીતા વસાવડા, પ્રાપ્તિ બૂચ, અભીપ્સા જાની, ડો. અમી મહેતા, રચના ત્રિવેદી, ડો. જયદેવ ગોંડલિયા, ડો. ભાવેશ જોશી, દિવ્યેશ જોશી, ડો. વિજય મહેતા, ભાવેશ ઓઝા, ડો. અશોક દેસાઈ, મધુસુદન ભટ્ટ આ સૌએ સમર્થ સ્વરસંગાથ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં સંગીતની પ્રસ્તુતિ, વાદ્યો પ્રસ્તુતિ માટેની સમજણ અને સમતોલન એટલું સરસ હતું કે આપણે કોઈ 'રેકોર્ડેડ પ્રોગ્રામ' માણી રહ્યા હોય એ પ્રકારનું મ્યુઝીક એરેન્જમેન્ટ-બેલેન્સ હતું. કી-બોર્ડ પર અલ્તાફ લાડકા, ઢોલક-ઢોલ પર કિરીટ નિમ્બાર્ક, કી-બોર્ડ (સેકન્ડ) હસમુખ નિમાવત, તબલા પર કેયુર પોટા, ઓકટો પેડ પર ફિરોઝ શેખ, પખવાજ પર નીરજ ધોળકિયા અને હાઈટનેશ ઓફ મ્યુઝિક વાયોલિન પર સુ-પ્રસિદ્ધ વાયોલીન વાદક હપ્પુખાન વગેરેએ સમગ્ર કાર્યક્રમને સ્વર હિમાલયના શિખર પર પહોંચાડ્યો હતો.

'સૂર-ઉપેન્દ્ર' આ સમગ્ર સ્વર સંગીત સ્નેહાંજલિ કાર્યક્રમનું મોરપીંછ તત્ત્વ એટલે સમગ્ર કાર્યક્રમના સંચાલક-સૂત્રધાર ડો. જયપ્રકાશ ભટ્ટનું સંકલન કાબિલ-એ દાદ હતું. સૌરાષ્ટ્રના સૌ લોકો જેને એક સફળ ડોક્ટર તરીકે જ ઓળખે છે એ ડો. જયપ્રકાશજીએ તો કમાલ કરી હતી. કોઈપણ જાતના દંભ-કૃત્રિમતા વગર એકદમ સહજ-નિખાલસતા પૂર્વક એમણે દરેક ગીતની વચ્ચે વચ્ચે ટૂંકમાં પણ ખૂબ સંદર્ભો સાથે અને કેટલીય કવિતાઓની પંક્તિઓના સંદર્ભ દ્વારા સમગ્ર કાર્યક્રમની એક અત્યંત મહત્ત્વની સીમાચિહ્નરૂપ કડી સાબિત થયા હતા. કોઈપણ જાતની 'સ્ક્રિપ્ટ' વગર જ ડો. જયપ્રકાશજી, હૃદયપૂર્વક આ 'સૂર-ઉપેન્દ્ર'ની યાત્રાના શ્રેષ્ઠ સારથી બન્યા હતા. ડો. જયપ્રકાશને હું એક ઉત્તમ-અચ્છા કલા ભાવક તરીકે તો ઓળખતો જ હતો પણ એ આટલા ઉત્તમ સંચાલક છે એની આ કાર્યક્રમમાં જ ખબર પડી. કોઈપણ 'પ્રોફેશ્નલ કોમ્પીયર'ને પણ પાછા રાખી દે એવું ઉત્તમ સંચાલન અને ઉદ્‌ઘોષક તરીકે 'બેઈઝના અવાજ'થી એમનું સૂત્રધારપણું આખાય કાર્યક્રમનો પ્રાણવાયુ બની ગયું હતું. હજુ બીજા બે-ત્રણ આચમનીય લેખો લખું એવો સભર-સભર આ કાર્યક્રમ માણવાનો દિવ્ય આનંદ આવ્યો. હજુ વધારે વાતો ફરી અહીં જ, હવે પછી.

**અંજલિ :**

**શબદ સૂરનું શ્રવણ બને ઘટ ઘટ સૂર ઈન્દ્ર**
**સૂર-આકાશે ગુંજે સદા... કેવું પલ પલ 'સૂર-ઉપેન્દ્ર'**

## તેજ તેજ અંબાર કે ઝગમગ દીવડાનો દરબાર.....

સમગ્ર વાતાવરણમાં આજકાલ દિવાળીના પર્વનો ઉલ્લાસ ઉમંગ અનુભવાય છે. કેટલાક લોકો તો, દિવાળીને હજુ તો અઠવાડિયાની વાર છે તોય ફટાકડાઓ ફોડીને આ પર્વનું આગોતરું સ્વાગત કરી રહ્યાં છે. તો ક્યાંક-ક્યાંક આંગણાઓમાં રંગોળીના રંગો પણ રંગત રેલી રહ્યા છે. દિપોત્સવીનું આપણું આ શુભ માંગલ્યમય ભારતીય પર્વ આપણી આગવી ઓળખ છે. પ્રેમ, સદ્‌ભાવના, એકમેકનો રાજીપો, પ્રસન્નતા આ બધું એક નાનકડા દીવાનો દિવ્ય સંદેશ છે. આપણી ભારતીય ભિન્ન-ભિન્ન કળાઓમાં તો આપણા તમામે તમામ ઉત્સવો, મેળાઓ, વ્રતો વગેરે માટેના પ્રાસંગિક સર્જનો પણ મળે જ છે. ગુજરાતી કાવ્ય અને ગુજરાતી સંગીતમાં પણ આવી વિશેષ પ્રાસંગિક કૃતિઓ જે તે અવસરની ક્ષણે સાંભરણમાં આવ્યા વગર રહેતી નથી.

ઘણાંય વર્ષો પહેલા આકાશવાણી રાજકોટ દ્વારા આપણા વિવિધ પર્વો નિમિત્તે વિશેષ સંગીત કાર્યક્રમો ધ્વનિમુદ્રિત (રેકોર્ડિંગ) થતા અને સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતના શ્રોતાઓ આવા વિશેષ પ્રાસંગિક-અવસરિક ગીતોને માણતાય ખરાં ! 'અબ વો દિન કહાં... !' આવનારા આ મહામૂલા દિવાળી પર્વના દિવ્યમય ઉજાસ અવસરે મારા ચિત્તમાં આજે એક ગીત ગૂંજી રહ્યું છે. કવિ વેણીભાઈ પુરોહિતનું આ ઓછું જાણીતું ગીત છે. દીપાવલીના શુભ અવસર માટે જ આકાશવાણીએ સમુહસ્વરમાં આ ગીત ધ્વનિમુદ્રિત કરેલું. જે ગીતમાં એ સમયે, આ 'આચમન' લખનાર 'ગાનાર' હતો. જાણીતા સ્વરકાર સંગીતજ્ઞ શ્રી ચંદુભાઈ રાઠોડ દ્વારા આ ગીતનું બારીક સ્વરકાર્ય થયું છે. ચંદુભાઈ રાઠોડ હવે આજે તો આપણી વચ્ચે હયાત નથી પણ એમણે ગાયેલા ભક્તિ-સુગમગીતો અને એના અન્ય ગાયકોએ ગાયેલા સ્વરાંકનોનો વારસો જાળવી લેવા જેવો છે. પણ એ કરે કોણ ? 'સ્વામીનારાયણ





ઘરાના'ના ગાયક તરીકે સુપ્રસિદ્ધ આ ગાયક-સ્વરકાર લો-પ્રોફાઈલ કલાકાર હતા. નિવૃત્તિ પછીનું સમગ્ર જીવન એમણે સહજાનંદ સ્વામીની જ આરાધના-ભક્તિમાં જ લીન કરી દીધું હતું અને સ્વામીનારાયણ સંપ્રદાયની કીર્તન-પદ-ભજન આરાધના માટે ચંદુભાઈ રાઠોડે છેલ્લા શ્વાસપર્યંત સ્વર પુરુષાર્થ કર્યો હતો. એમનો એ દિવ્યસૂર આજેય મારા હૃદયમાં ગૂંજે છે. આજની પેઢીના ઉદિત ગાયકો-સંગીતકારોએ ચંદુભાઈ રાઠોડની સ્વરસાધનામાં ડૂબવા જેવું છે.

ગુજરાતના ગીતકવિ વેણીભાઈ પુરોહિતની આ દીપોત્સવી ગીતરચના માણવા જેવી છે. કાવ્યનો શબ્દ અને સંગીતનો સ્વર અને બન્નેનો શુભ સમન્વય આ ગીતને વધુ આસ્વાદીય બનાવે છે. ચંદુલાલ રાઠોડનું સ્વરાંકન જ એટલું સમૃદ્ધ છે કે આપણે પુનઃ પુનઃ ગાવા માટે પ્રેરાઈએ એવી ભાવ અભિવ્યક્તિનું સ્વરાંકન છે. ગીતના શબ્દોના ભાવ મુજબની સ્વર ગૂંથણીને માણવાની મોજ કંઈક ઓર જ છે ! આજે 'આચમન'ના આંગણે આવો, આપણે સૌ વેણીભાઈ પુરોહિત અને ચંદુભાઈ રાઠોડની આંગળી પકડીને અને શબ્દ-સ્વરના રંગોની ચપટી ભરીને એક આગવી અલૌકિક રંગોળી રચીએ. પ્રત્યેક પળ આપણી ઉજાસમય હો અને સમગ્ર માનવ-જીવસૃષ્ટિનું શુભ કલ્યાણ હો એવી દિવ્ય મનોભાવના અને હૃદયકામના સાથે આ ગીતનું ભાવસંવેદન ઝીલવું છે. ઈશ્વરની અલૌકિક ચેતનાનો ચમકાર આપણે સૌ આત્મસાત કરીએ અને માત્ર પ્રાસંગિક કે જે તે અવસર આવે ત્યારે જ નહિ પણ આપણે તો રોજે રોજ દિવાળી હોય એવું જીવન કેમ ન જીવીએ ? ઉછીનો અજવાસ નહિ આપણો પોતાનો ઉરનો અજવાસ કાયમી સ્થિરત્વ પામે તો ભયો ભયો ! લ્યો, ત્યારે દિવાળીના દિવ્ય દીવડાઓની સાક્ષીએ આપણે સૌ ગાઈએ :

**નભમાં નવલખ તારલીયાને તેજ તેજ અંબાર,**
**કે ઝગમગ દીવડાનો દરબાર**
**દીવડા લઈને રાતડી કાંઈ રમવા આવી બહાર**
**કે ઝગમગ દિવડાનો દરબાર**
**ઊંચે આભ ગહનને અદ્‌ભુત વ્યાપક વિશ્વ વિરાટ**
**નીચે ધરતી પર નયનોનાં દીપકનો મલકાટ**
**અનોખી જ્યોતિર્મય વણઝાર,**
**કે ઝગમગ દીવડાનો દરબાર.....**
**જમુનાજીમાં જલ દીવડા કંઈ ઝબકંતા લહેરાય,**
**હસતાં-રમતાં તેજ ફુવારા ટમકંતા હરખાય**
**મનોરમ શોભાને શણગાર**
**કે ઝગમગ દીવડાનો દરબાર...**
**ગોખે ગોખે ઘર ઘરમાં, ને મંદિરમાં મલકંત**
**પ્રાણ પ્રાણમાં સ્વયં પ્રકાશિત પ્રકાશના ભગવંત**
**અલૌકિક ચેતનનાં ચમકાર,**
**કે ઝગમગ દીવડાનો દરબાર**

વીતી ગયેલું વિક્રમ સંવત ૨૦૬૩નું આ વર્ષ અને એની શુભ દિપાવલીના ઉજાસે આપણે સૌ આવનારું ૨૦૬૪નું ભારતીય વર્ષ પણ ઉજાસમય બને એવું શબ્દીલું-સૂરીલું પ્રાર્થીએ...

**અંજલિ :**
**તમે આવો તો જ હૈયું હરખાય, પરખાય ને છલકાય**
**તમસ હરે તેજ પ્રગટવા જેવો આપણો સંબંધ !**
**ધરતી-આકાશ તો મળે છે રાતે રોજ ચુપચાપ ન પરવા કોઈની**
**હોય હૈયે હામ તો આમ છાની ગૂફતગુ કરવા જેવો આપણો સંબંધ !**





## તો ઉપવનમાં પણ કરુણા વ્યાપે,
## જો ખુલે જખમ દિલના.....

આજથી બરોબર વીસ વરસ પહેલાંની-૧૯૮૭ની આ વાત છે. હું ગુજરાતી સાહિત્ય સાથે એમ.એ. અનુસ્નાતકનો અભ્યાસ કરતો હતો. છેક બાળપણથી જ (ધો. ૭થી) ગીત-સંગીતની જબરી લગન-ધૂન માદરે વતન ઉપલેટામાં નાનપણથી જ શ્રીરામ ધૂન મંડળની ધૂનોમાં તથા શ્રી ભુપતભાઈ ચાંગેલા અને શ્રી ગિરિશભાઈ (ગીતા લોજવાળા)ના સરગમ ઓરકેસ્ટ્રામાં હું ગીતો ગાતો, ઉપલેટાના સાતમ આઠમના લોકમેળામાંય ગીતો ગાતો અને રેકોર્ડિંગ ડાન્સ કરતો. એ સમયે દિલીપકુમારનું 'સગીના' ફિલ્મ ખૂબ ઊપડ્યું હતું. એ ફિલ્મનો 'સાલા, મૈં તો સાહબ બન ગયા' એ ગીત ઉપર હું ડાન્સ કરતો (ફિલ્મ જોયા વગર જ, કેમકે ફિલ્મ જોવાના પૈસા હોવા જોઈએ ને ?!?) માદરે વતન ઉપલેટા છોડીને રાજકોટ વસવાટ થયો. રાજકોટમાં અભ્યાસની સાથે સાથે જ, પાર્ટટાઈમ ખાનગી નોકરી કરું અને ગીત-સંગીતના શોખને કારણે રઝળપાટ પણ કરું. હું આગળ નહિં જ ભણું એવી પાક્કી ખાત્રી સાથે બાપુજી અને મોટાભાઈ મને અલગ-અલગ ખાનગી નોકરીઓમાં કામે લગાડે ! અરે, ભક્તિનગર પોસ્ટ ઓફિસમાં ટપાલી તરીકે ય મને લગાડ્યો'તો પણ બંદાએ એ કામ થોડો સમય કરીને છોડી દીધું (ટપાલીની નોકરી કેમ છૂટી ? એનો નિબંધ લખાય એવી ઘટના છે.)

અભ્યાસની સાથે સાથે ગીત-સંગીતની, સાહિત્યની મારી યાત્રા ડગુમગુ ડગુમગુ ચાલતી હતી. ૧૯૮૭માં મુંબઈ ખાતે ભારતીય વિદ્યાભવન દ્વારા ગુજરાતી સુગમ સંગીતનું સ્વરકાર સંમેલન હતું. મને જવાનું ખૂબ જ મન ! પણ ગીત-સંગીત-સાહિત્ય વગેરે માટેના પૈસા બાપુજી કે મોટાભાઈ આપે નહિ ! (જો કે એ સમયે આર્થિક સ્થિતિ પણ બહુ સારી નહિ) થોડી ઘણી બચત અને મિત્રો પાસેથી

ઉછી-ઉધારાં કરીને મુંબઈ સ્વરકાર સંમેલનમાં જવું જ એવો મનસૂબો કર્યો અને બંદા (હું) પ્હોંચ્યા મુંબઈ ! ખાસ સુગમ સંગીતની ગુજરાતી કવિતાઓ સાંભળવા માટે જ ! એ સ્વરકાર સંમેલનની ઓડિયો કેસેટ પણ ભારતીય વિદ્યાભવને, કાર્યક્રમ પછી બહાર પાડેલી. પણ એ વખતે માંડ-માંડ મુંબઈ જઈને કાર્યક્રમ માણેલો, કેસેટ વસાવવાની તીવ્ર ઈચ્છા, પણ પૈસા ન્હોતા ! તો એ પછી તો કેટલાંય વર્ષો બાદ મેં એ ઓડિયો કેસેટનો સેટ ખરીદ કર્યો ! આજે મારા સ્વરાંકન સંગ્રહાલયમાં જ્યારે જ્યારે એ કેસેટ જોઉં છું કે સાંભળું છું ત્યારે આખ્ખો અતીત સળવળી ઊઠે છે.

રાજકોટ આવ્યા પછી ગાયક-સ્વરકાર (મૂળ ઉનાના, હાલ મુંબઈ) સુરેશ જોશીનો ભેટો થયો. એ પાક્કો ભેરુ થઈ ગ્યો ! એણે મને ગુજરાતી કાવ્ય સંગીત (સુગમ સંગીત) તરફ વાળ્યો ! નહિં તો મને તો પહેલેથી ફિલ્મ સંગીત-જૂના ફિલ્મ ગીતો પ્રત્યે જ અભિરુચિ હતી. આજે પણ છે જ. જૂના ફિલ્મ ગીતોની પ્રસ્તુતિ - રફી સાહેબના ગીતોનાં ગાયક તરીકે જ મારી સંગીતયાત્રા ચાલતી હતી. સુરેશ આવવાથી હું સુગમ સંગીતની દિશામાં એવો વિકસિત થયો કે આજે મારાં ગીતોના સંગ્રહાલયમાં વધારેને વધારે ગુજરાતીકાવ્યસંગીતની રચનાઓ છે. અન્ય ગીતો-અન્ય સ્વરૂપોની તુલનામા. ગુજરાતી કવિતા તરફની અભિરુચિ એટલી તો દૃઢ થતી ગઈ કે મને ‘ગવાતી ગુજરાતી કવિતા’માં જ સતત સંશોધન કાર્ય કરી અને જૂનાં-નવાં સ્વરાંકનો, અપ્રાપ્ય-અપૂર્વ સ્વરાંકનો મેળવવા અને સુગમ સંગીત પ્રત્યે લોકોને જાગૃત કરવા, ઉત્તમ કાવ્યનું ઉત્તમ સ્વરાંકન લોકો સુધી પહોંચે એ માટે સતત મથામણ આ ક્ષણે પણ હું કરતો જ રહું છું. આજે ‘આચમન’ના ભાવકો માટે આજથી વીસ વરસ પૂર્વેના મુંબઈ ખાતેનાં સ્વરકાર સંમેલનમાંથી મળેલું એક અદ્‌ભુત સ્વરાંકન પ્રસ્તુત કરવાની નેમ છે. મારા સ્વરાંકનોના સંચયમાંથી, ઓડિયો કેસેટમાંથી એ ગીત-સ્વરાંકન અચાનક જ આજ ઊછળીને તમારી પાસે આવે છે. કવિ અમર પાલનપુરીની ઓછી જાણીતી આ ગીતરચના છે. એના સ્વરકાર છે ગૌરાંગ વ્યાસ. સુગમ સંગીતના ભાવકો-ચાહકોનેય માટે કદાચ આ સ્વરાંકન દુર્લભ હશે ! ગુજરાતી ફિલ્મોના ગીત-સંગીતમાં વિશેષ વ્યસ્ત આ સ્વરકારનું આ સ્વરાંકન ભાગ્યે જ (હવે તો લગભગ ક્યાંય નહિ !) સુગમ સંગીતના કાર્યક્રમોમાં સાંભળવા મળે છે.

ભારતીય વિદ્યાભવન - મુંબઈના સ્વરકાર સંમેલનમાં આ ગીત - સ્વરાંકન નૈનેશ જાનીએ પ્રસ્તુત કર્યું હતું. નૈનેશ જાનીની પ્રસ્તુતિ એટલી બધી તો અસરકારક





- હૃદયસ્પર્શી હતી કે શ્રોતાઓ આ સ્વરાંકનની દર્દિલતામાં ડૂબી ગયાં હતાં. એમાંય વાંસળીના ફીલર મ્યુઝિકના સ્વરોથી તો આખ્ખું વાતાવરણ કરુણગર્ભ થઈ જતું હતું. ગાયક નૈનેશ જાની આજે તો ખુદ સફળ સ્વરકાર તરીકે જાણીતા છે. એ સમયે ગૌરાંગભાઈનું આ સ્વરાંકન, પોતાનાં દર્દસભર અવાજમાં અને કવિતાના શબ્દભાવને આત્મસાત કરીને શ્રેષ્ઠ રીતે પ્રસ્તુત કરીને સમગ્ર શ્રોતાઓની દાદ મેળવી હતી. તો આવો હે, શ્રોતાજનો - ભાવકો આજે તમને પણ એ ભાગ્યે જ સાંભળવા મળતું ગૌરાંગ વ્યાસનું, અમર પાલનપુરીએ લખેલું અને હૃદયના અતલ ઊંડાણથી ગાયક નૈનેશ જાનીએ હૃદયની ઉર્મિઓથી પ્રસ્તુત કરેલું ગીત સંભળાવવું છે. સાંભળો, દિલ દઈને...

**આંખોમાં છલકતો કેફ હશે, હાથોમાં ભરેલા જામ હશે,**
**બોલાવ્યા તમે ના બોલીશું, પણ હોઠે તમારું નામ હશે.**
**નૌકા જો અમારી ડૂબી તો, અંજામ બૂરો થાશે એનો,**
**તોફાન ઊમટશે કિનારે મઝધાર બધે સૂમસામ હસે.**
**ઉપવનમાં કરુણા વ્યાપી ગઈ, ખોલ્યાં મેં જ્યારે જખમ દિલના,**
**કાંટા એ નથી માની શકતા, ફૂલોનું આવું કામ હશે.**
**બોલાવ્યા અમેના બોલીશું, પણ હોઠે તમારું નામ હશે**

આજે તો કદાચ ગૌરાંગ વ્યાસના પણ સ્મરણમાં આ સ્વરાંકન નહિ હોય. ખરેખર સાચા સુગમ સંગીતના ભાવકને આ સ્વરાંકન રોમેરોમ સ્પર્શી જાય અરે, સાંભળતાં-સાંભળતાં ક્યારે આંખમાંથી અશ્રુ બનીને આ સ્વરાંકનનું દર્દ વહેવા લાગે એનીય આપણને ખબર ન રહે એવું સંવેદનસભર આ ગીતનું સ્વરાંકન અને ભાઈ નૈનેશ જાનીની પ્રસ્તુતિ છે. હાર્મોનિયમ, વાંસળી, બેઈઝ ગીટાર અને તબલાં વગેરે વાદ્યોની સંગત પણ આ સ્વરાંકનને દર્દસભર બનાવે છે. આજે તો આપણી ચો-તરફ સંગીતના નામે પ્રસરતા ઘોંઘાટોને ખાતે જ આપણા કાન ગિરવે મુકાઈ ગયા છે ત્યારે આવું ગુજરાતી કાવ્ય સંગીત આપણી અંદર ઉતરે તો જ કાનનું કાનપણું સાર્થક થાય નહિંતર....

**અંજલિ :**

**આજે દુનિયામાં કેટલું ઝેર છે જાણે લોકોને મારાથી શું વેર છે !**
**મારી કબર ઉપર લીલું ઘાસ જોઈને કહે છે લોકો,**
**આને તો મર્યા પછી પણ લીલા લ્હેર છે !**

# વહાલપ વરસંત વારી રે...
# રૂમઝુમ ઝાકળ આવી રે...

આ લખું છું ત્યારે, આજે દિવાળીનો મંગલમય શુભ દિવસ છે. ગઈકાલે ‘શ્યામલ ચૌદશ’ (આપણે માટે તો પ્રત્યેક પળ રૂપેરી જ હોવી જોઈએ !) હતી. ગઈરાત્રિનો મીઠો ઉજાગરો હોવા છતાં વ્હેલી સવારે પાંચ વાગ્યે આંખ ઉઘડી ગઈ- કમળની પાંદડી ઉઘડે એમ જ રસ્તો ! મોડી રાત સુધી ‘ચાન્ટસ ઓફ ઈન્ડિયા’ના મંગલમય શ્લોકો-સ્તોત્રોની ઓડિયો કેસેટ સાંભળતા સાંભળતા, ક્યારે નિદ્રાદેવીના ખોળામા પોઢી જવાયું એની ખબર જ ન રહી ! વિક્રમ સંવત ૨૦૬૩નો આજે છેલ્લો દિવસ દિવાળીના શુભ મંગલમય તહેવાર-ઉત્સવની આ ભરી ભરી ક્ષણે જ પ્રિયતમ સ્નેહીજન-ગુણીજનની તીવ્ર યાદ આવે છે. મારી પ્રિયજન તો દૂર દરિયાપારને કાંઠેના દેશાવરમાં બેઠી છે ત્યારે આજકાલ ‘એકાંતોત્સવ’ ઊજવી રહ્યો છું. એકલો-એકલો મારી અંદર હું અને મારું એકાંત. એકાંત અને હું.

આખ્ખાય ‘મકાન’માં (પ્રિયજન વગર તો ‘ઘર’, ‘મકાન’ જ કહેવાય ને?) એકલો જ છું એટલે પરચુરણ ગૃહકાર્ય કરતો રહું છું એ મુજબ આજે વહેલો જાગીને, દિવાળીના ઉજાસમાં થોડું ઘણું ગૃહકર્મ આટોપી રોજિંદા ક્રમ પ્રમાણે હું ‘મોર્નિંગ વોક’ (પ્રભાતી પદયાત્રા)માં નીકળ્યો ! સવાર અને સાંજ એ તો રોજિંદી ઘટના છે, પણ આપણે પ્રભાત અને સંધ્યા એ શબ્દની મુલાયમતા માણતા જીવીએ તો !? એવું માણતાં જીવતાં આવડે તો તો મોજેમોજ જ છે ભાઈ ! ખુલ્લા આકાશ નીચે, શહેરે બાંધી દીધેલી ધરતી ઉપર ચાલતાં ચાલતાં અનુભવ્યું, આલેલે, આ તો મારી વ્હાલુડી ઝાકળ આવી ! ઝાકળની ઝીણી ઝરમર ઝીલતો-ચાલતો જતો’તો ત્યાં જ ચિત્તમાં, ઝાકળિયા ગીતની એક સાવ તાજ્જે તાજ્જી પંક્તિ સળવળી ! ને હું ઝડપથી પાછો ઘર તરફ ભાગ્યો ! ઘેર આવ્યો કે તરત જ દશ જ મિનિટમાં





આ ઝાકળના અનુભવનુ એક ગીત અવતર્યું. ઝાકળે મારેલા ધક્કાથી લખાયેલું એ ગીત ટેબલ ઉપર મૂકીને હું ફરી પાછો ચાલવા માટે નીકળ્યો. મહિલા કોલેજ, અન્ડરબ્રીજ પાસે પ્હોંચ્યો ત્યાં ‘હે, રામ, હે, રામ જગ મે સાચો તેરો નામ, હે, રામ...’ના સુર રેલાવતી શબવાહિની નીકળી. કોઈ આત્માની અંતિમ-વિદાય યાત્રાને ભાવવંદન કરી હું આગળ ચાલ્યો. કિસાનપરા સર્કલ પહોંચ્યો ત્યાં વળી પાછી ‘હે, રામ... હે, રામ...’ ગાતી એક બીજી શબવાહિની નીકળી. હું સ્થિર થઈ ગયો. પ્રથમ નનામીને જે ભાવવંદન કર્યા’તા એ જ ભાવવંદન આ બીજી નનામીને પણ પાઠવી હું રેસકોર્સ મેદાન તરફ ચાલવા માટે આગળ વધ્યો. માત્ર દશ-પંદર મિનિટોના અંતરે જ બે-બે અંતિમયાત્રાઓનાં દર્શન કર્યાં. આજે દિવાળીનો દિવસ છે. ને કોઈ અજાણ્યા બે આત્માઓના જીવનદીપ બુઝાયા હતાં.

ઘેરથી જ્યારે ‘મોર્નિંગ વોક’ માટે બહાર નીકળ્યો ત્યારે મનમાં ગઈ રાતે, કેસેટ દ્વારા સાંભળેલા શ્લોકો-મંત્રોનો દિવ્ય ગુંજારવ ચાલતો હતો. પછી ચિત્તમાં પે’લું ખુબ જાણીતું ગીત ‘દર્શન દો ઘનશ્યામ નાથ મોરી અંખિયાઁ પ્યાસી રે’ એનું સ્વર રટણ ચાલતું હતું, અને ત્યાં જ પે’લા ઝાકળિયા ગીતે મને ઝાલ્યો ! ને ઘેર આવીને જ્યાં સુધી એ ગીત પૂર્ણતઃ અવતરિત થયું પછી જ મારો છૂટકારો થયો. હે ભાવક ! અમે તો રહ્યાં ગાંડા માણસ. ગીત-ગઝલ લખીએ, ગાઈએ, સાંભળીએ, જોઈએ, સ્પર્શીએ એ કંઈ નવું નથી ! પણ પરિચિત અને પ્રચલિત સ્વરાંકનના ઢાળ-લયમાં કોઈ ગીત પ્રગટે એવું ભાગ્યે જ બને છે. એટ લીસ્ટ, મારા કિસ્સામાં તો આવું ભાગ્યે જ બને ! તો સૌ પ્રથમ તો ‘દર્શન દો ઘનશ્યામ’ એ ગીતના લય હિલોળમાં ચાલો, તમેય મારી સાથે, મારું આ તાજું ઝાકળિયું ગીત ગાઓ :

**બુંદ બુંદના ઝાંઝર પહેરી રુમઝુમ ઝાકળ આવી રે**
**દશે દિશાઓ ઝાંખી પાંખી ઝળહળ આગળ આવી રે**

**નભના દ્વારો સ્હેજ ઉઘાડી છાના પગલે ઉરે ધબકે**
**જળનો પાલવ અગમનિગમનો મહેરામણ થઈ મલકે રે**

**વાદળની સાંકળ ખખડાવી ધરતી આંગણ મ્હેકંત ભારી !**
**વન-ઉપવનને મારગ જાતાં વ્હાલપ વરસત વારિ રે.....**

દિવાળીની સવારે દશ-દશ, પંદર-પંદર મિનિટોના સમય અંતરે જ ચાર-ચાર ઘટનાઓ અનુભવાણી, ઝાકળિયું ગીત આવ્યું, બે નનામીઓ અનુભવી અને 'મોર્નીંગ વોક' લઈ હું ઘર તરફ પાછો ફરતો હતો ત્યાં કિસાનપરા સર્કલ પાસે પહોંચતા જ મોબાઈલ રણક્યો - મલક્યો ! કોઈ અજાણ્યા (એટલે કે મારા મોબાઈલમાં નામજોગ એ નંબર 'સેવ' ન થયો હોય તેવા) નંબર પરથી એક SMS મળ્યો :

**પાને પાને મોતી ચમક્યાં**
**સૃષ્ટિને શણગારી રે**
**ભીની પાંપણે બુંદ ટપક્યા**
**રૂમઝૂમ ઝાકળ આવી રે**

મારી જેમ જ કોઈ અન્ય કવિજીવનેય આજની ઝાકળ અડી ગઈ હશે ! મારા ઝાકળિયા ગીત સાથે આ એસએમએસ નીય પંક્તિઓ સરખાવો ? ગુજરાતી વર્ષના આ છેલ્લા દિવસે થયેલા અનુભવોની પછીતમાં કયા સંકેતો હશે ? ન જાનું મૈં, ન જાને તું !!

**અંજલિ :**

**વીત્યું વરસ ભૂલી જવાય !**
**નૂતન વરસમાં ખૂલી જવાય !**
**મળે પુલકિત પ્રસન્નતાનો પમરાટ,**
**'મનોજ' જલસામાં ઝૂલી જવાય !**





# આપણે તો જવું છે, રફી સાહેબના સ્વર સુધી

આજથી બે દિવસ બાદ ૩૧ જુલાઈ. આ દિવસ ભારતનો કોઈપણ, આછો-પાતળોય સંગીતપ્રેમી ક્યારેય ભૂલી શકશે નહિ. હા. ૩૧ જુલાઈ એટલે 'મુહમ્મદ રફીસાહેબ'ની ચિર વિદાયનો દિવસ. ૨૪ ડિસેમ્બર, ૧૯૨૪ના દિવસે, પંજાબનાં અમૃતસર પાસેના કોટલા સુલતાનસિંહ ગામે અવતરેલા આ સ્વરપુરુષે સમગ્ર દુનિયાના લોકોના કાનમાં હજ્જારો ગીતોની મધુમય મધુશાલા રેડી હતી અને હજુય એના સ્વરો રેડી રહી છે. ૧૯૮૦ની ૩૧ જુલાઈએ આ મહાન સ્વર ગુંજારવ આપણને 'આવજો' કહ્યા વગર સ્વરાકાશમાં વિલીન થઈ ગયો. 'ગણ્યા ગણાય નહિ, વીણ્યા વીણાય નહીં' એટલા મબલખ-અપરંપાર અને અઢળક હિન્દી ફિલ્મી અને ગૈરફિલ્મી ગીતો, ગઝલો, ભજનો, કવ્વાલી વગેરે ગાઈને રફીસાહેબે આપણને સૌને ન્યાલ કરી દીધાં છે. આવો ગાયક પુનઃ આ પૃથ્વી પર આવે એ માટે આ ધરતીએ ઘેરું તપ કરવું જ પડે. યુગો-યુગો સુધી રાહ જોવી પડે. આ મહાન અને 'સમૃદ્ધ કંઠિલ' ગાયકે આપણી માતૃભાષામાં પણ કુલ છવ્વીસ જેટલાં ગીતો ગાયા છે. જેમાં ૨૩ ગીતો ગુજરાતી ફિલ્મો માટે અને ત્રણ ગૈરફિલ્મી ગુજરાતી ગીત-ગઝલ ગાયા છે.

ગુજરાતી સુગમ સંગીત / કાવ્ય સંગીતના ધુરંધર સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાયે કેટલાય વર્ષો પૂર્વે રફીસાહેબ પાસે એક કાબિલ-એ-દાદ ગુજરાતી ગઝલ ગવડાવી હતી. જે ગઝલ આજે પણ સમગ્ર વિશ્વના ખૂણે-ખૂણે બેઠેલા ગુજરાતી સ્વર-શબ્દ પ્રેમી સાંભળે છે - ગાય છે. એ રીતે આજે આપણી ગુજરાતી ભાષા અને ગુજરાતી કાવ્ય સંગીતમાં પણ આ મહાન ગાયકની શ્રેષ્ઠ સ્વરસ્મૃતિઓ રણઝણે છે. સ્વરકાર પુરુષોત્તમ ઉપાધ્યાય આપણા એક માત્ર એવા સ્વરકાર છે જેમણે પોતાના સ્વરાંકનો, ભારતીય ફિલ્મ સંગીતના મહાન ગાયકો પાસે ગવડાવ્યાં છે.

ગઝલ ગાયકીના મહારાણી કહેવાય એવા મહાન ગાયિકા બેગમ અખ્તર પાસે ગવડાવેલ 'ગુજરાતીના ગાલીબ' મરીઝસાહેબની ગુજરાતી ગઝલ 'મેં તજી તારી તમન્ના, એનો આ અંજામ છે' અને 'આપણી પાસે એક જ સૂર્ય છે, એક જ ચંદ્ર છે અને એક જ લતા (મંગેશકર) છે' એવા સ્વનામધન્યા ગાયિકા લત્તાજી પાસે ગીત કવિ વેણીભાઈ પુરોહિતની 'માઝમ રાતે...' એ ગીત રચના ઉત્તમ રીતે ગવડાવીને આ બન્ને રચનાઓ આજે ગુજરાતી પ્રજાના હૈયાના સિંહાસને બિરાજમાન છે. તો એવી જ એક ત્રીજી-અન્ય રચના એટલે આપણી ગુર્જરી ગઝલના શીર્ષસ્થ ગઝલકાર ગનીસાહેબ (ગની દહિંવાલા)ની 'દિવસો જુદાઈના જાય છે, એ જશે-જરૂર મિલન સુધી' એ ગઝલ આજેય, આ ક્ષણે એટલી જ ચિરંજીવ અને યશસ્વી ઓજસ્વી છે. આ ત્રણેય કૃતિઓની સ્વરાકૃતિ પુરુષોત્તમ ઉપાધ્યાયે કંડારી છે. એક જ સ્વરકારના ત્રણ-ત્રણ સ્વરાંકનો, ભારતીય સંગીતના ત્રણ-ત્રણ સમર્થ ગાયકો (બેગમ અખ્તર, રફીસાહેબ, લતાજી)ના સ્વર દ્વારા વર્ષો સુધી સમય પ્રવાહમાં સતત વહેતાં જ રહે એવી ઘટના ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રે ભાગ્યે જ બને છે. મરીઝસાહેબ, ગનીસાહેબ અને વેણીભાઈ આ ત્રણેય કવિઓની આ સશક્ત રચનાઓ આજેય અમર છે, તેનું કારણ તેની ગેયાત્મકતા જ છે.

આપણી ગુજરાતી ભાષાના વિવેચકોનું એ તરફ ધ્યાન સુધ્ધાં નથી ગયું ! (બિચારું ગુજરાતી વિવેચન !) આજે આ ત્રણેય કાવ્યસર્જકો આપણી વચ્ચે નથી છતાંય આપણી વચ્ચે જ છે એમ નિઃશંક કહી શકાય. પણ આજે તો રફીસાહેબના તીવ્રત્તમ સંવેદનસ્વરમાં, દિવ્યમય રીતે ગવાયેલી ગનીસાહેબની 'સ્વજન સુધી' શીર્ષકની એ ગઝલનું સ્મરણ કરીને તથા એ મૂળ ગઝલ કે જેમાં બે શેર એવા છે કે સ્વરકારે એ બે શેરને સ્વરાંકિત નથી કર્યા અને રફીસાહેબ પાસે પણ એ શેર ગવડાવ્યા નથી, તે ગઝલ રચનાનું આચમન કરીને, ગાયક રફીસાહેબને તથા ગઝલકાર ગનીસાહેબને શબ્દિલ-સ્વરિલ અંજલિ અર્પીએ. સાંભળો :

**દિવસો જુદાઈના જાય છે, એ જશે (જરૂર) મિલન સુધી,**
**(મારો) મને હાથ ઝાલીને લઈ જશે, (મુજ) હવે શત્રુઓ જ સ્વજન સુધી.**
**(ના) ન ધરા સુધી, (ના) ન ગગન સુધી, નહીં ઉન્નતિ, (ના) ન પતન સુધી.**
**(ફક્ત) અહીં આપણે તો જવું હતું, (અરે) ફક્ત એકમેકના મન સુધી.**
**હજી પાથરી ન શક્યું સુમન, પરિમલ જગતના ચમન સુધી,**





**ન ધરાની હોય જો સંમતિ, મને લૈ જશો ન ગગન સુધી,**
**છે અજબ પ્રકારની જિંદગી, કહો એને પ્યારની જિંદગી,**
**ન રહી શકાય જીવ્યા વિના, ન ટકી શકાય જીવન સુધી.**
**તમે રાંકના છો રતન સમાં, ન મળો હે (આંસુઓ) અશ્રુઓ ધૂળમાં,**
**જો અરજ કબૂલ હો આટલી, તો હૃદયથી જાઓ નયન સુધી.**
**તમે રાજરાણીના ચીર સમ, અમે રંક નારની ચૂંદડી !**
**(તમે તન પે રહો ઘડી બે ઘડી)**
**તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.**
**જો હૃદયની આગ વધી 'ગની', તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,**
**કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.**

હે, શબ્દ-સ્વર ભાવક ! રફીસાહેબનાં કંઠે ગવાયેલી આ ગુજરાતી ગમગીનીય ગઝલ કોઈ ગુજરાતી, ક્યારેય ભૂલી શકશે ? જવાબ છે, ના. આ ગઝલમાં કુલ સાત શેર છે. પણ સ્વરકાર પુરુષોત્તમદાએ માત્ર પાંચ જ શેર રફીસાહેબ પાસે ગવડાવીને આ કૃતિને અમરત્વ બક્ષ્યું છે. જેમાં પ્રથમ શેરની મૂળ પંક્તિઓમાં 'જરૂર' શબ્દ સ્વરકારે ઉમેર્યો છે. તો પ્રથમ શેરની બીજી પંક્તિમાં 'મારો હાથ ઝાલીને' એમ ગવાય છે. મૂળ પંક્તિમાં 'મને હાથ ઝાલીને' એમ છે. અને એ જ પંક્તિના ઉતરાર્ધમાં 'હવે શત્રુઓ જ' ને બદલે 'મુજ શત્રુઓ જ' એમ ગવાય છે. તો બીજા શેરની પ્રથમ પંક્તિમાં જે ત્રણ 'ન'કાર આવે છે. તેમાં મૂળપંક્તિમાં માત્ર લઘુ 'ન' છે પણ સ્વરકારે ગાયક પાસે 'શ્રુતિ સંયોજન' અને 'સ્વરાલય' જાળવવા માટે ગુરુ 'ના' - એટલે કે 'ના ધરા સુધી, ના ગગન સુધી, નહીં ઉન્નતિ, ના પતન સુધી' એમ ગવડાવ્યું છે. જે રીતે એક માત્રા વધારીને 'ન'નું 'ના' થયું તેને કારણે સ્વરભાર પણ વધે છે અને 'નકાર'નો ભાવ વધુ ભારપૂર્વક પ્રગટ થાય છે.

તો એ જ શેરની બીજી પંક્તિમાં 'અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકનાં મન સુધી' એમ છે. સ્વરકારે શબ્દોની થોડીક અદલાબદલી કરીને, ગઝલિયતને જાળવીને પણ સુંદર સ્વરકર્મ કર્યું છે. રફીસાહેબ જ્યારે ગાય છે કે 'ફક્ત આપણે તો જવું હતું. અરે, એકમેકનાં મન સુધી' ત્યારે થોડાક શબ્દિલ ફેરફારને કારણે પણ ગઝલકારના મૂળ ભાવમાં કોઈ ફર્ક અનુભવાતો નથી. તો પાંચમા શેરની પ્રથમ પંક્તિના ઉતરાર્ધમાં 'ન મળો હે અશ્રુઓ ધૂળમાં' એ પંક્તિમાં

'અશ્રુઓ'ને બદલે 'આંસુઓ' એમ ગવાયું છે. જ્યારે છઠ્ઠા શેરની બીજી પંક્તિમાં 'તમે બે ઘડી રહો અંગ પર' એ પંક્તિ 'તમે તન પે રહો ઘડી બે ઘડી' એવા શાબ્દિક ફેરફાર સાથે ગવડાવામાં આવેલ છે. અહીં ગનીસાહેબની મૂળ ગઝલ જ પ્રસિધ્ધ કરી છે. જેમાં કૌંસમાં લખેલા શબ્દો રફીસાહેબે ગાયેલા છે. આથી આપણને ખ્યાલ આવે કે સ્વરાંકન માટે કેટલાક શાબ્દિક ફેરફારો અનિવાર્ય જ હોય છે અને વધારાના શેરની પણ સ્વરાંકનમાં આવશ્યકતા નથી રહેતી. આ ગઝલનો ત્રીજો અને ચોથો શેર એ રીતે જ સ્વરાંકિત નથી થયો અને રફીસાહેબ પાસે માત્ર પાંચ જ શેરની સ્વરપ્રસ્તુતિ કરાવવામાં આવી છે.

આપણા જાણીતા ગીતકાર - સ્વરકાર અવિનાશ વ્યાસે પણ રફીસાહેબ પાસે ગવડાવેલી યાદગાર કવ્વાલી 'કહું છું જવાનીને પાછી વળી જા'નું પણ સ્મરણ થાય છે. અવિનાશભાઈના સ્વરાંકિત સ્વરમાં રજૂ થયેલ એ સ્વરાંકનની જ છાપવાળી, એ જ કવ્વાલીના લ્હેકાવાળી એક કવ્વાલી, વર્ષો પછી હિન્દી ફિલ્મ 'ધ બર્નિંગ ટ્રેઈન'માં સાંભળવા મળે છે. યોગાનુયોગ એ કવ્વાલી પણ રફીસાહેબે જ ગાયેલી છે. 'પલ દો પલકા સાથ હમારા' એ સુ-પ્રસિદ્ધ કવ્વાલીના સ્વરો અદ્દલ 'કહું છું જવાનીને'ના સ્વરો છે. આવું થાય ત્યારે આપણને થાય કે 'ધ બર્નિંગ ટ્રેઈન'ના સ્વરકાર આર.ડી.બર્મન સાહેબે, અવિનાશભાઈની આ કવ્વાલીનું સ્વરાંકન સાંભળ્યુ હશે ? એ જે હોય તે, પણ આ સ્વરઘટનાથી આપણને આપણા સ્વરકાર અવિનાશભાઈની સ્વરાંકન સમર્થતાનો ખ્યાલ આવે છે.

દર વરસે જ્યારે ૩૧ જુલાઈ આવે છે ત્યારે રફીસાહેબની સ્વરસ્મૃતિઓ મારા જેવા કેટલાય 'રફી પ્રેમીઓ'ને સ્વરમય સભર કરી દે છે. મારું તો રોમેરોમ રફીમય જ છે. જેમ કોઈ વ્યક્તિને, કોઈ વ્યક્તિ, વસ્તુ કે પદાર્થ કે ઘટના માટે પક્ષપાત હોય છે જ, તેમ મારા માટે, મને હું કહું કે મને 'રફીપાત' છે તો એય મને તો અધુરું અધુરું જ લાગે !

**અંજલિ :**

**ભૂલેચૂકે મળે તો મુલાકાત માંગશું**
**શણગારવા હૃદયને એક આઘાત માંગશું**
**- બદરી કાચવાલા (રફીસાહેબે ગાયેલી ગઝલ)**





# રહ રહ રોવરાવે રાવજી તારું ગીત

''અમરગઢની ટી.બી. હોસ્પિટલમાં છેલ્લા શ્વાસ લઈ રહેલા રાવજી પટેલની અમર ગીતરચના છે, 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં.' આ ગીતમાં એક દિવસ લગ્ન કરીને જે કમાડ પર કંકુના થાપા માર્યા હશે તે કરુણતાથી ભૂંસાઈ જતાં અહીં કલ્પ્યાં છે. 'હણહણતી સુવાસ' અને 'અજવાળાં પહેરીને ઊભા શ્વાસ' જેવામાં અભિવ્યક્તિ, ગુજરાતી કવિતાના શિખર પર બેઠી છે. મૃત્યુની તીવ્ર સંવેદના અને અભિવ્યક્તિની ફૂલસહજ કોમળતા આ ગીતને વાગીશ્વરીનું કર્ણફૂલ બનાવી રહે છે.''

આ શબ્દો છે 'મહાભારત' ટી.વી. શ્રેણીના પ્રારંભે ઉદ્‌ઘોષણા કરતાં ''મૈં સમય હૂં !'' ના ગુજરાતી ઉદ્‌ઘોષક-સૂત્રધાર શ્રી હરિશ ભીમાણીના. પણ, વર્ષો પૂર્વે સંગીતભવન ટ્રસ્ટ-મુંબઈના અજિત શેઠ દ્વારા ગુજરાતી સાહિત્યના ચાર દિવંગત કવિઓ જગદીશ જોશી, મણિલાલ દેસાઈ, પ્રિયકાંત મણિયાર અને રાવજી પટેલની અંજલિરૂપે તૈયાર કરવામાં આવેલ ''આંખે કંકુના સૂરજ આથમ્યા...'' રેકર્ડ-કેસેટ (હવે તો સી.ડી. પણ)માં પ્રત્યેક ગીત પૂર્વે ઘેઘૂર અવાજના માલિક હરિશ ભીમાણીએ ગીત વિશે તથા તેના કવિ વિશે યોગ્ય અને ઉચિત તેમજ સંક્ષિપ્ત ઉદ્‌ઘોષણા કરી છે. એ સમયે હરિશ ભીમાણીનું નામ એવું પ્રસિદ્ધ ન હતું. આજે તો 'મહાભારત' ટી.વી. શ્રેણી ઉપરાંત અનેક ગુજરાતી-હિન્દી લાઈવ-પ્રોગ્રામોના અત્યંત સફળ સૂત્રધાર, દેશ-વિદેશમાં આ ગુજરાતી કલાકારનું નામ જગપ્રસિદ્ધ છે.

તો, ગુજરાતી સાહિત્યની ઉત્તમોત્તમ રચનાઓ જનસમાજ સુધી પહોંચાડવા માટે વર્ષો સુધી સતત પ્રવૃત્ત એવા અજિત શેઠે જીવનના છેલ્લા શ્વાસ સુધી ગુજરાતી કવિતાની, ગુજરાતી કાવ્ય-સુગમસંગીતની જ સતત ખેવના કરી હતી. જે સમયે યંત્રવિજ્ઞાને, આજના જેટલી પ્રગતિ કે હરણફાળ ન્હોતી ભરી એ સમયે આ

ગુજરાતીએ એકલપંડે, સુગમસંગીતના જતન માટે 'સંગીતભવન ટ્રસ્ટ'ની સ્થાપના કરી અને ગુજરાતી સુગમસંગીતની અપૂર્વ અને અદ્વિતીય કહી શકાય એવી ઉત્કૃષ્ટ સ્વરરચનાઓ આપી અને એને રેકર્ડ-કેસેટના માધ્યમે ચિરંજીવ બનાવી. એટલું જ નહીં પણ અજીતભાઈએ તો, આ સઘળાં ગીતોના સ્વરાંકન-ધ્વનિમુદ્રણ પછી તેના દશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો (લાઈટ એન્ડ સાઉન્ડ શો) દ્વારા સમગ્ર ભારતની ગુજરાતી પ્રજા વચ્ચે 'સાચાં મોતીના દાણા જેવા' આ ગીતો પહોંચાડ્યા. ઉપરાંત એ સમયે આ ગીતો બિનગુજરાતી-પણ સર્વશ્રેષ્ઠ ગાયકો-એ. હરિહરન અને ભૂપેન્દ્ર (ભૂપેન્દ્ર-મિતાલી સિંઘ ફેઈમ) જેવા પાસે આપણી ઉત્તમ ગીતરચનાઓ ગવડાવીને અદ્ભુત અને અશક્ય એવું સ્વરકર્મ કરીને અજિત શેઠે આપણને કાયમનાં ઋણી બનાવ્યાં છે. અજીત શેઠના સ્વરાંકનોને ઓળંગી જાય એવા સ્વરાંકનો હજુ સુધી ગુજરાતી કાવ્ય સંગીતક્ષેત્રે પાક્યાં નથી કે એવો સ્વરકાર પણ હજુ આપણને પ્રાપ્ત થયો નથી. ગુજરાતી કાવ્યનાં સર્વશ્રેષ્ઠ કવિ રાવજી પટેલ યુવાનવયે મૃત્યુ પામ્યા - માત્ર થોડાં જ કાવ્યો એમણે સર્જ્યાં. એમાંય 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...' આ એક જ ગીતરચના દ્વારા આ કવિ અમર થઈ ગયાં. 'આભાસી મૃત્યુનું ગીત' એ શીર્ષક હેઠળ લખાયેલું આ ગીત માત્ર ગુજરાતી સાહિત્યના જ વર્તુળમાં સીમિત રહી જાત. જો અજિત શેઠ જેવા સમર્થ સ્વરકારે એને સ્વરાંકિત ન કર્યું હોત અને ભૂપેન્દ્ર જેવા સમર્થ ગાયકે ઘેરા અને ઊંડાણભર્યાં કારુણ્ય સ્વરે એને ગાયું ન હોત તો ! સાચ્ચે જ આ ગીત આજે પણ એટલું જ પ્રસિદ્ધ છે એનું એક અને એકમાત્ર કારણ એનું સ્વરાંકન છે. ગુજરાતી કાવ્ય સંગીત-સુગમ સંગીતમાં જેને સોયની અણી જેટલો ય રસ હોય તેણે તો પોતાની સુગમ સંગીત શ્રાવ્યતાને વધુ સબળ અને શ્રદ્ધેય બનાવવા માટે 'સંગીતભવન ટ્રસ્ટ-મુંબઈ' દ્વારા પ્રગટ કરાયેલ બધી જ ઓડિયો કેસેટ્સ કે સી.ડી. જરૂર ને જરૂર વસાવવી જ રહી ! તો હે ભાવક ! ચાલ, પહેલા રાવજી પટેલનું 'રહ રહ રોવરાવી દે' એવા આ ગીતનું છાતીમાં ધરબાયેલું ડૂસકું સાંભળીએ :

**મારી આંખે કંકુના સૂરજ આથમ્યા.....**
**મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો રે...**
**અજવાળાં પ્હેરીને ઊભા શ્વાસ !**
**પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યાં !**





**ડૂબ્યાં અલકાતાં રાજ, ડૂબ્યાં મલકાતાં કાજ રે...**
**હણહણતી મેં સાંભળી સુવાસ !**
**મને રોકે પંછાયો એક ચોકમાં રે,**
**અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરથી ઝાલ્યો...**
**મને વાગે સજીવી હળવાશ !**
**મારી આંખે કંકુના સૂરજ આથમ્યાં...**

જીવનના અંતિમ સત્ય મૃત્યુની તીવ્રતમ સંવેદના આ ગીતમાં રાવજી પટેલે ઠાંસી-ઠાંસીને વેદનાના તારસ્વરે શબ્દસ્થ કરી છે. તો અજિત શેઠે કારુણ્યના અતિ દર્દાત્મક સ્વરોથી આ ગીતને સ્વરસ્થ કર્યું છે. આ ગીત સાંભળીને જો આંખના ખૂણા સ્હેજ પણ ભીના ન થાય તો સમજવું કે આપણે સંવેદનવિહીન થઈ ગયા છીએ. શબ્દ અને સ્વર બન્નેના માધ્યમથી જો હૃદય અને આંખ દ્રવી જાય તો એ જીવનની ધન્ય ક્ષણ છે. બાકી તો કહેવાતા વિકાસના માર્ગ પર આજનો માણસ એવો હાંફળો-ફાંફળો અને રઘવાયો બનીને રઝળપાટ કરે છે કે તેનામાંથી હાસ્ય અને રુદનની ઠામુકી બાદબાકી જ થઈ ગઈ છે !

'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' એ માત્ર અજિત શેઠનું જ શ્રેષ્ઠ સ્વરાંકન ન રહેતાં હવે તો સમગ્ર ગુજરાતી સુગમ સંગીતનું એ સર્વશ્રેષ્ઠ સ્વરાંકન ગણીએ તો એ ખોટું નથી. રાવજી પટેલનું આ ગીત તો આજે ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં, અભ્યાસક્રમમાં પણ સમાવિષ્ટ છે ત્યારે મને એક વાત સતત સતાવ્યા કરે છે અને એ વાતની ચિંતાનો મને ક્યારેય ઉકેલ પણ નથી જ મળવાનો એ વાતથી તો હું વધુને વધુ ઉદાસ અને નિરાશ થતો જાઉં છું. ચિંતા મને એ છે કે આ ગીત વર્ગખંડમાં ભણાવતાં પહેલાં કેટલા શિક્ષકો એ પોતે આ ગીત સાંભળ્યું હશે ! અને વિદ્યાર્થીઓ સમક્ષ આ ગીતનું સ્વરાંકન કેસેટ કે સી.ડી. દ્વારા સંભળાવ્યું હશે !

ગુજરાતી સુગમસંગીતના વિકાસ અને પ્રચારના એ સંઘર્ષમય સમયમાં અજિત શેઠે આપેલાં સ્વરાંકનો આપણી કવિતાક્ષેત્રની શ્રાવ્યોત્તમ એવી મોંઘેરી મૂડી છે. આ ગીતમાં પ્રારંભે છેડાયેલો શહેનાઈનો ઘેરો-ઉદાસી સૂર આપણને તરત જ જકડી લે છે. ગીતનો વિલંબિત તાલ પણ આ ગીતના સ્વરાંકનને વધુ પ્રગાઢ બનાવે છે. આ પ્રકારનો વિલંબિત તાલનો પ્રયોગ બહુ જૂજ સ્વરાંકનોમાં જ થતો જણાય છે. શરણાઈ અને સીતાર જેવા ભારતીય વાદ્યોની સાથે કી બોર્ડ, ગીટાર અને સેક્સોફોન જેવા

પાશ્ચાત્ય વાદ્યોનો પણ અજીત શેઠે આ સ્વરાંકનમાં સૂઝપૂર્વક ઉપયોગ કર્યો છે. આજે તો કવિ રાવજી પટેલ અને સ્વરકાર અજીત શેઠ આ બન્ને સર્જકોનો ખાલીપો અનુભવાય છે. દરેક ક્ષેત્રની જેમ ભાષા અને સંગીત ક્ષેત્રનું પણ અદ્યતન યાંત્રિકીકરણ થયું હોવાને કારણે ચિરંજીવિતાનું તત્ત્વ મૃતઃપ્રાય બની ગયું છે ત્યારે તન-મનને શાતા આપે એવું સાહિત્ય અને સંગીત આપણે ક્યાં શોધીશું ?

આવાં સાચુકલાં ગીતો અને સંવેદનશીલ સ્વરાંકનોનું જતન કરીશું તો જ જીવન ટકી રહેશે. અન્યથા ધીમે ધીમે સઘળું ધ્વંસ થઈ જશે અને આપણી પાસે હશે માત્ર કોરાધાકોર-રણ જેવા લાં...બા નિસાસા. અજિત શેઠ-નિરુપમા શેઠ આ સ્વરદંપતીએ કરેલી સ્વરસેવાનો જોટો જડે તેમ નથી અને અજીતભાઈની ચિરવિદાય નિરુપમાબેન માટે તો સાચા અર્થમાં, અજિતભાઈના જ સ્વરાંકનની જેમ 'સૂરજ આથમ્યા' જેવી અંધકારમય બની ગઈ હશે. ગુજરાતી કવિતાઓને સંગીતના માધ્યમથી સદૈવ જીવંત રાખવા માટેનો અજિત શેઠનો સ્વરપુરુષાર્થ હંમેશાં સ્મરણીય અને ઉલ્લેખનીય રહેશે. આ પ્રકારના સત્ત્વશીલ સાહિત્ય અને સત્ત્વશીલ સંગીત અંગે આપણા કવિ ઉમાશંકર જોશીનું આ મંતવ્ય સૌ કોઈએ અનુસરવા જેવું છે. ઉમાશંકર જોશી કહે છે : ''સસ્તાં નિઃસત્ત્વ સિને-ગીતોથી બાળકોને બચાવવા હોય તો સિનેમા સામે જેહાદ જગાવવા કરતાં વધારે સાચો રસ્તો એ છે કે એમની રુચિ સાચી તત્ત્વશીલ સામગ્રી વડે (કોઈ સિને-ગીત પણ સુંદર હોઈ શકે) પોષવી જોઈએ. ઊંચો આનંદ એ અનુભવવા પામશે તો ક્ષુલ્લક રંજકતા પાછળ ભટકવું એ ભાગ્યે જ પસંદ કરશે. પણ એને અમુક વસ્તુ છોડવા કહેવું એ પૂરતું નથી, સામેથી વધુ સારી વસ્તુ એને આપવી જોઈએ.''

આપણે સૌ આજથી જ આવા સદ્પ્રયત્નો પ્રારંભીએ કે આપણી નવી પેઢી પાસે જે કશુંક પહોંચે તે સત્ત્વશીલ અને તત્ત્વશીલ હોય તેમજ તેના સર્વાંગી જીવનને ઊર્ધ્વમય બનાવે તેવું હોય.

**અંજલિ :**

**તમે રે તિલક રાજા રામનાં અમે વગડાના ચંદન કાષ્ટ રે,**
**તમારી મશે ના અમે સોહિયાં-કેવાં કેવાં દઃખ સાજણ તમે રે સહ્યાં !**
**(કવિ રાવજી પટેલનું અન્ય ગીત, જેનું સ્વરાંકન પણ અજિત શેઠે કર્યું છે)**





## મારો એ જ ટકો આચાર, જેમાં સત્યનો જય જય કાર...

જ્યારે જ્યારે ગાંધીજીનો જન્મદિન અને મૃત્યુદિન આવે ત્યારે ત્યારે કેટકેટલા સાહિત્યિક અને સાંગીતિક સંદર્ભો હૈયામાં સળવળીને જાગૃત થાય છે. બે દિવસ બાદ કેલેન્ડરનું પાનું ૨ ઓક્ટોબર હશે. અને આ દિવસ સમગ્ર ભારતીય માટે પૂ. બાપુને યાદ કરવાનો દિવસ છે. ૨જી ઓક્ટોબરે પોરબંદર ખાતે કરમચંદ ગાંધીને ત્યાં પૂતળીબાઈની કૂખે મોહનદાસ નામના વિરાટ અવતારી વ્યક્તિત્વનું પ્રાગટ્ય થયું હતું. મહાન પુરુષને માટે 'પ્રાગટ્ય' શબ્દ જ યથાર્થ છે. સામાન્ય માણસનો તો જન્મ થાય, જ્યારે મહાન અવતારધારી પુરુષનું તો પ્રાગટ્ય જ થયું ગણાય. જન્મવું અને પ્રગટવું કે અવતરણ થવું આ શબ્દોની વચ્ચે બહુ જ સૂક્ષ્મ ભેદ છે.

ગાંધીજીના જન્મદિન કે મૃત્યુદિન નિમિત્તે એમને વિશેષ રીતે યાદ કરીએ એના કરતાં આપણા જીવનની ક્ષણેક્ષણ ગાંધીનું સ્મરણ કરીએ તો જીવન થોડું ઘણુંય ધન્ય થઈ જશે. આજની યુવાપેઢી ! યુવાપેઢી જ શું કામ ? આજની પ્રત્યેક જનરેશન માટે ગાંધીવિચાર એ ઉમદા અને ઉત્તમ જીવન માટેનું આધારરૂપ પરિબળ છે. હજુય જેમ જેમ સમય વીતશે તેમ તેમ ગાંધી અને ગાંધીવિચારની વધુને વધુ આવશ્યકતા નિર્માણ થવાની જ છે. આજે તો ગાંધીજી કે ગાંધી જીવનથી સહેજપણ પરિચિત થયા વગર એના વિશે ટીકા ટીપ્પણીઓ કરનારાઓનો પાર નથી. આમ, 'મોહન' માંથી 'મહાત્મા'ની કક્ષા સુધી પહોંચનાર ગાંધીજી વિશે વાત કરવાનું થાય ત્યારે ગાંધીજીની હયાતીથી શરૂ કરીને એમના દેહાવસાન પછીની પણ અસંખ્ય રચનાઓ સ્મૃતિકોષમાં સળવળે છે. સમગ્ર ભારતવર્ષની તમામ ભાષાઓમાં અને અન્ય રાષ્ટ્રોની ભાષાઓમાં પણ ગાંધી હંમેશા, સતત ઉલ્લેખાતા રહ્યાં છે. ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી કાવ્યસંગીત ક્ષેત્રમાં પણ ગાંધીજી અને ગાંધી વિચાર આજે પણ સતત પડઘાતા રહે છે.

પૂ. ગાંધીબાપુની સ્મરણાંજલિ માટે તો ગુજરાતી સાહિત્યમાં અઢળક કૃતિઓ આપણને પ્રાપ્ત થઈ છે અને હજુ આજેય, આજનો સર્જક પોતાના સર્જનોમાં ગાંધીને ક્યાંક ને ક્યાંક પ્રગટાવતો રહે છે. ગુજરાતી કાવ્ય સંગીતમાં એવા અસંખ્ય સ્વરાંકનો આપણને પ્રાપ્ત થયાં છે કે જે રચનાઓમાં ગાંધીજીવન ધબકતું હોય. ગુજરાતી સાહિત્યના પ્રત્યેક યુગમાં ઉત્તમ ગાંધીગીતો મળે છે. આજે તો ભારતનું એક પણ અખબાર કે સામયિકો એવા નહિ હોય જેમાં રોજ રોજ, કોઈને કોઈ રીતે ગાંધીવિચારની વાત પ્રગટતી ન હોય ! એ જ બતાવે છે કે આજે ગાંધી કેટલા પ્રસ્તુત અને પ્રતીતિકર છે ! ગાંધીજી તો વૈશ્વિક એવું વિરાટ વ્યક્તિત્વ હતા. ગાંધીજીએ ભારતીય ભાષાઓને આત્મસાત કરી હતી અને પ્રત્યેક ભાષામાં પોતાના અનુભવ સમૃદ્ધ પ્રયોગોની સમર્થતા દર્શાવીને પ્રત્યેક ભારતીય પ્રજાના હૈયાં સુધી પહોંચ્યા હતાં. ગાંધીજીને બંગાળી ભાષા પરત્વે પણ મમત્વ હતું. કોઈ તેને પૂછે કે, ‘‘બાપુ, તમારો જીવન સંદેશ શું છે ?’’ ત્યારે બાપુ બંગાળી બોલીમાં કહેતા, ‘‘આમાર જીબન ઈ આમાર બાની !’’

ગાંધીજીની આ ઉક્તિને જ આપણી ભાષાના સમર્થ કવિ ઉમાશંકર જોશીએ શીર્ષસ્થ કરીને એક ઉત્તમ અંજલિકાવ્ય લખ્યું છે અને વિશેષ ઉલ્લેખનીય વાત એ છે કે આ અગદ્યાપદ્ય હોવા છતાં ગુજરાતી કાવ્ય સંગીતનો અવતારરૂપ સ્વરકાર (સ્વ.) પરેશ ભટ્ટે એનું અદ્ભુત અને ઉત્તમ એવું દર્દસભર સ્વરાંકન કર્યું છે. આજથી ત્રેવીશ વર્ષ પહેલા રાજકોટ ખાતે (તા. ૧૧/૫/૮૩) વીરાણી હાઈસ્કૂલના મધ્યસ્થખંડમાં ખુદ કવિ ઉમાશંકર જોશીની ઉપસ્થિતિમાં જ્યારે પરેશ ભટ્ટે ‘મારું જીવન એ જ મારી વાણી....’ એ સ્વરાંકન પ્રસ્તુત કર્યું, ત્યારે કવિ ઉમાશંકર ખૂબ જ પ્રસન્ન થયા અને પરેશને વ્યક્તિગત અભિનંદન આપતા કહ્યું હતું કે, આ અછાંદસ રચનાને પણ તમે લય દ્વારા જે સ્વરદેહ આપ્યો છે તે અદ્ભુત અને અનન્ય છે. પરેશ ભટ્ટનું આ પ્રસિદ્ધ સ્વરાંકન એના પોતાના જ સ્વરમાં સાંભળીએ ત્યારે આપણને પણ ધન્યતાનો અનુભવ થાય છે. પરેશ ભટ્ટ પછી તો અન્ય ઘણા ગાયકો પણ આજે આ સ્વરાંકન ગાય છે અને એ પ્રસ્તુત કરીને ગાંધીજી, ઉમાશંકર જોશી અને આપણા પરેશ ભટ્ટને ઉચિત શબ્દાંજલિ-સ્વરાંજલિ અર્પિત કરે છે.

આપણી ભાષાના મહાન અને સમર્થ કવિ એવા ઉમાશંકર જોશીની રચનામાં ગાંધીજીના સમગ્ર જીવનની સૂક્ષ્મ છબી પ્રતિબિંબિત થાય છે. આ ગાંધીજયંતીના અવસરે આપણે પણ આજે આ રચનાનું આચમન કરીએ અને પૂ.બાપુ પરત્વેની





આપણી હૃદયાંજલિ સમર્પિત કરીએ :

**‘આમાર જીબન - ઈ આમાર બાની’**
**મારું જીવન તે મારી વાણી,**
**બીજું તે તો ઝાકળ પાણી.**
**મારા શબ્દો ભલે નાશ પામો,**
**કાળ ઉદરમાંહી વિરામો,**
**મારાં કૃત્ય બોલી રહે તોયે**
**જગે કેવળ સત્યનો જય.**
**મારો એ જ ટકો આચાર,**
**જેમાં સત્યનો જયજયકાર.**
**સત્ય ટકો, છો જાય આ દાસ,**
**સત્ય એ જ હો છેલ્લો શ્વાસ,**
**એને રાખવાનું કોણ બાંધી ?**
**એને મળી રહેશે એનાં ગાંધી**
**જન્મી પામવો મુક્ત સ્વ-દેશ,**
**મારું જીવન એ જ સંદેશ.**

**(ઉમાશંકર જોશી : સમગ્ર કવિતા - પૃ. ૫૫૦)**

ત્રીજી માર્ચ, ઓગણીસસો અડતાલીસમા ગાંધીને અંજલિરૂપે લખાયેલું આ કાવ્ય ‘વસંતવર્ષા’ કાવ્યસંગ્રહમાં અને ત્યાર પછી કવિની ‘સમગ્ર કવિતા’માં પણ પ્રાપ્ત થાય છે.

આજે તો આકાશવાણીના એફ.એમ. બેન્ડ ઉપર ગાંધીજીની આત્મકથા ‘સત્યના પ્રયોગો’નો હિન્દી ભાષામાં ધારાવાહી શ્રેણી રૂપે રેડિયો પાઠ નિયમિત પ્રસારિત થાય છે. પણ કેટલા શ્રોતાઓ કે કેટલા ભારતીયો એ સાંભળતા હશે ! ખેર, ગાંધીજન્મદિને આપણે સૌ પણ આ મહાઆત્માને ખરા હૃદયથી આપણો ભાવ સમર્પિત કરીને એમણે ચીંધેલા માર્ગે ચાલવાનો ચપટીક પ્રયત્ન કરીએ તો જ ખરા અર્થમાં ગાંધી જન્મદિન સાર્થક બને.

અંજલિ : **દે દી હમે આઝાદી, બિના ખડગ બિના ઢાલ,**
**સાબરમતી કે સંત તુંને કર દિયા કમાલ !**

# આવ, હવે તારા ગજ મૂકી, વજન મૂકીને વરવાં.....

હાથમાંથી જેમ રેતી સરકી જાય એમ જ સમય પણ પે'લી રેતીની જેમ આપણા જીવનમાંથી સતત સરકતો જાય છે. આપણને ખબરે ય ન પડે એમ આ સમય દોડયો જાય છે ! (આપણી જેમ જ સ્તો !) સમયની બાબતમાં પરિસ્થિતિ વશ સૌને સૌનો સમય અલગ અલગ રંગોના અનુભવ કરાવે છે, એથી જ તો માણસને જ્યારે દુઃખ આવે ત્યારે એમ લાગે કે સમય જલદી જલદી જાય તો સારું ! પે'લી ફિલ્મ ગીતની પંક્તિની જેમ 'સમય તું જલદી જલદી ચલ...' અને સુખની સ્થિતિ હોય ત્યારે વળી એથી ઊલટું આપણે એમ ગાઈએ કે 'સમય તું ધીરે ધીરે ચલ, સારી દુનિયા છોડ કે આગે મૈં તો જાઉં નીકલ...' તો ભાઈ, આપણું બધું તો આવું છે ! કોઈને ય દુઃખનો સમય સ્હેજે ય વધારે રોકાય એ ગમતું જ નથી અને સુખનો સમય જલદી વહી ન જાય એવું હંમેશા આપણે ઈચ્છતા જ રહીએ છીએ. કેલેન્ડરના અંગ્રેજી વર્ષનાં ૨૦૦૮ના દિવસો આમજ રેતની જેમ સરકી ગયા. ઘણી ય દુઃખદ-સુખદ સ્મૃતિઓ આપણા જીવનમાં ઉમેરીને એ તો ચાલ્યું ગયું અને આ આવી પ્હોંચ્યું, રુમઝુમ કરતું ૨૦૦૯નું નવલું વરસ ! કેવું સરસ ! અરસપરસ.

ઈસુનું આ નવું વરસ સૌ માનવીઓને, જગતના સૌ જીવોને માટે સદૈવ પ્રસન્નકર રહો એવું ઈસુને પ્રાર્થીએ. નહાઈ-ધોઈને, સુંદર-નવલાં વસ્ત્રો પહેરીને આવેલું આ નવું વરસ આપણને એક ગીત ગાવાનું ઈજન આપે છે. સાંઈ કવિ મકરંદનું આ ગીત ખરેખર જીવન જીવવા માટેનો એક સરળ માર્ગ ચીંધે એવું છે. સરળ કવિતા લખવી ખૂબ અઘરી છે અને એથી ય અઘરું છે એનું સ્વરાંકન કરવું !

જો કે સાંઈ કવિનું આ ગીત-પદ-ભજન જે ગણો તે એને ગુજરાતના ઘણા ય





સ્વરકારોએ સ્વરાંકિત કર્યું હશે ! ઘણા ય જૂના-નવા ગાયકો આજે પણ આ ગીત ગાય છે. શાળાઓમાં પ્રાથમિક ધોરણથી માંડીને હાઈસ્કૂલ-હાયર સેકન્ડરી સુધીના વિદ્યાર્થીઓને ક્યાંક-ક્યાંક અભ્યાસક્રમમાં પણ આ કાવ્ય નિશ્ચિત થયું હશે ! તો ગુજરાતના ઘણા ય વિદ્યાર્થીઓ માટે પણ આ ગીત અજાણ્યું નથી જ. ક્યાંક ખૂણે ખાંચરેની શાળાઓના સંગીત-સાહિત્ય-જીવનપ્રેમી શિક્ષકો પણ પોતાને કંઠવગા સ્વરે આ ગીત વિદ્યાર્થીઓ સન્મુખ ગાઈને પણ ભણાવતા હશે-સમજાવતા હશે !

આ લખનારના સ્વર સદનમાં વર્ષો પૂર્વે આપણા ગુજરાતી સુગમ સંગીતના ગાયક-સ્વરકાર સુરેશ જોશીના સ્વરમાં 'આકાશવાણી' (રાજકોટ) પરથી પ્રસારિત થયેલું એ સ્વરાંકન હજુ ય સચવાયું છે, તો હમણાં જ અમદાવાદના સ્વરકાર-ગાયક અમર ભટ્ટ પાસેથી પણ 'શબ્દનો સ્વરાભિષેક' અન્વયે ગુજરાતી ગીત-ગઝલોની ચાર-ચાર ઓડિયો સીડીનો સંપુટ ગુજરાતને મળ્યો છે એમાં પણ ભાઈ અમર ભટ્ટના સ્વરમાં, એનું જ સ્વરાંકન પણ મળ્યું છે. ઉત્તમ કાવ્ય હોય એને સમયના સીમાડાઓ બંધનરૂપ નથી જ હોતા ! તો આવો, હે ભાવકો ! આજે 'મધુવન'ની આ શબ્દિલી-સુરીલી મહેફિલમાં સાંઈ કવિનું આ ઉમદા ગીત-ઉમદા સ્વરાંકનમાં આપણે સૌ માણીએ અને ધન્ય થઈએ :

**વજન કરે તે હારે રે મનવા ! ભજન કરે તે જીતે.**
**તુલસી-દલથી તોલ કરો તો બને પવન-પરપોટો,**
**અને હિમાલય મૂકો હેમનો તો મેરુથી (પણ) મોટો,**
**આ ભારે હળવા હરિવરને મૂલવવો શી રીતે ?**
**રે, મનવા, ભજન કરે તે જીતે. એક ઘડી તને માંડ મળી છે**
**આ જીવતરને ઘાટે, સાચ ખોટનાં ખાતાં પાડી**
**એમાં તું નહીં ખાટે, સ્હેલીશ તું સાગરમોજે કે**
**પડ્યો રહીશ પછીતે ? રે, મનવા, ભજન કરે તે જીતે.**
**આવ, હવે તારા ગજ મૂકી, વજન મૂકીને વરવાં,**
**નવલખ તારા નીચે બેઠો કયા ત્રાજવડે તરવા ?**
**ચૌદ ભુવનનો સ્વામી આવે ચપટી ધૂળની પ્રીતે**
**રે, મનવા, ભજન કરે તે જીતે. વજન કરે તે હારે રે મનવા !**
**ભજન કરે તે જીતે.....**

ગઈકાલની, આજની અને આવતીકાલની પ્રત્યેક પેઢીને માટે પ્રેરણાદાયક એવું આ ગીત ખરેખર અદ્ભુત છે. કમાલ છે 'વજન' અને 'ભજન' શબ્દોનો પ્રાસ જ નહીં પણ એના અર્થોય એટલા જ વજનદાર છે. આપણે જીવાતા જીવનમાં કેટલાય નકામા, ખોટ્ટા, અર્થ વગરના વજન લઈને ઘૂમતા હોઈએ છીએ. પણ સમજણપૂર્વકનું જીવન ભજન જો આપણે હૈયે લાધી જાય તો તો જીવન બેડોપાર થઈ જાય ! ખરુંને ? પણ આપણે તો આપણા જ ગજ (માપ) લઈને સર્વત્ર ફરીએ છીએ. આ આપણા માપ-તોલમાપ અને વરવા વજનો દરિયે ફેંકી દઈને હળવા થઈએ તો ક્યારેય દુ:ખ કે હતાશા આપણને હેરાન નહીં કરે ! સાંઈ કવિનું આ પદ આપણને એ દિલાસો આપે છે. કાશ એ વાત આપણે સમજીએ, ગાઈએ અને કોમળ કોમળ જીવવાનું પરમ સત્ય આપણને સૌને લાધી જાય તો..... !

**અંજલિ :**

**કોક દી રે નવરાશ વેળાએ આવજો આંહીં નિશંક,**
**બેસશું કૂણાં ઘાસ પરે આ જામફળીને અંક.**
**- મકરંદ દવે**





# રહરહ રોવરાવે ગવાતી ગુજરાતી કવિતાનો કરુણ કાગળ

ગવાતી ગુજરાતી કવિતાઓમાં એક વખત નહિ પણ અનેક વખત એવું બન્યું છે કે જે તે ગીતકાવ્ય ગુજરાતી પ્રજાના કંઠમાં વર્ષો સુધી ગવાતું આવ્યું હોય, પણ એના કવિ ભૂલાઈ ગયા હોય. આવાં તો અસંખ્ય ઉદાહરણો આપણી ભાષાના કાવ્યોમાં હજુ આજેય મળી આવે છે. તો ઘણી વખત એવુંય બન્યું છે કે કોઈ ગીત કાવ્ય આજે સુગમ સંગીતના માધ્યમથી પ્રજા સુધી પ્રચલિત થયું હોય. ગાયકો દ્વારા અવિરત-સતત એની પ્રસ્તુતિ થતી જ રહેતી હોય. કાવ્યસંગીતના કાર્યક્રમો કે બેઠકોમાં એ ગીત અચૂક ગવાતું જ હોય ! ન ગવાય તો શ્રોતાઓ દ્વારા ગાયકને યાદ કરાવીને એની ખાસ 'ફર્માઈશ' થતી હોય એ હદે એ રચના લોકપ્રિય હોય પણ, એ ગીત લખાયું હોય કોઈ ફિલ્મ માટે - ફિલ્મની સિચ્યુએશન માટે અને એ ગીત, એનું સ્વરાંકન ફિલ્મને લીધે લોકપ્રિય ન થયું હોય, પણ પછીથી એના સ્વરાંકનને કારણે સુગમ સંગીતના ગાયકોએ એ ગીત પોતાના કંઠમાં આબાદ રીતે ઝીલી લીધું હોય, અને પછી કંઠોપકંઠ એ રચના ગવાતી જ રહે અને એ રીતે ગુજરાતી પ્રજાના હૈયે એ ગીત પ્રસ્થાપિત થઈ જાય ! એનું ઉત્તમ અને હાથવગું દૃષ્ટાંત એટલે આપણાં સૌના લાડલા કવિ રમેશ પારેખનું 'સાંવરિયો' ગીત. આ ગીત ખરેખર તો કવિએ ઈ.સ. ૧૯૮૨માં રજૂ થયેલી ગુજરાતી ફિલ્મ 'નસીબની બલિહારી' માટે લખેલું અને જાણીતા સંગીતકાર ગૌરાંગ વ્યાસે, આશા ભોંસલે પાસે આ ગીત ગવડાવ્યું છે. પણ, આજે બહુ ઓછા લોકોને એ યાદ હશે કે એ ગીત ગુજરાતી ફિલ્મનું છે. વળી, સુગમ-સંગીતના કલાકારો પણ જ્યારે જ્યારે, જ્યાં-જ્યાં 'સાંવરિયા' ગીત પ્રસ્તુત કરે છે, ત્યારે ગૌરાંગ વ્યાસના સ્વરાંકન તરીકેની તેની ઓળખ આપે છે, પણ ગુજરાતી ફિલ્મ 'નસીબની બલિહારી' માટે

લખાયેલું અને તેમા રજૂ થયેલું આ ગીત છે - એવો ઉલ્લેખ ટાળવામાં આવે છે !

આપણે આપણાં ગુજરાતી ગીત-ગઝલો બિનગુજરાતી ગાયકો પાસે ગવડાવ્યાં હોય એવી તો અસંખ્ય રચનાઓ આપણી પાસે છે, એ મુદ્દો ધ્યાનમાં લઈને એના વિશે તો આખી ઐતિહાસિક-સંશોધનાત્મક એવી શ્રેણી લખી શકાય એટલી સામગ્રીઓ મળી આવે અને એ દિશામાં ભાગ્યે જ કામ થયું હોય એવું લાગે છે ! કોઈ ગુજરાતી કાવ્ય-સંગીત પ્રેમીએ આ કામ કરવા જેવું છે. જેમ 'નસીબની બલિહારી' માટે 'સાંવરિયો' ગીત આશા ભોંસલે પાસે ગવડાવ્યું છે એ પૂર્વે ગૌરાંગ વ્યાસના પિતાશ્રી સુપ્રસિદ્ધ સંગીતકાર-ગીતકાર અવિનાશ વ્યાસે પણ ઈ.સ.૧૯૭૭ની ગુજરાતી ફિલ્મ 'મા-બાપ' માટે આશા ભોંસલે પાસે એક ઉત્તમ ગીત-કાવ્ય ગવડાવ્યું - જે ગીત તો ઘણાં વર્ષોથી ગુજરાતી પ્રજાના કંઠમાં સચવાયું છે. અને આજે પણ છેવાડેના ગામડાંઓની ગુજરાતી પ્રજા વચ્ચે એ ગીત જીવતું છે. પણ એના કવિ વિસરાઈ ગયા છે. એ કવિ એટલે ઈન્દુલાલ ગાંધી. 'ઈંધણા', 'પલ્લવી' અને 'શ્રીલેખા' જેવા કાવ્યસંગ્રહ આપનાર રાજકોટના કવિને કોણ યાદ કરે છે ? વર્ષો પૂર્વે આ ભૂલાઈ ગયેલા કવિની ભાળ ડો. બળવંત જાનીએ ગુજરાતી ભાવકોને કરાવી આપી. 'ઈન્દુલાલ ગાંધીની કવિતા' - એ સંપાદન દ્વારા ડો. બળવંત જાનીએ આપણા આ ભૂલાઈ ગયેલા પણ 'સાચુકલા કવિ'ની ઉત્તમ છબી આપણી સમક્ષ રજૂ કરી છે. પછી તો ઈન્દુલાલ ગાંધીની અન્ય એવી ઘણી રચનાઓ તરફ આપણું ધ્યાન ગયું કે જે કાવ્યો આજે પણ જનસમાજની વચ્ચે, લોકોના ભાતીગળ કંઠમાં આ કાવ્યો સચવાયાં હોય અને હજુ આજે પણ સૌરાષ્ટ્ર - ગુજરાતના દૂર દૂર ખૂણાના ગામડાઓમાં એ ગીતો ગવાય છે. એટલું જ નહિ પણ દૂર પ્રદેશમાં સ્થાયી થયેલી ગુજરાતી પ્રજાની વચ્ચે પણ આ કવિનાં ગીતો ગવાય છે. પણ ત્યાં દરેક સ્થાનો પર આ ગીત ઈન્દુલાલ ગાંધીની રચના છે એની ભાગ્યે જ કોઈને ખબર હોય ! હા, કોઈ અભ્યાસુ ગાયક સંગીતકાર વળી, આ રચનાઓ પ્રસ્તુત કરતાં પહેલાં, કવિની ઓળખ આપે છે, ત્યારે ઘણી વખત શ્રોતાઓ-ભાવકોને આશ્ચર્ય અનુભવાયું હોય એવું ય બને છે. કહેવાનો આશય એટલો જ છે કે કેટલીક રચનાઓ આ રીતે લોકભોગ્ય બનીને, કંઠોપકંઠ વારસાના માધ્યમથી લોકગીત કે ભજનના સ્તરે પહોંચતી હોય છે. આજે ઈન્દુલાલ ગાંધીની આવી જ એક અતિ પ્રસિદ્ધ અને લોકભોગ્ય-લોકપ્રિય બની ગયેલી 'આંધળી માનો





કાગળ' રચનાનું સાથે મળીને આચમન કરીએ :

**અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત**
**પુનમચંદના પાનિયા આગળ ડોશી લખાવતી ખત,**
**ગગો એનો મુંબઈ ગામે; ગીગુભાઈ નાગજી નામે.**
**લખ્ય કે માડી ! પાંચ વરસમાં પ્હોંચી નથી એક પાઈ**
**કાગળની એક ચબરખી પણ, મને મળી નથી ભાઈ !**
**સમાચાર સાંભળી તારા; રોવું મારે કેટલા દા'ડા ?**
**ભાણાનો ભાણિયો લખે છે કે, ગગુ રોજ મને ભેળો થાય**
**દન આખો જાય દા'ડિયું ખેંચવા રાતે હોટલમાં ખાય,**
**નિત નવાં લૂગડાં પે'રે; પાણી જેમ પઈસા વેરે.**
**હોટલનું ઝાઝું ખાઈશ મા, રાખજે ખરચીખૂટનું માપ**
**દવાદારૂના દોકડા આપણે કાઢશું કયાંથી બાપ !**
**કાયા તારી રાખજે રૂડી; ગરીબની ઈ જ છે મૂડી.**
**ખોરડું વેચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ**
**જારનો રોટલો જડે નહિ તે દી પીઉં છું એકલી છાશ,**
**તારે પકવાનનું ભાણું; મારે નિત જારનું ખાણું.**
**દેખતી તે દી દરણાં, પાણી કરતી ઠામેઠામ**
**આંખ વિનાનાં આંધળાંને હવે કોઈ ન આપે કામ,**
**તારે ગામ વીજળી દીવા, મારે આંહી અંધારા પીવાં.**
**લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર**
**એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોઠીએ જાર.**
**હવે નથી જીવવા આરો; આવ્યો ભીખ માગવા વારો.**

પાર્શ્વગાયિકા આશાજીએ 'આંધળી માનો કાગળ' એવો તો કરુણાસભર કંઠે ગાયો છે કે જ્યારે જ્યારે એ વેદના સભર ગીત સાંભળીએ છીએ ત્યારે ત્યારે આપણું હૈયું પણ કરુણાથી દ્રવિત થઈ જાય છે. એમાંય 'દેખતી તે દી દળણાં પાણી કરતી' એ પંક્તિમાં 'દેખતી તે દી...' એટલી પંક્તિનું દર્દસભર સ્વરે પુનઃ ગાન થાય છે ત્યારે ખરેખર ભાવક તરીકે આપણા હૈયામાં પણ એ સ્વર સંવેદન દર્દનો

અહેસાસ કરાવે છે. આશા ભોંસલે પૂર્વે અને પછી પણ આજે આ ગીત ગુજરાતી ગેયકાવ્યોમાં શિરમોર છે. લોકસાહિત્યમર્મજ્ઞ અને લોકકંઠના માણીગર વિદ્વાન શ્રી ભીખુદાનભાઈ ગઢવી માર્મિક ટકોરની કહેણી સાથે જ્યારે આ ગીત પ્રસ્તુત કરે છે ત્યારે શ્રોતાઓ એના દર્દસભર કથનમાં ભીંજાય જાય છે.

ઉપરાંત ગુજરાતના જાણીતા પુસ્તક પ્રકાશક ગૂર્જર સાહિત્ય ભવન દ્વારા હમણાં જ એમની અમૃતપર્વ યોજના હેઠળ કેટલાક ગ્રંથોનો સંપુટ પ્રગટ કર્યો ત્યારે તેની સાથે સાથે ઉત્તમ ગુજરાતી ગેય કાવ્યોની બે ઓડિયો કેસેટ પ્રગટ કરી તેમાં પણ જાણીતા સંગીતકાર ગાયક શ્યામલ-સૌમિલ દ્વારા 'આંધળી માનો કાગળ' તેના મૂળ ઢાળમાં પ્રસ્તુત થઈ છે. જો કે આ ગીત પુરુષ ગાયકના સ્વરમાં એટલું જામતું નથી જેટલું આશા ભોંસલેના સ્વરમાં ભાવસંવેદન સહ પ્રસ્તુત થયું છે અને એ સ્ત્રીસ્વર જ વધુ ઉચિત લાગે છે. 'આંધળી માનો કાગળ' ઉપરાંત 'પ્રભુજીને પડદામાં રાખમા, પૂજારી તારા આતમને ઓઝલમાં નાખમા' અને 'હું ને મીરાં એક વાર મથુરામાં ગ્યાતાં' એ બન્ને પ્રસિદ્ધ ગેય રચનાઓ પણ ઈન્દુલાલ ગાંધીની કલમમાંથી જ અવતરિત થયેલી રચનાઓ છે. વર્ષો પૂર્વે જાણીતા ભજનિક પ્રાણલાલ વ્યાસના કંઠે 'મથુરામાં ગ્યાતાં' એ રચના સાંભળેલી એનો સ્વરનાદ હજુ આજે પણ હૈયામાં અકબંધ છે. ભજનના ઢાળમાં ગવાતી આ રચના છે. ૧૯૮૬ની ૧૦ જાન્યુઆરીએ વિદાય થયેલા આ ગૂર્જર કવિનો જન્મ ૮ ડિસેમ્બર - ૧૯૧૧માં થયેલો પણ ગઈકાલે અને આજે પણ ભૂલાઈ ગયેલા આ કવિના 'આંધળી માનો કાગળ'ના આ દર્દસભર અને સૌ કોઈ સંવેદનશીલ ભાવકોને રહ રહ રોવરાવે એવા આ કાગળને ગુજરાતી પ્રજા ક્યારેય નહિ ભૂલે ! કેમકે દૃષ્ટિ ધરાવતાં આપણે સૌ કે દેખીતી રીતે દેખતા આપણે સૌ પણ 'આંધળી માનો કાગળ'ના સંવેદનને આજે પણ એટલું જ આત્મસાત કરીને અનુભવી શકીએ એ જ આ ગીતનું સાફલ્ય છે.

**અંજલિ :**

**રૂથી પણ અધિક કોમળ છે જીવન આપણું**
**પામી શકો છો તમેય અંદર જો થાય એક તાપણું**
**દૂર બેઠો છું પણ નજરમાં સાચવ્યું છે મેં કંઈક નમણું**
**પથ્થર જેવી સ્થિતિ મારીને તમારે હાથ છે ટાંકણું**





## મનદર્પણમાં દર્શન દઈને,
## કોઈ બેવફા ચાલી જાય ત્યારે.....

ગુજરાતી કાવ્ય સંગીતની જ્યારે જ્યારે વાત કરીએ ત્યારે એક નામ વારેવારે લેવું જ પડે અથવા તો લેવાનું મન થાય એ નામ એટલે અવિનાશ વ્યાસ. સાચ્ચે જ ગુજરાતને, ગુજરાતમાં અને ગુજરાતની બહાર દરિયાપારના દેશોમાં પણ કોઈએ ગાતું કર્યું હોય - ગાતું રાખ્યું હોય તો તે અવિનાશ વ્યાસ છે. હજારો ગીતો એમણે લખ્યાં. અસંખ્ય લોકઢાળોના લોકકંઠી વારસાને એણે જીવની જેમ સાચવીને આપણા સુધી પહોંચાડ્યા. એમણે લખેલા, સ્વરબદ્ધ કરેલા અને બિન ગુજરાતી ગાયકો પાસે પણ વર્ષો પૂર્વે ગવડાવેલાં અસંખ્યગીતો હજુ આજેય ગુજરાતની ગલી-ગલીમાં ગુંજે છે. અરે, અવિનાશભાઈની એવી તો કેટલીય રચનાઓ - સ્વરાંકનો છે જે આજે લોકગીતની કક્ષાએ પહોંચીને ગુજરાત - સૌરાષ્ટ્રના લોકસંગીતના પ્રદેશમાં પહોંચી ગયા છે. ઘણાયને ઘણી વખત, હજુય એ ખ્યાલ નથી આવ્યો કે આ ગીતના શબ્દકાર-સ્વરકાર અવિનાશ વ્યાસ હતા / છે. સતત ગાવાનું ઝંખતા ગુજરાત પાસે જમાનાને અનુરૂપ ગીતો નહોતાં. સમાજજીવનને બદલાયેલા સંદર્ભો અને જીવાયેલા લોકજીવન વચ્ચે ઝૂલતા મનને 'નવું' આકર્ષતું હતું પણ 'જૂનું' વિસરાતું ન હોતું. આવા સંધિકાળમાં અવિનાશભાઈની સર્જકતાએ સૂર શબ્દના સથવારે ગુજરાતને ગાતું કર્યું. અનેકવિધ પ્રસંગો, પરિસ્થિતિઓ, પર્વો અને સંબંધોને એમણે ગીત, ગરબા, ભજન, ગઝલ તેમજ નૃત્ય નાટિકાઓમાં આલેખ્યા. ક્યારેક સ્વરબદ્ધ શબ્દ, ક્યાંક શબ્દબદ્ધ સ્વરના સથવારે સરળ, સુગમ અને સુરીલી રચનાઓ લોકહૈયે વસી ગઈ અને હોઠ પર રમતી રહી. મસ્તીની ગુલાબી અને ભક્તિનો ગેરુઓ રંગ સમાંતરે છલકે છે આ શબ્દ-સ્વરકારની રચનાઓમાં અનુભૂતિ અભિવ્યક્તિ બને ત્યારે એમને શબ્દોના છોછ કે વળગણ નથી.

અવિનાશ વ્યાસની સર્જકતાએ રચેલ સમતોલ રસાયણે આપણા સંગીતને 'ગુજરાતીતા' આપી. પરંપરા અને પ્રયોગશીલતાના ત્રાજવામાં પગ રાખી ભાવકને પ્રસન્નતાનો અનુભવ કરાવતો લક્ષ્યવેધ કરે છે આ માણસ. સુગમ સ્વર, સુગમ શબ્દની સાથે સુગમ વિચાર એમને મળેલી અપ્રતિમ લોકપ્રિયતાના મૂળમાં છે. આ મહાસર્જકે ગુજરાતણના કંઠમાં ગીતના કૂવા ગળાવ્યા ને ગીત - સંગીતનો શોષ સંતોષાયો. અવિનાશ ભાઈની શબ્દ-સ્વરરચનાઓ સોનામહોર જેવી છે. એ સમયના કાટથી પર છે. એને ક્યારેય કદીય કાટ નહિ લાગવાનો. સોનું સદાય ચલણી રહેવાનું. ગુજરાતને એનું ગુજરાતી સંગીત આપનારા આ ગુજરાતી સુગમ સંગીતના અધિપુરુષના સમગ્ર સંગીત વારસાને અભ્યાસીઓએ આજના કલાકારોએ અવિનાશી સંગીત તરીકે તપાસવા જેવો છે જ.

આજે જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ત્યાં આ 'અમર સદા અવિનાશ' બિરાજ્યા છે. આજથી સાત-આઠ વર્ષ પહેલા પુરુષોત્તમ ઉપાધ્યાય અને ચંદુ મટ્ટાણી (લંડન) એ આપણા આ મહાન સંગીતકાર શબ્દકારને અંજલિ આપવા 'અમર સદા અવિનાશ'ની ચાર-ચાર ઓડિયો કેસેટ્સનું સમૃદ્ધ આલબમ પ્રગટ કરેલું કેસેટ્સના આ ચારેય અંકો, આપણી ગુજરાતી કાવ્ય સંગીતની મોંઘેરી જણસ છે. આ ચાર કેસેટમાં ગુજરાતી સુગમ સંગીતના ચાલીસ જેટલા કલાકારોએ પોતાના સ્વરથી 'અવિનાશાંજલિ' અર્પી છે. થોડા સમય પૂર્વે આપણા યુવાન કવિ, તરવરિયા એવા સફળ સૂત્રધાર અંકિત ત્રિવેદીએ અવિનાશ વ્યાસના સમગ્ર શબ્દ - ભાવવિશ્વને સંપાદિત કરીને ત્રણ દળદાર ગ્રંથોમાં આપણને આપણા આ કવિ-સંગીતકારનો પુનઃ ભેટો કરાવ્યો છે. જો કે અંકિત ત્રિવેદીની ય ઝીણી નજરમાંથી છટકી ગયેલું એક દર્દીલું ગીત, જે 'અમર સદા અવિનાશ' ભાગ-૨ની કેસેટમાં સાંભળવા મળે છે. આપણી હિન્દી ફિલ્મના સુ-પ્રસિદ્ધ - પ્લેબેક સીંગર, મધુરસ્વર, દર્દીલા સ્વરના ધની સુરેશ વાડકર જેવા બિન ગુજરાતી ગાયક પાસે પુરુષોત્તમ ઉપાધ્યાયે સ્વરપરિશ્રમ કરાવીને એક ખૂબ જ દર્દીલું - કરુણગર્ભ ગીત ગવડાવીને કમાલ કરી છે.

વર્ષો સુધી અખંડ પ્રેમના તાંતણે બંધાયેલા પ્રેમીને અચાનક એની પ્રિયતમા છેહ દઈને ચાલી જાય. પ્રેમભગ્ન હૃદય પછી તો અંદર-અંદર કેવું ઝીણું-ઝીણું ઝૂર્યા કરે એની તીવ્ર દર્દસભરતા આ ગીતને કરુણતાના શિખર પર પહોંચાડે છે. પ્રિયતમા





અચાનક જ બેવફા થઈ જાય એ તો ઠીક પણ પ્રિયતમને તરછોડવાનું કારણ જણાવ્યા વગર જ કોઈ અચાનક પીઠ ફેરવીને જતું રહે ત્યારે કેવી કારમી પીડા ઉદ્ભવે એ તો જે પ્રેમીએ આવી બેવફાઈ અનુભવી હોય એનું મન જ જાણે. આ જખ્મ વર્ષો સુધી પ્રિયતમ પોતાના મન - હૃદયમાં સંગોપીને જીવે છે. પ્રેમીને ક્યારેય કળ નથી વળતી. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી રગેરગમાં વ્યાપી ગયેલું આ દર્દ એ કોને કહે ? ક્યાં વ્યક્ત કરે ? કેમ કરીને એ આ દર્દ ગાય ? જ્યારે શબ્દ - સ્વર ગળામાં ડૂમો થઈને અટકી પડ્યા હોય ! પ્રિયતમા સાથે વીતેલો સમય, પ્રસંગો, ઘટનાઓ, સ્થળો આ બધું જ પ્રિયતમની છાતીમાં ખીલાની જેમ ભોંકાય છે. ને કદાચ, વર્ષો પછી પણ એ પ્રિયતમા ક્યાંય રસ્તાને વળાંકે-ત્રિભેટે મળી જાય તો ય એને તો કશુંય નથી જ અનુભવાતુ. હા, એ બિચારી હવે તો 'વ્યવહારુ' બની ગઈ છે અને એક કોચલામાં ગોઠવાઈ ગઈ છે. ગોઠવાવું પડ્યું છે. ધરાર મને - કમને ને પેલો પ્રિયતમ તો એ જ પ્રિયતમાનું દર્દ સાચવીને, અતીતની સ્મૃતિઓને વાગોળતો, અશ્રુવિરહી આંખે ગાય છે. સાંભળો એ પ્રિયતમનું, સુરેશ વાડેકરના દર્દીલા સૂરમાં સંવેદાતું આ ગીત :

**ભાંગ્યા મનની આદત એવી કે ભૂલનારાને ભૂલે નહિ**
**એક ડાળ ઝૂલ્યો મનપંખી, હવે બીજી ડાળી ઝૂલે નહિ**
**એક બેવફા મારા મનદર્પણમાં દર્શન દઈને ચાલી ગઈ**
**એક બેવફા કરી સ્નેહનું સર્જન વિસર્જન થઈ ચાલી ગઈ**
**ઝંખી ઝંખી ઓ, મનપંખી ક્યાં સુધી રિબાવું**
**તરસ્યા રહીને મૃગજળ માટે ક્યાં સુધી વલખાવું**
**એક બેવફા શબનમ બદલે, આંસુવન વરસાવી ચાલી ગઈ**
**ઓ, બેરંગ તે ફૂલ બિછાવી કંટક નીચે રાખ્યાં**
**તું થઈ બેઠી ગુલ કોઈનું કાંટા મુજને વાગ્યા**
**એક બેવફા બાગ બનાવી, આગ લગાવી ચાલી ગઈ**
**એક બેવફા બાગ બનાવી, આગ લગાવી ચાલી ગઈ**
**એક બેવફા મારા મનદર્પણમાં દર્શન દઈને ચાલી ગઈ...**

સુરેશ વાડકરના ઘેરા ગમગીની ભર્યા સ્વરમાં આ ગીત સાંભળ્યા પછી તમારી આંખો જો ભીની ન થાય તો સમજવું કે તમને હૈયું નથી. પ્રેમનાં દર્દની

અનુભૂતિ નથી. આ ગીતમાં સીતાર અને વાંસળીના સ્વરોની ગૂંથણી ગીતના દર્દને કરુણતાના શિખરે પહોંચાડે છે. પ્રારંભે સાખીના શબ્દોથી જ આ ગીતની ગમગીની આપણને ઘેરી લે છે. 'એક બેવફા' એ શબ્દ જે ઉદાસીનતાથી સુરેશ વાડકર ગાય છે કે આપણે પણ હચમચી જઈએ. અને 'ચા...લી ગઈ' એ શબ્દપંક્તિ જેટલી વખત ગવાય છે એટલી વખત, દરેક વખતે અલગ - અલગ સ્વરતાનથી ગવાય છે અને દરેક વખતની એની સ્વરાનુભૂતિ આ સ્વરાંકનની બારીકાઈનો અહેસાસ તો કરાવે છે જ પણ અવિનાશ વ્યાસનું ઝીણું સ્વરકર્મ પણ અહીં ઝીલાય છે. એ તો હૃદયમાં ઝીણું દર્દ હોય અને સરવા - ઝીણા કાન હોય તો જ અનુભવાય. સંભળાય, ઝિલાય. 'કંટક નીચે' પંક્તિમાં 'નીચે' શબ્દ અને '....ગુલ કોઈનું'માં 'નું' શબ્દ પરનો અત્યંત તીવ્ર સ્વરભાર, સુરેશ વાડકરની ઝીણી ગાયકી ઉપરાંત સ્વરાંકનને આત્મસાત કરીને પ્રસ્તુત કરવાની અમૂલ્ય કળાનો પરિચય આપે છે. આખ્ખી રાત આ એકને એક જ સ્વરાંકનને 'રીપીટ' મોડ આપીને સાંભળ્યા કરવાની દર્દીલી મૌજ કંઈ ઓર જ છે !

'અમર સદા અવિનાશ'ની કેસેટ શ્રેણી સિવાય આ ગીત ક્યારેય-ક્યાંય સાંભળવા નથી મળતું. રેડિયો, ટીવી, ચેનલ્સ કે એફએમમાં ક્યાંય આવા માણવા જેવાં ગીતો માણવા નથી મળતાં એની પીડા ક્યાં જઈ કહેવી ? કોઈપણ કાવ્ય સંગીતના પ્રેમી - ભાવક, દર્દસભર ગીતોના પ્રેમી કે બેવફાઈનો અનુભવ કરનાર ઘાયલને આ દર્દીલું ગીત સાંભળવું હોય તો મને (૯૪૨૬૨ ૪૨૧૧૫) સાદ કરજો. ભાગ્યાં મન જેવું આ ઝુરાપાનું ગીત, સુરેશ વાડકરના અવાજમાં, તમારામાં રેડીશ.....!

**અંજલિ :**

**જીવતર છો હોય છિન્ન ભિન્ન, લગે રહો મુન્નાભાઈ !**
**એ જ બને છે અહીં અભિન્ન, લગે રહો મુન્નાભાઈ !**
**રાધાને રૂદન મળે તો સારું, 'મનોજ' ક્યારેક મળશે !**
**દાખલો ગણાશે સાચો દિન-પ્રતિદિન, લગે રહો મુન્નાભાઈ !**





## સાવ વિસરાઈ ગયેલા એક કવિનું તાર સ્વરે ગાવા જેવું એક યાદગાર ગીત.....

સમય નામનું ચક્ર - પરિબળ ભલભલાને ભુલભુલામણીની આંટીઘૂંટીમાં ઘુમાવતું રહે છે. પ્રત્યેક પળ, વીતી ગયેલી પળને પળવારમાં ભૂતકાળ બનાવી દે છે. આપણે હર ક્ષણે નવું નવું નવું જ જીવીએ છીએ. વીતી જાય છે એ જૂનું જ થઈને રહી જાય છે. અને જૂનાને યાદ ન કરવું - ભૂલી જવું એ કદાચ નિયતિનો જ ક્રમ છે. જો કે જૂનું જીવાઈ ગયેલું જીવન ક્યારેક ક્યારેક અપવાદરૂપે કે દાખલારૂપે જ યાદ કરાતું હોય છે. આ બ્રહ્માંડ - પૃથ્વી પર સમયનો આવો જબરો ખેલ પળેપળ મંડાતો જ રહે છે. પ્રત્યેક સજીવ સૃષ્ટિનો ઉદ્‌ભવ થાય છે અને ઉથાપન (વિદાય) થાય છે એટલે જ કદાચ ખુદ ભગવાનનેય પણ હંમેશાં નૂતનતા જ ગમે છે. તેથી એ હંમેશા નવી નવી સજીવ સૃષ્ટિ જન્માવતો રહે છે અને જૂનું થાય એટલે એનો લોપ પણ કરતો જ રહે છે. આપણા કવિ સુન્દરમ્ પણ માર્મિક રીતે આ વાત એક પંક્તિમાં જ કહી દે છે કે 'ઘણુંક ઘણું ભાંગવું, ઘણ ઉઠાવ મારી ભુજા !' આમ સર્જન-વિસર્જનની પ્રક્રિયા અદ્‌ભુત રીતે પરમેશ્વર સંયોજિત કરી જ રહ્યો છે. એનો તાલ કે પગેરું આપણે ક્યારેય નહિ મેળવી શકીએ.

સાહિત્યની દુનિયામાં પણ કેટલાય સર્જકો વિસ્મૃત થતા જાય છે, નવ્ય સર્જકો આવતા જાય છે, આજે જે નવ્ય છે તે પણ આવતીકાલે જૂના થઈ જવાના અને પછી કાળક્રમે વીસરાઈ જવાના ! કારણ કે માનવ-પ્રજાને જૂનું યાદ કરવામાં બહુ રસ નથી, એને તો આગળ આગળની નૂતનતામાં જ અભિરુચિ છે એટલે એ સતત નૂતનતાને-આવતીકાલને જ હરહંમેશ ઝંખે છે. હા, ક્યારેક સુખ-દુઃખના સંદર્ભોનો રોજમેળ હિસાબ મેળવવા માટે એ ગઈકાલમાં થોડીકવાર લટાર મારશે. વિવિધ કલા સ્વરૂપોમાં પણ સર્જન-વિસર્જનની પ્રક્રિયાનું સમયચક્ર અવિરત ચાલતું જ રહે છે.

આજે 'આચમન'માં એવા જ એક સાવ કરતાં સાવ જ વિસરાઈ ગયેલા એક કવિનું ગીત ગણગણવાનું, ખૂબ ઊંચા સ્વરે ગાવાનું મન થયું છે. મારાં 'સ્વરાંકન સંગ્રહાલય'ની સંદૂકમાંથી અચાનક જ એ 'કાન લાગ્યું' (હાથ લાગ્યું) વર્ષો પૂર્વે આપણા સમર્થ સ્વરકાર-ઘેઘૂર અવાજના માલિક પુરુષોત્તમ ઉપાધ્યાયે આ ગીતનું સ્વરાંકન કર્યું છે, ગાયું છે અને આપણા કવિ સુરેશ દલાલે - મ્યુઝિક ઈન્ડિયાના સહકારથી એક ઓડીયો કેસેટ 'સૂરાવલી' તૈયાર કરાવેલી તેમાં કેસેટની 'એ' સાઈડમાં પહેલ વહેલું જ આ ગીત આપણા 'કાનવગું' થાય છે. પણ મારે વાત એ કરવી છે કે એ ગીત, એનો કવિ, એનો સ્વરકાર વગેરે બધું જ ગઈકાલમાં ધકેલાઈ ગયું છે. આજે કોને એ સાંભળવામાં અભિરુચિ છે ? ભૌતિકતાની ભૌમિતિક દોડધામમાં રઘવાયો થયેલો માણસ થોડો વિસામો લે તો એને આવું સુંદર સુંદરગીત-સ્વરાંકન સાંભળવાનું કે વાંચવાનું મન થાય ને ? એ કવિ એટલે આપણી જૂની પેઢીના સર્જક ભાનુશંકર વ્યાસ. ઓળખાણ ન થઈને ? હા, ભાનુશંકર વ્યાસ તો એનું મૂળ નામ અને કવિ તરીકે 'બાદરાયણ'ના નામથી આ કવિ એક સમયે પ્રસિધ્ધ હતા. માત્ર એક જ કાવ્યસંગ્રહ 'કેડી'માં એમની માણવા જેવી કૃતિઓ સમાવિષ્ટ છે. હવે આજે તો 'કેડી' કાવ્યસંગ્રહ પણ અપ્રાપ્ય છે અને પે'લી ઓડિયો કેસેટ 'સૂરાવલિ' પણ અપ્રાપ્ય છે. 'સૂરાવલિ'માં 'બાદરાયણ'ની એક રચના ઉપરાંત અન્ય આવા જ ઓછા જાણીતા કે વિસરાઈ ગયેલા કવિઓના ગીતો પુરુષોત્તમ ઉપાધ્યાય અને હંસા દવેએ ગાયા છે. કવિ બાદરાયણનું એક કાવ્ય આજેય પણ પ્રાર્થના જેવું બનીને અમર થઈ ગયું છે અને ઘણાંય એવા હશે કે આ પ્રાર્થના જેવી કવિતાનો કવિ કોણ છે એનો ખ્યાલ ન પણ હોય !

'આપને તારા અન્તરનો એકતાર, બીજું હું કાઈ ન માગું' એ બાદરાયણની રચના છે અને ખૂબ જ પ્રસિદ્ધ છે. ગીત, ભજન, સોનેટ અને મુક્તકો જેવા કાવ્યપ્રકારો બાદરાયણે ખેડ્યા છે. ૧૯૦૫માં જન્મેલા આ કવિએ ૧૯૬૩માં વિદાય લીધી. આ આપણી ગરવી ગુજરાતના ગૌરવરૂપ કવિ બાદરાયણની, પુરુષોત્તમ ઉપાધ્યાયે સ્વરાંકિત કરેલી અને હંસા દવેએ ગાયેલી ગીત રચના લ્યો, તમેય માણોઃ

**આજે રે સૂતેલું જીવન જાગિયું જાગ્યા**
**ઉરના સૌ તાર ચમક્યા ઉરના ચમકાર રે....**





**કાળજું કોરીને કીધું મેં કોડિયું પૂર્યા માંહી તેલ ફૂલેલ**
**અંતર વણીને વાટયું મેં કરી જગાવ્યો આતમનો મહેલ...**
**કાળ રે થંભ્યો' તો વહેતો વિશ્વમાં થંભ્યા દિશાઓના દોર**
**ન્હોતું આગળ નહોતું પાછળ ડૂબ્યો જગનો કલશોર...**
**આજ રે સૂતેલું જીવન જાગિયું.**

આ ગીતનું સ્વરાંકન એટલું તો હૃદયસ્પર્શી છે કે સ્થાયી-અંતરાની પંક્તિઓ જેમ જેમ ગવાતી જાય તેમ તેમ સપ્તક સુધીના સૂર આપણને વિહ્વળ કરી મૂકે છે. કીબોર્ડ, વાંસળી, ગીટાર, હાર્મોનિયમ, સાઈડ ઈફેક્ટસ, વગેરે વાદ્યોનો સૂઝપૂર્વકનો ઉપયોગ આ સ્વરાંકનને ભર્યું ભર્યું કરે છે. ઝીણા કાને વારંવાર સાંભળવાથી આ ગીતના બીજા અંતરાની 'થંભ્યા દિશાઓના દોર' એટલી જ લાઈનમાં પુરુષોત્તમ ઉપાધ્યાય ખુદ હંસા દવેની સાથે રેકોર્ડિંગ દરમિયાન ગાઈ ઊઠે છે. એડીટિંગ વખતે પણ એ ઘટના એમ જ મૂકીને કેસેટમાં ઝીણાસ્વરે ગાતા પુરુષોત્તમ ઉપાધ્યાયનો અવાજ સંભળાય છે.

સુગમ સંગીતના કાર્યક્રમોમાં, અરે, ખુદ પુરુષોત્તમ ઉપાધ્યાય-હંસા દવેના કાર્યક્રમોમાં પણ હવે તો આ ગીત ક્યારેય સાંભળવા જ નથી મળતું. કેટલીય વખત અડધી રાતે જાગીને પણ 'આજ રે સૂતેલું જીવન જાગિયું' સાંભળું છું પછી ઊંઘ ક્યાંય હડસેલાય જાય છે. કાળજાનું કોડિયું કહીને એમાં આપણાં અંતરની વાટયું (રૂની વાટ) પ્રગટાવીને આતમનો મહેલ અજવાળવાની ઘટના ઘણું બધું સૂચવી જાય છે. એક ઉત્તમ કવિતાનું ઉત્તમ સ્વરાંકન સાંભળીએ તો હાર્ટએટેક અને બ્લડપ્રેશરના ચાન્સ ઘણા ઓછા થઈ જાય હોં... ! અનુભવ કરવા જેવો છે. આપણી સમૃદ્ધ કવિતાઓના સમર્થ સ્વરાંકનો આપણી રાહ જુએ છે. આપણે આપણો કાન અને હૈયું સાબૂત રાખીએ તો ગીતનો દરિયો તો એયને આકાશ જેવડા હાથ ફેલાવીને આપણને ભેટવા બોલાવે છે. તમને છે સમય ?

**અંજલિ :**

**દરિયા કાંઠાની રેતીના પ્રશ્નો જે હલ કરે છે.**
**એ જ પછી મોજાંના ઘૂઘવાટને સરલ કરે છે.**

## પાસે રહીને મને લાગે છે કેમ હવે કેટલાય જન્મોનું છેટું !
## વાતે વાતે કોઈને વાંકું પડે ત્યારે.....

ગુજરાતી સુગમસંગીત (કાવ્ય સંગીત) એ નિરંતર, ગતિશીલ અને અવિરત વહેતી પ્રક્રિયા છે. જ્યાં સુધી ગુજરાતી કાવ્યો અવતરિત થતાં રહેશે ત્યાં સુધી એ કાવ્યોની સ્વરસરિતા પણ સર્જાતી જ રહેશે. એટલે કે કાવ્યોનું કોઈપણ ગેય સ્વરૂપ એને હંમેશા જીવંત રાખે છે. એમાંય વળી, ગીતસ્વરૂપ તો, મુક્તકંઠે ગાવાની જ પ્રક્રિયા છે. એક વાત ચોક્કસ છે કે જે ગીતો ગવાય નહિ, તેને કાટ લાગી જાય છે. કહો કે કાળની ગર્તામાં ધકેલાય જાય છે. જ્યારે સતત ગવાતાં-ગીતો એ હંમેશા આપણને નિત્ય નૂતનતાનો અનુભવ કરાવે છે, અને આવાં ગીતો તો પ્રજાની ઓળખ છે અને એ ગીતો, એક પેઢીના લોકો, બીજી પેઢીને, બીજી પેઢી ત્રીજી પેઢીને એમ સતત વારસો આપતી જાય છે. તેથી જ ગુજરાતી કાવ્યોનું ગેય સ્વરુપ, એ કાવ્યોને એક ડગલું આગળ લઈ જાય છે. યુગો-યુગોથી ગવાતાં આવતાં કાવ્યો એ ઝરણાંની જેમ આપણને પ્રસન્ન કરે છે. ઘણી વખત ગુજરાતી સુગમ સંગીતક્ષેત્રમાં કોઈ એક જ કવિની અસંખ્ય કૃતિઓ, જુદા જુદા સ્વરકારો દ્વારા સ્વરાંકિત થતી રહે છે અને ભિન્ન ભિન્ન ગાયકો દ્વારા એ ગવાતી રહે છે.

કવિ જગદીશ જોશી આપણી વચ્ચેથી એવી રીતે પસાર થયા છે કે, એમનું ચાલ્યા જવું એ ક્યારેય માની ન શકાય, એવી રીતે આ કવિ આજેય એમની કવિતાઓમાં સતત જીવંત છે અને સદૈવ તરોતાજા છે. એના ગીત વિશ્વનો મુખ્ય ભાવ-વિરહ, મૃત્યુ અને પ્રણય છે. એમની રચનાઓમાં પગલે પગલે સ્વરમુદ્રા ઊપસે છે. એમનાં ગીતો આજે પણ યુવા હૃદયના તારને ઝણઝણાવી જાય છે. જગદીશના ગીતોમાં મૃદુતાનું સૌંદર્ય છે. પ્રેમને જ જીવનનું સર્વસ્વ માનતા આ કવિની કવિતામાં પ્રેમનું ભાવસંવેદન સર્જાય છે. એમના શબ્દરંગની છાયા નોખી-અનોખી છે. નાયક-





નાયિકાનાં કેટલાય સૂક્ષ્માતીત ભાવોને આ કવિ સહજ રીતે ગીતબાનીમાં ઢાળી શકે છે. પ્રણયમાં ઘણી વખત એક-મેક સાથેનાં અબોલાં-રુસણાં બન્ને વચ્ચેના પ્રેમને વધુ ગાઢ બનાવે છે. આપણાં કાવ્યોમાં આ રુસણાં-મનામણાંના ભાવો અલગ-અલગ કવિઓએ, અલગ-અલગ અંદાજમાં વ્યક્ત કર્યા છે. એના હજારો દૃષ્ટાંતો આપણને આપણી ભાષામાંથી મળી આવે છે. આજે ‘આચમન’નાં ભાવકોને જગદીશ જોશીનાં આવા જ એક ગીતના ભાવવિશ્વમાં યાત્રા કરાવવાનો મનસૂબો છે. ‘વાતોની કુંજગલી’ આવા શીર્ષકથી ઈ.સ.૧૯૭૪માં જગદીશની કલમે અવતરેલું આ ગીત આજે પણ એટલું જ યાદગાર છે અને સુગમ સંગીતની મહેફિલોમાં આજે પણ એ સતત ગવાતું ગીત છે. કવિના સપનાંને, વેદનાનું વૈકુંઠ મળે ત્યારે એની આંખોમાં વાદળાં અને વાયરા પ્રસરી જાય છે. આવાં પ્રતીકો આ ગીત કવિતાને હૃદયસ્પર્શી બનાવે છે. આપણે આ ગીતની વિવેચનભોમમાં ન જતાં આ ગીતને જ ગાવા દઈએ કે મનમાં મનમાં અંદર-અંદર ગણગણવા દઈએ.

વાંચતાંની સાથે જ આપણે ગાતાં થઈ જઈએ એવું મોકળે કંઠે - ખુલ્લા ગળે ગાઈ જવા જેવું ગીત છે. ચાલો, મારી સાથે તમેય આ ગીત ગાઓ, નહિ તો તમને સમ..... !

**વાતે વાતે તને વાંકું પડ્યું ને મેં તો વાતોની કુંજગલી છોડી દીધી.**
**શબ્દોને પંથ કોણ કોને નડ્યું ? મેં તો વાતોની કુંજગલી છોડી દીધી.**
**આંખોમાં વાદળાં ને શ્વાસોમાં વાયરા પણ અડકો તો ભોમ સાવ કોરી**
**તારા તે કાન લગી આવી ઢોળાઈ ગઈ હોઠ સમી અમરત કટોરી.**
**પંખીની પાંખ મહીં પીછું રડ્યું મેં તો વાતોની કુંજગલી છોડી દીધી.**
**હવે ખળખળતાં ટળટળતાં અંધાર્યા જળ કે અણધાર્યો તૂટી પડ્યો સેતુ**
**પાસે રહીને મને લાગે છે કેમ હવે કેટલાય જન્મોનું છેટું !**
**મારાં સપનાંને વેદનાનું વૈકુંઠ જડ્યું ને મેં તો વાતોની કુંજગલી છોડી દીધી.**

ગુજરાતી સુગમસંગીતના સમર્થ સ્વરકાર-ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાયનું આ અત્યંત જાણીતું સ્વરાંકન છે. વર્ષો પૂર્વે લખાયેલી આ ગીતકૃતિનું સ્વરાંકન પણ વર્ષો પૂર્વે પુરુષોત્તમભાઈએ કરેલું છે, તોય ગીત અને સ્વરાંકન બંન્ને આજે ત્રણ-ચાર દાયકા પછી પણ ફૂલો જેવાં તાજાં લાગે છે. આજની પેઢીના ગાયકોને પણ

આ ગીત-સ્વરાંકન એટલું જ સ્પર્શે છે ત્યારે ગીત-સંગીતનો ચિરંજીવી એવો મહિમા જણાય છે.

આ ગીત કૃતિમાં સરળ શબ્દોમાં પ્રણયભાવ વ્યક્ત થઈ જાય છે. વાતવાતમાં કોઈને વાંકું પડે, કોઈ છંછેડાઈ જાય ત્યારે મૌન ધારણ કરીને વાતોરૂપી કુંજગલી છોડી જાય છે. 'કુંજગલી' શબ્દ પ્રયોગ આપણને છેક રાધાકૃષ્ણ સાથે જોડી આપ છે. આવું થાય ત્યારે પંખીની પાંખનું પીછું પણ રડી પડે - એ કલ્પન પણ કેટલું ભાવવાહી છે અને અણધારી રીતે અંદરનો સેતુ તૂટી પડે છે ત્યારે શું થાય ? એ કહી-વર્ણવી ન શકાય તેવી અનુભૂતિ છે, ઘણી વખત આપણે એકમેકની પાસપાસે હોઈએ તો પણ ક્યાંક દૂર-દૂર હોઈએ એવું લાગવા માંડે છે. અહીં આજ પ્રકારના ભાવની, અન્ય એક કવિની ગીત પંક્તિનું સ્મરણ થઈ આવે છે. એ પણ જાણીતું-ગવાતું ગીત છે.

**"પાસપાસે તોય કેટલા જોજન, દૂરનો આપણો સાથ**
**જેમકે ગગન સાવ અડોઅડ, તોય છેટાંનો ભાસ"**

અહીં જગદીશ જોષી એમ કહે કે 'પાસે રહીને મને લાગે છે કેમ હવે કેટલાય જન્મોનું છેટું !' આમ, એક કવિનો બીજા કવિ સાથેનો સૂક્ષ્મ તાર કેવો સંધાય જતો હોય છે ! પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરમાં આ ગીત જ્યારે-જ્યારે સાંભળીએ છીએ ત્યારે કવિના ભાવવિશ્વની લગોલગ એનું સ્વરાંકન પણ સંવેદનનો અનુભવ કરાવી જાય છે. એમાંય પુરુષોત્તમ ઉપાધ્યાય જ્યારે 'છોડી દીધી' એ શબ્દ ગુચ્છ એવી રીતે પ્રસ્તુત કરે છે કે આપણને પણ કોઈ ચાલ્યા ગયાનો ભાવ સમજાય જાય છે. એ જ રીતે આ ગીતના બીજા અંતરામાં "હવે ખળખળતાં ટળટળતાં અંધાર્યાં જળ" એ પંક્તિ પણ આપણને વાદળ ઘેરાયાની અનુભૂતિ, પુરુષોત્તમભાઈના સ્વર દ્વારા થયા વિના રહેતી નથી. કવિને સપનામાં વેદનાનું વૈકુંઠ મળે ત્યારે શું થાય ? એ માટે તો તમારે આ ગીત પાસે જવું પડે, એનાં સ્વરાંકન પાસે જવું પડે, એને વેદનાના ઘાટા કંઠે ગાવું પડે, અનુભવવું પડે, સંવેદવું પડે અને બીજું ઘણુંબધું.....

**અંજલિ :**

**વાંકીચૂકી કેડીની જેમ તમેય કાં વંકાવ છો સાજન ?**
**જરીક પાસે આવીને પછી આમ કાં ફંટાવ છો સાજન ?**





## 'લીલા' અમર રહો 'આસિમ' રાંદેરીની.....

પ્રકૃતિના વાતાવરણમાં ઠંડી એકાએક ઘટતી ચાલી છે અને પ્રજામાં લગ્નની મૌસમ ખોફનાક યુદ્ધની જેમ ફાટી નીકળી છે. જ્યાં જુઓ ત્યાં લગ્નની જ ધાંધલ-ધમાલ ! લગ્નોય હવે તો આજના જમાનામાં 'બીગ બીઝનેસ' બની ગયો છે. એક લગ્ન નિમિત્તે કેટકેટલા વ્યવસાયોમાં સીઝનલ તેજી આવી જાય છે. કોઈ નવરું જ નથી પડતું ! અરે, ગોર મહારાજો પણ ચાર - ચાર, પાંચ - પાંચ શીફ્ટમાં કામ કરે છે. એને એટલાં 'બુકીંગ' થાય છે. ગોર મહારાજની આ હડિયાપટી જોઈને મને આપણા જાણીતા હાસ્ય કલાકાર શ્રી કિરીટ વ્યાસનો એક અત્યંત જાણીતો પોતાના માટે કહેલો એક 'જોક' યાદ આવે છે.

કિરીટ વ્યાસ આજે પણ પોતાનાં કાર્યક્રમોમાં એ 'જોક' કહે છે ત્યારે હજુ આજેય ખડખડાટ હસી પડાય છે. એ કહે છે કે : 'હું બ્રાહ્મણનો દીકરો છું. પે'લા બ્રાહ્મણિયુ-કર્મકાંડનું કામકાજ કરતો'તો. પણ એક દી' ઉતાવળમાં ભૂલથી મેં વરને બદલે અણવરને પૈણાવી દીધો ! તે દી'થી આપણને કોઈ બોલાવતું નથી !' આ તો કિરીટ વ્યાસનો 'જોક' છે પણ આજકાલ લગ્નની મૌસમનો જે રાફડો ફાટ્યો છે તે જોતાં એમાં તો ગોરબાપાથી કિરીટ વ્યાસના 'જોક'ની જેમ ગોટાળો થવાનો સંભવ રહે એવું લાગી રહ્યું છે. લગ્નની આવી પૂરબહાર સીઝન સમયે મને મહમૂદમિયાં મોહંમદ ઈમામ સૂબેદાર યાદ આવે છે. ઓળખાણ પડી ? ન ઓળખ્યા ? લ્યો, ઓળખાણ આપું. મ.મો.ઈ.સૂ. એટલે આપણા સુ-પ્રસિદ્ધ ગઝલકાર 'આસિમ' રાંદેરી. હવે ઓળખ્યાને ? હા, 'આસિમ' રાંદેરી એમ કહીએ એટલે તો ગુજરાતી ગઝલનાં એ રાંદેરીય શહેનશાહને તો કયો ગુજરાતી જન ન ઓળખે ? પે'લા 'લીલા' વિષયક કાવ્યોના મખમલી ગઝલકાર ખરું ? જી હા,

જનાબ મહમૂદમિયાં મોહંમદ ઈમામ સૂબેદાર એજ 'આસિમ' રાંદેરી. પે'લું એનું મૂળ નામ છે. 'આસિમ' રાંદેરી એમનું ઉપનામ (તખ્ખલુસ) છે. રાંદેરના વતની એટલે રાંદેરી. ગુજરાતી ગઝલનો એક ગૌરવરૂપ પડાવ એટલે જનાબ 'આસિમ' રાંદેરી સાહેબ. દરેક કવિને પોતાના સર્જન માટેનું પ્રેરણારૂપ એવું એક પાત્ર હોય છે. ક્યારેક ખરેખર એવું પાત્ર હોય પણ ખરું ! તો ક્યારેક એ પાત્ર કાલ્પનિક પણ હોય !

'આસિમ' સાહેબની ગઝલોનું આવું એક પ્રેરકમય પાત્ર એટલે 'લીલા' હા, 'લીલા'. અરે, એમના પ્રથમ કાવ્ય સંગ્રહનું શીર્ષક જ 'લીલા' (૧૯૬૩) છે. 'લીલા' અને 'શણગાર' (૧૯૭૮) એમ માત્ર બે જ સર્જનસંગ્રહો આપનાર આ ગઝલકારની 'લીલા'મય ગઝલો આજેય એટલી જ ઉલ્લેખનીય અને પ્રશંસનીય છે. 'આસિમ' રાંદેરીની લગભગ રચનાઓમાં, ગઝલો - નઝમોમાં 'લીલા' શબ્દનો સર્જનભાવ હોય જ છે. એકપણ રચના એવી નહિ હોય જેમાં 'લીલા'ના સંદર્ભો વ્યક્ત ન થયા હોય. આ સર્જકની કેટલીય ગઝલો-નઝમો સ્વરબદ્ધ થઈ છે. ગુજરાતી સુગમ સંગીતના જૂની પેઢીના સ્વરકારોથી માંડીને આજના સ્વરકારોનાં સ્વરાંકન સુધી આ ગઝલ સર્જક સ્વરાયા છે. જાણીતા ગુજરાતી ગઝલ ગાયક મનહર ઉધાસ પણ 'આસિમ' સાહેબના આશિક છે. એમણે આ ગઝલકારની બે-ત્રણ ગઝલ-નઝમને સ્વર દેહ આપ્યો છે. જેમાં 'કંકોતરી' રચના ખૂબ જ સફળ છે. ઉપરાંત 'જુઓ લીલા કોલેજમાં ભણવા' એ રચના પણ પ્રસિદ્ધ છે. મનહર ઉધાસના કાર્યક્રમોમાં આજે પણ શ્રોતાઓ 'કંકોતરી' નઝમની ફરમાઈશ અચૂક કરે છે. જો કે કેસેટ - સી.ડી. કે લાઈવ પ્રોગ્રામોમાં મનહરભાઈ આ નઝમ પૂરેપૂરી નથી ગાતા, પણ આઠ-દશ પંક્તિઓ જ પ્રસ્તુત કરે છે. જો કે આ પ્રકારની પ્રસ્તુતિમાં ગાયકને સમયનું બંધન હોય છે એટલે આખ્ખે-આખ્ખી રચના, ઈચ્છા હોય તો પણ નથી ગાઈ શકાતી ! 'આચમન'ના ભાવકો માટે અહીં 'આસિમ' રાંદેરીજીની એ અત્યંત સુપ્રસિદ્ધ 'કંકોતરી' રચનાનો મૂળપાઠ-અસલ (એટલે કે સંપૂર્ણ રચના) પ્રસ્તુત છે. આ રચના આજકાલ પ્રજાજીવનમાં ઉમંગથી ઉજવાતી લગ્નસરાની મૌસમની સાક્ષીએ મને યાદ આવી છે. 'લીલા' કાવ્યસંગ્રહમાં મારી પાસે એ આખી મૂળ રચના છે. ઉપરાંત મનહર ઉધાસના સ્વરમાં આ જગપ્રસિદ્ધ 'કંકોતરી'નું સ્વરાંકન પણ મારા સ્વર સંગ્રહાલયમાં સચવાયું છે. તો લ્યો, હવે





મારી સાથે તમેય એ 'કંકોતરી' વાંચો :

**મારી એ કલ્પના હતી, એ વીસરી મને,**
**કિન્તુ એ માત્ર ભ્રમ હતો થૈ ખાતરી મને.**
**ભૂલી વફાની રીત, ન ભૂલી જરી મને,**
**લ્યો એનાં લગ્નની મળી કંકોતરી મને !**
**સુંદર ન કેમ હોય, કે સુંદર પ્રસંગ છે,**
**કંકોતરીમાં રૂપ છે, શોભા છે, રંગ છે !**
**કાગળનો એનો રંગ છે ખીલતા ગુલાબ સમ,**
**જાણે ગુલાબી એના વદનના જવાબ સમ,**
**રંગીનીઓ છે એમાં ઘણી ફૂલછાબ સમ,**
**જાણે કે પ્રેમ - કાવ્યોની કોઈ કિતાબ સમ !**
**જાણું છું એના અક્ષરો વર્ષોના સાથથી,**
**શિરનામું મારું કીધું છે ખુદ એના હાથથી.**
**છે એને ખાતરી કે હું આવું નહીં કદી,**
**દીધેલ કોલ યાદ અપાવું નહીં કદી,**
**મારી ઉપર સભાને હસાવું નહીં કદી,**
**દીધેલ કોલ યાદ અપાવું નહીં કદી,**
**મુજ હાજરીથી એને લજાવું નહીં કદી,**
**દુઃખ છે હજાર, તોય હજી એ જ ટેક છે,**
**કંકોતરી નથી, આ અમસ્તો વિવેક છે !**
**કંકોતરીથી એટલું પુરવાર થાય છે,**
**નિષ્ફળ બને છે પ્રેમ તો વે'વાર થાય છે,**
**જ્યારે ઉઘાડી રીતે ન કંઈ પ્યાર થાય છે,**
**ત્યારે પ્રસંગ જોઈ સદાચાર થાય છે.**
**ગંભીર છે આ વાત કોઈ મશ્કરી નથી,**
**તકદીરનું લખાણ છે, કંકોતરી નથી !**
**કાગળનો એક કટકો છે જોવામાં એમ તો,**
**ભરપૂર છે એ પ્રેમની ભાષામાં એમ તો,**
**સુંદર, સળંગ રમ્ય છે શોભામાં એમ તો,**
**છે ફૂલસમ એ હલકો લિફાફામાં એમ તો,**

**કોમળ વદનમાં એનાં, ભલે છે હજાર રૂપ,**
**મારા જીવન ઉપર તો બરાબર છે ભારરૂપ !**
**એને ભલેને પ્રેમથી જોયા નહીં કરું,**
**વાચન કરીને દિલ મહીં ચીરા નહીં કરું,**
**સંયમમાં હું રહીશ, બળાપા નહીં કરું,**
**આવેશમાં એ ‘ફૂલ’ના કટકા નહીં કરું.**
**આ આખરી ઈજન છે હૃદયની સલામ દઉં,**
**‘લીલા’ના પ્રેમ-પત્રોમાં એને મુકામ દઉં.**
**‘આસિમ’ ! હવે એ વાત ગઈ, રંગ પણ ગયો,**
**તાપી તટે થતો જે હતો સંગ પણ ગયો,**
**આંખોની છેડછાડ ગઈ વ્યંગ પણ ગયો,**
**મેળાપની એ રીત ગઈ ઢંગ પણ ગયો.**
**હું દિલની લાગણીથી હજી પણ સતેજ છું**
**એ પારકી બની જશે, હું એનો એ જ છું !**

‘આસિમ’ રાંદેરી સાહેબ સાથેના મસ્તીભર્યા દિવસો યાદ કરતા, આપણા ગઝલગઢના રાજવી ‘ઘાયલ’ સાહેબ નોંધે છે : “હું આશ્ચર્યમુગ્ધ નજરે એમને જોઈ રહું. એક શાયરનું વ્યક્તિત્વ કેવું હોવું જોઈએ એ હું ‘આસિમ’ પાસેથી શીખ્યો. વ્યક્તિત્વને ઝેબ આપે એવાં જ વસ્ત્રો. ‘આસિમ’ એટલે રખાપત રખયતનો માણસ. અનુભવનો ખજાનો. ખાનદાની અને આભિજાત્યની મૂર્તિ. બદરી (કાચવાલા) આસિમ અને મરીઝની અખંડ ત્રિપુટીમાં ચોથો હુંય ભળ્યો. અમારી સોબતે બ્રહ્માનું સ્વરૂપ લીધું.”

‘આસિમ’ રાંદેરીની ‘કંકોતરી’ રચના મનહર ઉધાસના કંઠે સાંભળવાની મજા આવે છે. આ રમણીય રચના મનહરના મુલાયમ કંઠે વધુ આસ્વાદીય લાગે છે. આજે તો નવી ગઝલોની પ્રયોગાત્મક આબોહવામાં ‘આસિમ’ સાહેબ જેવા ગઝલકાર આપણા સાહિત્યનું એક મોટું આશ્વાસન છે.

**અંજલિ :**
**કમળ જેવું ખીલી જવાય છે તમારી કંકોતરીથી**
**ને એમ જ ક્યાંક ખોવાઈ જવાય છે તમારી કંકોતરીથી.**





# ..... મેળે નહીં આવું, મેળાનો મને થાક લાગે

આપણી આસપાસ-ચોપાસ, અત્ર તત્ર સર્વત્ર વાતાવરણમાં શ્રાવણિયા સરવડાંનું મદભર્યું સંગીત ગુંજારવ કરી રહ્યું છે. તો સુરત-વડોદરા-ભરૂચ જેવા આપણા ગમતીલા શહેરોમાં તથા તેની આસપાસના ગોકુળ જેવા આપણા ગામડાઓમાં આ જ વહાલેરો વરસાદ વેરી બન્યો છે. જ્યાં જ્યાં સ્થળ ત્યાં ત્યાં જળ-વિનાશક જળ-એવી પરિસ્થિતિ સર્જાઈ છે ત્યારે દરેક ગમગીની કે ઉદાસીને ધરમૂળમાંથી ઉખેડી ફેંકી દેવા માટે આપણા ગીત-સંગીતનું ગાન-શ્રવણ એ ઉત્તમોત્તમ શ્રાવ્યૌષધ છે. કોઈપણ દુ:ખ દર્દ, મુશ્કેલીનું નિવારણ આપણા સાહિત્યના સત્ત્વશીલ અને સશક્ત શબ્દોમાં છુપાયેલું છે જ. માત્ર એના સંસર્ગમાં રહેવું આવશ્યક છે. પ્રજા ઉપર આવતી કોઈપણ આફતોનો ઉકેલ આવા સાહિત્યમાં સંગોપાયો છે.

પોતાના દુ:ખોને તથા પોતાના થાકને ઉતારવા માટે, હૈયે હૈયું દળાય એવો માનવ મહેરામણ ક્યાંય પણ ઊમટે ત્યારે ત્યાં મેળો સર્જાય છે. મેળાની મોંઘેરી મીરાતમાં આપણી લોકસંસ્કૃતિની ઉજ્જવળ છબિ પ્રગટ થાય છે. વિધ વિધ જાતના અને વિધ વિધ પ્રદેશના લોકમેળાઓનો આપણી પાસે મબલખ એવો સાંસ્કૃતિક ઈતિહાસ છે. આ મેળાઓ થકી જ આપણી લોકસંસ્કૃતિની અને એ રીતે આપણા માનવ સમૂહોની એક સામાજિક ઓળખ મળે છે એમ કહીએ તો એ યોગ્ય જ છે. આપણા ભારતીય અને ગુજરાતી સાહિત્યના સર્જનોમાં આ આપણા મેળાઓનો ધબકાર સુપેરે ઝીલાયો છે. પ્રતીકો, કલ્પનો કે ઉપમાઓના માધ્યમથી પણ આ મેળાઓ આપણા સાહિત્યમાં સતત ધબકે છે. ‘કાઠિયાવાડના કેકારવ’ જેવા આપણા લાડલા કવિ રમેશ પારેખે કલ્પેલો મનનો મેળો તો આજેય લોકહૈયે અમર છે.

ર.પા. કહે છે 'આ મન પાંચમના મેળામાં, સૌ જાત લઈને આવ્યાં છે, કોઈ આવ્યાં છે સપનું લઈને, કોઈ રાત લઈને આવ્યાં છે.' મેળાના માહોલની વાત થાય ત્યારે કવિ હરીન્દ્ર દવે અચૂક યાદ આવે જ. મુલાયમ કવિ હરીન્દ્રભાઈએ મેળા વિશે નાયિકાના મનોભાવોને વ્યક્ત કરે એવું સુંદર અને અત્યંત જગપ્રસિદ્ધ એવું એક ગીત આપણને આપ્યું છે. ૧૯૬૨માં હરીન્દ્રભાઈની કલમે લખાયેલું અને ૧૯૬૮માં સમર્થ સ્વરકાર શ્રી દિલીપ ધોળકિયાએ સ્વરાંકિત કરેલું અને ભારતના મહાન ગાયિકા - સૂરસામ્રાજ્ઞી લતાજી (મંગેશકર)ના ગૌરવપૂર્ણ સ્વરે ગવાયેલું આ ગીત તમે પણ હજારો વખત સાંભળી-ગાઈ ચૂક્યા છો. તો આજે ફરીથી આ મબલખ મેળાની સાક્ષીએ અને 'આચમન'ની આ શબ્દ - સ્વરયાત્રામાં એ ગીત ચાલો, ગાઈએ, ગણગણીએ :

**ના, ના, નહીં આવું, મેળે નહીં આવું.....**
**મેળાનો મને થાક લાગે,**
**હે...મારે વહેતે ગળે ન હવે ગાવું,**
**મને થાક લાગે, હો...મેળાનો મને થાક લાગે**
**ક્યાં છે વાયરાની પ્રાણભરી લહેરી ?**
**ક્યાં છે નેહભર્યો સંગ એ સુનેરી ?**
**ક્યાં એ જનરું કે જેણે મને હેરી ?**
**સખી હો, સખી, અમથું અમથું ક્યાં અટવાવું,**
**મને થાક લાગે, હો... મેળાનો મને થાક લાગે**
**એના પાવાનો સૂર ક્યાંય હલક્યો ?**
**એનો કેસરિયો સાફો ક્યાંય છલક્યો ?**
**એના હોઠનો મરોડ ક્યાંય મલક્યો ?**
**સખી હો, સખી, એવા વેરાને કેમ જાવું,**
**મને થાક લાગે, હો... મેળાનો મને થાક લાગે**
**ના, ના, નહીં આવું, મેળે નહીં આવું,**
**મેળાનો મને થાક લાગે હો.... મેળાનો મને થાક લાગે**

'થાક લાગે' શીર્ષક હેઠળ લખાયેલા આ મસ્તીભર્યા ગીતમાં થાકની





સાથોસાથ નાયિકાએ પોતાની પ્રીતકથા કેવા તો વ્હાલ સાથે રજૂ કરી દીધી છે ! ખુદ હરિન્દ્રભાઈના અવાજમાં પઠીત થયેલું આ ગીત જ્યારે જ્યારે કેસેટ દ્વારા સાંભળવાનું થાય છે ત્યારે રગેરગમાં આ કવિનું સ્મરણ ફરી વળે છે, અને હૃદયમાં હરીન્દ્ર દવેની યાદોનો મેળો રચાય છે. આ ગીત તો કાળને વળોટીને પણ આજે એટલું જ જીવંત અને રસભર છે. કોઈનો સોનેરી સ્નેહભર્યો સંગ હોય તો જ મેળાને માણ્યાની સાર્થકતા પ્રગટે. અન્યથા તો નર્યો થાક જ લાગે ને ? ગાયિકા લતાજીની ગાન પ્રસ્તુતિમાં ગુજરાતી ભાષાની અપરિચિતતા અહીં ક્યાંય-સહેજેય અનુભવાતી નથી. અરે ! કેટલાંક ગીતો જ માત્ર હૃદયના ઉત્તમોત્તમ ભાવથી ગવાઈ જતાં હોય છે. એને ગાવા માટે આયાસ નથી કરવો પડતો ! ને ઘણાંય, અસંખ્ય ગીતો એવાંય છે કે જે ગીતોને મોટે ભાગે ગાયકોની 'કંઠય સમૃદ્ધિ' જ માત્ર સાંપડે છે. હૃદયનો ભાવ નહિ ! તેથી જ કહેવાનું મન થાય કે ગીતો એ માત્ર કંઠસ્થ જ નહિ, એ તો હૃદયસ્થ હોય તો જ અને તો જ એ ગીતો પ્રજાની વચ્ચે, સંસ્કૃતિની વચ્ચે જીવંત રહે છે. અમર રહે છે. કવિ હરીન્દ્ર દવેનું આ ગીત એ કોટિનું છે અને એટલે જ હરીન્દ્ર ખરા અર્થમાં 'કવીન્દ્ર' છે.

કેસરિયા સાફા અને જોડિયા પાવાના એ મનહર-મનભર સૂરો તો જેને સ્પર્શ્યા હોય એ જાણતલ જ આ મેળાનું 'મેળાપણું' માણી રહે. હોઠના મરોડનો મલકાટ, એ ઝીણું સ્મિત જેના માટે ફરક્યું હોય એને એ સ્મિતનો સંદેશો પહોંચ્યા વગર રહેતો નથી. અંતે પાવાનું અને મોરલીનું અનાયાસ, સહજ સં-મિલન થાય ત્યારે નાયક-નાયિકાના દિલની અંદર એક અનુપમ અને અલૌકિક એવો મેળો રચાઈ જાય છે. પછી તો બન્ને હૈયાં, મેળાની આ મોજમસ્તીમાં ક્યાંય ક્યાંય વહી જાય છે. મેળાના મહિમાવંતાં આવાં ગીતો આપણી મોંઘેરી જણસ છે. પ્રાચીન સમયથી લઈને આજ સુધીના સમયપટ પર વિહરતા-વિહરતા આવા તો કેટલાય મેળાઓને સાહિત્યનો, શબ્દનો સંસ્પર્શ થાય છે અને આપણી લોકનાડમાં, આપણી સંસ્કૃતિના રકતકણોમાં આ મેળાઓ સભર થાય છે.

પ્રસ્તુત ગીતનાં સ્વરાંકનમાં, સ્વરકાર દિલીપ ધોળકિયાએ એવા તો હળવી શૈલીના સૂરો સંગોપ્યા છે કે કોઈપણ ગાયક કે અ-ગાયક પણ આ ગીતને સરળતાથી, હળવી હલકથી ગાઈ શકે છે. ગીતમાં વચ્ચે - વચ્ચે વાયોલિનના

સૂરોની સંગત પણ એવી સુંદર રીતે કરવામાં આવી છે કે મારા જેવા ગાયકને તો એ વાયોલિનના 'પીસ' પણ કંઠસ્થ થઈ ગયા છે ? વર્ષો પૂર્વે ધ્વનિમુદ્રણની (Recording) ખૂબ જ ઓછી સગવડોની વચ્ચે પણ આ ગીતનું ધ્વનિમુદ્રણ (Recording) એવું તો સમૃદ્ધ રીતે થયું છે કે આજે ત્રણ-ચાર દાયકાઓ પછી પણ આ ગીતની તાજગી એવીને એવી અખંડ છે. લતા મંગેશકર જેવા વિરલ ગાયિકાએ આપણી ભાષાના આવા તો ઘણાં ગીતો ગાયા છે. એમાંનું આ 'મેળાનો થાક' ગીત જ્યારે જ્યારે સાંભળીએ છીએ ત્યારે અહેસાસ થાય છે કે સંગીતને ક્યારેય ભાષાની દીવાલો અડચણરૂપ નથી જ થતી. સંગીતમાં કોઈપણ ભાષાનું ભાષાપણું ઓગળી જાય ત્યારે જ એ સ્વરાંકનને અમરત્વ પ્રાપ્ત થાય છે. બિનફિલ્મી એવું આ ગીત મેળાના આ મેળાપના દિવસોમાં સાંભળીએ છીએ ત્યારે કવિ હરીન્દ્ર દવે અને સ્વરકાર દિલીપ ધોળકિયા આપણા ગરવા ગુજરાતીઓ છે એ વાતે છાતી ગજગજ ફૂલે છે. અને આભની અટારીએ ઊભીને સાદ પાડીને મને ય કહેવાનું મન થાય કે 'હું ય ગુજરાતી છું' સાથે સાથે એવુંય કહેવાનું મને મન થઈ આવે છે કે, આવાં સુવર્ણમય ગીતો અને સુવર્ણમય સ્વરાંકનો વિશે વાત કરતાં કે આવા ગીતો લલકારવાનો મને ગઈકાલેય થાક ન્હોતો લાગ્યો, આજેય થાક નથી લાગ્યો અને આવતીકાલેય થાક નહીં જ લાગે ! નહીં જ લાગે !

**અંજલિ :**

**ધોધમાર, દોમદોમ વરસંતા વરસાદે ઝાડ એક ન્હાયું !**
**હું પણ ન્હાયો પણ સંગ મારી ન્હાવાને કોઈ ના આવ્યું !**





## હે, હરિ ! તમે મારું માગું
## નાખજો મુશળધારે ગરજી ગરજી.....

આપણી ગવાતી ગુજરાતી કવિતામાં મીરાંશાઈ રચનાઓના સંદર્ભો ખૂબ જ મળે છે, કહો કે અખૂટ મળે છે. જોકે ખુદ મીરાંની રચનાઓ જ ગાઈ કે સાંભળીને હજુ પણ આપણે ધરાયા નથી. કવિતાઓમાંથી પ્રગટતું એ મીરાંતત્ત્વ હજુ આજેય, આજના કવિઓને લખવા સતત પ્રેરે છે. યુગે યુગે આ સર્જનોમાં પરિવર્તન પણ આવે અને જે તે યુગનું વાતાવરણ પણ એમાં પ્રવેશે, એમાં ઝિલાય અને રમેશ પારેખ જેવા કવિના તો હાડમાં બેસીને મીરાં કવિતા લખાવે અને તેથી આપણી માતૃભાષાને મીરાંમય કાવ્યોની સમૃદ્ધિ પણ સાંપડે છે. ગત શુક્રવારના 'આચમન'માં શ્રી ભગવતીકુમાર શર્માની મીરાંમય રચનાનો આપણે આસ્વાદ કર્યો હતો. આજે પણ એક એવી જ મીરાંશાઈ રચનાનો ઉલ્લેખ-આસ્વાદ કરાવવાનો અહિં હેતુ છે. જોકે આજની કવિતામાં પ્રગટતું મીરાંનું સંવેદન પણ સાંપ્રતનું છે. કહો કે આ રચનામાં આજની આબોહવા છે. આજની મીરાં છે. મધ્યકાળની મીરાંને તો કેટલાય બંધનો હતાં. આજની મીરાં પાસે સ્વાતંત્ર્ય છે અને પોતાના અવાજને પ્રસ્તુત કરવાનું સામર્થ્ય પણ છે. એટલે આજનો કવિ, આજની મીરાંને પોતાની કવિતામાં કેવા સ્પષ્ટ અભિગમથી પ્રસ્તુત કરે છે એનો આ ગીત કાવ્યમાં આપણને ઠીક ઠીક પરિચય મળી રહે છે. વળી, આ કવિ મુંબઈ નિવાસી છે અને કૃષ્ણ-રાધા-મીરાં વગેરેને આ કવિ 'આજની આંખે' જોઈને, કાવ્યને તથા આજના ભાવકને અનુરૂપ પોતાની સ્વકીય ભાષામાં પ્રયોજીને, નિષ્પન્ન કરીને નવ્ય કાવ્ય સર્જે છે.

મુંબઈ નિવાસી ગુજરાતી કવિ મૂકેશ જોશીનું નામ આધુનિકોમાં અગ્રેસર ગણાય છે. આ કવિ પાસેથી આપણને સાંપ્રતના સંદર્ભોવાળી અસંખ્ય ગીત-ગઝલ કૃતિઓ સતત સાંપડ્યા કરી છે. આવી જ એક નાયિકા પ્રધાન ગીતરચનામાં, કે જેમાં મીરાંનો મનસૂબો પ્રગટ થાય છે તેનું આજે આચમન કરવું - કરાવવું છે.

તો ચાલો, આપણે સૌ કવિ મૂકેશ જોશીની આંગળી પકડીને આજની મીરાંને મળવા જઈએ અને મીરાંને પોતાને મનગમતા મૂરતિયા વિશે, પોતાના હરિને શું કહેવું છે ? તે સાંભળીએ ! સાંભળો :

**હરિ તમે તો સાવ જ અંગત સાંભળજો આ મરજી**
**ઘણા મૂરતિયા લખી મોકલે વિગતવાર માહિતી**
**એમાં તમે કરજો ફોટા સાથે અરજી !**
**હરિ, હવે તો ઉંમર મારી પરણું પરણું થાઉં !**
**હરિ, તમોને ગમશે ? જો હું બીજે પરણી જાઉં ?**
**મને સીવી લે આખી એવો બીજે ક્યાં છે દરજી ?**
**એમાં તમે કરજો ફોટા સાથે અરજી !**
**હરિ, તમારી જનમકુંડલી લખજો કોરા પાને**
**મારા ઘરના બધાય લોકો જન્માક્ષરમાં માને !**
**હરિ, નાખજો માગું, મુશળધારે ગરજી ગરજી !**
**એમાં તમે કરજો ફોટા સાથે અરજી !**
**હરિ, અમારા માવતરને જોવા છે જમાઈ**
**એકવાર જો મળી જાઓ તો નક્કી થાય સગાઈ**
**હરિ, તમારે માટે જોને મને રૂપ દઈ સરજી !**
**એમાં તમે કરજો ફોટા સાથે અરજી !**
**ઘરવાળાંઓ ના પાડે તો, આપણ ભાગી જાશું**
**લગ્ન કરીશું, ઘર માંડીશું, અમૃત અમૃત પાશું**
**પછી તમારી ઘરવાળી હું, તમે જ મારા વરજી !**
**એમાં તમે કરજો ફોટા સાથે અરજી !**

**('કાગળને પ્રથમ તિલક' પૃ. ૭૮)**

હે, ભાવક ! માણ્યોને આજની મીરાંનો આ મનસૂબો ! હવે જો કોઈ કડક વિવેચક આ ગીતની વિવેચના કરે તો તો એ આ ગીતકૃતિને બિલકુલ ન્યાય જ ન આપે. કેમ કે એના ચિત્તમાં તો પે'લી મધ્યકાળની મીરાંના જ સંદર્ભો સચવાયેલા હોય. પણ આજનો સર્જક આજની મીરાંની મથામણ, આજના સંદર્ભમાં આ રીતે મૂકે તો એમાં ખોટું શું છે ? ખેર, જવાદો એ વિવેચક અને વિવેચનાની વાત. જો એની વાતો માંડીશું તો તો આપણે આ ગીતનો સ્વરલહાવો લૂંટી જ નહિ શકીએ.





મૂકેશ જોશીના આ સરસ ગીતનું સુરીલું સ્વરાંકન, આપણા જ ગુજરાતી સ્વરકાર આશિત દેસાઈએ કર્યું છે. અને આ ગીતને પોતાના અનુભવસમૃદ્ધ કંઠથી ગાયું છે એમના જ સ્વરપત્ની શ્રીમતી હેમા દેસાઈએ.

થોડા સમય પૂર્વે ભવન્સ કલ્ચરલ સેન્ટર (અંધેરી-મુંબઈ) ખાતે ભારતીય વિદ્યાભવન યોજિત 'ગુજરાતી સ્વરકાર સંમેલન'માં આ ગીત પ્રસ્તુત કરીને હેમા દેસાઈએ શ્રોતાજનોની ખૂબ સારી દાદ મેળવી હતી એટલું જ નહિ પરંતુ 'વન્સમોર'નો જબરો પ્રતિસાદ આ ગીતને મળ્યો હતો. આજનાં કાવ્યસંગીત / સુગમ સંગીતમાં અસરકારક અનુભૂતિ કરાવતું આ સ્વરાંકન ખરેખર શ્રી આશિત દેસાઈની સ્વરકાર તરીકેની શ્રેષ્ઠતમ 'સુગમિયત' પ્રગટ કરે છે. કાવ્યના-ગીતના શબ્દોની 'શબ્દિયત અદબ' જાળવીને અને ગીત સ્વરૂપના હાર્દને પકડીને, તેને સ્વરાકૃતિમાં પ્રસ્તુત કરીને ભાવકના હૈયાને પુલકિત કરવાની ભરપૂર ક્ષમતા આ સ્વરકારમાં છે, તેની ઉત્તમ અને પૂર્ણ પ્રતીતિ આ ગીત સાંભળતા આપણને જરૂર થાય છે. આશિતભાઈનું સ્વરાંકન હોય અને એની પ્રસ્તુતિ હેમા દેસાઈની જ હોય પછી તો પૂછવું જ શું ? આ સ્વરાંકનમાં જ્યાં જ્યાં સ્વરખૂબીઓ છે ત્યાં ત્યાં એ ખૂબીઓને અત્યંય ઝીણવટપૂર્વક-સ્વરપૂર્વક પ્રસ્તુત કરીને હેમા દેસાઈએ- શબ્દ અને સ્વરના હાર્દને પકડીને, તેને સ્વરાકૃતિમાં પ્રસ્તુત કરીને ભાવકના હૈયાને પુલકિત કરવાની ભરપૂર ક્ષમતા આ સ્વરકારમાં છે, તેની ઉત્તમ અને પૂર્ણ પ્રતીતિ આ ગીત સાંભળતાં આપણને જરૂર થાય છે હેમા દેસાઈએ પણ 'કંઠકમાલ' કરી છે. 'સાંભળજો આ મરજી' એ પંક્તિમાં આવતો 'મરજી' શબ્દ કે 'ઘણા મૂરતિયા લખી મોકલે વિગતવાર માહિતી'માં આવતો 'વિગતવાર' શબ્દ આ બન્ને શબ્દોની સ્વરપ્રસ્તુતિમાં ગાયકે એવો તો સ્વરભાર-સ્વરમોડ આપ્યો છે કે સાંભળનારને તરત જ, એ ક્ષણે જ આ શબ્દોની અર્થછાયાઓ સ્પષ્ટ થઈ જાય. તાલ (Rhythm) ની દૃષ્ટિએ પણ અહીં સમગ્ર સ્વરાંકનમાં 'એમાં તમે કરજો ફોટા સાથે અરજી' એ પંક્તિમાં આવતો 'ફોટા' શબ્દ પાસે જ, રીધમનો જે ઉછાળ પ્રગટે છે, એ આપણને તરબતર કરી દે તેવો છે અને આખા ગીતમાં જેટલી વખત આ પંક્તિ ગવાય છે ત્યારે દરેક વખતે 'ફોટા' શબ્દ પાસે તાલનું વજન જે રીતે મુકાયું છે ત્યાં આ સ્વરાંકનની શ્રેષ્ઠ 'ગાનક્ષણો' અનુભવાય છે. તો ગીતના પ્રથમ અંતરામાં પ્રયોજાયેલા આશ્ચર્ય અને પ્રશ્નાર્થ ચિહ્નોની સ્વરપ્રસ્તુતિ પણ આપણને સ્વરમય અને સભર કરી દે છે.

ગીતના છેલ્લા અંતરામાં 'ઘરવાળાઓ ના પાડે તો' એ પંક્તિમાં આવતો

નકારભાવ ઘૂંટી ઘૂંટીને પ્રસ્તુત થયો છે, તે સાંભળીને અને પરિવારના એ વિરોધને અવગણીને નાયિકા ભાગી જવાની વાત જે ભારપૂર્વક કરે છે તે સઘળું સ્વરભારની પ્રસ્તુતિ અને ખૂબીઓ દ્વારા હેમાબહેને જે રીતે ગાયું છે તે ખરેખર કાબિલ-એ-દાદ છે. આમ આજનો એક યુવા કવિ સાંપ્રતને ધ્યાનમાં રાખીને એક ગીતરચના કરે અને એ ગીતને અનુભવ સમૃદ્ધ સ્વરકારના સ્વરાંકનનો લાભ મળે ત્યારે ભાવક તરીકે આપણે પણ ભાગ્યશાળી જ બની જઈએ છીએ. ફરીફરીને સાંભળવાનું મન થાય અને મનને પૂર્ણ પ્રફુલ્લિત કરી દે એવી આ ગીતરચના અને સ્વરરચના છે. કવિ મૂકેશ જોશી પાસેથી આવી ભાવનશ્રેષ્ઠ કેટલીય રચનાઓ આપણને મળી છે. કેટલાય સ્વરકારોને આ કવિ સ્પર્શી ગયા છે. ગઈકાલના, આજના અને આવતીકાલના ઘણા સ્વરકારોને પણ આ કવિની વિશિષ્ટ રચનાઓમાં સ્વરાંકનની અપાર શક્યતાઓ અને સમર્થતા વર્તાઈ છે. અહિં આપણે આજે જે ગીત રચનાનું શબ્દિલ - સ્વરિલ આચમન કર્યું તે ગીત રચનાના ચાર - ચાર અંતરા હોવા છતાં એનું ભાવન કરવાનો આપણને સ્હેજેય અણગમો નથી આવતો. સ્વરકાર તરીકે આશિત દેસાઈએ પણ આ આખી જ રચનાનું સ્વરાંકન કર્યું છે. નહીં તો મોટેભાગે એવું પણ બને છે કે કોઈ ગીત-ગઝલ કૃતિ પ્રલંબ હોય ત્યારે સ્વરકાર એ કૃતિમાંથી સ્વરાંકનને યોગ્ય હોય એવી અને એટલી જ પંક્તિઓ સ્વરાંકિત કરે છે. બાકીની પંક્તિઓ એ છોડી દે છે. આવી એક સુંદર ગીતરચના આપવા માટે કવિશ્રી મૂકેશ જોશીને ખૂબ ખૂબ-ખોબો ભરીને અભિનંદન અને આશિત-હેમા દેસાઈ એ બન્નેનો હૃદયપૂર્વક ઋણસ્વીકાર. કેમ કે આવી નટખટ અને રમતિયાળ રચનાનું જો સ્વરાંકન જ ન થયું હોત અને ‘સ્વરમંચ’ (નાટક માટે જેમ ‘રંગમંચ’ શબ્દ તો ગીત-સંગીત માટે ‘સ્વરમંચ’ ખરુંને ?) પરથી એની પ્રસ્તુતિ જ ન થઈ હોત તો આપણે સૌ આ ગીતરચનાથી વંચિત જ રહી જાત ને ? ખરેખર આપણી માતૃભાષાની આવી સુંદર રચનાઓના શ્રાવ્યલાભથી આપણું હોવાપણું ખરા અર્થમાં યથાર્થ બને છે. તેથી જ કોઈપણ ભાષાનું, કોઈપણ ગેયકાવ્ય એની ગેયાત્મકતાને કારણે જ યુગો-યુગો સુધી ‘જીવતું’ રહે છે.

**અંજલિ :**

**નજર સે ગિરી અભાગન વહી હૈ**
**પિયા જીસે ચાહે સુહાગન વહી હૈ**





## - તો પાટો પણ બાંધવો પડે,
## પેલા વરસાદનો છાંટો જો વાગે તો.....

કાળઝાળ ગરમીની વચ્ચે અચાનક હવાની ભીની-ભીની લહેરખી આવે ત્યારે હૈયું ગાંડુંતુર-ઠંડુંતુર બની જતું અનુભવાતું હોય છે. દર વરસે ગરમીનો ‘પારો’ ઊંચો ને ઊંચો જતો જ જાય છે. આપણને દર વરસે હંમેશાં એવું જ લાગે છે કે ઓણ સાલ ગરમી બહુ પડી !

તડકાની તાકાતનો પરચો સૌ કોઈ અનુભવે છે. તડકાના-ગરમીના પ્રકોપથી બચવા માટે સૌ પોતપોતાના ગજાં પ્રમાણે જોગવાઈ કરતા હોય છે. પણ મને ઘણી વખત વિચાર આવે છે કે આ બિચારાં ઝાડવાં (વૃક્ષો) તડકાથી બચવા માટે છાંયો શોધવા ક્યાંય નથી જઈ શકતાં ! એને તો મને-કમનેય તડકા સાથે દોસ્તી કરવી પડતી હશે ને ! અને જ્યારે વરસાદ આવે ત્યારે એમાં ખુલ્લં ખુલ્લાં નાહીને પોતાના જીવતરનો તાપ શમાવીને એ લોકો શાંત થઈ જતાં હશે ! કાળી-કાળી કાળઝાળ ગરમીનો બાફ સહન કરીને પૃથ્વી પર જ્યારે-જ્યારે મોસમનો પહેલો વરસાદ પડે ત્યારે એ પ્રથમ વરસાદને પીવાના રોમાંચ પાસે જગતની બધી જ સુખ-સાહ્યબી એકદમ તુચ્છ છે. એ તો જે લોકો દરેક વખતે-વરસે પહેલાં વરસાદમાં પલળતા હશે એને જ એની ખબર હોય, બીજાને નહિ.

વાતાવરણમાં વરસાદની મીઠી-મીઠી મહેક પ્રસરી રહી છે અને પૃથ્વી પર મોસમના આ પહેલવહેલા વરસાદની ડોલી નીકળી રહી છે ત્યારે એકસાથે કેટલાય વરસાદી ગીતોનાં સ્મરણો મનમાં અને કંઠમાં વરસી-ધબકી રહ્યાં છે. એમાંનું એક ગીત એટલે ‘પેલા વરસાદનો છાંટો મુને વાગીયો હું પાટો બંધાવાને હાલી...’ કાઠિયાવાડી ધરતીની ધૂળમાં આળોટેલા અને કાઠિયાવાડના કેટલાય વરસાદની પહેલવહેલી છાલકો આકંઠ પીનારા કવિ એટલે શ્રી અનિલ જોશી.

અનિલ જોશી આપણી ભાષાના ઉત્તમ ગીતકવિ છે. એમણે આપેલા ગીતોમાં આપણી સૌરાષ્ટ્રની ધરતીનો ધબકાર અને બોલાતી બોલીના શબ્દનો ચમકાર છે. આ ગીતનું સ્વરાંકન ઉદય મજુમદારનું છે. કવિશ્રી અનિલ જોષી મૂળ ગોંડલના વતની છે. તો હે, આચમનક ! આવો, આજે આપણે મોસમના આ પહેલા વરસાદની સાક્ષીએ આપણા કવિશ્રી અનિલ જોશીનું અને આપણા સ્વરકાર-ગાયક શ્રી ઉદય મજુમદારે સ્વરાંકિત કરેલું, ગાયેલું એ જાણીતું ગીત, વરસાદમાં પલળતાં-પલળતાં પામીએ :

**પેલા વરસાદનો છાંટો મુને વાગીઓ**
**હું પાટો બંધાવાને હાલી**
**વ્હેંત વ્હેંત લોહી કાંઈ ઊચું થિયું**
**ને જીવને તો ચડી ગઈ ખાલી રે...**
**સાસુ ને સસુરજી અબ ઘડી આવશે**
**કાશીની પૂરી કરી જાતરા રે...**
**રોજિંદા ઘરકામે ખલેલ પ્હોંચાડે મુને**
**આંબલીની હેઠ પડ્યાં કાતરા રે....**
**પિયુજી છાપરાને બદલે જો આભ હોત**
**બંધાતી હોત હુંય વાદળી રે...**
**માણસ કરતાં જો હોત મીઠાની ગાંગડી**
**છાંટો વાગ્યો કે જાત ઓગળી રે...**

હે, ભાવક ! મોસમના પહેલા વરસાદનો છાંટો જો આપણને વાગે તો કેવો-કેવો રોમાંચ થાય એની વાત કવિએ આ ગીતમાં ખૂબ માર્મિક રીતે કહી છે. વરસાદની વાત કરતાં-કરતાં કવિ પ્રેમની અનુભૂતિની વાત પણ કાનમાં કહી દે છે. સમર્થ સ્વરકાર એ જ છે જે કાવ્યમાં યોજાયેલ શબ્દના સામર્થ્યને પોતાના સ્વરાંકનમાં સંયોજીને ચમત્કૃતિ લાવે. આ ગીતકાવ્યની પંક્તિ 'વ્હેંત વ્હેંત લોહી કાંઈ ઊંચું થિયું ને, જીવને તો ચડી ગઈ ખાલી રે...'માં કવિએ 'ઊંચુ થિયું' અને 'ખાલી રે' એવા બે તળપદા શબ્દોનો જે ઉપયોગ કર્યો છે તેને સ્વરકારે 'ઝીણા સ્વરે' આબાદ રીતે ઝીલ્યો છે. 'ઊંચું થિયું' એ શબ્દ વખતે સ્વરકારે જે સ્વરોનો





ઉપયોગ કર્યો છે તે અને ચોક્કસ પ્રકારના આરોહ-અવરોહને કારણે અનુભૂતિનું એક સ્વરચિત્ર આપણા મનમાં દૃઢ થાય છે. તો એ જ રીતે 'જીવને તો ચડી ગઈ ખાલી રે'માં સ્વરકાર જે રીતે 'ખાલી રે' શબ્દ પર સ્વરભાર મૂકે છે તેને કારણે આપણને જાણે કે સાચ્ચે જ ખાલી ચડી ગઈ હોય એવું અનુભવાય છે.

સરળ અને સહજ શબ્દો તથા આપણી લોકબોલીના શબ્દ પ્રયોગો થકી કવિ અનિલ જોશીએ લોકનાયિકાનાં હૈયાની વાતને ખૂબ સુંદર રીતે વ્યક્ત કરી છે. આંબલીના ઝાડ હેઠે પડેલા કાચા કાતરા ખાવાની નાયિકાની તીવ્ર ઈચ્છાને આડે રોજના ઘરકામોની ખલેલ, નાયિકાને અંદરથી કેવી તો વ્યથિત કરે છે તેનું કલ્પના ચિત્ર સ્વરાંકનમાં પણ સંવેદનાત્મક રીતે સ્વરકારે યોજી બતાવ્યું છે. પ્રસ્તુત ગીતમાં કવિએ જે રીતે લોકબોલીના શબ્દો પ્રયોજ્યા છે એ જ રીતે સ્વરકારે પણ સરળ લય-ઢાળમાં, લોકઢાળની સ્વરાનુભૂતિમાં જ એ શબ્દોને સૂરે મઢ્યા છે. કોઈપણ ગાયક તેને સરળતાથી, આત્મીય રીતે ગાઈ શકે એવું સરળ અને સુંદર સ્વરાંકન ભાઈ ઉદયભાઈએ કર્યું છે. કાવ્યસંગીત (સુગમસંગીત)ની સાચી ઓળખ આપનારું આ સ્વરાંકન સાંભળીએ છીએ ત્યારે તેમાંથી આપણને, આપણી ભાષાનું ભાવજગત સાંપડે છે અને ગવાતી ગુજરાતી કવિતાનો સ્વર રોમાંચ રોમેરોમે ફરી વળે છે. એમાંય 'પિયુજી છાપરાને બદલે જો આભ હોત, બંધાતી હોત હુંય વાદળી રે' એ પંક્તિમાં કવિએ નાયિકાની આંતરિક-ખાનગી ફરિયાદ વ્યક્ત કરી દીધી છે. પોતાનો પિયુ આકાશ જેટલો-જેવો વિશાળ નથી પણ સંકીર્ણ છે એ વાતની પીડા કવિએ અહીં તારસ્વરે મૂકી છે તો સ્વરકારે એ જ હૃદયસ્પર્શી ભાવથી તારસ્વરે એને ગાઈ છે.

પ્રથમ વરસાદના પ્રતીક-કલ્પન સાથે સાથે રચાયેલું આ ઊર્મિગીત ભાવ-સંવેદનની ઊંડી અનુભૂતિને હૃદયંગમ રીતે પ્રસ્તુત કરે છે. કાવ્ય અને સ્વરાંકન બન્ને દૃષ્ટિએ આ રચના ઉત્તમ છે. યાદગાર છે. ગુજરાતી સાહિત્ય કે કાવ્ય સંગીત એ બન્ને ક્ષેત્રનો ભલે વિશેષ પરિચય કે જાણકારી હોય કે ના હોય એવા ભાવકો પણ જો આ રચના એક વખત વાંચે કે સાંભળે તો એનેય પણ કળાતત્ત્વમાંથી પ્રાપ્ત થતો નિવ્યાજ આનંદ પ્રાપ્ત થશે જ એવી બળૂકી આ રચના છે.

'મારી કોઈ ડાળખીમાં પાંદડાં નથી, મને પાનખરની બીક ના બતાવો', કે 'સમી સાંજનો ઢોલ ઢબૂકતો, જાન ઊઘલતી મ્હાલે, કેસરિયાળો સાફો ઘરનું ફળિયું

લઈને ચાલે' કે 'અમે રે બરફના પંખી, ભાઈ ટહુકે ટહુકે પીગળ્યાં રે' વગેરે જેવી ખૂબ જ જાણીતી ગીતરચનાઓ આપનાર, આપણી ધરતીનો આ કવિ, ગુજરાતી સાહિત્યનો શીર્ષસ્થ કવિ છે. આ કવિ પાસેથી ગાઈ શકાય એવી જ ગેયાત્મક ગીતોની મબલખ મૂડી આપણને પ્રાપ્ત થઈ છે. કેટલાય સ્વરકારોને આ કવિના ગીતોએ સ્વરાંકન કરવા માટે આકર્ષિત કર્યાં છે, તો ગુજરાતી રંગભૂમિનાં નાટકો માટે પણ આ કવિએ સુંદરગીતો આપ્યાં છે.

વરસાદી મૌસમના આ ગમતીલા વાતાવરણ વચ્ચે અનિલ જોશીની શબ્દ-સ્વરરચના આજે પણ એટલી જ તરોતાજા લાગે છે. વિશેષતઃ જ્યારે જ્યારે પહેલ વહેલો વરસાદ આવે ત્યારે તો અચૂક આ ગીત યાદ આવે જ છે અને અગાશીમાં, શેરીમાં કે મેદાનમાં કે ખુલ્લા ખેતરમાં જ્યાં હોઈએ ત્યાં વરસતા વરસાદે, આકાશ સામું જોઈને આંખમાં ઝીણો-ઝીણો કે ધોધમાર વરસાદ ઝીલતાં-ઝીલતાં ક્યાંય સુધી ગાવાનું મન થાય કે 'પે'લા વરસાદનો છાંટો મુને વાગિયો હું પાટો બંધાવાને હાલી રે....'

**અંજલિ :**

**એનો તને અહેસાસ હોય છે**
**જે સતત તારી આસપાસ હોય છે**
**સૂર્ય, ચંદ્ર, તારકનો નથી એ,**
**આંખમાં તારી મારો ઉજાસ હોય છે**





## આ સ્વરપંચમના મેળામાં.....

કવિશ્રી રમેશ પારેખ આપણી ગુજરાતી કવિતાની ફળદ્રુપ-ભીની ભૂમિનો લહેરાતો-મઘમઘતો મબલખ સજીવ (organic) પાક છે. સાચ્ચે જ ગુજરાતી કાવ્ય સંગીતક્ષેત્રે સૌથી વધારેમાં વધારે ગવાતો કવિ હોય તો તે ર.પા. જ છે. ર.પા.નું 'સાંવરિયો રે મારો સાંવરિયો' એ ગીત તો કેટલાંય વર્ષોથી 'રાષ્ટ્રગીત'ની ઊંચાઈ સુધી પહોંચેલું પ્રાદેશિક ગીત છે. દરિયાપારના દેશોમાં વસતા ગુર્જરજનોને પણ ફરી ફરી સાંભળવાનું મન થાય એવું એ ઉત્તમ ભાવાનુભૂતિનું ગીત છે. રમેશ પારેખે ઉત્તમોત્તમ હરિગીતો પણ આપ્યાં છે. આ હરિગીતોની કાવ્યસર્જકો ઉપર એવી તો જબરી અસર થઈ છે કે તેમના સમકાલીનો-અનુગામીઓ કે આજના નવોદિત સર્જકોએ પણ હરિગીતો લખવાનું શરૂ કર્યું, પણ ભારપૂર્વક કહેવું જોઈએ કે ર.પા. એ જે હરિગીતો આપ્યાં છે, એવાં અન્ય કોઈ સર્જકો હજુ આપી શક્યા નથી. માત્ર ચીલે ચીલે ચાલવાથી કાંઈ સફળ મંઝિલો પ્રાપ્ત નથી થઈ જતી. ર.પા.ના હરિગીતોમાં જે હરિયાળી છે તે ભાગ્યે જ અન્ય હરિગીતોમાં જોવા મળે છે. ખેર, આજે ર.પા.ના જે કાવ્યની વાત કરવી છે તે હરિગીત નથી પણ કેટલાક કવિ-ભાવકો-ગાયકોને ખૂબ જ સ્પર્શી ગયેલું જે ગીત છે તે 'આ મન પાંચમના મેળામાં સૌ જાત લઈને આવ્યા છે.' સામાન્ય રીતે કોઈ કવિનું કાવ્ય જયારે સ્વરાંકનનો દેહ પામે છે ત્યારે મોટે ભાગે આખું કાવ્ય સ્વરાંકિત નથી થતું. એમાંની થોડીક પંક્તિઓ અથવા તો ગેયતા માટે સરળ હોય એવી કેટલીક પંક્તિઓ જ સ્વરાંકિત થઈને સ્વરકાર-ગાયક દ્વારા પ્રસ્તુત થાય છે. પણ ર.પા.નું આ આખે આખું ગીત સ્વરબધ્ધ થયું છે. સ્વરકાર છે આપણા જાણીતા સ્વરકાર-ગાયક શ્રી ઉદય મઝુમદાર (સ્વ. શ્રી નિનુ મઝુમદાર-શ્રી કૌમુદી મુનશીના પુત્ર).

સુગમ સંગીતના સંવેદનશીલ સ્વરોથી સ્વરાંકિત થયેલું આ ગીત જયારે જયારે

સાંભળું છું કે ગાઉં છું ત્યારે મારી આંખમાં ઊમટે છે કવિશ્રીના વન પ્રવેશોત્સવની અમરેલી-રાજકોટ ખાતેના અવસરોની હેલી. રાજકોટની વીરાણી હાઈસ્કૂલના મધ્યસ્થ ખંડમાં ર.પા.ના ગીતોની ગેયાત્મકતાનો દરિયો ઘૂઘવ્યો હતો. 'વરસાદ ભીંજવે' એ શીર્ષક હેઠળ રાજકોટ-મુંબઈના સ્વરકાર-ગાયકો દ્વારા 'આપણા કવિ રમેશ પારેખ'નાં ગીતોના વરસાદમાં મોડી રાત સુધી કેટલાય ભાવકો ભીંજાતા હતા. કાવ્ય અને કાવ્યગાન દ્વારા ભીંજાવાનું પણ સૌના નસીબમાં ક્યાં હોય છે ? પણ મને તો હંમેશાં આવા વરસાદોમાં ભીંજાવાનું વારેવારે પ્રાપ્ત થતું રહે છે. વર્ષો પહેલાંની એ રાત હજુય એવીને એવી જ મારી અંદર અકબંધ છે. આજે થયું કે લાવ, 'આચમન'ના સૌ ભાવકો સુધી એ સ્વરમહેફિલનો ઉઘાડ પહોંચાડું. તો વધુ ધીરજ ધરાવ્યા વગર, સૌ પ્રથમ એ આખું ગીત જ અહીં મૂકી દઉં. લ્યો, સાંભળો :

**આ મનપાંચમના મેળામાં સૌ જાત લઈને આવ્યા છે,**
**કોઈ આવ્યા છે સપનું લઈને, કોઈ રાત લઈને આવ્યા છે.**

**અહીં પયગંબરની જીભ જુઓ, વેચાય છે બબ્બે પૈસામાં,**
**ને લોકો બબ્બે પૈસાની ઔકાત લઈને આવ્યા છે.**

**કોઈ ફુગ્ગાનું ફૂટવું લાવ્યા, કોઈ દોરાનું તૂટવું લાવ્યા,**
**કોઈ અંગત ફાડી ખાનારું એકાંત લઈને આવ્યા છે.**

**કોઈ ઝરમર છાંયડીઓ, કોઈ ઉભડક ઉભડક લાગણીઓ,**
**કોઈ ફાળ, તો કોઈ તંબુની નિરાંત લઈને આવ્યા છે.**

**કોઈ લા.ઠા., ચિનુ, આદિલજી બુલેટિન જેવું બોલે છે,**
**અહીંયાં સૌ માણસ હોવાનો આઘાત લઈને આવ્યા છે.**

**કોઈ લાવ્યા ખિસ્સું અજવાળું, કોઈ લાવ્યા મૂઠી પતંગિયાં,**
**કોઈ લીલીસૂકી આંખોની મિરાત લઈને આવ્યા છે.**

**કોઈ ધસમસતા ખાલી ચહેરે, કોઈ ભરચક શ્વાસે ઊમટતા,**
**કોઈ અધકચરા, કોઈ અણોસરા જજબાત લઈને આવ્યા છે.**

**આ પથ્થર વચ્ચે તરણાંનું હિજરાવું લાવ્યો તુંય, રમેશ,**
**સૌના ખભે સૌ અણિયાળી કોઈ વાત લઈને આવ્યા છે.**

૨૭ વર્ષ પૂર્વે તા. ૨૫ ઓગસ્ટ-૧૯૭૮ના જન્માષ્ટમીના શુભદિવસે કવિની કલમમાંથી પ્રગટેલું આ ગીત મેળાનો જ સંદર્ભ લઈને આવ્યું છે એ પણ કેવો





સુભગ સંયોગ ! આ રચનાની ખૂબી એ છે કે એને તમે ગીત પણ કહી શકો, રદીફ-કાફિયાની શિસ્ત અહીં છે એટલે તેને ગઝલ પણ કહી શકો અથવા ગીત-ગઝલ કે ગઝલ-ગીત એમ પણ કહી શકો. જો કે અહીં મારે રચનાની શાસ્ત્રીયતા કે બંધારણ વિશેની વાત બિલકુલ નથી જ કરવી. આપણને તો હાડોહાડ સ્પર્શી જાય એવી કવિતાનું જ કામ છે. આખરે તો એ જ સાચું છે ને ! ર.પા.નું આ સુપ્રસિદ્ધ ગીત તો તમને કેટલાય સ્થાનો પરથી મળી આવશે. મારી પાસે પણ આ રચનાની પાંચ-પાંચ 'ટેકસ્ટ' (Text) છે. સમગ્ર ગુજરાતે કવિનો 'વન પ્રવેશોત્સવ' ઉજવ્યો ત્યારે અભિવાદન સમિતિ દ્વારા કવિની સમગ્ર કવિતા 'છ અક્ષરનું નામ' એ ગ્રંથ ૨૭ નવેમ્બર-૧૯૯૧ના રોજ પ્રગટ કરેલો, તેના પૃ.૨૪૦ પર આ ગીત છે. જો કે એ પછી પણ ર.પા. પાસેથી આપણને કાવ્યસર્જનનો વિપુલ ફાલ મળતો રહે છે. પછી તો ક્રમશઃ ૧૯૯૨, ૧૯૯૪ અને ૧૯૯૫ એમ સતત ત્રણ વખત આ સમગ્ર કવિતાની આવૃત્તિઓ રાજકોટના પ્રવીણ પ્રકાશન દ્વારા પ્રકાશિત થતી રહી છે, તો કવિશ્રી જ્યારે અમરેલીથી રાજકોટ રહેવા આવે છે ત્યારે ૧૯૯૭માં રાજકોટની સાહિત્યિક સંસ્થા 'વ્યંજના' દ્વારા ર.પા.ના રાજકોટ પ્રવેશને ઉમળકાથી વધાવવામાં આવે છે ત્યારે કવિશ્રી અમિત વ્યાસના સંપાદન 'મન પાંચમના મેળામાં' એ સ્મરણિકામાં પણ આ ગીત (પૃ.૧૬) આપણને મળે છે. તો રાજકોટના 'વનપ્રવેશોત્સવ' અંતર્ગત 'વરસાદ ભીંજવે' કાર્યક્રમમાં સ્વરકાર-ગાયકોએ ર.પા.ના ગીતો-ગઝલોની રમઝટ કરી એ ધ્વનિ મુદ્રિત ઓડિયો કેસેટમાં પણ આ ગીતનું સ્વરાંકન સચવાયું છે. થોડો સમય પૂર્વે અમદાવાદના સ્વરકાર-ગાયક બંધુબેલડી શ્યામલ-સૌમિલ મુનશીએ 'હસ્તાક્ષર'ની છ-છ ઓડિયો કેસેટની શ્રેણીમાં જુદા જુદા કવિઓના કાવ્યોનું સાંગીતિક ઝૂમખું આપ્યું તેમાં પણ આ સ્વરાંકન આપણને સાંભળવા-માણવા મળે છે.

હે, ભાવક, તમને થશે કે એક જ ગીત વિશે આટઆટલી ભરચકક માહિતી આપવાનું કારણ શું ? કારણ એટલું જ કે ૨૭-૨૭ વરસોનાં વ્હાણાં વહી ગયાં છતાંય આ ગીત આજેય એટલું જ તાજેતાજું લાગે છે. ખુદ કવિશ્રી રમેશ પારેખ પણ કવિ સંમેલનોમાં, મુશાયરાઓમાં પોતાના ઘેઘૂર અવાજે આ ગીતનું પઠન કરે છે. 'વરસાદ ભીંજવે' કાર્યક્રમ નિમિત્તે વીરાણી હાઈસ્કૂલના રમેશમય વાતાવરણમાં જ્યારે સૌ પ્રથમ વખત જ આ સ્વરાંકન એક સાથે ત્રણ ગાયકોએ પ્રસ્તુત કર્યું ત્યારે સભાગૃહમાં ઉપસ્થિત સૌ ભાવક-શ્રોતાઓ સ્વરસમાધિમાં લીન

થઈ ગયા હોય એવું વાતાવરણ રચાયું હતું. એટલું જ નહીં પરંતુ કોઈ સુગમ સંગીતના કાર્યક્રમોમાં ગીતને ‘વન્સમોર’ મળે એ ઘટના જ આશ્ચર્યજનક ગણાય. સ્વરકાર-ગાયક શ્રી ઉદય મઝુમદાર, શ્રી સુરેશ જોશી તથા શ્રી રેખા ત્રિવેદી આ ગાયક ત્રિપુટીએ જ્યારે આ ‘આખું ગીત’ પૂરું કર્યું ત્યારે આખાય સભાગૃહના શ્રોતાઓએ એકી અવાજે ‘વન્સમોર’ કહીને, કાર્યક્રમ સંચાલકશ્રીની એક પણ વાત ધ્યાને-કાને લીધા વગર સતત તાળીઓના ગડગડાટ વચ્ચે જ આ ગીત ફરીથી ગાવા માટે તરત જ મજબૂર કર્યા હતા અને ફરી ગાયક ત્રિપુટીએ આ ગીત રજુ કર્યું, ત્યારે બે પંક્તિઓ સુધી શ્રોતાઓ ગીતની સાથે સાથે પોતાની તાલીઓના તાલ આપતાં રહ્યાં હતાં. એ ગુંજારવ હજુય મારા કાનમાં આ ક્ષણેય ગુંજે છે.

શ્રી ઉદય મઝુમદારનું આ સ્વરાંકન એટલું તો હૃદયસ્પર્શી છે કે કોઈ ફિલ્મગીતની ધૂન આપણને જેમ યાદ રહી જાય છે એ જ રીતે આ ગીત પણ આજે ઘણા ભાવકો-સુગમ સંગીતપ્રેમીઓ અને કાવ્યભાવકોને યાદ રહી ગયું છે. કંઠસ્થ નહીં પણ હૃદયસ્થ થઈ ગયું છે. એમાંય ‘ફુગ્ગાનું ફૂટવું’, ‘દોરાનું તૂટવું’, ‘અંગત ફાડી ખાનારું એકાંત’, ‘તંબુની નિરાંત’, ‘ધસમસતા ખાલી ચહેરે’, ‘આ પથ્થર’, ‘હિજરાવું’ વગેરે જેવા શબ્દોનું, સ્વરાંકનમાં જે રીતે ભાવસંવેદન ઝીલાયું છે તે તો આ સ્વરાંકન સાંભળો તો જ અનુભવી શકાય એવો મિજાજ સ્વરકારે એમાં પ્રગટાવ્યો છે, કહો કે ગ્હેકાવ્યો છે.

શ્રી રમેશ પારેખના તો અસંખ્ય ગીતોને, અસંખ્ય સ્વરકારોએ સ્વરદેહ આપ્યો છે. તો કેટલાય ગાયકોએ પણ આ કવિને મુક્ત કંઠે ગાયો છે. આજે કાવ્યસંગીતની, કોઈ પણ સ્વરકાર કે ગાયકની એવી મહેફિલ નહીં જ હોય જેમાં ર.પા.ની રચના ન ગવાતી હોય. અરે, અમેરિકા-લંડન જેવા દરિયાપારના દેશોમાં વસતા ગુજરાતીઓને પણ રમેશ પારેખના ગીતો સાંભળવામાં અનેરો આનંદ આવે છે. આજે જ્યારે સંગીતના નામે ચો-તરફ ઘોંઘાટ અને નર્યા બોદા અવાજો જ સંભળાય છે ત્યારે આવો, આપણે સૌ પણ ર.પા.ના કાવ્યની ભાષાનો આધાર લઈને ઉત્સાહ-ઉમંગથી ગાઈએ કે : ‘આ સ્વર પંચમના મેળામાં, સૌ ર.પા.ને લઈને આવ્યા છે, કોઈ આવ્યા છે સોનલ લઈને, કોઈ પાંપણ મોતી લાવ્યા છે.’

**અંજલિ :**

**અમે તો ર.પા.ના ગીતો ગાનારા, તમેય આવો તો ભેળા ગાઈએ !**
**સોનલ સુંદરી હવે કદીયના મળે, ઓ’લા બાપુના હોંકારા સાથે ગાઈએ !**





## ‘ઘાયલકાકા’નો અડીખમ હોંકારો

ક્યારેક-ક્યારેક નહીં પણ ઘણી વખત એવું બને છે કે કોઈ એ ગીત કે ગઝલ રચના ગાય તે રચના જ્યારે કોઈ સ્વર કે ગાયક દ્વારા સ્વારંકિત કરીએ રચના ખૂબ જ પ્રસિદ્ધ લોકપ્રિય થતી હોય છે. આવી કવિતામાં આવી તો સ્વરચનાઓના દૃષ્ટાંત આપી શકાય છે. વળી, ઘણી વખત બને છે કે, કોઈ ગીત, ગઝલ સ્વરૂપની રચનાઓ કવિ એ ગાય ત્યારે તે મૂળ રચનામાં વધારે હોય છે પણ એ જ જ્યારે સ્વરકાર પાસે પહોંચે, મુદ્રણના નિશ્ચિત સમય કારણે સ્વરકાર કે ગાયક ની બે-ત્રણ કે ચાર-પાંચ જ ગેયસ્વરૂપે પ્રસ્તુત કરે, પછી તો એ ગીત કે ગઝલ ચાહકના હૈયે અને હોઠે એવી તો વસી જાય છે કે યુગો-યુગો સુધી આ લોકમાનસમાં જીવંત થાય છે.

સ્વરરચનાની ગેયતા વિશેની એનું આચમન કરાવવાનું આજે એટલા માટે મન થયું કે આ ક્ષણે મને ગુજરાતી ગઝલના મહારથી કે ‘ગઝલઋષિ’ કહીએ ઘાયલ સાહેબ યાદ આવ્યા ત્યારે મધ્યકાલીન ગુજરાતી સમય પછી અર્વાચીન કવિતાક્ષેત્રમાં કોઈ કવિને ‘સાહેબ’ તરીકેનું સહજ સન્માન મળ્યું હોય તો તે ‘ઘાયલ સાહેબ’ને મળ્યું છે. જો કે રાજકોટનગર અને રાજકોટસર્જકો માટે તો એ હંમેશા ‘ઘાયલ કાકા’ જ રહ્યા હતા. આ ‘ઘાયલસાહેબ’ની એક સુંદર ગઝલનું સ્વરાંકન આપણી જ ધરતીના એક મુલાયમ ગાયક શ્રી મનહર ઉધાસે કર્યું છે અને ખૂબ ભારપૂર્વક એ નોંધવું જ પડે કે ઘાયલસાહેબની આ ગઝલ રચના આજે સમગ્ર વિશ્વની ગુજરાતી પ્રજાના હૈયે ચિરંજીવી બની છે. તે માટેનું સઘળું શ્રેય શ્રી મનહર ઉધાસના સ્વરાંકનને અને તેની ગેય પ્રસ્તુતિને ફાળે જ જાય છે. ખરેખર તો ઘાયલસાહેબની એ પ્રલંબ ગઝલ છે, જેમાં કુલ ૧૧ શે’ર છે. પરંતુ ગેય પ્રસ્તુતિ માટે શ્રી મનહર ઉધાસે આ ગઝલના

માત્ર ૪ શે'ર જ ગાયા છે. અને આજે તો મનહરભાઈની કે અન્ય કોઈ ગાયકોની સંગીત મહેફિલમાં જો આ ગઝલ ન ગવાઈ હોય તો શ્રોતાઓ તે ગઝલની ફરમાશ કરીને એ સંભળાવવા માટે આગ્રહ નહીં પણ હઠાગ્રહ કરે છે. એટલું જ નહીં પણ આ ગઝલે તો ઘાયલસાહેબની કલમથી નીકળી, મનહર ઉધાસની સ્વર મહેફિલોમાંથી નીકળીને હવે તો છે...ક 'મોબાઈલ' ફોનના 'રીંગટોન' સુધીનું સ્થાન લીધું છે. એ ઘટના જ ગુજરાતી ગઝલનો મિજાજ અને મહિમા દર્શાવે છે. તો હે, શબ્દ-સ્વર ભાવકો ! આવો, સૌ પ્રથમ તમને એ લોકપ્રિય થયેલી ગઝલનું આચમન કરાવું કે જે મૂળ રચનામાં ૧૧ શે'ર છે. સાંભળો :

**કાજળભર્યાં નયનનાં કામણ મને ગમે છે,**
**કારણ નહીં જ આપું કારણ મને ગમે છે[૧].**
**લજ્જા થકી નમેલી પાંપણ મને ગમે છે,**
**ભાવે છે ભાર મનને, ભારણ મને ગમે છે[૨].**
**જીવન અને મરણની હર ક્ષણ મને ગમે છે,**
**'એ ઝેર હોય અથવા મારણ', મને ગમે છે[૩].**
**ખોટી તો ખોટી હૈયાધારણ મને ગમે છે,**
**જળ હોય ઝાંઝવાનાં તો પણ મને ગમે છે.**
**હસવું સદાય હસવું, દુઃખમાં અચૂક હસવું,**
**દીવાનગી તણું આ ડહાપણ મને ગમે છે.**
**આવી ગયાં છો આંસુ, લૂછો નહીં ભલા થઈ,**
**આ બારે માસ લીલાં તોરણ મને ગમે છે.**
**લાવે છે યાદ ફૂલો છાબો ભરી ભરીને,**
**છે ખૂબ મહોબતીલી માલણ, મને ગમે છે.**
**'દુઃખ શું હવે હું પાછી' દુનિયા ય પણ નહીં દઉં,**
**એ પણ મને ગમે છે, આ પણ મને ગમે છે[૩].**
**હું એટલે તો એને વેંઢારતો રહું છું,**
**સોગંદ જિંદગીનાં ! વળગણ મને ગમે છે.**
**ભેટ્યો છું મોતને પણ કૈં વાર જિંદગીમાં !**
**આ ખોળિયાની જેમ જ ખાપણ મને ગમે છે !**





**'ઘાયલ' મને મુબારક આ ઊર્મિકાવ્ય મારાં,**
**મેં રોઈને ભર્યાં છે, એ રણ મને ગમે છે[૧૧].**

(આઠોં જામ ખુમારી પૃ.૩૧૩ તથા ઓડિયો કેસેટ આગમન-ભાગ:૨)

આ ગઝલના ૧૧-૩-૮ની સંજ્ઞા દર્શાવેલા માત્ર એ ચાર શે'ર જ શ્રી મનહર ઉધાસે ગાયાં છે. ઘણી વખત કોઈ રચનાની સુગમ ગેયતા માટે સ્વરકાર-ગાયક પંક્તિઓના કેટલાક શબ્દોમાં પણ આંશિક ફેરફાર કરતો હોય છે. જેમ ઘણી વખત કવિ પણ 'છૂટ' લેતો હોય છે એમ જ સ્વરકાર પણ ક્યારેક-ક્યારેક આવી 'છૂટ' લેવા મજબૂર થતો હોય છે. જો કે સર્જકે લખેલા શબ્દોમાં સહેજ પણ ફેરફાર કરવાનું સ્વરકારને ગમતું હોતું નથી. પણ ગાયનની સરળતા કે લય-તાલની અનુકૂળતા માટે એને આવું કરવું પડતું હોય છે. ઘાયલસાહેબની આ રચનામાં પણ આવું બન્યું છે.

ત્રીજા શે'રની પંક્તિમાં, મૂળ ગઝલમાં 'એ ઝેર હોય અથવા મારણ....' એમ છે પણ સ્વરાંકન સમયે એ પંક્તિ 'કે ઝેર પણ ગમે છે મારણ, મને ગમે છે' એ રીતે ગવાયેલ છે, તો એ જ રીતે ગઝલના આઠમા શે'રમાં મૂળ ગઝલમાં 'દુઃખ શું હવે હું પાછી...' એમ શબ્દો છે જે સ્વરાંકન સમયે 'દિલ તો હવે તને શું દુનિયા પણ નહીં દઉં' એમ ગવાયું છે. ભલે સ્વરકાર-ગાયક મૂળ રચનામાં આંશિક શાબ્દિક ફેરફાર કરે પરંતુ અંતે તો આપણી પાસે એક ઉત્તમ-બેનમૂન કલાકૃતિ પહોંચે છે એ જ આપણા માટે પરમ સદ્ભાગ્ય છે.

ગુજરાતી ગઝલના અણમોલ આભૂષણ જેવા શ્રી ઘાયલસાહેબની આ સિવાયની પણ અસંખ્ય ગઝલો આજે પણ ગુજરાતી સુગમ સંગીતની મહેફિલો-બેઠકોમાં ગવાય છે અને ગવાતી રહેશે. મારા જેવા કેટલાય કવિ-ગાયકોને આજે 'ઘાયલકાકા'નો અભાવ અકળાવે છે. રાજકોટની ભક્તિનગર સોસાયટીની એક શેરી અને એ શેરીની 'દેવઅમી'ની ડેલીએ ભરાતો એ 'શબ્દોનો દરબાર' અને 'ઘાયલકાકા'ની 'બાઅદબ, બા મુલાય જા હોંશિયાર' કરે એવી કેટલીય વાતો-પ્રસંગો આજે પણ ખૂબ જ યાદ આવે છે. અને યાદ આવે છે ધોરાજી કોલેજ દ્વારા યોજાયેલ કાર્યક્રમનો એ દિવસ.

વર્ષો પૂર્વે ધોરાજીની કે. ઓ. શાહ આર્ટસ-કોલેજ દ્વારા શ્રી ઘાયલસાહેબના સન્માન અને એ નિમિત્તે સાંગીતિક કાર્યક્રમનું આયોજન થયેલું. તેમાં સાંગીતિક કાર્યક્રમ ઉપરાંત શ્રી ઘાયલકાકાને રાજકોટથી ધોરાજી લઈ જવા-મૂકવાની જવાબદારી પણ મને જ સોંપાઈ, એ ઘટનાનો રોમાંચ તો હજુય મારી રગોમાં દોડે છે. રાજકોટ - ધોરાજી જતાં - આવતાં શ્રી ઘાયલકાકા સાથેનો મારો એ પ્રવાસ ખરા અર્થમાં 'યાત્રા'નું એક સંભારણું બની ગયો. બ્લુસ્ટાર સિનેમાના વિશાળ અને સુશોભિત રંગમંચ પર એ દિવસે, ના-દુરસ્ત તબિયત હોવા છતાં અવિરત એક કલાક સુધી 'ઘાયલકાકા' એ ગુજરાતી ગઝલોનું વાવાઝોડું ફૂંક્યું હોય એવો માહોલ રચાયો હતો.

બીજો એક પ્રસંગ આ ક્ષણે આંખોમાં ઉભરાય છે. ઘાયલસાહેબને ગુજરાતી સાહિત્યનો સર્વોચ્ચ ગણાતો રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો. કવિની નાદુરસ્ત તબિયતને કારણે એ ચંદ્રક અર્પણવિધિ તેમના ઘરઆંગણે જ ગોઠવાય તેવું નિશ્ચિત થયું. 'દેવઅમી'ના આંગણે ઉત્સવનું વાતાવરણ. શ્રી કે. કા. શાસ્ત્રીજીના સાનિધ્યે શ્રી ઘાયલસાહેબને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરવાના એ કાર્યક્રમના પ્રારંભે 'કાજળભર્યાં નયનનાં' એ ગઝલ ગાવાનું સૌભાગ્ય મને મળેલું. કાર્યક્રમ પૂર્ણ થયો અને હું ઘાયલકાકાને વંદન કરવા જતો હતો ત્યાં જ એણે મને પોતાના બે હાથ ફેલાવીને છાતી સરસો ચાંપી દીધો અને બોલ્યા 'વાહ, દોસ્ત, તે તો કાજળનો રંગ રાખ્યો ! બેટા ! સ્વરની સાથોસાથ શબ્દનું તપ ભૂલાય નહીં હોં !' ને આજેય 'ઘાયલકાકા'ની એ વિરાટ છબી હૃદયમાં અંકિત થયેલી છે અને ઘણી વખત કાવ્યપાઠ વખતે કે ગીત-ગઝલની સ્વરપ્રસ્તુતિ વખતે એમનો ભીનો હોંકારો અમારી પ્રસ્તુતિને સભર કરી દે છે :

**અંજલિ :**
**બદલો મલિન વસ્તર આંચકો આવ્યો !**
**કણસે ઝીણું કસ્તર આંચકો આવ્યો !**





## તન કેરી તૃષ્ણા તૂટે, મનની ન માયા છૂટે... કાળની ધૂળમાં ધરબાઈ ગયેલું કવિ 'સરોદ' (મનુભાઈ ત્રિવેદી)નું એક ભજન

આ ગુજરાતી કાવ્ય સંગીતની શબ્દ-સ્વરયાત્રામાં કેટકેટલાય ગુજરાતી સ્વરાંકનોનો આસ્વાદ આપણે માણીએ છીએ. આ યાત્રામાં ઘણી વખત વાચકો-ભાવકો તરફથી પણ એટલો બધો હૃદયસ્પર્શી ઉમળકો મળે છે કે હૈયું - મન તરબતર થઈ જાય છે. 'આચમન'ના નિયમિત-કાયમી કેટલાક ભાવકોએ તો પોતાની અંગત લાયબ્રેરીમાં 'આચમન'ના લેખો જતનપૂર્વક ફાઈલ કરીને સાચવ્યા છે. આવા જ એક નિયમિત ભાવક શ્રી બકુલભાઈ ઓઝાએ એક વખત મારો ફોન નંબર શોધીને મને પ્રેમપૂર્વક ફોન કર્યો અને પોતાનો હરખ વ્યક્ત કર્યો. મને એ વાત જાણીને વિશેષ આનંદ એ થયો કે બકુલ ઓઝા આપણા જૂની પેઢીના વીસરાતા જતા વિરલ કવિ-ગઝલકાર-ભજનકાર, મનુભાઈ ત્રિવેદી 'સરોદ'ના જમાઈ છે. મનુભાઈએ 'ગાફિલ'ના તખ્ખલુસથી ગુજરાતી સાહિત્યને ગઝલો પણ આપી હતી. સાંઈ કવિ મકરંદ દવેના ગીત વિશેનો મારો એક લેખ વાંચીને બકુલભાઈએ મને એક ઉત્તમ સંદર્ભ આપ્યો જે આ 'આચમન' માટે આપને સૌને પણ ઉપકારક બનશે.

બકુલભાઈએ મને ફોનમાં કહ્યું કે, 'મારી પાસે મનુભાઈ ત્રિવેદીની ગવાયેલી ચારેક રચનાઓ છે. હું એ રચનાઓ કેસેટમાં રેકોર્ડ કરીને તમને આપીશ, હવે તો આ રચનાઓ રેડિયો પરથી પણ પ્રસારિત નથી થતી. સુ-પ્રસિદ્ધ પાર્શ્વગાયકો ભુપેન્દરસિંઘ અને કવ્વાલ શંકર-શંભુ તથા આસિત દેસાઈના સ્વરમાં કેટલાય વર્ષો પૂર્વે ગવાયેલી આ રચનાઓ છે. જે મેં એ સમયે રેડિયો પરથી રેકોર્ડિંગ કરીને હજુય સાચવી રાખી છે.'

ને એક દિવસ બકુલ ઓઝાનો ફરીથી ફોન આવ્યો અને પેલી કેસેટ તથા કવિ મનુભાઈ ત્રિવેદી 'સરોદ'ના કાવ્યગ્રંથો લઈ જવા માટેનું પ્રેમઈજન મળ્યું. નિવૃત્તિમય

પણ સ્વરમય એકાકી જીવન જીવતા બકુલભાઈના ઘેર હું ગયો. પોતે જાતે બનાવેલી કોફી પીતાં પીતાં અમે ગુજરાતી કાવ્યો અને સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત, નૃત્ય વગેરેની વાતો કરી. એમણે પોતાના સસરા-કવિ મનુભાઈ ત્રિવેદીના સંસ્મરણો, સાંઈ કવિ મકરંદ સાથેના પ્રસંગો, ગોંડલના ફળિયે થયેલી ગોષ્ઠિઓ વગેરે ઘણી વાતો વાગોળી અને મને કવિ 'સરોદ'ના ત્રણ કાવ્યગ્રંથો તથા એક ઓડિયો કેસેટ ભેટ આપી. વર્ષો પહેલાં આકાશવાણી અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી પ્રસારિત થતા 'આ માસનું ગીત' કાર્યક્રમમાં સ્વરકાર રસિકલાલ ભોજકે, સમર્થ ગાયક ભૂપેન્દર સિંઘના સ્વરમાં 'સરોદ'નું આ ભજન ગવડાવ્યું હતું. (આકાશવાણી-રાજકોટ કેન્દ્ર પરથી પણ 'આ માસનું ગીત' કાર્યક્રમની શ્રેણી હજુય પ્રસારિત થાય છે)

કલેરોનેટ, તબલાં અને મંજીરાં આટલાં જ - માત્ર ત્રણ જ વાદ્યોની સહાયમાં ભૂપેન્દરે આ ભજન એવું તો ભાવપૂર્ણ રીતે ગાયું છે કે આજે તો ભૂપેન્દરને ખુદને પણ આ ગીત યાદ નહીં રહ્યું હોય. કેમકે હવે તો કવિ 'સરોદ' અને સ્વરકાર રસિક ભોજક પણ આપણી વચ્ચે હયાત નથી. આ તો કાળનીધૂળમાં ધરબાઈ ગયેલું - અપ્રાપ્ય એવું અમૂલ્ય સ્વરાંકન છે જે સંગીતપ્રેમી-કાવ્યપ્રેમી એવા બકુલભાઈએ પોતાના સસરાની સ્મૃતિઓને આજેય જીવની જણસની જેમ સાચવીને રાખી છે અને 'ગમતાંનો કરીએ ગુલાલ'ની જેમ 'આચમન'ના ભાવકો માટે મને કવિ 'સરોદ'ની એ ચારેય રચનાઓ પ્રેમપૂર્વક ભેટ આપી. આ રચનાઓ સાચા અર્થમાં અ-પ્રાપ્ય (રેર) છે. હા, કવિના કાવ્યગ્રંથોમાં-મુદ્રિતપાઠમાં એ મળી જાય પણ શંકર-શંભુ અને ભૂપેન્દર સિંઘે ગાયેલ ધ્વનિમુદ્રિત પાઠ તમને ક્યાંયથી ય નહિ મળી શકે. તો આવો, આજે કાળની ધૂળમાં ધરબાઈ ગયેલું એ ભજન માણીએ :

**ઝેર જીરવાય, કાચું લોઢુંયે પિવાય,**
**સંતો ! વચન કૂડેરાં વાગ્યાં સહન ન થાય.**
**દર્દ દેહનાં છે રૂડાં, મોત તો મળે આફૂડાં,**
**મોતથીય ભૂંડા આ તો વેણાં વરતાય**
**સંતો ! વચન કૂડેરાં વાગ્યાં સહન ન થાય**
**આગ આ લગાડી લાગી, વેદના અકલ્પી જાગી,**
**દાગનાર હાથોથી યે નહિ ઓલવાય**
**સંતો ! વચન કૂડેરાં વાગ્યાં સહન ન થાય**





**તન કેરી તૃષ્ણા તૂટે, મનની ન માયા છૂટે,**
**વચન વધાવે એ તો રાયના ય રાય**
**સંતો ! વચન કૂડેરાં વાગ્યાં સહન ન થાય**

આ ભજનના ગાયક બિનગુજરાતી હોવાને કારણે ભજનમાં આવતો 'સહન' શબ્દનો ઉચ્ચાર હિન્દી શૈલી 'સેહન' એ રીતે ભૂપેન્દરસિંઘ ગાય છે ત્યારે અનુભવાય છે. આજની સુગમ સંગીત સ્વરકાર-ગાયક ભાવક પેઢીને માટે તો 'સરોદ'નું આ ભજન સાવ અપરિચિત જ લાગે. કવિ મનુભાઈ ત્રિવેદીએ ઘણાં વર્ષો રાજકોટમાં વિતાવ્યાં હતાં. આજે પણ એમનો પરિવાર રાજકોટમાં જ વસે છે. 'સરોદ' અને 'ગાફિલ' આ બન્ને તખ્ખલુસો આ કવિએ ધારણ કર્યાં હતાં. 'ઘાયલ' સાહેબ અને સાંઈ કવિ મકરંદ દવે સાથેની આત્મીયતા થકી પણ આ કવિએ ગુજરાતી કવિતાને સુંદર રચનાઓ આપી છે. થોડા સમય પહેલાં ગુજરાત સાહિત્ય અકાદમીએ પણ ચદ્રકાન્ત ટોપીવાળાના સંપાદનમાં આ કવિની કેટલીક અ-ગ્રંથસ્થ-અપ્રગટ રચનાઓનો ગ્રંથ 'પવન પગથિયાં' પ્રકાશિત કરીને આ વિસરાતા જતા કવિની સ્મૃતિઓ ને પુનઃ પુનઃ તાજી કરી આપી છે. આજની પેઢી માટે એ અત્યંત જરૂરી છે.

આ ભજનમાં ભક્તિભીના હૃદયની વેદના તો એ છે કે જે હાથો વડે આ આગ ચાંપવામાં આવી છે એ હાથો પણ આ અકલ્પીય વેદનાની આગને ઓલવી શકે તેમ નથી. ઈશ્વરની લેહ એકવાર લાગી તે લાગી. એ લગનીથી દૂર થવાતું નથી, જો એ સાચી હોય તો. પણ આ ભજનની પરાકાષ્ટા એની અંતિમ પંક્તિઓમાં જ અનુભવાય છે. તનની તૃષ્ણાનો કદી અંત નથી અને તેથી જિંદગીના અંત સુધી મન-માયામાંથી અળગું થઈ શકતું નથી. પરિણામે આપણે મન વડે બંધાઈ રહીએ છીએ અને જૂઠાં વચનોના કૂંડાળામાં ફર્યા કરીએ છીએ. સ્વરકાર રસિકલાલ ભોજકે ગાયક ભૂપેન્દર સિંઘ પાસે ભાવવાહી સ્વરે આ ભજન ગવડાવ્યું છે તે આપણા કાવ્ય સંગીતની ઐતિહાસિક તવારીખ છે.

**અંજલિ :**

**વાર કરો તલવાર કા જીતના ચાહે સખ્ત**
**પાની તો કટતા નહિ કટ જાતા હૈ વક્ત**

## નથી ઝંખના મારી ગમતી જો તમને
## તો એનું નિવારણ તમારું મિલન છે.....

ગુજરાતી કાવ્યસંગીતના પ્રદેશમાં ઘણી ય વખત વર્ષો જૂની કવિતા અને વર્ષો જૂના સ્વરાંકનો ચિરકાળ સુધી પ્રજાના માનસ-હૈયામાં પોતાનું અદકેરું સ્થાન જમાવીને ચિરંજીવી બનતાં હોય છે, અને મોટે ભાગે એવું અનુભવાયું છે કે જે તે ગેયકાવ્ય તેનાં સ્વરાંકન-તેની ગેયતાને કારણે જ પ્રજાના હૃદયમાં યુગો સુધી ઝીલાતું રહે છે. ન ગવાયેલી કવિતા એટલે કે અ-ગેય કાવ્યો મુદ્રિત પાઠ રૂપે કેવળ ગ્રંથોમાં અથવા તો વ્યાખ્યાનોમાં કે કવિમુખે સચવાયેલા રહે છે. કાવ્ય સાથે એનું ગેયત્વ સંમિલિત થાય ત્યારે અનોખો સ્વર-શબ્દ ચમત્કાર સર્જાય છે. એ પછી ગીત હોય કે ગઝલ હોય કે પ્રલંબ કાવ્ય હોય પણ એમાં લોકહૈયે પ્રસ્થાપિત થાય એવો લય-ઢાળ છુપાયેલો હોય એને પે'લો સ્વરકાર-ગાયક સ્વરો દ્વારા સાંગીતિક સ્વરૂપ આપીને એ કવિતાને લોકભોગ્ય બનાવે છે.

વિશ્વગુજરાતી પ્રજાનાં હૈયે આજે  આરૂઢ સમર્થ શાયર મરીઝ સાહેબની અસંખ્ય રચનાઓને, ભિન્ન-ભિન્ન સ્વરકારોએ ગેયતા આપી છે. નોન ગુજરાતી-બિનફિલ્મી ગાયકોએ પણ આ કવિની ગઝલોને ગાતી રાખી છે. ગુંજતી રાખી છે. ગુજરાતી કાવ્યસંગીતની મજા એ છે કે એમાં એક જ કવિની કૃતિને અનેક સ્વરકારોની સ્વર કરામતનો લાભ મળે છે. એવાં અગણિત દૃષ્ટાંતો છે જેમાં એક જ કાવ્યના ભિન્ન-ભિન્ન સ્વરાંકનો આપણને મળે છે. મરીઝ સાહેબની આ રચનાને પણ ઘણા ય સ્વરકારો-ગાયકોનો સ્વરલાભ મળ્યો છે. જાણીતા ફિલ્મ સંગીત ગાયક અને ગુજરાતી સુગમ સંગીતને ઘેર-ઘેર સુધી પહોંચાડવાનો સ્વરઉદ્યમ કરનાર મનહર ઉધાસે આ ગઝલને સ્વરાંકિત કરી છે. એ પહેલાં તો ઘણા વર્ષો પૂર્વે જાણીતા સુગમસંગીતજ્ઞ-ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાયે મરીઝ સાહેના





આ શબ્દોને સ્વરોના આભૂષણો ધારણ કરાવ્યાં છે. મનહર ઉધાસ અને પુરુષોત્તમ ઉપાધ્યાયના આ બન્ને સ્વરાંકનોમાં કાવ્યના સંવેદનને સ્પર્શે અને ભાવકને સ્પર્શે એવું સ્વરાંકન પુરુષોત્તમ ઉપાધ્યાયનું છે. ગુજરાતી કાવ્યસંગીતમાં જે કોઈ ભાવકોને રુચિ હશે તે ભાવકો પણ આ સંવેદન સારી પેઠે સમજી શકશે, અને નવોદિત ભાવકો અથવા નવોદિત ગાયકો જેમને ગુજરાતી સુગમ સંગીતમાં ઊંડી અભિરુચી હોય એ સૌ કોઈએ આ સ્વરાકંન અચૂક સાંભળવું જ જોઈએ. જો કે આજકાલ સુગમ સંગીતને નામે પણ ઘણી વખત ઘોંઘાટ જ પિરસાઈ રહ્યો છે ત્યારે આવા સ્વરાંકનોની ભાવસમાધિમાં ડૂબવા જેવું છે હોં ! તો હે ભાવક ! આવો, આજે 'મધુવન'ના માંડવે મરીઝ સાહેબની આ વિશ્વપ્રસિદ્ધ ગઝલને પુરુષોત્તમભાઈના પ્રચંડ (પણ હૃદયસ્પર્શી) સ્વરમાં માણીએ :

**જીવનભરનાં તોફાન ખાળી રહ્યો છું, ફક્ત એના મોઘમ ઈશારે ઈશારે.**
**ગમે ત્યાં હું ડૂબું, ગમે ત્યાં હું નીકળું, છે મારી પ્રતીક્ષા કિનારે કિનારે.**

**અહીં દુઃખની દુનિયામાં એક રંગ જોયો ભલે સુખનું જગ હો પ્રકારે પ્રકારે**
**સુજનની કબર હો કે ગુનેગારની હો, છે સરખી ઉદાસી મઝારે મઝારે**

**'હૃદય' મારું વ્યાપક, નજર મારી સુંદર, કલા મારી મોહક વિચારે વિચારે.**
**નથી આભને પણ કશી જાણ એની, કે મેં ચાંદ જોયો સિતારે સિતારે**

**અમારાં બધાં સુખ અને દુઃખની વચ્ચે સમયના વિના કૈં તફાવત ન જોયો.**
**બધીયે મજાઓ હતી રાતે રાતે ને સંતાપ એનો સવારે સવારે**

**નથી ઝંખના મારી ગમતી જો તમને તો એનું નિવારણ તમારું મિલન છે**
**તમે આમ અવગણના કરતા જશો તો થતી રહેશે ઈચ્છા વધારે વધારે**

**મરણ કે જીવન હો બન્ને સ્થિતિમાં 'મરીઝ' એક લાચારી કાયમ રહી છે**
**જનાજો જશે તો જશે કાંધે કાંધે જીવન પણ ગયું છે સહારે સહારે**

મરીઝ સાહેબની આ રચનાની સરળતા પડછે રહેલું સંવેદન એટલું સભર છે કે કોઈ પણ સ્વરકાર-ગાયકને એ સ્પર્શે જ ! પુરુષોત્તમ ઉપાધ્યાય એવી હૃદયાનુભૂતિથી આ રચના પ્રસ્તુત કરે છે કે એની સ્વર-ભાવ સમાધિમાં ડૂબી જવાય છે. ઘણી ય વખત લાઈવ પ્રોગ્રામોમાં અને ઓડિયો કેસેટમાં પુરુષોત્તમભાઈની

સ્વરપ્રસ્તુતિએ ઘણા ય ને ભીંજવ્યા છે એ આ કાવ્યનું ઉત્તમ શિખર છે. જૂની પેઢીના ઘણા ય સુગમ સંગીત ભાવકોને આ સ્વરાંકન હૈયે હશે જ, અને નવી પેઢીના ભાવકોએ મનહર ઉધાસનું સ્વરાંકન માણ્યું હશે ! ખરું ને ? આ ગઝલના બે શે'ર છે જેને પુરુષોત્તમ ઉપાધ્યાયે કે મનહર ઉધાસે પણ સ્વરાંકિત નથી કર્યા ! ઉપરાંત ગઝલના પ્રથમ શે'રની બીજી પંક્તિમાં 'ફક્ત' શબ્દને બદલે સ્વરકાર 'સતત' અને ત્રીજા શે'રમાં 'ચાંદ જોયા'ને બદલે 'ચાંદ જોયો' એમ ફેરફાર કરીને પુરુષોત્તમ ઉપાધ્યાયે ગાયું છે તે યોગ્ય નથી. કવિએ સર્જેલ શબ્દમાં ફેરફાર કરવાથી કાવ્ય ચેતનાને ઘણી વખત હાનિ પણ પહોંચે, એમ બને !

**અંજલિ :**

**મન મંદિરમાં ચાલે કેવું**
**અજબગજબનું તરકટ !**
**સઘળું અંકે કરવા મથામણ**
**થાય એ તો ઉરનીય ઉપરવટ !**





## અંજલિ ભરીને જેને ઝંખે છે લોક,
## એને રેણુમાં કેમ દિયો રોળી ?.....

"દેખ્યાંનો દેશ ભલે લઈ લીધો, નાથ !
પણ કલરવની દુનિયા અમારી !
વાટે રખડ્યાની મોજ છીનવી લીધી
ને તોય પગરવની દુનિયા અમારી !"

આપણા ગુજરાતી સાહિત્યમાં અને આમ જુઓ તો સમગ્ર ભારતીય સાહિત્યમાં અને અન્ય ભિન્ન ભિન્ન કળાઓમાં, જેમને ઈશ્વરે ચર્મચક્ષુ નથી આપ્યાં, આ ગમતું-અણગમતું બાહ્ય-ભૌતિક જગત 'જોવાની' દૃષ્ટિ નથી આપી એવા અંધજનો માટેની આંતરિક સંવેદના પ્રગટ કરતી અનુભૂતિઓવાળી કૃતિઓ અપરંપાર મળે છે. ફિલ્મો, નાટકો, ગીત-સંગીત, નૃત્ય, શિલ્પ વગેરે કળાઓમાં પણ આ વિષય અવારનવાર પ્રગટ થતો રહે છે. ઉદ્‌ઘાટિત થતો રહે છે. પણ ગુજરાતી કાવ્યમાં, ગીતસ્વરૂપમાં 'દુનિયા અમારી' એ અંધત્વની ઝીણી સંવેદના પ્રગટાવતું એક અમરગીત કાવ્ય છે. આ એક જ ગીતરચના માટે આપણે કવિ ભાનુપ્રસાદ પંડ્યાના ઋણી છીએ અને રહીશું. ગુજરાતી સાહિત્યના અધ્યયન-અધ્યાપન અને અવિરત સંવેદનસભર કાવ્ય સર્જનયાત્રામાં ચાર-પાંચ દાયકાથી આ સર્જક પ્રવૃત્ત છે. શબ્દરત છે. આ લખનાર સહિતના અન્ય કેટલાય ગુજરાતી સાહિત્યના અધ્યાપકો આજે પણ 'પંડ્યા સાહેબના રસભર-મનભર વ્યાખ્યાનો'ને ભાવથી યાદ કરે છે. ગુજરાતી સાહિત્યનો અધ્યાપક કેવો હોય ? તો એના રોલમોડેલ છે ભાનુપ્રસાદ પંડ્યા.

'અડોઅડ', 'ઓતપ્રોત', 'શબ્દેકોર્યાં શિલ્પ' જેવા સ-ર-સ કાવ્યગ્રંથો પછી હમણા 'ઈમેજ' દ્વારા આ કવિનું શબ્દવિશ્વ 'ક્ષણ સમીપે ક્ષણ દૂર દૂર' કાવ્યગ્રંથરૂપે

પ્રકાશિત થયું છે. એમાંય 'શબ્દે કોર્યાં શિલ્પ' તો આખ્ખો સોનેટ સંગ્રહ જ છે. હવે તો ધીમે ધીમે કાળગ્રસ્ત થતું જતું સોનેટ સ્વરૂપ, આજની પેઢીને માટે તો એ અચંબાજન્ય વારસો જ બની રહેનારું છે. આપણે ત્યાં હવે જે કેટલીક 'સોનેટ કલમો' બચી છે તેમાં ભાનુપ્રસાદ પંડ્યા ઉલ્લેખનીય સોનેટકાર છે. 'દુનિયા અમારી' એ ગીતકૃતિથી તો સો એ સો ટકા ગુજરાતી પ્રજા પરિચિત છે જ પણ, પ્રસિદ્ધ સર્જકની આવી મોટી કૃતિની પછીતમાં બીજી માણવા જેવી કૃતિઓ ઢંકાઈ જતી હોય છે. કળાના પ્રત્યેક ક્ષેત્રોમાં આવું તો બનતું જ આવે છે. એ જ રીતે આપણા આ ગમતા કવિ, નરવા-ગરવા કવિ ભાનુપ્રસાદ પંડ્યા (સાહેબ)નું એક અન્ય અનન્ય એવું ગીત આજે સ્મરણની ડેલી ખખડાવીને મારી પાસે આવે છે અને મારા કંઠને સ્વરપ્રવૃત કરે છે. સૌરાષ્ટ્રનો આપણો એક ઉત્તમ અને સમર્થ સ્વરકાર ભાઈ સુરેશ જોશીએ, કેટલાય વર્ષો પહેલાં આકાશવાણી-રાજકોટના સુગમ સંગીતના કાર્યક્રમ માટે આ ગીતનું સ્વરાંકન કર્યું હતું અને પોતે જ એ પ્રસ્તુત કર્યું હતું. આકાશવાણી પાસે તો એ ગીત હવે સચવાયું પણ નહીં જ હોય ! પણ મારા 'સ્વરસદન'માં આ ગીત હજુ ય એવીને એવી તાજગી સાથે સચવાયેલું સભર-સભર છે. ઘણી વખત આ બધાંય દરિયા જેટલા-જેવા ગુજરાતી કાવ્યસંગીતના સ્વરાંકનો રાતોની રાતો સાંભળવાથી શબ્દ અને સ્વર સંતુષ્ટતાનો ભરપૂર અનુભવ થાય છે.

તો આવો હે, ભાવકો ! આજે 'આચમન'ના આ શબ્દિલ/સ્વરિલ આંગણે આપણે 'દુનિયા અમારી'ના આ કવિની એક અનન્ય ગીત દુનિયાને માણીએ, ગાઈએ ગણગણીએ, આત્મસાતીએ. જો કે આ ગીતનું સ્વરાંકન તમને વ્યાવસાયિક ધોરણે બહાર પડતી કેસેટ્સ કે સીડીઝમાં ક્યાંય નહીં મળે. માત્ર સ્વરકાર સુરેશ જોશી અને મારી પાસે જ આ સુંદર ગીતનું સ્વરાંકન સોનામહોરની જેમ સચવાયેલું છે. (જો કે સુરેશ જોશીના કેટલાંય સ્વરાંકનો એવા છે જે ખુદ એની પાસેય નથી સચવાયા, પણ મારી પાસે છે !) સુગમ સંગીતના પ્રત્યેક ભાવકને અને કાવ્ય સંગીતક્ષેત્રે કાર્યરત અને નવોદિત એવા ગાયકોએ ગાવા જેવું માણવા જેવું આ ગીત આ રહ્યું, સાંભળો :





**ગાગરમાં માયાં નહીં નીર એને**
**મારગમાં શીદને દિયો છો આમ ઢોળી ?**
**અંજલિ ભરીને જેને ઝંખે છે લોક**
**એને રેણુમાં કેમ દિયો રોળી ?**
**ઊંડેરી વાવનાં પાણી પાતાળમાં**
**ને સીંચણીયું માંડ માંડ પૂગે**
**મરડાતી કેડ્યને જ્યાં છુએ કંદોરો**
**ત્યાં તો ચાંદલિયો તળિયે જઈ ઊગે !**
**બેડાં પર ટેકવેલ આંગળીએ સીમ જતી**
**નજરુંને સાવ નાખી ડહોળી !**
**શેરીમાં વેરો મા ફેંટાની ફાંટમાં,**
**ઝાઝેરા લઉં એને ઝીલી !**
**એના તે બુંદ થકી અંકુરી અંગ અંગ,**
**જાશે વનરાવન ખીલી !**
**અમૃતનાં અઢળક એ કુંભમાંથી અમથી**
**એક આંગળી તો લેવા દ્યો બોળી ?**

કાઠિયાવાડીય તળપદીય ભાવ-અનુભાવવાળું આ નાયિકાપ્રધાન ગીત, એના શબ્દો અને એના સ્વરો આ બધું જ અદ્‌ભુત-અનન્ય છે. આ ગીત કે એના સ્વરાંકન વિશે, ગેય પ્રસ્તુતિ વિશે કોઈ 'વિવેચનીય વિક્ષેપ'ની મને તો જરાય આવશ્યક્તા નથી લાગતી, તમને શું લાગે છે ?

**અંજલિ :**

**લહેકાએ લહેકાએ મહોરતા અવાજના વૈભવની દુનિયા અમારી !**
**ટેરવાંને તાજી કૈં ફૂટી તે નજરુંના અનુભવની દુનિયા અમારી !**

## લોકોય કેવા કમાલ છે, અંજલિઓ આપે છે : મૃગજળની.....

આપણી ગુજરાતી પ્રજા ઘણી વખત ઘરઆંગણે ઊગેલા ફૂલની ફોરમને નથી માણી શકતી. ગુજરાતી કાવ્ય સંગીત-સુગમ સંગીત પરત્વે આપણી ખૂબ જ ઓછી અભિરુચિને કારણે આપણી પ્રજા આપણી કવિતા સમૃદ્ધિ અને કાવ્યગાનની સમૃદ્ધિથી વંચિત રહી જવા પામી છે. પણ કોઈપણ વ્યક્તિ જો એક વખત પણ આ ગુજરાતી કાવ્યસંગીતની સરિતામાં પોતાના પગ પખાળે તો પછી એ એમાં સદ્યસ્નાન કર્યા વગર ન રહે ! એવી જબરી મજા આપણા કાવ્યોમાં અને એનાં સંગીતતત્ત્વમાં ભરપૂર પડી છે. ગઝલ હોય કે ગીત હોય એ ગેય સ્વરૂપે સાંભળીએ ત્યારે એ કાવ્યનું સમગ્ર હાર્દ એના સ્વરાંકનમાંથી આપણને સાંપડે છે. માત્ર થોડીક અભિરુચિ અને શબ્દ-સ્વર રસની સમજણ કેળવાય તો આપણી ભાષાની ઉત્તમ કવિતાનું સૌંદર્ય આપણે પામી શકીએ છીએ.

ક્ષેમુ દિવેટિયા એ આપણી ગુજરાતીકાવ્યસંગીતીય વિશ્વનું એક વિશિષ્ટ સ્વરનામ છે. આપણી જૂની પેઢીના આ સ્વરકાર આજની પેઢી સુધીના ગાયકો અને કવિઓ સુધી વિસ્તર્યાં છે. ક્ષેમુભાઈ સુગમ સંગીતક્ષેત્રની એક વિશિષ્ટ સ્વર ઘટના છે. વર્ષો પહેલાં આ સ્વરકારે એકલે હાથે એક સ્વર ભગીરથકાર્ય કરેલું. સંગીતસુધા ભાગ ૧ થી ૧૦ એવા સુગમ સંગીતના ઓડિયો કેસેટ આલબમનું એક મહાન અને અપૂર્ણ કાર્ય ક્ષેમુ દિવેટિયાએ કર્યું છે. આ એક સાથે દશે-દશ ઓડિયો આલબમમાં આપણી ગુજરાતી કાવ્યોની સ્વરમય સમૃદ્ધિથી આપણને એણે ન્યાલ કરી દીધાં છે. ગીત, ભજન, ગઝલ, ગરબા એમ કાવ્યના દરેક સ્વરૂપોની એણે સ્વરગૂંથણી કરી છે. ગઈકાલના, આજના અને આવતીકાલના અસંખ્ય ગાયકો પાસે એમણે એ કાવ્યો ગવડાવ્યાં છે. આશિત દેસાઈ, સૌમિલ-શ્યામલ





મુનશીએ આ ‘સંગીત સુધા’ પ્રોજેક્ટમાં વાદ્યવૃંદનિર્દેશનની જવાબદારી સુપેરે નિભાવી હતી. એ પ્રત્યેક રચના પૂર્વે, જાણીતા ઉદ્‌ઘોષક-કવિ તુષાર શુક્લે જે તે કૃતિ વિશેના રસસ્થાનો સંક્ષેપમાં પ્રસ્તુત કર્યાં છે. ગુજરાતી કાવ્યસંગીતનો ભાગ્યે જ કોઈ ભાવક એવો હશે જેમની પાસે આ ‘સંગીત સુધા’ (૧ થી ૧૦)નો ઓડિયો કેસેટ સંપુટ ન હોય ! મને બરાબર યાદ છે મારા અંગત સ્વરાંકન સંગ્રહાલય માટે હું વર્ષો પહેલાં રૂબરૂ અમદાવાદ જઈને ખાસ આ ઓડિયો કેસેટ આલબમ લઈ આવેલો. માત્ર આ ‘સંગીતસુધા’ ઓડિયો આલબમ લેવા માટે જ હું અમદાવાદ આવ્યો છું એ જાણીને ક્ષેમુભાઈ ખૂબ જ રાજી થયેલા. એમના સુપુત્ર માલવ દિવેટિયાએ પણ હરખ વ્યક્ત કરેલો અને એ પિતા-પુત્રે આ સંપુટ માટે ખાસ વિશેષ વળતર આપીને મને પ્રોત્સાહિત કર્યો હતો. એ સમયે તો સીડીના યુગનો હજુ જન્મેય નહોતો થયો !

ક્ષેમુ દિવેટિયાનું આ સંગીતમય સાહસ કેટલું સફળ થયું હશે એની તો ખબર નથી પણ મને તો એ પણ, શમણેય ખ્યાલ ન્હોતો કે ભવિષ્યમાં (એટલે કે આજે) હું આમ સુગમ સંગીતના સ્વરાંકનો માટેની જ આ ‘આચમન’ કોલમ લખીશ અને એમાં મને આ મેં એકલે હાથે-પગે રઝળપાટ કરીને મેળવેલા ગુજરાતી સ્વરાંકનો વિશે લખવાનું થશે ત્યારે આ સ્વરાંકન સંગ્રહ મને ખપમાં લાગશે ! ‘સંગીત સુધા’ ભાગ-૨માં, ઓડિયો કેસેટની ‘બી’ સાઈડનું ચોથું સ્વરાંકન એટલે ભગવતીકુમાર શર્માની એક સુંદર રચના. ગાયક-સ્વરકાર નૈનેશ જાનીના કંઠે ગવાયેલું, ક્ષેમુભાઈનું આ સ્વરાંકન હવે તો ક્યારેય-ક્યાંય સાંભળવા મળતું નથી. નૈનેશના ઘૂંટાયેલા સ્વરમાં આ ઘૂંટાયેલું સ્વરાંકન અદ્‌ભુત છે. આ સ્વરાંકનમાં ક્ષેમુભાઈએ સ્વરની એવી તો ઝીણી ઝીણી જગ્યાઓ મૂકી છે કે કવિના શબ્દભાવ મુજબ સ્વરભાવ પ્રગટ થાય છે. કાવ્યગાનના પ્રારંભે જ સીતારના સ્વરો આપણું મન હરી લે છે. બેક ગ્રાઉન્ડમાં હળવેથી સંભળાતા હાર્મોનીયમના સ્વરો અને કી-બોર્ડમાંથી પ્રગટતા વાયબ્રોફોનના સ્વરોથી આ સ્વરાંકન સભર સભર લાગે છે. વચ્ચે વચ્ચે શહેનાઈ અને વાંસળીના સ્વરો તથા તબલા અને ક્યારેક ક્યારેક કોંગોનો લય-તાલ આપણને સ્વરાંકનમાં ડુબાડી દે છે. કોઈપણ સફળ હિન્દી ફિલ્મગીતના સ્વરાંકનથી સહેજેય ઓછું ન જ ઉતરે એવું બળકટ-બળૂકું એવું આ ઉત્તમ સ્વરાંકન છે. પણ આપણા કાન એને માટે આપણે ‘કાનબદ્ધ’ થઈએ તો જ આવી સરસ કવિતાને આપણે પામી શકીએ.

ભગવતીકુમારની ઓછી જાણીતી આ રચના વિષે, નૈનેશ જાનીની પ્રસ્તુતિ પૂર્વે તુષાર શુકલ કહે છે કે ''સ્મરણમાં સચવાઈ રહેવાથી શ્રદ્ધા જન્મે છે. સતતના પરિચયમાંથી, પણ જ્યાં સંબંધ 'કદીક' અને 'ક્યારેક' એ રીતે ઓળખવા લાગે ને ત્યાં વિસ્મરણનું વાતાવરણ જ વાસ્તવિકતા ! પછી દૂર-સુદૂર ચાલ્યા ગયેલાના ચરણના ધ્વનિનો ભણકાર પણ ભૂતકાળની કોઈ ઘટના જ કેવળ !'' ને પછી તરત જ સિતારના સ્વરોના બેકગ્રાઉન્ડથી આ સ્વરાંકન પ્રારંભાય છે. નૈનેશ જાનીના કેળવાયેલા સ્વરમાં ગવાતું આ સ્વરાંકન લ્યો, તમેય માણોને યાર....

**ધુમ્મસના પ્હાડમાંથી વહેતું ઝરણ તે હું**
**પાષાણના ગગનથી ફૂટેલું કિરણ તે હું**
**ઢાંકી દો એમાં શ્વાસની સૂક્કી ખજૂરીઓ**
**વેરાન પરની ચાંદની શું આવરણ તે હું**
**ભણકાર પામવાની ના કોશિશ કરો હવે**
**ચાલ્યા ગયેલા દૂર અટૂલાં ચરણ તે હું**
**ક્ષણમાં ખરી પડ્યાં આ ક્ષણો કેરાં પાંદડાં**
**જેણે નિહાળી લીધું સમયનું મરણ તે હું**
**ખોબો ભરીને આપજો મૃગજળની અંજલિ**
**જેમાં દટાયા કંઈક હરણ એવું રણ તે હું**

કોઈ દૂર-સુદૂર ચાલ્યું ગયું હોય પછી એના ભણકારા પામી શકાતા નથી એની ઝીણી વેદના આ કાવ્યમાં કવિએ વ્યક્ત કરી છે. મુદ્રિત કવિતા અને સંગીતના સ્વરોથી ધ્વનિ મુદ્રિત થયેલી કવિતાને કાન દ્વારા પામીએ પછી એને હૈયાના સાતમા પાતાળે ઢબૂરીને મમળાવવાની મજા તો માંહ્યલો જાણે હોં ! આ દોમદોમ ધોમધખતા-ચામડીઝાળ તડકામાંય મનને, તનને શાતા અર્પે એવું આ સ્વરાંકન છે. આવા અવિસ્મરણીય-ચિરંજીવી સ્વરાંકનો માટે આદરણીય-સ્વરીય ક્ષેમુદાદાને શત શત વંદન અને પ્રિય ગાયક અને અતિપ્રિય સ્વરકાર ભાઈ નૈનેશને સ્વરમય અભિનંદન..

**અંજલિ :** **આ આજુબાજુ અજબ ગજબનો નાચનચંતો ભડકો !**
**આ એકલ દોકલ ઉનાળાનેય ભાંડતો છાકટો થાતો તડકો !**
**તમે તો સહેજેય નહીં જીરવી શકો, લ્યો જોઉં જરા અડકો !**





# અલખધૂન રસરંગ લગાવે, આવી રૂડી છે મારી રામમઢી

ભારતીય સમાજમાં શ્રીરામ અને શ્રીકૃષ્ણ નામના બે રસાયણો અણુએ અણુમાં વ્યાપ્ત છે. આ બે મહાન અવતારી આત્માઓની યશગાથા ગાતાં આપણે ક્યારેય થાકતા નથી. અરે, સમગ્ર વિશ્વના અન્ય ધર્મોએ, સમાજોએ, સંસ્કૃતિઓએ શ્રીરામ અને શ્રીકૃષ્ણના વ્યક્તિત્વોને પામવાનો પરમ પુરુષાર્થ કર્યો છે. ફાધર કામિન બૂલ્કેનું દૃષ્ટાંત તો આપણા માટે ઉત્તમ રીતે પ્રેરણાદાયી છે. ભારતની એક મુલાકાતમાં જ આ વિદ્વાન અહીં જ રોકાઈ જાય છે અને પોતાનું સમગ્ર જીવન એણે શ્રીરામ અને શ્રીરામકથાના ઉદ્ભવ અને વિકાસની સંશોધનયાત્રામાં સમર્પિત કરી દીધું હતું. વિદેશની ભૂમિનો એક વિદ્વાન આમ રામમય બની જઈને આપણા ભારતીય અધ્યાત્મ સાહિત્યની ખેવના કરે એનાથી વિશેષ આપણું બીજું કયું મોટું ગૌરવ હોઈ શકે !

શ્રીરામ અને શ્રીકૃષ્ણ તો આપણી ભારતીય ગૌરવપૂર્ણ પરંપરાના બે ગતિમાન ચક્રો છે. જે ચક્ર પર આપણી ભારતીય લોકજીવનની યશસ્વી પરંપરા અવિરત ગતિ કરે છે. ખરેખર આપણા પ્રજાજીવનના તમામ પ્રવાહો શ્રીરામ અને શ્રીકૃષ્ણ ભણી જ વહે છે. ભારતના સર્વક્ષેત્રોમાં આપણને આ બન્ને મહાન યુગપુરુષોની જીવનઝાંખી પ્રતિબિંબાતી જોવા મળે છે. ભારતીય સમાજનું એક પણ ક્ષેત્ર એવું નહીં હોય જ્યાં અને જેમાં શ્રીરામ-શ્રીકૃષ્ણના ઉચ્ચ આદર્શ મહિમાનું સ્થાપન ન થતું હોય ! સર્જકો, કલાકારો, કૃષિકારો, ધર્મરક્ષકો, સંતો-મહંતો, અમીર-ગરીબ, એમ સૌ કોઈને આ બન્ને મહાન આત્માઓ પોતાના લાગ્યા છે. આજે સામાન્યમાં સામાન્ય માણસ પોતાની સુખદ કે દુઃખદ જીવતરની ક્ષણોમાં, રામકથા અને કૃષ્ણગાથામાંથી પોતાના જીવનનાં રહસ્યો ઉકેલવાના આશ્વાસનો

મેળવે છે. એટલે જ અવિનાશ વ્યાસની કલમમાંથી અને સ્વરાંકનમાંથી આપણને એક સુંદર ગીત મળ્યું હતું જે આપણા હિન્દી ફિલ્મના પાર્શ્વગાયક મૂકેશજીએ હૃદયના સંવેદનસભર ભાવ સાથે ગાયું હતું કે :

**"આજ ખરું અવતરવાનું ટાણું,**
**હવે પ્રભુ અવતાર લ્યો તો પ્રભુ જાણું !**
**કંસની સામે તમે કૃષ્ણ થયા**
**અને રાવણની સામે રામ,**
**પણ આજે તો કંસનો પાર નથી જગમાં,**
**ને રાવણ તો સોમાં નવ્વાણું !"**

ભારતીય પ્રજાની પ્રત્યેક પરંપરાઓમાં અને સમગ્ર ભારતના સર્વક્ષેત્રોમાં રામ અને કૃષ્ણ સંગોપાયેલા છે. ચૈત્ર સુદ નવમી એટલે રામનવમી. (૨૭/૩/૦૭) શ્રી રામનો જન્મદિવસ આપણા પ્રત્યેકના હૈયામાં થનગની રહ્યો છે ત્યારે અને હમણાં ચાર દિવસ પછી જ રામનવમીનો પવિત્ર ઉત્સવ આવી રહ્યો છે ત્યારે પંચોતેર વર્ષ પૂર્વે, વીસાપુરની જેલમાં (ઓગસ્ટ-૧૯૩૨) શ્રીરામ સ્મરણની આધ્યાત્મિકતાના ભાવ સાથે, આપણા ગુર્જર કવિ શ્રી ઉમાશંકર જોશીએ લખેલું એક ગીત સ્મરણે ચઢે છે અને કંઠે પણ રણઝણે છે. રામકથાના માધ્યમથી 'વિશ્વશિક્ષક' બની ગયેલા શ્રી મોરારિબાપુને પણ મુક્તકંઠે લલકારવાનું મન થાય એવું આ ગીત છે. નદીઓના કાંઠે પાંગરેલી આપણી ભારતીય સંસ્કૃતિમાં મઢૂલીનો ખૂબ મહિમા ગવાયો છે અને એટલે જ 'રામમઢી' શબ્દ તો આપણા રક્તકણોમાં ઓગળી ગયો છે. આકાશવાણી રાજકોટના પૂર્વ સંગીતકાર-સ્વરકાર-ગાયક-અચ્છા વાયોલિન વાદક શ્રી જયંતીભાઈ પટેલનું નામ ભાગ્યે જ કોઈ ભાવકે ન સાંભળ્યું હોય ! વર્ષો પૂર્વે જયંતીભાઈ પટેલે આ 'રામમઢી' ગીતરચનાનું સ્વરાંકન કર્યું હતું. આકાશવાણીના 'આ માસનું ગીત' અંતર્ગત, જાણીતા સુગમ ગાયક શ્રી સુરેશ જોશી પાસે આ ગીત ગવડાવવામાં આવ્યું હતું. હવે તો કદાચ આકાશવાણી પાસે પણ આ ગીત સચવાયેલું હશે કે કેમ.....?!

સમર્થ કવિ ઉમાશંકર જોશીનું આ ગીત જેટલું ભાવમય છે એટલું જ ભાવમય સ્વરાંકન જયંતીભાઈ પટેલનું છે. સુગમસંગીતના ભાવકોને તો ભાગ્યે જ માણવા





મળે એવું આ સૂક્ષ્મ ભાવ સંવેદનમય સ્વરાંકન આપણે ય માણીએ અને આવનારી 'રામનવમી'ની ભાવમય એવી રામજન્મની ક્ષણને આવો, આપણે સાથે મળી વધાવીએ :

**રામમઢી રે મારી રામમઢી,**
**ગંગાને કાંઠે રામમઢી,**
**જમનાને કાંઢે રામમઢી,**
**રે મારી રામમઢી.**
**કોઈ સંતન આવે, મંગલ ગાવે,**
**અલખધૂન રસરંગ લગાવે,**
**આવે કોઈ અવધૂત ચઢી.....**
**રણઝણે મંજીરાં, બજે તંબૂરા,**
**ગુંજે જગકુંજે સ્વર મધુરા,**
**દૂર દૂર એ પડઘી પડી.....**
**રસભર હૈયાંની ડોલે નૈયા,**
**પિયુ પિયુ બોલે પ્રાણબપૈયા,**
**ચેતનની વરસંત ઝડી.....**
**કાંઈ ગગનમંડલે નયનાં ઝંખે,**
**પરમ તેજ પલકતાં તલખે,**
**અલખ મંદિરિયે નજરો અડી**
**રે મારી રામમઢી.**
**તરવેણી તીરે રામમઢી.**
**રે મારી રામમઢી.**

આપણે પણ આપણા મકાનનું રામમઢીમાં રૂપાંતર થાય એવું કરીએ - જીવીએ તો જ રામસ્મરણ સાર્થક !

**અંજલિ :**
**કહો કેમ સમજશો હવે આ અક્ષર અઢી,**
**માંહ્યલો થાય મહીં રાજી એ જ ખરી રામમઢી.**

## તમે દીધો અવતાર કાં પતંગનો.....
## અમને તો ફીરકીને માંજાના કોડ.....

શિયાળાની મસ્ત-મસ્ત, મઘમઘતી-મદમાતી, મસ્તીલી મૌસમ અને એમાંય વળી કાતિલ ઠંડીનું સામ્રાજ્ય. કુદરત જ્યારે કર્ફયુ જાહેર કરે ત્યારે સમગ્ર બ્રહ્માંડની સજીવ-નિર્જીવ વસ્તુ એના સપાટામાં સપડાઈ જાય છે. હમણાં હમણાં વળી ઠંડીએ પોતાનું અસ્સલ રૂપ-કૌવત બતાવ્યું છે, બાકી 'ગયઢા માણસો' તો હર મૌસમ વખતે, જે તે મૌસમનું અસલ રૂપ નથી પ્રગટતું એવો છૂપો બળાપો નાખે તેમ આ વખતેય ઘણાય 'ગયઢાની મોઢે' સાંભળેલું કે 'ઓણ ક્યાં ટાયઢું પડે જ છે ! ટાયઢું તો અમારા વખતમાં કાંઈ પડતી'તી બાપ !' આમ દરેક ઋતુને તેનો આગવો અંદાજ મિજાજ હોય છે અને એ પ્રત્યેક ઋતુ માનવમનને યેનકેન પ્રકારે સ્પર્શતી હોય છે. આજથી બરાબર બે દિવસ પછી પ્રત્યેક ભારતીય પ્રજાને રોમાંચિત કરતો ઉતરાયણનો દિવસ છે. પતંગ ચગાવવાનો, પેચ લડાવવાનો, પતંગ કાપ્યો કે કપાવવાનો એ ધમાલ અને ધમાચકરડીનો દિવસ. આપણી ભાષાનાં સાહિત્ય પાસે પણ ઋતુએ-ઋતુઓનાં ગીતો છે, અને એ ગીતોનું સૂરમય ગાન પણ છે. કેલેન્ડરનું પ્રત્યેક વર્ષનું જાન્યુઆરીનું ચૌદમું પાનું (જો કે ક્યારેક તિથિય આઘાપાછી થાય, એ અપવાદ બાદ !) એટલે ઉતરાયણ. મકરસંક્રાંતિનો દિવસ. ભારતીય પર્વોમાં પ્રત્યેક ઉત્સવનું એક અલગ-વિશિષ્ટ સ્થાન છે, મહિમા છે. આપણો ધર્મ, એ ધર્મના પરિબળે ટકેલો આપણો સમાજ, એ ઉત્સવઘેલી પ્રજા એ આપણી ભારતીયતાની ઉત્તમ ઓળખ છે.

જ્યારે જ્યારે મકરસંક્રાંતિ-ઉતરાયણનો દિવસ આવે છે ત્યારે એક સાથે બાળવય-કિશોરવય-યુવાવયના એ ધુમક્કડ દિવસો અને મારા-માદરે વતન ઉપલેટામાં એકલા-એકલા પતંગ ઉડાવેલી-એ બધું આંખ સામે ઝલમલી જાય છે.





'એકલાં પતંગ ઉડાવેલી' એમ લખ્યું એટલા માટે કે, બાળપણના સૌ ભેરુઓ સાથે પતંગ ઉડાડું અને પેચ લગાવતાં જો મારી પતંગ જ કપાય જાય તો બીજી પતંગ ખરીદવાની સ્થિતિ ન્હોતી !

તેથી શેરીના દોસ્તારો પતંગ ચગાવી લે પછી હું એકલો-અટૂલો અને મારી એકલી પતંગ હું ઉડાવતો, જો કે એ વર્ષોમાં ઉતરાયણ ઉપર તો પતંગ ચગાવવાનો ચાલ જ નહોતો ! હા, આ ક્ષણે મને એ પણ યાદ આવે છે કે મકરસંક્રાંતિના દિવસોમાં યજમાનોને ઘેર-ઘેર જઈને, મારા પૂ.દાદા (સ્વ. રેવાશંકરભાઈ જોશી - પિતાશ્રીના મોટાભાઈ) સાથે હું અનાજ માગવા જતો. 'મકરસંક્રાંતિની પુન (પુન્ય) પરવણી' એવી ટહેલ નાખીને, બ્રાહ્મણ તરીકે - ગોરબાપાના દીકરા તરીકેના એ ચિત્રપટના દશ્યોની જેમ, અતીતના સંભારણાં હૈયામાં અંકિત થઈ ગયાં છે. ખેર, જવા દો એ અતીત સ્મરણોની વાત. આજે તો આપણે પતંગિયા જેવા પતંગના આ રૂડા દિવસોની અને એનાં ગીતોની વાતો કરવાનું આચમનીય મન છે. ઘણી ફિલ્મોમાં અને ગુજરાતી ગીત-ગઝલ જેવી સાહિત્યિક રચનાઓમાં પણ પતંગ વિષયક ગીતો આજેય એટલા જ લોકપ્રિય છે. મુંબઈમાં વસનારો આપણો એક ગુજ્જુ-યુવા કવિ મૂકેશ જોશી આપણી અર્વાચીન ગુજરાતી ગીત કવિતાનું એક અગ્રેસર નામ છે.

મૂકેશ જોશી પાસેથી આપણને આજની આબોહવાની ઉત્તમ કૃતિઓ મળતી રહે છે. ગીત અને ગઝલ એમ બન્ને સ્વરૂપોમાં આ કવિ વિહાર કરે છે પણ વિશેષતઃ એ ગીતોમાં વધારે મ્હોરે છે. એમના પ્રથમ કાવ્ય સંગ્રહ 'કાગળને પ્રથમ તિલક'માં પણ આજની કવિતાનો ચહેરો વંચાય છે.

આજે 'આચમન'ના સૌ ભાવકો માટે, વિશેષ તો ઉત્તરાયણના આ 'પતંગીલા દિવસો'ની સાક્ષીએ, મુકેશ જોશીનું આવું જ એક વિશેષ ઉલ્લેખનીય ગીત સંભળાવવું છે. જેનું સ્વરાંકન આપણા ગુજરાતી કાવ્ય સંગીતના ઉત્તમ સ્વરકાર શ્રી રાસબિહારી દેસાઈએ કર્યું છે. થોડાંક વરસો પહેલાં રાજકોટની જાણીતી શિક્ષણ સંસ્થા સૌરાષ્ટ્ર હાઈસ્કૂલના આચાર્ય સ્વ. વિજયભાઈ ધોળકિયાની સ્મૃતિમાં રાસબિહારી - વિભા દેસાઈ (સ્વરદંપતિ)નો સુગમ સંગીતનો કાર્યક્રમ યોજાયેલો. એ કાર્યક્રમમાં વિભાબેન દેસાઈએ મૂકેશ જોશીની આ સુંદર ગીત રચના પ્રસ્તુત

કરેલી. જે આજે હું તમારે માટે અહીં પ્રસ્તુત કરું છું. માણો. સાંભળો :

**અમને તો ફીરકીને માંજાના કોડ,**
**તમે દીધો અવતાર કાં પતંગનો**
**આમ પળપળમાં તૂટતા સંબંધનો**
**છાતીના ચાર કોશ છેદીને**
**ભાયગની રેખા શી દોર તમે બાંધો**
**આંચકાઓ આપીને આયખાને**
**ચીરો ને થીંગડાનું નામ દઈ સાંધો**
**અણદીઠ સરનામે મોકલો ને**
**ટેકો તો ડગમગતા વાયરાના સ્કંધનો**
**અહીં પળપળમાં તૂટતા સંબંધનો**
**સૂરજના આંગણામાં અંગોને ઓગાળી**
**જાતને રાખ લગી બાળવી**
**આકાશે થંભે ના એકાદું પંખી,**
**આ આંખોને ક્યાં જઈ પલાળવી**
**પળપળમાં જીવનમાં વહેણ ફરી જાય**
**જેમ રસ્તો બદલાય કોઈ અંધનો**
**અહીં પળપળમાં તૂટતા સંબંધનો**

જૂની પેઢીના યશસ્વી સ્વરકાર અને આયખાના સાત-સાત દાયકાઓ વટાવી ચૂકેલા સ્વરદંપતી રાસભાઈ-વિભાબેનને સાંભળવા એ એક અનન્ય લહાવો છે. એમના સ્વરાંકનો હૃદયસ્પર્શી હોય છે, ગણગણવાં ગમે તેવા હોય છે. સુગમસંગીત ક્ષેત્રને આજ આજ સુધીમાં રાસભાઈના અસંખ્ય સ્વરાંકનો સાંપડ્યાં છે. મૂકેશ જોશીની આ ઉપરાંત અન્ય ગીત-ગઝલ રચનાઓને પણ ગુજરાતી સુગમ સંગીતના ઘણા સ્વરકારોએ સ્વરાંકિત કરી છે. રાસભાઈનું આ સ્વરાંકન જ્યારે વિભાબેને પ્રસ્તુત કર્યું ત્યારે સૌ ભાવકોને ખરેખર આ સ્વરાંકન સ્પર્શી ગયું હતું. વિશિષ્ટ અને સુગમસંગીતની અભિવ્યક્તિના અલગ સ્વરલગાવ થકી આ ગીત શાંતચિત્તે સાંભળવું ગમે એવું સ્વરાંકન છે.





'અમને તો ફીરકીને માંજાના કોડ' એ ગીતમુખડું સ્વરલહેરીઓ સાથે જ્યારે આપણે સાંભળીએ ત્યારે વાતાવરણ નિષ્પન્ન થતું અનુભવાય છે અને પછી તરત જ 'તમે દીધો અવતાર કાં પતંગનો' એ પંક્તિમાં ભાવક ભીંજાય જાય અને પછી 'આમ પળપળમાં તૂટતા સંબંધનો'ની સ્વરલીલામાં વિભાબેનનો અનુભવસમૃદ્ધ સ્વર આપણને જકડી લે છે. 'આંચકાઓ આપીને આયખાને ચીરો ને થીંગડાનું નામ દઈ સાંધો' થી ઘૂંટાતો ભાવવાહી સ્વર છેક 'આકાશે થંભેના એકાદું પંખી, આ આંખોને ક્યાં જઈ પલાળવી'ની વિવશતા આપણને ચોમેરે ઘેરી વળે છે. કે પછી 'પળપળમાં જીવનનાં વહેણ ફરી જાય, જેમ રસ્તો બદલાય કોઈ અંધનો, અહીં પળપળમાં તૂટતા સંબંધો'ની વિરહીપીડા કે સંબંધોનું આજનું ખોખલાપણું ભાવકને નિત્યનૂતન સંવેદનનો અનુભવ કરવા માટે પૂરતો છે.

એક ઉત્તમ ગીતનું, ઉત્તમ સ્વરાંકન અને એની સુરીલી-ભાવમય પ્રસ્તુતિ કાવ્યસંગીતના ભાવક તરીકે આપણને જુદી જ દુનિયાનો અનુભવ કરાવી જાય છે. સંગીતના સ્વરોથી હૈયું ભીનું-ભીનું થાય તે પ્રત્યેક ક્ષણ ઉત્તરાયણ છે. ઉત્તરાયણના ઉરના પ્રત્યેક ધબકારમાં સંગીતાયણ છે, જીવતરાયણ છે.

**અંજલિ :**

**તને કોણે કીધું કે જીવતર તંગ છે**
**ફંગોળી દે જાત ને ગગનમાં તું ય પતંગ છે**
**પંચાત મૂક પેચ લગાવવાની સાવ કોરાણે**
**પ્રેમ છે, નથી નિસબત વયની,એ મજીઠો રંગ છે**

## હળવેથી હાલજે ને મલકીને મ્હાલજે,
## ને કરડાકી રાખજે પૂરી.....

સંત કવિ દાસી જીવણના અવધૂત રંગે સંપૂર્ણપણે રંગાઈ ગયેલો અને આપણી લુપ્ત થતી જતી પદ-ભજન પરંપરાની સંતવાણીઓને સાચવીને-પલાંઠી વાળીને બેસી ગયેલો એક મસ્ત-ઓલિયો-ફકીર એટલે (ડો.) નિરંજન રાજ્યગુરુ. દાસી જીવણના અણખૂટ ભજન ભંડાર પછી સાંઈકવિ મકરંદ દવેનું કેટલું ય અમૂલ્ય શબ્દ-સ્વર સાહિત્ય હજુ ય નિરંજનની 'અવધૂતી ફાળ'માં પડ્યું છે. હમણાં જ શબ્દ-સૂરના આ 'ઓલિયાપીર'ને એક સાથે ત્રણ-ત્રણ એવોર્ડ મળ્યા એમ ન કહેવાય પણ ખરા અર્થમાં 'પ્રાપ્ત' થયા. આપણી ભારતીય પરંપરાઓમાં 'પ્રાપ્તિ'નું જ મહાત્મ્ય છે, નહીં કે, 'મળ્યા' કે 'મેળવ્યા'નું ! મારા આ 'પ્રિય ફકીર'ને કાગ એવોર્ડ, શિવમ્ એવોર્ડ અને હવે ભુવનેશ્વરીપીઠનો એવોર્ડ એમ ત્રણ એવોર્ડ પ્રાપ્ત થયા. (તોય નિરંજન તો એની એ જ અસ્સલ મસ્તીમાં જ 'ઉઘાડપગે' આનંદ આશ્રમમાં દોડાદોડી કરે છે.)

ઘોઘાવદરના પાદરમાં દાસીજીવણના શબ્દ-સૂરની સાક્ષીએ હમણાં જ ત્રણ દિવસના સંત સાહિત્યના રાષ્ટ્રીય પરિસંવાદનો ઉજમાળો અવસર ઉજવાયો. આખા ગુજરાત અને છેક મુંબઈથી નિરંજનની તપસ્યાને તપાસવા-માણવા કેટલાય ભજન-પ્રેમીઓ દોડીને આવ્યા હતાં. 'સત્-નિર્વાણ ફાઉન્ડેશન' 'આનંદ આશ્રમ' આ બેયનો જન્મ નહોતો થયો એ પહેલાંનો એ સાવ બંજરભૂમિનો હું સાક્ષી છું. એક દી' ઉનાળાની બળબળતી બપોરે, મકરંદભાઈના અતિ પ્રિય 'નિરિયા'ના ઘોઘાવદરના એ દેશી નળિયાવાળા ઘેરે રોટલા ખાઈને નિરંજનભાઈ મને આજે જ્યાં આનંદ આશ્રમની ઉજ્જવળ ધ્વજા લ્હેરાય છે તે ભૂમિ પર લઈ ગયેલા. ખંઢેર જેવી એક નાનકડી ઓરડીમાં એ બપોરે અમે ત્યાં બેઠા હતાં. ત્યારે આનંદ આશ્રમ





નિર્માણની કેટલીય વાતો નિરંજનભાઈએ મને કરી હતી. જો કે મને અભાગિયાને બપોરના જમણનું ઘેન ચડ્યું'તું એટલે-મને હજી ય એ બપોર બરોબર યાદ છે - હું તો ઝોલે ચડ્યો'તો પણ 'ગુરુ' એ પછીથી જંપ વાળીને બેઠા નથી એની સાક્ષી એટલે સત્-નિર્વાણ ફાઉન્ડેશન અને આનંદ આશ્રમ. હે, ભાવક ! તમને થશે કે આજે 'આચમન'માં કેમ હું આડે પાટે ચડી ગયો છું ? ના, ભાઈ, ના ઘણી વખત અતીતની એવી યાદોમાં જ આ 'આચમન'નો પાયો ધરબાયેલો હોય છે.

સાંઈ કવિ મકરંદ દવેની ગવાયેલી કવિતાઓની અહીં ઘણી વખત વાત થતી રહે છે પણ આજે તો તમને સૌને એવું એક ગીત સંભળાવવું છે જેમાં મકરંદભાઈનો નિરંજન માટેનો 'ભારી ભરોસો' પ્રગટ થાય છે. આ સાંઈ કવિએ વ્યક્તિવિશેષો માટેનાં કાવ્યો ભાગ્યે જ લખ્યાં છે અને જે લખ્યા છે તેમાં જે તે વ્યક્તિવિશેષ માટે તેના આગળના જીવનની કેડી દોરી આપી છે. પછી તો આગળ જતા સાંઈ કવિએ સૂચવેલી કેડી પર ચાલીને કેટલાય સર્જકોએ રાજમાર્ગો ઉપર 'હડી' કાઢી છે. પણ નિરંજન રાજ્યગુરુ માટે સાંઈ કવિએ અસંખ્ય પત્રોમાં, કેસેટોમાં અને જીવંત વાતચીતોમાં એ સઘળું વ્યક્ત કર્યું છે. નિરંજન રાજ્યગુરુ પાસે આજે પણ એ બધી માલમી વાતો સચવાઈને-સોનામહોર જેવી પડી છે. શિવમ્ એવોર્ડ અવસરે ખુદ નિરંજનજીએ એમના સન્માનપ્રતિભાવ વખતે મકરંદભાઈનું આ અ-પ્રગટ-અ-ગ્રંથસ્થ ગીત પહેલ વહેલીવાર પ્રગટ કર્યું ત્યારે મારા જેવા કાવ્ય સંગીતપ્રેમીને તો જલસો પડી ગ્યો ! પછી તો 'ફૂલછાબ'ના તમે સૌ આચમનાર્થીઓ માટે મેં બીતાં બીતાં ગુરુને આ આખ્ખું ગીત આપવા માટે વિનવણી કરી કે તરત જ, આ ત્રણ દિવસના શબ્દ અવસરની અસંખ્ય જવાબદારીઓ-દોડધામની વચ્ચે એ જ પળે 'ગુરુ મારો હાથ ઝાલી' મને તરત જ આનંદ આશ્રમમાં લઈ ગયા.

એક કબાટ ખોલ્યો. એક ડાયરી કાઢી જેમાં મકરંદભાઈ અને ગુરુ વચ્ચેના પત્રોનાં દર્શન કરાવ્યાં અને એક ફાઈલમાં, કયા પત્રમાં આ ગીત છે એય ગુરુને યાદ હતું. સીધો એ જ પત્ર કાઢી, ફાઈલ બંધ કરી અને સાંઈકવિના ખુદના હસ્તાક્ષરમાં કંડારાયેલું આ ગીત મને એ જ વખતે 'કલર ઝેરોક્ષ' કરીને ગુરુએ પોતે જાણે કે મને આ 'ત્રિવેણી પર્વોત્સવ'ની 'પરમ પ્રસાદી' જ હાથમાં ધરી દીધી. ને એ જ ક્ષણે સાંઈકવિ અને ગુરુ એ બેય મારી બેય આંખોમાં ઝળઝળિયા બનીને વહેતા રહ્યા.

શબ્દ-જીવનમર્મી મકરંદભાઈને ત્રણ-ચાર લોકો બહુ ગમતા હતા. એમાંય નિરંજન અતિ. વ્હાલમાં 'નિરિયો' કે 'આપણો નીરુ' એમ સંબોધતા. આજથી બરોબર એક દાયકા પહેલાં સાંઈ કવિએ આ ગીત લખ્યું હતું. આ ગીતની મજા એ છે કે ગીતના બે અંતરામાં કવિએ નિરંજન માટેની જ વાત કરી છે અને ગીતના ત્રીજા-છેલ્લા અંતરામાં એણે એક સાથે ત્રણ-ત્રણ, પોતાને પ્રિય એવી વ્યક્તિઓની વાતને માર્મિક રીતે ગૂંથી છે. સાંઈ કવિનો સ્નેહ મેળવનાર એ ત્રણ લોકો એટલે 'નિરિયો' (નિરંજન રાજયગુરુ), 'નાથો' (નાથાલાલ ગોહિલ) અને 'મનિયો' (મનોજ રાવલ). સાંઈકવિએ ગીતના મુખડા (પ્રથમ પંક્તિ)માં નિરંજનને અવધૂતી આશિષ આપ્યા છે અને ગીતની છેલ્લી પંક્તિમાં અન્ય બેય (નાથાલાલ અને મનોજ) મિત્રો માટે પણ ખેવના કરી છે. નિરંજનના નિર્મળ-નિર્મોહી કંઠે આ ગીત સાંભળવું એ આખાય જીવતરનો થાક ઉતારી આપનારી ઘટના છે. તો સાંઈકવિના સુંદર-પવિત્ર હસ્તાક્ષરની ઝલક પણ અહીં તમને સૌને આચમનવા મળશે. આઠમી ઓક્ટોબર ઓગણીસસો અઠ્ઠાણુંની વ્હેલી સવારે પાંચ વાગ્યે અવતરિત થયેલું આ અવધૂતી ગીત લ્યો; આવો, હે જીવણપ્રેમીઓ ! તમેય માણો :

**જીવણ બાવો તુંને જાળવે હો નિરિયા,**
**જીવણ બાવો તુંને જાળવે**
**મોટી હોફિસુંમાં મોટા હમાલ**
**અને બેઠા છે નકરા દલાલ,**
**તારો સાહેબ તો બેઠો છે રૂદિયે**
**ને રૂદિયામાં ઊડે ગલાલ,**
**કાંટાને ઝાંખરામાં દુનિયા અટવાય**
**તુંને મઘમઘતાં ફૂલડાં ફાળવે-**
**હો, જીવણ બાવો તુંને જાળવે**
**હળવેથી હાલજે ને મલકીને મ્હાલજે**
**ને કરડાકી રાખજે પૂરી,**
**અવધૂતી રંગ તારો-અકબંધ રાખજે**
**ને કોઈનો ન થાતો હજૂરી,**





**એ...યને, મા'રાજ તારે આંગણિયે આવ્યા**
**ને મૂરખા જે હોય જાય માળવે-**
**હો, જીવણ બાવો તુંને જાળવે**
**નિરયો ને નાથો ને મનિયો તો લાગે**
**જાણે મારા કલેજાના કટકા,**
**રંગીલા મેળામાં રમવાને આવ્યા છે**
**મમતાના ફોડીને મટકા**
**ઓચિંતા ઓચિંતા અમરત ઝરે છે**
**એનાં તોરીલા તન-મન ને તાળવે,**
**હો નિ.ના.મ.યા ! જીવણ બાવો ઝાઝું જાળવે**

પોતાને ગમતા અને ભજનપરંપરા માટે દાસી જીવણની જેમ જ ભેખ લઈ લીધેલા માણસો માટે સાંઈકવિની દાસી જીવણને થતી આ આરત-અરજ આપણને સૌને અજવાળું આપે છે. ભલે 'નિ.ના.મ.યા' (નિરંજન, નાથાલાલ, મનોજ) માટે લખાયેલું આ ગીત મને તો સાંઈ કવિ આપણને સૌને ય જાણે અગમચેતી આપતા હોય એવું અનુભવાય છે. તમને અનુભવાય છે કે નહીં ? બોલો... (સોરી, ગાઓ !)

**અંજલિ :**

**આખાય હિન્દુસ્તાનમાં દરવાજા વગરનો એકેય આશ્રમ મેં નથી ભાળ્યો ! નિરંજનનો આનંદ આશ્રમ દરવાજા વગરનો આશ્રમ છે. જેમાં 'મેજર મોતીચંદ' (આશ્રમનો કૂતરો મોતિયો) નોય ફાળો છે. એટલે તો 'હરિ' અને 'અરિ' (દુશ્મન) બેયને અહીં આવવાનું મન થાય જ !**

**- લાભશંકર પુરોહિત**
**(પરિસંવાદ વખતે બોલાયેલું - ઝિલાયેલું)**

# ફંગોળી જોઉં શબ્દો ને મૌનને ફગાવું

ગુજરાતી સાહિત્યના ગૌરવપૂર્ણ અને ઓજસ્વી એવા બે-બે પારિતોષિકો જેમને અર્પણ થયા છે અને, માત્ર અને માત્ર ગુજરાતી ગઝલસ્વરૂપ સાથે જ લોહીઝાણ નિસ્બત રાખીને, પોતાના સર્જનમાં અધ્યાત્મની ઊંડાઈ આંકનાર ગઝલના સાધુ એટલે 'બાપુ' ઉર્ફે રાજેન્દ્ર શુકલ. નરસિંહ મહેતા એવોર્ડને સાચા અર્થમાં પુરસ્કૃત કરનાર આ કવિને તાજેતરમાં જ રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો જે ઘટના ખરેખર આપણી ગુજરાતી ભાષા અને આપણી કવિતા માટે ભાગ્યવંતી છે. 'ગઝલસંહિતા' નામે થોડા સમય પહેલાં જ એક સાથે પાંચ-પાંચ સંગ્રહોની 'પંચપોથી' આપનાર રાજેન્દ્ર શુકલની ગઝલોમાં સંગીતતત્ત્વ પણ ભરપૂર છે. ગુજરાતી કાવ્ય સંગીત (સુગમ સંગીત) ગાનાર કોઈ ગાયક-સ્વરકાર ભાગ્યે જ એવા હશે કે જેમણે બાપુની ગઝલો મુક્ત કંઠે ન ગાઈ હોય. ગુજરાતી સુગમ સંગીતના આકાશનો અકાળે આથમી ગયેલા સ્વરકાર-ગાયક પરેશ ભટ્ટનું સ્મરણ આ ક્ષણે થયા વિના રહેતું નથી. રાજેન્દ્ર શુકલને જ્યારે આ બન્ને પારિતોષિકો અર્પણ થયાં હશે ત્યારે, ગગનગોખેથી પરેશે જરૂર ગાયું હશે,

**''હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક**
**તળેટી સમીપે હજો ક્યાંક થાનક''**

ભારતીય કવિઓની કાવ્યપરંપરાઓનો પ્રત્યેક શે'રોમાં નિર્દેશ કરતી આ ગઝલનું પરેશ ભટ્ટે કરેલું સ્વરાંકન અને ગાન આજેય સભર-સભર છે. તો શ્યામલ-સૌમિલ મુનશી દ્વારા સ્વરાંકિત અને ગવાયેલી, પણ ક્યારેક-ક્યારેક જ માણવા મળતી બાપુની ગઝલ પણ સુગમ સંગીતના ભાવકોમાં અજરામર છે. આ ગઝલનો પ્રથમ શે'ર જ અહીં પ્રસાદી રૂપે ચાખીએ, તોય ધન્ય ધન્ય થઈ જવાશે.





**''સભર સુરાહી લલિત લચક કટિ, કોમલસ્કંધા ગઝલ,**
**વનવન ભમતાં મિલત અતર્કિત યોજનગંધા ગઝલ''**

આવી સભર-સભર એવી તો સેંકડો ગઝલ બાપુએ આપણને પિવડાવી છે. 'ગઝલ સંહિતા' - પંચપોથીના લોકાર્પણ કાર્યક્રમો સમગ્ર ગુજરાતમાં થયાં અને મજાની વાત એ બની કે પ્રત્યેક શહેરમાં વિમોચન અવસર પ્રસંગે બાપુની ગઝલોની ભિન્ન સ્વરકાર અને ગાયકો દ્વારા ઉત્તમ સ્વર પ્રસ્તુતિ થઈ. એ ઘટનાઓનો રોમાંચ હજીએ મારી રગરગમાં રમે છે. અમરેલી નગરમાં પ્રતાપરાય આર્ટ્સ કોલેજનાં આંગણામાં યોજાયેલા 'ગઝલ સંહિતા'ના લોકાર્પણ કાર્યક્રમની સ્મૃતિ, આ ક્ષણે સળવળે છે. અલગ-અલગ વિદ્વાન વક્તાઓએ રાજેન્દ્ર શુકલની ગઝલોની આસ્વાદીય-યાત્રા કરાવી, તો મુંબઈના સ્વરકાર-ગાયક (મૂળ સૌરાષ્ટ્ર-ઊના) સુરેશ જોશી અને રેખા ત્રિવેદી દ્વારા બાપુની ગઝલોનું ગાન પ્રસ્તુત થયું હતું. જો કે આકસ્મિક સંજોગોને કારણે ભાવકોને સુરેશ જોશીના કંઠનો લાભ મળી શક્યો ન હતો. પરંતુ રેખા ત્રિવેદીએ સુરેશ જોશીના સ્વરાંકનો હૃદયસ્પર્શી રીતે પ્રસ્તુત કરીને સૌ શ્રોતા-ભાવકોની દાદ મેળવી હતી. અરે, એટલું જ નહીં, પણ આ ગઝલગાન-યાત્રાનું સંચાલન ખુદ કવિ રાજેન્દ્ર શુકલએ કર્યું હતું - એ એક યાદગાર ઘટના બની રહેશે. એ વખતે રજૂ થયેલી જુદી-જુદી રચનાઓ પૈકી રેખા ત્રિવેદીએ એક એવી વિશિષ્ટ ગઝલ રજૂ કરી હતી કે જે સાંભળીને ખુદ બાપુ-રાજેન્દ્ર શુકલ પણ અભિભૂત થયા હતા અને પોતાની ગઝલના ભાવને અનુરૂપ સ્વરાંકન માટે સુરેશ જોશી પ્રત્યે રાજીપો વ્યક્ત કર્યો હતો. કવિને ખુદને જે સ્વરાંકન ભાવ્યું તે ગઝલ રચના આજે, રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ થયાની ઘડી અને સાક્ષીએ આચમનના ભાવિકો માટે પણ અહીં પ્રસ્તુત છે. સુણો :

**કીડી સમી ક્ષણોની આ આવ જાવ શું છે ?**
**મારું સ્વરૂપ શું છે, મારો સ્વભાવ શું છે ?**
**ઋતુઓના રંગ શું છે, ફૂલોની ગંધ શું છે ?**
**લગની, લગાવ, લહરો, હાવભાવ શું છે ?**
**લયને ખબર નથી કૈં આકાર પણ અવાચક,**
**શું છે રમત પવનની, ડાળીનો દાવ શું છે ?**
**પર્વતને ઊંચકું પણ પાંપણ ન ઊંચકાતી**

**આ ઘેન જેવું શું છે, આ કારી ઘાવ શું છે ?**
**પાણીની વચ્ચે પ્રજળે, કજળે કળીકળીમાં,**
**એનો ઈલાજ શું છે, આનો બચાવ શું છે ?**
**ચિંતા નથી કશી, પણ નમણા નજૂમી કહી દે !**
**હમણાં હથેળી માંહે આ ધૂપછાંવ શું છે ?**
**ફંગોળી જોઉં શબ્દો ને મૌનને ફગાવું -**
**નિરખી શકું જો શું છે હોવું, અભાવ શું છે ?**
**હર શ્વાસ જ્યાં જઈને ઉચ્છ્‌વાસને મળે છે,**
**સ્થળ જેવું યે નથી તો ઝળહળ પડાવ શું છે ?**

'પરિપ્રશ્ને' શીર્ષક અંતર્ગત આ ગઝલ ૨-જુલાઈ-૧૯૭૭ના રોજ લખાયેલી છે. આઠ શે'રની આ ગઝલનું સ્વરાંકન થયું ત્યારે તેમાંથી સ્વરકારને પસંદ એવા, ચયન કરેલા કેટલાક શે'રોનું જ સ્વરાંકન થયું છે. ગવાતી ગુજરાતી કવિતામાં આવું બનતું જ હોય છે કે મૂળ કવિતા પ્રલંબ હોય અને સ્વરાંકનની, રંગમંચ પરની પ્રસ્તુતિની સમય મર્યાદાને કારણે કોઈપણ કૃતિ આખેઆખી ભાગ્યે જ સ્વરાંકિત થતી હોય છે. સ્વરકાર આથી જ પોતાને સ્પર્શેલી પંક્તિઓ અથવા તો કવિતાનો કેન્દ્રસ્થભાવ વ્યક્ત કરી આપે એવી જ પંક્તિઓ સ્વરાંકિત કરતો હોય છે અને ગવાતી હોય છે. પ્રસ્તુત ગઝલમાં પણ સ્વરકાર સુરેશ જોશીએ ચયન કરેલા શેરોનું સ્વરાંકન કર્યું છે. અને રેખા ત્રિવેદીએ ઉત્તમોત્તમ ભાવાભિવ્યક્તિથી આ સ્વરાંકન પ્રસ્તુત કર્યું હતું. રાજેન્દ્ર શુકલની ગવાતી ગઝલોમાં આ રચના ઓછી જાણીતી છે. મારા સુગમ સંગીત સ્વરાંકનોના સંગ્રહાલયમાં આ ગઝલ સચવાઈ છે, એનો મને હરખ છે. આવી સુંદર અને વિશિષ્ટ ગઝલ માટે બાપુને શબ્દવંદન અને પ્રિય સ્વરકાર સુરેશ જોશીને સરગમી સલામ..... !

**અંજલિ :**
**"હું કદી ઊંચા સ્વરે બોલું નહીં, એકદમ નજદીક આવે તો કહું ?**
**કોઈને કહેવું નથી, એવું નથી, સ્હેજ તૈયારી બતાવે તો કહું !"**
**- રાજેન્દ્ર શુકલ**





# - તો ઊકલે છે કંઈક ઝાંખું ઝાંખું.....

સાહિત્યના કેટલાક સર્જકોએ પણ માત્ર લઘુ પંક્તિઓ દ્વારા જ આ કવિના અવાજના પોખણાં કર્યા છે. એના શબ્દોને વધાવ્યા છે.

રાજેન્દ્ર શાહ, સુરેશ દલાલ, લાભશંકર ઠાકર, રમેશ પારેખ, ચિનુ મોદી, રાજેન્દ્ર શુકલ, માધવ રામાનજ, વિનોદ જોશી, ઉદયન ઠક્કર, તુષાર શુકલ જેવા કાવ્યમર્મીઓએ 'વાંસલડી ડોટ કોમ'ને માત્ર એક-એક પંક્તિઓના કુમકુમ વડે કવિ કૃષ્ણ દવેના કાવ્યકપાળ પર ચાંલ્લાઓ કર્યા છે.

આવા ગીતકવિતાના મુલાયમ સર્જકની કલમમાંથી એક સરસ ગીત પ્રગટ્યું છે, જેમાં આજની આપણી સતત બોલતી-પડઘાતી, કોમ્પ્યુટર યંત્ર માટેના ભાવ પ્રતીકોની ગૂંથણી પણ ખૂબ જ ખૂબીપૂર્વક કરી છે.

'વાંસલડી ડોટ કોમ' એ ગુજરાતી ગીત કવિતાનો નવો ઉઘાડ છે. એ સંગ્રહનું 'કાનજી ડોટ કોમ' શીર્ષકવાળું ગીત આજે સૌ ભાવકો સમક્ષ મૂકવાની ઈચ્છા છે. તો સાંભળો :

**વાંસલડી ડોટ કોમ, મોરપિચ્છ ડોટ કોમ,**
**ડોટ કોમ વૃંદાવન આખું,**
**કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે**
**કે કયા કયા નામ એમાં રાખું ?**
**ધારો કે મીરાંબાઈ ડોટ કોમ રાખીએ**
**તો રાધા રિસાય એનું શું ?**
**વિરહી ગોપીનું ગીત એન્ટર કરીએ**
**ને ક્યાંક ફ્લોપી ભીંજાય એનું શું ?**
**પ્રેમની આ ડિસ્કમાં તો એવી એવી વાનગી**
**કે કોને છોડું ને કોને ચાખું ?**
**ગીતાજી ડોટ કોમ એટલું ઉકેલવામાં**
**ઊકલી ગઈ પંડિતની જાત.**
**જાત બળી જાય છતાં ખ્યાલ ના રહે**
**ને એ જ માણે આ પૂનમની રાત**
**તુલસી, કબીર, સૂર, નરસૈંયો થઈએ**
**તો ઊકલે છે કંઈક ઝાંખું ઝાંખું**
**એ જ ફક્ત પાસવર્ડ મોકલી શકે છે**
**જેના સ્ક્રીન પર નાચે છે શ્યામ**
**એને શું વાઈરસ ભૂંસી શકવાના**
**જેના ચીર પૂરી આપે ઘનશ્યામ ?**
**ઈન્ટરનેટ ઉપર એ થનગનતો આવે,**
**હું કોઈ દિવસ વિન્ડો ના વાખું**
**કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે**
**કે કયા કયા નામ એમાં રાખું ?**

આજની કોમ્પ્યુટરયુગીન દુનિયામાં પણ આપણે શ્રીકૃષ્ણને પામવાની ધખના સેવી શકીએ છીએ. પણ આ યંત્રયુગીનતાની વચ્ચે માણસનું ભીનાપણું, કોમળપણું કેવું તો શુષ્ક થતું જાય છે ? કવિ કૃષ્ણ દવેએ કોમ્પ્યુટરને લગતા ૧૨ શબ્દોની આસપાસ આ એક ઉત્તમ ગીતકાવ્યની આપણને ભેટ આપી છે. ડોટ કોમ,





વેબસાઈટ, એન્ટર, ફલોપી, ડિસ્ક, પાસવર્ડ, સ્ક્રીન, વાઈરસ, ઈન્ટરનેટ, વિન્ડો વગેરે જેવા, હવે તો આપણી રોજિંદી ઘટમાળ વચ્ચે સતત પડઘાતા આ શબ્દોનું એક નૂતન વિશ્વદર્શન આપણને કવિ કરાવે છે. પ્રથમ વાચને આપણને હળવી લાગતી આ ગીતરચનામાં કૃષ્ણ દવે ઘણી જગ્યાએથી આપણને છે...ક મધ્યકાલીન સંત કવિઓ પાસે બેસાડી દે છે. ભક્ત કવિ નરસિંહ મહેતા કૃષ્ણની રાસલીલાના દર્શન માટે કેવા તો એકાકાર થઈ ગયેલા કે ‘જાત બળી જાય છતાં ખ્યાલ ના રહે’ એ સ્થિતિ નરસૈયાની ભાવસ્થિતિનું બયાન કરે છે.

તુલસીની તન્મયતા, કબીરનું કષ્ટ, સુરદાસના સૂર અને નરસૈયાનું નર્તન... વગેરે જો આપણે આત્મસાત કરી શકીએ તો જ કૃષ્ણની કૃપા પામી શકાય. આપણા અસ્તિત્વના સ્ક્રીન ઉપર આપણે જો કૃષ્ણનું નર્તન નિહાળવું હોય તો પ્રેમનો પાસવર્ડ મોકલવાની પાત્રતા આપણે કેળવવી પડે. અહીં યંત્ર અને મંત્ર (શબ્દ) વચ્ચે પ્રભુ પ્રેમ પામવાની મથામણ છે.

‘વાંસલડી ડોટ કોમ’માં વિવિધ ભાવમુદ્રાવાળી આવી તો કેટલીય રચનાઓ આપણને ભીંજવી દે છે. અને જાણે કે કૃષ્ણ દવે આપણી જ વાત કહેતા હોય, આપણી આસપાસની ઘટનાઓ, પ્રસંગો, પરિસ્થિતિ, પાત્રો કે પદાર્થોમાંથી જ એ આપણને ‘આપણા સ્વ’ સુધી લઈ જાય છે. પણ યંત્રયુગીન આ જબરી-વરવી દોડમાં આપણને ‘વ્હાલાની વેબસાઈટ’નું ઠેકાણું નથી મળતું અને આપણે ઘણી વખત ‘જીવવા’નું ચૂકી જઈએ છીએ.

આપણી ઉજ્જવળ ગઈકાલની પરંપરાઓને આજનો સર્જક આજની ક્ષણમાં કેદ કરીને, નવાં સમીકરણો રચીને, શબ્દનો ગૌરવવંતો મહિમા કરે છે. તો, આવો, હે, ભાવકો ! આપણે પણ જીવનના ડોટ કોમની પ્રેમ વેબસાઈટ ઉપર કાનજીને સાદ પાડીએ અથવા કાનજીને કાનમાં કહીએ : ‘હે, કૃષ્ણ તમે આંગળી પકડો તો જ ઊકલે છે કંઈક ઝાંખું ઝાંખું.....’

**અંજલિ :**

**વ્હાલાની વેબસાઈટ પર ઓચિંતી**
**આવી મળે જો વ્હાલપની વધાઈ !**
**તો તો ચારેકોર અજવાળું અજવાળું**
**ને અંતરમાં ઊગે સભર અખિલાઈ !**

# પહેલું મારું ભારત ને બીજું મારું ગુજરાત.....

આજથી બરાબર ચાર દિવસ પછી આપણા સ્વાતંત્ર્ય દિનના મહામૂલા રાષ્ટ્રીય પર્વની સમગ્ર ભારતમાં ઉજવણી થશે. આપણી ભૂમિ, આપણો દેશ અંગ્રેજોની ગુલામીની નાગચૂડમાંથી મુક્ત થયો એ ક્ષણોને યાદ કરવાનો (ક્યારેય નહિ ભૂલવાનો) વિરલ દિવસ એટલે પંદરમી ઓગષ્ટ. જ્યારે જ્યારે સ્વાતંત્ર્ય દિન આવે છે ત્યારે ત્યારે હજુય આપણે કેટલા કેવા દીન છીએ એ વિચાર આવતાં જ મનમાં ઝીણું લખલખું આવી જાય છે ! યાદ આવે છે આપણા ગૌરવરૂપ ગુર્જર કવિ ઉમાશંકર જોશીના એક કાવ્યની આ પંક્તિઓ 'દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, પણ તેં શું કર્યું ?' કવિનો આ પ્રશ્ન પ્રત્યેક ભારતીયોએ હર પળે ક્ષણે યાદ રાખવા જેવો છે. આપણા પ્યારા દેશના વિકાસ માટે આપણે શું કર્યું ? એ વિચારતા રહેવા જેવું છે ! અન્ય પર્વોની જેમ આ રાષ્ટ્રીય પર્વ પણ 'રાબેતા મુજબ' પસાર કરી જઈએ છીએ. દેશને કશુંક થાય તોય આપણને ક્યાં કશુંય થાય છે ?

રાષ્ટ્રપ્રીતિનો નાદ અને સાથે સાથે રાજ્યપ્રીતિની વાત પ્રસ્તુત થાય એવી કલાકૃતિઓ પાસે જઈને આપણે પણ આપણા હૈયામાં રાષ્ટ્ર-રાજ્ય પ્રેમ પ્રગટાવવો જોઈએ. આપણી આસપાસ વસતા કેટલાક નવોદિત યુવા કલાકારો પાસેથી આપણને ઘણી વખત કલાનાં માધ્યમ દ્વારા એક જબરો મેસેજ મળતો હોય છે. પણ સવાલ એ છે કે આ આજની ભૌતિક ભાગમભાગમાં આપણને આવી કળાકૃતિ માણવાનો અને શાંત હ્રદયે - દેશ માટે, રાજ્ય માટે, ગામ માટે, પડોશ માટે, પરિવાર માટે... અરે, આપણા ખુદને માટે મળવાનો સમય ક્યાં છે ? આજની યુવાપેઢી પાસે તો જીવન સંવર્ધનનું કેટલુંય અખૂટ ભાથું છે ! થોડા સમય પહેલાં મને આવી જ એક દ્રશ્ય-શ્રાવ્ય-નૃત્ય કલાકૃતિની ઉત્તમ-જાનદાર-શાનદાર ઝલક





માણવા મળી. એ ઝલક આજે તમને સૌને આચમનાવાનું મન થયું છે. જામનગરની ભવન્સ એ.કે. દોશી મહિલા કોલેજના બિનવ્યાવસાયિક યુવા કલાકારો દ્વારા 'ગુજરાત પ્રેમ' પ્રગટાવે એવી એક સુંદર નૃત્યપ્રસ્તુતિ નિહાળી. દરેક કલાકારોએ જબરા થનગનાટ સાથે જ્યારે આ રાષ્ટ્ર પ્રેમની અભિવ્યક્તિનું નૃત્ય પ્રસ્તુત કર્યું ત્યારે સૌ દર્શકો-શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયાં હતાં. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રાંગણમાં આ સમૂહ નૃત્ય કલાકૃતિની ઝાંખી નિહાળી એનો સમગ્ર યશ યુવાકુલપતિ-યુવાકુલનાયક ડો. કમલેશ જોષીપુરા અને કલ્પક ત્રિવેદીને ફાળે જાય છે. એમના વિશેષ નિમંત્રણથી ખાસ જામનગરથી આચાર્યા બહેન ડો. હંસાબહેન શેઠ એમની યુવા કલાકારોની ટીમ લઈને અહિ આવ્યાં હતાં. પ્રત્યેક શાળા-કોલેજ અને યુનિવર્સિટીઓમાં આ સમૂહનૃત્ય કૃતિનો પ્રચાર-પ્રસાર થાય એ ખૂબજ જરૂરી છે. જોકે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દશ-પંદર સ્થાનો પર આ કૃતિ રજૂ થઈ છે અને દરેક જગ્યાએથી કલાકારોને ખૂબજ યશસ્વી પ્રતિસાદ મળ્યો છે. ગુજરાત દિન નિમિત્તે આમ તો મૂળ સુરતના કલાકારો દ્વારા આ ગીત સર્વત્ર ગવાયું છે. પહોંચ્યું છે. એ ગીતનું ધ્વનિમુદ્રણ (રેકોર્ડિંગ) મેળવીને કુ. નેહા શુકલે સમગ્ર ગીતની કોરિયોગ્રાફી અદ્‌ભુત રીતે કરી છે. જોકે ખૂબ પ્રયાસો છતાંય મને આ ગીતના કવિ, સ્વરકાર, ગાયકો વિશેની માહિતી મળી શકી નથી. પણ ખરેખર હ્રદયસ્પર્શી શબ્દો અને સુરીલું સ્વરાંકન અને જામનગરના કલાકારોની ઉત્તમ પ્રસ્તુતિએ આ ગીતને આત્મસાત્ કરવા જેવું બનાવ્યું છે. તો આવી રહેલા આપણા સ્વાતંત્ર્યદિન નિમિત્તે આવો, આપણે સૌ થનગનાટ - તરવરાટ સાથે નાચતાં-કૂદતાં આ ગીત ગાઈએ - માણીએ :

**પહેલું મારું ભારત ને બીજું મારું ગુજરાત**
**એક સીધા સાદા ગુજરાતીની આ છે સાદી વાત**
**પ્યારું ગુજરાત, મારું ન્યારું ગુજરાત, મારું વ્હાલું ગુજરાત**
**અહીં કાંઠાઓનો વૈભવ છે, પાણીનો ભીનો કલરવ છે**
**કુદરતની મ્હેર છે એવી કે અહીં બારે મહિના ઉત્સવ છે**
**જેટલાં મોટાં હૈયાં એટલી પામ્યા છે સૌગાત**
**એક સીધા સાદા ગુજરાતીની આ છે સાદી વાત**
**અમે ભૂકંપને પણ ઝેલ્યા છે, દુષ્કાળોને પણ ઝેલ્યા છે**

**મા નર્મદા તણી કૃપા થકી, રણમાં પણ ગુલાબ ખીલ્યાં છે**
**અમે પ્રકોપને પણ પડકારીને કરી દીધા છે માફ**
**એક સીધા સાદા ગુજરાતીની આ છે સાદી વાત**
**અહીં નવરાત્રીની ભક્તિ છે, ઊર્જાની પ્રચંડ શક્તિ છે**
**જગ આખામાં ફેલાયેલા ગૌરવશાળી હર વ્યક્તિ છે**
**અહીં ધંધા પાણી વિકસે છે ભરપૂર દિવસ ને રાત**
**એક સીધા સાદા ગુજરાતીની આ છે સાદી વાત**
**સરદારને ગાંધીના વારસ, છે સ્વભાવમાં કેવળ સાહસ**
**નિર્ણયમાં છીએ કઠોર ભલે, વ્યવહારમાં ખૂબ છીએ સાલસ**
**સંસ્કૃતિમાં પચરંગી અને સંસ્કારોમાં ઉદાત્ત**
**એક સીધા સાદા ગુજરાતીની આ છે સાદી વાત**
**અહીં ધાન ખેતરે ડોલે છે, સહુ સુજલામ્ સુફલામ્ બોલે છે**
**સુજલામ્ સુફલામ્ વંદે માતરમ્ વંદે માતરમ્**
**અહીં જલ-ઊર્જા ને જનશક્તિ ભાવિનાં દ્વારો ખોલે છે**
**અહીં શ્રમનો મહિમા છે, હો વેપારી કે જગતનો તાત**
**એક સીધા સાદા ગુજરાતીની આ છે સાદી વાત**

આ નૃત્યગીતના અંતે પ્રસ્તુત લય-તાલમાં જ છેલ્લે સૌ કલાકારો રંગમંચ પર સાથે મળીને ‘વંદેમાતરમ્’ ગાનનું આંગિકમ્ પ્રસ્તુત કરે છે ત્યારે તો ખરેખર અદ્‌ભુત માહૌલ રચાય છે. આ ગુજરાત ગૌરવ ગાથા ગીતની સાથે ‘વન્દે માતરમ્’નો સ્વરસમન્વય રાષ્ટ્રભક્તિનું વાતાવરણ ઊભું કરી દે છે. કોલેજમાં ભણતી આજની યુવા પેઢીમાં કેટકેટલું સુષુપ્ત પડેલું હોય છે. જરૂર છે એને દિશા-સૂચનની અને રચનાત્મક પ્રવૃત્તિઓના અભિગમની.

ભવન્સ એ. કે. દોશી મહિલા કોલેજ - જામનગરના આ પ્રતિભાવંત કલાકારોએ ‘પહેલું મારું ભારત’ દ્રશ્ય-શ્રાવ્ય નૃત્યગીત માટે જબરો પુરુષાર્થ કર્યો છે.

કોઈ કોમર્શિયલ આર્ટીસ્ટનું ગ્રુપ જે પર્ફોર્મ કરે એવું સબળ પર્ફોમન્સ આ સૌ કલાકારોએ દાખવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડો. હંસાબેન શેઠ (જામનગરના





જાણીતા કવિ ભૂપેન્દ્ર શેઠ ‘નીલમ’ના જીવન સંગિની)ની જહેમત, માર્ગદર્શન અને ખાસ તો દરેક કલાકારો માટેની આત્મીય ખેવના અને કોલેજના સંચાલક-ટ્રસ્ટીશ્રીઓના સહકાર વગર આવી કલાકૃતિ નિર્માણ ન પામે. હવે તો બહુ ઓછી કોલેજોમાં આવું સાંસ્કૃતિક વાતાવરણ ધબકતું જોવા મળે છે. ‘પહેલું મારું ભારત’ નૃત્યગીતમાં વેણુ પંડ્યા, દિશા બકરાણિયા, ઉર્વી ભાદરિયા, કલગી વ્યાસ, શ્રુતિ કાસુન્દ્રા, જયદેવ પુરોહિત, નીરવ અગ્રાવત, વિપુલ પંડ્યા અને કમલ વ્યાસ વગેરે સૌ કલાકારોએ કૃતિ સાથે અને નૃત્યપ્રસ્તુતિમાં ઓતપ્રોત થઈને સૌ પ્રેક્ષકોની પ્રશંસા અને પ્રેમ મેળવી ગયા હતા. નૃત્ય નિર્દેશિકા કુ. નેહા શુકલનું નૃત્યતપ પણ સમગ્ર રજૂઆતમાં પ્રગટ થતું અનુભવાતું હતું. સ્વાતંત્ર્યદિનના આવી રહેલા મંગલમય રાષ્ટ્રીય પર્વની આ ક્ષણે ‘પહેલું મારું ભારત અને બીજું મારું ગુજરાત’ એ ગીતની સ્મૃતિ થઈ. સૌ કલાકારોને હૃદયપૂર્વક પ્રેમાભિનંદન !

**અંજલિ :**

**અન્યોથી સાવ અલગ અનોખો ન્યારો મારો દેશ**
**વહો નિત્ય પ્રેમગંગા જન જન હૈયે એ જ સંદેશ**
**અર્પું અર્ઘ્ય અદકેરું રહે જગે ગૌરવ હર હંમેશ**

# આજ પીઉં દર્શનનું અમૃત, કાલ કસુંબલ કાવો.....

ગુજરાતી કાવ્ય સંગીતની કેટલીક રચનાઓનો એવો મજાનો ઈતિહાસ છે કે વર્ષો પૂર્વે, જૂની ગુજરાતી ફિલ્મો અને જૂની ગુજરાતી રંગભૂમિનાં નાટકોમાં પ્રસ્તુત થયેલી ગીત રચનાઓ આજે એ ફિલ્મો અને નાટકો વિસ્મૃત થઈ ગયાં છે પણ એની ગીત-ગઝલ રચનાઓ હજુ, આજેય એવીને એવી જ તાજેતાજી જ લાગે છે, એટલું જ નહીં પણ ગુજરાતી કાવ્ય સંગીત-એટલે કે ગુજરાતી સુગમસંગીતની દુનિયામાં એ રચનાઓની મૌસમ સદૈવ ખિલેલી અને જીવંત છે. ભાગ્યે જ કોઈ સુગમસંગીત ગાયકો એવા હશે જેમણે એ જૂની રચનાઓ ભાવકો સમક્ષ પ્રસ્તુત ન કરી હોય ! સમગ્ર વિશ્વના ગુજરાતી ભાવકો દ્વારા આવી રચનાઓ સાંભળવાની ‘ફર્માઈશ’ આવ્યા જ કરે છે અને જો સ્વરકાર-ગાયક આવી ફર્માઈશી રચના રજૂ ન કરે તો ભાવકો અધૂરપ સમજે છે અથવા જે તે કલાકારની મર્યાદા સમજી બેસે છે ! આવુંય બને છે. અનુભવાયું પણ છે.

સતત ગવાતી ગુજરાતી ગીતરચનાઓમાં એક ગીત તો કેટલાય દાયકાઓથી અણનમ-અડીખમ છે. ગુજરાતી ગીત કવિતાના સુ-પ્રસિધ્ધ કવિ વેણીભાઈ પુરોહિતે આવું જ એક અમર ગીત ગુજરાતી પ્રજાને અર્પણ કર્યું છે. એ ગીતનું સ્વરાંકન અજિત મર્ચન્ટ દ્વારા થયું છે અને વર્ષો જૂની ગુજરાતી ફિલ્મ ‘દીવાદાંડી’ (બ્લેક એન્ડ વ્હાઈટ)માં દિલીપ ધોળકિયાએ આ ગીત બખૂબી રજૂ કર્યું હતું. ‘આચમન’ના આપ સૌ ભાવકોને ખ્યાલ આવી જ ગયો હશે કે હું ક્યા ગીતની વાત આલેખી રહ્યો છું. હાજી, એ ગીત એટલે :





**તારી આંખનો અફીણી તારા બોલનો બંધાણી...**
**તારા રૂપની પૂનમનો પાગલ એકલો...**
**આજ પીઉં દરશનનું અમૃત કાલ કસુંબલ કાવો !**
**તાલ પુરાવે દિલની ધડકન પ્રીત બજાવે પાવો !**
**તારી મસ્તીનો મતવાલો આશક એકલો...**
**તારા રૂપની પૂનમનો પાગલ એકલો...**
**પાંખોની પડખે જ પરબડી આંખો જુઓ પિયાવો !**
**અદલ બદલ તન મનની મૌસમ ચાતકનો ચકરાવો**
**તારા રંગનગરનો રસિયો નાગર એકલો.....**
**તારા રૂપની પૂનમનો પાગલ એકલો.....**
**તારી આંખનો અફીણી... તારા બોલનો બંધાણી...**

જૂની ગુજરાતી ફિલ્મનું આ ગીત હોવાને કારણે જ કદાચ આ ગીત અને એના સ્વરાંકનની સાહિત્યિકતા-શ્રાવ્યતાની ચર્ચા આપણા ગુજરાતી સાહિત્યમાં થઈ નથી. બાકી આજે પણ આ ગીત ગુજરાતી પ્રજાની ત્રણ-ચાર પેઢીઓના હૈયે વસેલું છે. કવિ વેણીભાઈ પુરોહિતનું આ ગીત આજે તો એટલું લોકપ્રિય નીવડી ચૂક્યું છે કે ઘણી વખત તો ભાવકો કે કેટલાક નવી પેઢીના ગાયકોને પણ આ ગીતના કવિ, સ્વરકાર, મૂળ ગાયક વિશેની માહિતી પણ નથી હોતી ! વેણીભાઈ મૂળ સૌરાષ્ટ્રની ધરતીના ગરવા કવિ છે. આ ગીતમાં આવતા ‘કાવો’, ‘પાવો’ અને ‘પરબડી’ શબ્દો તળ સૌરાષ્ટ્રની લોકબોલીના શબ્દો છે. ઘણીય વખત કાઠિયાવાડી શબ્દોથી અજાણ એવા ભાવકોને આ ગીતના એ શબ્દો ન સમજાય ત્યારે ગાયકોને એના અર્થ પૂછે છે. અમેરિકાની નવી પેઢીના, ઓછું ગુજરાતી જાણતા ભાવકો ખાસ કરીને ‘કાવો’-‘પાવો’ શબ્દોના અર્થ પૂછતા જણાય છે. પછી મજાકમાં એવા ભાવકો જ્યારે પૂછે કે ‘વોટ ઈઝ મીનિંગ ઓફ ‘કાવો’ ?’ ત્યારે હળવાશથી કહેવાની મજા પડે કે એ માટે ‘ગુજરાત આવો !’ કેમકે ‘કાવો’ એ આપણી ગુજરાતી પ્રજાનું અસ્સલ દેશી પીણું છે. શિયાળાની કડકડતી ઠંડીમાં આદું, ફુદીના વગેરે મસાલાથી તૈયાર થતો ‘કાવો’ પીવો હોય અને એનો અર્થ જાણવો હોય તો, સીધી જ વાત છેને કે ગુજરાત-સૌરાષ્ટ્રમાં એ પરદેશી-ગુજરાતી ભાવકો આવે અને જ્યારે અહીંયાં કાવો પીવે પછી જ એને આ ગીતમાં આવતા ‘કાવો’

શબ્દના અર્થો ઊઘડી આવે ! સાચ્ચા-અસ્સલ ગુજરાતી ગીતોની આ જ મજા છે. ભલે ગુજરાતી ફિલ્મ માટે લખાયેલું, સ્વરાંકન થયેલું અને ગવાયેલું આ ગીત છે પણ આજની ગુજરાતી સુગમ સંગીતની ક્ષિતિજ પર ઝળહળતું આ ગીત અને એની નજાકત કૈં અલગ જ છે. આજની પેઢીએ તો આ મૂળ-અસલ ગીત તો સાંભળ્યું પણ નહીં હોય ! આજે તો સુગમ સંગીતના સર્વ-હરકોઈ કલાકારના કંઠમાં આ ગીત વસેલું છે જ. ગઈકાલ, આજ અને આવતીકાલના ગાયકો-ભાવકો માટે એવું જ તાજગીસભર આ ગીત આપણી સુગમ સંગીતની અણમોલ વિરાસત છે. કેટલાંક ગીતો અને એના સ્વરાંકનો-ઢાળો પ્રજાનાં હૈયામાં પેઢી દર પેઢી સચવાતા જ રહે છે, એ શ્રેણીનું આ એક ઉત્તમ અને અમર એવું ગીત છે. ગુજરાતી પ્રજાને આવું અદ્વિતીય અને અ-વિસ્મરણીય ગીત આપવા માટે એ સર્જક ત્રિપુટી (વેણીભાઈ, અજિતભાઈ, દિલીપભાઈ)ને લાખ લાખ પૂનમી વંદન હો... !

**અંજલિ :**

**ઔરંગઝેબો થાય બૈજુ બાવરા તારા અલગ આલાપનું કૌવત, ઉદય**
**પૃથ્વી ઉપર ગાંધર્વ છે ભૂલો પડ્યો છેડે સ્વરોને સર્જતો જન્નત ઉદય**
**- હર્ષદ ચંદારાણા**





## ગતિ હશે પગમાં તો મળશે કદીક ધાર્યું ધામ.....

ગુજરાતી કાવ્ય સંગીતની આ શબ્દ-સ્વર યાત્રાના કેટલાય પડાવ દરમ્યાન આપણે એક કવિની ઘણીય રચનાઓ વિશે, કાવ્યાસ્વાદની સાથે સાથે એનો સ્વરાસ્વાદ-શ્રાવ્યાસ્વાદની વાતો કરીએ છીએ તે કવિ એટલે, ગુજરાતી ગીત કવિતાનું-ગવાતી કવિતાનું મબલખી થાણું કવિ રમેશ પારેખ. ઘણીય વખત લોહી સટોસટ એક સવાલ ઊભો થતો જ રહે છે કે જો રમેશ પારેખ ન હોત તો ? ગવાતી ગુજરાતી કવિતાનું શું થાત ? અલબત્ત, જો કે ગુજરાતી વિવેચનાનું ધ્યાન હજીય ર.પા.ની ગવાયેલી કવિતાઓ ઉપર ગયું જ નથી ! એ ગુજરાતી સાહિત્યની મોટી કમનસીબી છે. બાકી તો રમેશ પારેખની કવિતાઓ-અઢળક કવિતાઓ વિશે અસંખ્ય નાના-મોટા વિવેચકોએ-વિદ્વાનોએ લાંબી-લાંબી-પ્રલંબ વિવેચનાઓ કરી છે. (ઘણી વખત તો બિચારા કવિને ય અભિપ્રેત ન હોય એવીય વિવેચનાઓ થઈ છે બાપુ !) પણ લય-તાલ-સંગીતતત્ત્વના સંદર્ભે આ કાવ્યો-ગીતોની ચર્વણા ઓછી થઈ છે. બાકી કવિનું પે'લું વિશ્વપ્રસિદ્ધ 'સાંવરિયા રે મારો સાંવરિયો, હું તો ખોબો માંગું ને દઈ દે દરિયો' ગીતથી કયો ગુજરાતી જન અજાણ હશે ? અરે, જ્યાં લગી ગુજરાતી ભાષા જીવશે ત્યાં લગી કવિનો આ 'સાંવરિયો' જીવશે જ ! અસંખ્ય ગાયકોએ, ગઈકાલના, આજના અને આવતીકાલના ગાયકોના કંઠમાં હજુય આજેય ઝીલાતું આ ગીત ગુજરાતી સુગમ સંગીતનું ગૌરીશિખર છે. ભાગ્યે જ કોઈ ગાયક-ભાવક એવા હશે જેમણે 'સાંવરિયો'નો સ્પર્શ ન થયો હોય ! એ ગીતના ભાવ-સ્વરવિશ્વમાં ડૂબકી ન મારી હોય !

ગુજરાતી કાવ્યસંગીતની ધારામાં આ કવિનાં અસંખ્ય ગીતો સ્વરાંકિત થઈને તરી રહ્યાં છે અને કેટલાય ગાયકો-ભાવકોને તારી રહ્યાં છે. ર.પા.ના સમૃદ્ધ ગેય ગીતોની વાત કરવા બેસીએ તો તો એક નહીં, અસંખ્ય મહાનિબંધો લખવા પડે તો

ય કદાચ એની ગેયતા-શ્રાવ્યતા-લયાત્મકતા વિશેની ચર્ચાઓ-વાતો ઓછી પડે એવું માતબર સ્વરકર્મ આ કવિના ગીતો-ગઝલોમાં નિબદ્ધ થયેલું અનુભવાય છે. આજે આ કવિનું એક સાવ ઓછું જાણીતું અને આડા કાને મુકાઈ ગયેલું ગીત યાદ કરાવવાનું મન થયું છે. આપણા ભારતીય કાવ્યસાહિત્યમાં દીપક-દિવા-જ્યોત વગેરેના સંદર્ભો અપરંપાર મળે છે. સંસ્કૃત સાહિત્યમાં તો દીવાના અસંખ્ય પ્રતીકો સાંપડે છે પણ સામાન્ય ભાવકને, સામાન્ય પ્રજાને કે જેમની કને ભાષા-સાહિત્યની વિસ્તૃત સમજ નથી એમને તો સરળ સહજ ભાષાભિવ્યક્તિમાં કોઈ વાત સમજાય એવી શૈલીમાં સાહિત્યિક કૃતિ મળે તો પે'લા સામાન્ય ભાવકને મોજ પડે. કવિ રમેશ પારેખ પાસેથી આવું જ એક સુંદર-સરળ ગીત મળે છે, એ મમળાવવા જેવું છે. ગાવા જેવું છે. આ ગીતમાં કવિએ દીવાનો મહિમા એટલો તો સરળ રીતે કર્યો છે કે કોઈપણ ભાવકને એ સમજાય અને એના ભાવવિશ્વને પણ એ માણી શકે છે ! સ્વરકાર-ગાયક સુરેશ જોશીના સ્વરાંકનમાં આ ગીતનું સુંદર-સરળ સ્વરાંકન-ઢાળ પ્રાપ્ત થાય છે.

કવિની આ ગીતરચના અગ્રંથસ્થ છે. વર્ષો પૂર્વે 'ફૂલછાબ'ની જ દીપોત્સવી પૂર્તિમાં પ્રગટ થયેલું આ ગીત સ્વરકાર-ગાયક સુરેશ જોશીની સ્વરનજરે આત્મસાત્ થાય છે અને એક ઉત્તમ-ભાવસંવેદન-સભર સ્વરાંકન ગુજરાતી સુગમ સંગીત પ્રદેશને પ્રાપ્ત થાય છે. જેમ કાવ્ય-સર્જનપ્રક્રિયા વિશે કવિને કંઈક કહેવાનું હોય છે તેમ જે તે કૃતિની સ્વરાંકન સર્જનપ્રક્રિયા વિશે પણ સ્વરકાર પાસેથી જાણવું જોઈએ તો આપણે કાવ્યભાવની સાથે સ્વરભાવનો આનંદ પણ માણી શકીએ. ગવાતી ગુજરાતી કવિતાનું એ રીતે દ્વિભાવ-ભાવન આપણે કરી શકીએ.

પ્રિય કવિ રમેશજીનું આ પ્રાર્થનાના ભાવસ્પંદ જગવતું અને એવી જ સહજ-સરળ ભાવવાહી સ્વરવાણીમાં વહેતું, કોઈ ભક્તિપદની ભાવસૃષ્ટિ સુધી લઈ જતું, પ્રિયમિત્ર-સ્વરકાર-ગાયક સુરેશ જોશીનું આ સ્વરાંકન બહુ ઓછા ભાવકો સુધી પહોચ્યું હશે ! બે'ક વર્ષ પહેલા ર.પા.ની સ્મૃતિમાં યોજાયેલ કાર્યક્રમમાં પ્રસ્તુત થયેલું અને અમરેલીના સ્વરાંજલિ કાર્યક્રમમાં પણ રજૂ થયેલું આ ગીત, સુગમ-સંગીતના ભાવકોને ખૂબ જ સ્પર્શી ગયેલું. આવો, હે, ભાવકો ! આજે તમને સૌને પણ એ ગીતનું આચમન-શબ્દ-સ્વરાચમન કરાવું. સાંભળો :

**હે, દીવા ! તને પ્રણામ... અંધારામાં કરતો તું તો**
**સૂર્ય-ચંદ્રનું કામ... હે, દીવા તને પ્રણામ...**
**તારા મુઠ્ઠીક કિરણોનું કેવું અલગારી તપ ?**





**પથભૂલ્યાને પ્રાણ પાથરી કહેતાં આગળ ધપ !**
**ને ગતિ હશે પગમાં તો**
**મળશે કદીક ધાર્યું ધામ !**
**હે, દીવા તને પ્રણામ....**
**જાત પ્રજાળીને ઝૂઝવાનું તે રાખ્યું છે વ્રત**
**હે, દીવા ! તું ટકે ત્યાં સુધી ટકે દૃષ્ટિનું સત્ !**
**તું બુઝાય તે સાથે બુઝાઈ જાતી**
**ચીજ તમામ...**
**હે, દીવા ! તને પ્રણામ....**

ખૂબ જ સાદા-સરળ-બોલચાલની હલકના શબ્દો થકી કવિએ આ ગીતની પરમ ઊંચાઈ આંકી છે. નિરાશામાંથી આશા તરફના માર્ગે લઈ જતી જીવનની ગરવાઈ અને દીવાના પ્રતીક દ્વારા કવિ કેવું ઉત્તમ વાતાવરણ પ્રગટ કરે છે. સાચે જ 'સાચ્ચી કવિતા'ને ક્યારેય ભારેખમ વિવેચનાની આવશ્યકતા જ નથી હોતી. આદ્યકવિ નરસિંહ મહેતાને તો શબ્દવાણીની સંગે જ સ્વરવાણી પણ પ્રસ્ફૂટિત થતી હતી તેમ આપણા યુગના પણ કેટલાક સર્જકોની શબ્દવાણીની પછીતમાં તેની સ્વરવાણી સંગોપાયેલી જ હોય છે, એ સ્વરવાણીને સ્વરકારો-ગાયકો પ્રગટ કરીને આપણી સન્મુખ એનાં સ્વરફૂલો ધરે છે એથી આપણે ધન્ય ધન્ય થઈ જઈએ છીએ. સ્વરકાર-ગાયક સુરેશ જોશીનું આ સ્વરાંકન કવિ રમેશ પારેખને પણ ખૂબ જ ગમેલું. કાર્યક્રમો કે લેક્ચર-ડ્રેમોસ્ટ્રેશન પછી ઘણાય ભાવકોએ ર.પા.નાં આ ગીત વિષે, સ્વરાંકન વિશે અંગત પૂછતાછ કરી છે અને કેટલીય વખત આ લખનારે અને ગાનારે, કેટલાય ભાવકોને ત્યાંને ત્યાં જ ઊભાઊભ આ ગીતની Text (પાઠ) લખાવી દીધી છે. એવું બને ત્યારે ખરા હૃદયથી રમેશ પારેખ અને સુરેશ જોશીએ બન્ને સર્જકોને લાખેણાં વંદન કરું છું. વ્યાવસાયિક ધોરણે ધડાધડ-આડેધડ પ્રગટ થતા સુગમ સંગીતના ઓડિયો-વિડીયો આલ્બમમાં ક્યાંયથી તમને આ સ્વરાંકન માણવા નહીં મળે ! બાપુ ! એના માટે તો સુગમ ભાવકોએ આકરાં તપ કરવા પડે હોં....!'

**અંજલિ :**

**મેળામાં મળતાંય, ઓળખમાં આવે નંઈ, ભરિયલ ભાણામાંય, ભોજનિયાં ભાવે નંઈ!**
**સુણતલ શેણ સુજાણ, અળગાંને અળગાં રિયાં, ઊલટ એળે જાય, મન ગાણું ગાવે નંઈ!**
**- રાજેન્દ્ર શુકલ**

# ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી

જૂની પેઢીના એક ઘેઘૂર-દર્દસભર સ્વરના માલિક એટલે સમર્થ ગાયક સી. આનંદકુમાર. આજની ગુજરાતી કાવ્ય સંગીતરસિક પેઢીએ તો આ ગાયકનું નામ પણ ભાગ્યે જ સાંભળ્યું હશે. અગાઉની જૂની ગુજરાતી હિન્દી ફિલ્મોમાં પણ આ ગાયકે પોતાના કંઠનો પરિચય અને પરચો આપ્યા છે. અવિનાશ વ્યાસે પણ આ ગાયકના સ્વરનો ખૂબીપૂર્વક-સૂઝપૂર્વક ઉપયોગ કરીને આપણી ગુજરાતી પ્રજા સમક્ષ એક ઘેઘૂર સ્વરની ઓળખ પ્રસ્થાપિત કરી આપી હતી.

વીતેલા સમયના એક જાજરમાન ગાયક આજે તો નિવૃત્ત જીવન વિતાવે છે. હમણા થોડા સમય પૂર્વે, અમદાવાદમાં પ્રતિ વર્ષ યોજાતી સુગમ સંગીતમય 'ગુજરાત સમાચાર-સમન્વય' પ્રેરિત કાવ્ય સંગીત મહેફિલમાં ઘણાંય વર્ષો પછી આ ગાયક ગુજરાતની ભૂમિ ઉપર પધાર્યા હતા અને ગુજરાતી સુગમ સંગીતનો સુવર્ણમય અતીત વાગોળ્યો હતો.

અવિનાશભાઈએ આનંદકુમાર સી. પાસે ગવડાવેલી 'બહુએ ના કહી દિલને છતાં મુહોબ્બત કરી બેઠું, અરે ! કમબખ્ત મારી રહી સહી ઈજ્જત હરી બેઠું !' એ રચના આજેય અસંખ્ય ભાવકોના, વિશેષતઃ જૂની પેઢીના ભાવકોના હૃદયમાં સચવાયેલી હશે જ !

કવિ બરકત વીરાણી 'બેફામ'ના નામથી ભાગ્યે જ કોઈ ગુજરાતી સાહિત્યપ્રેમી અજાણ હશે ! 'બેફામ'ના ઉપનામથી અસંખ્ય ગઝલોની ફસલ આપનાર આ શાયર થકી ગુજરાતી ગઝલ પૂર બહારમાં મ્હોરી છે.

જૂની પેઢીથી આજની આધુનિક પેઢી સુધીના સૌ કોઈ સ્વરકારો-ગાયકોએ





'બેફામ' સાહેબની ગઝલો ગાઈને અને તેનાં સ્વરાંકનો કરીને આ કવિને અમર કરી દીધા છે. 'બેફામ' સાહેબની મોટા ભાગની ગઝલોમાં ગેયાત્મકતાના સ્વરાંશો પડેલા છે જ એટલે 'ઘાયલ' સાહેબની જેમ જ 'બેફામ' સાહેબની પણ ગવાયેલી ગઝલો આજેય ચિરંજીવ છે. અમર છે.

અને જે ગઝલ રચનાઓ સ્વરાંકિત નથી થઈ અથવા તો ગુજરાતી સાહિત્ય વિવેચનાના જથ્થાબંધ ગ્રંથોના નિર્જીવ પાનાંઓ ઉપર ધરબાયેલી છે. કોરાં પાનાઓ ઉપર, કાળી શાહીથી મુદ્રિત થયેલી કોઈપણ ગેયાત્મક રચના, જ્યાં સુધી કોઈ સ્વરકાર-ગાયક એને સ્વરનો સ્પર્શ નથી આપતો ત્યાં સુધી નિર્જીવ છે ! કાવ્યનો શબ્દ જ્યારે સ્વરની પાંખે ઉડ્ડયન કરે છે ત્યારે જ એનું ભાવસંવેદન ભાવકો સુધી પહોંચીને એને ઝંકૃત કરીને ન્યાલ ન્યાલ કરી દે છે. કાવ્યની સરળતા-સહજતા અને ગેયત્વની પણ સરળતા-સહજતા આ બન્ને પરિબળોનું સં-મિલન થાય ત્યારે શબ્દાકૃતિ અને સ્વરાકૃતિ એમ બેય તરફથી ભાવકને તો ભયો ભયો ! જ છે.

કવિ બરકત વિરાણી 'બેફામ'ની આવી જ એક બહેતરીન-કાબિલ-એ-દાદ, વિશ્વપ્રસિદ્ધ ગઝલનું આજે પાન કરાવવાનું મન થયું છે. 'બેફામ' સાહેબની આ ખૂબ જૂની રચના છે એટલું જ એનું સ્વરાંકને ય ખૂબ જૂનું છે. કદાચ, મારાય જન્મ પૂર્વે આનંદકુમાર સી. દ્વારા આ ગઝલ ગવાઈ હશે અને વર્ષો પહેલાં તાવડીવાજામાં તાવડી (ગ્રામોફોન રેકર્ડ) ઉપર આ ગઝલ સાંભળ્યાનું સ્મરણ થાય છે. જો કે એ વર્ષોમાં આકાશવાણીના ગુજરાતના તમામ કેન્દ્રો પરથી પ્રસારિત થતા 'ગુજરાતી સુગમસંગીત'ના કાર્યક્રમોમાં પણ આ રચનાનું પ્રસારણ કેટલીય વખત કાનોમાં ઝીલ્યું છે પણ હવે તો આકાશવાણી પરથી પણ સી. આનંદકુમારે ગાયેલી આ ગઝલ માણવા નથી મળતી ! 'બેફામ' સાહેબની એ વિશ્વપ્રસિદ્ધ ગઝલ આ રહી :

**ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી**
**કે સારા હોય છે એની દશા સારી નથી હોતી**

**ખૂબી તો એ કે ડૂબી જાવ તો લઈ જાય છે કાંઠે**
**તરો ત્યારે જ સાગરની હવા સારી નથી હોતી**

**જગતમાં સર્વને કહેતા ફરો નહીં કે દુઆ કરજો**
**ઘણા એવાય છે જેની દુઆ સારી નથી હોતી**

**વધે છે દુઃખના બોજા સાથે ઉપકારનો બોજો**
**બતાવે છે મનુષ્યો જે દયા સારી નથી હોતી**

**કબરમાં જઈને રહેશો તો ફરિશ્તાઓ ઊભા કરશે**
**અહીં 'બેફામ' કોઈ જગા સારી નથી હોતી**

આ જ ગઝલ આપણા જાણીતા ગુજરાતી ગાયક-પાર્શ્વગાયક મનહર ઉધાસ દ્વારા પણ સ્વરાંકિત થઈ છે અને પ્રસ્તુત થઈ છે. ઓડિયો કેસેટ-સીડીના તેમના આલબમોમાં પણ આ ગઝલ સમાવાઈ છે. પરંતુ જે સ્વરાંકન આનંદકુમાર સી. એ ગાયું છે તેની તોલે મનહર ઉધાસનું સ્વરાંકન સાવ નબળું જ લાગે ! બન્ને સ્વરાંકનો સાંભળીને તમે ભાવકો પણ એ અનુભૂતિ કરી શકો છો ! આનંદકુમાર સી.એ. જે ભાવવાહી-આર્ત સ્વરે આ ગઝલ ગાઈ છે. તેમાં શુદ્ધ સુગમ સંગીતના સ્વરાંકનનો અહેસાસ થયા વગર રહેતો નથી. મારી પાસે આનંદકુમાર અને મનહર ઉધાસ એ બન્ને ગાયકોનાં સ્વરાંકનો સચવાયેલાં છે. 'બેફામ' સાહેબની આ એક જ ગઝલ આજે ય ગુજરાતી કાવ્ય સંગીતમાં વિરલ છે.

**અંજલિ :**

**કેવી રીતે વીતે છે વખત શું ખબર તને ?**
**તેં તો કદી કોઈની પ્રતીક્ષા નથી કરી !**
**એ શું કે રોજ તું જ કરે મારું પારખું,**
**મેં તો કદીય તારી પરીક્ષા નથી કરી !**



શબ્દસૂરના સાથિયા